# સ્ત્રીબોધ

"દેશની હાલત સુધારવાની સરવેથી સરસ રીત એકે માતાઓ સારી થાએ તેમ કરવું."

(ને૦ પોનાપારટનુ ફરમાન)

## પુસ્તક ૫ મું.

જાનેવારીથી—ડીસેમબર સને ૧૮૯૧ સુધી.

બુદ્ધિવર્ધક પુસ્તકાલય



મુંબઈના

દફતર આશકારા છાપાખાંના મધે છાપીઊં છે.

૧૮૯૧.

# સાંકલીઉં સ્ત્રીબોધના પુસતક ૫ માનું.


## આંક ૧ લો—જાંનેવારી ૧૮૬૧

સફે.

મારી એકપુરી દીકરીને કેટલી જનશ કરસો ? .. .. ૧
એક સ્ત્રીનો પોતાના ભરતાર ઉપર પેઆર .. .. ૩
દખણ અમેરીકા મધે ગોલામનું બજાર (ચીતરો સાથે) ૭
એક ઓરતનો અજાએબ જેવો હેવાલ—ભુત ડાકણનો વેહમ .. .. .. .. .. .. .. .. ૮
ચીનનો હાલનો સેહનશાહ—હીનફો (ચીતરો સાથે.) ૧૦
ઇઉનાન દેશ—તેની અસલ મોટાઇ (ચીતરો સાથે.) ૧૧
આફ્રીકા મધે એક સ્ત્રીએ દુખી મુસાફરની કરેલી બરદાસત .. .. .. .. .. .. .. .. ૧૨
ઇટાલી દેશની એક સ્ત્રી—તેની હીંમત, દાનાઇ તથા પરોપકાર બુધી .. .. .. .. .. .. ૧૩
કાંગરૂ (ચીતર સાથે) .. .. .. .. .. .. ૧૫
વીલીઅમ પેન (ચીતર સાથે) .. .. .. .. ૧૭
દોસત કરતાં દુશમન ઘણા કોણના હોએ ? .. .. ૧૮
સંહી અને ઉંદરની વાત .. .. .. .. .. ૧૮
પરચુટણ બાબતો .. .. .. .. .. .. ૧૮
પરોફેસર પાટન વીશે ગરબી .. .. .. .. .. ૨૦

## આંક ૨ જો—ફેબરવારી ૧૮૬૧

નવાજબાઇ તથા દીનબાઇના ઘરનો ખરચ .. .. ૨૧
ગોલામ હબસણની હીંમત .. .. .. .. ૨૩
આનો મુસાફર—(ચીતરો સાથે) .. .. .. ૨૫
રિટીસ અને તેનો છોકરો .. .. .. .. .. ૨૮
હીરાની વાત .. .. .. .. .. .. ૨૯
સતની વેલાએ રમુજ—(ચીતર સાથે) .. .. .. ૩૦
રતોની મીજલસ—ભાશણ તરીજું—(ચીતરો સાથે) ૩૧
ચાઇની ફતેહ .. .. .. .. .. .. ૩૩
ક સીંહણની વાત .. .. .. .. .. .. ૩૪
રસ પરસ મદદ .. .. .. .. .. .. ૩૫
વાડનારી માતાની તંદરોસતી કેમ સંભાલવી ? .. ૩૫
નડો (ચીતર સાથે) .. .. .. .. .. ૩૭
રચુરણ બાબદો .. .. .. .. .. .. ૩૭
શવર શહુનો બેલીછે—(દોહરા) .. .. .. .. ૪૦
ટક છપા .. .. .. .. .. .. .. ૪૦
ડું ન બોલવા વીશે ગરબી .. .. .. .. .. ૪૦

## આંક ૩ જો—મારચ ૧૮૬૧

સાસું વહુના કજીઆ—દુખી દીકરાની ફરીઆદ .. ૪૧
મરદના પોશાકમાં એક ઓરત .. .. .. .. ૪૩
મરહુમ વાડીઆજી શેઠ નવરોજજી જમશેદજી—(ચીતર સાથે) .. .. .. .. .. .. .. ૪૫
ક ખલાસીની વાત .. .. .. .. .. .. ૪૬
નીઆનો મુસાફર—(ચીતરો સાથે) .. .. .. ૫૦
ક ઇટાલીઅન ઓરતની હીંમત તથા દેશ હીતકાર બુધી. ૫૨
કાંથી પણોતાં પગલાં ઉતારવા વીશે .. .. .. ૫૩
ઓરતોની મીજલસ—ભાશણ ચોથું—(ચીતરો સાથે) ૫૪
પારસીઓની તવંગર ઓરતોને અરજ .. .. .. ૫૬
એક કાંણી હરણી. .. .. .. .. .. .. ૫૭
બાહરનો દેખાવ જોઈ પરણવા વીશે પતર. .. .. ૫૭
પરચુરણ બાબદો .. .. .. .. .. .. .. ૫૮
મન વીશેની ગરબી. .. .. .. .. .. .. ૬૦

## આંક ૪ થો—એપરેલ ૧૮૬૧

સાસરીનું દુખ—આપઘાતની સુજ .. .. .. .. ૬૧
એક ખરા દોસતની વફાદારી .. .. .. .. .. ૬૪
દુનીઆ મધે ઉંચા અને ટલતા બુરજ—(ચીતર સાથે) ૬૬
એક ગરીબ ગામડીઆની છોકરી જે શેહનશાજાદી થઈ. ૬૭
દુનીઆનો મુસાફર—(ચીતરો સાથે) .. .. .. ૬૯
માછલીનું વજન—ફીલસુફોની મારામારી .. .. ૭૨
કરશો તેવું જોશો .. .. .. .. .. .. ૭૩
ઓરતોની મીજલસ—ભાશણ પાંચમું—(ચીતરો સાથે) ૭૪
જરૂર કરતાં વધારે મુદત શુધી બચાંને ધવાડીઆથી માતા તથા બાલકને થતુ નુકસાન .. .. .. .. ૭૬
મોટા પગનું પકસી—(ચીતર સાથે) .. .. .. ૭૮
પુસતકની પોંહચ—ઈંગલંડનો ઇતીહાસ .. .. .. ૭૮
પરચુરણ બાબદો .. .. .. .. .. .. ૭૯
પરભુના પરેમની ગરબી .. .. .. .. .. ૮૦

## આંક ૫ મો—મેએ ૧૮૬૧

નઠારી ફરંગીજ ઠેકાંણે આવી. .. .. .. .. ૮૧
આપણ સઘલાં કોણ છઇએ ? .. .. .. .. ૮૬
સાબુ અને તેની બનાવટ .. .. .. .. .. ૮૭
કપડાં—રેશમ, રૂ, તથા ઉન (ચીતરો સાથે) .. .. ૮૯
દુનીઆનો મુસાફર (ચીતરો સાથે.) .. .. .. ૯૦
ખાવા પીવામાં અંદાજો. .. .. .. .. .. ૯૨
લડાઇ (ચીતર સાથે) .. .. .. .. .. .. ૯૨
છાપાખાનું અને છાપવાનો હુનર (ચીતરો સાથે) .. ૯૩
બરફ—બંધાએલુ પાણી. .. .. .. .. .. ૯૫
એક મોટો પાણીનો ધોત .. .. .. .. .. ૯૬
મને ઈશવરે ફલાણી ચીજ કેમ ન આપી ? .. .. ૯૭
છાકટાપણાનું ઝાડ .. .. .. .. .. .. ૯૮
કરાંનો વરસાદ .. .. .. .. .. .. .. ૯૮
પરચુરણ બાબદો .. .. .. .. .. .. .. ૯૯
ઈશવર પરારથના .. .. .. .. .. .. .. ૧૦૦
સંપ વીશે (ચોપાઇ) .. .. .. .. .. .. ૧૦૦

## આંક ૬ ઠો—જુન ૧૮૬૧

નઠારી ફરંગીજ ઠેકાંણે આવી .. .. .. .. .. ૧૦૧
વીકટર દાશીઉ નામના એક ભલા આદમીની વાત .. ૧૦૩
મામે નાજમાએને જોવા આવશો ? .. .. .. ૧૦૬
સાંપ—ઘુઘરીઓ સાંપ—(ચીતરો સાથે) .. .. .. ૧૦૯
ડચ લોકોના સવસથાન મધે ગુલામોનું વેચાણ .. .. ૧૧૦
એક વફાદાર સીપંન .. .. .. .. .. .. ૧૧૧

સુખડ અથવા ચંદન .. .. .. .. .. .. ૧૧૧
બદામ.. .. .. .. .. .. .. .. .. ૧૧૨
બેહેનો તમો કોઇને હસતાંનાં .. .. .. .. ૧૧૨
દુનીઆનો મુસાફર (ચીતર સાથે) .. .. .. .. ૧૧૩
સુક્ષ્મદરશક યંતરના ચમતકાર (ચીતર સાથે) .. .. ૧૧૫
આપણો સઘલી અવસથામાં મીત્ર કોણછે? .. .. ૧૧૫
એક સાધુ અને તેનું સવપનું—દુનીઆમાં સુખ સા
થી મલેછે? .. .. .. .. .. .. .. ૧૧૬
રંગ લાવવાનો સેહેલો ઉપાએ.. .. .. .. .. ૧૧૭
સફાઈ રાખવાની જરૂર.. .. .. .. .. .. ૧૧૭
સરવથી લાએક આદમી કોઉ? .. .. .. .. ૧૧૮
પઈસો.. .. .. .. .. .. .. .. .. ૧૧૮
પરચુરણ બાબદો .. .. .. .. .. .. .. ૧૧૯
દુરાચારીને શીખામણની કવીતા .. .. .. .. ૧૨૦
ગઝલ.. .. .. .. .. .. .. .. .. ૧૨૦

આંક ૭ મો—જુલાઈ ૧૮૬૧

નઠારી ફરંગીજ ઠેકાણે આવી. .. .. .. .. ૧૨૧
અખરોટ—અકરોડ .. .. .. .. .. .. ૧૨૪
જાઇજી તથા મેહેરબાઇ વચેનો વાંધો.. .. .. ૧૨૫
બે ઘોડાથી માણસ નહી ખેંચાએ—(ચીતર સાથે.) .. ૧૨૯
આગલા વખતની મીસર દેશની ગાડી—(ચીતરો સાથે) ૧૩૦
શીરીનબાઇનો બાગ .. .. .. .. .. .. ૧૩૧
ખણે તે પડે .. .. .. .. .. .. .. ૧૩૩
અમેરીકાનું બગલું—(ચીતર સાથે) .. .. .. ૧૩૪
દરીઆઇ ઘોડો—(ચીતર સાથે.) .. .. .. .. ૧૩૫
ઉદીઓગ અને આલસાઇનો મુકાબલો—(ચીતર સાથે.) ૧૩૬
મગરૂરી. .. .. .. .. .. .. .. .. ૧૩૬
"ગરેટ બરીટન ખાતેની મુસાફરી" .. .. .. ૧૩૭
પરચુરણ બાબદો.. .. .. .. .. .. .. ૧૩૮
કવી સામલભટના પ્રસનોતર (કવીતા) .. .. .. ૧૩૯
રોગીઓનું દુખ ટાલવા વીશે ગરબી .. .. .. ૧૪૦
ઘડપણ વીશે (કવીતા) .. .. .. .. .. .. ૧૪૦

આંક ૮ મો—આગશટ ૧૮૬૧

નઠારી ફરંગીજ ઠેકાણે આવી .. .. .. .. ૧૪૧
દીઆનત તેવી બરકત.. .. .. .. .. .. ૧૪૫
દીવાદાંડી—(ચીતર સાથે) .. .. .. .. ૧૪૬
એક ખરી દેલાવર છોકરીની વાત .. .. .. .. ૧૪૭
ધંધા રોજગારમાં પણ ઓરતો મરદોની બરોબરી કરી
શકેછે—(ચીતર સાથે) .. .. .. .. .. ૧૪૮
દારૂ અથવા મોહોટું શાહામુરગ .. .. .. .. ૧૫૧
નોશીરવાંન આદેલ.. .. .. .. .. .. .. ૧૫૨
દુનીઆનો મુસાફર—(ચીતર સાથે) .. .. .. .. ૧૫૬
ચરમા પતર .. .. .. .. .. .. .. .. ૧૫૭
પરચુરણ બાબદો.. .. .. .. .. .. .. ૧૫૭
લગનમાં ફટાણાં ન ગાવા વીશેનું ગીત .. .. .. ૧૬૦
પદ .. .. .. .. .. .. .. .. .. ૧૬૦

આંક ૯ મો—સપટેમબર ૧૮૬૧

નઠારી ફરંગીજ ઠેકાણે આવી .. .. .. .. .. ૧૬૧
મા—(ચીતર સાથે) .. .. .. .. .. .. ૧૬૫
એમાં વાંક કોણનો? નાનજીભાઇનો કે કોલીબાઇનો. ૧૬૬
બેહેનો કદી કોઇપર ગુસે થતાંનાં .. .. .. .. ૧૭૨
છાતીપર મુકેલો પથર ભંજાએ! (ચીતર શાથે) .. ૧૭૪
મન ચંગા તો કથરોટમા ગંગા .. .. .. .. ૧૭૫
મુસીઉ બલાંડીની અજાએબ જેવી કસરતો .. .. ૧૭૭
ઘરેણા વના બાએડી કાંઈ શોભેકે?.. .. .. .. ૧૭૮
પરચુરણ બાબદો .. .. .. .. .. .. .. ૧૭૯
મોરડી રાણીના મનામણાની ગરબી.. .. .. .. ૧૮૦

આંક ૧૦ મો—અકટોબર ૧૮૬૧

ઇરાંની સોદાગર .. .. .. .. .. .. .. ૧૮૧
શું કરતાં શું થઇ ગયું.. .. .. .. .. .. ૧૮૭
પારસી વાલનટીઅર કોર .. .. .. .. .. .. ૧૮૮
જમ અને માણસ વચે સેતરંજની રમત—(ચીતરે સાથે) ૧૯૦
થરમામીટર—(ચીતર સાથે) .. .. .. .. .. ૧૯૧
ભએના વકતમાં ધીરજ અને હીમતની જરૂર .. .. ૧૯૨
અમેરીકાના મુસાફર કબુતરો.. .. .. .. .. ૧૯૪
એક કુતરીએ એક માણસનો જીવ બચાવીઓ .. .. ૧૯૫
માણસ કેટલું કરી શકેછે? .. .. .. .. .. ૧૯૬
ઈઆરો ઈશવર ઉપર ભરૂસો રાખો .. .. .. .. ૧૯૭
પરચુરણ બાબદો .. .. .. .. .. .. .. ૧૯૮
રાધીકાને શીખામણનો ગરબો .. .. .. .. .. ૨૦૦

આંક ૧૧ મો—નવેમબર ૧૮૬૧

ઇરાંની સોદાગર .. .. .. .. .. .. .. ૨૦૧
એક ઓરતની ઈંદરીઓનો અજબ તરાંહનો ફેરફાર.. ૨૦૬
આટોમેટન.. .. .. .. .. .. .. .. ૨૦૭
જેપાન દેશ તથા તાંહાંના રેહેવાસીઓની ચાલચલણ બાબે ૨૦૯
રોણકદાર ઈમારતો—(ચીતરો સાથે) .. .. .. ૨૧૧
માહારૂં રેહેવાનું ઘર—(ચીતરો સાથે) .. .. .. ૨૧૩
જીપસી નામના ભમતા લોકો .. .. .. .. .. ૨૧૫
દારૂ .. .. .. .. .. .. .. .. .. ૨૧૬
સખત ઉનાલા .. .. .. .. .. .. .. ૨૧૭
આસપાસ જોવાની જરૂર .. .. .. .. .. ૨૧૮
પરચુરણ બાબદો.. .. .. .. .. .. .. ૨૧૯
સંસાર સુખ માંગવાની ગરબી.. .. .. .. .. ૨૨૦

આંક ૧૨ મો—ડીસેમબર ૧૮૬૧

ઇરાંની સોદાગર .. .. .. .. .. .. .. ૨૨૧
કંટાલા ભરેલી એક વાત .. .. .. .. .. ૨૨૫
પુતલીબાઇનું કાગલ .. .. .. .. .. .. ૨૨૭
મોહોતુ—રડાકુટની મનાઈ.. .. .. .. .. ૨૨૯
દુનીઆનો મુસાફર—(ચીતરો સાથે) .. .. .. ૨૩૨
"મુસા" પેગંમબર—(ચીતર સાથે) .. .. .. ૨૩૩
મોજ અને સબુરી .. .. .. .. .. .. ૨૩૫
સારો સવભાવ .. .. .. .. .. .. .. ૨૩૬
સારૂં નસીબ.. .. .. .. .. .. .. ૨૩૭
બે પગના ભુતમામા .. .. .. .. .. .. ૨૩૮
પરચુરણ બાબદો.. .. .. .. .. .. .. ૨૩૮
મરનારની પછવાડે ન રોવા વીશે—(પદ) .. .. .. ૨૪૦

# સ્ત્રીબોધ.

પુસતક ૫ મું | જાનેવારી ૧૮૬૧ | આંક ૧ લો.

## મારી એક પુરી દીકરીને કેટલી જનશ કરશો?

આંવાંબાઈ નાંમની એક પારશણ ઊંચાં ખાંનદાંનવાલા અને પઈશાવાલા શેઠ માંણેકજીની સાથે પરણેલી હતી. તેને પેટે એકજ છોકરો અને છોકરી હતાં અને તેમના મોટી ઊમકાઈથી ધંનજીસાહા અને શીરીનબાઈ કરી નાંમ રાખીઆં હતાં. સવભાવીક પણે આંવાંબાઈને પોતાની એકપુરી દીકરી શીરીનબાઈપર બેશુમાર પીઆર હતો અને તે પીઆર બતાવતાં આંવાંબાઈ એટલીતો હરખ રાખતી કે તેની દીકરીનું કાંઈ પણ બોલવું વાજબી ઈઆ ગેરવાજબી, તેણીની ચાલચળણ ઘટતી ઈઆ અનઘટતી, તેણીનું કાંઈ પણ માંગવું લાએક ઈઆ નાલાએક, તેપર તે ધીઆંન રાખતી ન હતી અને હરેક પાંતીએ શીરીનનો બોલ ઊપર રાખતી હતી નાહનપણથી હુવો લાડ જોઈ ને છોકરી ઘણીજ બેહકી અને છગી ગઈ હતી. તેના ચાલવામાં કસા ઢંગ નહી મલે. તેના બેશવા ઊઠવામાં કસો શકાર ન મળે. તે એકળાજ ઘેરનાં ચાકરોનેજ નહી પણ બાહરના ઘરસથ માંણસોને પણ તું તાંથી બોલાવે. ગ્રાલેસાઈ ગરીબાઈ અને નમનતાઈ તેનાં દુસમન હતાં. માંણેકજી સેઠનો કોઈએકવાર મીજાસ જાએ અને તેને ધમકાવા જાએ તારે આંવાંબાઈ વચમાં આડી પડે અને કેહકે મારી એકપુરી દીકરીને કોઈ કાંઈ બોલે નહી. પછી શીરીનનું ચહડી વાગે. તે દીવશમાં પચાશવાર ચાકરોને ભસતે મોકલે અને તાંહાંથી પાછા હાંક મારે. એવીજ કેળવણીમાં તેનો વખત ગુજરી ગીઆથી તેનાંમાં કાંઈ સોજ શકાર અને શલુક આવીઆં નહી અને ગુમરાહી, મુરખાઈ અને ટેંકરાઈમાં તે "હરીઆ બેળની માંફક ઊછરીને મોટી થઈ."

જેવાર તે લગભગ બાર વરશની ઊમરમાં આવી તારે તેને વાસતે માંગાં અને વસટારાં આવવા લાગાં. પણ જે મોબેદ અથવા ગોરાંણી કાજ કરવા આવે તેને આંવાંબાઈ એટલુંજ પુછે કે મારી એકપુરી દીકરીને "સાશરેથી કેટલી જનસો કરશે" અને તેની મરજી માંફક સાત હજાર રૂપીઆની જનશ ઘડાવા વીશે ન સાંભળે તો તે માંગું પાછું ફેરવે. એ પરમાંણે ઘણ આબરૂવાલા અને ખાંનદાંનવાળા આશાંમીઓને તાંહાં તેણીએ ના કેહવાડીઊ અને ચાર વરશ શુધી મોબેદો અને ગોરાંણીઓને ધકેલા પછાડા ખવાડીઆ કીધા. એટલી મુદતમાં શીરીનબાઈ ભરજુવાનીમાં આવી પણ તેનામાં કાંઈબી માંણસાઈનો અંશ આવીઓ નહી. બીજુ એક વરશ જતાં એક પઈસાવાળા ઘેરનાં લોકો આંવાંબાઈની મરજી માફક જનસો કરવાને રાજી થાએઆં. તાંહાં શીરીનનું વેશવાળ થીઊં અને છ માશ રહીને તેણીના લગન બાપુજી નાંમના તેઓનાં ૨૦ વરસનાં એક એશકી અને તીશમારખાં છોકરાની સાથે લગન થએઆં.

આંવાંબાઈએ લગનમાં મોટી રીત પેહરાવી અને સીરીનબાઈને સાશરે વદેઆ કીધી. સાશરીઆમાં બીજી તરણ મોટી વહુઓ હતી તેમની સાથે તે પેહલેનો જરા ઠીક રીતે ચાલી; પણ પોતાનો કોઈવાર અશળ ખાશ બતાવી તે શરવેને નાખુશ કરતી અને એક વરશમાં તે શરવેને અકારી જેહર જેવી થઈ પડી. તેનો ખાવંદ બાપુજી અશળથી ફકડ અને એશકી—તેને આવી સોજ સકાર વગરની ઓરત મુદ્દલ ગમે નહી. તે શનવાર આતવાર અને બીજા તેહવારોપર વાડી જતો હતો. તે હવે દરરોજ જવા લાગો. તાંહાં તેને ખરાબ શોબતીઓ મલીઆ અને તે વેશીઆઓમાં દમકવા લાગો અને તેને એટલો બધો

આ ખરાબ છંડ લાગો કે તે કોઈ કોઈવાર સારો દીવશ અને રાત ગંધખાંનાઓમાં અને નીચ લોકોમાં પડી રેહતો હતો. તે ઘરમાં આવે તાંહાં પણ શીરીન સાથ જાહજી વાત ચીત કરે નહી. કોઈવાર પોતાની તંગી પડે તારે તેને કાળાવાળા કરી થોડા રૂપીઆ લઈ જાએ અને બીજે દીને પાછું મોહડું દેખાડે નહી.

શીરીનના ભરથારની આવી માઠી ચાલથી તેનાં બુઢાં મા બાપોને ઘણો બલાપો થયો અને તેઓ ધાસતી ખાઈ મરણ પાંમેઆં. એના મા બાપોનાં મોત પછી ચારે છોકરાઓ બાપીકા પઈસા વેંહચી લઈ જુદા પડેઆ. બાપુજીને આ નવો ખજાંનો મળીઆથી પોતાનાં ખરાબ વીઅશનોમાં પડવાને વધારે તક મળી અને તે પઈસા કાંકરાની મોશાળે વેરવા લાગો. ઘેરનું મોહ તે બે દીવશે જોતો હતો તે હવે આઠ દીવશે જોવા લાગો અને બાકીનો વખત પેટભરૂ સોબતીઓમાં, નાચરંગમાં અને ખરાબ વીઅશનોમાં ગુજારવા લાગો. આંણીગમ શીરીનબાઈ અકલ વગરની તેને ઘરનો ખટલો અને કારભાર ચળાવવાની મુદલ શમજ નહી. તેને પણ શરવ ગમથી લુટારાઓ મળીઆ. એક ગમથી ચાકરો ચોરી કરે, બીજી ગમથી મોબેદો ભમાંવે અને તરીજી ગમથી તેને એક લુચી અને પાખંડવાળી ગોરાંણી મળી. પેહલાંતો ગોરાંણીએ શીરીનબાઈને ઊલટપુલટ સમજાવીને બાપુજીને હાથ કરવાનું તેના મનમાં ઊતારીઊ. તે માંટે તરેહવાર રીતે તે ગોરાંણી શીરીનબાઈને ઠગવાને ચુકી નહી. તેના ઘોલીઆઓ અને કોચેમાં દોરા ડીવેટ અને માંદરીઆંઓ એકઠાં દીશવા લાગાં. જોશીઓ અને શેવરાઓ અને બીજા ધુતારાઓએ તેણીને લુટવા માંડીઊં. તેઓ ધંતરમંતર છુ પાપી કરી પઈસા ગજવાંમા મુકે અને રાતા પીલા રંગ બેરંગી દોરા ડીવેટો આપી જાએ. એમ ઘણાં દીવસ ચાલીઆથી શીરીનબાઈ વેહમમાં ગરક થઈ અને ગોરાંણીનો તેનાપર ઘણો કાબુ બેશી ગઓ. તે ગોરાંણી કેહ તાંહાંજ બેશે, કેહે તેજ વસતુ ખાએ, કેહે તેટલા દોરા ગળામાં નાંખે. કેહ તેટલાં માંદરીઆં બાજુપર બાંધે અને હેવાંનની મીઆલે ગારેલ જેવી બેશી રેહ. શું કરવું અને શું નહી તે તેને શુજે નહી. તેની હાલી ગુમરાઈ જોઈ બાપુજી આઠ દીવશેબી આવે નહી અને વાડીમાંજ મોજમાં અને છંડમાં પડી રેહ. એ માફક એક ગમથી ઊડાઊ ધણીને ખરાબ સોબતથી અને બીજી ગમથી બેશમજ અને કમઅકલ ઓરતને લુટારા અને ઠગારાં માંણસો મળવાથી બાપુજીની બાપીકી પુંજીનો આંકો આવીઓ અને તેનું તલીઊં સાફ થીઊ. તેને પોતાનો લખલુટ ખરચ કરવાને પઈસા નહી મળીઆ તારે ઓરતની જનસો પર તરાપ મારવાની નીશટા કીધી. એક બે દીવશ ઘેરમા શીરીનબાઈ સાથ રીહા અને શીઆંન સોબતની વાતો કરવા લાગો તથા પોતાના દોશનો અને વેશનો તરક કરવાની કબુલાત આપવા લાગોપણ બાહરનું ચાર હજારનુ કરજ હતું. તે ફીટાડવા માટે ઘણી આજેજી અને કાળાવાળા કરી થોડી જનસો માંગી. પેહલાં તો શીરીનબાઈ ગુમરાહ અને અપટ જેવી છતાં પણ તેમ કરવાને ના પાડી પણ તે ઠરાવપર ચુસત રેહેવાને તેનામા હીમત નહી તેથી બાપુજીએ વધારે જુઠા કાળાવાળા કીધા એટલે થોડી જણસો આપી. તે લેતાંકે તેવણ બજારમા જઈ તેનો ખુરદો કરી પાછો પંદર દીવશ શુધી વાડીમા નાચ રંગમા પડીઆ અને પોતાની કબુલાત વીશરી ગીઆ. આ પઈશા પુરાથીઆ એટલે પાછા શીરીનબાઈને ફુસળાવા આવીઆ પણ આ વાતની તેની મા તથા ભાઈને ખબર પડી તેથી તેઓ તેની પાશથી જણસો લઈ ગીઆં અને છોકરીને પોતાને ઘેરજ રાખી.

બાપુજી પોતાની બીજીવાર માંડેલી જાલમા શીરીબાઈની જનસોને પકડી નહી શકીઆ તેથી એકના દોહડા વીઆજખોરા મારવાડીઓ અને સાહુકારોને લખી આપવા લાગો અને બજારમાંનું મોટું કરજ કરી પોતાના ખરાબ વીઅસનો જારી રાખીઆં. પણ તેની પાસ માંગનારાઓને આપવાનું કાંઈ નહી રહીઊં અને મુદત પુરી થતાં પણ વાએદા કરીઆ કીધા. તેથી તેઓને અધીરાઈ આવી તેઓએ શરકારમા બાપુજી પર ફરીઆદી માંડી, તે સાબેત થીઆથી તેના પર હોકમ નાંમુ થીઊં. માંગનારાઓને કાંઈ પુંજી હાએ તો મળે તેથી તેઓ બાપુજીની દોલત વીશે પુછપરછ કરવા લાગા અને તેના ઘેરની ગોરાણી હતી તેની ખોળ કાહાડી કાંઈ આપવાનું કહી તેને પુછીઊ કે તે કાંઈબી પુંજી વીશે વાકેફ હાએતો તેઓને બતલાવશે તો તેનેબી કાંઈ મીઠાઈ આપવામા આવશે એમ કહી ૩૫૦ નું પડીકુ તે ગોરાંણીના હાથમા મુકીઊં. ચાંદીનુ મોહ જોઈ ગોરાંણીનું દબાએલું મોહ ઊપડીઊ અને તે

ણીએ પેલી બાકી રહેલી જનસો વીશે માંગનારાઓ ને જાંણીતા કીધા. તે પરથી તેઓએ જનસો જપત કરાવી—પોત પોતાંમાં વેંહચી લીધી અને બાપુજી બી ચારા કોડી વગરના થઈ ગીઆ.

આંવાંબાઈએ ઓલાંમના કરી શીરીનબાઈ ને ઘણી જનસો કરનારાં વગર વીચારે સાશરાં અ પાવીઆં હતાં તેનું આવું સેવટ આવીઆથી તેણીને ઘણોજ બળાપો અને ખેદ થયો. શીરીનબાઈ પોતાપર આ ભારે આફત જોઈ માએને તાંણા મારે કે તેણીએ આવાં સાશરાં અપાવીઆં તેથી તેને વધારે દુખ ઊપજે. એ દુખથી તેને ધાસતી પેદા થઈ અને આશતે આશતે આજારી રેહતી ચાલી. અંતે પોતાની બેવકુફીનો ખીઆલ ધરી તૂટું દીલ લઈ મરણ પાંમી. બીચારી શીરીનબાઈએ પોતાના ભાઈના આશરા હેઠળ પડી દાહડા પુરા કીધા.

વાંચનારી બેહનો! ઊપલી વાતથી તમોએ શું સમજવું તે તમારા મનમા ઊતરીઊં હશે તમોએ પોતાની દીકરીઓ અને વહુઓને મોટી મોટી જનસ કરનારાં અને રીત આપનારાં ઠેકાંણાઓપર વેશવાળ કરવાનો વીચાર કરવો નહી. તમારી દીકરી સાશરેથી ઘણી જનસો પેહરે પણ તમારો જમાઈ ઊડાઊ અને દુરાચરણી હોએતો તમારાં પીઆરાં બચાંને શું સુખ મલવાનું હતું.? માટે તમોએ સજાત અને શીખેળા અને આબરૂદાર જમાઈઓ સોધવાની નેમ રાખવી અને તેના ખાંનદાંનની ખુબી તરફ જોવું પઈસા તરફ લોભાવું નહી. બીજું તમોએ ઊપલી ગોરાંણીની નાલાએકી અને અપટાઈ તથા લુચાઈ ચાલ જોઈ હશે વાસતે પારકા માણસોને પીછાનેઆ અગાઊ તેમની આગળ તમારા ભેદ અને છુપી વાતોનો પરદા ખોળા ના કરશો. તેમા ગોરાંણી એબેદો અને નીચ જોશી બરાંમણોના ભમાવવા પર કદી પણ ધીઆંન ન આપતાં, તેઓ તમને ઠગવા શીવાંએ બીજું કાંઈબી તમારૂ સારૂં કરી શકનાર નથી. તમોને શલાહ લેવાની જરૂર હોએ, દુખ ભાંજવાને દીલાસો મેલવવો હોએ તો પીઆરી માતાઓ અને બેહનો કોઈ શમજુ અને બે ગરજ માણસની મદદ માંગજો પણ પેટ ભરૂઓનો છાંઓ પકડશો નહી.

---

## એક સ્ત્રીનો પોતાના ભરતાર ઊપર પેઆર.

કેહછેકે એક વેળા ચોથા જેમસ બાદશાહના વખતમાં લશકરનાં માણસોની ભરતી કરવાની એટલી તો જરૂર થઈ પડી હતી કે તે વખતે ઘણી મુશકેલીથી કેટલાંક માણસો મલી આવતાં હતાં. તે સમે આલેકજાનડર હીઊમ નામનો એક મોચી જે જાતે ઘણો જબરો ને શરીરે પુશટ હતો તે પણ લશકરમાં સામેલ થવાને મેદાન પડીઓ હતો. એ શખસ ગરીબ અવસથામાં હતો તોપણ તે પોતાનાં રાજા તરફ એવોતો ચુસત હતો કે તેણે પઈસા ટકા, ઘરબાર, બચાં છોકરાં એક સાંની કશી દરકાર ન કરતે એકદમ લડાઈમાં સામેલ થવાની હા ભરી. લશકરની જે ટુકડીમાં હીઊમ જોડાઈ જનાર હતો તે ટુકડીનાં માણસોએ જારે સાંભળીઊં કે હીઊમ જેવો મરદાનો પેહલવાન, તે સાથે ચોખી દીઆનતદારીનો ને વીશવાસુ શખસ તેઓ સાથે લડાઈનાં મેદાનમાં ઊતરનારછે તારે તેઓને બેહદ ખુશાલી ઊપજી અને તેઓએ એકદમ ઊલટ પકડી.

એક તરફ જેમ હીઊમનાં લશકરમાં સામેલ થવાથી લડનારાઓને ખુશાલી અને આનંદ ઊપજેઓ હતો તેમજ હવે બીજી તરફથી હીઊમની બાઈડી મારગરેટે જારે પોતાના ભરતારને લડાઈમાં જવાના સમાચાર સાંભલીઆ તારે, તેણીને બેહદ દીલગીરી તથા અતીશએ દુખ ઊતપન થઈઊં. મારગરેટ એક જુવાન ખુબસુરત અને ઘણી રાંક બાએડી હતી. તેણીએ તરેહવાર મીનતજારી કરી પોતાના પેઆરા ખાવીંદને ઘણે પરકારે સમજાવીઓ કે તેણે લશકરમાં સામેલ થવાનો વીચાર એકદમ છોડવો. ઓરત જાત પોતાના પેઆર ભરેલા સખુનો તથા હલાવત ભરેલી બોલીથી જેબી કાંઈ કરી શકે તે સઘળું મારગરેટે કરીઊં. ને પોતાના વરનો વીચાર પાછો ફેરવવાને કાંઈબી કરવાનું અચુક રાખીઊ નહીં. તેણીએ પોતાના નાજુક હાત પોતાના ખાવીંદની ગરદન ઊપર નાખી તેની પાસે માગી લીધું કે હે મારા પેઆરા ખાવીંદ તું તારે ગમે તે બીજાં કામમાં મશગુલ થા, પણ આ નાશકારક લડાઈમાં સામેલ થવાથી તું હાત ઊઠાવ: એ લડાઈથી કશું સારૂં પરીણામ થવાનું નથી અને તે સાથે તું મને એકલવાઈ તથા આ એક નાહાનાં ગોલાબ જે

વાં ફુલ બાલકને એકલાં મુકી કશટ ખેંચી દુખ અને સંતાપમાં પડવા જાએછે એથી ઈશવર રાજી થનાર નથી. એટલું બોલી તેણીએ પાંચ માસની વએનું પોતાનું બાલક ઊંચકી તે પોતાના ભરતાર સામું ધરીઊં ને કહીઊં કે ઓ વાહાલા ભરતાર ! માહારે માટે નહીતો આ ફુલ બાલકને ખાતર તો તું હમારાથી છુટો ના પડ. એ અને એવીજ બીજી તરેહવાર આજે જી તથા કાલાવાલાની બોલીથી હીઊમના દીલમાં ઘણુ લાગું ખરૂં, તોપણ તે એવોતો મજબુત મનનો ને ચોકસ રીતે પોતાનો વીચાર બાંધનાર હતો કે તેણે પોતાનો ઈરાદો છોડીઓ નહી. જારે મારગરેટે જોઈઊં કે કોઈબી રીતે મારો ભરતાર પોતાનો વીચાર મુદલ ફેરવનો નથી તારે તેણીએ ધીરે રહી વળી બીજી એક રીત કામમાં લગાડી. તેણીએ પોતાના બંધે હાતમાં પોતાના ભરતારના હાત મજબુત ધરીઆ ને પછે તેને પુછીઊં કે ઓ પેઆરા ભરતાર તું મને એટલો જવાબ દે કે તું લડાઈમાં નથી જતો પણ મોતનાં ઘરમાં જાએછે, ને તાંહાં તું ખચીત મારીઓ જવાનો એવુંછે, તો પછી માહારી અને આ નાહાનાં બાલકની બાપની પકેબરદાસત કોણ કરશે વારૂં ? તાર પછે એક વીધવા પોતાના ભરતારની જુદાઈનું કેવી રીતે દુખ ધરેછે, એક બાપ વગરનું બાલક પોતાના બાપ વગર કેટલું હેરાન અને પરેસાન થાએછે તે સઘળાંનો આબેહુબ ચીતાર પોતાની મધુર વાણીએ મારગરેટે પોતાના ભરતાર આગલ મુકીઓ ને જણાવીઊં કે ઓ પેઆરા ભરતાર હમો અનાથ, હમો લાચાર આ દુનીઆમાં કોણ જાણે કેહેવા દાહાડા ગુજારી, અફડાઈ પટકાઈ, રઝળી રવડી પોતાના દીવસ પુરા કરીશું, તેની મને કશી સમજ પડતી નથી.

મારગરેટની આ સઘલી કાકલુદી ભરેલી બોલીથી હીઊમનાં મનમાં ખરેખર ઘણોજ ખેદ ઊતપંત થતો હતો, તેનું મુખીઅ કારણ એ હતું કે એ ઘણી પોતાની બાએડીને ઘણાંજ પેઆરથી ચાહતો હતો, અને કોઈબી રીતે પોતાની બાએડીનું દીલ દુખે એવું તે મુદલ ઈછતો નહી હતો. પણ આ મામલોતો એવો થઇ પડીઓ હતો કે જેમાં હીઊમથી નહી આતર કે નહી પેલીતર થઈ શકાતું હતું. એવી હાલતમાં હીઊમ ઘણીવાર સુધી ચુપ ઊભો રહેઓ ને પછે એકદમ રડી પડીઓ ને પોતાની બાએડીને ગોદમાં દાબીને બોલીઓ. "એ મારી પેઆરી તું હવે મને ઘણું દુખ ના દે, હું ઠરાવ કરી ચુકોછું અને હું તે ઠરાવ પરમાંણે ચાલી માહારા રાજા તરફની મારી વફાદારી બતાવીશ. શું તું એવું ચાહેછે કે એક વખત જાહેરમાં એક વાત કબુલ કરી પાછલથી તે વીશે ના પાડી હું મારી ફજેતી કરૂં ? ખરી વાતછે કે એક બીજાની જુદાઈથી આપણ બંધેને ઘણું દુખ લાગવાનું તોપણ એવો હાલ કાંઈ મારો એકલાનો નથી. જે સઘલા માહારી સાથ આવનારછે તે સઘલાનો એવો હાલ હશે. તે સાથે આપણો રાજા પોતે પોતાની પેઆરી ખુબસુરત રાંણીને એકલી મુકી લડાઈમાં સાંમેલ થાએછે, તો પછે વફાદાર રઈએત તરીકે આપણને ઘટેછેકે આપણી ફરજ આપણે બજાવીએ. પછી તેને ઈઆરીનો આપનાર તો તે અજીમ કુદરતનો સાહેબછે. વાસતે મારી પેઆરી તું ખેદ અને દુખ દુર કરી શાંનતી પકડ અને મને મોકલેમને જવાની છુટ આપ."

બીચારી મારગરેટે ના ઊમેદ થઈ આ સઘળું સાંભળીઆ કીધું. તેણીએ જારે જોઈઊં કે હવે કાંઈબી ઊપાએ રહેઓ નથી કે જેથી કરી મારા ભરતારનો વીચાર ફરી શકે તારે અંતે તે લાચાર થઈ, કાલાવાલા કરતાં થાકી, રડતાં કંટાળી અને તકરાર કરવાનું જોર બીચારીમાં રહીઊં નહી તારે તેને ગુસો છુટો; તેથી તે બોલી "ઓ હીઊમ, તારા મનમાં તકુબરીએ ઘેર કીધુંછે, તું તારાં મનમાં ઘણો ગરવ રાખેછે કે આ લડાઈમાં આગેવાન થઈ એ લડાઈ ફતેહ કરી તું મોહોટું નામ મેળવશે, ને લોકમાં તારી વાખવાખી થશે, પણ તું આટલું વીચારતો નથી કે કદાચ તેમાં તું શેકસતે પામી મારીઓ ગએઓ. તો જે ઓરતને પરણતી વેળાએ પાળવા પોશવાની તથા બીજી સરવ પરકારની સંભાળમાં રાખવાની કબુલાત આપી હતી તે કબુલાત તોડવાના અપરાધમાં તું આવેછે, તેમજ આ નાહનું પશુ બાલક જેને ઊછેરી મોહોટું કરવાને મને મદદ કરવાને તું બંધાએલો છે, તે તારી ફરજ પણ તું બરાબર અદા કરતો નથી." આ ગુસા ભરેલા શબદોની સાથે મારગરેટે બીજી બી ઘણી તાનાજની કીધી, જેનું પરીણામ એ નીપજીઊં કે હીઊમને પણ ગુસો છુટો ને સામાસાંમી ઘણી રકઝક અને તડા તંડી થવા માંડી. તારે હીઊમ પોતાની બાએડીને પોતાની પાછલ બડબડતી મુકીને

પોતે લડાઈનાં મેદાંન તરફ જવાને નીકલી પડીઓ.
આ રીતે બંધે વર બાએડી માતર ખરા પીઆરને લી
ધે એક બીજાં સાથે આટલો બધો મીનાકસો કરી છુટાં
પડીઆં, અને તેપણ વલી એવે વખતે કે નહી બાએ
ડીને પોતાના પેઆરા ભરતારને પાછી મલવાની આ
શા; કે નહી ભરતારને પોતાની નેક જાત ઓરતને આ
વી મલવાની વકી.

આવી રીતની રકઝક અને પંચાતીની પાછલ હં
મેશાં જેમ પસતાવો અને દીલગીરી આવેછે તેવો હાલ
હવે બીચારી મારગરેટનો થયો. હીઊમ પોતાનાં ઘ
રથી થોડેએક દુર ગએઓ હશે એટલાવારમાં માર
ગરેટની સુધ એકાએક ઠેકાંણે આવી. તે વીચારવા લા
ગીકે "હવે મારો પેઆરો ભરતાર એ ઘણીજ બએ
ભરેલી લડાઈમાં ગએઓ અને કદાચ તે તેમાં મારી
ઓ પણ જાએ ખરો. હું ખરે ખરજ કમઅકલ ને ક
મબખત કે મેં તેની છેલી મુલાકાત પણ સારી પઠે ને પે
ટ ભરીને લીધી નહી. અફસોસ હવે હું શું કરૂં?" એટ
લું બોલી તે પોતાનાં વાહાલાં બાલકને તેનાં પાલણા
માં નાખીને દેવાની બાહાવરીની પઠે તે પણ પોતાનાં
ઘરમાંથી બાહેર નીકલી. એ વેલાએ બીચારીને ચોટ
લીજ ઊમેદ હતી કે ગમે તે થાઓ પણ એકવાર પોતા
ના પેઆરા ભરતાર આગલ જઈ તેને મલું. અને મી
ઠાસ તથા હેલવતના બે સખુનો મારા ભરતાર સા
થે બોલું. એ ખીઆલમાં તે ઘાભરી ઘાભરી રસતાની
ચો તરફ પોતાના ભરતારને જોતી ચાલી; પણ હીઊમ
તો ઘણાવારનો પોતાની ટોલીને જઈ મલેઓ હતો.
મારગરેટ હવે એક્દમ જીવપર આવી. તેણીએ પોતા
નાં ઘરનું કે પોતાનાં નાહાનાં બાલકનું કશું ભાન રા
ખીઊં નહી પણ જોસભર શોધ કાહાડતી તેની પાછલ
દેડ ગઈ.

આણી તરફ હીઊમતો લડાઈમાં મશગુલ થએ
ઓ, ને તે વલી એવી રીતેતો મંડીઓ હતો કે તેની
આગલ સાંમે વાલા મુદલ ટકી શકતા નહી હતા; જાંહાં
હીઊમનો હાત ફરતો તાંહાં કતલ, ખુના મરકીને લોહી
ના રેલા ચાલતા હતા. અલબતાં તે એકલો, કાંઈ
લડતો નહી હતો તેની સાથ બીજાબી બાહદુર લડાએ
કો હતા. તેમની મદદથી એ ઘણો ખરો ફતેહ પામતો
હતો. એ સુનંદા લડાએક સરદારોમાં ફકત એકજ સર
દાર હીઊમ તરફ ઘણી મોહાબત રાખી તેને બંચાવી
લેવાને હંમેશાં આતુર અને દીલભર રેહેતો હોએ એ
વું માલુમ પડતું હતું. એ લડાએક સરદારના લશકરી
પોશાકમાંતો માતરે ચામડાનું એક મોહોટું બખતર
અને મોહોડું ઢંકાએ એવી એક લડાઈની ટોપી હતી.
લડતાં લડતાં સામની બોરડુ વાલાઓ તરફથી હીઊમ
ઊપર એવાતો ચાલુ હલાં થવા લાગાં કે તેની આગલ
હીઊમથી ટકી શકાએ એવું નહી હતું તેવી વખમે ઊ
પલા એક સરદાર સીવાએ હીઊમની બોરડુએ બીજો
કોઈ લડાએક સરદાર મલે નહી કે જે તેને જોઈતી મદદ
આપી શકે, તોપણ આ એક લાએક સરદારે પણ હી
ઊમને કાંઈ થોડી ઘણી અને જેવી તેવી મદદ નહી આ
પી. કેટલીએકવાર હીઊમ પોતાની ગફલતી અથવા
ઘબરાટથી એવોતો દુશમનોના સપાટામાં આવીજતો
કે જાંહાંથી મરણ સીવાએ તેનો બીજો છુટકોજ નહીં,
પણ તેમાંથી પણ એના મદદગાર શરદારે એને બે
ચારવાર બંચાવી લીધો હતો. તેમાં ખસુસ કરી એ
ક બનાવ એવોતો બનીઓનો કે ખચીત તે વખતે હી
ઊમ મરણ પાંમીઆ વના રેહેતે નહી. સામી બોરડુ
વાલો એક સરદાર હીઊમની છેક લગભગ પછવાડે
આવી લાગો ને પોતાનું ઝેરી ખંજર હીઊમને ભોક
વા જતો હતો તેવામાંજ આ બાહાદુર સરદારે તેને જ
મીન ઊપર પછાડી નાખી તેનો જીવ તેજ વખતે લીધો.

હીઊમ પોતાને આવી રીતે મદદ કરનારની ક
ઈ થોડી કદર બુજતો હતો એવું નહી હતું, તે વારે ઘ
ડીએ ભર લડાઈની વચમાં પણ તેને સાબાશી અને ઊ
પકારના શબદો કહી સંભલાવતો, અને એકે વારતો
તેણે ઘણું બજીદ થઈને તે પોતાના મદદગારનું ના
મ પુછીઊં કે અગર જો તે મારીઓ જાએતો વારૂ
તેની યાદ હીઊમનાં મનમાં રેહે, પણ એ બાહાદુર
સરદારે પોતાનુ નામ આપવાને સાંફ ના પાડીઊં,
લડાઈ બેધરક ચાલીને તેનું પરીણામ એજ નીપ
જીઊં કે અંતે હીઊમની તરફ વાલાઓની હાર
થઈ તેથી હીઊમને તથા તેના કેટલાએક દોસતો
ને ઘણા દીવશ શુધી આશપાસનાં જંગલોમાં ભરા
ઈ બેસવું પડીઊં હતુ. એ વખતે હીઊમને મદદ કરના
ર પેલો બાહાદુર શખસ તેની નજર આગલથી ગુમ
થાઈ ગએઓ હતો, જેનો શોધ કરવાને તથા પતો મેલ
વવાને ઘણી ઈનતેજારીથી હીઊમે કોશેસ કીધી પણ
તે સંઘલી નીશફલ ગઈ. તે શરદારનો ચોકશ પતો કો

ઈ લગાડી શકીશે નહી, તેમજ તે શરદાર કાંહાંથી અ
ને કેવારે આવી લાગો હતો ને કેવારે ને કાંહાં જતો
રહેઓ તેનીબી કશી નીશાની મલી નહી. માતરે એટ
લોજ ખુલાસો મલીઓકે જેવારે હારી ખાઈને હીશી
મે લડાઈથી હાત ઊઠાવીઆ તારે તે એકદમ જીવ લ
ઈ નાહાસી ગએઓ.

હવે લડાઈથી ફારેગ થએઆ પછી હીશીમનાં મ
નમાં પાછી પોતાનાં ઘરની વાત ઈઆદ આવી. તે છુટો
પડતી વખતે પોતાની વાહાલી ઓરત સાથે તોડછોડ ક
રી તથા મીનાકસો કરી આ લડાઈમાં સામેલ થાએઓ
હતો તે વીશે તે હવે બલાપો કરવા લાગો તથા જેમ બ
ને તેમ ઊતાવલ કરી તે પોતાની વાહાલી બાએડીને
જઈ મલવા માટે ઊમેદવાર અને ઈનતેજાર થએઓ. તે
પોતાના બીજા સાથીઓ સાથે જેવો શેહેરમાં પેઠો તેવોજ
તે તુરત પોતાના ઘર તરફ ચાલીઓ. ઘર તરફ જતાં તેનું
દીલ માથાથી તે પગ સુધી સંઘલુ ધ્રુજવા લાગું. તેણે
જતાંને વાર કેવી રીતે પોતાની ભલી અને નેક ઓરત
ને મલવું તથા તેણીની સાથે કેવા મીઠા શબુનોથી બોલ
વું તે સઘલું તેણે રસતામાં ચાલતાંજ પોતાનાં મનમાં ગો
ઠવાશે હતુ, તથા પોતાનાં શરીર ઊપર જે જખમો
લાગા હતા તે પોતાની બાએડીને બતલાવી તેણીનો
જો કાંઈ કરોધ અથવા ગુસ્રો હોએતો તે નરમ પાડવાની
તજવીજ રાખી હતી. તે ઘરમાં ગએઓ બારણું અલ
ગું હતુ તે ઊઘાડી માહે પેઠો તો તેને સામે લેવા આ
વનાર કોઈ મલે નહી, ઘરમાં કામ કરતી ઓર
તનો સાદ કે નહી રડનાં અથવા રમતાં બચાંનો અવા
જ. એવો મામલો જોઈ તે ઘબરાટમાં પડી પાસેના ઓ
રડામાં ગએઓ. જઈને જોએછે તો જે બાહાદુર શખસ
લડાઈનાં દરમેઆનમાં હમેશ પોતાની કુમકેને મદદ રેહે
તો તે શખસ એક ખુરસી ઊપર અઘેલીને પડેલો. તેનાં
આંગમાં પોશાક તથા બખતર અને લડાઈની જે તોપ
હતી તે સઘળું અનામત હતું. એ દેખાવ જોઈ તેને ઘ
ણી તાજુબી લાગી. કારણ હવે તેને માલુમ પડીઊં કે
બાહાદુરીથી તેની સાથે લડવામાં સામેલ રેહેનાર શખ
સ તો પોતાની પેઆરી બાએડી મારગરેટ હતી. પણ
અફસોસ, હાલ તે મરણ પામેલી હતી. તેનું ડોકું ખુરસી
ની ઊપર પડેલું, તેના બંધે હાત આસપાસ રોડવાતા,
તેના બખતરનો છાતી આગલનો ભાગ માતર ખુલો હ
તો, જે ભાગ ઊપર લડાઈમાં કોઈ દારી જખમ લાગા
થી તે ઘામાંથી બેહદ લોહી વેહેતું હતું, ને તેનું નાહા
નું બાલક પોતાની માના લોહી લુહાન થએલા થાન
માંથી દુખ ધાવવાને તેને ખોલે બેઠેલું હતું.

આ દેખાવ જોઈ હીશીમની છાતી ભરાઈ આ
વી. તેનાથી એકે શબદ બોલી શકાએઓ નહી. *થો
ડોકવાર સુધી તે ચુપ ઊભો રહેઓ. શું કરવું તે તેને
સુજે નહી. સેવટે ખબર કાહાડતાં એવું માલુમ પડી
ઊં કે હીશીમનાં લશકર સાથ જવા પછે મરનાર મા
રગરેટ પાસેના એક કસબામાં જઈ પોતાના એક ઓ
લખીતા પાસેથી બખતર તથા લડાઈની તોપ માંગી
લાવી હતી, તે એવું કહીને કે મારા પેઆરા ભરતાર
ની સાથે સામેલ થવાને એક જુવાન શખસ તઈઆર
રછે પણ તેની પાસે સામગરી નહી હોવાથી તેનાથી
જવાતું નથી, ને મારા વરની બાજુએ કોઈ વીશવાસુ
દોસત નથી. લડાઈનો સામન મેળવી પોતાનાં વા
હાલાં બાલકને પોતાની માએના સવાધીનમાં આપી
તે પોતાના ભરતારની પાછલ તેનો એક મદદગાર થ
ઈ લડાઈનાં મેદાનમાં જઈ લાગી.

એ નેક જાત ઓરતે લડાઈમાં કેટલી મ
રદાનગી બતલાવી ને કેવી રીતે પોતાના ભર
તારને મદદ કીધી તેનું વરણન ઊપર કરવામાં
આવીઊં છે. જે વેળા મારગરેટ લડાઈનાં મેદાનમાંથી
પાછી ફરી તેવીજ તે પોતાનાં ઘર તરફ આવી. ઘર
માં તેની મા હતી નહી, તે બીચારી આડોસી પડોસી
ને તાંહાં પોતાની દીકરી તથા જમાઈની પુછ પરછ ક
રવાને ગઈ હતી. એ વખતે મારગરેટનું બાલક માત
રે પાળણાંમાં રડતું પડેલું હતું. મારગરેટે જ
તાં વાર પોતાને લાગેલા જખમનો ઊપાએ કરવાને
બદલે એકદમ પાળણામાંથી પોતાનાં રડતાં બાલકને
ઊંચકી લઈને થાન ઊપર ધા લાગો હતો, ને જેમા
થી બેહદ લોહી વેહેતું હતું, તેજ થાન ઘબરાતમાં પો
તાનાં બાલકનાં મોહોડાંમાં આપી પોતે પાસે પડેલી એ
ક ખુરસી ઊપર બેઠી. પેલું બાલક બીચારૂં દુધ સા
થે ભેલાએલું લોહી ધાવતું હતું. આ રીતે બીચારી
મારગરેટ મરણ પામી. ખોદાની રેહેમથી તેનું બાલ
ક જીવતું રહેશે હતું.


વાંચનાર બાઈઓ આ રીતે મારગરેટ ના
મની એક જુવાન નેકજાત ઓરતની જીંદગીનો છેડો
આવીઓ. ખરેખર જેનાં ધન ભાએગ હોએ કે તેને

મારગરેટ જેવી નેકજાત પરી ખસલતની ઓરત મળે. અગરજો હીરીમ અને મારગરેટ જેવાં વર બાએડીનાં થોડાં ઘણાં જોડાંબી આપણામાંથી મળી આવેતો કેટલા સંતોશની વાત ! પતીવરતા અને ખરી લાએકી વાલી ઓરતો પોતાના ભરતારને માટે કેટલું કરી શકેછે, ને કેવાં દુખ સંકટો ખમેછે, તેનો એક જાણવા લાએક દાખલો મારગરેટે આપણી હજુર મુકીઓછે.


## દખણ અમેરીકા મધે ગોલામનું બજાર.

બેહેનો ! ગોલામોની હાલત કેવી દયા ઊપજવા જોગછે તે તમો જાણતા હશો. જે પરમાણે એક ચોર બીજાંના ઘરમાં જઈ ચોરી કરેછે તેજ પરમાણે કેટલા એક ગોલામ પકડનારાઓ આફરીકા ખંડમાં જંગલી સીધીઓને ચોરી લાવેછે અને તેઓને ગોલામ દાખલ વેચેછે.

ગોલામ પકડનારાઓ નાહના ગામડાઓમાં જઈને ગોલામ પકડવાના લાગની સઘળી તપાસ કરી આવેછે. પછી સાંજ પડેછે એટલે તેઓ જેરા ગામડાની દુર જઈ સંતાઈ જાયછે; અને મધ રાતે ધસારો કરેછે. ગોલામોના નાહના નાહના ઝુપડાઓમાં તેઓ આગ લગાડેછે. ખાંખુ અથવા કામડાના ઝુપડાઓ જલદીથી સળગી ઊઠેછે. આ વખતે બીચારાં નીરપરાધી સીધઓ પોતાની પેઆરી બાએડીઓ તથા વાહલા છોકરાઓની ગોદમાંથી એકદમ ગભરાઈ ઊઠેછે અને આગમાંથી બચવાને નાસ ભાગ કરેછે. તેવામાં પેલા નીરદય અને ઘાતકી ઈઊરોપીઅનો તેઓને જોરે જુળમથી તથા તરવારની ધાસતી આપીને બઈરી છોકરાંઓ સુધાં પકડેછે. આ ટેકાણે જે ચીત્ર આપે



આંછે તે ઊપરથી વાંચનારી બેહેનો તમોને ઘણી દયા ઊપજશે. જુઓ એક ઘાતકી ગોલામ પકડનારે તરવાર ઊચકીછે, બીજો જોર જુલમથી એક બાલકને તેની માતાના હાથમાંથી છીનવી લેયછે અને ત્રીજો બે સીધીના છોકરાઓને જોર જુલમથી ઘસડી લઈ જાયછે. બીજા ચીત્રમાં એક સીધણ પોતાના બાળકને લેઈને રડેછે.



તેઓને એ પરમાણે પકડીને વાંહાંણ ઊપર લઈ જાએછે. વાંહાંણમાં તેઓને બકરાંતો શું પણ માલની માફક સીચીને ભરેછે. તેઓના ઘાતકી દીલમાં એ નીરપરકારી સીધીઓ ઊપર મુદલ દયા ઊપજતી નથી. તે વાંહાંણને પછી અમેરીકા ખંડ મધે લઈ જાએ છે અને તાંહાં તેઓને વેચેછે. ગોલામના બજારનો હેવાલ એક મુસાફર નીચે મુજબ આપેછે.—

"હમો રાયો જેનરો શેહેરમાં ગયા તારે હમો પેહેલે ગોલામ બજારમાં ગયા. કેમકે ગોલામી ધંધો કેમ ચાલેછે તે જોવાની હમુને ઘણી ખાએસ હતી. આ જગા ઊપરની દુકાનમાં હમો હજારો ગોલામોને હારબંધ બેસાડેલા જોયા. તેઓના બદન ઊપર કાંઈ કપડું હતું નહી અને તેઓના માંથાં બોડેલાં હતા. ઘણુ કરી સંધલાઓ ઊપર ગરમ લોહોડાંનાં ડાંમ પાડેલા હતા. ગરીબ બચારી કુમલી ઓરતોને પણ આ દાહામ વગર રાખી ન હતી. વાંહાંણમાં લાવતી વખતે ધુલમાં લોટેઆથી તથા હલકો અને વલી ખરાબ ખોરાક આપેઆથી તેઓનાં ચેહેરા સુજી આવેલા તથા ફુલલાથી ભરેલા દેખાતા હતા. જેથી કરી તેઓ ઘણાજ બેશીકલ અને કોઈ માણસ જાતથી ઊતરતાંજ પરાંણી હોય એવા દેખાતા હતા. આ ગોલામોને વેચતી વખતે લાત મુકી મારીને અથવા મરચાં, આદુ કે તંબાકુ ખવાડીને જલદ કરતા હતા કે જેથી કરી ખરીદદાર આગલ તેઓ હુસીઆર માલુમ પડે. ખરીદદારના શાથે વેચનારાઓ પોતાની દુકાન ઊપર ઘણી સલુકાઈથી વાત કરેછે અને પોતાની દુકાનનાં ગોલામોની બડાઈ કરેછે. તારપછી એક ગોલામને હાથમા લાકડી આપેછે

ઝડપ બતાવા હુકમ કરેછે. જો કોઈ માણસ દુકાન ઊપર માત્ર તમાસોજ જોવા આવેઓછે એવુ તેઓને જણાયતો તેઓ તેને ઘણુ અપમાન આપેછે. સવારના તે ગોલાંમને શેહરમાં ફરતા મુકેછે કે તેઓ પોતાનું ગુજરાંણ કરે તથા શેઠોને એક ચોકસ રકમ કમાઈ આપે. જો આ પરમાણે તેઓ ન કરેતો તેઓને માર મારી શજા ઠરેછે."



ગોલામનું બજાર માંડીને વેચેછે એટલું નહી પણ લીલાઊ કરીને વેચેછે. જુઓ આ ઊપરનું ચીત્ર. ગોલામોનું લીલાઊં કરવા માટે કેટળાએક ગોલાઓને ઊંચા ઊભા કીધાછે. એ ગોલામ માથે હાથ દઈને રડેછે. ખરીદ કરનાર તેમની છાતી તથા બાજુ તપાસી જુએછે અને ગોલામની ઊમર, તથા અંગ શકતી પરમાણે ભાવ વધારેછે. ગોલામનો વેપાર કરનારાઓ જાણતા નથી કે માણસ અને જનાવર વચે કેટલો તફાવતછે.

---

## એક ઓરતનો અજાએબ જેવો હેવાલ— ભુત ડાકણનો વેહમ.

વાંચનારી બાઈઓ ! તમોએ બચપણમાં ભુત ડાકેણની તરેહવાર વાતો સાંભલી હશે. એ વાતોમાં કેટલીએક એવી વાતો સાંભલી હશે કે એક માણસની નજરે બીલાડી પડી, તે નાહની મોટી થવા લાગી અને જરાવારમાં વીજલીનો ચલકાટ થઈને ગેબ થઈ ગઈ. એક માણસની નજરે ગધેડો દખાયો. તે જરાવારમાં ઘોડો થઈ ગયો. એક સીને કાને ડાકેણનો સાદ વારેવાર સાંભળવામાં આવતો હતો. ઈતીઆદી વાતો વેહમી અને બુઢા લોકોને મોહડેથી ઘણીવાર સાંભલવામાં આવેછે.

એક ઈંગરેજી સ્ત્રીનો હેવાળ જે હમોએ એક ઈંગરેજી ચોપડી ઊપરથી ઊતારી લીધોછે તે વાંચેઆથી જોવામાં આવશે કે ઘણી વેળા આંખ કે કાનની ખામીથી અથવા જોવાની કે સાંભળવાની શકતીમાં કાંઈ બીગાડ થવાથી ખોટા અવાજો સાંભળવામાં અને ખોટા દખાવો જોવામાં આવેછે. ભોલા અને અગનાન લોકો એવા દેખાવ અને અવાજથી એમજ સમજે કે કાંઈ મેળુંછે—ભુત ઈઆ ડાકણછે—નજરબંધી અથવા તંતર મંતરછે. તે સ્ત્રી વીશે લખેછે કે:—એક વખત તે પોતાના ઓરડામાં બેઠી હતી એટલામાં એકાએક એને એવું લાગીઊં કે માહારો ભરતાર દરવાજા આગલ બુંમ પાડેછે. તેવીજ તે વેહલી વેહલી દરવાજા આગલ જઈને જોએછે તો કોઈ મલે નહી. પાછી આવીને પોતાની જગીઆએ બેઠી એટલે વળી જાંણે પોતાનો ધણી બીજા ઓરડામાંથી બુંમ પાડતો હોય એમ તેણીને લાગીઊં. તે બચારી બીજા ઓરડામાં જઈને જુવેછે તો કોઈ મળે નહી. તે વળી પાછી અજાએબ થઈને બેઠી ને મંનમાં વીચાર કરેછે કે આ જે માહારો વાહાલો ભરતાર મારી મસકરી કરેછે કે કેમછે ? કોણજાંણે કાંહાં ઊભો રહીને બુમ પાડેછે તે કઈ નજર આવતો નથી.

થોડીકવારે જારે તેનો વર બાહારથી ઘેર આવેઓ તારે પેલી તેને પુછવા લાગી કે તમે મને આટલી બધી બુમો શું કરવા પાડતા હતા અને તમે કાંહાં ઊભા રહીઆ હતા ? જારે તેણે કહીઊ કે હું તો ઘણે લાંબેથી હમણાજ આવુંછું અને તમે જે બોલોછો તે હું કઈ જાંણતો નથી; તારે પેલી ઘણી અચરતી તથા વીચારમાં પડી.

એક વખતે એવું બનીઊં કે તે સ્ત્રી પોતાના બેસવાના ઓરડમાં બેઠી હતી. તે વેલા સામે પોતાના ધણીને ઊભો રહેલો દીઠો. તે તરતજ બાહાર ગયો હતો તેથી તે અજાએબ થાઈને પુછવા લાગી કે આજે આટલા જલદીથી પાછા કેમ ફરેઆ ? પેલી તસવીરતો પેલીની તરફ ટક ટક જોયા કરે પણ મોહોડેથી બોલે નહી. તે બીચારી સ્ત્રીએ એમ જાણીઊંજે એ કાંઈ વીચારમાં ગુમ થઈ ગયોછે. તે પોતે પોતાના ભરતારથી આસરે બે હાથ દુર એક ખુરસી ઊપર બેઠી. હજી સુધી પેલો તે

ણીની તરફ તાકીને જોયા કરે તેથી પેલી તેને પુછેછે "તમે કેમ બોલતા નથી ? જીભ ઘરેણે મુકી આવેઆછો કે શુ" પણ બેઠો હોયનો બોલે કે? પછી પેલો પુરૂશ તેની પાસેથી આસતે રહીને બારી તરફ ગયો અને કઈ મલે નહી. તે સ્રીની પછી ખાતરી થઈ. કે કાંઈ ખોટો દેખાવ મારી નજરે પડેઓ, પણ તેના મંનમાં ભુત પલીત વીશે કઈ વીચાર આવેઓ નહી; કારણકે તે સ્રી કેલવણી પામેલી હતી તેથી તેની સારીપઠે ખાતરી હતી કે ભુત જેવી વસતુ કઈ દુનીઆમાં છેજ નહી.

આ ઊપર લખેલા બનાવો વખત તે સ્રી એકલી હતી પણ બીજી વખત જારે તેણીની નજરે ખોટો દેખાવ પડેઓ તારે તેનો વાહાલો ભરતાર તેની પાસે હતો. એક દીવસ રાતના દસ કલાકે તે અને તેનો ભરતાર બને જણા દીવાન ખાનામાં બેઠાં હતાં. ભરતાર એક લોહોડાની સીખ લઈને ચુલામાંનો વસતેવ ઊસ કેરવા ગયો એટલે તેની સ્રી બોલી "જોજો હો! તમારી પછાડી બીલાડી બેઠેલીછે ,તેનો ભરતાર આશપાસ જોઈને પુછેછે "કાંહાંછે, બીલાડી કાંહાંછે" ? તેણીએ જવાબ દીધોકે તમારી પાસેજ બેઠીછે, કોલસાની ટોપલીની પછવાડી. પછી પેલા મરદે તે સીખ તે બાજુ તરફ ખોસી તારે તેને પેલી કેહેવા લાગી ખબરદાર તમે તેને વગાડસો. પેલો અજાએબ થએછેકે બીલાડીનો નજર પડતી નથી ને આ શુ બોલેછે !!

વળી પેલીને કેહવા લાગીઓ કે મેહરબાની કરીને મને બીળાડી કાંહાંછે તે દેખાડો. તે બોલી "તમારા પગ આગળ બેઠીછે ને ચેહેરાં શું કાહડોછો. આ તે માહારી તરફ જોએછે. આવ મીની મીની આવ " પેલો મરદ તો ઘણોજ અજાએબ થવા લાગીઓ. પછી પેલીની ખાતરી કરવા લાગો કે તેને ખોટી ભરાંતછે. તેણે કહીઊં કે તમે બીળાડીને પકડીને માહારી આગલ લાવો. તારે તે બીલાડીની પછાડી દોડી પણ થોડેક ગઈ ને કેહેવા લાગી કે તેતો ખુરસી તલે ભરાઈ ગઈ. તેણીના ભરતારે તેને સમજાવીઊં કે તમને ખોટો વેહેમછે પણ તે માંને નહી. પછી તેને ખુરસી ઊંચકીને તેણીને દેખાએઊં કે તાંહાં કાંઈ નથી. આખો ઓરડો ખોળ કીધો પણ કઈ નજરે આવીઊં નહી. પેલા મરદે કહીઊં કે જો ઓરડામાં બીલાડી આવી હોયતો આપણો મોતીઓ કુતરો નીરાંતે સુઈ રેહે નહી: તોપણ પેલીનો વેહેમ જાએ નહી. પછી તેને પોતાના ચાકરને બોલાવીને ફરમાવીઊં કે આપણી બીલાડીને લાવ, તારે તે રાંધણીમાંથી લઈ આવીયો. પછી પેલો સમજીકે મારી નજરે ખોટો દેખાવ પડેઓ.

એક મહીના પછી વળી તે બીચારી સ્રીને તે વીજ ભરાંત ઊતપન થઈ. એક દીવસે ગાડીમાં ફરી આવેઆથી થાકીને રાતનાં અગીઆર વાગતે તે પોતાના ઢોલીઆ પર સુવાને ગઈ. તે વખત તે જરા હુંગમાં ગેહેરાએલી હતી.તોપણ તે જાગરૂત હતી. તે આરસા સાંમે ઊભી રહીને પોતાના બાળ સમારેછે એટલામાં તેણીએ આરસામાં જોયું કે કોઈ પર બાંમનુ સગુ આવીને માહારી પાછલ ઊભુછે. તેની અને પોતાની નજર આરસામાં એક થઈ. પછી પેલી ફરીને જોએછેનો કોઈ મલે નહી. પછી ફરીને આરસીમાં જોએછેનો તાંહાં પણ કોઈ દીઠું નહી.

એક વખત તે સ્રી અને તેનો વાહાલો ભરતાર બપોરના પોતાના ઓરડામાં બારી પાસે બેઠાં હતાં એટલામાં પેલી એકદમ બોલી ઊઠીકે "અરે મેં સુ જોયુ"? પેલો મરદ તેની તરફ જુએછેનો તેની આંખ અને ચેરાનો રંગ ફરી ગયોછે. પેલી બોલીકે મેં આપણા દરવાજા તરફ ચાર ઘોડાની ગાડીમાં બેસીને કેટલીએક સ્રીઓને આવતાં જોઈને મારા મનમાં આવીઊં જે હું ઊપર જઈને તેમને સારૂ કંઈ તઈઆરી કરૂ. પણ કોણ જાણેકે શુ થયું? માહારાથી નહી ઊઠાયું કે નહી બોલાયું. પેલી ગાડીતો આવી પોંચી અને જારે બારીની લગભગ આવી તારે ઘોડાઓના તથા ગાડીની અંદર બેઠેલા માંણસોના વીચીત્ર આકારો થવા લાગેઆ. જે એકદમ જાણે કઈજ નથી એવી રીતે નજરથી દુર થઈ ગયું.

એક દીવસે તે સ્રી પોતાના પીઆરા કુતરાને ખોલામાં લઈને બેઠી હતી તો તેજ વખતે તેજ કુતરાને તેણીએ એક મીનીટ વેર ઓરડામાં ફરતાં દીઠો.

એક વખત તે સ્રી પોતાના ભરતાર પાસે બેસીને વાંચતી હતી. તેવામાં તેણીના ભરતારના પગ ઊપર કંઈ ભાર લાગેઓ તે ઊંચુ જોએછેનો પોતાની વાહાલી સ્રી આસરે ૧૦—૧૨ કદમ દુર એક ખુરસી પડીછે તેની ઊપર તાકીને નજર કરેછે. તેણીને પુછીઊં કે તમો શું જુઓછો. પેલીએ જવા દીધોજે હું મારા ભાઈને સાંમેની ખુરસી ઊપર બેઠેલો જોઊછુ. બ

રતારે ઘણી મુસકેલીથી સમજાવીશ કે તમને ખોટો વેહેમછે.

આ ઊપરના દાખલા વાંચીને બેહનો ભુત બ માડાનો વેહેમ કાહાડી નાખવો અને જારે કંઈ એવો બનાવ તમારા જોવામાં આવે તારે તેનું કારણ એટલુંજ સમજવું કે તમારી જોવાની તથા સાંભલવાની શક તીમાં કાંઈબી બીગાડ થયોછે.

—○○○—

## ચીનનો હાલનો સેહનશાહ—હીનફે.

બાઈઓ ! તમને ખબર હશે કે થોડા મહીના ઊપર જારે ઈંગરેજી તથા ફરેંચ લશકરે ચીનાઓ ઊપર ફતેહ મેલવી અને ચીનના મુખીઅ શેહેરમાં દાખળ થયા તારે ચીનનો સેહનશાહ હીનફે તાતાર તરફ જીવ લઈને નાઠો. એ લડાઈ હાલ સમાધાની ઊપર લાવવા માટે કોલ કરાર થવા માંડેઆછે. આ પર સંગે ચીનના શેહનશાહનો થોડોએક હેવાલ આપશું તો તે જાણવા જોગ ગણાશે.

એ સેહનશાહ ઈસવી સન૧૮૫૦માં ચીનની ગાદી ઊપર આવેઓ. તે વાતને આજ દસ વરસ થયાં છે. દસ વરસ ઊપર ટવાકાંગ કરીને સેહનશાહ રાજ કરતો હતો. એ સેહનશાહે આસરે ત્રીસ વરશ લગી રાજ કીધું હતું અને તેનીજ સાથે ઈંગરેજને ચીનની મોટી લડાઈ અફીણ વીશે ચલાવવી પડી હતી અને તે લડાઈમાં હાંગકાંગનું નામીચું બંદર ઈંગરેજ સરકારને વેપાર માટે મલીઊં હતું.

હાલનો સેહનશાહ ઈસવી સન ૧૮૩૧ માં જ નમેઓ હતો. તેની ઊમર હાલ ત્રીસ વરસનીછે. તેનો દેખાવ કદાવર માલુમ પડેછે તેને અંગની કસરત કરવાનો ઘણો આસેરમ પડેલોછે. તેના મોંહનો રંગ ઘણા ખરા ચીનાઓના કરતાં જરા સામરોછે; તો પણ તે સુધ તાતારની ઓલાદનોછે.

ચીન દેશ મધે એવો ધારોછે કે સેહનશાહ પોતાની મરજીમાં આવે તેને પોતાની ગાદીનો વારેશ ઠેરવે અને તેના નામની ચીઠી તઈઆર કરીને સોનાની ડાબલીમાં રાખી મુકે. તે મરણ પામે તાંહાંસુધી કોઈ એ ડાબલીને ઊઘાડી સકે નહી તથા ગાદીનો વારેસ કોણને ઠેરવેઓછે તે કોઈના જાણવામાં આવે નહીં. પણ ટવાકાંગે અસલની રીત પડતી મુકી અને પોતાની હઈઆતીમાં સઘળાઓ જાણે તેમ હાલના સેહનશાહ "હીનફે" ને ગાદીનો વારેસ ઠેરવેઓ.

જેવો તે ગાદી ઊપર આવેઓ તેવોજ તેને ચીનના બે પરધાનો જેઓ પરધાનપણુ ચલાવવાને નાલાએક હતા તેઓના નામ પીકીંન ગેજટ નામનાં છાપામાં છાપીને તેમને એ ઓધા ઊપરથી બરતરફ કીધા. પણ તારપછી તરતજ ચીન દેશમાં મોટો બળવો થયો. પણ સેહનશાહે પોતાના બાહદુર સરદારોને મોટી ઊલટ આપી અને જે સરદારોએ લડાઈમાં હીચકારાપણુ દેખાડીઊં તેઓના નામ છાપીને તેમને શીકશા કીધી.

એ ઊપરથી કેટલાએક સરદાર તેની ઊપર ઘણા નારાજી થયા અને એક વખત જારે તે પોતાના બાગમાં ફરતો હતો તારે તેને જીવથી મારી નાખવાનો દાવ પેચ રમવામાં આવેઓ હતો. પણ તારે એક વીશવાસુ અમલદારે તે ચંડાળ જેવો સેહનશાહના અંગ ઊપર ધસારો કરવા ગયો તેવોજ તેને પકડીને તરત મોટી શીકસાએ પોહોચાડેઓ. સેહનશાને એ દાવ પેચને માટે ૧૮ માંદરીન ઊપર શક ગયો અને તેઓ સઘળાને ઠાર મારી નાખેઆ. તેઓને નહી પણ તેઓનાં બઈરી છોકરાઓનાબી તેવાજ હાલ કીધા.

એ સેહનશાહે ચીનાઓની હાલત મુજબ સારી કેળવણી લીધીછે. તે પોતાનો ઘણો ખરો ફુરસદનો વખત વાંચવામાં તથા વીદીઆભીઆસ કરવામાં કાહડેછે. ચીનાઓની કેટલીએક રીત ભાત જે અસલથી ચાલતી આવીછે તે એ સેહનશાહને પસંદ નથી એવું કેટલીએક વાતો ઊપરથી માલુમ પડીઊંછે. ચીનાઓ પોતાની છોકરીઓના પગ બચપણથીજ નાહના અને સાંકડા રાખવામાં મોટાઈ ગણેછે. અને ઓરતની ખુબસુરતી સાંકડા અને નાજુક પગમાં ગણેછે. પણ આ સેહનશાહે એ રેવાજને તરક કીધોછે. તેણે એક મોગલ સરદારની છોકરી સાથે પોતાના લગન કીધાંછે અને એ તેણીના પગ ચીનીઓના પગ જેવા નાહાનાં અને સાંકડા નથી.

એ સેહનશાહને પોતાની સ્ત્રી ઊપર ઘણો પેઆરછે. તે સ્ત્રીબી તેના પેઆરને લાએકની કેહવાયછે. તે પોતાના ભરતારને રાજદુવાર બાબતોમાં સલાહ આપેછે. પોતાના ભરતાર સાથે કચેરીમાં બીરાજેછે





ચીનનો શેહનશાહ.

અને તેણીના વીચાર અને ઠરાવને ચીના સરદારો અને અમલદારો મોટું માન આપેછે.

તે સેહનશાહનું ચીત્ર આ બીનાની સાથે આપવામાં આવીઉંછે. તેની જમણી બાજુએ પીકીંનના પશ્ચમ દરવાજાનો દેખાવ પાડેઓછે અને ડાબી બાજુએ નાનકીનનો પુળ દેખાડવામાં આવેઓછે.

## ઈઉનાન દેશ—તેની અસલ મોટાઈ.




બેહનો! તમને ખબર હશેકે અસલના વખતમાં ઈરાંણ, મીસર, રોમ અને ઈઉનાન દેશ ઘણા મોટા જોરાવર, અને નામીચાં રાજો ગણાતાં હતાં. એ દરએક રાજે પોત પોતાના ચહડતા વખતમાં દુનીઆના સઘળા રાજોને ધ્રુજાવી મુકેઆં હતાં. ઈઉનાન દેશના બે નામીચા શેહરોએ તવારીખમાં મોટું નાંમ મેલવીઉંછે. સપારટા અને આથન.


સપારટાની મોટાઈ મેસીનીઆ દેશની ફતેહ થઆ પછી વધવા લાગી. એ મોટાઈ વધારવાનું માન લાઈકરગસ જે ઈસવી સનની અગાઉ આસરે.નવસો વરસ ઉપર એટલે ૨૭૫૦ વરસની વાત ઉપર થઈ ગયોછે તેને ઘટેછે. એ શખસ ઈઉનાન દેશનો નામીચો કાયદા બાંધનાર ગણાઓછે. હીંદુઓમાં જેમ અસલ કાયદા બાંધનાર "મનુ" નાંમનો પુરૂશ થાઈ ગયો છે. તેમ ઈઉનાન લોકોનો લાઈકરગસ હતો. લાઈકરગસ પછી આસરે ત્રણસો વરસ રહીને સોલન નામનો નામીચો શખસ થયો અને તેણે નવા કાયદાઓ બાંધીને આથન શેહરની મોટાઈ વધારી.

સોલનના વખતથી ઈઉનાન દેશ વીદઆ હોનરમાં તથા સુધરાઈમાં આગલ પડવા લાગીઉં. આથનમાં મોટી વીદીઆલય અને મદરેસાઓ ઉઘડી, તરેહ તરેહના હુનર પછવાડે લોકોનું મન દોડવા લાગીઉં. વેપાર ધુમધોકાર વધવા લાગો અને જુદા જુદા દેશોની તરેહવાર પેદાસ એ દેશમાં આવવા લાગી.

તારપછી એ દેશની ઈરાંણ સાથે લડાઈઓ ચાલી તારથી તે માસીદોન દેશનો ફીલીપ રાજા મરણ પાંમેઓ તાંહાંસુધી ઈઉનાન દેશ પોતાની ચહડતી દશાએ પોહચીઉં હતું. ઈરાંણીઓ સાથે ૨૩૫૦ વરશની વાત ઉપર મારેથાનની નામીચી લડાઈ થઈ તેમાં ઈરાંણીઓને શીકસત આપીને ઈઉનાન લોકોએ ફતેહ મેલવી હતી. તારપછી દસ વરસે વલી સાલામીસ અને પલેટીની મોટી લડાઈઓમાંબી ઈરાંણીઓને હરાવેઆ હતા.

તારપછી આથન વધારે ચહડતી દશાએ પોહચીઉં, થેમીસટો—કલીસ, તથા આરીસ—ટાઈડીસ, નામના નામીચા દરબારીઓ આથનની મોટાઈ વધારવાની તજવીજ કરવા લાગા. એ દરબારીઓ કલા કઉશલમાં પોહચેલા હતા. થેમીસટો—કલીસે એક બાજુએ દરીઆઈ જોર વધારી આપીઉં. પેરીકલસ નામના દરબારીએ દેશની વસુલાત વધારી આપી. વીદીઆ હુનર એકદમ વધી પડેઓ. કોતરકાંમ બાંધકાંમ અને નકસીકાંમ એટલું તો સુધરીઉંકે તેની બરોબરી કોઈ બીજા દેશ વાલા કરી શકતા નહી હતા. તેઓએ પુતલાંઓ અને બાહવલાંઓ મુખીઆ જગાઓ ઉપર ઉભાં કીધાં હતાં.તેના થોડાએક નમુના અતરે આપેઆંછે.









સીકંદર બાદશાહ જે આસરે ૨૨૦૦ વરશની વાત ઊપર થઈ ગયો તેના મરણ પછી ઈઊનાન દેશની પડતી થવા લાગી. ઈઊનાની લોકો અગાઊ જે મેહનતુ અને ઊદીઓગી હતા તે આલશુ થવા લાગા. તેઓ પોતાની મોટાઈના તોરમાં આવી વીદઆ હોનર તથા દેશની સુધરાઈ ઊપર થોડું ધેઆંન પોંહચાડવા લાગા. લશકરી કવાએદને બદલે દારૂ અને એશક બાજીની કવાએદ લેવા લાગા. મોજ શોક અને એસ આરામમાં પડેઆ. તેનુ ફલ એ નીપજીઊં કે દોહડશો ઈઆ બશો વરસની મુદતમાં તેઓનું અસલ લોહી જતું રહેઊં. રૂમી લોકોએ સીકંદર થઆ પછી બશે વરસે ઈઊનાન ઊપર ફતે મેલવી. બીજાઓબી તારપછી ફતેહ મેલવવા લાગા. આખેર તુરકી લોકોએ ઈસટમબોલ ઊપર ફતેહ મેલવીને ઈઊનાન દેશનો બાકી રહેલો ભાગ પોતાના કબજામાં કરી લીધો. આ બીનાને મથાલે જે ચીત્ર આપીઊંછે તેમાં ઈઊનાન તથા તુરકી બેહુ સામે સામી મરાયછે અને ઈઊનાની નીચે પડેઆછે.

ઈઊનાની લોકો હાલ તુરકી મુસલમાનને તાબે ગોલામ દાખલ થઈને રહાછે. તુરકી લોકોને તેઓની ઊપર ઈસવી સન ૧૪૫૮ માં ફતેહ મેલવી. સપારટા એક વખત દુનીઆમાં સઊથી મોટું અને નામીચું શેહેર ગણાતુ હતું તે હાલ થોડાએક ભડવાડનું રેથાણ થઈ પડીઊછે. મોટી મોટી ઈમારતોને બદલે થોડાએક ઝુપડા બની રહેલાછે. ઈઊનાની લોકો પાછુ પોતાનું સવતંતરપણ મેલવે એવી હવે આશા મુદલ રહી નથી.

## આફ્રીકા મધે એક સ્ત્રીએ દુખી મુસાફરની કરેલી બરદાસત.

મંગોપારક નામના એક હીમંતવાન ઈંગરેજે આફરીકાખંડ મધે મુસાફરી કીધીછે તે વીસે વાંચનારી બાઈઓએ આ ચોપાનીઆમાં વાંચીઊં તે ઈઆદ હશે. એ મુસાફર એક વખત આફરીકાના એક ગામડામાં ગએઓ તાંહાં કેટલુંએક દુખ અને સંકટ ભોગવતો બેઠો હતો તે વખતે તેને તાંહાંની એક ઓરતે પોતાની જુપડીમાં લઈ જઈ બરદાસ કીધી તેનો હેવાળ તે નીચે પરમાણે લખેછે.

"મુસાફરી કરતો હું બાંબારાના મુખીઆ શેહેર સીગો પાસે જઈ પુગો. એ શેહેરની જર નદી ઊપર આવેલુંછે. હું શેહેરને સાંમે કીનારો હતો તેથી કરીને હોડીમાં બેસી જાંહાં રાજાની રેહેવાની જગાછે તાંહાં જવાની મારી મરજી થઈ. પણ રાજાને તાંહાં જવાને ઘણાક લોકો આતુર હતા તેથી કરીને મને બે કલાક સુધી હોડી મલી શકી નહીં. એટલા વખતમાં જે લોકો મારી પાસેથી નદીને બીજે કીનારે ગએઆ તેઓએ રાજાને ખબર આપી કે ગોરો માણસ નદીને બીજે કીનારે હોડી સારૂ ખોટી રહેઓછે અને તમારી મુલાકાતે આવેછે. આ વાત રાજાને કાને પડવાથી તેણે તરત પોતાનો એક વીસંવાસુ માણસ મારી પાસે મોકલેઓ અને જણાવીઊં કે 'તમે શી મતલબે આ દેશમાં આવેઆછો તે જાંહાં સુધી તમે જાહેર ન કરો તાંહાં સુધી રાજા તમારી મુલાકાત લેનાર નથી અને તેટલા માટે તમારે નદીને પેલે કીનારે જવું જોઈએ નહીં.' રાજાના માણસે મને એવી સલાહ આપીકે 'ફલાણા દુરનાં ગામડાંમાં તમે રાતના જઈને રહો અને તમારે શું કરવું જોઈએ તે વીશે હું તમને સવારના ખબર આપીશ.' આથી કરીને હું ઘણોજ ના હીમત થઈ ગએઓ. પણ કાંઈ ઊપાએ નહીં તેથી લાચાર થઈને તે ગામડાં તરફ વળેઓ. તાંહાં ગએઓ તારે મને કોઈએબી પોતાના ઘેરમાં રેહેવાની જગા આપી નહીં એથી કરીને મને વધારે દુખ ઊપજીઊં. તેઓને પરદેશના લોકો વીશે કાંઈ વેહેમ હશે તેથી કરીને તેઓ મારે વીશે અજબ થઈને બીહીના હતા. એ સબબને લીધે મારે એક ઝાડના છાં

યા નીચે આખો દાહાડો સુધી જરાખી ખોરાક વગર
બેસી રેહેવું પડીઊં હતું.

"રાતતો ઘણીજ દુખ ઊપજાવનારી નજરે પ
ડી, કારણ કે પવન ઘણોજ જોરથી ફુકવા લાગો અ
ને ભારે વરસાત પડવાની નીસાણીઓ દીસવા લાગી.
વળી એ ગામડાંની આસપાસ જંગળી જનાવરો એ
ટલાં બધાં હતાં કે ઝાડ ઊપર બેસીનેજ મારો બચા
વ કરવા શીવાય મને બીજું કાંઈ સુજતું ન
હતું. પણ હું એવીજ રીતે નીરાશ બેઠો હતો
અને મારા ઘોડાને ચરવા સારૂ છુટો છોડી દીધો હતો
એટલામાં સુરજ આથમતી વખતે એક ઓરત પોતા
ના ખેતરમાંથી મેહેનત કરીને પોતાને ઘેર જતી હતી
તેમને જોવા સારૂ ઊભી રહી. મને થાકેલો અને નીરા
શ જોઈને તેણીએ મને તેનો સબબ પુછેઓ. મેં તેણી
ને મારો થોડો ઘણો હેવાલ કહઓ. તે પછી તેણીએ
મારૂં જીન અને લગામ ઊચકી ચાલવા માંડીઊ તથા
મને પોતાની પાછલ જવાનું ફરમાવીઊં. તે મને પો
તાની ઝુંપડીમાં લેઈ ગઈ, દીવો સલગાવેઓ અને જ
મીન ઊપર સાદરી પાંથરી મને કહીઊં કે આખીરા
ત અહીંઆંજ રેહેજો. મને ભુખ લાગી હતી એમ તે
ણીને ખબર હતી તેથી મારે માટે કાંઈ ખાવાનું આ
પવાને તે બાહાર ગઈ. થોડો વખત પછી તે એક સા
રી માછલી લાવી અને તેને ઈંગાર ઊપર અરધી
ભુંજીને મને ખાવાને આપી. એવી રીતે તેણીએ મા
રી બરદાસ લીધા પછી મને પેલી સાદરી ઊપર કાંઈ
બી ધાસતી વગર સુઈ રેહેવા ફરમાવીઊં. તારપછી
તેણીએ પોતાનાં ઘરની બીજી ઓરતો જે સંઘલો વ
ખત મારી તરફ જોઈને અજબ થતી હતી તેઓને
પોતાની પાસે બોલાવી રૂ કાંતવા માંડીઊં. એ કામ તે
ઓ રાતના ઘણોએક વખત સુધી કરેઆ કરતી હતી.

"તેઓ પોતાની મેહેનત ઓછી કરવાની મત
લબે ગીતો ગાતી હતી એમાંનું એક ગીતતો તેજ વખ
ત જોડીઊં હતું અને તે મારે વીશે હતું. એ ગીત એ
ક ઓરત ગાતી હતી અને તેની સાથે બીજી ઓરતો
સામેલ થતી હતી. ગીતનો રાગ ઘણોજ મજેનો અને
દીલ ઊપર અસર કરે એવો હતો અને ગીતનો અ
રથ નીચે પરમાણે થતો હતો. પવન ફુકેઓ અને વ
રસાત પડી. પેલો ગરીબ ગોરો માણસ થાકેલો અને
બેસુધ જેવો પડેલો હતો તે હમારા ઝાડની નીચે આ
વીને બેઠો. તેની મા નથી કે તેને દુધ આણી આપે
અને તેની બાએડી નથી કે તેને લોટ દલી આપે. માટે
આપણે એ ગોરા માણસ ઊપર દયા લાવવી જોઈએ,
આ વાત વાંચનારાઓ કદાચ નજીવી ગણે પણ મને
તો ઘણીજ લાગેછે. આવી ન ધારેલી મેહરબાનીથી
મારા મન ઊપર એટલીતો અસર થઈ કે મને આખી
રાત સુધી ઊંઘ આવી નહીં. સહવારના મેં પેલી ઓ
રતને મારા બનીઆંનમાના ચાર બટનમાંથી બે બટન
ભેટ તરીકે આપેઆં. એના કરતાં બીજી વધારે તેણીને
પસંદ પડતી જણસ મારી પાસે આપવાને હતી નહી."

બેહનો આ વાત ઊપરથી તમને માલુમ પડશે
કે આફરીકાના જંગલી સીધીઓ જેઓ અગનાન
અને કંગાલ હાલતમાંછે તેઓના દીલમાં કેટલી દયા
છે અને તે જંગલીઓ બી પોતાના પરોણાઓની કેવી
સારી બરદાસ કરેછે. જંગલીઓ આવી રીતે દયા રા
ખેછે અને પોતાના પરોણાઓની સારી બરદાશત
લેછે તારે આપણે આપણા પરોણાઓ અને સગા વા
લાઓની કેટલી બરદાસ લેવી જોઈએછે વારૂ?

## ઈટાલી દેશની એક સ્ત્રી—તેની હીમત, દાનાઈ તથા પરોપકાર બુધી.

બેહનો! ઈઊરોપ તરફ ઈટાલી દેશમાં હાલ જે
લડાઈ ચાલેછે તે વાત તમે જાણતા હશો. એ દેશને લગ
તું વેનીસ નામનું પરગણુ આસટરીઆ દેશના શહેન
શાહને તાબેછે. એ શેહનશાહના જુલમથી વેનીસની
સઘળી રઈઅત હાલ અતીશે કંટાલી ગઈછે. અને એ
શહનશાહના તાબામાંથી છુટીને સારડીનીઆના પાદ
શાહના તાબામાં જવા ઈછેછે. એ બાબે ફકત તાંહાંના
મરદો મેહનત કરેછે એટલુંજ નહી પણ ઓરતોબી
મેહનત કરેછે. "કંટેસા મરાયા માંતમેરલી" નામની
ઓરતે વેનીસની બીજી ઓરતો ઊપર અને આસટ
રીઆના શેહનશાહની ઊપર એ વીશે જે પતરો વ
યા નવેમબર મહીનામાં લખેઆંછે તે પતરો હમોએ
નીચે પરગટ કીધાંછે. તે પતરો વાંચવા જોગછે અને
તે લખનાર બાઈની હીંમત, દાનાઈ તથા પરોપકાર બુ
ધી એ પતરો ઊપરથી માલુમ પડી આવેછે

### ઈટાલીની ઓરતો ઊપર લખેલો પતર.

"ઈટાલીની મારી પેઆરી સવદેશી ઓરતો,

"તમે સઘલીઓમાં હું કદાચ ગરીબછું પણ ઈનસાફ અને મનુશીઅ જાતના ભલાને માટે આસટરીઆના શેહેનશાહને મેં એક પત્ર લખવાની હીમત ચલાવીછે. વલી મારા પોતાના દીલના જોસાઓ ઊપરથી તમારા દીલના જોસાઓ વીશે વીચાર બાંધીને મેં તે સેહેનશાહને એવું જણાવીઊંછેકે હમે ઈટાલીની ઓરતો તમારૂ વેનીસનું પરગણું જે કીમત તમે માગશો તે કીમત આપીને વેચાતું લેવા ઈછીએછે.

"મારી ખાતરીછે કે એ બાબત ઈટાલીના સઘલા લોકોનો એકજ વીચારછે. તમારામાંની એકબી બેહેન મને ખોટી પાડનાર નથી. અને જારે વખત આવશે તારે તમે સઘલીઓ પોતાની શકતી પરમાણે નાહાની મોટી રકમો આપશો. આસટરીઆના જુલમ અને તલવારથી ઘણીએક વેલા લોહી લોહાણ ભરેલી લડાઈઓ થઈને ઈટાલીના હજારો માણસ મારેઆ ગયાછે તેવા જુલમી અને નીરદય રાજમાં આપણા કેટલાએક જાતભાઈઓ અને તેઓના નાજુક બાલકો દુખ ભોગવેછે તેઓને છોડવા માતબર ઓરત પોતાનું થોડું ઘણું જંરીઆન તથા ગરીબ ઓરત પોતાનો એકજ રૂપીઓ આપવાને તઈઆર થશે એવી મારી ખાતરીછે.

"જાંહાં મનને વાલવાની ઘણીજ મોટી જરૂરછે તાંહાં કોઈબી ઓરત એમ ન કેહેશે કે હું ગરીબછું. આપણે જે કાંઈ રકંમ એકઠી કરશું તે પુરતી ન હશે તો આપણે ફરાંસ અને ઈંગલંડ મધેની આપણી બેહેનોની મદદ માગીશું. અને વેનીસના લોકો અને તેઓના પેઆરાં બાલકોને પોતાના છુટાપણાને માટે ઓરતોનોજ ઊપકાર કબુલ કરાવીશું.

"આપણા મરદોના કરતાં આપણે હટવું જોઈતું નથી. આપણા બાપીકા દેશને માટે આપણી અને આપણા ભરતારોની ફરજ એક સરખીછે. અગર બરીટનની ઓરતોએ પઈસા એકઠા કરીને પોતાના એક શરદારને છોડવેઓ તો આપણે પઈસા એકઠા કરીને આપણું એક પરગણું છોડવશું અને વલી તે પરગણું એવું કે જે તવારીખ મધે મોટાં રાજોના જેટલુંજ વખણાએલુંછે.

**કંટેસા મરાયા માંતમેરલી."**

પાઈમા, તા૦ ૧૧ મી નવેમબર ૧૮૬૦

### આસટરીઆના સેહેનશાહ ઊપર લખેલો પતર.

"નામદાર સેહેનશાહ,

"હાલના સમેમાં ઈટાલી મધે જે મોટા બનાવો બનતા જાએછે તેથી તમે નામદારનાં મન ઊપર કાંઈ પણ અસર ઊપજવી જોઈએ ખરી, કારણ કે જે લોકોએ સેંકડો વરશ સુધી ગોલામગીરી ભોગવીછે તેઓ હમણા છુટા થવા માંડેછે તે જોઈને રાજાઓનેબી અજાએબ ઊપજેઆ વગર રેહેતું નથી.

"સેહેનશાહ સાહેબ, તમે જુવાન છો. જુવાની વખતમાં આશા અને લાલચ માણસને ભમાવેછે, માટે લાલચને ખોટી સમજીને દુર કરો. અને આશાનો પાયો છુટાપણાના અને અદલ પણાના કાયદા ઊપર બાંધો.

"ઈટાલીના લોકો હમણા દુનીઆને સાબીત કરી આપેછે કે રઈઅત ફકત ઊદાર દીલના રાજાઓનેજ ચાહેછે. અને જે રાજાઓ પોતાની રઈઅતનું સુખ તેજ પોતાનું સુખ ગણેછે અને તેઓને દુખથી છોડવવાને માટે લડેછે તેજ રાજાઓને કોઈ જીતી શકતું નથી.

"ઓ નામદાર સેહેનશાહ, જે રસતે રઈઅતને સુખ થાએ અને રાજાઓની સતા વધે તેજ રસતો પકડો. જુલમના દાહાડા હવે ગણાઈ રહેઆ. કદાચ થોડા દીવસ વેર જુલમ પોતાના શતરૂઓની સામણે થવાની હીમત ચલાવશે પણ તેનું મોત નજીક આવી ચુકુછે. વધારો, સુધારો, અને અકલ એ ત્રણોએ જુલમને એવો પંજો મારેઓછે કે તેનું મોત ઊપજેઆ વગર રેહેનાર નથી.

"નામદાર સાહેબ, અસલના વેહેમો છોડી દો. હાલના સમે પરમાણે અને જે મોટા બનાવો તમારી નજર આગળ તમે જુવોછો તે પરમાણે તમારી રાજરીતી ચલાવો. દુનીઆને એવું દેખાડી આપો કે તમને ઊદાર થતાં આવડેછે અને તમે ઈટાલીના લોકોને છુટાપણું બખસવામાં સામેલ થવા ઈછોછો.

લોકોનું ભલુ થાએ એવું એક અદલ કામ કરવાથી તમારાં રાજને મજબુતી મળશે. ઈટાલીનું ઊમદા પરગણું વેનીસ અમને પાછું આપો. એ પરગણું વેચવાને માટે કીમત ઠેરવો અને તે કીમત હમે ઈટાલીની ઓરતો આપવાને તઈઆર છેઈએ. આટલા દા

હાલ સુધી હમારા બાપ, તથા ભરતાર તથા ભાઈ તથા છોકરાઓના મનમાં વીચાર આપવાને હમને છુટ આ પવામાં આવતી ન હતી. પણ હવે હમે હમારા દેશ ને ચાહીએછે અને હમારૂ એક નામીચું પરગણુ વેચા તું લેવાને હમારામાં એક ઊઘરાણું કરશું. અગર હ મારી કોશેસથી જોઈતી રકમ એકઠી ન થશેતો હમે બી જા દેશની ઓરતોની મદદ માગીશું અને જેઓ છુટા પણાની ખાતરને માટે પોતે દુખ ખમીને ઊદાર પણા થી નાહની મોટી રકમ આપશે તે મોટો ઊપકાર મા નીને લેશું.

"નામદાર સેહેનશાહ, હવે લડાઈ અને ખુનરેજી થતી અટકાવો. ઈટાલી મધે તમારા કીલાછે ખરા પ ણ તમારી રઈઅત નથી. દરએક ઈટાલીઅન તમારો દુશમણછે. હમારાં બાલકો "મા" એવું નામ બોલી શકે તેની અગાડીતો "બાપીકું દેશ" એ શબદ તેઓ ને શીખવીએછે. હમે હમારા છોકરાંઓને કહીએછે કે 'આ પરદેશી સીપાહીઓ આપણી ઊપર રાજ કરેછે તે આપણા જાલમછે. માટે મોટા થાઓ તારે હીમત પકડજો કે તેઓને આપણા દેશમાંથી હાંકી કાહાડવાને તથા તમારી જીંદગીબી જોખમમાં નાખીને છુટાપણું મેળવવાને તમારાથી બની આવે.'

"હા, તમેતો તે જાણોછો. જે ઈટાલીનાં પરગણા માં તમે માલેકી ભોગવોછો તાંહાંના લોકો તમને પોતા ના સેહેનશાહ તરીકે કબુલ રાખતા નથી. તમારી સ તા જુલમ કરેઆ શીવાએ તાંહાં નભી શકતી નથી અ ને તમારા રાજને તાંહાંના સઘળા લોકો દીલો જાનથી ધીકારેછે. અરે નામદાર સેહેનશાહ, લોકોની ક દુઆ થી રાજાઓ ઘણાજ જોખમમાં આવી પડેઆછે અને રાજના રાજ ઊંધાં વળી ગએઆંછે. સઘળી રઈઅત ધીકારે તે છતાં તેઓની ઊપર અમલ ચલાવવો એ શું ખરી રાજ સતા કેહેવાએ?

"દરએક શખસ પોતાનો ધણીછે. વેનીસનું શેહે ર આદરીઆટીક સમુદર ઊપર મોટું ગણાતું હતું તેને છુટું કરી પાછું વધારો. હાલ એ પરગણા મધે ત મે જુલમ ગુજારોછો માટે તાંહાંના લોકો તમને ધીકારે છે પણ જારે તમે તેઓને છુટાપણું બખશશો તારે ત મારો ઊપકાર માનેઆ વગર રેહેનાર નથી. તમારો ઊપકાર તેઓ એટલાજ માટે માનશે કે તમે ખુનરેજી થતી અટકાવી, કારણ કે તમારાથી છુટા થવાને એ લોકોએ પોતાનો જાનબી જોખમમાં નાખવાનો ઠેરા વ કીધોછે.

"નામદાર સેહેનશાહ, આ બાબત તમે વીચાર કરો બીજા ફરાંસીસ અને વીકટર ઈમાનીઊઅલ ના મના. ઈટાલી મધેના બે રાજાઓ ઊપરની હાલત ઊ પર નજર કરી જુઓ. ફરાંસીસ રાજા જુલમનો અ વતાર હતો. તેથી લોકોએ તેનું તખત છીનવી વીકટર ઈમાનીઊઅલને ઈટાલીનો રાજા ઠેરવેઓ. અરે માન વંતા સેહેનસાહ તમે ઈટાલીના લોકોનું પરગણુ તેઓ ને આપીને તેઓની જીંદગીનો બચાવ કરો. જુવો કે જે લોકો પોતાના જાલમોને હાંકી કાહાડીને પોતાના છોડાવનારાઓને રાજાનું તાજ સવાધીન કરેછે તેઓ કાંઈ નીમક હરામ અથવા બેઈમાન કેહેવાતા નથી.

"માંનવંતા સેહેનશા, હમે ઈટાલીની ઓરતો ત મને દીલોજાનથી અરજ કરીએછે કે વેનીસનું પર ગણું હમને પાછું આપો. ગમે તેવી કઠણ કબુલા તો તમે હમારી સાથે કરો પણ હમે હમારૂ પરગણુ એક પરદેશીના હાથમાંથી છીનવી લેવાને હરેક અ ને સઘલી તરેનું જોખમ ઊપાડવાને તઈઆર છેઈ એ અને તેથી કદી હટનાર નથી.

**કંટેસા મરાયા માંતમેરલી."**

પાઈસા, તા૦ ૧૦ મી નવેમબર ૧૮૬૦

---

## કાંગરૂ.



આ જનાવર નીયુહાલંડ મધે પેહેલ વેલું કાંપટ ન કુકની નજરે પડયું હતું. એ જનાવર વીશે એવું કે હેછે કે તે કુદકા મારવામાં ઘણુજ જબરૂ છે. એનાં પા છલા બે પગ આગલના કરતા વધારે લાંબાછે. તેથી જ તે ચાલવાને બદલે સાતથી દસ ફુટ સુધી ઊંચા અ ને વીસ ફુટ સુધી લાંબા કુદકા મારી મારીને દોડેછે,

એના પુછડાંનો ઝપાટો એટલોતો મજબુત હોયછે કે મા ત્ર એક જરબે માણસનો નલો ભાગી નાંખેછેકે તેમજ પાસે ગયા હોઈએતો પગની લાત પણ જોરથી મારે છે. એ જનાવરનાં પેટ નીચે એક કોથલી હોયછે. જેમ વાંદરા પોતાનાં બચાંને પેટ નીચે વલગાવી દેછે તેમ કાંગરૂ પોતાનાં પેટ નીચેની કુદરતી કોથલીમાં પોતા નાં બચાં ઘાલી દેછે. જો બચું તે કોથલીમાંથી બાહેર નીકલી પોતાની મા સાથે ચરતું હોય ને તેવામાં કોઈ આવી લાગતો તુરત જેમ ઝીણા જીવડા પોતાના દર માં ભરાઈ જાયછે તેમ તે બચું પોતાની માના પેટ પરની કોથલીમાં ભરાઈ જાયછે. કદમાં એ જાનવર મેંઢા જેવું લાગેછે તથા વજનમાં ૧૪૦ રતલ સુધી ઊતરેછે. એનું માસ જેઓએ ખાધુંછે તેઓ જણાવેછે કે એ માસ ખાધામાં હરણના માસ જેવું લાગેછે. એ જનાવર આસટરેલીઆમાંથી મલી આવેછે. એની દોડ વાની ઝડપ હરણના જેટલી હોએછે. તેથી તેને પકડ તી વેલા બહુ મુશકેલ પડેછે.

## વીલીઅમ પેન.



એ શખસ ઈસવી સન ૧૬૪૪ માં જનમેઓ હતો. ઈંગલંડ મધે "મીત્રોની મંડળી અથવા કુવેક રસ" એ નામની ધરમસંબંધી સભા ઊભી થઈ હતી. તે સભાનો મુખીઅ આગેવાન 'ટામસ લો' કરીને હ તો. તે સભાવાળાઓ કરીસટી ધરમને માનના હતા પ ણ દેવળમાં બંદગી કરવા બાબે તથા મનુશને દુખ દે વા બાબે તેમના વીચાર બીજા ખરીસટીઓ કરતાં જુ દા હતા. વીલીઅમ પેન મદરેશામાં જતો હતો તાર થીજ એ સભામાં સામેલ થયો.

એ સભાથી ઈંગલંડની સરકાર તથા ઈંગલંડ ના લોકો ખુશી નહી હતા. તેઓ જાણતા હતા કે એ સભાના વીચાર એવાછે કે તે લોકોમાં ફેલાયાથી ગેરફા એદો થાશે. વીલીઅમ પેનના શીકશકે એ સભામાં નહી જવા માટે ઘણુંબી શમજાવીશ. પણ તે ઊપર તેને મુદલ ધેઆન આપીશ નહી. તે ઊપરથી તેને તથા તેના સોબતીને મદરેસામાંથી કાહડી મુકવામાં આવેઓ.

વીલીઅમ પેન ઈઊરોપ મધે મુસાફરી કરવા નીકલેઓ. થોડી મુદતમાં તે પાછો લંડમાં આવેઓ. તેના બાપે આયરલાંડ મધે પોતાની મીલકતની સંભા લ કરવા માટે તેને મોકલેઓ. તાંહાં તે હમેશ કુવેક રની સભામાં જતો હતો. એ શભાથી હરકત થશે એ વું સમજીને વીલીઅમ પેનને તથા બીજા સોબતીઓ ને તાંહાંના નાજરે પકડેઓ. નાજરે વીલીઅમ પેનના જામીન લઈને તેને છોડી દેવાની મરજી જણાવી પ ણ વીલીઅમ પેને તેની કાંઈ દરકાર રાખી નહી અ ને તે બીજા સોબતીઓની સાથે બંધીખાનામાં ગયો.

પણ તાર પછી તરતજ તેના બાપે બંધીખાના મોથી છોડાવીને પોતાને ઘેર બોલાવી લીધો. કુવેકર ની સભામો જવા માટે તેને ધમકાવેઓ અને ધાસતી આપી પણ તે ફોકટ. તેના બાપે તેની પાશે ફકત એ ટલુંજ માગીશ કે તું રાજા પાસે આવીને ટોપી ઊ તાર એટલે તને માફ કરવામાં આવશે. પણ વીલી અમે તેમ કરવા માટે સાફ ના કહી. તે ઊપરથી તે ના બાપને ઘણો કરોધ ચહડેઓ અને ઘરમાંથી કાહ ડી મુકેઓ. આ વખતે તેની ઊમર ૨૨ વરશની હતી.

તારપછી વીલીઅમે પોતાના ભાશણ લોકોને સંભલાવવાનું જલદીથી શરૂ કીધું અને "સાચાઈનો ખરો આકાર" એવા નામનું એક પુસતક બાહર પા ડીશ અને તારપછી વલી બીજું પુસતક તરતજ બાહ ર પાડીશ તેથી તેને વલી સાત મહીના કેદ ખાનામાં નાખેઓ. તાંહાં તેણે એક બીજું પુસતક તઈઆર કી

ધું. છુટા થયા પછી તેના બાવા સાથે સુલે થઈ અને બાર મહીનાવેર તેની સાથે રહેઓ.

ઈસવી સન ૧૬૭૦ માં એક નવો કાએદો કાહડવામાં આવેઓ અને વીલીઅમ પેનને તેથી ખમવુ પડીઊં. કુવેકરની મંડળીને હુલડ તથા ગીબત કરનારી મંડલી એવુ નામ સઘળા લોકોએ પાડીઊં હતું અને તે મંડળીમાં ભાશણ કરનારને કેદની શીકસા કરવાનો હુકમ થયો હતો. તેથી વળી બે તરણ વખત કેદખાનું તેને ભોગવવું પડીઊં. તારપછીં થોડેએક વરસે તે જરમની તથા હાલંડમાં કુવેકર પંથનો ફેલાવો કરવા માટે મુશાફરી કરવા નીકલેઓ.

મુસાફરી કરીને પાછો આવેઓ તારે તેના બાપનો વારસો તેને મળેઓ ઈંગલંડની સરકારે વીલીઅંમ પેનના બાપની પાસેથી ૧ લાખ ૬૦ હજાર રૂપીઆ લડાઈને માટે ઊછીના લીધા હતા તે કરજના અવેજમાં વીલીઅમ પેનને અમેરીકા તરફ પેનસીલવેનીઆનો મુલક મળેઓ. તે મુલકના હાકેમ દાખલ જવાને નીકળેઓ. તે મુલકનો હેવાળ છપાવીને પરગટ કીધો તેથી કેટલાએક લોકો તેની સાથે તાંહાં જવાને તઈઆર થઆ. ત્રણ વાહણ ઈંગલંડથી હંકારેઆં તેઓ મધે ઘણુ કરીને કુવેકર પંથના હતાં. ઈસવી સન ૧૬૮૨ માં જઈ પોંહચેઓ અને ફીલાડેલફીયા નામનું શેહર વસાવીઊં. થોડી મુદતમાં ઈંગલંડ, આએરલંડ, હાલંડ તથા જરમનીથી બીજા ઘણાએક લોકો તાંહાં આવીને વશેઆ. સન ૧૬૯૨ માં તે મુલક તેની પાસેથી છીનવી લેવામાં આવેઓ હતો પણ બે વરસ પછી તેને પાછો મળેઓ હતો.

પણ તારપછી વીલીઅમ પેન મોટા કરજમાં આવી પડેઓ. તેથી સન ૧૭૧૨ માં ૧ લાખ ૨૦ હજારની કીંમતે એ મુલક ઈંગલંડની સરકારને આપી દેવા કબુલ થયો. તે ઈસવી સન ૧૭૧૮ માં કેટલાંએક છોકરાં મુકી મરણ પામેઓ. તે બે વખત પરણેલો હતો.

---

## દોસત કરતાં દુશમન ઘણા કોણના હોએ ?

જે માણસની ચો તરફ નીંદા અને બદગોઈ થાતી હોએ, જે માણસને બીજા શખસો કવાણમાં હલકાંની મીશાલે ગણતાં હોએ, જે માણસની હાજરીથી મતલબીઆઓ અને હાજીહા સાહેબોની મતલબ ધુલ મલતી હોએ, જે માણસ આ દુનીઆ માહેલી પોતાની સઘલી ફરજો બરાબર અદા કરવાને હમેશ ખંતી હોએ, જે માસ પારકાંનાં દુખણનું દરદ પોતે ધરતો હોએ, જે માણસ સાદા પેહેરવાસનો પણ ગંભીર અને દુરઅંદેસાં વાલો હોએ, તે માણસના આ દુનીઆંમાં દોસત કરતાં દુશમન ઘણા હોવા જોઈએ.

આગલા વખતની તવારીખો ઊપરથી પણ શાફ માલુમ પડેછેકે જે માણસો ખરા બકતીમાન અને ખરા આચારીઓ હતા તેમના દોસત થોડા પણ દુશમન ઘણા નીકલતા. શાકરેટીસનાં નામથી આજ કોણ અંણજાણ છે? એ શખસ વીશે એવું કેહવામાં આવેછે કે જે જમાનાના લોકોમાં તે જનમીઓ હતો તે જમાનાના લોકોને માટે એવા મોટાં મનનો શખસ મુદલ લાએક નહી હતો ! કોઈ વધારે સુધરેલે જમાને તેનો જનમ થવો જોઈતો હતો. એ ઘણો એટલો તો ભલો, રાંક, ડાહેઓ ને કાબેલ હતો કે તેના શતરૂઓએ પણ તેનાં મરંણ પછે પોતાની ચુક જોઈ હતી અને તેઓએ તેને ક મોતે ઈઆને જેર દઈને મારી નાખીઓ હતો તે વીશે ભારે પશચાતાપ કીધો હતો. જારે એવો ભલો અને લાએક શખસ દોસત કરતાં દુશમન વધારે ધરાવતો હતો. તો પછે એથી ઊતરતાં માણસોના વધારે શતરૂ હોએ એમા નવાઈ શી. ?

એક બુજરગ અને નામીચા લખનારના બોલોમાં જો બોલીએતો તે એમ જણાવી ગએઓછે કે "ચોરો માતરે ફલવંત ઝાડો ઊપરજ પથરા ફેંકેછે. પીપડા, વડ અને એવાંજ બીજાં ઊમદા ફલ વગરના ઝાડો ઊપર કોઈ ચોરને પથર ફેંકતા કોઈએ જોએઆછે ? તેમજ હરેક સોહામણી સારી ને દીલ ખુશ ચીજો ઊપરજ કેટલાએક માણસોની નજર બગડેછે, ને તેને મેલવવાને તેઓ કોશેશ કરેછે. બદ સુરત તથા કંટાલો છુટે એવી કોઈ ચીજ મેળવવાને કોઈએબી કમર કસીછે વારૂ ?" તો એજ હાલ સારાં ને નેક માણસોનો થવો જોઈએ. જે માણસ આ દુનીઆના લોભ લાલચોને પડતા મુકી ફકત પોતાની ખરી ફરજો બજાવા ઊપર દીલ લગાડીઊં તેના આ દુનીઆની લાલચોમાં ફસેલા બેહદ દુશમનો નીકલી આવવાના અને તેથી તેવાં માણસની બેહદ બદગોઈ પણ થવા

ની. હવે જો ઊપલાં મથાલાં પરમાંણે પાછો સવાલ કરીએકે 'દોસત કરતાં દુશમન ઘણા કોણના હોએ' તો જવાબ એવોજ મેલવાનો કે નેક, ભલાં, અદલ, રાંક પોતાની ખરી ફરજો બજાવનાર, ભકતીમાન અને ઈશવરના ખરા સેવકોના આ દુનીઆમાં દોસત કરતાં દુશમન ઘણાં મલી આવવાનાં.

એવુંજ જારેછે. આ દુનીઆનો જારે એવોજ હાલછે, આ દુનીઆમાં જારે એવાંજ મતલબી માણસો સાથ કામ લેવું પડેછે; તારે ઓ નેક આદમી તને કાઈબી રીતે હારી ખાવાની જરૂર નથી.! તારી આંટલીતો ખાતરી થઈ ચુકીછે કે તારી કદર બુજનાર આ દુનીઆમાંનો ઠોડાજછે. તો હવે તને તારાં સઘલાં નેક કામમાં અસલ કરતાં વધારે ઊલટ અને દીલ લગાડવાની ભારે અગતછે. ઈઆદ રાખજે ઓ નેક માનવી ! કે એ તારાં નેક કામોની ખરી કદર પીછાનનાર આં દુનીઆમાંનો ઘણા જુજ મલી આવશે. પણ તને કાંઈ આ દુનીઆમાં કાએમ જીવવું નથી. કાએમ અને હંમેશગી જે દુનીઆમાં તને ગુજારવી પડશે તે દુનીઆનાં લોકોમાં જે કામોથી તને જશ મલે તેવાં કામો તું કરીઆ કર અને એ સઘલાં રૂડાં કામો કરતી વખત તારા આ દુનીઆની લાલચમાં પડેલા બાઈબંદો તરફથી કોઈબી રીતનો જશ મેલવાની ઈછા રાખતો ના. પણ ઊલટી તેમની તરફની ઠીણત અને બદગોઈનીજ આશા રાખજે.

---

## સંહી અને ઊંદરની વાત.

એક સંહી જાલમાં આવીને સંપડાઈ ગયો. તે માંથી છુટો થવાને તથા નીકળવાને ઘણીબી તજવીજ કીધી પણ તેનું કાંઈ વલીઉં નહીં. પછી મોટેથી પોકાર મારવા લાગો. એક ઊંદર પોતાના દરમાંથી બાહર નીકળીને જુવેછે તો સંહીને દીઠો અને તરત પાછો નાસવા જાએછે તેટલામાં સહીની નજર તેની ઊપર પડી અને તેને કહીઉં કે " તું કાંઈ ધાસતી ના કર. હું તારો માનછું. તું તારા દાંત વતી આ જાલ કાપીને મને સંકટમાંથી છોડાવ. હું તારો ઊપકાર ભુલીશ નહી. "

ઊંદરે તે વાત કબુલ કીધી અને પોતાના દાંત વતે જાલ કરડીને તોડી નાખી અને સંહીને છુટો કીધો. સંહી ઊંદરની ઊપર ઘણો ખુશી થયો અને તેના ઊપકારનો બદલો વાળવાને વાજબી ધારીઉં. તેણે ઊંદરને કહીઉં કે તું કેહ તેવી રીતે હું તારો ઊપકાર વાળું. એ સાંભલી ઊંદર એટલોતો લોભાઈ તથા હરખાઈ ગયો કે શું માગવું તે તેને સુજે નહી. પણ જરા વારમાં જવાબ દીધો જે તારી છોકરી સાથે મારાં લગન કર. સંહીએ તે વાત કબુલ કીધી અને પોતાની છોકરીનાં ઊંદર સાથે લગન કીધાં.

લગનને વખતે દીને સંહીની કનીઆ ચાલવા જતી હતી અને અજાણપણે તેણીનો પગ તેણીના નબળા ભરતાર ઊંદર ઊપર પડી ગયો અને તે ચંપાઈને તરત મરણ પાંમેઓ.

**તાત પરીઅ**—આ ઊંદર તથા સંહીની વાતથી ઘણી અગતની શીખામણ આપણને મલેછે. દુનીઆમાં હજારો સારી અને ફાએદા ભરેલી ચીજો છોડીને કેટલાએક માણસો વીચાર વગર એવી ચીજ પસંદ કરેછે તથા એવી ચીજ ઊપર ધેઆન લગાડેછે કે તેમને ઊંદરની પેઠે મોટા સંકટમાં આવવું પડેછે.

---

## પરચુરણ બાબદો.

**ડોકી રહી ગઈ હોએ તેનો ઈલાજ**—મીઠાં તેલની અંદર થોડોએક કપુર મેલવવો. તે તેલ દાહડામાં એક વખત અથવા બે વખત મસરીને લગાડવું. લગાડેઆ પછી ફલાનલનો એક કટકો ડોકી ઊપર વીટાલી રાખવો. જો ગરદન ઘણી દુખતી હોએતો ગરમ પાણીમાં ફલાનલ નીચવીને શેક પણ કરવો.

**ખાજીનો ઈલાજ**—ખાજીનું દરદ ઘણું ખરાબછે. સારા માણસો એ દરદ જોઈને દુર રેહેછે કારણ એ દરદ ઉડતુંછે. ખાજી ભરેલો હાથ બીજાના હાથને અડકેછેતો તે હાથને પણ ખાજી થાએછે. વાસતે ખાજીવાલા માણસના હાથને નહી અડકવાની તજવીજ રાખવી જોઈએ. ખાજી થાઈ હોએતો તેનો ઈલાજ જલદીથી કરવો ઘટેછે. કારણ જેમ વખત જાએછે તેમ એ દરદ ઘણુ પસરેછે. તે ઈલાજ ઘણો ગેહલોછે. ગંધકનો ઘણોજ બારીક ભુકો કરવો અને તે મીઠાં તેલમાં મેલવવો. એટલે તે ગંધકનો મલમ થશે. એ મલમ દાહડામાં એક બે વખત લગાડવો અને પછી સાબુ તથા ગરમ પાણીથી હાથ સાફ કરવા.

**એક પસંદ પડતો જોલાબ**—જારે કોઠો સખત થઈ જાએછે અને પેટ બરાબર આવતાં નહી હોએ તારે જો

લાભ લેવાની જરૂર પડેછે. ફુકાનીની સોનામુખી મંગાવીને તેમાં તેટલીજ સુકી ચાહ નાખવી. તે એક વાશણમાં નાંખી તેની ઉપર ગરમ ઉકલેલું મીઠુ પાણી એક ફાંસીઓ નાખવું. થો ડોવાર રેહવા દઇને રંગ ઓગરેઆ પછી બે ચમચી વીલા તી મીઠું નાખવું. પછી સાકર તથા દુધ નાંખી ચાહની મા ફક પીઇ જવુ. આસરે ચાર ઇઆ પાંચ જોલાબ આવશે.

---

**બીજો જોલાબ**—પાંચ વાલ "જાલપ" ની અંદર બે દરામ વીલાતી મીઠું મેલવીને એક પડીકું બનાવવું. તે થોડા મધમાં ફાલવીને અધસેર પાણી નાખી પી જવું.

---

**ઘણું ઓશડ**—તનદરોસતીને જો બરાબર સુખાકારી હાલતમાં રાખવી હોએતો સેજવાતમાં વારેઘડી ઓશડ પીવા ની ટેવ પાડવી નહી. ઘણાએક તવંગર કુટંબોમાં એવું જો વામાં આવેછે કે હરએક વાતમાં અને સેજ કારણસર ઓશ ડ પીવું. ડાકટરને ઓસડની જરૂર માલુમ ન પડે તોબી ઓશડ માંગવું. એ ટેવ ઘણી ખરાબછે.

---

**ગરમી અને ઠંડીના દીવસો**—ગરમીના કરતાં થં ડીના દીવસોમાં આપણને ભુખ વધારે લાગેછે તેથી આપણે ખોરાક વધારે ખાવો જોઇએ. ગરમીના દીવસમાં આપણને પસીનો ઘણો છુટેછે પણ થંડીના દીવસમાં પીસાબ વધારે થા એછે. ગરમીના દીવસમાં હરએક કામ કરતાં આપણે જલ દીથી થાકી જઇએ છઇએ પણ ઠંડીના દીવસમાં થાક ઘણી થોડી લાગેછે. એ કારણ માટે થંડીના દીવસો આપણને ઘ ણા પસંદ પડેછે.

---

**બાલને લગાડવાનું તેલ**—સાલેડના તેલમાં લીંબુ અથવા લવંડરના તેલના થોડાએક ટીપાં નાખીને શીશીની અંદર ખુબ તરેહથી હીલવીને કામે લગાડવું. અગરજો બા ળ વધારવાની મરજી હોએતો તેની અંદર થોડું "આઇલ આવ ઓરીગાનમ" નાખવું.

---

**બાહારના દેખાવ ઊપર ભુલશોના**—વાંચનારી બેહેનો જો તમોને કોઇ સ્ત્રી અથવા પુરૂશોના ગુણો તથા ચા લ ચલણને વીશે કીંમત કરવી હોએ, તો તેવોના ભપકાદાર પોશાક તથા બાહરની ખુબસુરતી ઉપર ધેઆન આપશોના, એટલું ઇઆદ રાખવું કે, તેઓમાં તરવારની ધાર તપાસવા નીછે; અને તેનાં મીઆનની કીમત કરવાની નથી.

---

**જીંદગી**—વરશો પછી વરશો ચાલીઆં જાએછે. એ કં ઇ જીંદગી નહી કેહેવાઇ. ખાવું, પીવું, રાતરે સુવું, દીવશે ઉઠવું, કાંમ ધંધે વલગી જવું, અને વેપાર કેમ ચલાવવો તે નો વીચાર કરવો, એને શું તમો ખરી જીંદગી કરી કેહેશો ? વીદીઆ, સચાઇ, પીઆર, ખુબસુરતી, સારા ગુણો, આદીન એઓજ ચાતરે હઇઆતીને ઉધારેછે. ખુશીનું હસવું જે દી લને મગન કરેછે—વીપતના આસુંઓ જે દુખ ભરેલા બદન ને દીલાસો આપેછે—વજંતર અને ખુશનોમાં રાગો જે બચ પણ પાછુ લાવેછે—જંદગી જે આવતી ચીજને અથવા ભવી શીઅને નજદીક બોલાવેછે—મોહોત જે તેના છુપા વખતથી બીહીવડાવેછે—આતુરતા અને પીઆર જેનો વીશંવાસમાં છે ડો આવેછે—સખાવત અને રેહેમ જે કીરતી મેલવેછે—એ સઘલું જીવતી હઇઆતીનો ખરેખરો પચતો ખોરાકછે; અને હેવીજ હાલતને ખરી જીંદગી કેહવી જરૂરછે.

---

**ખરૂ નાંમ**—બેહેનો તમારે જો ખરૂ અને સોભઇતું નાંમ મેલવવું હોએ, તો નીતીના રસતાને છોડી દેઇ આડા જતાના; તથા તમારા ભરતારના હુકમની સામે થતાના. કાર ણ તે વગર તમોને કદી પણ માન મલવાનું નથી અને પ તીવરતા શીવાએ તમો માન મેલવી શકનાર નથી.

---

**કાફીનો ખપ**—કાફીનો ખપ આ પરમાણે જણાવેઆં માં આવેઓછે. આખા અમેરીકામાં ૩૩૭૫૦૦૦૦૦ (તેંત રીસ કરોડ પંચોતેર લાખ) રતલ. ફરાંસ, સુવીજરલાંડ, ઇસ પેન, ઇટાલી, પોરટગાલ, અને તેમની પાસેના ટાપુઓમાં મ લીને દર વરસે ૨૦ કરોડ ૨૫ લાખ રતલ ખપેછે. હાલંડ અને બેલજીઆમમાં ૧૪ કરોડ ૨૫ લાખ; ડેનમારક, સુવીડન રૂશીઆ, ફીનલાંડમાં ૭ કરોડ ૫૦ લાખ રતલ અને વીલા તમાં ૬ કરોડ રતલનો ખપછે.

---

**રેશમ વીશે**—રેશમ કીડામાંથી નીકલેછે તે તમો જા ણોછો. એક કીડાના કોટલામાંથી ૧૫૨૦ ફુટ લાંબો રેશમનો દોરો નીકલેછે. તે દોરો ઘણોજ પાતલો હોએછે. ફરાંસ મ ધે હાલ એક જાતનો કીડો માલુમ પડેઓછે તે ઘણું હલકું રેશમ પેદા કરેછે.

---

**તરતના વીચારો**—માણસો પોતાની પાસે હમેશ એ ક પેનસીલ અને નાહની નોધ રાખવી જોઇએ કે તેના મન માં હરએક વીચાર જે પોતાની મેલે સુજે તે નોધી રાખવા. જે વીચાર પોતાની મેલે ઉતપન થાએછે, તે ઘણાજ કીમતી હોએછે અને તે તરત નોધી લેવા જોઇએ કારણકે તે પાછા આ વતા નથી અને સોધેઆ મલતા નથી. (લારડ બેકન)

---

**પીઆર અને દોશતી**—આ દુનીઆમાં બે માણ સ એવા કોઇ નહી મલશે કે જેના વીચાર સઘલી વાતમાં મ લતા આવે અને જેનો સભાવ સઘલી વાતે સરખો હોએ. પીઆર અને દોસતી રાખવા માટે દરએક માણસે એક બી જાની ખામી દરગુજર કરવી જોઇએ અને એક ગરંમ સભા વનો થાએ તારે બીજાએ થંડો સભાવ પકડવો જોઇએ. બેઉ સાથે ગરમ થઇ જવાથી આતશ ખરેછે અને દોસતી તથા પી આરમાં ખલલ પોહચેછે.

---

**વગર ઘોડાની તથા વગર બાફની ગાડી**—હાલ પારીસ મધે એક કારીગરે એવી ગાડી બનાવીછે જે મોહલાઓમાં વગર ઘોડાએ તથા આગ વગરના સાંચાએ ફરી શકેછે. તે ફકત ચાંપના ઈસકોરૂ ઉપર ચાલેછે અને તેની ગડપ બી બે ઘોડાની ગાડી કરતાં ચાર ગણી વધારે માલુમ પડીછે, તેનો બનાવનાર ગરીબ માણસછે.

---

**તમાકુનું વીઅસન છોડવા વીશે**—એક ગરસથને તમાકુનું વીઅસન હતું તે તેણે આ રીતે છોડીઉં—જારે તેણે તમાકુ લેવાની ખ્વાહેસ થતી હતી તારે તાજુ પાણી ભેટ ભરીને પીતો હતો અને પછી પાણીના ખુબ કોગરા કરતો હતો એ પરમાણે થોડાએક દીવસ કીધાથી તેની ટેવ નીકલી ગઈ.

---

**આંધલાઓને વાસતે કલમ**—આંધલાઓને વાસતે હાલ એવું હથીઆર શોધી કાહડેઉંછે કે તે સેહલાઈથી લખી શકે. એ હથીઆરથી અખ્ખસર આડા અવલા જાતા નથી અને એક દેખતો માણસ જેમ સીધી લીટીમાં લખેછે તેમ તે લખી શકેછે.

---

**ફોટોગરાફ છાપવાનો સાંચો**—સુરજના કીરણથી જે તસવીરો લેવામાં આવેછે તે તસવીર ઉપરથી બીજી હજારો તસવીર છાપી કાહડવાની કલા હાલ શોધવામાં આવીછે એક નેગેટીવથી એક કલાકમાં બાર હજાર નકલ છાપવામાં આવી હતી.

---

**માણસની આખી ઊમર**—માણસ પોતાની આખી ઉમરમાં આવરેજ કાહડતાં વરસમાં દસ દીવસ આજારી પડેછે. છતરીસ વરસની ઉમર પછી જાડુ માણસ જરા પાતલું થાએછે અને પાતલું માણસ જરા જાડું થાએછે એવો એક ડાકટરનો વીચારછે.

---

**સઊથી મોટી નદી**—દુનીઆમાં સઉથી મોટી નદી દખણ અમેરીકા મધે આમેજાન નામનીછે. ઈઉરોપમાં જેટલી નદીઓછે તેટલી સઘલી નદીના કરતાં તરણ ગણી વધારે જગો રોકેછે. માહસાગરથી ૨૦૦૦ માઈલ સુધી એ નદીમાં વાહાણ ચાલી શકેછે. તે મોહડાં આગલ ૧૦૦ માઈલ પોહલીછે અને કેટલીએક જગોએ ૬૦૦ ફુટ ઉંડીછે !!

---

**એક બુઢા આદમીની શીખામણ**—"હું હાલ બુઢો આદમીછું. સો વરસ નજદીક મે મારી નજરે દીઠાછે. સુખ અને આશાનીથી બુઢા કેમ થવું તે તમે જાણવા માગતા હશો. હું તમને જણાવુંછું. હમેશ આસતે રહીને ખાઓ. સારી પેઠે ચાવો. તમારા ધંધા ઉપર હસતા જાઓ. દરએક જગોએ સારો અને ઠંડો સભાવ રાખો. તમારી ઈખ્તાલાસ સુધારો. તમે જે વાંચી ગઆ હોવ તે ફરીથી બોલી જાઓ. તે વીશે વાત ચીત કરો."

**ગુલાબ અને તેના કાંટા**—આ દુનીઆ ઉપર ઈશવરે ગોલાબના ઝાડ પાથરેલાંછે. તે ઉપર ગોઆ આપણે સુતા છઈએ. ગોલાબનો મધુર શુગંધ આવેછે પણ જરા જરા રહીને કાંટા આપણા શરીરમાં ભોકાએછે.

---

V. **પરોફેસર પાટન વીશે ગરબો.**

જોસફ પાટન હીતુ હમારા, કરીઉં પરમારથ કાજ જો
સ્ત્રી કેળવણીનું બી રોપીઉં, જાણી અબળા દાજ.
— — — — — — — ધન પાટન સાહીબ૦ ૧

બીજા જનને મેનત લઈને, સમજાવીઆ બહુ પેરજો
લાજ ટેક સહુ દુર ખસેડી, ફરીવાજ ઘેરે ઘેર. ધન પા૦ ૨

નીજ વીચારતણા કરી સહુને, પછી કડાવીઉ ધન જો
ધન કડાવી નીશાળ થાપી, કરીઉં અરપન તન મંન. ધન૦ ૩

કરીઆ ઉપકારો નાજ વળાએ, ખરૂં કહીયે મહારાજ જો
નહાની ગરબીમાં મુખ નહાને, ગાતાં આવે લાજ. ધન૦ ૪

સ્ત્રીને શીખવી હેવી છુટો, એ અહી નોતી ચાલ જો
એ વર રૂડો મોટો આલ્યો, દુર કરયાં બહુ આળ. ધન૦ ૫

સ્ત્રીથી સુધારાછે સઘળા, એનું કરાવીઉં ગ્નાન જો
પશ્ચીમ હીંદુસતાન જનો સહુ, દેછે તમને માન. ધન૦ ૬

રોપેલાં બીને ફળ આવીયાં, જોવા ન રહયા આજ જો
એ મોટી દલગીરી હમને, રહયાં હમે વન તાજ. ધન૦ ૭

મંદહસંતું મનહર મુખડું, ઠરતાં જેને જોઈ જો
અણચીંતીયું તે ગયું કરમાઈ, રહયાં હમેતો રોઈ. ધન૦ ૮

જો જીવંતા હતનો આજે, અંગે હરખ ન માત જો
દેખી ઉદીયમ વાધત સહુને, વેલી સુધરત જાત. ધન૦ ૯

રહો નીરંતર સ્વરગે રૂડા, સ્ત્રી કેળવણી તાત જો
એ આશીષ હમ અબળા સહુનો, ખરેખરો દીન રાત. ધ૦ ૧૦

સમરણ કરતાં નામ તમારૂં, મગેજ ઉનેજંન જો
ઉદયમ કરી સુધરીશું વેલાં, પશ તમને સજંન. ધન પા૦ ૧૧

---

# સ્ત્રીબોધ.

પુસ્તક ૫ મું | ફેબરવારી ૧૮૬૧ | અંક ૨ જો.


## નવાજબાઈ તથા દીનબાઈના ઘરનો ખરચ.

સુકલાજી અને બીખાજી એક બીજાના પડોસી લાગે. તેઓ કોટ મધે એક ભાડાના ઘરમાં રેહતા હતા. સુકલાજી એક વેપારીની હાફીસમાં રેહતો હતો અને તેને દર મહીને ૧૦૦ રૂપીઆ મલતા હતા. બીખાજી એક સરકારી ખાતામાં લાગેલો હતો અને તેને દર માસે ૮૫ રૂપીઆની ઊપજ હતી. સુકલાજીની ઓરત નવાજબાઈ ખુબસુરત ચેહરાની અને હસમુખા સભાવની હતી. બીખાજીની ઓરત દીનબાઈબી તેવીજ સારી હતી. એ બેહુ સ્ત્રીઓના સઘલા ગુણ એક એક સાથે મલતા આવતા હતા. પણ એક વાતમાં તેઓ બનેં વૃચે ઘણો તફાવત હતો. નવાજબાઈ ઘર ખરચમાં હાથની છુટી અને ઊડાઊ હતી. દીનબાઈ પોતાના ઘરનો ખરચ જેમ બને તેમ કર કસરથી ચલાવતી હતી. સુકલાજી દર માસે રૂ૧૦૦ પેદા કરતો હતો પણ ઘરનો ખરચ કોઈ મહીનામાં ૧૧૦ નો અને કોઈ મહીનામાં ૧૨૫ નો થતો હતો. બીખાજી દર માસે રૂપીઆ ૮૫ પેદા કરતો હતો પણ તેના ઘરનો ખરચ કોઈ મહીને ૬૦ નો અને કોઈ મહીને ૭૦ નો થતો હતો.

નવાજબાઈ હાથની છુટી તથા ઊડાઊ હતી તેમ સારે ભાએગે સુકલાજી નહી હતો. ધણી ધણીઆણી બેહુ હાથના છુટા અને ઊડાઊ હોતતો તેઓ દર વરસે મોટા ખાડામાં આવી પડત અને થોડાજ વરસમાં તેઓની હાલત ઘણીજ માઠી થઈ પડત. સુકલાજી દર રોજ પોતાના ધણીઆણીને સમજાવે, બીખાજીની દીનબાઈનો દાખલો આપે અને સંભાલ રાખીને હરકાંઈ ખરચ કરવાની ભલામણ કરે. પણ નવાજબાઈ બચપણથી ઊડાઊપણુ સીખી હતી. બચપણથી નવા નવા કપડાં પેહરવાની ટેવ તેણીના માબાપે પાડી હતી. બચપણથી તે પોતાના કપડાંની સંભાલ રાખવાને શીખી નહી હતી. એ ટેવ સુકલાજીના ઘરમાં ઘણી ભારે થઈ પડી. કોઈબી કાપડીઓ આવેતો નવાજબાઈના હાથની થોડી ઘણી બોણી કરેઆ વગર પાછો જાએ નહી. કંઈબી નવી તરેં વાપરવાનો બહુ શોખ. બચાંઓને વાસતેબી તરેહવાર કપડાં ખરીદ કરે. એથી કરીને ફકત કાપડીઆનોજ દર મહીને રૂપીઆ ૩૦ થી ૩૫ નો આંકડો ચુકાવવો પડે. વલી એ કપડાં સંભાલથી વાપરવાની વાત મલે નહી. હરએક કપડું નવાજબાઈ અથવા તેણીના છોકરાં બે ત્રણ વખત પેહરે એટલે ઠેકાણે પડીશ. કપડાને પેહરેઆ પછી પાછાં સુકવીને તથા ઘડી કરીને ઠેકાણે મુકવાની વાત મલે નહી. કોઈ બારે કપડું રજલતું રવલતું સુકલાજીની નજરે પડે તારે તે પેટમાં ઘણો ખબાપો કરે અને પોતાને ફરસુદ ન છતાં પોતાને હાથે ઘડી કરીને મુકવું પડે. કપડાંને ઘડી કરીને ઠેકાણે સર મુકવાનું કામ ઓરત જાતનુંછે તે કામ સુકલાજીને કરવું પડે તેથી તેને ઘણી શરમીંદગી હાંસલ થાએ અને પોતાના પડોસી અડોસી જોએ નહી માટે બારણાં ઢાંકીને તેવું કામ કરે. નવાજબાઈનેતો એ વાતની મુદલ દરકારજ મલે નહી. સાચવીને કપડું પેહરે તથા પાછું સંભાલથી ઠેકાણાસર મુકેતો અલબત એક કપડુ ઘણા મહીના બલકે કેટલાએક વરસ લગીબી ચાલે. માતાને જોઈને છોકરાઓબી પોતાના કપડાંની જતન કરે નહી.

હવે કપડાંની વાતતો એક બાજુએ રહી. પણ

બેદરકારથી બીજો કેટલો બધો ખરચ નકામો થતો હતો તે જુઓ. નવાજબાઈ તથા બચાંઓ મલીને મહીનામાં ૧।। ઈઆ બે ડજન ચીતર બાંજે. કપસાસર અને ટંબલરબી મહીનામાં પાંચ-સાત વખત બાંજતાંજછે. રાંધણીમાં ઊડાઊપણુ અને બીગાડ થાએ તે વલી જુદું. દરરોજ ધાંનદાલ વધી પડે અને રેહલો બીગાડ થાએ. ગેરાણી અથવા મોબેદ આવેતો તેમને આસીરવાદ આપેઆ વગર ચાલેજ નહી. કાંઈબી ચીજ સંભાલથી મુકાવાની દરકાર મલે નહી. કેટલીએક કામની ચીજ નજીવી સમજીને કચરામાં કાહડી નાખે અથવા કોઈને આપી દીએ પણ જારે તેની જરૂર પડે તારે ખોટી રેહવું પડે અને પઈસા ખરચેઆ વગર ચાલેજ નહી. લેગા, ઈજાર, ચોલી, અને પેટી હાથે સીવવાનું કામ તે દરજીને સોંપે અને પોતાનો વખત આલસાઈમાં અને પડોસણો સાથે નજીવી વાતો કરવામાં ગુજારે. કપડાંનો દોરો જરા ટુટેઓ અથવા કપડું જરા ફાટીઊંતો તે સાંધવાની અથવા દરૂસત કરવાની વાત મલે નહી. પછી તે કપડાંના જલદીથી કટકે કટકા થઈ જાએ. કપડાં પછવાડે તથા ઘરના બીજા ખરચ પછવાડે એટલો છુટો હાથ હોવા છતાં દીનબાઈના કપડાંની તાલમેલને તથા તેણીના ઘરની રચનાને નવાજબાઈ પોંહચે નહી.

દીનબાઈની ચાલ ઘરના ખરચમાં નવાજબાઈ કરતાં તમામ જુદી હતી. તે ફકત જરૂરનાજ કપડાં ખરીદ કરતી હતી. સંભાલથી પેહરતી હતી અને સંભાલથી ઠેકાંણેસર મુકતી હતી. તેથી દીનબાઈનું એકનુ એક કપડું કેટલેઓકવાર શુધી નવુંને નવુંજ લાગતું હતું અને નવાજબાઈનું કપડું બીજી વખત પેહરેલું ઝાંખુ લાગતું હતું. દીનબાઈના છોકરાંઓબી પોતાના કપડાં સંભાલથી પેહરવાને તથા સંભાલથી ઠેકાંણેસર મુકવાને શીખેઆં હતાં. જે કપડાંની અથવા જે ચીજની જરૂર નહી તે કપડું અથવા તે ચીજ ગમે તેટલી સસની મલતી તોબી દીનબાઈ ખરીદ કરતી ન હતી. તેણીના ઘરમાં ચીતર, તથા કપસાસર તથા ટંબલરની વારેવાર બાંજ ફોડ થતી ન હતી. તેણીના ઘરમાં નવાજબાઈ જેટલું રાચરચીલુ (ફરનીચર) નહી હતું તોબી તે એવી રીતે ગોઠવીને મુકતી હતી કે તેણીનું ઘર નવાજબાઈ કરતાં વધારે દીપી નીકલતું હતું. રાંધણીમાંબી ઘણી તપાસ અને સાવચેત રાખતી હતી. ઘરના સઘલાં માણસોને પુરૂ પડે તેટલુંજ દરરોજ વાપરવામાં આવતું હતું અને ધાંન દાલનો બગાડ કાંઈજ વેલા થતો હતો. ચાકરો રાંધણીના સામનની ચોરી કરે નહી તે ઊપર ઘણી સંભાલ રાખતી હતી. પોતાના ઘરનું કાંઈબી વાસણ પાડ પડોસીના ઘરમાં ગયું હોએતો તે પાછું મંગાવી લેવાની કાલજી રાખતી હતી. નજીવી વસતુઓ ઠેકાંણેસર મુકતી હતી કે જારે જરૂર પડે તારે ખોટી રેહવું પડે નહી અને પઈસા ખરચવા પડે નહી. તે પોતાના ઘરમાં કાપડીઆને વારેઘડીએ આવવા દેતી નહી હતી. નવાજબાઈના ઘરમાં કાપડીઓ આવેઆ હોએ અને પોતાને કાંઈ ખરીદવાની મરજી નહી હોએ તો પોને અગાઊથી ઊઠીને પોતાના ઘરમાં જતી હતી. તે બોલતી હતી કે જારે જરૂર નહી તારે અમસતુંબી જોવાથી કોઈ વખત નવી તરાંહને લીધે મન થઈ જાએછે માટે જરૂર વગર કાપડ જોવાની ટેવ રાખવી નહી. થોડે પઈસે અને થોડે ખરચે દીનબાઈ જેવાં સુખથી રેહતી હતી તેવાં સુખથી વધારે પઈસે અને વધારે ખરચે નવાજબાઈ રહી શકતી નહી હતી. સઘલા પડોસીઓ જારે તારે દીનબાઈની કરકસરની તથા સીફતની તારીફ કરે.

એનું પરીણામ શું નીપજીઊં તે તમે વાંચનારી બાઈઓ ! સેહલાઈથી કહી શકશો. નવાજબાઈ ઊડાઊ તથા હાથની છુટી હોવાને લીધે તેણીનો ઘણી દરવરસે ઘસાતો ગયો અને પાંચ સાત વરસમાં બે હઠી હજારનું કરજ થયું. બીજી તરફ દીનબાઈના બીખાજીએ એટલી મુદતમાં બે તરણ હજારની રકમ એકઠી કીધી. સુકલાજીને કરજ થયું તેથી લુચા મારવાડીઓનો આશરો લેવાની જરૂર પડી. તેઓએ સવાઈ દોહડી લખાવી લઈને રૂપીઆ એક ટકાને વીઆજે ધીરીઆ. બીજા બે તરણ વરસમાં એ કરજ સવાઈ દોહડી તથા વીઆજને લીધે તથા ઘરના ખરચેની ખુટને લીધે ઘણુ વધી પડીઊં. આસરે છ સાત હજારનું કરજ થઈ પડીઊં અને અંતે નાદાર દેવાદારોનો લાભ લેવો પડેઓ તથા પોતાની આબરૂને નુકશાનમાં નાખવી પડી. શુકલાજીને સો રૂપીઆનો દરમાએઓ આવતાં છતાં આવી હાલતને પોહચવું પડીઊં. જારે તે મરવા પડેઓ તારે ઓશડ વેસડ કરવાને કાંઈ થાકે નહી. ઘરનો ખરચ ચલાવવાને ઘણા હાલ પડે. તે આખેર જારે રીબી રીબીને મરણ પામેઓ તારે તેના

બઈરી છોકરાંઓને વાસ્તે પાછલ વારસો મુકવાને એક સેહડીશ બી તેની પાસે નહી હતું. માંદગીના વખતમાં નવાજબાઈની જનસો વેચી ખાધી હતી. તે બીમારાની અને તેના બચાં કચાંની આવી હાલત તેની ઊડાઊ અને હાથની છુટી ઓરત નવાજબાઈને લીધે થઈ.

વાસ્તેરે બેહનો! તમે નવાજબાઈના જેવાં ઊડાઊ અને હાથના છુટાં થશો ના પણ દીનબાઈના જેવાં થજો અને તમારા ભરતારની પેદાસમાંથી થોડું ઘણુબી બચાવવાની તજવીજ કરજો. તમારાં ડાપણથી તમોએ ઘરના ખરચમાં કરકસર કરીને જે બચાવીશ હશે તે તમને તથા તમારા બચાં કચાંને વીપતીને વખતે કામ લાગશે. નહી તો પાછલથી ઘણોજ પસતાવો કરવો પડશે. તમારાં બચાં-કચાંઓને પણ કરકસર રાખતાં, કપડાંની જતન લેતાં, હરએક ચીજને ઠેકાણેસર મુકતાં બચપણથીજ શીખવજો કે તેવી ટેવ પડી ગયાથી મોટી ઊમરે પોતાના ઘરનો ખરચ જોઈ તપાસીને કરવાને તથા તંગીના વખતમાં હાથ ખેંચીને ખરચ કરવાને મુશકેલ થઈ ન પડે.

## એક ગોલામ હબસણની હીંમત.

સવતંતર સંસથાનોના એક દખણ રાજ મધે ફેટી નામની એક હબસણ ગોલામડી રેહતી હતી. એ ઓરત ઊદીઓંગી, સારા સવભાવની અને સારી ચાલચલણની હતી. તેણીના શેઠે તેણીને એક પોતાના હબસી ગોલામ સાથે પરણાવી હતી અને તે ગોલામ મુઓ તાંહાંવેર તેની સાથે સલુકાઈ તથા હેત પરીતથી રેહતી હતી. એક વખતે એ હબસણને તેણીના શેઠે ધમકાવી અને ઘણુંજ અપમાન કીધું તેથી તેણીના ધણી અને શેઠ વચે બોલાચાલી થઈ. એ સબબને લીધે તેણીના ધણીને તેના શેઠે એટલો તો માર મારેઓ કે થોડાએક કલાક પછી તે મરણ પામેઓ.

ફેટીનો ભરથાર જે વખત મરણ પાંમેઓ તે વખતે તેણીને બે છોકરીઓ હતી. પણ તે પોતાના ધણીના અણચીંતા મોતથી અને તેના કારણ ઊપર વીચાર કરતાં ઘણીજ કંટાલી ગઈ હતી. તેથી તેણીએ પોતાના જુલમગાર શેઠના હાથમાંથી નાશી જવાનો ઠેરાવ કીધો. એક દેશથી બીજે દેશ નાશી જવું એ કાંમ કાંઈ સેહેલું નહીં અને વલી તે પઈસા વગર થઈ શકે નહીં તેથી તેણીએ થોડી વધારે મેહનત કરીને કેટલાએક પઈસા એકઠા કરવા માંડેઆ. પણ પઈસા એકઠા કરતાં વીસ વરશ નીકલી ગએઆં. એ વખતે તેની હીમત શીવાએ તેણીને બીજા કોઈની મદદ હતી નહીં. પણ એટલામાં એક બીજો બનાવ બનેઓ. તેણીનો ભરથાર મુઓ તારે તેણીની દશ અને બાર વરશની બે છોકરીઓ હતી તે હમણા મોટી થઈ હતી. એ સબબે તેણીના શેઠે તે છોકરીઓને ઘેરે ગોલાંમોનો વધારો કરવાને તેઓને પોતાના બે હબસી ગોલામો સાથે પરણાવી હતી અને તેઓ પણ બચાંઓને જનમ આપી ચુકી હતી. એ બનાવથી તે દલગીર થઈ પણ તેણીએ પોતાનો વીચાર બદલેઓ નહીં અને એવો નીશચએ કીધો કે કચાં બચાં સઘલાંઓને લેઈને નાશી જવું.

એ વખતે ફેટીનો શેઠ નાણાની તાણમાં આવી ગએઓ હતો તેથી તેણીને એવું બાથીશ કે હવે જો જલદીથી નાશી ન જવાએ તો પછી હમારામાંથી કેટલાએકને વેચી નાંખવામાં આવશે અને હમે જુદાં પડી જશું. તેથી તેઓએ જલદીથી એક મત થઈને નાશી જવાને માટે એક રાત ઠેરવી. કુતરાંઓ તેઓનાં પગલાં પીછાની શકે નહીં માટે તેઓએ પોતાના જોડામાં એક એવી દવા નાખી કે તેઓના પગલાં શોધી શકે નહીં. સઘલી તઈઆરી કરી ચુકાં પણ એટલામાં તેણીની એક છોકરી ચુટી, તેણીએ કહીશ કે આપણ કામ પાર પડે એવું મને દીસતું નથી માટે હું તો તમારી સાથે આવીશ નહીં. આ વાતથી પણ ફેટીએ કાંઈ પોતાનો મનસુબો ફેરવેઓ નહી અને તેઓ રાતના અગીઆર વાગે ફકત તેજ છોકરીને છોડીને સઘલાં ચાલતાં થએઆં.

રશતામાં તેઓને વારેઘડીએ નાસીપાસેસી અને દલગીરી ઊપજતી હતી. છ બચાંઓની ઘણીજ સંભાલ લેવાની જરૂર હતી અને તે સંબાલબી કેવી રીતે, તેઓને ખવડાવવુ, ધવડાવવું, ઊંચકવું અને રડતાં અટકાવવાં. પોતાને માટે જેટલો ખોરાક લેઈ નીકલેઆં હતાં તે થઈ રહેઓ. દીવશે તેઓ ઝાડી, જંગલમાં સંતાઈ રેહતાં હતાં અને કોઈ કોઈ વેલા પાણીમાં બેસી રેહતાં હતાં. રાતની વખતેબી

તેઓને કોઈ પકડી જાએ નહી માટે તેઓ આસતે આસતે અને ઘણી સંભાલ લેઇને મુસાફરી કરતાં હતાં. બે વખત તેઓએ કુતરાના અવાજો સાંભલેઆ પણ તે તેઓના શેઠના ન હતાં. એક વખતે તેઓ ઝાડીમાં સંતાઈ બેઠાં હતાં તારે તેઓએ અસવારોના અવાજ સાંભલેઆ અને તેઓ ઘણીજ ધાસતીમાં પડેઆં. તેઓએ પાધરો રસતો છોડી દીધો હતો અને ઝાડી જંગલમાંથી ચાલતાં હતાં તેથી તેઓનાં કપડાં સઘલાં કાંટાથી ફાટી ચીથડે હાલ થઈ ગએઆં હતાં. વલી તેઓએ ઝાડીનો રસતો લીધો હતો તેથી તેઓને દરના તારા શીવાએ બીજો કશો ભોમીઓબી હતો નહી. એજ તારા ઊપર તેઓ ભરોસો રાખતાં હતાં, કારણકે તેઓએ એવું સાંભલીઊં હતું કે તારાંની નીચે એટલે ઊતર વીભાગમાં ગોલામગીરી છે નહી. છ છોકરાંઓ મુસાફરીમાં ઘણો ખલલ ઊપજાવનારો બોજો થઈ પડેઆં હતાં પણ તેઓના બાપ શરીરે મજબુત અને સવભાવે ધીરા હતા. કેટીએ પોતાની હીમત જરાબી છોડી નહી. તેઓએ પોતાનાં શેઠનું પરગણું છોડીઊં એટલે તેણીને પાર પડવાની આશા વધી અને તે મતલબ શારૂ તેણીએ દુખ ખમવામાં કાંઈબી બાકી રાખીઊં નહી. તે એક એક બચાંને પોતાની પીઠ ઊપર લેઈને નદીમાંથી ચાલી જતી હતી. અને જાંહાં પાણી ઘણુ હાવાને લીધે ચલાતું હતું નહી તાંહાં તેને પોતાના એક હાથમાં પકડીને તરીખી જતી હતી. તેણીનું મન એટલા બધા ઘભરાટમાં હતું કે તેને ઊંઘબી થોડી આવતી હતી અને તેને અનબી થોડું ભાવતું હતું; પણ તેની છોકરી અને તેના બે જમાઈ સવતંતર પણાને માટે જે મુસાફરી કરતા હતા તે ફકત તેણીનીજ હીમતથી.

એવું દુખ તેઓને કેટલા દીવશ સુધી ભોગવવું પડીઊં તે વીશે કેટીને કાંઈ ખબર રહી નહી. પણ તે એવું ધારતી હતી કે તે એક મહીનાને આસરે હશે. એ મુદત પછી તેઓ આસરે રાતના નવ વાગે એક ખેતરમાંથી મુસાફરી કરતાં એક મજબુત બાંધેલી વાડ આગલ આવી પુગાં. એ વાડ કેમ કુડાવવી તે વીશે અંદેશો કરતાં હતાં એટલે એક માણસ આવીને તેઓની પાસે અણચીતીઓ ઊભો રહેઓ. જારે તેઓ વાડ પાસે આવેઆ તારે પણ એ માણસ તાંહાં ઊભેલો હતો અને તેણે એઓને બોલતાંબી સાંભલીઊં હતુ, પણ તેને તેઓએ દીઠાં ન હતાં. પેહેલાંતો તેઓ બીહીકથી ઘભરાઈ ગએઆં. મોટાં માણસો કેટીના મોહાડાં સાંમુ જોવા લાગાં અને છોકરાંઓ રડવા લાગાં. એવું થાએ એમાં કાંઈ નવાઈ ન હતી કારણ કે તેઓ નાશી છુટાં તારપછી તેઓએ એજ ગોરા માણસને દીઠો હતો. તે ગોરાએ તેઓને પુછીઊંકે તમે કોણછો પણ તેનો કાંઈ જવાબ તેઓએ દીધો નહી અને એક હબસીને જાંનની ફકર લાગી તેથી પોતાના હાથમાંનો છોકરો પોતાની ઓરતને આપી પોતાનો સોટો કાહાડી બચાવ કરવા મંડી ગએઓ. પણ પેલા ગરહસથે ફેરીથી પુછીઊંકે "તમને કાંઈ મદદ જોઈએછે સું?" કેટીએ તરતજ જવાબ દીધોકે "હા સાહેબ, પરમેશવરની ખાતર હમારી મદદ કરો" તેણે તેજ વખત પોતાના ફાનસના કાચ ઊઘાડેઆ અને તેની રોશની સઘલા હબશીઓને મોહાડે પડી. રોશનીથી તેઓની નજર દીપી ગેઈ અને તેથી તેઓએ આંખ વીચી દીધી એટલામાં પેલા ગરહસથે તેઓની પાસે જઈને જોઈઊં અને તે કોણ હતા તે વીશે તરત સમજી ગએઓ. તેમને દલાસો દીધો કે "મુંગા રહો અને કાંઈ બીહોમાં. અંહીઆં સઘલા તમારા હેતુઓછે અને હું તમારી સંભાલ લેઈશ."

જે પરગણા મધે એ સૌદી ગોલામો દાખલ થએઆ તે પેનશીલવેનીઆનું હતું. એ પરગણા મધે ગોલામોનો વેપાર ઘણેએક દરજજે બંધ હતો. પેલા સખી દીલના માણસે એઓને દેલાસો આપી વાડની પાસેથી પોતાને ઘેર લેઈ ગએઓ. તાંહાં તેણે એક વખારનું બારણું ઊઘાડીને તાંહાં ઘાસ પાંથરી રાખેલું હતું તેની ઊપર આરામ લેવાનું ફરમાવીઊં અને હેતથી પુછીઊં કે તમને કાંઈ ભુખ લાગીછે. આવા પેઆરથી કેટીને હરશના આંસુ આવેઆં અને ઊપકાર માનીને કહીઊં કે બે દાહાડા થએઆ છોકરાંઓ શીવાએ બીજા કોઈએ જરાબી ખાધું નથી. તે માઆલુ શખસે કહીઊં કે હું તમારે વાસતે ખોરાક લેવા જાઊં છું અને બાહેરથી બીજો કોઈ તમને બોલાવે તો કાંઈ જવાબ દેતાના. જરાવારમાં તે પાછો આવેઓ અને પોતાની સાથે રોટલી, ગોસ, પટેટા અને દુધની એક તાંમડી લઈ આવેઓ. વલી તેની ઓરત તથા તેની છોકરીએ તેની સાથે ગરમ પાંણી આણીઊં અને તેથી કરીને તેણીએ પેલા છોકરાંઓના પગ ધોએઆ

અને તે પછી કાંઈ મલમ લગાડેઓ. કારણ કે તેઓ જાણતી હતી કે આગલ જે ગોલામો નાશી આવેઆં હતા તેઓની સાથેના છોકરાઓના પગલાંબી મુસાફરીથી છોલાઈને ભારે દુખતા હતા. આટલો બધો અને સારો ખોરાક લેઈને તેઓએ પેટ ભરીને ખાધું અને પોતાની જીંદગીમાં પેહેલીજ વખતે વગર ફકરે ચેન તથા આરામથી સુતા.

એ માયાલુ અને સખી ગહરસથની છોકરીઓએ એ નાશી આવેલા ગોલામો તથા તેઓના છોકરાંઓને કપડાં આપેઆં અને તેના છોકરાઓએ તેઓને સારા ઘોડાઓ આપી ફીલાડેલફીઆ ખાતે રવાંને કીધા.

પણ હજી કેટીની મોટી હીમતની વાતનો પછવાડેછે. તે રસોઈ સારી કરી જાણતી તેથી ફીલાડેલફીઆ ખાતે પોંચેઆં પછી એક પોંચખાંનામાં બબરચી તરીકે ચાકર રહી. તેણીએ તણ મહીનાનો પગાર એકઠો કીધા પછી પોતાની પાછલ રહેલી છોકરીને પોતાના ઘાતકી શેઠના હાથમાંથી છોડવવાને કુચ કીધી. હમણા તે એકલી મુસાફરી કરવા નીકલી તેથી તે આગળના કરતાં થોડી મેહેનત અને દુખે પાછી પોતાના નીરદએ શેઠના ખેતરો પાસે આવી પુગી. અહીંઆં તે પોતાના બીજા ગોલામ સોબતીઓને મલી. એ બીજા ગોલામો તેણીની હીમતની તથા તેણીએ બીજી વખત આવીને શું કરવા ધારીઊં હતું તે વાત સાંભલીને ઘણાજ તાંજુબ થએઆ. તે પછી તેઓએ તેણીને જણાવીઊં કે તમે દસ જણ નાશી ગએઆં તેથી આપણો શેઠ ઘણોજ ગુસે થએઓ હતો અને તમારી છોકરી ઊપર ભારે જુલમ ગુજારતો હતો. હમણા તેને દુખ થતુ નથી કારણ કે થોડા દીવશ થએઆ આપણો શેઠ મરી ગએઓ પણ તે ઘણા મારના દરદથી હજી સારી થઈ નથી. વળી ફરીને તેઓએ એવુંબી જણાવીઊં કે તેણીના શેઠના સઘળા ગોલામોને હવે લીલાંઊમાં વેચી નાખવાનો વીચાર ચાલેછે.

આવો મામલો જોઈને કેટીએ પોતાના સોબતીઓને અરજ કીધી કે તમે મારી છોકરીને લઈ આવો. તે છોકરી આવી તારે દીકરીએ તેણીને કાંઈબી ઠપકો આપેઓ નહીં અને તેજ વખતે નાશી જવાનો ઠેરાવ કીધો. વળી બે ખંધા સીદીઓ છુટા થવાને ઈંતેજાર હતા તેઓબી એ મા દીકરી સાથે સાંમેલ થએઆ. એ સીદીઓ સામેલ થએઆ તે વાત નશીબ જોગે સારીજ થઈ, કારણ કે કેટીની છોકરી રસતામાં વધતી માંદી થઈ અને તે ચાલી મુદલ શકતી ન હતી તેથી તેને વારા ફરતે તેની મા તથા પેલા બે હબશીઓ ઊંચકતા હતા.

કેટીએ બીજી વખત પણ દરૂના તારાનું ભોમીઆપણુ લીધું. મુસાફરીમાં કેટીએ ઘણીજ ચંચલાઈ દેખાડી. તેણીએ ઘણુ કરીને પોતાનો આગલોજ રસતો લીધો અને અજબ જેવી રીતે પેલા સખી ગરહસથનાજ બંગલા આગળ આવી પોંતી અને વરસાત બારે પડતો હતો તથા અધરાતનો સમે હતો તોપણ હીમતથી બંગલામાં ચાલી ગઈ. પણ એક જુદોજ દેખાવ તેની નજરે પડેઓ. નીચેતો કાંઈ નહીં પણ માલ ઊપર દલગીરી અને રડાકુટ થતી હતી. પેલા સખી ગરહસથની મોટી છોકરી જેણીએ આગળા ગોલામો અને તેઓનાં છોકરાંઓની ખુબ અછી ચાકરી કરી હતી તે મરવાની તઈઆરીમાં હતી. પેલો સખી ગરહસથ જોકે પોતે દલગીર હતો તોપણ પોતાની ગમગીનીમાં આ ગોલામોનુ સુખ ભુલેઓ નહીં. સુકાં કપડાં, ગરમ ખોરાક તથા સુવાની જગા તેઓને આગળની પઠે આપવામાં આવી. તેની છોકરી તો સવારના મરણ પાંમી પણ તેના છોકરાઓ એ ગોલામોને ઘોડા ઊપર બેસાડી સલામત જગાએ પોંહચાડેઆ. હવે વાંચનારી બાઈઓ તમે પેલા ગરહસથને ખરેખરો સખી પુરૂશ અને કેટીને ખરેખરી હીમતવાન ઓરત કેહેશો કે નહી ?

## દુનીઆનો મુસાફર.

"પેઆરાં બેહન,

"મુંબઈ છોડેઆને આજ બે મહીના થએઆ અને હું શ્રી ચીન તરફ કનતાન ખાતે આવી પોંહચેઓછું. હું હાલ સારી સુખાકારીમાં છું અને તે વીશે તમે ફીકર કરતા ના. બાવા ગુજરેઆ પછી મને જે મોટો વારસો મલેઓછે તેનો થોડોએક ભાગ મેં મુસાફરીમાં ખરચવા બાબે ઠરાવ કીધોછે. હું વગર પરણેલો અને કાચો કુંવારો મુસાફરી કરવા માટે નીકલી પડેઓ છું તેથી કદાચ તમે દલગીર થઆં હશો. પણ પેઆરાં બેહન ! આપણા બાવા ઘણા સમજુ હતા કે બંચપણથી લગનની તોક મારે ગલે વલગાડી નહી.

"મારી મરજી હમેશ કુવારો રેહવાની નથી. પણ આજ બે વરસ થઆં જુદાં જુદાં દેશો જોવાની મારી ઈછા થઈ હતી. એ ઈછા પુરી પાડવાનો વખત આવેઓ, એટલે હું બાહર નીકલી પડેઓ છું. મારી મરજી એવીછે કે દુનીઆના સઘલા દેશોમાં ફેરી વલું. એમ કીધાથી મને બહુ ખરચ બેશસે પણ તેના બદલામાં મને જે અતીઘણો આનંદ અને સંતોશ ઊપજશે તથા જે અનુભવ, શાણપણ અને ગનાન મલશે તેથી એ ખરચ મને ઘણો ભારે લાગનાર નથી.

"દુનીઆના એક ખુણામાં હમેશ પડી રેહવાથી માણસની બુધી ખોલતી નથી, તથા જગતના બનાવનારની ખુબી ખરા આકારમાં દેખાતી નથી. એક ઊંદર પોતાના દરની અંદર ભરાઈને એમજ સમજેછે કે આખી દુનીઆમાં મારા રેથાણ જેવી જગા બીજી કેથે નથી. તેમજ આપણા લોકોને પોતાનાજ ગામમાં અને શેહરમાં ભરાઈ બેસવાની ટેવ પડી ગઈ છે.તેથી તેઓ પોતાના ગામને અને પોતાના શેહરને સઊથી સરસ ગણેછે અને તે છોડીને બીજા મુલકમાં જવું ગમતુ નથી. પણ જેઓએ મુસાફરી વીશે પુસતકો વાંચેઆંછે અથવા થોડી ઘણી મુસાફરી કીધીછે તેઓની ખાતરી થઈ ચુકીછે કે જુદા જુદા દેશો, જુદા જુદા લોકો અને જુદી જુદી રીત ભાંતો જોવાથી જે ખુશી, જે મજા, જે સંતોશ ઊપજેછે તથા જે અનુભવ, જે સાણપણ તથા જે ગ્નાન મલેછે તે કોઈ બીજી ચીજથી ઊપજી અથવા મલી શકતું નથી.


"પેઆરાં બેહન! મારો એવો વીચારછે કે હુ તમને મારી સુખાકારી વીશે દાગલ લખું તેની સાથે મારી મુસાફરીનો થોડો થોડો તમને સમજ પડે અને રમુજ મલે તેવો હેવાલ લખી મોકલીશ તો તમે વધારે ખુશી થશો. વલી તમને વધારે સમજ પડે તથા રમુજ મલે એવી મતલબથી હું કેટલોએક ખરચ કરીને તમારે વાસતે દર કાગલમાં ચીતરો મોકલતો જઈશ.

"ડીસેમબર મહીનામાં હું મુંબઈથી નીકલેઓ. દરીઆમાં સફર કરવાની ટેવ નહીં હતી તેથી મને બે ત્રણ દીવસ ઈસટીમર લાગી. આઠમે દીને હું ગાલી ખાતે આવી પોંહચેઓ. હીંદુસતાંનની દખણ દશાએ સીલોનનો મોટો ટાપુછે એ ટાપુ મધે ગાલીનું બંદરછે. ઈંગલંડથી જે ઈસટીમર કલકતા તરફ જાએછે તે તથા ચીન અને મુંબઈ વચે જે ઈસટીમર આવ જાવ કરેછે તે ગાલીનું બારૂ કરતી જાએછે. ગાલી અને મુંબઈ વચે વીજલીનો તારછે જેથી હરએક ઈસટીમર તાંહાં જઈ પોંહચેછે કે તેના સમાચાર મુંબઈ થોડા કલાકમાં મલેછે. સીલોનના ટાપુથી તથા તાંહાંના લોકોથી વાકેફ થવાને હું થોડાએક દીવસ ગાલી ખાતે રહેઓ.

"સીલોનનો ટાપુ ઈંગરેજ સરકારના હાથમાં છે. તે લંબાઈમાં ૨૭૦ માઈલ અને પોહલાઈમાં ૧૪૫ માઈલછે. આસરે ૧૪ લાખની વસતી સીલોનના ટાપુની કેહવાએછે. તાંહાંની હવા ઘણી ઠંડી અને આપણા લોકોને માફક આવે તેવીછે. સીલોન મધે જેટલી તજ પાકેછે તેટલી દુનીઆના કોઈબી ભાગમાં પાકતી નથી. સીલોનની પાસેના દરીઆમાં મોતીબી ઘણા પાકેછે. મોતીની સીપ જેવી દરીઆમાંથી કાહડેછે તેવો તેનો આકાર કેવો હોએછે તે આ ચીતર ઊપર



થી જોવામાં આવશે. સીલોનના લોકો સીંગાલીને નામે ઓલખાએછે. ઊતર ભાગનાં લોકો તાંમુલ ભાસા બોલેછે અને દખણના લોકોની ભાશા પાલીને નામે ઓલખાએછે. હાથીઓ ઘણા હોવાથી હાથીદાંત તાંહાંથી બીજા દેશાવરો ખાતે ઘણો જાએછે. તાંહાંના લોકો હાથીને તોપ તથા એવો બોજો ઊચકવામાં કામે લ



ગાડેછે. તાંહાના ઘણાખરા લોકો બુધનો ધરમ પાલે


છે. કોલમ્બો, કાંનડી અને ટરીનકોમાલી એ મુખીઅ શેહેરો કેહેવાએછે. એ શેહરોમાં સારા રસ્તા બાંધેલા છે અને સરકારી નીશાલો તથા અદાલતો જોવામાં આવેછે. ઈંગરેજ સરકારને એ ટાપુની ઊપજ દર વરસે ૫૦ લાખ રૂપીઆની થાએછે.

"તાંહાંથી બીજી ઈસટીમર જે થી ચીન ખાતે હંકારતી હતી તે ઈસટીમરમાં હવે હું અસવાર થયો. હું તમને જણાવવું ભુલી ગએઓ કે સીલોન હમો આવી પોંહચેઆ તેની અગાઊ લકદીવ તથા માલદીવ નામના ટાપુઓ પાસે થઈને હમારી આગબોટ ચાલતી હતી. એ ટાપુઓ મેં નજરે દીઠાં નથી પણ તે વીશે મેં એવું સાંભલીઊં કે હજારથી વધારે ટાપુઓ એક એકની પાસે આવેલાંછે અને તે સઘળાં માલદીવને નામે ઓલખાએછે. તાંહાંના લોકો સીલોનના લોકો જેવી ભાશા વાપરેછે પણ મુસલમાની ધરમ પાળેછે. આપણા છોકરાંઓ જે કોડી રમેછે તે કોડી એકઠી કરવામાં તથા તેની માછલી પકડવામાં તાંહાંના લોકો ઘણુ કરીને લાગેલાંછે. તે ટાપુઓનો મુખીઅ સરદાર ઈંગરેજ સરકારને ખંડણી આપેછે. તેની ઊતર દશાએ લકદીવના ટાપુછે, તાંહાં વાંહાંણના દોરડાં ઘણા મજબુત બનેછે.


"હમો સીલોનના ઊપડેલા સીંગાપોર ખાતે નવ દીવસે જઈ પોંહચેઆ. પીનાંગ અને સીંગાપોર વીશે તમોએ સાંભલીઊં હશે. મુંબઈ મધે જે મોટા ગુનેગારોને દેશનીકાલ કરવામાં આવેછે તેઓને પીનાંગ તથા સીંગાપોર મોકલી દેએછે. પીનાંગબી સીંગાપોરની પાસેજ આવેલુંછે. સીંગાપોર મલાઈ અથવા મલાકા દેશની દખણ દશાએ આવેલુંછે. મલાઈ દેશની વસતી આસરે ૪ લાખનીછે. મલાઈ લોક ઘણુ કરીને જંગલી હાલતમાંછે. તેઓ કેવી જાતનો પોશાક પેહરેછે તે આ ચીત્ર ઊપરથી માલુમ પડશે. મલાકાની હવા ગરમછે. ઝાડ ઘણાં લીલાં માલુમ પડેછે. એ દેશના જંગલમાં વાઘ અને દીપડા ઘણા હોએછે. મલાઈ દેશમાં કેટલેએક ઠેકાણે સુનાની ખાંણોછે. કુવેડા મુખીઅ શેહર કેહેવાએછે. સીંગાપોરમાં અરધી વસતી ચીનાઓનીછે. મલાઈના સુલતાંન પાસેથી આસરે ૪૦ વરસ ઊપર ઈંગરેજોએ સીંગાપોર ખરીદ કીધું હતું તારથી સીંગાપોરની હાલત સુધરીછે.



સીંગાપોરની પાસે મસાલાના ટાપુછે. સુમાટરા, જાવા અને બોરનીઓ મુખીઅ ટાપુઓ કેહવાએછે. એ ટાપુઓની હાલત સુધારનાર જે ઈંગરેજ થઈ ગએઓછે તેનું એક બાવલું મેં સીંગાપોર મધે જોએઊં. તેનું ચીત્ર પડાવીને તમારી ઊપર આ કાગલ સાથે બીડીઊંછે. તેનું નામ સર સટાંમફોરડ રાફલસ કરીનેછે. સીંગાપોરથી હમારી આગબોટ ઊપડી. તે ચીનાઈ સમુદરમાં આવી પોંહચી. એ સમુદરમાં બીજાં એટલાંતો ટાપુઓ આવેલાંછે કે તે વીશે હું કાંઈ લખી શકતો નથી. એવા સઘળા ટાપુઓ જોવાને ખોટી રેહું તો દુનીઆના મોટા મોટા શેહેરોમાં જવાને દસ વરસ પુરાં નહી થાએ.



જાનેવારીની આખેરીએ હું ચીન ખાતે કનતાનના બંદર આગળ આવી પોંહચેઓ. અરે એ બંદરનો દેખાવ જોઈ મને અતીશે ખુશી ઊતપન થઈ. જાણે હું નવી દુનીઆમાં આવેઓ હોવું એમ દીસવા લાગીઊં. કનતાનના બંદરનું ચીત્ર પડાવીને આ કા



ગલ સાથ બીડીલીછે. જુવો તે કેવું ખુબસુરત ખંદર લાગેછે. તેનો કીનારો વાડીની મીસાલે લાગેછે. વાંહાંણો અને મછવા સુમાર વગરના. કેટલાંએક વાંહાંણો ઘણાજ ખુબસુરત આકારનાં અને શોભીતાં હતાં. કેટલાએક મછવા એકજ જગા ઊપર પડેલા હતા. કેટલાએક મછવા જોરથી ચાલતા હતા. હવા થીર હતી અને સઘળો દેખાવ ખુશનુમાં થઈ પડેઓ હતો. ઘરોના આકાર જુદીજ તરેહના. ઊપલું ચીત્ર બારીકીથી જોશાતો તે આકાર નજરે પડશે. હું તુતક ઊપર જઈને જોવા લાગો. હમારી આગબોટ જેવી લાંગર થઈ કે મછવા વાળાઓ હમારી તરફ પોકાર મારતા અને દોડતા આવવા લાગા. તેઓ શા વાસતે હમારી તરફ દોડતા આવતા હતા તે હું સમજી ગએઓ. તે મધેની એક બોટમાં બેસીને હું કીનારે ઊતરેઓ. આ શેહેરમાં આવેઆને હજુર મને ચાર દીવસ થયાછે. તેટલામાં મે જે કાંઈ જોયુંછે તથા હવે પછી જે કાંઈ જોઈશ તે વીશેની હકીકત બીજાં કાગલમાં તમારી ઊપર લખી મોકલીશ. તમારા વરને તથા તમારાં બચાંઓને મારી વતી બોલાવજો; અને તેમને મારા હેવાલથી વાકેફ કરજો. હાલ એજઅરજ.

હું છું તમારો
પેઆરો ભાઈ.

## સાકરેટીસ અને તેનો છોકરો.

એક દીવસે સાકરેટીસે પોતાના છોકરાને ઘણો ચીરડાઈને પોતાની મા સાથે બેઅદબ થતાં જોઓ. સાકરેટીસને સારી પેઠે ખબર હતી કે મારી બાએડી હઠીલ અને ખરાબ સવભાવનીછે, તથા તે છોકરાને વારે ઘડીએ કંટાલો આપેછે. તોપણ તેણે વીચાર કીધો કે છોકરાએ પોતાની માને સામે થવા શીકવું જોઈએ નહી. મા બાપ ગમે એવાં સવભાવનાં હોએ તોપણ છોકરાંઓએ તેમની સાથે બેઅદબ થવું નહી, એવો વીચાર કરીને તેણે પોતાના છોકરાને એકાંત તેડી શીખામણ દેવાનો નીશચય કીધો. છોકરાને તેડી નીચે મુજબ તેની સાથે જવાબ સવાલ કરી તેની ખાતરી કરી આપી કે તે ફરી કદી પોતાની માની સામે થાય નહી. છોકરો પણ સમજુ હતો તેથી પોતાના બાપની શીખામણ તેનાં મનમાં ઊતરી અને ફરી તે કદી પોતાની માની સામે થઓ નહી.

સાકરેટીસ—માહારા વાહલા દીકરા જરા મારી પાસે આવી જા, મને તારી સાથે કાંઈ વાંત કરવીછે.

છોકરો—કેમ બાવાજી શું હાકમછે ?

સાકરેટીસ—બેટા તેં કોઈ વખતે નીમકહરાંમ માણસો વીશે કાંઈ સાંભલીયુંછે વારૂ ?

છોકરો—ઘણી વખત, બાવાજી.

સાકરેટીસ—તો મને કેહે વારૂ, કે નીમકહરામી એટલે શું ?

છોકરો—એટલે કોઈએ આપણા ઊપર ઊપકાર કરેઓ હોએ, તે વીસરી જઈને જેઆરે વખત આવે તેઆરે તેનો બદલો આપવાને બદલે તેથી કાંઈ ઊલટુંજ કરીએ, અથવા ઊપકારને બદલે અપકાર કરીએ તેને નીમકહરામી કેહેછે.

સાકરેટીસ—વારૂં, તેઆરે આ દુનીઆમાં છોકરાઓ ઊપર તેમના મા બાપોનો જે ઊપકાર થાએછે તે કરતાં કોઈ બીજા માણસોનો તેમના ઊપર વધારે ઊપકાર થાએછે વારૂ ?

છોકરો—હું નહી ધારતો કે છોકરાંઓ ઊપર તેમનાં માબાપ કરતાં વધારે ઊપકાર કોઈ બીજાં માણસોનો થતો હોય. શા માટે કે મા બાપો વડેજ છોકરાંઓ આ દુનીઆમાં સુખી અને આબરૂ ભરેલાં રેહેછે. તથા મા બાપથી તેમને સારી ખુબી મલેછે તેથીજ તેઓ આ સંસારમાં પોતાનો ગુજારો આબાદાનીથી ગુજારેછે.

સાકરેટીસ—જેઆરે એમજછે તેઆરે તું શા માટે તારી પોતાની મા સાથે આટલો બધો ચીરડાઈ તેની સામે થાએછે.

છોકરો—તમો કહોછો એ ખરૂછે બાવાજી. પણ તમો વીચાર કરી જુઓ કે મારી મા જેવી હઠીલી અને ખરાબ સવભાવની માની સામે થઆ વગર કોણ રહી શકે ? બીજી સઘલી માતાઓના કરતાં મારી માની જીભલી એટલીતો ચાલેછે કે તે કોઈ છોકરૂ સાંખી શકે નહી.

સાકરેટીસ—ખરી વાતછે, બેટા, પણ તને ખબરછે કે તેં નાહનપણમાં તારી એજ માને કેટલો કંટાળો આપીઓછે ? જેવારે તું બાલક અને લાચાર હતો, જેવારે તારામાં કદી વાતની સમજ હતી નહી, અને વા

રેહવીએ તું જરા જરામાં ચીડાઈ એકદમ રડી તારી
માને બેહદ કંટાલો આપતો હતો, તે સઘલું તેણીએ કે
વી રીતે ખમીઊંછે તેની તને કાંઈ ખબરછે ? જેવારે
તું માંદો પડતો અથવા તને કાંઈ વાતની અડચણ થ
તી તારે, તારે વાસતે તારી એજ માએ કેટલું દુખ ભો
ગવયુંછે તેનું તને ભાનછે ! કેટલીએક વખતે તારે વાસ
તે તેણીએ પોતાના સઘલાં સુખ દુખ એક કોરે ના
ખયાંછે, ને કેટલાએક દીવસ સુધી તારી એજ માએ
તારે વાસતે રાતની ઉંઘ અને દીવસની ભુખ તજીછે તે
નો તને કાંઈ પણ ખયાલછે વારુ ? વાસતે મારા પેઆરા
બેટા તું ધીરજથી જો વીચાર કરી જોશે તો તને માલુમ પ
ડીઆ વના રેહવાનું નથી કે એ માએ આટલાં બધાં
દુખ ખમી તારા ઊપર જે બેહદ ઊપકાર કરીયાછે તે
નો પાડ વાળવાને તારી માંનું ગમે એટલું પણ દુખ
તું ખમે તો તે બસ થનાર નથી. તે સાથે વળી લોકો
આં જેવારે એ વાત માલુમ પડે કે તું પોતાની માનો
ઊપકાર વીસરી જઈ તેણીની સામે થાયછે, તો પછી
લોકો તારા ઊપર વીશવાશ રાખી તને જોખમ ભરેલાં
કામ કેમ કરીને સોંપે ? માટે મારા પીઆરા દીકરા આ
વાત ઊપર ધીઆન પુગાડી હવે પછે કોઈ દાહાડો એ
વી ચાલ ચલાવતો નાં કે જેથી તારા ઊપર નીમકહ
રામ થવાની અથવા ઊપકારને બદલે અપકાર કરવા
ની બદનામી આવે.

## બે હીરાની વાત.

એક ઝવેરી પાસે બે હીરા હતા. તેમાં એક સા
ફ કીધેલો પાસાદાર હતો તથા બીજો સાફ કરીઆ ત
થા ઘસીઆ વગરનો હતો. એ બંધે હીરા પેલા ઝવે
રીએ પોતાની પેટીના એક વકોરામાં સાથે મુકીઆ હ
તા. જેબી કોઈ ખરીદદાર હીરા ખરીદવા આવે તે પે
હેલાં પેલા ઘસીને સાફ કીધેલા પાસાદાર હીરાનેજ મા
ત્ર જુએ અને તેજ વેચાતો લેવા માટે પેલા ઝવેરી સા
થે ભાવ કરે, અને પેલા બીજા વગર સાફ કીધેલા હી
રાનીતો કોઈ કાંઈ દરકાર કરે નહી, અને જાણે એક
નકામી પથર સરીખી વસતુ પડેલી હોએ એમ સમજી
તેને હાથ પણ લગાડે નહી. દરરોજ એ પરમાણે બ
નતું તેથી પેલા હીરાને બહુ માઠું લાગીઊં. માટે તેણે
એક દીવસે પોતાનાં બીજા ભાગ્યશાળી મીત્ર આગળ
નીચે મુજબ ફરીઆદ કીધી. "ભાઈ, હીરા આજ તારા
માં અને મારામાં આટલું બધું અંતર પડી ગઊંછે
તે જોયાથી મને કાંઈ થોડી અચરતી નથી ઊપજતી.
તને તો ખબરજ હશે કે આપણ બંધે જણો આગળ
ગોલકંડાની હીરાની ખાણમાં સાથે અને એકજ ઠેકા
ણે એક મેકની પડોસમાં પડેલા હતા, એટલું છતાં
પણ આજ તારા દેખાવ અને ઢપમાં કાંઈ ઓર તરાં
હનો ફેરફાર થઈ ગયોછે અને તેથી કરીને લોકો મ
જ કરતાં તારા ઊપર ઘણા પરશન થાયછે. તું જો
વારું કે જે દાહાડાનાં આપણને સાથે આ પેટીમાં મુકી
યાછે. તે દાહાડાથી તને પેયાર ભરેલી નજરથી જો
ઈ કેટલા જણાઓએ ઊંચકીને નીહાલી નીહાલી જો
યોછે, તથા તારા માટે કેટલા પઈસા પણ આપણા શેઠને
આપવા કહેલાછે, ને મારી તો કોઈ સુદ્ધાં દરકાર પણ
કરતું નથી, જે ઠેકાણે નાખી મુકયોછે તાંહાં નો તાંહાં હું
પડી રહયોછું. અને આખા જનમારામાં એકવાર પણ
કોઈએ મારી તરફ ખુશી ભરેલી નજરે જોયું નથી તથા
હાથમાં ધરીઓ નથી." પેલો પાસાદાર હીરો જાતે
ઘણો નમાનો અને રાંક હતો, તેનામાં કાંઈ તકોબરી
તથા ગરવ હતો નહી, માટે ધીમે રહીને પોતાના કમ
તાલેના દોસતને નીચે મુજબ દીલાસો આપીઓ. તે
બોલીઓ "ભાઈ તું કેહેછે તે ખરૂંછે. આજ લોકો મને
આટલા ચાહેછે ને પેયાર ભરેલી ખુશ નજરથી મને
જોએછે તેમાં કાંઈ મારી ખુબી નથી. એ ખુબી મને
ઘસીને સાફ કરનાર તથા આવો ભપકા ભરેલો આકાર
આપનાર કારીગરનીછે. જો એ કારીગરે સારી પેઠે
ધીઆન દઈને મને આવી રીતે સાફ અને પાસાદાર
નહી કીધો હતતો મારી હાલ જે ભભક મારેછે તે કાં
ઈ બનતે નહી અને જારે તેહું કાંઈ થતે નહી એટ
લે મારા ઊપર કોઈ પરશન પણ થતે નહી. બાકી
બીજી જે કાંઈ ખુબીઓ મારામાછે તેતો સઘલી તજ
માં પણછે. અને વલી આપણ બંધે જણ એક ઠેકાણે
અને એકજ સરખી રીતે ઊછરેલા છઈએ માટે આપ
ણાંમાં નીતી ખુબી કાંઈ વતી ઓછી નથી. આજ મને
જે આટલો મોટો મરતબો મલેછે, અને જે તે લોકો મ
ને આટલું બધું માન આપેછે તેમાં મારી પોતાની
ખુબીતો માત્ર એટલીજછે કે મને ઘસીને સાફ કરના
ર ઊસતાદનાં કહ્યા પરમાણે હું સઘલી રીતે ચાલી

ચો, કશી રીતે તેના વીચારની સામો થયો નહી. તે કોઈ વખતે મને પેટીમાં બંધ કરી મુકે, કોઈ વખતે આખો દાહાડો ઘસીયા કરે, કોઈ વખતે કાગલમાં વી ટાલે અને એવે એવે પરકારે મને બહુ કંટાલો આવે એવી રીતે મને મારા દાહાડા તેના હાથમાં કાહડવા પડીઆ હતા, જે વેલાએ મને વારંવાર એવું લાગતું હતું કે કેયારે લાગ ફાવે ને હું નીકલી નાશી જાઊં પણ જાંહાં સુધી હું આપણા હાલના શેઠને ઘેર આ વીઓ તાંહાં સુધી મને નીકલી નાશવાની તક મલી નહી. એવી રીતે હું ઘણું દુખ ખમીને તે ઊસતાદ નાં હાથ તલે સારી રીતે સુધરીયો તેથીજ આજ મને આટલું માન મલેછે. તેમજ પેયારા ભાઈ હવે જ લદીથી તારો પણ વખત આવશે અને તું પણ મા રી પેઠે જાંહાં તાંહાં વખણાશે."

## ફુરસતની વેલાએ રમુજ.

વાંચનાર પેઆરી માતાઓ અને બેહેનો, ઊપ લું મથાળું કરી હમો શું લખવા માંગીએછે તે કદાચ તમો સમજીઆં હશો, પણ જો ન સમજીઆં હોવો તો જણાવીએ છીએ કે માણસોને પરમેશવરે જે અવસ થામાં ઊતપન કરીશેછે તે ઊપર નજર કરતાં માણ સોને પોતાના કામ કાજથી ફારેગ થએઆ પછે કેટલી ક નીરદોશ રમુજોમાં થોડો પણ વેળ ગાલવો જોઈએ છે એવું ચોકસ ઠરેછે. માણસ અને બીજાં ઊતરતાં જનાવરોમાં જે બીજો કેટલોક ભેદછે તેમજ આ પણ એક ભેદછે કે બીજાં ઊતરતાં જાનવરો કરતાં માણસ ને વધારે જલદી થાક ચહડેછે, અને તેને જલદી વીસ રાંતી અથવા આશાએશ લેવાની જરૂર થઈ પડેછે. માટે દરએક શખસ પછે ગરીબ કે તવંગર, ઘરડું કે જુવાન, મરદ કે ઓરત, બાલક કે મોહોટી વએનું એ ટરવને આસાએસ માટે કેટલોક વેળ નીરદોશ રમુજ માં ગાલવો જોઈએછે; એમ જો ન થયું તો તેથી તે ની સુખાકારી સારી રેહેની નથી.

હવે કદાચ તમો પુછશો કે ફુરસતને માટે એવી તે શી રમુજ કરીએ ? વળી બે ઘડી બેસાં ઊઠીઆં, આસે પાસે ગીઆં આવીઆં, બે બેનપણીઓ સાથ કાં ઈ ગામ ગપાટાની વાતચીત કીધી; એટલે એથી પણ ફુરસતનો વેળ ગએઓ. ખરી વાતછે બેહેનીઓ, એ થી તમારો ફુરસતનો વેળ જશે એમાં કાંઈ શક નથી; અથવા એટલુંબી શું કામ જોઈએ, બે ઘ ડી સુતાં અથવા અરેટાએઆં એટલે પણ વખતતો જવાનો—વખત કાંઈ કોઈને માટે અટકી રેહેવાનો ન થી. તોપણ હમારી મતલબ બીજીછે. બેઠા ઊઠીઆ માં, સુતા જાગીઆમાં તથા ગામગપાટા સાંભલવામાં જે વેલ જશે તે તદન નકામો ગએલો ગણાશે, તેથી કો ઈબી રીતનો તમોને ખરેખરો ફાએદો અથવા લાભ થ નાર નથી, અથવા તેથી તમારાં ગનાનમાં કાંઈ રીતનો ઊંબેરો થનાર નથી. સુધરેલાં દેશોના જુદા જુદા ભા ગોમાં એ કરતાં કોઈ જુદાજ ઊપાઓ અને રીતો કામે લગાડવામાં આવેછે, તેવી કોઈ રીતો આપણામાં ને તેમાં મુખીઅ કરી અસતરીઓમાં દાખલ થએલી જોવાને હમો ઈંતેજાર છીએ. સુધરેલાં દેશોના કેટલા ક ભાગોમાં લોકો પરવારતે વખતે વાંચવા લખવા તથા તરેહવાર ખુદરતી ચીજો વીશે ગનાન મેલવવાને ગુંતાએ લાં રેહેછે. તેઓને મનસે એ નવી નવી ચીજો વીશે ગનાન મેલવવું અથવા નવી નવી વાતો જાણવી—એ જ ફુરસતના વખતને માટે નીરદોશ રમુજછે. વલી કે ટલાકો તરેહવાર કલપના દોડાવી નવી નવી જુકતીઓ તથા કઠણ અને એકાએક ધીઆનમાં નહી આવે એ વી અજાએબ કરામતો, જેવાં કે ઊખીઆનાં વગેરે રચવામાં રમુજ માનેછે. કેટલાકો તરેહવાર રમતો જે વી કે દામ, સોટકાં, મોહોરાં, પાના, એકલુ વગેરેની ર મી પોતાનો ફરસદનો વેળ ગાલેછે, ને તેમાં જોઈએ એટલી રમુજ મેલવેછે. ઊપર જણાવેલી એ સઘળી રી તો ખરેખર સારીછે ને તે આપણા લોકોમાં દાખલ થવી જોઈએછે. એ સઘળી રીતો દેખઈતી નજીવી તથા સે હેજ માલુમ પડેછે, પણ જેઓને એવી ચીજોનો અનુ ભવછે તેઓજ એની ખરી ખુબી પીછાનેછે. એવી ર મતોથી જે લાભો થાએછે તેમાં બેએ મુખીઅ લાભ એ છે કે એકતો રમનારને સમએસુચકતા શીકવેછે, યાને જોઈતી વખતે કહેઆ ઊપાઓ કરવા—જે વેલાએ ચારે તરફથી ઘેરાઈ ગએઆ હોઈએ તારે કવી રીતે બચાવ કરવો વગેરે દુરંદેશાથી શોધી કાહાડવાની રમ નારને તએ પડેછે, તથા બીજો લાભ એ થાએછે કે ર મનારમાં ધીરજ, શાંતી અને સબુરીના તથા ઠંડો સ વભાવ રાખવાના ગુણો દાખલ થાએછે. સામા રમના



દામની રમત—કાકા અવે શું કરશો?

રની જીત થએઆથી કેટલી ચીડ ચડી આવેછે તથા કેટલું માઠું લાગેછે અથવા એવી વેલાએ ઊપર રપેનાં માણસો બીચારા પીઆજ માત થનારને કેવા હશેછે તે સઘળાંની કશી દરકાર ન રાખતે ધીરજ રાખી, મોહોટું દીલ કરી તેની સામે થવું એ ગુણ એકાએક માણસમાં મલી આવવાનો નથી. રાત દીવસના માહાવેરા તથા તમે ઊપરથી એવા ગુણ આવેછે.

નમુના તરીકે આ પાસેનાં ચીતાર ઊપર વાંચનાર બાઈઓનું ધીઆન દોડાવવા માંગીએ છીએ. એક મોટા બાવા એક છોકરા સાથે રમવા બેઠાછે. કાકા વએ પુગેલાછે તેથી ચસમો લીધેલોછે. કાકા બીચારા રમતાં રમતાં છોકરાના હાત તલે આવી ગએઆછે તેથી ખુબ વીચારમાં ને અંદેશામાં પડીઆછે કે કેઈ ચાલ ચાલી એ દાવની હારથી છુટું. બીજી તરફ છોકરો પોતાની જીત જોઈ ઘણો મઘન અને ખુશી થતો દેખાએછે, અને "કાકા હવે શું કરશો" એમ પુછતો માલુમ પડેછે. તેની પાસે તેની એક નાહાની બેહેનછે, તે બીચારા કાકાને ઘલરાટમાં પડેલા તથા પોતાના બાઈને જીતમાં જોઈ લગાર ખુશી થઈ મો મલકાવતી દેખાએછે. કાકાનાં મોહોડાં અને ભવાં ઊપરથી માલુમ પડેછે કે કાકા જરા ચીડાએઆછે તો ખરા, પણ ગુસો મારી ગોઆછે, ને ધીરજ રાખી દાવ ફેરવી નાખવાની તજવીજમાંછે.


આ નીરદોશ રમુજોથી બેહદ ફાએદો થાએછે. લોકો વાજબી રીતે એમ બોલેછે કે પરવારતાં માણસોને કાંઈ નહી ને કાંઈ માઠા વીચાર આવીઆ કરેછે જેથી કેટલીએક વાર તેમને બહુ ઈજા પણ ભોગવવી પડેછે, તો તે ઈજા ટાલવાનો પણ આ એક અછો ઊપાએછે. બાકી પરવારતાં બાઈ બેઠાં ખુ બેઠાં કરવાથી તથા કોઈની ખરી ખોટી તારી મારી કરવાથી કોઈબી ગીતનો લાભ થવાને બદલે નુકશાન થાએછે એટલુંજ નહી, પણ તેથી ઊલટો ગુનાહ થાએછે; માટે હમો અંતકરણથી ઈછીએછે કે સીઓમાં પરવારતે વખતે આવી કોઈ નીરદોશ રમુજ દાખલ થાએ. કેટલીક સીઓ પાનાદાવ રમેછે પણ તેથી કાંઈ વીચાર કરવાને મનને જોઈએ એટલી જોગવાઈ મલતી નથી.

## ઓરતોની મીજલસ—બાશણ તરીજું.


ગુલબાઈએ પોતાની સઘલી બેહનપણીઓને વલી ત્રીજી વખત પોતાની વાડીમાં બોલાવી. આ વેલાએ તેઓની ઊલટમાં શું પુછવું ? શીરીનબાઈ, દીનબાઈ, માણેકબાઈ અને બીજી બાઈઓ છેલી મુલાકાતથી એટલાંતો ખુશી થઈ ગઆં હતાં કે આ વેલાએ ઊલટભર એકઠાં થએઆં. તેઓ આવીને ડાકટરની વાટજ જોતાં બેઠાં. તેઓએ રમવાનું તથા બીજા ટાહેલાં કરવાનું છોડીને ડાકટરના છેલા બાશણ વીશે વાત કરવા લાગાં અને "ડાકટર હજુર કેમ ન આવેઆ" એમ જરા જરા રહીને બોલવા લાગાં. તેવામાં ડાકટર આવી લાગા. જે ઓરડાની અંદર તેઓ એકઠાં થઆં હતાં તે ઓરડામાં અગાઊની પેઠે સારી પેઠે રોશની કરવામાં આવી હતી. ગઈ વેલાએ જે વીજલીનો સાંચો ડાકટર લાવેઆ હતા તેજ સાંચો આ વખતેબી લાવેઆ હતા અને બીજી ત્રણ નાહની પેટીબી લાવેઆ હતા. એક પેટીમાંથી આવી જાતનું એક ઈસટાંડ કાહડીઊં.



તે ઈસટાંડના આડા દાંડા ઊપર રેશમના દોરા સાથે રૂનો ગોલ દડો બાંધેઓ હતો. ડાકટરે પછી કાચનું રૂલર લીધું અને તેની સાથે રેશમી રૂમાલ ખુબ ઘસેઓ અને પછી તે રૂલરને દડાની આગલ ધરીઊં એટલે દડો રૂલર સાથે અથડાએ અને વલી પાછો જાએ, અથડાએ અને પાછો જાએ એમ ઘણીવાર સુધી થયા કીધું. તેથી સઘલી બાઈઓને ઘણી રમુજ મલી. ડાકટર બોલેઆકે "અજાણ્યા માણસને કોઈ ઠગારો એમ સમજાવેકે આ કાચની લાકડીમાં જાદુછે તેથી તે દડો ડોડા ડોડી કરેછે તોતે ખરૂ માને. પણ કાચની લાકડીને રેશમ સાથે ઘસેઆથી તેમાં વીજલી પેદા થઈછે. તે વીશે હું તમને કોઈ બીજી વેલાએ સમજ આપીશ. વલી જુઓ આ બીજી રમુજ. "બે આડકાં, ઊપર ગોલ દડા તથા રંગ ટાંગેલાછે."એ



ટલું ખોલીને વીજલીનો સાંચો ફેરવેઓ અને તેની વીજલી તેમાં દાખલ થવાથી દડા ચંગની સાથે અથડાવા લાગેઆ જેથી રમુજી અવાજ નીકલવા લાગેઓ અને પોતાની મેલે તે દડા ચંગની સાથે કેમ અથડેછે તે જોઈ સઘલી બાઈઓ ઘણી અચરત પાંમી. વલી ત્રીજી પેટીમાંથી કાચનું ઈસટાંડ કાહડીને જે રમુજ દેખાડી તેથી વધારે અચરતી ઊપજી.



એક રકાબી જે એક બીજા ઈસટાંડ સાથે જોડેલી હતી તે રકાબી ઊપર બે પુતલીઓ સુવાડી. પછી બીજા કાચના ઈસટાંડ સાથે ટાંગેલી જે રકાબી હતી તે રકાબી પેહલી રકાબીની સામ સામે આવે એવી રીતે તે કાચનું ઈસટાંડ ખેસવીને મુકીઊં. પછી ઈસટાંડની બીજી તરફની જે સાંકલ છુટીછે તે સાંકલમાં પેલો મોટો સાંચો ફેરવીને વીજલી દાખલ કીધી એટલે પેલી પુતલીઓ ઊભી થઈને પોતાની મેલે નાચવા લાગી. એથી સઘલી બાઈઓને ઘણીજ રમુજ ઊપજી. એ રમુજ ૦ા કલાકવેર સઘલી બાઈઓને આપેઆ પછી ડાકટરે જખમ વીસે ભાશણ કરવા માંડીઊં.

### જખમ વીશે.

હવે હું તમને જખમ વીશે થોડીએક સલાહ આપવા માગુંછું તે ધેઆન ધરીને સાંભલશો તો તમને કેટલુંએક અગતનું ગનાન મલશે. જખમ ઘણુ કરીને છરી, તરવાર, ભાળા, ખરછી ઈતીઆદી ધારવાંળા હથીઆરથી થાએછે. એવી જાતના જખમથી લોહી થોડું અથવા ઘણુ નીકળેઆ વગર રેહતું નથી. જો લોહી ઘણુંજ જતું હોએ અને માણસના જીવ વીશે ધાસ્તી હોએતો કોઈ શીખેલા ડાકટરની મદદ તરત મંગાવવી જોઈએ. જખમ ઘણો ઊંડો હોએ અને અગતના ભાગોને નુકસાન પોંહચીઊં હોએ—માથામાં જખમ લાગાથી ભેજાંને નુકશાન પોંહચીઊં હોએ અથવા છાતીમાં જખમ લાગાથી ફેફસાને નુકસાન પોંહચીઊં હોએ.અથવા પેટ જખમાયાથી આંતરડાને નુકસાન થયું હોએતો એવી વખતે શીખેલા ડાકટરને બોલાવવાની અગતછે. કોઈ મોટા જખમથી આંખને નુકસાન પોંહચીઊં હોએ અથવા હાટ ચીરાઈ ગએઓ હોએ અથવા માથું.ફાટી ગયું હોએતો તેવી વખતે પણ ડાકટરને બોલાવવાની જરૂરછે.

છરી અથવા એવા ધારવાળા હથીઆરથી શરીરનો કોઈબી ભાગ કપાયો હોએ અને તેમાંથી અતીઘણુ લોહી નીકલતું નહી હોએ અને કાપ નાહાનો હોએતો તે જખમ થએલા ભાગને પાણીમાં બોરવો: અગર પાંણીમાં બોરી શકાએ તેવો ભાગ નહી હોએતો તે જખમ ઊપર પાંણીની ધાર થોડોવાર રેડવી કે લોહી નીકલતું તરત બંધ થઈ જશે. તારપછી તે ભાગ લુછીને તે ઊપર પલાસટર વલગાવવું.

આ કારણસર વાપરવાને બે જાતના પલાસટર આવેછે. તે આપણા કેટલાએક ગાંધીની દુકાનેબી મલી શકેછે. એકને "સોપ પલાસટર" અને બીજાને "ઈસટીકીગ પલાસટર" કરીને કેહછે. બીજાં ઘણી જાતના પલાસટર એ કારણસર આવેછે પણ ઊપલા બે જાતના ઘણા સસતાં મલેછે. એ પલાસટરની એક એક લાકડી બનાવીને વેચેછે અને તે લાકડીમાંથી દર વખતે જોઈએ તારે નાહનો કટકો કાપીને એક જાડાં કપડાંની ઊપર છરી અથવા તવેથો ગરમ કરીને તેને પાથરવું અને તેની આગરી અથવા પટી કરીને તે ભાગ ઊપર વલગાવવી. કપડાં ઊપર પાથરેલું પલાસટર ટરીચર તથા રાજસ તથા હરએક દવાખાનામાં તઈઆર મલેછે તે જો ઘરમાં રાખીઊં હોએતો તરત જરા ફાડીને વલગાવી દેવું.

હર કોઈ જખમને પલાસટર લગાડતી વેલાએ થોડી હોશીઆરી અથવા સાવચેતી રાખવાની જરૂર છે. તે પલાસટર જખમની ઊપર ફકત આગરીની મીસાલે મુકવું નહી. પણ વલગાવતી વેલાએ જખમની એક બાજુ ઊપર આપણા ડાબા હાથનો અંગુઠો અને બીજી બાજુ ઊપર તેજ હાથની અંગોઠા પાસેની આંગલીથી જખમની બેહુ ધાર બરાબર અને છેક એક એકની સાથે રેહે તેમ પકડવી અને તરત પેલા પલાસટરની ચીપ વલગાવી દેવી. જખમ લાંબો હોએતો લાંબી ચીપ વલગાવવી.

પલાસટર લગાડવાની મુખીઅ મતલબ એછે

ને બાહરની હવા જખમને લાગે નહી. જાંહાંસુધી જખમ રૂજ વલી જાએ અથવા પલાસટર કાલું થઈ જાએ અથવા જખમમાં પરૂ થાએ તાંહાંસુધી પલાસટર કાહડવું નહી. જખમ રૂજાવાને બદલે તેમા પરૂ થાએ તારેતો કાહડવાની જરૂરજ પડે પણ કેટલાએક અણજાણ લોક રોજ રોજ સફાઈને વાસતે પલાસટર બદલેછે કે જેથી કરીને જખમ જલદી રૂજ વલતો નથી. પલાસટર કાહડતી વખતેઓ સંભાલ રાખવી જોઈએ. પલાસટરનો એક છેડો પકડીને ઊખેરી નહી કાહડવું પણ તેના બે છેડા પકડીને બેઊ છેડેથી ઊખેડવું કે જેથી કરીને જખમની કીનારીઓ એક બીજાથી છુટી પડે નહી; તથા ખેંચાએ નહી.

પલાસટર કાહડેઆ પછી એવું માલુમ પડે કે જખમ નજદીક સારો થવા આવેઓછે પણ તદન રૂજાયો નથી તો ફરીથી બીજુ પલાસટર લગાડવું. પણ જો જખમ પાકેઓ હોએ અથવા પરૂ થયું હોએ તો તેની ઊપર સફેદ મલમની પોચી અને હલકી આગરી મારવી કે જેથી કરી હવા તેને લાગે નહી. જો જખમની કીનારીઓ ઘણી રાતી થઈ ગઈ હોએ અને તેમાં પરૂ થયું હોએ એમ દુખતું હોએતો ગરમ પાણીએથી હલકે હાથે ધોઈને પાણીની અથવા આટાની પોટીસ મારવી અને સઘળી રતાસ નીકલી ગયા પછી સફેત મલમની આગલી થોડા દીવસ મારવી.

જખમ ધારવાલા હથીઆરને બદલે ધાર વગરના હથીઆરથી થયો હોએ તારે ઘણુ કરીને તેમાંથી લોહી નીકલતું નથી પણ તેની કીનારી આડી અવાડી ફાટેલી દીસેછે. એવા જખમમાં પરૂ ઘણુ ભરાએછે અને તેની ઊપર પોટીસ લગાડવી પડેછે. પલાસટર એવા જખમોમાં કાંઈ કામનું નથી.

હર કોઈ જખમને કાંઈબી પલાસટર લગાડેઆની અગાઊ તેને પાણીથી ધોવો જોઈએ જેથી કાંઈબી કચરો વલગેલો હોએ તે નીકલી જાએ. જખમ ઊપર જરાબી ધુલ, અથવા કપડાંની કે કાચની કગરસ ઈતીઆદી કાંઈબી હોએ તે હાથે કરીને અથવા ચીમટાએ કરીને કાહડી નાખવું. પરૂ થઓ પછી જખમ ધોવાની ઘણી સંભાલ જોઈએ નહીતો તે રૂજાતો નથી. ધોતી વખતે જરા ઊંચેથી પાણી નાખવું અને પછી જખમની આસપાસની જગા લુંછીને કોરી કરવી."

એટલું બોલીને ડાકટરે પોતાનું તરીનું ભાષણ પુરૂ કીધું અને તેથી સઘળી બાઈઓને અગાઊના જેટલી ખુશી ઊપજી હતી. ગુલબાઈએ ડાકટરની મેહનતને વાસતે ઊપકાર માનેઓ.

---

## સચાઈની ફતેહ.

એક ઊંચા કુલની ઊમરાવની છોકરીએ ચળદમાં લુઈ પાદશાહ ઊપર કેટલાક ઊપકાર કરીઆ હતા, અને તેના બદલામાં એક દીવસે તે પાદશાહની મારફતથી એક કામ કરાવવાની ફરમાસ કરી હતી. જે ફરમાસ તે બાહદશાએ નાકબુલ કરવાથી ઊમરાવજાદીને ઘણી રીસ ચઢી હતી. તેની ફરીઆદ એક દોસત આગલ કરતી વખતે એ ઓરતે બાદશાહની વીરૂધ કેટલીક ટીકા કીધી, જે સઘલું પેલા દોસતે જઈને બાદસાહને કહી દીધું. એ સાંભલી બાદશાહને બહુ ગુસો ચડીયો, ને તેણે તુરત તે ઊમરાવ જાદીના ભાઈને બોલાવી મંગાવી એ હકીકત કહી. એ ઊપરથી તેણે બાદશાહને બહુપેરે સમજાવીયો કે "મારી બેહન સમજુ અને ડાહીછે માટે તે એવા શબદો, તું નામદાર પાદશાહની વીરૂધ કદી બોલે નહી." તીઆરે બાદશાહે જવાબ દીધો કે "મને તમારી બેહનની સચાઈ વીશે ઘણું સારૂ મતછે, હું સારી પેઠે જાણુંછું કે તે કદી જુઠું બોલનાર નથી, માટે જો તે પોતે પોતાને મોહોડે એમ કેહશે કે હું એવા શબદો બોલી નથી, તો તે મને બશછે, અને એવી મારી ખાતરી થયા પછે, જે નીંદાખોરે એ ઊમરાવજાદીની નીંદા કરીછે તેને હું સારીપેઠે જોઈ લઈશ; વાસતે તમો ઘેર જાઓ અને એ વાતની ચોકસી કરો." એમ કહી પેલા ભાઈને પોતાને ઘેર જવાનું કહયું. ભાઈએ ઘેર આવી પોતાની બેહનને સઘલી હકીકતથી વાકેફ કરી, તે ઊપરથી તેણીએ તુરત તે કબુલ કીધું " કે હા હુ બાદશાહ વીશે એવા શબદો બોલીછું ખરી અને જે વીશે હું દીલગીર પણ છું. તોપણ બાદશાહ આગલ જઈને તે વાત કેહેનારે ડાહપણ વાપર્યું નથી. ખેર, જે બની તે નહી બની થનાર નથી." તારે તેણીના ભાઈએ તેણીને કહયું કે હવે વખત જુદો થઈ ગઓછે, બાદશાહ ઘણો ગુસસે થઓછે, માટે હાવી વખતે સચાઈ અખતીઆર રાખવાથી ફાયદાને બદલે બહુ ગેરફાએદો થશે, માટે

હવે તમોએ સાફ એ વાતની ના પાડવી કે હું એ વાત જાણતી નથી. ને જો એમ ન કીધું તો સઘલી પ્રકારે આપણી ખરાબી થવાની; તે સાથે વળી બાદશાહને તમારાં બોલવા ઊપર જેટલો ભરૂસો અને વીશવાસછે તેટલો બીજા કોઈ ઊપર નથી, માટે તે તમારી વાત એકદમ કબુલ કરશે." પોતાના ભાઈને મોહોડેની હાવી શીખામણ સાંભળી તે ઊમરાવજાદીને ઘણું જ દુખ થઊં; તે બોલી "ના, ભાઈ એમ કદી થાય નહી, મેં એક અપરાધ તો કીધો ને વલી તે અપરાધ ઢાંકવા માટે બીજો કરૂં એતો ખરેખર નરકવાસ થયા સરખુંછે. જે પાદશાહ મારી એકીનદારી ઊપર આટલો બધો ઈતબાર રાખેછે, અને મારે વીશે આટલું ઊચું મત ધરાવેછે, તેને અને મારા કીરતારને ઠગવાની મતલબથી જુઠું બોલું એકદી બને નહી. મારા દોસતે હરૂસેની વાત જઈ પાદશાહને કહી તેમાં તેણે માત્ર વીશવાસનો ઘાત કરીઓછે, તેણે કોઈ રીતે મારી નીંદા અથવા બદગોઈ કરી નથી, માટે હું તેને માથે બદગોઈખોર અથવા નીંદા કરનારનો દોશ પડવા દેનાર નહી. હું જે બોલીછું તે ખરેખરૂં માહારે બાદશાહને જણાવવું પડશે." તેના ભાઈએ લગભગ છ કલાક સુધી તેણીની સાથે બેહદ જીકર કરી કહોઊં કે એમ કીધાથી મોહોટી ખરાબી થવાની, તોપણ તે ઊમરાવજાદીએ પોતાનો વીચાર ફેરવીઓ નહી,—ને બીજે દીવશે બાદશાહ આગળ જઈ ખરેખરી હકીકત તેને કહી; અને આકરા મીજાજમાં આવી ગફલતીથી આવી રીતે તેણીએ બાદશાહની વીરૂધ ટીકા કરી હતી તે વીશે બેહદ દલગીરી દેખાડી બાદશાહ પાસ માફ માંગી. આ બનાવથી બાદશાહને એટલીતો અચરતી તથા આનંદ ઊપજીઓ કે તેણે તુરત તે વાત મનમાથી કાહાડી નાંખી એટલુંજ નહી, પણ પેલી ઊમરાવ જાદીનું જે કામ કરવાનું હતું તે અને બીજાં કેટલાંક કામો તેણે કીધાં.

---

## એક સીંહણની વાત.

એક કઠીઆરો આફરીકા ખંડનાં એક જંગલમાં લાકડાં ફાડતો હતો. તેવામાં એક જબરી સીંહણ તાંહાં આવી લાગી. તેણીને જોતાંજ પેલા કઠીઆરાનો તો હોશ ઊડી ગયો, અને તેને જોઊં કે હવે જીવ જવાનો, એવા ઘભરાટ ભરેલા વીચારમાં તે હતો, તેટલાંમાં તે સીંહણ તેની છેક નજદીક આવી લાગી, પણ તેણીનો ચેહેરો બીહામણો અને ઘાતકી હોવાને બદલે દુખી થએલો અને નીરાશ માલુમ પડીઓ તે ઊપરથી પેલાને લગાર હીમત આવી કે કાંઈ ધાસતી નથી. પેલી સીંહણે છેક પાશે આવીને પેહલાં તે કઠીઆરાને જોઓ, વલી પાછી ફરી પોતાનાં શરીરને જોયું, ઊંચે થઈ ઝાડ જોયું ને વલી ચાલતી થઈ. વલી થોડાંક ડગલાં જઈ પાછી ફરીને પેહેલાંની પેઠેજ આસપાસ જોયું ને વલી ચાલતી થઈ. એ પરમાંણે ત્રણ ચાર ફેરા તે સીંહણે ખાધા, તે ઊપરથી પેલા કઠીઆરાને શક પડીયો કે એ કાંઈ અડચણમાં આવી પડીછે, માટે મને મદદે બોલાવી લઈ જવા ઈછેછે, તે ઊપરથી તે તેણીની સાથે ચાલીયો; થોડુંક ચાલતાં એક મોહોટું ઝાહાડ આવીયું તાંહાં તે તુરત ઊભી રહી અને તેની ઊપર જોઈ ઘણા શોક ભરેલા અવાજે બુમો પાડવા માંડી. તાહારે પેલા કઠીઆરાને માલુમ પડીઊં કે એક મોહટો વાંદરો તે સીંહણનાં એક નાહાનાં બચાંને ઊંચકી લઈને છેક ઝાડને મથાલેની ડાંખલી ઊપર બેઠો હતો, અને તે પેલાં બચાં સાથે તરેહવાર ગેલો તથા રમત કરતો હતો.

તે ઝાડ ઘણુ મોહોટું હતું, ને વાંદર એટલોતો ઊંચે ચડી બેઠો હતો કે તેને નીચે ઊતારવાને જેમ પેલી સીંહણ અસકત હતી, તેમજ પેલો માણસબી અસકત થઈ પડીઓ હતો. અગર જો તે કઠીઆરો ઝાડ ઊપર ચડી તેને પકડવા જતેતો તે વાંદર એક ઝાડ ઊપરથી બીજાં અને બીજાં ઊપરથી ત્રીજાં ઝાડો ઊપર કુદીઆ કરતે, ને સાથે પેલું સીંહણનુ બચું દુખી થતે. તેથી પેલા કઠીઆરાએ છેવટે એજ ઊપાય કીધો કે ઝાડને ભાંજવાં માડીયું. કઠીઆરો જે કાંમ કરતો હતો, તે સઘલું પેલી સીંહણ જાણે સમજતી હોયે એ પરમાંણે પાસે ચુપ ઊભી રહીને જોઆ કરતી હતી. અંતે થોડેક વારે પેલાં બચાં સાથે તે વાંદરો જમીન ઊપર તુટી પડીઓ. જેવો તે જમીન ઊપર પડીઓ કે સીંહણે જોશ ભરેલી એક તરાપ મારી વાંદરાને ફાડી નાખીઓ ને પોતાના બચાંને સાથે લઈને પેલા કઠીઆરાને જાણે નમીને તેનો પાડ માનતી હોએ એ પરમાણે ડોક કરીને તાંહાંથી ચાલતી થઈ.

---

## અરસ પરસ મદદ.

તે પરમ કુરપાળુ સાહેબે આ દુનીઆંમાં જે માણસો ઊતપન કરીયાંછે તે સઘળાંને મોહટી અગતની આ એક વાત ધેયાનમાં રાખવાનીછે કે જાંહાંવેર તેઓ એક બીજાને અરસ પરસ મદદ કરશે નહી તાંહાંવેર તેઓ કદી સઘલી વાતે સુખી રહી શકવાના નથી. ઘણાઓ એમ સમજેછે કે હમે ઘણાં પઈસા વાળા અને મોહટા લોકો છીએ, હમને કોઈની મદદની જરૂર પડવાની નથી માટે હમે શું કરવા કોઈને મદદ કરવાની ખટપટમાં પડીએ. પણ આપણા લોકોમાં આ એક સાધારણ કેહેવત ચાલેલીછે કે "શો વાંહાંણ વાળાને પણ એક વાંહાંણ વાળાની ગરજ પડેછે." તે પરમાણે ઘણીવાર એવું બનેછે કે મોહોટા અને બીનગરજ લોકોને પણ કેટલીકવાર નાહનાં અને ગરીબ લોકોની મદદ માંગવાની જરૂર થઈ પડેછે. ઘણીવાર એવું બને છે. કે જે કાંમ દોલતવંત, પઈસાદાર અને મોહોટો વગ તથા બુધધી ધરાવનારથી નથી બની શકતું તેજ કાંમ એક ગરીબ તથા થોડી બુધધી અને કમ શકતી ધરાવનાર શખસથી બની શકેછે. જો માણસ કેહેશે કે મારે કોઈની ગરજ નથી, માહારે જે જોઈશે તે હું એકલો કરીશ, મને કોઈ મદદ થાય નહી, અને હું કોઈને થનાર નહી, તો એવું બનશે કે તેની જે શકતી હશે તે વેહલીજ ઓછી થઈ જશે, અને ને જે કામ હાથ ધરશે તે અધુરૂ નાંખશે. માણસો જો એક બીજાને મદદ થયાં, તો કેવું પણ કઠણ અડચણનું કામ હશે તો પણ થોડાવારમાં તે પાર પાડી શકશે. તેજ કામ જો એકલો કરીશ એમ કેહેશે તો, તેના જનમારામાં પણ તે થનાર નથી. જો કોઈ કેહેશે કે મારૂં હું એકલોજ ભોગવીશ અને સુખી રહીશ, તો તેથી તેને ઘણુ થોડુંજ સુખ મળવાનું; પણ જો એક બીજાને મદદ કરીને અરસ પરસ સુખ આપીશું તો તેથી સઘલાંને ઘણું સુખ મળવાનું, અને કોઈને ઝાઝી અડચણ પણ પડવાની નહી. આપણે આપણાં મા બાપ, ભાઈ બેહેન, બાયડી છોકરાં, પાડ પડોસી, દોસત આશનાવ, ઈતીઆદી ઓને આપણી શકતી પરમાણે સુખ આપશું તો તે સરવે મળીને આપણને જે સુખ આપશે તેટલું આપણી એકલાંની મેહેનત અથવા તજવીજથી થનાર નથી. અરસ પરસની મદદથી એક બીજાની મેહેનતનો ભાર ઘણો ઓછો થાયછે. માટે જેઓ એવું ઇછેછે કે લોકોએ તેમને સારૂ મેહેનત કરી તેમને સુખ આપવું, તો તેઓની પણ ફરજછે કે લોકોને મદદ થઈ લોકોને સુખ આપવાને મેહેનત કરવી.

---

## ધવાડનારી માતાની તંદરોસતી કેમ સંભાલવી?

જે ઓરતપર માતાનું કામ બજાવવાની ફરજ પડી હોએ તેને પોતાની સંભાલ રાખવી જોઈએ કારણકે તેની હાલતપર બચાંની તંદરૂશતીનો રેહેછે. જો તેણીએ ખાધા પીધામાં અંદાજો ન રાખીઓ અને ખોલલી હવામાં ફરવા તથા પુરતી કસરત કરવાને આલસાઈ કીધીતો તેની તંદરૂસતીમાં ઘટાડો થીઆથી બચાંને નીરોગી રેહવાની આશા રેહતી નથી.

તંદરૂસતી જાથુક સારી ચાલતી હોએતો બાલકને જણવા અગાઊ જે ખોરાક ખાધામાં આવતો હોએ તેજ લેવો અને ધવાડવાથી માતર ભુખમાં વધારો થાએતો તે તુરપત કરવા માટે સાદો અને પોશણકારક ખોરાક વધારે વાપરવો, પણ હરગેજ થઈને મસાલેદાર અને ભારી ખોરાક ખાવો નહી. કાંઈ ગરમ ચીજ તથા દારૂ નહી પીવો. ઘણીવાર ઓરતો હેવું સમજેછે કે ધવાડનારી માતાએ ઊંચો ખોરાક અને દારૂ લેવો જોઈએ. પણ તેથી તેનાં આંગમા જોર તથા લોહી વધી જાએછે, તેને દરદો થવાની ધાસતી રેહછે અને વધારે દુધ નીકલવાને બદલે કમતી થાએછે. ઘણીવાર ઓરતો સુવાવડથીજ પીવાનું શરૂ કરેછે અને તેમ કરવાને તેને કોઈ બુદ્ધી કોલાઈથી સલાહ મલેછે કે પીવાથી દુધ વધારે છુટસે અને તેવી ફરજ સમજી પોતે નારાજી હોએ તોપણ તે માતા પીવાનું સરૂ કરીને ફાએદાની જગાપર નુકસાંન હાંસલ કરેછે. જે ઓરત સુખાકારી ભોગવતી હોએ પણ તેનો બાંધો નબલો હોએતો દારૂ પીધાથી ગુણ થાએ છે. એવી વેલા દાકટરો વાઈન અથવા ખીર પીવાને ફરમાવેછે. એ દારૂઓ જો માફક આવેતોજ પીવાનું જારી રાખવું પણ જો તંદરૂસતીને જાલવવાના બીજા ઊપાઓ કામમા આંણીઆતો બેહતર. પેટ સાફ આવે તેની ચોકસી રાખવી અને જોલાબ લેવો

તે પણ સંભાળીને લેવો જોઈએ. જો માતાની મર
જી હોએ ને પોને જોલાબ લીધાથી બચાંપરખી તેની
અશર થાએતો વેલાતી મીઠાંનો જોલાબ લેવો, નહી
તો એરંડીઉ અથવા સુનામકીનો જોલાબ લેવો જેથી
બચાંને કાંઈ પેટ આવસે નહી.

ચાંમડી સાફ રાખવા માટે નીત ફુકાં પાણીથી
સનાન કરવું. સારૂં ઊંચી જાતનું અને પોશણ લાએક
દુધ પેદા કરવા માટે ખોલી હવામા જરૂર ફરવા જવું.
ધવાડનારી માતાઓએ ઈઆ ભાડે રાખેલી દાઈ ગમે
તે હોએ તેણીએ ફરવા જવું. આપણ અંગરેજ લોક
ની આએઆ અને તેમના બાલક બંધેને સવાર શાંજ
ફરતાં જોઈએછે પણ તે વખતે આપણામા સેઠાંણીઓ
ઊંઘાએલી અથવા ટાહેલું કરવામા બેઠેલી હોએછે અ
ને ચાકરડી પોતાનોપગાર ભરવાનીજ માતર કાલજી
રાખેછે. હમો આશા રાખીએછે કે આ ગુણગારી ર
શમ આપણા દેશીઓમાં દાખલ થાએ.

જે ઓરત ધીરા, ઠંડા અને ખુશી ભરેલા સવ
ભાવ વાલી હોએછે તેનું દુધ પણ પુશકલ અને પોશ
ણ લાએક હોએછે. ગુશાવાલી અને દલગીરીમા દુ
ખેલી ઓરતનુ દુધ જલદી ખીગડી જાએછે અને બ
ચાંપર તેની માઠી અસર થાએછે. બચાંને તાંન થા
એછે અથવા ઊલટી થાએછે. ઘણીવાર માતા ધાસ
તી ખાએછે તારે તેનું દુધ ખરાબ થઈ, નીકલતું બંધ
પડેછે. માટે આપણા લોકો મુસલમાંન અને કીરશતાંન
દાઈઓ રાખેછે તેમને પશંદ કરવાને વખતે સંભાલ રા
ખવી. તેઓ ઘણુ કરીને હલકી અને નીચ પદવી વાલી
હોએછે અને તેમની પાસથી પઈસા ટકા લેવા માટે તેમ
ના મરદો અને બીજા મલતીઆઓ આવેછે અને તેમ
ને કાએર કરેછે. હવી ધાસતીથી દુધ ઊડી જાએ તેથી
હેવા મલવા આવનારાઓનો અટકાવ કરવો જોઈએછે.
ચીરડાઊ સવભાવ અને મીજાશથી દુધ ઘટેછે, પાણી જે
વું પાતલું થાએછે અને તેથી બચાંને તાવ આવેછે અ
ને પેટ છુટી જાએછે. દલગીરી અને ધાશતીથી પણ દુ
ધ ઓછુ થાએછે અને બચાંને બીજી રીતે ધવાડવુ પ
ડેછે. સાશુઓએ વહુને તાણા મારી બચાંને હલાક ક
રવું નહી. બીહીક અને ધાશતીથી દુધ બગડેછે અને
ધાવનાર બચુ જોખમમા આવી પડેછે માટે માતાએ
પોતાના મગજપર લગામ રાખી દલગીરી તથા ગુશ્સા
મા આવી જવાથી પહરેજ રેહવું.

દુધ વલી બીજી તરેહથી પણ બીગડેછે. ધવાડ
નારી માતા અડકાએછે તેવારે દુધમાં બીગાડ થાએ
છે. તે પીધાથી બચું જલદીથી ચીરડાઈ જાએછે, ઊ
લટી કરેછે અને તેને લીલાં છટ પેટ આવેછે. નાહી ઊ
ઠીઆ પછી જો તરતજ ઓરત અડકાઈ તો દુધ એટ
લું બધું બીગડેછે કે પછી તેથી બચાંને ધવાડવું વાજ
બી નથી પણ તેના સારૂં દાઈ રાખવી. ધવાવડને છ
સાત માશ થીઆ પછી દસતાંન આવે તો તેથી કાંઈ
અડચણ નથી પણ આટલું ધીઆનમાં રાખવું કે જેટ
લા દીવશ દસતાંન છુટવાનું જારી રેહે તેટલા દીવશ ધ
વાડવાનું ઘણું ઓછું કરવું.

માએ જે ખોરાક ખાએછે તેથી દુધના ખવાશ
તથા સવાદપર અશર થાએછે. જે ઓરત ઘણી મો
જમા ઊંચા ખોરાકપર રેહછે તેનું દુધ ઊંચું અને
મલાઈથી તર હોએછે પણ તે બચાંને કામનું નથી. હે
વી ઓરતોએ એકાત બે હલકા જોલાબ લેવા, અંગ
ની મેહેનત કરવી અને ખાવાનું ઓછું કરવું. જે ઓ
રત ઘણી મેહનત સાથ પુરતો ખોરાક લીએછે તેનું દુ
ધ સારૂં નીકલેછે. જો થોડો અને ખરાબ જાતનો ખો
રાક મલેછે તો થાક ચહડેછે અને દુધ નીકલતું બંધ
થાએછે. ખરાબ પોરટર દારૂ પીધાથી વેલાતમા બ
ચાંપર માઠી અશર થઈ તેને પેટ આવેછે. આંમણા,
ચટણી અને બીજી ખાટી વશતુંઓ ધવાડનારીઓએ
ખાવી નહી.

જોલાબની અને બીજી દવા માતા ખાએછે તે
ની બચાંપર અશર થાએછે.

ધવાડતાં માતાને જો ગરભ રેહછે તો દુધ ખરા
બ થાએછે માટે બે તરણ માશનુંજ બાલક હોએ અ
ને તેમ થાએતો ધવાડનારી દાઈ રાખવી. કેટલીક ઓ
રતોને પેહલેથી થોડું દુધ નીકલેછે તેવારે તેમની તંદ
રૂશતી શુધારવી, નહી તો પછી થોડું દુધ અને થોડો
ખોરાક આપવો પડેછે તેમ ન કરવું અને દાઈ રાખ
વી—અધીર ઓરતોને બચાં થાએછે તો ચારજ મા
શ દુધ નીકલેછે. અને થોડો ખોરાક આપવો પડેછે.

ઘણીવેલા માતા બચાંને બરાબર ધવાડી જાણ
તી નથી તેથી તે જલદી થાકી જાએછે, તેનો બરડો
અને કમર દુખેછે અને પગ કલેછે. વાસતે ધવાડ
તી વખતે ઓરતે સીધું અને તરૂં બેસવું જોઈએછે અ
ને બચાંને હાથમા ઊંચકીને થાંન આગલ ધરવું—બ

ચાંને પોતાના ખોલામા ઘાલી નીચી ગરદન કરીને ધવાડવું નહી. જો માતા કાંઈ અડચણ અથવા નબલાઈના સબબથી શીધી બેસી નહી શકે તો તેણીએ સુતાં સુતાં બચાંને દુધ આપવું.

બંધે થાંનો બરાબર વારા ફરતી ધવાડવાને આપવાં કારણ કે એઠ થાંને બીજાં કરતાં વધારે વાર ધવાડીઆથી તે મોટું થાએછે અને દુધ બંધે થાનોમા શરખું આવતું નથી. વલી એકજ થાંને ઘણીવાર ધાવીઆથી તે એકજ બાજુઆર જોઆ કરેછે અને તેથી તેના ડોલાની નજર આડી પડેછે અને તેની ચશમ બારી થાએછે તથા એક બાજુપરનું બદન બીજી બાજુ કરતાં નાજુક રેહછે.

## ગેનડો.



એ જાનવર એશીઆ અને આફરીકા ખંડોના જંગલોમાં વશેછે. તેની એક કરતાં વધારે જાત આવેછે. કોઈને બે સીંગડાં હોયેછે, અને કોઈને એક જ હોયેછે. ઊપલું ચીત્ર આપણા દેશમાં ગેનડો મલેછે તેનુછે. ગેનડો દેખાવમાં ઘણો બીહામનોછે; તે ઘણો જોરાવર અને લડાએક દીશેછે, તેહના મોડા ઊપરથી એવું દેખાયેછે કે જાણે હમણા તે ગુસાથી આપણને ફાડી ખાશે, તેહનું આખું શરીર એક હાથી જેવું બાહારે માલમ પડેછે, અને તેહનું અતી ઘણુ લાંમણુ-સીંગડું આપણને બીહીવાડેછે, તોપણ તે ઘણ કરી કોઈને ઈજા દેતું નથી. પણ જો તેને કસી રીતે દુખ પોંચેલી હોએ, તો તે પોતાના દુશમનને ઘણો આજેજ કરેછે. પોતાનાં હાથીના જેવા ઠીંગના અને જાડા પગને જમીન ઊપર જોરથી રાખી, સાંબે લડનારને મજબુત પકડેછે, પોતાનુ માંથું નીચુ કરેછે, અને પોતાનુ નાશકારક સીંગડું તેનાં આંગમાં ભોકેછે. એ રીતે ગેનડો પોતાના સીંગડાંથી હરામીઓથી રખશન પામેછે. તે જંગલોમાં ચરી કુમલાં જાહાડો ખાઈ પોતાનુ ગુજરાન કરેછે. પોતાનો હાથીની સુનના જેવો ઊપલો હોટ જાહાડની ડાહાલીઓ તરફ ઊંચો કરેછે અને એક પછે એક ડાહાલી પાતરાં સુધાં તોડી કાહાડી ધીમે ધીમે ખાએછે. સઘલી ડાહાલી થઈ રહા પછે ઝાહાડના ઠરને રેવા દેતો નથી; પણ પોતાના લાંબા સીંગડાંથી તેના કટકા કરી સરવ ભખશ કરી જાએછે. ગેનડાની ચાંમડી ઘણી જારી અને બાલ વગરની હોએછે; તે ઘણેક ઠેકાણે કલચલી વલી ગયેલી હોવાથી ચામડાંનો દેખાવ જાલના જેવો માલમ પડેછે. ચામડી કેટલેએક ઠેકાણે એટલીનો સકત હોએછેકે તેમાં સીસાની ગોલી પણ લાગી શકતી નથી. તેનું માંથું ઘણુ મોહટુંછે; અને ચેહરાનો આકાર ત્રીકોણ જેવોછે. આંખ ઘણી નાંધલી હોએછે, લાંમબાં નાખ ઊપર એક ટેકડો આવેછે અને તેના ઊપર ૨ થી ૪ ફુટ લાંમણું સીંગડું ઊગેછે. સીંગડું સીધું હોતું નથી; પણ તે ઊપરથી વલેલું હોયછે અને તેની ટોંચ ઘણી બારીક અને મજબુતછે, જેથી તેનો બંચાવ થાયછે. તેના પગ ઠીંગના અને જાડાછે અને દરએક ખડી ઊપર તરણ નખરીયાં હોયછે. પુછડી ટુંકી અને જાડીછે. આફરીકાના જંગલી રેહવાશીઓ તેનું માશ મેલવવા સારૂં શેકાર કરેછે. તેની જાડી ચામડીની સુંદર અને ટકાઊ 'વાકીનગ ઈસટીક' બનેછે. ગેનડાનું લાંમણુ અને દરામનુ સીંગડું જે તેનું હથીઆરછે, તે પણ કાંઈ અમસથું પડી રેહતું નથી. સીંગડાના નાધલા બાકસો બનાવેછે; અને પાણી પીવાના પીયાલાં પણ તેના થાયછે.

## પરચુરણ બાબદો.

**આ દુનીઆ**—એક શાહેર જણાવેછે કે આ દુનીઆ વીપતીથી બરેલીછે અને ઈનસાનને લાએક નથી કે તે પોતાની બદ ચાલથી તે વીપતીમાં ઉમેરો કરે.

**તપકીર સુંગનારી સ્ત્રીઓ**—ઇઉનાઈટેડ ઇસટેટસમાં ટપકીર સુંગનારી સ્ત્રીઓ ૪૦૦૦૦૦૦ (ચાલીસ લાખ) છે. દર એક જણ દર વરસે બે રતલ તપકીર વાપરેછે. સઘલી સ્ત્રીઓ દર વરસે બે લાખ ડાલરની તપકીર વાપરેછે.

**મોહત**—બુઢા માણસો મોહતને સોધેછે અને મોહત જુવાન આદમીઓને સોધેછે.

**ગરીબ મા બાપ**—"ગરીબ માબાપને પેટે અવતરે આથી અને ગરીબ ધંધો કરેઆથી તું શરમાતો ના. તું તારી ગરીબાઇથી અથવા ઇશવર જે કાંઇ તને થોડું આપેછે તેથી લજવાતો ના."

---

**એક ટુકડા રોટલીને વાસતે** કોઇની તાબેદારી કરવી એના જેવું શરમ ભરેલું બીજું એકે નથી. તેમજ પઇસા વાલા શેઠીઆઓને રાજી રાખવા હાજી હા થઇને તેમની તાબેદારી કરવી એના જેવું શરમ ભરેલુ બીજું એકે નથી.

---

**જુદા જુદા ધરમ**—આ દુનીઆ ઉપર જુદી જુદી જાતના અને જુદા જુદા દેશના લોકોમાં જુદા જુદા ધરમ ફેલાએલાછે. હાલ જે ગણતરી થઇછે તે ઉપરથી માલુમ પડેછે કે એક હજાર કરતાં ઓછા ધરમ નથી.

---

**થંડા શવભાવે ઉપીઓગી પણુ**—એક વખણાએલો લખનાર એક ઠેકાણે એવું લખી જાએછે કે જે માણસ પોતે થંડા સવભાવનો અને શાંત મનનો નહી હોએ તેનામાં ગમે એટલા બીજા સદગુણો હોવા છતાં તે કોઇને જોઇતી રીતે ઉપીઓગી થઇ શકવાનો નથી. જેનું પોતાનું મન સધર વધર તે પારકાને તે શું કામ લાગી શકે.

---

**એક ઘણો મોટો ગુફો**—કાલીફોરનીઆના એલડોરેડો નામનાં પરગણામાં એક ઘણા મોહોટા ગુફાની સોધ લાગીછે. કેહેછે કે એ ગુફામાં સેંકડો ફુટ લાંબા પોહોલા ઘણાએક રોણકદાર ઓરડા અને ખણો જોવામાં આવેછે. એક સરોવર દેખાએછે પણ તે કેટલો અને કાંહાં તુલીક લાંબો પોહોલો છે તે હજી ચોકસ માલુમ પડતું નથી. જમીન અને આસપાસની જગાં ખાસા મજેના પાસાદાર સંગેમરમરની દેખાએછે.

---

**કુંચીઓનાં બે કાંમ**—ઘડીઆલ ચાલતું કરવા માટે તેને કુંચી આપવી પડેછે અને પેટી તથા દરવાજા બંધ કરવા માટે તે (ની કલ) ને કુંચી આપવી પડેછે.

---

**લોભીઆ અને કરસરીઆ**—લોભ અને કરકસર એ બે જુદાજ ગુણછે. લોભીઆ માણસ ખરાબ કેહેવાએછે અને કરકસરીઆ માણસ સારા ગણાએછે. આપણી દુનીઆ મધે લોભીઆ અને લાલચુ માણસ ઘણા જડેછે પણ કરકસરીઆ માણસ થોડાજ દીઠામાં આવેછે.

---

**જીંદગી મધે ધીરજની જરૂર**—માણસે પોતાની જીંદગી ધીરજ અને સબુરીથી ગુજારવી જોઇએ કારણ કે જે માણસ પોતે જરા જરામાં ગુચવાયા કરે તે બીજાને શો ફાએદો કરી શકે.

---

**સઘલા માણસો** સાચુંજ બોલે તો પછી વાતચીતની આઇઉશ ઘટી જાએ.

---

**પેપરમીંટની ટાંચણી**—એક છોકરાના પેટમાં દુખતું હતું તારે તેની માએ તેને પેપરમીંટની ટાંચણી આપી. એ ટાંચણી તેને સવાદ લાગી તેથી બીજે દાહાડે એથીની પટે ખાંતું ખાવા લાગો. તે જોઇને તેની માએ પુછીઉં કે " તું આજે આટલું બધું એથીની પઠે શું કરવા ખાએછે. " તારે પેલા છોકરાએ જવાબ દીધો કે " એટલાજ માટે કે મારા પેટમાં દુખેતો ફરીથી અને પેપરમીંટની ટાંચણી ખાવાને મલે."

---

**બલતાં ઘરનો વાંસો**—એક વખતે એક ગરહસથનાં ઘેરમાં આગ લાગી ને તેથી તેનો બીચારાનો સઘલો કીમતી સામન આગમાં બલવા લાગો એવે સમે તેનો ચાકર પોતાના શેઠને પુછવા લાગો કે માહારાજ ઉતાવલેથી કહો કે કીઓ સાંમન બચાવીએ. તારે શેઠે એટલોજ જવાબ દીધો કે ભાઇ આવી વેલાએ ચીત ઠેકાણે રેહેતું નથી. તેથી જેબી કાંઇ બચે તે બચાવ એટલે થઇઉં, સાધારણ કેહેવત પરમાણે બલતાં ઘેરનો વાંસો હાત આવીઓતો તેબી લાભ ગણાએછે.

---

**તંદરૂસતી જાલેવવાની** બાબદ લખતાંમાં એક તબીબ જણાવેછે કે દવા અથવા ઓસડથીજ કાંઇ તંદરૂસતી સારી રેહેવાની નથી. અંદાજસર ખોરાક અને જોઇતી કસરત એ બે ચીજો ઉપર જેઓએ અમલ કીધો તેમને તબીબની તથા દવાની ઘણી થોડી જરૂર પડવાની. કદાચ જો માદગીનો ગલબો થએઓ તો તેજ વખતે કોઇ હોશીઆર અને અનુભવ વાલા તબીબની સલાહ લેવાને તજવીજ કરવી, ને દવા સાથે વઇદે કહેલી કરી પાલવી એટલે દરદ વેલું દફે થશે.

---

**કુવીનીન કેમ વાપરવું**—કુવીન નામની દવા હાલ ઘણીજ સાધારણ થઇ પડીછે. તાવની ઉપર એ દવા ઘણીજ સેહલાઇથી લાગુ પડેછે અને તાવ ઉતરી જાએછે. જારે તાવ જોરમાં આવી હોએ તારે કુવીનીન દવા વાપરવી નહી. એ દવાથી આવેલી તાપ મટી જતી નથી. એ દવાની મોટી ખુબી આવતો તાપ બંધ કરવાનીછે, તાવ દરરોજ જો બપોરના ત્રણ કલાકે આવતો હોએતો એ દવા ૧ અથવા ૧ાા વાલ બાર એક વખત ૧૨ વાગે અને બીજી વખત ૨ વાગે લેવી તો તરણ કલાકે તાપ નહી આવશે. તાહડીઓ તાવ અટકાવવાને આ દવા ઘણીજ સરસ માલુમ પડીછે.

---

**હમેસાં સાથેની સાથે રાખવાની જરૂરની વસતુ**—લોકો પોતાની સાથે હમેશાં ઘણું કરીને નાહાનાં એસકી ઘડીઆલો રાખવાને ઘણા ખાએસમંદ હોએછે । એવી રીતે સાથે ઘડીઆલ રાખનારાઓમાં બે જુદા જુદા ખવાસ માલુમ પડેલાછે--કેટલાએકો ખરેખર પોતાના ઉપીઓગને માટે રાખેછે ને કેટલાએકો માતરે સેહેજ ડોલ દેખાડવાના હેતુથી રાખેછે. એ ઉપરની મીસાલ પકડી એક ચંચલ લખનાર જણાવેછે કે જેમ ઘડીઆલો રાખવામાં બે જુદા જુદા ખવાસનાં માણસો મલી આવેછે તેમજ અકલ અને ડાહાપણ ધરાવનારા પણ એવા બે જુદા જુદા ખવાસો રાખેછે—કેટલાએકો ખરેખર પોતાનાં ડાહાપણનો જોઇતો ઉપીઓગ કરેછે ને કેટલાએકોએ ત્રોએઆ પતરાજી મારવાનેજ સારૂ ડાહાપણ મેલવીઉં હોએ એમ ડાહાપણને જોરે પતરાજી મારતા ફરેછે.

**અકબર બાદશાહે** એક દીવસે બીરબલને પુછીઉં કે લડાઈની વખતે ઘણું જરૂરતું ને ઉપીઓગી શું જોઈએ ! તારે બીરબલે જવાબ દીધો કે, પાદશાહ શલામત, લડાઇની વેલાએ જરૂર કરીને ધીરજ, હીમત ને દુરંદેશી આ તરણ મુખીઆ ગુણ જોઈએ. તારે બાદશાહે પાછો સવાલ કીધો કે તારે શું લડવાના હથીઆરો અને શરીરનાં કુવતની જરૂર નહી કે ! બીરબલે જવાબ દીધો, ખરૂં સાહેબ હથીઆર ને બલની જરૂર ખરી પણ તે સઘલું કીઆરે કામ લાગે કે ઉપલા તરણ મુખીઅ ગુણો હોએ તારે. બાદશાહ એ ખુલાશાથી બહુ ખુશી થઇ ગએઆ.

---

**મોરની ચાલ** જો તીતર ચાલવા જાએ તો તે બની શકતું નથી, એવી એક કેહવત આપણામાં મશહુરછે. કેહે છે કે એક વેલા એક ઉંટ અને એક ગધેડાંને દોસતી બંધાઇ હતી. તેઓ ફરતા ફરતા એક નદી આગલ આવી લાગા ને નદી પાર કરી જવાને ઇરાદે ઉંટ માંહે ઉતરીને ગધેડાને કેહેવા લાગો "ભાઇ મારી પાછલ ચાલી આવ, પાણી ઘણો થોરોછે, જો મારા પગબી સઘલા ભીણાતા નથી." તે સાંભલી ગધેડો બોલીઓ,ભાઇ તારી બરાબરી મારીથી કેમ થાએ! કાંહાં રાજા ભોજ ને કાંહાં ગાંગા તેલી !

---

**ખરો એતેકાદ**—એક આઠ વરસની વએનો નમો વાંએલો છોકરો હતો, જેનાં કોઈ પણ સગાં વાહાલાં હતાં નહી,તેને એક દીવસે એક અસતરીએ પુછીઉં કે "ભાઇ તું હાવો એખલવાઓ પડેલોછે તો તારા દીવશ દુનીઆમાં કેમ ગુજરશે તેની તને કશી ફીકર લાગતી નથી શું ! " છોકરાએ જવાબ દીધો, "તમો કહોછો તે ખરૂંછે બાઇ, પણ ફીકર શાની રાખવી, બનસે એટલી સંભાલ રાખી સારે મારગે ચાલીશું ને રાત દીવસ સદા મેહેનતમાં રગદોલાઈશું તો ફીકર કરવાની કસી જરૂર નથી; ને વે કરતાં આ દુનીઆમા માહારાં કોઈ સગાં વાહાલાં નથી તો પણ આકાશમાં શરવેનો બાપ જે પરમેશવરછે તેના ઉપર માહારો પુર એતેકાદછે કે તે મને કદી દુખી થએલો જોવાનો નથી."

---

**કડવું તે મીઠું કેમ થાએ**—એક ગરહસથનો એક છોકરો ઘણો બગડી ગએઓ હતો. તેણે તે છોકરો પોતાના એક મીતરને સવાધીન કીધો ને કહીઉ કે ભાઇ જો એટલો છોકરો સમરસેતો તારો બેહદ ઉપકારી થઈશ. મીતરે જોઈઉં કે વારૂં તજવીજ કરીતો જોઈએ, તેથી તેને પોતાનો ઘેરમાં રાખીઓ, વરશ બે ત્રણે તે છોકરાનો બાપ પાછો પેલા મીત્ર જોડે ગએઓ ને છોકરાના સમાચાર પુછીઆ, તારે મીતરે જવાબ દીધોકે ભાઇ "કાલો સીદી તેને સોમણ સાબુએ ધોઇએ તોપણ તે કાલો, કડવું કારેલું ઘીમા તલી ખાંડના સીરામાં ચાશ પાંઇ તઈઆર કરીએ તોપણ કડવું તે કડવું, ખારો સમુદર તેમાં હજાર ખાંડી સાકર નાખો તોપણ તેના પાણી ખારાં તે ખારાં, હેવો હાલ ભાઇ તારા છોકરાનોછે." એમ કહી છોકરો પાછો આપીઓ.

---

**દરરોજ બેઆના તે શા હસાબમાં**—બરીસટલ માહેલાં એક પોંહોંચખાનામાં હાલ એક ઘરડો શખસછે, તે એમ રોજ બોલતો કે બાવા આજ નજદીક સાઠ વરસમાં હું દરરોજ બે આનાનો દારૂ પીતો આવીઓછું,તો પણ કોઈ દાહાડે હું છાકટો બનીઓ નથી. એક દાહાડે એક ગરહસથે એ શખસને એમ બોલતાં સાંભલીઓ તારે તુરત આંક ગણી કાહાડી પેલા ઘરડા શખસને દેખડાવીઉં કે તેણે સાઠ વરસમાં લગભગ તરણ હજાર રૂપીઆનો દારૂ એક જીવે પીધો, એ કાંઈ થોડી રકમ ન કેહેવાએ. એ આંકડો સાંભલી હોસા કાકાનીબી શુધ ઠેકાણે આવી કે દર રોજ બે આના તો કાંઈ હસાબમાં રેહેતા નથી પણ પાછલથી તેની આવી મોટી રકમ થઈ પડી ખરી !

---

**એક બાદશાહે** પોતાના પરધાનને કહીઉં કે હું જે આ તરણ સવાલો કરૂંછું તે તરંહે સવાલનો ઉતર એકજ જવાબમાં વાલવો જોઇએછે, માટે વીચાર કરી એનો જવાબ સીતાબીથી આપજે, જો જવાબ દુરૂસત હશે તો સરોપાવ મલશે ને નહીતો ગરદન જશે. બીચારો પરધાન ઘબરાએો, પણ ઉપાએ શું ! જે બને તે ખરી એમ કરી બાદશાહને પુછીઉ, માહારાજ પુછો તમારા સવાલનો હું જવાબ દઇશ. તારે બાદશા બોલીઓ—૧, રોટલી દાજી કેમ ગઈ ? ૨, ઘોડો અડીઓ કેમ ? ૩, બીડાંના પાંન કોહી કેમ ગીઆં ? પરધાને વીચાર કરી ઉતર વાલીઓ કે "માહારાજ એઓને ફેરવવાં જોઈતાં હતાં, પણ તેમ થઈઉં નહી ને એકની એક ઘરે તે પડી રહેઆં તો પછે એમજ થાએતો." આ ઉતર ખાતરી ભરેલો ને વલી માંગવા મુજબ એકજ જવાબમાં તરંઉ સવાલોનો જવાબ મલીઆથી બાદશાહે ખુશી થઇ પરધાનજીને સરોપાવ બખશેઓ,

---

**બતીની તલે અંધારૂં**—વાંચનાર પેઆરી બાઈઓ, આ મથાલાં મુજબ તમોએ જોઈઉં હશે કે બતી બલેછે તોપણ તે બતીની એઠેતો અંધારૂંજ રેહેછે. એને મલતી એક બીજી મીસાલ. એક સમે એક રાહાદારી કોટવાલવાડામાંથી જતો હતો તેને કોટવાલનાં ઘર આગલથી ચોરોએ લુટીઓ, તારે બીજે દીને તેણે તે વીશેની કોટવાલ આગલ ફરીઆદ કીધી તારે કોટવાલે જવાબ દીધો કે ભાઇ જારે બાહાર નીકલીઓ તારે બરાબર સંભાલ કાં નહી રાખી કે આવી રીતે લુટાઈ ગએઓ. તારે રાહાદારી બોલીઓ કે કોટવાલ સાહેબ કોટવાલવાડામાંથી અને વલી કોટવાલના ઘર આગલથીજ હું લુટાવસ એવી મેં કદીબી આશા રાખીતી નહી, એટલુંજ નહી પણ એવો વીચારબી કદી મારાં મનમાં આવીઓતો નહી. કોટવાલ બોલીઓ કે જો એમજછે તો તે તારો વાંકછે, શું તને આ સાધારણ કેહેવત ખબર નહી હતી કે બતી આસપાસની સઘલી ચીજોને રોશની આપે, પણ પોતાની નીચેતો અંધારૂંજ, તેવો હાલ તમારો થએઓ. આવા રીતનો ઇનસાફ સાંભલી બીચારો રાહદારી ચાલતો થએઓ.

---

**છોકરીઓ ચેરી કેમ થાએ !** એક ગરંથ કરતા લખેછે કે છોકરીઓને ચેરી કરવી હોએતો પેહેલાં તેને કહે આ કરઉં કે તું કેવી ખુબસુરતછે. બીજું જરાં પેહેરી ઓઢી બાહાર નીકલવા માંડે તારે તેને હમેશ ઉંચાં કપડાં અને જરીઆંન પેહેરાવવાં. તીજું તેને ગમે તાંહાં સગાંવાલાઓ

ને તાંહાં જવા દેવી. ચોથું તેને કેહેતા રેહેવું કે રાંધવું, સીધવું અને ઘરનું કાંમ કરવું એ આકરની ફરજછે. પાંચમું તેને કેલવણી થોડીજ આપવી. છઠું તેને એસકી શખસ જેને કમાઈને રોટલો પેદા કરવાની શકતી નહીં હોએ તેની સાથે પરણાવવી. એમ કીધાથી તે ચેરી થશે એમાં થોડો જ શકછે કારણ કે નાહાનપણથી તેની ખુબસુરતીની વખાણ થવાથી તે છકી જશે. તેને સારાં કપડાં તથા ઘરેણાં પેહરવાને મલશે તેથી તે કપડાં અને આભુશણમાંજ વખત કાહાડશે, તેને ગમે તાંહાં જવા દીધાથી તે ઘેરમાં કરારથી બેશી શકશે નહીં, તેને રાંધવા શીવવાનું કાંમ કરવું ન પડેઆથી તે શેડાણી પડે કોચ ઉપર આરેટાઆ કરશે અથવા ઘરમાં બેશીને લોકોની નીંદા કરશે, તેને થોડી કેલવણી મલેઆથી અગનાન રેહેશે અને છેલું તેને ખરાબ અણકમાઉ ધણી મલેઆંથી ચેરી તો ચેરી પણ ઉલટી અભાગણી થઈ પડશે.

---

## ઈશવર શહુનો બેલીછે.

દોહરા.

અન ખુટે કોઠારમાં, કપડાં ફાટી જાએ
પવન ઝપાટે જોરથી, ભારે દેહ વીંધાએ.
રાજા કરથી ધન હરે, ઘર જો બલી જાએ
ચોર લુટી નાગા કરે, વા કાંઈ આફત થાએ.
ધર ધીરજ એવે સમે, પંખી જો પચરંગ
ઘર નહી જેને રેહેવા, નહી કોઈનો સંગ.
નહી કોઠી દાણા તણી, નહી કપડાં તે પાસ
અંહી તંહી ફરી પેદા કરી, લાવે અન બહુ ખાસ.
ઈશવર પુરેછે તેમને, અન કપડાંને ઠામ
તે નહી તને વીશારશે, ઘર આતી ઉરમાં હામ.
જો તું ગુલાબી ફુલને, જો તું બીજા ઝાડ
વણ વાવે ઉગેઆં વલી, હરી તણી સંભાલ.
અઢાર ભાવ વનસપતી, રાને ઉગે જાણ
જાંહાં કોઈ દી નહી, જઈ શકે માનવ બાલક માન.
એવે રાને બરહમ તે, સંભાલે સહુ ઝાડ
સોભા આપી વનને, દીપાવે નીર ધાર.
ચલકે તરૂ અતી વનમા, ઝક ઝકાટ ઉજાલ
અપચરા ઝાંખી પડે, વલી હીરાને લાલ.
આપે વસ્ત્ર જમીનને, ટાલે સહુ ઉચાટ
તે કેમ તને વીશારશે, અણ વીશવાસુ જાત.
માટે રે તું માનવી, ધીરજ હાગે રાખ
મીતા તેને સરવની, કીડી કુંજર માખ.
રામસન કવીએ રચી, દીલાસાને કાજ
માર ઠરે તે પરેમથી, પરાકરત કીધી આજ.

---

## છુટક છપા.

કોઈ આજ કોઈ કાલ. કોઈ માસ છ મામે,
કોઈ વરસ દસ બાર, કોઈ પચીસ પચાસે.
કોઈને થાય સાઠ, કોઈને થાય એંસી,
જે જાયું તે જાય, નથી રેહેવાનું બેસી.
નામ એટલાંનો નાશછે, ધરમજ એવો ધારવો,
સામળ કેહે શું હંકાર કર, ગંદી દેહનો ગાલવો.

---

ધન ધન તેની માત, પુણ્ય પર જેની પ્રીતી,
ધન ધન તેની માત, રાખી જેણે સુભ રીતી.
ધન ધન તેની માત, સદા વરત સારાં આપે,
ધન ધન તેની માત, કષ્ટ પરાયાં કાપે.
વલી ધન ધન તેની માતને, પ્રભુ ભજનની દાતા ઠરે,
સામળ કેહેછે દાતા વડો, બાકી બીજાં બહુ ફરે.

---

હીંમતે જાતે હોડ, હીંમતથી દુશમન હારે,
હીંમતે નાસે ભુત, હીંમતથી અરીને મારે.
હીંમતે નાસે ચોર, હીંમતથી રાય ન ડરે,
હીંમત કરે વેપાર, હીંમતથી મહીમા મરે.
દીલ શુર પુર હીંમત થકી જપ, તપ સાધન જે કરે,
હીંમતે સઉ જીતે જગતમાં, સ્વરગમાંહી તે સંચરે.

---

## જીુઠું ન બોલવા વીશે ગરબી.

" વનમાં ભુલી પડી રે પેલો કયાં ગયો કાનુડો "
એ રાગનીછે.

ઠગમાં તે ઠરે રે, જગમાં જે જન બોલે જીુઠું,
જાુહે રૂઠે જગતપતી વળી આબરૂ કહે હું ઉઠું; ઠગમાં તે૦
એ કપટીનુ કોઈ ન માને, સમ ખાતા પણ સાચુ,
વાટે ઘાટે વાત કરે જન, ડારો એનુ ડાચું; ઠગમાં૦ ૧.
સહુજ સ્વભાવે હસતાં હેતે, વદો ન જીુઠી વાણી,
તજો તમે તે ટેવ નકારી, જીુઠામાં દુખ જાણી; ઠગમાં૦ ૨.
ઢોંગીને વાગે ટીંચણામાં, પીડા પીડા પોકારે,
શુણનારા કોઈ સત્ય ન માને, ઢોંગ હશે એમ ધારે; ઠ૦ ૩.
પ્રથમ થકી પતીયાર ગયો તો, પાછો ન પાછો પામે,
ચોરી કોઈક કરે પણ ચડશે, નર તસ્કરને નામે; ઠગ૦ ૪.
સોનાનો શણગાર સરસ જો, ઘડનારો ઘડી લાવે,
બદલી લેનારો બદલે પણ, સોનીને શીર આવે; ઠગમાં૦ ૫.
બીલાડો બહુ સાધુ બનીને, દયા ઘણી દીલ ધારે,
ઉંદરને વીશ્વાસ ન આવે, વીતી વાત વીચારે; ઠગ૦ ૬.
છે જીુઠું તે છાવરતાં પણ, છેક રહે નહી છાનું,
વરશે ક બે વરશે વળતી, પછી ઉખળશે પાનું; ઠગ૦ ૭.
જીુઠું બોલ્યાથી જર જામે, તોપણ દુખછે તેમાં,
કડણુ કહી લોકો ધીકારે, આગ ઉઠી જર એમાં; ઠગ૦ ૮.
કદી મળે ધન લાખ કરોડે, તોપણ તે શું કરવું,
બોજ કરમનો માથે બાંધી, મેલીને જર મરવું; ઠગ૦ ૯.
છાનું જીુઠું છાવરીયે પણ, જગતપતી તો જાણે,
ભારે પીડા ભોગવવી પછી, ન છુટીએ એ નાણે; ઠગ૦ ૧૦.
આ જગનુ સુખ અલ્પ સમજવુ, અતી લાણુ દુખ અંતે,
પાને લખતાં પાર ન પામે, લખ્યુંછે વીવાવંતે; ઠ૦ ૧૧.
તે જન ડાહ્યો તેજ કમાયો, જે નહી જીુઠું બોલીયો,
દલપતરામે દીલમાં દેખી, ખરેખરે મત ખોલીયો; ઠ૦ ૧૨.

# સ્ત્રીબોધ.

પુસતક ૫ મું | મારચ ૧૮૯૧ | આંક ૩ જો.

## સાસુ વહુના કજીઆ—દુખી દીકરાની ફરીઆદ.

માહારાં પેઆરાં માજી,

જત માજી આજ ઘણા દાહાડા થએઆ હું તમારી સાથે મોહોડે મોહોડું એક વાત કરનાર હતો ને તમારી ખાતરી કરી આપી તમારી પાસે માગી લેનાર હતો કે તમો માએજી મારા ઊપર દએઆ કરી ઘરના કંકાસથી જે રાત દીવસનો બલાપો મારા ઊપર નાખીઓછે તેથી મને મોકલો કરો; પણ પેઆરાં માતાજી તમારી રૂબરૂ થઈ તમારી સનમુખ મોહોડે મોહોડું બોલવાની મારી હીમત ચાલતી નથી. રોજ હું ધારતો રહુંછું કે વખત જોઈને આજે વાત કરૂં, કાલે વાત કરૂં, પણ કોણ જાણે મારા મનમાં શાની ધાસતી અથવા લજા ભરાએછે કે મારી ધારેલી વાત હું તમારી આગલ કરવા પામતો નથી. બે ચારવાર હીમત કરી હું એકદમ તમારી આગલ એજ વાત કરવાને આવીઓ હતો પણ વલી એકાએક સંકોચાઈ ભરીઓ ને ભરીઓ પાછો જએઆ કીધોછું તેની કેટલેએક દરજજે તમોને ખબર તો હશેજ. આવી રીતે વાત કરવામાં અડચણ નડવાથી અંતે આ કાગલજ તમારા ઊપર લખી મોકલવાને દુરસત ધારીઓછે. એ કાગલ પેઆરાં માતાજી જરા ધીરજ, ચોકસાઈ, થંડો મીજાજ, રેહેમ નજર, અને પોતાના એક બેટા તરફ માયા રાખીને વાંચજોજી. કોઈ રીતે તમારાં મનમાં ઓછું આવે અથવા કોઈ રીતે તમોને માઠું લાગે એવો એકબી શબદ એ કાગલમાં નહી આવે એવી મેં ઘણીજ સંભાલતો રાખીછે, એટલું છતાં જો ઊછરેલાં લોહીએ ને દુખી થએલાં મને કદાચ તેવો કોઈ હરફ નજરે પડે તો મોહોટું મન રાખી તેની દરકાર કરતાં નાજી. પણ જે મતલબથી તથા જે દુખ ધરીને આ કાગલ લખીઓછે તેનોજ માતરે વીચાર કરી એના ઊપર ઘટતું ધીઆન આપજોજી; જેથી ઈશવર રાજી થશે, ને તમને આ જાહાનમાં તેમજ પેલી જાહાનમાં સરફરાજ કરશે. માતાજી ફરીથી જણાવુંછું કે હીમત ધરી આ કાગલ લખવાની છુટ લીધીછે, માટે મેહેરબાન માતાજી દાખલ તેની દરગુજર કરજોજી.

પેઆરાં માતાજી મારી મુખીઅ ફરીઆદ એટલીજછે કે માહારી વાહાલી બાએડીની સાથે જેવી રીતે તમોને મીનાકસો થઈ પડીઓછે તેથી કોઈબી રીતનું સારૂં ફલ નીપજવાનું નથી. યાદ રાખજો માતાજી કે કંકાસ અને કજીઆ એ કામ સેહેતાનનાંછે; અને જેઓ શેહેતાનની સુજે ચાલી સેહેતાનને ફરેબે ફરેછે તેમનું પોતાનું અને તેમજ તેમનાં બાલકોનું આ અંદે સારૂં થતું નથી. માતાજી તમો સારી પઠે જાણોછો કે કજીઆ કંકાસથી રોજી ઘટેછે, અને ઘરનાં હાંલાંમાંનો અનાજ ખુટી પડેછે. માતાજી તમો સારી પઠે જાણોછો કે કજીઆ અને કંકાસથી ઘણા કુટુંબો બીચારાં ફના થઈ ગએઆંછે. માતાજી તમો સારી પઠે જાણોછો કે કજીઆ અને કંકાસથી સેંકડો કુટુંબો ખાખાવરખાં ને ખીલે ઊપાડ થઈ ગએઆંછે. માતાજી તમો સારી પઠે જાણોછો કે કજીઆ અને કંકાસથી ગોએઆ જમીનના પોપરે પોપરા ખલી જાએછે અથવા વેહેનાં પાણીના ઝરા સુકાઈ જાએછે. પેઆરાં માતાજી તમો સારી પઠે જાણોછો કે જેનાં ઘરમાં કજીઆ કંકાસે મોહોડું દેખાડીઓં તેના ઘરમાં સરવ પરકારનું સુખ અને ચમન છતાં તેને તાંહાં દલદરી અને તંગાસી આવી પડેછે, તથા તે ઘરનાં લોકોની

અભાગ અને દુરદશા થઈ પડેછે. તો હવે પેઆરાં મા
તાજી કજીઆ કંકાસથી આટલીબધી ખરાબી જાણી
આ છતાં તથા તે ખરાબીથી નીપજતાં ફલો નજરે જો
એઆ છતાં તથા તેવાં ફલોનો કેટલેક દરજજે અનુભવ
લીધા છતાં, શા મારે તે બુરી ચીજથી દુર રેહેવાને કો-
શીશ કરતાં નથી વારૂં ?

પેઆરાં માતાજી તમો એમ સમજતાં હશો કે
હું માહારી બઈરીની હીમાએતે તમારી સાથ ઝઘડો
કરવાની મતલબે આટલું લખુંછું, પણ પેઆરાં માતા
જી એ તમારો વીચાર ખરેખર ભુલ ભરેલોછે એમજ
સમજજો. માહારી પોતાની વાહાલી બઈરી તરફ જે
ફરજોછે તે હું સારીપઠે સમજુંછું, અને લગનના કોલ
પાલવાને જે ફરજો મારા ઊપર ઊતરેલીછે તે ફરજો
બજા લાવવાને મારાથી બનતી કોશેસ હું કરૂંછું, એ
ટલું છતાં પણ હું સાફ અને ઊઘાડી રીતે આટલું બો
લવાને અચકાતો નથી કે માહારાં દીલમાં પોતાની બા
એડીનાં કરતાં તમારૂં દરદ વધારેછે. પેઆરાં માતા
જી, તમારાં દુખથી હું જેટલો દુખી અને દરદમંદ થા
ઊંછું એટલો હું પોતાની બઈરીનાં દુખથી નથી થતો
એ તમોએ સત કરી જાણવુંજી. માતાજી હું ખરી મ
નસની તથા તે અજીમ કુદરતના સાહેબને હાજર ના
જર જાણી જે આ ખુલાસો કરૂંછું તે કાંઈ નહી પણ
ખરો અને સાચોછે; સત કરી માનજો, માતાજી, કે કાં
ઈ અમસથું તમારૂં મન સમજાવાને અથવા લોકજાણું
કરવાને હું આ ખુલાસો કરતો નથી પણ જે ખરેખરી
અને સાચી વાતછે તે માતરે તમારી આગલ મુકુંછું,
પછે તમો તે ન માનો તો તમારી મરજી, ખરાં ખોટાં
નો જાણનાર તે પરવરદીગારછે.

ઊપલાં માહારાં બોલવાની સાબીતીમાં આટલું
જ હું જણાઊંછું કે માહારા બીજા બે તરણ વડા ભા
ઈઓછે, અને જે સઘળાઓ સાથ આપણ એકજ ઘર
માં સાથે વસતાં હતાં,-પણ આપણા મુરબીજી ગુજરી
ગએઆ પછે આપણે છંછેરાઈ છુટાં પડીઆં તે વખતે
જોકે માહારા બીજા ભાઈઓને તાંહાં તમો માતાજી સે
હેજ સેહેજ મુદતવેર રહી આવીઆં જે સઘળે ઠેકાણે ત
મો કેવી રીતે વસી આવીઆં, ને આજ પાંચ ચાર વ
રસ થએઆં તમો માહારી સાથ કેવી રીતે વસોછો,
એનોજ જો જરા તમો ધીરજથી વીચાર કરસોતો ત
મારી ખાતરી થશે કે તમારો સ્વભાવ સાચવવાને મેં
તથા માહારી વાહાલી બાઈડીએ જેટલી તજવીજ રા
ખીછે, તથા કેટલીક વાર તમારા આડા સખુનો સાંભલી
આ છતાં તેની કશી પરવા ન કરતે મોહોટું દીલ રા
ખી ઓર તમારી ખુશામદ કરતાં તમારી સાંમાં આવી
આં છઈએ. તેટલું માહારા બીજા એકુ પણ ભાઈને ઘ
રથી થઈઊં નથી, એ દાખલા લંબાણ કીધાથી ખચી
ત તમારૂ દીલ દુખશે ને વીસારેલી વાત પાછી ઈઆદ
આવીઆથી તમને ઘણું માઠું લાગશે મારે એ વીશે
જાજું બોલતો નથી. આટલું પણ બોલતે નહી પણ ત
મ વીશે હું કેટલો હેરાન અને દુખીછું તેની સાબેતી
આપતાં આટલો ઈસારો કરવાની ફરજ પડીછે.

પેઆરાં માતાજી, જો મને ખરૂં પુછાવોતો હું
કહુંછું કે મને પરણીઆને આઠ દસ વરસ થ
એઆંછે, અને હું બે ચાર બચાંનો બાપ ગ
ણાઊંછું, તો પણ વર બાએડી તરીકેનું જે
ખરૂં સુખ ભોગવવાનું તેથી તો હું અને તેમ
જ માહારી બાઈડી બંધે કમ નસીબ રહેઆં છઈ
એ. ખરૂં માનજો માતાજી કે જો ઈશવર ન કરે ને
માહારી વાહાલી બઈરીની અજલની દોરી ટુકી થઈ
અથવા જો આ દુનીઆથી એકાએક મને કુચ કરી જ
વું પડીઊં તો, બેમાથી એક જે પાછલ જીવશે તે હંમે
શ સુધી ઝારતે રેહેશે. મેં ઊપર જણાવીઊં તે પર
માણે માહારી બઈરી તરફની માહારી સઘલી ફરજો
મારાથી જેમ અદા થાએછે તેમ કરૂંછું, એટલું છતાં
તમે માતાજી જેમ ધારોછો તેવો હમો વર બાએડીનો
એખલાસ અથવા સંબંધ નથી એ તમોએ સારી પઠે
ઈઆદ રાખવું. માહારાંમાં એક એવી કુદરતી ખા
સીઅતછે કે પોતાનાં ભીતરની વાત ચાલતાં લગણ કો
ઈને જણાવવી નહી, જે દુખ અથવા અડચણ પડે તે
મોહોટું દીલ રાખી ખમવું, અને તેની વધારે ટકટ
ક કરવી નહી. તે ઊપરથી તમો જે એવો તરક બાં
ધોછો કે હું માહારી બઈરીની તરફછું, તો એ તરક
બાંધવામાં તમોએ મોહોટી ભુલ ખાધીછે એટલું બોલ
વા સીવાએ માહારાથી વધારે કાંઈ બોલી શકાતું નથી.

પેઆરાં માતાજી, જેમ એક સુલીની અંદર ઓ
પારી આવી પડે અથવા ચારે તરફથી સલગેલી આ
ગની એક મોહોટી ચેહની વચે જેમ એક માણસ આ
વી પડે, તેવી અવસથા મારી થઈ પડીછે. એક તરફ
થી જો તમારી સાથ બે દાહડા મીઠી વાત થાએછે ને જો

માહારી બઈરી સાથ મન મુકી બોલાતું નથી તો તેનુ
દીલ દુખી આવેછે, જેનો બલાપો પાછો માહારા ઊપર
જ પડેછે. અથવા જો બીજી તરફથી ભોગજોગે એ
વું બનીઊં હોએ કે માહારી બઈરી સાથ દીલ ખુલાસ
થી કાંઈ વાતચીત થઈ હોએતો આણી તરફ તમારો
મીજાજ એકદમ જતો રહેછે, અને જાણે બઈરી સાથ
દીલ ખુલાસથી વાત કરવામાં કેટલીએક ચોરી કીધી હો
એ એવી આપદા મારા ઊપર આવી પડેછે. આવો
માહારો એવાલ સાંભલી મને જનમ આપનાર એક
માતા દાખલ તમને કાંઈ દએઆ નહી આવે વારૂં ?

માણસ પોતાના જીવને કહુવા માગી અથવા ખુ
દાતાલાના હુકમ વગર મોતને તેડું કરી કેટલો પાપી
અને ગુનેહગાર થાએછે એ વાત હું સારી પઠે સમજું
છું, એટલું છતાં, પેઆરાં માતાજી હું વારે ઘડીએ મા
હારા જીવને કહુવા માગુંછું અને વારે ઘડીએ મોત મા
ગુંછું કે વારૂં આ શંસારના દુખના ખટલાથી મોકલો
થાઊં, એ શું થોડી દુખની વાતછે !! બાહેર આખો
દાહાડો રંજ અને શકતી ભોગવી, હજારો ખટપટમાં
અફડાઈ ઝીકાઈ, તન અને મન લોદરૂં કરી ઘરમાં આ
વનાર એક શખસની સામે હસતે મોહોડે તેની બઈરી
નાં આવીઆથી અથવા ખુસ મીજાજમાં તેની માતાને
જોવાથી તે થાકેલા શખસને કેટલો આનંદ થાએ વા
રૂં ? પણ હવે જો તેથી વીરૂધ હું તમોને આપણો પો
તાના ઘરનો દાખલો આપી કહું કે હું આખો દાહાડો
રંજ અને શકતી ભોગવી કેટલીએક ધારેલી ઊમેદોમાં
ના ઊમેદ થઈ બાગેલે દીલે ને તુટેલે મને ઘરમાં આંઊ
અને તાંહાં જો વલી તમો સાસુ વહુઓને લડતી અથ
વા કજીઆ કંકાસમાં જોઊં તો પછે, વીચાર કરો પે
આરાં માતાજી; તેવી વખતે માહારાં દુખમાં કેટલો વ
ધારો થતો હશે વારૂં ? કેહેવતછે કે દુખ ઊપર ડાહા
મ, તેવો હાલ એવી વખતે માહારો થાએછે. જેમ
આગનું મારેલું માણસ વનમાં ગઈઊંતું ને તાંહાં પ
ણ આગ લાગીતી, તેવી અવસથા તમોએ માહારી
કીધીછે !

પેઆરાં માતાજી, ઊપર આટલું બધું લખી ઘ
રના કજીઆ કંકાસની સઘલી બદનામી તમારા ઊપ
રજ નાખવા માંગતો નથી. માહારી બઈરીને પણ હું
સારીપઠે ઓલખુંછું, તેણીનામાં કેટલાં પરાકરમછે, અ
ને તેણીનો શવભાવ અને મન કેવુંછે એની મને સારી
પઠે ખબરછે, એટલું છતાં પેઆરાં માતાજી તમારા ઊ
પરજ આ કાગલ લખવાની જરૂર એટલા માટે પડીછે
કે જરૂર અને જોઈતી વેલાએ કડવી નજર કરી, ગુસે
થઈ, બે કડવા સખુન બોલી અથવા ચાર લોકનાં દેખ
તાં શીખામણની બે વાતો કહી હું મારી બઈરીને ઠેકા
ણે લાવી શકુંછું. પણ તેવી કોઈબી ચાલ તમ જેવાં બુ
જરગ માતાજી સાથે ચલાવવી ના લાએકછે એવું ધા
રી ખાનગી રીતે આટલો ખુલાસો તમો ઊપરજ મોક
લવાની જરૂર થઈછે.

વલી બીજું એ કે તમો બુજરગ, અને સમજુ
છો તેથી તમોને તો કેટલીએક વખતે બચાંઓને લઈ
ચલાવવાં જોઈએ. હું કબુલ કરૂંછું કે કેટલીએક વખતે
તમારી સાથ કટકટ કરવામાં માહારી બઈરીનો મુખી
અ વાંક હશે, તોપણ પેઆરાં માતાજી, તેને નાદાન
બચું સમજી તમોએ તમારાં ડાપણ પરમાણે તેની તે
વી ચાલને ધીકારી કાહાડવી જોઈએ, નહી કે તેની સા
થ બચાં બરોબર થઈ તાણાં મેહણાં ને હાસા તોસી
ઊપર આવી જવું. તમો આટલું તો સારી પઠે જા
ણોછો કે વહુઓનો ઘણો વાંક છતાં ગામમાં બીચારી
સાસુઓનાં નામ ભુંડાંમાં ખપેછે, તો વારૂં જાણીજોઈને
એવું શું કરવા કરોછો ? હજી બેહેતર એલાજ તો
એજ કે નાખતી કરવી, કે જેથી જો વહુ સમજુ હોએ
તો સમજીને રેહે. હાલતો તમારા નીમક પરવર બેટા
ની એજઅરજછે.

## મરદના પોશાકમાં એક ઓરત.

ઓરત જાત ઘણું કરીને નાજુક અને નબળી
હોએછે અને તે પોતાનો પોશાક છોડી દઈને મરદનો
લેબાસ લેએછે અને મરદનાં જેવાં કામો કરેછે તારે
આપણને થોડી અચરતી ઊપજતી નથી. તો પણ અ
ગાઊના અને હાલના જમાનામાં કેટલીએક ઓરતો
વીશે સાંભલવામાં આવીઊંછે કે તેઓએ ઓરત જાત
નો પોશાક છોડી દઈને મરદ જાતનો લેબાસ લીધોછે
અને મરદનાં જેવાં કામો કીધાંછે. એ બાબદમાં હમો
હાલ તરત એક ઓરતનો હેવાલ આપીએછે.

આસરે સો વરસની વાત ઊપર મેરી-નામની
એક સ્રી થઈ ગઈછે તે સ્રી ઘણી ખુબસુરત હતી અ

ને સન ૧૭૧૫ માં ઈંગલંડ મધે એક પરગણામાં જનમી હતી. જારે તે મોટી થઈ તારે એક જુવાન માણસ સાથે તેણીને મોબત પડી અને તેની સાથે લગન કરવાનો તેણીએ ઠરાવ કીધો. પણ થોડા દીવસમાં તે જુવાન પુરૂશ મરણ પામેઓ અને મેરી પોતાની આશામાં નીશફલ થઈ. જેની સાથે લગન કરવાનો નીશચે કીધો હતો તે મરણ પામેઓ તેથી મેરીને અતીઘણી દલગીરી ઊપજી અને તેણીએ હવે કોઈબી પુરૂશની સાથ લગન નહી કરવાનો ઠરાવ કીધો. થોડા દીવસ પછી તેણીને એક બીજી ઓરત મલી આવી અને તે ઓરતબી તેવીજ રીતનો ઠરાવ કરીને બેઠી હતી. એ ઓરતબી જેની સાથે મોબતમાં પડી હતી તેની સાથે લગન નહી થવાથી "નહીજ પરણવું" એવો નીશચે કરીને બેઠી હતી. બેહુ સ્ત્રીઓનું દુખ સરખું અને એકજ કારણથી ઊપજેલું હતું તેથી તેઓએ સાથે રહીને પોતાની જીંદગી ગુજારવાનો વીચાર કીધો. તેઓએ પોતાના બંનેના લાભને માટે એવો મનસુબો કીધો કે એક જણીએ ઓરત જાતનો પોશાક છોડી દઈને મરદનો લેબાસ લેવો અને તે ગામ છોડીને કોઈ બીજા અણજાણા ગામમાં જઈને રેહવું.. મરદનો લેબાસ કોણ લીએ એ વીશે પેહલ વેહલી જરા ભાંજગડ થઈ પણ તે ભાંજગડનો છેડો તેઓ સેહલાઈથી લાવી શકેઆં. તેઓએ ચીઠી કાહાડી અને મેરીનું નામ નીકલેઆથી મેરીએ મરદનો લેબાસ લેવો એવો ઠરાવ થએઓ. તેઓ બંનેની પાસે ૨૦૦ રૂપીઆની પુંજી હતી. મેરીએ મરદનો પોશાક ખરીદ કરીને પેહરેઓ અને પોતાનું નામ જેમસ હાઉ કરીને રાખીઉં. તેઓ બીજે ગામ જવાને નીકલેઆં.

તેઓ જારે બીજા ગામમાં આવી પોહચેઆં તારે એક નાહના ઘરમાં ઊતારો કીધો અને તેઓ સ્ત્રી ભરતારનું ડોલ ઘાલીને રહેઆં. થોડી મુદત પછી કાંઈ મોટી મારામારી ઊપરથી મેરી જેણીએ પોતાનું નાંમ જેમસ હાઉ રાખીઉં હતું તેણે એક જુવાંન શખસની ઊપર ડામેજની ફરીઆદી માંડી અને ૫૦૦ રૂપીઆ મલેઆ. તે ધણીધણીઆણીએ જગા બદલી. એક વધારે સારા ઘરમાં રહીને કાપડ વેચવાનો ધંધો ચલાવવા લાગાં. તેઓની હાલત દીનપર દીન સુધરતી ગઈ. તેઓ પાસે પઈસા એકઠા થતા ગયા. તેઓ પોતાના ધંધામાં દીનપર દીન વધારે શ્રવતાં ગએઆં. તેઓએ પોતાનો ભેદ છુપો રાખવાની મતલબથી કોઈબી ચાકરને ઘરના કામ વાસતે રાખેઓ નહી હતો પણ સઘળું કાંમ તેઓજ પોતાને હાથે કરતાં હતાં. આવી રીતે તેઓએ વીસ વરસ ગુજારેઆં અને તેટલી મુદતમાં મોટી રકમ એકઠી કીધી હતી.

તેવામાં એક બનાવ એવો બનેઓ કે જેથી તે સુખી જોડાંને દુખ ઊપજવા લાગું. એક બીજી ઓરત જે મેરીને બચપણથી ઓલખતી હશે તે તેઓની દુકાને આવી લાગી અને મેરીને મરદના લેબાસમાંથી તરત ઓલખી કાહાડી. તેણીએ મેરીની ઊપર એક ચીઠી લખી અને જણાવીઉં કે અગર તું મને ૧૦૦ રૂપીઆ નહી મોકલશે તો હું તારો સઘળો ભેદ જાહેર કરી નાખીશ. મેરીને ધાસતી પડી કે એ ભેદ જાહેર થઆથી તેઓના ધંધાને નુકસાન પોંહચશે તથા તેઓને ઘણીએકતરાંની અડચણ ભોગવવી પડશે તેથી રૂ૧૦૦ ની નોટ મુંગી મુંગી મોકલી દીધી. પછી થોડાએક વરસ લગી તે લુચી ઓરતે તેઓને કંટાલો આપેઓ નહી તેથી તેઓએ અગાઊની મીસાલે પોતાનું કામ ચલાવેઆ કીધું. મરદના લેબાસ વાળી ઓરત તે ગામનો મોટો વેપારી ગણાવા લાગી અને જેમસ હાઉના નામથી જુરીની અંદર તથા કેટલીએક જાહેર સભાની અંદર મોટા માન સાથે જવા લાગી. પણ પેલી લુચી ઓરત વળી પઈસા કહડાવવાની મતલબથી મેરીની પુઠે લાગી. બીજા રૂ૧૦૦) મેલવેઆ. વળી પંદર દીવસ પછી બીજા રૂ૫૦) મેલવીઆ. તેવામાં મેરીની બેહનપણી જે સ્ત્રી દાખલ રહેલી હતી તે ઘણી આજારી પડી અને તે હવા ફેરને માટે બીજા ગામમાં જાંહાં તેણીનો સગો ભાઈ રેહતો હતો તાંહાં ગઈ. તાંહાં તે થોડા દીવસમાં મરણ પામી. મરવાની અગાઊ તેણીએ પોતાના ભાઈને સઘળી વાતથી અને સઘળા ભેદથી વાકેફ કીધો હતો. તેણીએ જણાવીઉં હતું કે તે કોઈબી મરદ સાથે નહી પણ ઓરત સાથે એટલા વરસ રહી હતી. અને તેઓએ ભાગમાં ધંધો કીધો હતો અને રૂપીઆ ૪૦૦૦૦ ની દોલત મેલવી હતી. આ ખબર ઊપરથી તે ભાઈ તરત મેરી પાસે જઈ પોંહચેઓ અને પોતાની મરનાર બેહનનો હીસો માંગેઓ. મેરીએ તરત અરધો અરધ રકમ તેણીને હવાલે કીધી.

મરનારના ભાઈએતો મેરીનો ભેદ હજીરે છુપો રાખેઓ પણ પેલી લુચી ઓરત પાછી પછવાડે લા



વાડીઆજી નવરોનજી નમરોદજી

ગી. તેણીએ ભલી મેરીની પાસેથી રૂ ૧૦૦૦) ની મોટી રકમ કહડાવી. પણ હવે મેરીએ જાણીઊં કે વધારે વાર વાત છુપી રહી શકવાની નથી તેથી તેણીએ મરદનો પોશાક છોડી દઈને ખરા પોશાગમાં બાહેર પડી. તે લુચી ઓરતની ઊપર પઈસા કહડાવવાનો અનીઆએ મુકેઓ અને તેણીને કોરટમાં ઊભી રાખી. તે લુચી ઓરત ગુનેહગાર માલુમ પડેઆથી તેણીને શીકશા થઈ. તાર પછી મેરીએ પોતાની સઘળી મીલકત વેચી નાખી અને બુઢાપાના વખતમાં એક ગામડાં મધે નર્ચીંત થઈને રહી. પોતાના ઊદીઓગથી જે દોલત મેલવી હતી તેનું ફલ આ વખતે ભોગવવા લાગી. તેણીએ ૩૪ વરસ સુધી મરદનોપોશાક પેહરેઓ અને મરદમાં પોતાનું નામ ખપાવીઊં. તેણીએ પાછો ઓરતનો પોશાક પેહરેઓ તારે તેણીની ઊમર ૫૦ વરસની થઈ હતી. તાર પછી તે પંદર વરસ લગી જીવી અને ૧૭૮૦ માં ૬૫ વરસની ઊમરે મરણ પામી.

## મરહુમ વાડીઆજી શેઠ નવરોજજી જમશેદજી.

આપણી વસતીમાં પંકાએલા વાડીઆજી શેઠ નવરોજજી જમશેદજી ૧૮૬૦ ના નવેમબરની ૧ લી તારીખે આ ફાની દુનીઆં છોડી સરગવાસી થયા તે વાંચનારી બાઈઓ તમે જાણતાં હશો. એ નામવર ૮૬ વરસની ઊમરે પોંહચી મરણ પામેઆ અને તેમના મરણથી પારસીઓની મોટી સંખીઆને દલગીરી ઊપજી હતી. એ નામવર શેઠના જનમનો તથા મરણને લગતો થોડોએક અગતજોગ હેવાલ આપવાની રજા લઈએછે.

મરહુમ શેઠ નવરોજજી જમશેદજી મુંબઈ મધે ઈસવી ૧૭૭૪ ના સાલમાં જનમેઆ હતા. એઓ પરખીઆત લવજી જેણે મુંબઈની ગોદીનો પરથમ પાયો નાખીઓ હતો તથા જે દેશીઓમાં પેહેલા માસટર બીલડર ઠરેઆ હતા, તેમની ચોથી ઓલાદે ઊતરેલા હતા. ઈંગ્રજ ઈનડીઆ કુંપનીના તથા દરીઆઈ કાફલાનાં વાંહાણો બનાવવાને મરહુમ વાહાડીઆજી નવરોજજીના બાવા વાહાડીઆજી જમશેદજીએ જે કોશેશો કીધી હતી તથા સરકારની જે ખીદમદ ચાકરી બજાવી હતી તેથી એ મરનારનાં ખાનદાનને ચો તરફથી સારૂં માન મલીઊં હતું. મરહુમ વાહાડીઆજી શેઠ નવરોજજી નાહાનપણથી ગોદીનાં કામમાં પોતાના બાપને એક મદદગાર થઈ પડીઆ હતા, તેથી ઈસવી ૧૮૨૨ નાં સાલમાં પોતાના બાવાનાં મરણ પછે માસટર બીલડરના જોખમ ભરેલા હોદા ઊપર એમની નેમણુક થઈ હતી. એ જોખમ ભરેલો હોદો મરહુમ વાહાડીઆજી શેઠ નવરોજજીયે છેક ઈસવી ૧૮૪૪ સુધી ઘણીજ ચાલાકી તથા હુશીઆરીથી બજાવેઓ હતો, અને જેને માટે જુદી જુદી વખતે એ મરહુમ શેઠને જુદા જુદા સરકારી અમલદારોની તરફથી કેટલાંએક શાબાશીનાં માંનપતરો મલીઆં હતાં. ૧૮૪૪ પછે મરનારે પોતાની જઈફીને લીધે પોતાનો હોદો છોડી નર્ચીંતાઈ લીધી હતી. જે વખતમાં એઓને બેહો મુસારો મલતો હતો.

ઈસવી ૧૮૩૧ ના સાલમાં ઈનડીઆ નેવીના સુપરીટેંડંટ કેપટન સર સી. માલકમ નાઈટની ભલામણ ઊપરથી કોરટ આવ ડરેકટરસનાં અધીકારીઓએ મરહુમ શેઠ નવરોજજીને રૂપાનું એક "રૂલર" ભેટ કરીઊં હતું. જુદે જુદે વખતે મરહુમ વાડીઆજીના ખાનદાનના બીજા માસટર બીલડરોને પણ તેમની તારીફ લાએક કોશેશને લીધે કોરટ આવ ડાએરેકટરસની તરફથી ભેટો કરવામાં આવી હતી.

મરહુમ વાહાડીઆજી શેઠ નવરોજજી પોતાનાં ટોલામાં પણ એક ઘણાજ માનવંત તથા ખેરખા થઈ ગએઆછે. એઓ પારસીની પંચાએતના અનજુમનનાં મતથી ઠરેલા એક અકાબર હતા, પણ ઈસવી ૧૮૫૪ ના સાલમાં જઈફીને લીધે મરનારે તે ઓધો છોડીઓ હતો. એ મરનાર શેઠ પોતાના જાતભાઈઓના ફાએદાના હરેક કામમાં આગેવાની કરવાને કદી પછાત પડતા નહી હતા, તેમજ એ મરહુમ શેઠ સાલેસાઈ, પરેજગારી તથા બીજા નીતી ગુણો સારા ધરાવતા હતા. આજ આઠ દસ વરસ થએઆં એમની જઈફીને લીધે એઓથી કોઈબી જાહેર કાંમોમાં સામેલ થવાતું નહી હતું, તોપણ મરહુમ શેઠે પોતાની છેલી ઘડી સુધી પોતાના જાતભાઈઓનાં લાભ ઊપર એક સરખી નજર રાખી હતી. એ મરહુમ શેઠને માન તરીકે

એમના મરણ પછે બીજે દીવસે અતરેની ગોદી બંધ રાખવામાં આવી હતી, તથા બંદર માહેલાં સરકારી વાંહાણોના વાવટા ઊતારીને નીચા રાંગવામાં આવી આ હતા, તથા જરતોસતી દુકાનદારોએ બપોર પછે પોતાની દુકાનો બંધ કીધી હતી, તેમજ અતરેની સર જમશેદજી જીજીભાઈ વાલી તથા બીજી કેટલીએક ની શાલો પણ બંધ કરવામાં આવી હતી; એઓની પાએ દસતની મજલસની ઠઠ એટલીતો મલી હતી કે જેવી કોઈજ વાર જોવામાં આવી હશે. ગોદીમાનાં હીંદુ તથા મુસલમાન કારીગરો જેમને ધરમ સંબંધી અડચણને લીધે મરનારને ઓટલે અથવા પાદસે જવાને બની નહી આવીઆથી તેઓ પાએદસત કાહાડતી વેલા એ હાર બંધ કતાર માંડી દરવાજાની બાહેર મરનારનાં રવાનને છેલો શેજદો કરવાને ઊભા રહુઆ હતા, જે દેખાવ ઘણોજ ગંભીર લાગતો હતો.

મરહુમ વાહાડીઆજી શેઠ નવરોજજી જમશેદજીનાં નાગની એક કાએમ ઈઆદગારી રાખવાનો ઠરાવ એ મરહુમનાં ઊઠમણામાં કરવામાં આવીઓ હતો, એથી દરએક જરતોસતીને ખુશી ઊપજી હતી. ઊઠમણાની મજલસમાં આપણી વસતીમા પંકાએલા ગરહસથ શેઠ કાવસજી જાહાંગીરજીની દરખાસત ઊપરથી શેઠ સોહોરાબજી જમશેદજી જીજીભાઈએ એક પતર મજલસમાં વાચી સંભલાવીઓ હતો. એ પતરમાં મરહુમ શેઠની ખુબીનું કેટલુંક વરણન કરવા બાદ તેવણેનો પારસી ટોલા ઊપર થએલો ઊપકાર કહી સંભલાવી અનજુમનને એવી દરખાસત કીધી કે અનજુમનની તરફથી એક નવું ફંડ ઊભું કરવું અને તેમાં જે નાણાં ભરાએ તે હાલનું ગોદીના સુતારોનું પેનસનનું જે ફંડછે ને જેમાં ઊમેરો કરવાની તારે જરૂરછે તેમાં તે નાણાં ઊમેરી ગોદીના ગરીબ સુતારોને પેનસન આપવાનું ફંડ પુરતું કરવું. અને તે ફંડમાં નાણાં આપીઆ બાદ જે રકમ હાતમાં રેહે તેમાથી મરહુમ વાહાડીઆજીનું એક બાવલું બનાવવું, પણ જો બાકી રહેલી રકમમાંથી બાવલાંનો ખરચ નહી નીકલી શકે તો મરહુમ શેઠની આખાં કદની એક તસવીર ઊતરાવવી. એ દરખાસત મુજબ તેજ વેલા એ કેટલાક ગરહસથોએ લગભગ છ હજાર રૂપીઆની રકમ ઊઘરાણાની ટીપમાં ભરી હતી.

મરહુમ વાહાડીઆજી શેઠ નવરોજજીએ તરણ વાર પોતાનાં લગન કીધાં હતાં. એ મરહુમના છ પુતરોમાના તરીજા પુતર મી૦ જાંહાંગીરજી હાલ ગોદીના માસટર બીલડરનો હોદો ભોગવેછે, તથા તેમના બીજા પુતરો વેપારી ધંધામાં ગુતાએલાછે.

---

## એક ખલાસીની વાત.

ઈંગલંડ મધે એક નાહના શેહરમાં કોઈ વેપારી રેહતો હતો. તેને પેટે એકનો એક દીકરો હતો અને તેનું નામ વીલીઅમ કરીને હતું. વીલીઅમ જારે મોટો થએઓ તારે પોતાના બાપના ધંધામાં પડેઓ. જે મોહલામાં તેઓની દુકાંન હતી તેજ મોહલામાં બીજો એક ગહરસથ રેહતો હતો. તેની સાથે વીલીઅમના બાપને ઘરવટ હતી. તે ગહરસથના ઘરમાં વીલીઅમ બચપણથી આવ જાવ કરતો હતો. તે ગહરસથને પેટે મેરી નામની એક છોકરી હતી. બચપણથી એ છોકરી અને વીલીઅમને ઘણી માયા લાગી હતી. વીલીઅમ જેમ મોટો થતો ગયો તેમ મેરી અને તેની વચે પેઆરનો ગાઠ વધારે મજબુત થતો ગયો હતો. તે એટલેવેર કે થોડી મુદતમાં તેઓના એક બીજા સાથે લગન થાંત. એ વાતમાં વીલીઅમ તથા મેરીના માબાપ બી ઘણા ખુશી હતાં. પણ તેવામાં એક બનાવ બનેઓ જેથી વીલીઅમના માબાપને તથા મેરીને તથા મેરીના માબાપને ભારે દુખી થવું પડીઊં. ઘણી ઊતાવલમાં વીલીઅમ એક સાંજના મેરીના ઘર તરફ દોડેઓ જતો હતો. રસતામાં ઠોકર લાગી અને તે ચીકલમાં પડી ગયો. તેને કાંઈ નુકસાન થયું નહી પણ કપડાં ચીકલવાલાં થયા. રસતામાં બીજા લોકોએ તથા મેરીએ પોતાની બારીમાથી તેને દીઠો. જેવો તે ચીકલમાંથી ઊઠી ઊભો થયો કે સઘલા એકદમ હસી પડેઆ. વીલીઅમના મનમાં એથી ઘણી સરમીંદગી પોહચી. તે પોતાના મનમાં બોલેઓ કે "હું સતર અઢાર વરસનો ગટો થઈને પડી ગયો મોટી શરમની વાત." તે પોતાના ઘેર તરફ જલદીથી દોડેઓ અને કપડાં બદલેઆં. પછી વીચાર કરવા બેઠો કે "અરે કેટલી શરમની વાત," તેણે થોડાંએક કપડાં બાંધેઆં અને શરમનો મારેઓ એકદમ કોઈને જણાવેઆ વગર બંદર તરફ નીકલી પડેઓ. એક વાંહાંણ જે હંકારી જવાની

તઈઆરીમાં હતું તેના નાખુદાને કહીઊં કે વગર પગારે તારાં વાંહાંણની ચાકરી કરવાને હું ઘણો ખુસી છું. નાખુદાએ તે વાત કબુલ કીધી અને બીજે દીને તે વાંહાંણ બીજા બંદર ખાતે ઊપડી ગયું.

પેહલથમ તેને ખલાસીનું કાંમ ઘણુ કંટાલા તથાં દુખ ભરેલું લાગીઊં પણ થોડીએક મુદ્દત પછી આશરમ પડી ગઈ. તેને અમેરીકાની તથા બીજા કેરાટાઓની બે તરણ વાર સફર કીધી. ખલાસીના કામમાં જલદીથી માહેતગારી મેલવી, નાવશાસ્ત્ર એટલે વાંહાંણ ચલાવવાની વીદેઆનો અભીઆસ કરવા લાગો. તેનો પગાર થયો અને વધતો ગયો. એમ કરતાં તરણ વરસ ગુજરી ગયાં. એ મુદ્દતમાં જેજે બંદર ખાતે તે ગયો તે બંદરના સઘલા લોકો તેની ચાલથી, તથા તેના દેખાવથી, તથા તેની ભલાઈથી, તથા તેની માહેતગારીથી ઘણાજ ખુશી થવા લાગા. તેના ચેહરા ઊપરથી માલુમ પડતું હતું કે તે કોઈ આબરૂવાલા ખાનદાનથી ઊતરેલોછે. અમેરીકાના એક વેપારી મી૦ રીડની સાથે તેને ઓલખાણ થઈ. એ વેપારી ઘણો મોટો અને તવંગર કેહવાનો. વીલીઅમનો તેની સાથે મોટો વગ થઈ પડેઓ. તે વેપારીએ પોતાના નવા વાંહાંણનો "ચીફ મેટ" નો ઓધો વીલીઅમને આપેઓ. તે ઓધો તેને ઘણો મનમાનતી રીતે બજાવેઓ.

વીલીઅમ તે વેપારીના ઘરમાં એટલો તો હલીમલી ગયો હતો કે તે વેપારીનું આખું કુટંબ વીલીઅમને ચાહતું હતું. તે જેવો ભલો અને શીખેલો હતો તેવોજ તેનો ચેહરો ખુબસુરત હતો. એક દીને તે વેપારીએ તેને જણાવીઊં કે "હું તમને કોઈ બીજા વાંહાંણનો કપતાનનો ઓધો આપવા માંગુંછું તે તમે ચલાવી શકશો ? વીલીઅમે જવાબ દીધો જે "તમો તે ઓધો સોંપસો તો હું ચલાવી જોઈશ." તે વેપારી બોલેઓ કે "વારૂ ઠીકછે. તમે સાંજના ઘર આગલ આવજો. મારી છોકરીઓબી તમને મળવા માગેછે અને પછી આપણુ તે વીશે વાત કરશું." એ ઊપરથી વીલીઅમ સમજી ગયો કે મારો શેઠ મને વાહણનો કપતાન કરવા ઇછેછે તથા મારો સંબંધ પોતાના કુટંબ સાથે કરવા માંગેછે. વીલીઅમ વખતસર રાતના મી૦ રીડની મુલાકાત લેવાને ગયો. મી૦ રીડની તરણ છોકરી હતી તે મધે રૂથ નામની છોકરી ઘણી ખુબસુરત અને ચાલાક અને ઊમરમાં આવેલી હતી. તેણીની સાથે વીલીઅમે થોડોવાર વાત ચીત કીધી તાંહાં સુધી તે ઓરડામાં બીજું કોઈ માણસ આવીઊં કે ગયું નહી. તે ઊપરથી વીલીઅમ ચેતી ગયો કે તેણે જે અગાઊ કલપના બાંધી હતી તે ખોટી અને વગર આધારની નહી હતી. તે જુવાન ખુબસુરત છોકરી સાથે થોડોવાર વાત ચીત થયા પછી વીલીઅમને જોસો ઊતપન થયો અને તેણે "રૂથ" ને જણાવીઊં કે મારી તબીઅત એકાએક બગડી આવીછે. તે વાત સાંભલી "રૂથ" ઘણી દલગીર થએલી માલુમ પડી. વીલીઅમે રજા લીધી અને વીચાર કરવા માટે પોતાને ઘેર ગયો.

રીડ જેવા માતબર કુટંબની છોકરી સાથ વીલીઅમનો સંબંધ થશે એવું તેણે અગાઊ કોઈ દીવસ સપનામાંબી ધારીઊં નહી હતું. વલી તેની છોકરી જુવાન અને ખુબશુરત—વીલીએમ તરફ એટલો બધો પેઆર દેખાડવા લાગી કે તેનો ફાએદો લેવાને વીલીઅમ મોટા વીચારમાં પડેઓ. આખી રાત તેણે ઊંગ આવી નહી. તે મોટા વીચારમાં ગુથાએલોછે તેવામાં મેરી, પેઆરી મેરી જેણીની સાથે બચપણથી ઘણી માયા લાગી હતી તેની સબી તેના મન આગલ આવીને ઊભી રહી. તે બોલી ઊઠેઓ કે "ઓ મેરી—મારી પેઆરી મેરી હું તને છોડીને એકદમ નાસી આવેઓ." એમ બોલતાં તેને પોતાના માબાપબી ઈઆદ આવેઆં "અરે હું તેઓને ઘાતકી રીતે છોડીને આવેઓ છું. તેઓ મારે વાસ્તે કેટલી રડાપીટ અને ફીકર કરતાં હશે. અરે હું કેવો મુરખ, કેવો નીરદય અને કેવો નીમખ હરાંમ કે મારૂ શું થયું અને હું કાંહાં છું તે વીશે એક કાગલબી લખેઓ નથી." એમ બોલીને તે રડી પડેઓ. જેવી સવાર પડી કે તરત તે બીછાના ઊપરથી ગભરાટમાં ઊઠેઓ. કાંઈબી ઢીલ કરેઆ વગર પોતાને દેશ જવાનો ઠરાવ કીધો. તે પોતાના મનમાં બોલેઓ કે "મેરીને વાસ્તે હું એકદમ ચાકરી છોડીનેબી જાઊં. તે મને હજીબી ચાહતી હશે તો લગન કરૂતો તેણીનીજ સાથે કરૂ." જારે તે પોતાના શેઠને ઘર મલવા ગયો તારે તેણે મા બાપને મલવાના વીચાર વીશે તેને વાકેફ કીધો. મી૦ રીડે તેનો વીચાર પસંદ કીધો અને મા બાપને જઈને મળી આવવાની રજા આપી. પણ વીલીઅમના મનની ખરેખરી પરીકશા થવાનો વખત હજુર બાકી હતો. જુવાન અને ખુબ

સુરત રૂથની મુલાકાત એકાંત ઓરડામાં તે દીને ફરીથી થઈ તે થોડોવાર મુંગો બેઠો અને તેની આંખમાંથી આંસુઓ પડવા લાગાં. "રૂથ" બી થોડોવાર મુગી રહી અને તેણીની આંખબી આંસુથી ભરાઈ આવી. તે નરમ અવાજે આંખમાં પાણી લાવીને બોલી "તારે શું તમે જાઓછો ?". તેનો જવાબ આપવાની તાકાદ વીલીઅમમાં રહી ન હતી. તેણે રૂથનો હાથ હરૂશે ઊચકીને પોતાના ગોહડા ઊપર મુકેઓ. રૂથ બોલી "વીલીઅમ અગર તમે તમારા મા બાપ ઊપર કાગલ લખીને હંઈ તેડાઓતો કેમ ! તેઓને જણાવો કે તમો સારી હાલતમાંછો. તેઓ જો આવવાને ખુશી હશે તો માહરા બાપનું વાહાંણ તેઓને લઈ આવવાને તઈઆરછે."

વીલીઅમે જોયું કે તે ભલી છોકરીને સઘલી હકીકત જણાવેઆમાં નહી આવશે તો તેઓ વચેનો મામલો વધારે દુખ ભરેલો થઈ પડશે. તે બોલેઓ કે "પેઆરી રૂથ—હું ઈંગલંડ શા વાસતે જાઊંછું તે વીશેની પુરી વાત તમે જાણતા નથી. હું હંઈ આવેઓછું અને સઘળી વાત તમારી આગળ જાહેર કરવાનો મેં ઠરાવ કીધોછે." એટલું બોલેઆ પછી જે વાત તે કેહવા માંગતો હતો તે કહી શકેઓ નહી. તેની જીભ ઊપડી શકી નહી. તારે રૂથ બોલી કે "અરે વીલીઅમ તમે ઈંગલંડથી નીકળેઆ તારે એટલા નાહના હતા કે તમો કોઈબી સ્ત્રી સાથે મોબતમાં પડેઆ નહી હશો એમ હું ખાતરીથી ધારૂછું." એ સાંભલી વીલીઅમથી કાંઈ બોલાઈ શકાયું નહી પણ નીચું મોહડું કરીને જમીન તરફ જોયા કીધું. તે ઊપરથી રૂથ ચેતી ગઈ અને આંખમાં એકદમ આંસુ લાવીને બોલી ઊઠી કે "અરે રે—તારે તો એમજ દીસેછે. અરે વીલીઅમ—પેઆરા વીલીઅ તમે મને વધારે ફીકરમંદ અને વધારે દુખી ના કરો પણ તમારી સઘળી હકીકત જાહેર કરો."

વીલીઅમે પોતાની સઘળી હકીકત જાહેર કીધી અને તે હકીકત પુરી કરતી વખત બોલેઓ "પેઆરી રૂથ તું મને માફ કરજે. મારૂ દીલ તપાસતાં મને એવું લાગેછે કે જેને હું બચપણથી ચાહુંછું તેને વીશે મારા મનમાં પેહલો વીચાર દોડેછે." તે જુવાન છોકરીએ તે ઊપરથી ઊતર આપેઓ "કે વીલીઅમ એમાં માફ કરવાનું કાંઈ છેજ નહી. મેં શુદીજ તરફેની આશા રાખી હતી અને એવું સમજતી હતી કે બીજી કોઈબી સ્ત્રી સાથે મોબતનો ગાંઠ તમોએ પાડેઓ નહી હશે. પણ હું તમને ખરેખર સાબાસી આપુંછું કે જેની સાથે તમારૂ દીલ પેહલ વેહલું લાગીઊં હતું તેણીને તમો છોડી દેતા નથી. હું તમારી ગોઠવણ પસંદ કરૂંછું. હું હાલ એટલીજ અરજ કરૂંછું કે ઈંગલંડ ગયા પછી તમારી હકીકતથી મને વાકેફ કરવાને ચુકવું નહીં." એમ કહીને તેઓ ફરીથી આંખમાં આંસુ લાવી છુટાં પડેઆં..

થોડા મહીનાની સફર પછી વીલીઅમ ઈંગલંડ મધ્યે પોતાના ગામમાં જઈ પોંહચેઓ. જેવો તે પોતાના ગામમાં પેઠો કે તેવું તેનું દીલ થડકવા લાગીઊં. ચાર વરસની વાત ઊપર તેણે પોતાનું ગાંગ છોડીઊં હતું પણ એ મુદતમાં તેનાં મોહડાની શીકલ તથા રંગ બદલાઈ ગયો હતો. તેણે સુંદર પોશાક પેહરેઓ હતો. પોતાના મોહલામાં મેરીના ઘરના ઓટલા ઊપર એક પડોસી ઊભો હતો તે તેને ઓલખી શકેઓ નહીં. તેને પુછીઊં કે રાજર આલીસન હજુર જીવે છે કે નહી. એ નામ વીલીઅમના બાપનું હતું. તે પડોસીએ તેને પુછીઊં કે "શું તેના છોકરા વીલીઅમ વીશે તમે કાંઈ સમાચાર લાવેઆછો ! તે બીચારો બુઢો આદમી તેની ફીકરમાને ફીકરમાં મરવા જેવો થઈ ગયોછે." તેણે જવાબ દીધોકે "જેને વીશે તમો બોલોછો તેને મેં હું ધારૂછું કે દીઠોછે." એ વાત સાંભલી તે પડોસી રાજરના ઘર તરફ દોડતો ગયો અને સમાચાર કહ્યા. વીલીઅમબી તેની પાછલ દોડેઓ. તે ઘર આગળ જઈ પોંહચેછે તેટલામાં તેનો બાપ નીચે ખબર પુછવા આવેઓ. તે પોતાના છોકરાને ઓલખી શકેઓ નહી. રાજર બોલેઓ "અરે સાહેબ ! શું તમે મારા છોકરાને દીઠો ? અરે માહરો છોકરો કાંહાંછે તે જલદીથી જણાવો." તે સાંભલી વીલીઅમ બોલી ઊઠેઓ કે " બાવા—તમે મને ઓલખી શકતા નથી ? એમ કહીને પોતાના બાપની છાતીમાં જઈને લટેઓ. તેવામાં તેની માબી આવી લાગી. " અરે મારી વાહલી મા " એમ બોલતો બોલતો તેની તરફ જવા લાગો તેટલાંમાં તેની માને મોરછા આવી.

પડોસી અને આસપાસના લોકો એકઠા થયાં. "વીલીઅમ આવેઓ વીલીઅમ આવેઓ" એમ આખા મોહલામાં અવાજ થઈ રહેઓ. લીવીઅમ ઘરમાં જ

ઈને બેઠો અને તેણે મેરીના મા બાપ વીશે ખબર પુછી. તરત તેનો બાપ બોલેઓ કે "અરે ! તેઓ હેરાણ હેરાણ. મેરી વીશે તેં કાંઈ સાંભલીઊં નહી હોએ. તે બીચારી મરણ પામી કે તેણીનું શું થયું તે હજુ૨ માલુમ પડીઊં નથી." "અરે મારી પેઆરી મેરીનું શું થયું તે મને જલદીથી જણાવો મારા દીલમાં આ ખબર સાંભલી જખમ વાગેછે." તેણે બાપે પછી સઘલી વાત નીચે મુજબ માંડીને કહી—

"મારા પેઆરા છોકરા જે દીનેથી તું હમને છોડીને ગયો તે દીનેથી મેરી એટલીતો દલગીર થઈ કે તેની તબીએતમાં બગાડ થઈ આવેઓ. તે ખાટલે લઈને પડી અને કાંઈ ખાવું પીવું ગમે નહી. દીન પરદીન તેણીની બીમારી વધતી ગઈ. હમો સઘળાઓને તેણીનીબી મોટી ફીકર થઈ પડી. આખેર જારે હમને મોટી મુશકેલીથી એટલા સમાચાર મલેઆ કે તું કોઈ વાંહાણમાં ચહડી ગયોછે તારે હમને તથા મેરીને જરા નીરાંત વળી. મેરી બીમાર હતી તોપણ તરત પોતાના બીછાનામાંથી ઊઠીને બોલી કે "અરે સુકર ખુદાના કે મારા પેઆરા વીલીઅમ વીશે કાંઈબી સમાચાર મલેઆ." તાર પછી મેરીને જલદીથી આરામ પડવા લાગો અને તે બાહરબી જવા લાગી. તોપણ તેણીના ચેહરા ઊપરથી માલુંમ પડતું હતું કે તે ઘણી ઊદાસ અને ફીકરમાં રેહતી હતી. તે દરરોજ હમારી પાસે આવીને એક કલાક બેસતી હતી અને તારેજ વીશે, ફકત તારેજ વીશે વાત કરતી હતી. એમ કરતાં છ મહીના નીકલી ગયા. તેવામાં એક ઓલખીતી સ્ત્રી ફરાંસ જતી હતી તેણીની સાથે મેરી વીદીઆ લીઆસ કરવાને તથા પોતાની તંદરોસતી સુધારવાને ગઈ. તેણીના માબાપ ખુશી થયાં કે તેણીનું મણ જરા નચીંત ઊપર રેહશે તથા તેણીની તબીએત સુધરશે. મેરી ગઈ તારે પોતાની માને ખંતી ખંતીને કેહતી ગઈ કે વીલીઅમના કાંઈબી સમાચાર આવેતો તે વીશે તેણીને વાકેફ કરવાને ઢીલ કરવી નહી.

"મેરી ફરાંસ ગઈ તારપછી થોડા દીવસમાં હમોએ સાંભલીઊં કે તું અમેરીકા તરફ નીકલી ગયોછે અને તેથી હમારી ફીકરમાં વલી વધારો થયો. હમોએ એ વાત મેરીને લખી જણાવવાને વાજબી ધારીઊં નહી. એવી રીતે લખી જણાવીઊં કે વીલીઅમના સમાચાર એવા મલેઆછે કે પોતાના ગ્નાનમાં વધારો કરવા થોડા દીવસ હજુર વધારે ખોટી થશે. ફરાંસ મધે બે વરસ રહી તાંહાં સુધી વારેવાર આવી ઠગાઈ હમને કરવી પડી. તે મુદ્દત પછી જારે તે પાછી આવી તારે તારા હાથના લખેલા કાગલ તેણીએ જોવા માંગેઆં. એથી સઘલો ભરમ ઊઘડી ગયો અને ખરેખરી બીના જાહેર કરવાની જરૂર પડી. તે તરત પોતાની આંખમાં આસું લાવીને બોલી કે "અરે એ વીજ ધાસતી હતી કે એમાં કાંઈ ઠગાઈછે." તે ધાસતી આખર ખરી ઠરીછે. તેણીને જારે એવા સમાચાર મલેઆ કે તું અમેરીકા તરફ ગએઓછે તે ઊપરથી તે અમેરીકા તરફ જવાને તઈઆર થઈ. તેણીના માબાપ તેણીને મોકલવા ખુશી નહી હતા તોપણ તારી શોધને માટે તે નીકલી પડી. એ વાતને થોડી મુદત ગુજરીછે અને તેણીની તરફથી હજુર કાંઈ સમાચાર હમને મલેઆ નથી."

આ પરમાણે મેરીની વાત વીલીઅમ પાસે તેના બાપે કહી સંભલાવી. એ વાતથી વીલીઅમના મનમાં ઘણી અસર થઈ અને તેને અતીશે દુખ ઊપજવા માંડીઊં. તેણે તરત મી૦ રીડની છોકરી રૂથની ઊપર પતર લખેઓ અને તેણીને સઘલી વાતથી વાકેફ કરીને જણાવીઊં કે "મારી પેઆરી મેરી તમારી તરફ આવીછે તેની શોધ કરજો." તારપછી થોડી મુદતે વીલીઅમને અમેરીકા તરફથી મેરીના હાથનો લખેલો કાગલ મલેઓ તે કાગલ વાંચીને તરત તેણે પોતાના માબાપની રજા મેલવી અને એક વાંહાંણ જે તઈઆર હતું તેમાં ચહડી રવાને થયો. જારે ને અમેરીકા ખાતે જઈ પોહચેઓ તારે નીકોઈઆરકમાં પેઆરી મેરીની મુલાકાત થઈ અને તેણીની સાથે લગન કીધાં. તે જોડુ પછી સુખ ચેનથી રહીઊં. રૂથે પોતાના લગન બીજા સાથે કીધાં અને તેબી સુખી થઈ. વીલીઅમે મેરીની સાથ વીશવાસઘાત નહી કીધો અને મોટી લાલચથી પોતાનું દીલ ઊઠાવીઊં તે માટે રૂથ હમેશાં વીલીઅમની વખાંણ કરતી હતી.


## દુનીઆંનો મુસાફર.

પત્ર ૨.

પેઆરાં બેહન,

મારો કાગલ પોહચેઓ હશે અને તે મધેની ખીનાથી તમો વાકેફ થયાં હશો. હાલ હું કનતાનમાં છું અને સારી સુખાકારી ભોગવું છું. આ મારા બીજા કાગલમાં હું તમને કનતાનનો હેવાલ થોડાંએક ચીત્ર સાથે લખી મોકલું છું તે વાંચીને તમે ખુશી થશો એવી આશાછે.


કનતાનનું શેહર દુનીઆમાં નામીચું અને મશહુર થએલુંછે. એ શેહર ચોરસ આકારનુંછે અને તેની આસપાસ દેવાલ બાંધી લીધેલીછે. તે દેવાલ ૨૨ ફુટ જાડીછે અને ૨૫થી૪૦ ફુટ ઊંચીછે. વસતી ઘણુ કરીને એ સેહરની છ લાખ આદમીની ગણવામાં આવેછે. એ શેહરના મોહલાઓ લાંબા અને સાંકડાછે અને કોઈ કોઈ ઠેકાણે પથરની લાદીઓ જડી લીધીછે. ઘરો ઘણુ કરીને એક માલના અને ઈંટના તથા લાકડાના બાંધેલાં હોએછે. તેમનો દેખાવ ઘણુ કરીને આપણા ઘેરોના જેવો દેખાતો નથી. એક ઈમારતનું ચીત્ર પડાવીને આ કાગલ સાથે બીડીઉંછે જે ઊપરથી ચીન દેશના ઘેરો વીશે તમને થોડોએક ખેઆલ આવી શકશે. બારીમાં કાચની જગોએ ચીનાઓ કાગલ અથવા અબરક વાપરેછે. કેટલેએક ઠેકાણે મોતીની છીપના પતરાં બનાવીને કાચની જગોએ કામે લગાડેછે. મોહલાઓમાં લોકોની ભીડ એટલીતો કોઈ કોઈ વેલાએ થાએછે કે ઊતાવલમાં જઈ શકાતું નથી. આ ઠેકાણે ગાડીને બદલે ઘણુ કરીને ખુરસીના જેવી પાલખી જે આપણા શેહરમાં વાડીઆજી નવરોજી જંઈશીના વખતમાં વાપરના હતા તેવી પાલખી ઘણી જોવામાં આવેછે.



ચીનાઓની ઈમારત.

કનતાનનો વેપાર ઘણો બોહલો ચાલેછે. કનતાંનની પાસેના વાંહમપુઆ બંદરમાં કોઈ કોઈ વેલાએ પાંચ હજાર વાંહાંણો પડેલાં હોએછે. જંગલ મધે જેમ ઝાડોની ઠક માલુમ પડેછે તેમજ દુરથી તે વાંહાંણોના સંડની ઠક જોવામાં આવેછે. એ વાંહાંણો જુદા જુદા શેહરો તરફથી વેપારને વાસતે આવેછે. હીંદુશથાન તરફથી મુખીઅ અફીણ અને રૂ આવેછે. આસરે ૬૦ હજાર પેટી અફીણની દર વરસે આપણા દેશ તરફથી અતરે આવેછે અને તે સઘલું અફીણ પીવામાં તથા ખાવામાં ચીનાઓ વાપરેછે. એ ઝેરી ચીજથી ચીનાઓ ખરાબે હાલ થાએછે. ચીન મધે રેશમ અને ચાહ એ બે વસતુઓ ઘણીજ પાકેછે. ફકત કનતાન મધેજ રેશમી કાપડ બનાવવા પછવાડે આસરે ૧૭૦૦૦ માંણસો લાગેલાંછે. ચીન મધે જેવું તરેહવાર રેશમી કાપડ બનેછે તેવું બીજા કોઈબી દેશમાં બનતું નથી. ચીનાઓનું બજાર તથા દુકાન ઘણોજ તરેહવાર અને જોવા લાએક દેખાવ આપેછે.

કનતાંનથી તરણ માઈલની ચેગલાઈ ઊપર મછવા ગાંમછે તે "બોટ ટાઉન" ને નામે ઓલખાએછે. આસરે ૪૦ હજાર બોટ નદી ઊપર તરતી રેહેછે અને તેની ઊપર લોકો જાથુક વસેછે. નદીની ઊપર જાણે એક "તરતું શેહર" બંધાયું હોએ એમ દેખાએછે અને તેનો દેખાવ ખરેખર જોવા લાએકછે. એ મધે રેહનારા લોકોનું ઘરબાર એજછે, અને તેઓને જમીન ઊપર વસવાની ચીનની સરકારથી મના હોએછે. આસરે એક લાખ આદમીની વસતી એ મછવાં ગાંમ અથવા તરતા શેહર ઊપર વસેછે. તેઓનું બજારબી એ બોટો ઊપર ભરાએછે અને લેવડ દેવડ અને સઘલો રોજગારબી બોટો ઊપર ચાલેછે. કેટલીએક બોટ ઊપરના મકાનો ઘણા મોટા અને બણે માલના હોએછે. "માનડરીનની બોટો" તથા "ફલાવર બોટો" નો દેખાવ ઘણોજ સોભીતો અને ખુબ સુરત હોએછે. જુદા જુદા શેહરો તથા ગામો ઊપર શેહનશાહની તરફથી માન્દરીન હાકમી ચલાવેછે. માંદરીનનું ચીત્ર પડાવીને



ચીનાઓનો માદરીન.

આ કાગલ સાથે ખીડીઊછે. માંદરીન બોટોના બારી બારણા રંગેલાં હોએછે; તથા તેઓ ઊપર નકસીદાર ગાલરીઓ તથા રંગીન રેશમી વાવટાઓ હોએછે. "ફલાવર બોટો" ને ફુલના હાર તથા ગજરાઓથી સણગારેલી હોએછે. તેનો દેખાવબી ઘણો સુંદર તથા દીલપસંદ લાગેછે. એ બોટની અંદર એક દીવાનખાનું તથા ઘણાએક ઓરડાઓ હોએછે અને તેમાં મોહડું જોવાની આરસીઓ, કાચેના લુલકો, રેશમી પરદાઓ અને રંગીન ફાનસો ટાંગેલાં હોએછે. ગાલે ગાલે સુંદર રોપલીઓમાં તાજાં ફુલ ભરીને ટાંગેલાં દેખાએછે. વાડી બાગને ઠેકાણે એ બોટો વપરાએછે અને તે મધે નાચ રંગ તથા રમત ગમત થાએછે. ઠેકાણે ઠેકાણે નાહનાથી મોટી ઊમરના માણસો નદીમાં નાહતા અને તરતા માલુંમ પડેછે. નાહના બાલકો બોટોની અંદર વગર ફીકરે દોડતા અને રમતા ફરેછે; તેઓની કમરે ફુકાં બાંધી રાખેછે કે દરીઆમાં પડેતો તરેઆ કરે. આ સઘલો દેખાવ એવોતો જોવા લાએકછે કે તે નજરે જોયા વગર તેની ખુબી સમજાએ નહી તથા તેનું પુરૂ વરણન થઈ શકે નહી.

કનતાનના શેહરની અંદર નેહરો દાખલ કીધીછે અને તે ઊપર પથરના પુલ બાંધી લીધેલાછે. ઈસપીતાલ તથા નીશાલોબી જોવામાં આવેછે. ઠેકાણે ઠેકાણે દેહરાંઓ જોવામાં આવેછે. કનતાન શેહરમાં અને તેની આસપાસ ૧૨૦ થી વધારે દેહરાંઓછે. ચીનાઓ બુધ ધરમ પાલેછે અને કોઈ કોઈ દેહરાંઓ મધે મોટી મોટી મુરતીઓ જોવામાં આવેછે. "ફો" નામનો ચીનાઓનો એક ધરમ ગુરૂ થઈ ગયોછે તેની મુરતીબી કેટલાંએક દેહરાં મધે દીઠામાં આવેછે. તે મુર



ફો નામની ચીનાઓની મુરતી.

તીની પુંજા તથા બીજી ક્રીઆ ચીનાઓ કેવી રીતે કરેછે તથા દેખાવ કેવો હોએછે તે વીશે તમને કાંઈ વીચાર આવે એટલા માંટે તેનું ચીત્ર પડાવીને આ કાગલ સાથે બીડીઊછે. વાંહમપુઆ અને કનતાનની અધવચ એક મોટું દેહરૂ આવેછે જેને ઈંગરેજ લોકો "હાફવે પાગોડા" ને નામે ઓલખેછે. તે દેહરૂ ઘણુ મોટુંછે. તે દેહરૂ એક ટેકડી ઊપર બાંધેલુંછે અને તેની ઊંચાઈ ૧૭૦ ફુટનીછે. તેનો ઘેરાવો કાંઈ આજો નથી અને તેનો દેખાવ દુરથી કીલાના જેવો લાગેછે. એ દેહરૂ આગલ ચીનમાં ઘણુ વખાણાતું હતું પણ હાલ કેટલીએક મુદત થયા માઠી હાલતમાં આવી પડીઊંછે. સન ૧૮૨૨ માં કનતાન મધે મોટી આગ લાગી હતી અને તેથી ૧૦૦૦૦ ઘરો તથા ઈસ્ટ ઈંડીઆ કંપનીની મોટી કોઠી બલી ગઈ હતી અને તેથી તે કંપનીનેજ ફકત ૫૦ લાખ રૂપીઆનું નુકસાન ગયું હતું.

કનતાન મધે કબીલાવાલા ગહરસથને આબરૂથી રેહવું ઘણુ ભારી પડેછે. 'એક ઘરમાં જેમાં ૬ ઓરડા અને બબરચીખાનું હોએતો તેનું ભાડું ૬૦૦ થી ૮૦૦ ડાલર વરસે દાહડે આપવું પડેછે. ચાકરોને મહીને દાહડે ૪થી ૮ ડાલરનો પગાર આપવો પડેછે. વલી જુદાં કાંમને વાસતે જુદાજ માણસો ઘણુ કરીને રાંખવા પડેછે.' મોજ શોકને વાસતે ગાડી ઘોડાને બદલે હઈના લોકો ઘણુ કરીને બોટમાં બેસી ફરવા જાએછે. એ કારણસર બોટના દર મહીને આસરે ૭ ડાલર આપવા પડેછે. ઈઊરોપીઅન રેહવાસીઓએ પોતાને વાસતે બાગ બનાવેઓછે તાંહાં તેઓ ફરવાને જાએછે.

ગરીબ ચીનાઓ ઘણા થોડા ખરચથી રહી શકેછે. એક ગરીબ ચીનો થોડા પઈસામાં પોતાનું ગુંજરાણ કરી શકેછે. એક ચીના પાસે મછવો હોએછે તો તેનું દરરોજ ૦ાા ડાલર ભાડું પેદા કરેછે. અને તેમાંથી તેઓ પોતાના આખા કુટંબનું પોશણ કરેછે. ચીનાઓને કંઈબી જાતના ખોરાકની છીત નથી. તેઓ



કુતરા, બીલાડા, તથા ઊંદરો ખાએછે. બધાં જનાવરનું લોહી તથા તેમના પેટમાંનો માંહાળી ૨૬ જાતો નથી. કેટલાએક જનાવરો જે મરણ પામેઆં હોએછે તે પણ ચુંટીને ખાએછે. ચીનાઓનું સઉથી સસતું રેહાણ એક બોટ હોએછે. બોટનો અરધો ભાગ પોતાના કુટંબને રેહવા માટે વાપરેછે અને અરધો ભાગ ઊતારૂઓને માટે રાખેછે. ઊતારૂઓને એ કુટંબના બાલકોથી-તથા બબરચીખાનાથી કાંઈબી અડચણ પડતી નથી. બોટ મધેની ચીની પોતાના નાહના બાલકને પોતાની પીઠ પછવાડે બાંધીને મછવો હંકારે છે. ચીનાઓના ઘરમાં ફુલના કુડાંઓતો ઘણુ કરીને બધેજ હોએછે.

ચીના લોકોમાં લાંબા અને મોટા ચોટલાની ઘણી વડાઈ હોએછે. જનાવરોના બાલ તથા કાલા રેશમથી ચોટલાઓને ગુંહીને ઘણા મોટા કરેછે. જારે કામમાં હોએછે તારે ચોટલાને માથાંની આસપાસ વીટાલી રાખેછે અને કામથી ફારેગ થયા કે ચોટલો છુટો મુકેછે. ચીનીઓ પોતાના બાલ હોરીને સારી રીતે બાંધી રાખેછે. જુવાંન ચીનાઓ મુછ તથા દાઢી રાખતા નથી પણ જારે તેઓ બપાવા થાએછે તારે મુછ અને દાઢી રાખવાનું માન સમજેછે. ચીનાઓની સ્ત્રીના ટુકા પગ વીશે તમોએ સાંભલીઊં હશે. એ સ્ત્રીઓ પોતાના પગ ટુકા રાખવામાં મોટી ખુબસુરતી સમજેછે. પગના ચાર આંગલાં જાંણે પગની અંદરજ ઊગેઆં હોએ એમ દેખાએછે. પગ વધી નહી જાએ માટે બચપણથી છોકરીઓના પગ ઊપર હમેશ રેશમી અથવા સુતરાઊ કપડુ વીટાલીને તેને મજબુત બાંધી લેએછે અને પછી તે ઊપર ઊંચી એડીનો જોડો પેહરાવેછે. ટુકા પગને લીધે ચીનીઓ ડોલતી ડોલતી ચાલે છે પણ ચાલવાની ઝડપ માણસના જેટલીજ રાખેછે. જેમ ટુકા પગની તારીફ થાએછે તેમ મોટાં પેટવાલી ચીનીની તારીફ થાએછે. તવંગર ચીનાઓ પોતાના નખ ૦ાા ઈંચ વધારેછે અને જેમ મોટા પેટમાં તેમ મોટા નખમાંબી ખુબસુરતી સમજેછે. ચીનાઓનાં નાક ઘણુ કરીને ચીબા હોએછે અને ચીબા-નાક વાલાઓની તારીફ તેઓમાં વધારે થાએછે. તેઓને લાંબુ નાક પસંદ પડતું નથી. આ ઊપરથી તમે જોશોકે એ લોકોના ખુબસુરતી વીશે અજાએબ જેવા અને આપણાથી કેટલીએક વાતમાં ઊલટા વીચારછે.

હાલ આટલું લખીને હું મારો બીજો પત્ર પુરો કરૂછું. તમારા વરને તથા છોકરાઓને મારી વતી સારી પેઠે બોલાવજો અને આ મારો બીજો કાગલબી તેઓને વાંચી સંભલાવજો.

હું છું તમારો
પેઆરો ભાઈ.

---

## એક ઈટાલીઅન ઓરતની હીંમત તથા દેશ હીતકારક બુધી.

ગારીબાલડી નામના ઈટાલીઅન સરદાર વીશે વાંચનારી બાઈઓ તમોએ સાંભલીઊં હશે. આસરે એક વરસ ઊપર એ સરદારને કોઈ જાણતું નહી હતું કે તે કોણછે અને ઈટાલી દેશના કહા ખુણામાં તે પડેલો છે. પણ જારે પોતાના રાજા વીકટર ઈમાનીઊલ અને આસટરીઆના શહનશાહ વચે લડાઈ ચાલી તારે આસટરીઆનો જુલમી દસત ઈટાલી મધેથી કાહડી નાખવા માટે એ સરદારના મનમાં શોખ આવેઓ. તેણે લડાઈનો ઝુંડો પોતાની મરજીથી ઊચકેઓ અને લડાઈમાં સામેલ થવાને હજારો લોકોને ઊસકેરેઆ. એ કાંમમાં એ સરદાર ફતેહ પામેઓ અને લડાઈઓ જીંતીને મોટું માન મેળવીઊં. તે એટલેવેર કે આજ આખા યુરોપ ખંડમાં ઈટાલીને જુલમી આસટરીઆના હાથમાંથી છોડાવનાર "ગારીબાલડી," " ગારીબાલડી " થઈ રહેઓછે અને સરવે કોઈ તેના નામથી વાકેફ થઈ ગયાંછે.

લડાઈનો મામલો જારે પુરા જોરથી ચાલતો હતો તારે એક વેળા એ સરદાર એવી જગામાં આવી ગયો હતો કે તેના દુસમેનની ફોજ તેને સપડાવેઆ વગર રેહજ નહી. એ સરદારને ખબર નહી હતી કે મારી આસપાસ કહી કહી જગોએ દુસમેનની ફોજ એકઠી થઈછે. મીલન શેહરની પાસે કોમો નાંમનું એક ગાંમછે તાંહાંના હાકેમના જાણવામાં જારે આવીઊં કે ગારીબાલડીને ઘેરી લેવા માટે દુસમેનોએ ફલાણા ફલાણા રસતાઓ બંધ કરેઆછે તે વીશે ગારીબાલડીને જો ખબર પડશે નહીતો તે દુશમેનોના હાથમાં ખચીત ફસી પડશે. ગારીબાલડીને એ વીશે ચેતવણી આપવા કોણ

જાએ ? તે હાકેમે પોતાનાં ગામમાં ઢંઢેરો પીટાવી જણાવીઊં કે ગારીબાલડીના બચાવ મારે કહો બાહદુર ઈટાલીઅન પોતાનો જાન જોખમમાં નાખવાને બાહર પડેછે ? એ અગતના અને દેશ હીતકારી કામનું બીડું કોઈએ લીધું નહી. તે ગામના કોઈબી ઈટાલીઅનની હીંમત ચાલી નહીં કે પોતાના દેશના બચાવને માટે ગારીબાલડીને સુચના કરવા મારે પોતાનો જીવ જોખમમાં નાખે. આખેર એ બીડું મીસ જોસેફાઈન રેમાંનડી નામની એક જુવાન છોકરીએ ઝડપીઊં. તે છોકરી મારક્વીસ રેમાંડી નામના અમીરની દીકરી લાગે. તે બાવીસં વરસની કુવારી હતી. એ અમીર પોતાના કુટંબ સાથે મીલન શેહરથી ૧૫ મીઈલની વેગલાઈ ઊપર ફીનો કાસટલ નામના કીલામાં રેહતો હતો. એ કીલામાં જારે એવા સમાચાર મળેઆ કે ગારીબાલડીને ચેતવણી આપવા જવા માટે કોઈબી બાહદુર ઈટાલીઆન બાહર પડતો નથી તારે તે અમીરની દીકરી જોસેફાઈન તઈઆર થઈ. તેણીને મોટો ક્રોધ ઊપજેઓ અને બોલી કે શું બધા ઈટાલીઅનો હીચકારા થઈ ગયાછે ? તે પોતાના બાપની રજા મેળવીને પેલા હાકેમ પાસે ગઈ અને જણાવીઊં કે " હું જવાને તઈઆર થઈછું; ગારીબાલડી ઊપર સંધેસો લખી આપો હું તેનો જવાબ લાવી આપું. " તે હાકેમ વીચારમાં પડેઓ અને જે કામ કરવાને કોઈબી બાહદુર ઈટાલીઅનની હીમત ચાલી નહી તે કામ જુવાન છોકરીને સોપવું વાજબી નથી એમ બોલવા લાગો. પણ મીસ જોસેફાઈનં પોતાના વીચારને વલગી રહી અને સંધેસો લખાવીને તરત ઘોડેસવાર થઈને ચાલતી થઈ. સઘલાઓએ સાબાસીના પોકાર મારેઆ.

પાહડની ખીણના સઘલા રસતાથી મી૦ જોસેફાઈ વાકેફ હતી. દુસમેનોની નજરે ચુકાવી સવારના બડી ગજરમાં ગારીબાલડીની છાવણીમાં જઈ પોહચી. હાથો હાથ સંધેસો આપેઓ; અને જવાબ લઈને જલદીથી પાછી ફરી. ગારીબાલડીને તે સંધેસો ઘણોજ કીંમતી થઈ પડેઓ. તે સંધેસો નહી મલેઓ હોતતો તે દુસમેનના સપાટામાં ખચીત આવી જાત. જે જગાનો રસતો દુસમેનોએ ઘેરેઓ નહી હતો તાંહાંથી ગારીબાલડી નીકલી આવેઓ.

તે છોકરીની હીમતથી ગારીબાલડી ઘણોજ અચરત પામેઓ. તે છોકરી કોણ હતી તે વીશે ખોલ કીધી અને તેણીની સાથે પરણવાને પોતાનો વીચાર જણાવેઓ. પેલો અમીર ગારીબાલડી જેવા દુનીઆમાં આસકારા થએલા સરદાર સાથે પોતાની દીકરીને પરણાવવાને ઘણોજ ખુશી થયો. પણ તે છોકરીએ થોડું થયું કોઈ બીજા સાથે લગન કરવાનો ઠરાવ કીધો હતો. તોપણ તે અમીરે પોતાની દીકરીના લગન ગારીબાલડી સાથે કરી બેસાડેઆં. તે છોકરીને અગાઊની આશા ભંગ થવા જેવું તેના બાપે કીધું તેથી તે ઘણીજ દલગીર થઈ અને એકાએક નાહસી જઈને જેની સાથે તેનું દીલ લાગીઊં હતું તેની સાથે પરણી.

મી૦ જોસેફાઈન ગારીબાલડીને મુકીને બીજાની સાથે પરણી એ વીશે આપણને કાંઈ કામ નથી. તેણીએ પોતાના દેશના લાભને માટે ગારીબાલડીને બચાવવા બાહર પડી, પોતાનો જીવ જોખમમાં નાખેઓ અને જે કાંમ કોઈબી ઈટાલીઅન મરદ કરવાને બાહર નહી પડેઓ તે કામનું બીડું તેણીએ તરત ઝડપી લીધું એ વાત ખચીત તેણીને મોટું માન આપવા જોગછે. તેણીની હીંમત અને દેશ હીતકાર બુધી વીશે સરવે કોઈ વખાણ કરેઆ વગર રેહશે નહી.

## કુંકાંથી પણોતાં પગલાં ઉતારવા વીશે.

આપણા લોકોમાં જે કેટલાક વેહમોએ મજબુત જડ ઘાલેલીછે, તેમાની આ પણ એક વેહમી જડ ઘલાએલી માલુમ પડેછે. પઈસે ટકે, બાલ ગોપાલે ને કાચા શરીરે સુખી ઘરડું માણસ મરવા પડેછે તારે તેનાં ખેસનાં કેટલાંક માણસો તથા આડોસી પાડોસીઓ તે માંદા શખસના પગને કંકાંથી લપેટી તેનાં પગલાં એક બીજા કાગલ ઊપર ઊતારી લઈ પણોતા પગનાં પુતલાં દાખલ તેને પોતાની પેટી ખાનાઓમાં મુકી રાખેછે. તેમજ વલી કેટલાંક લોકો એટલાં તો વેહમી માલુમ પડેછે કે ઊપર સમજાવેઆ મુજબનો કોઈ ડોસો કાકો મરણ પામેછે તારે તેના ઊઠમણાની વેલાએ અંધીઆરૂ મોબેદોને જે આશોદાદ મલેછે તેમાં કેટલી એક વેહમી ઓરતો ભાગીઅણ થઈ પડેછે, ને એક જાતની ભીખશા લઈ તે પઈસાનાં ચીતલ પેહરેછે, તે એવા ખીઆલથી કે એ ભીખશાની પઈસાથી ચીતલ પેહરવાથી તે પેહરનારના ધણીઓ પણ મરનાર ડો

સા ટાક્ષ્પ્રેશ્વા ઘરડા થાએ !! આપણા લોકોમાં પેઠે
લા એવા : બીજા કેટલાક વેહેમો વીશે વારં
વાર વાંચનાર બાઈઓનું આ ચોપાનીઆની માર
ફતે ધીઆન પુગાડવામાં આવેછે, એટલું છતાં હજી
એવી વેહેમી બાઈઓ નજ્રી આવેછે એ ખચીત દલ
ગીરી ભરેલુંછે; તેમાં વલી જારે સમજુ ને ચારને શી
ખામણ દેનાર બાઈઓને જારે હમો આવી પરકારના
વેહેમમાં ગીરફતાર થએલી જોઈએછીએ તારે હમોને
બેવડું દુખ ઊતપન થાએછે. કુંકાંથી પણોતા પગનાં
પુતલાં ઊતારી લેવાની કીરીઆ ગએઆ અકટોબર,
નવેમબર માશમાં તથા તેની અગાઊ અતરેનાં એકા
દ બે નામીચા ખાનદાનના દોસા કાકા અને મોટીમાં
મરણ પામીઆં તેવણનાં ઘરમાં કરવામાં આવી હતી.
એ દોસાકાકા લાંબી મુદત સુધી પોતાનાં ટો
લાના એક અકાબર સાહેબ ગણતા હતા, ને તે
વણને એ ઓધેદાર તરીકે તથા તેવણનાં બીજાં પરો
પકારી કામો તથા નીતીગુણો માટે ઘણું માન ઘટેછે
એટલુંજ નહી પણ તેવણે પોતાની શતાના જોરથી પો
તાનાં ટોલામાં પેઠેલી કેટલીક અણઘટતી રસમો તરક
કરાવવાને જે મેહેનત કરીછે તેથી તેવણનું નામ ગોએ
આ અમર રહીશેંછે, એટલું છતાં એવા નામીચા પુરૂ
શનાં ઘરનાં વેહેમી બઈરાંઓ કેટલીક એવી ચાલ ચ
લાવી મરનારનાં નામને હલકું લગાડે એ શું થોડી દી
લગીરી તથા અફસોસની વાત !!

આપણા વડવાઓ વખત જોઈને જે જે ડાહાપ
ણ ભરેલી રીતે ચાલીઆછે તે તેમનાં ડાહાપણને હાલ
જમાનેનાં કેટલાંક વેહેમી લોકો છેક મુરખાઈ કરી ના
ખેછે એ પણ ખરેખર ખેદ કારકછે. મરનાર નામીચા
શખસની ઈઆદગારી રેહવા માટે કેટલાંક લોકો તેમની
તસવીર ઊતરાવી પોતા પાસે રાખેછે, તે મુજબ કદા
ચ આગલના લોકોએ ઈઆદગારી દાખલ એ પગલાં
ઊતારી લેવાનો રેવાજ દાખલ કરીઓ હોએ તો પણ
તેનો હલુ હલુ હવે આવો વેહેમી ઊપીઓગ થવા માં
ડીગ્યાથી તે રેવાજ બંધ પડે તો ઓર વધારે સારૂં.
કેહેછે કે જેઓ ઊપર જણાવીઆ પરમાણે પગલાં ઊ
તારી લીએછે તેઓ તે પગલાંના કાગલને ખાના પેટી
ના વકેરા જેમાં રૂપીઆ પઈસા અથવા જનસ ઘરેણા
મુકવામાં આવેછે તેની પાસે ડાબીને નાખી મુકેછે કે પ
ઈસા રૂપીઆમાં બરકત રેહે ને જે મરનારનું પગલું
મુકેલુંછે તે મરનારની પેટી જેમ લરેલી રેહેતી તેમ એ
પણ રેહે. એવી હાલતે પગલાંનું કાગલ કાંઈ મુદત સુ
ધી પડી રેહેછે, ને જે અંતે કસારાં તથા ઊધઈના સપા
ટામાં નાશ પામેછે. હવે જો કોઈ એ વેહેમીઓ તરફ
થી એમ તકરાર કરે કે "ના એ પગલાં ફક્ત ઈઆદગા
રી તરીકેજ ઊતારી લેવામાં આવેછે, ને હમે ઊપર જ
ણાવીશું તેમ વેહેમની મતલબે નથી ઊતારવામાં આવ
તાં" તો હમો નમનતાઈથી પુછીએછીએ કે એવી રીતે
પગલાં ઊતારી લેનાર એક પણ બાઈ દીઆનતદારી ત
થા સચાઈ અખતીઆર રાખી એમ બોલી શકશે કે એ
ઊતારેલાં પગલાંને પેટીમાં મુકવા પછે વરસ છ મહીને
તો નહી પણ પાંચ વરસે પણ એકવાર હાતમાં ધરી તે
ની ઈઆદ મનમાં લાવેછે ? તે કરતાં જેમ વખત સુધર
તો જાએછે તેમ કેટલીક ચાલ ચલણો તથા રેવાજ અ
ને રીત ભાતોમાં પણ ફેરફાર થવા જોઈએછે. મરનાર
ની ઈઆદ મનમાં લાવવા માટે તેની એકાદ તસવીર
પાસે હોઈ તો તે બસછે, ને કદાચ તસવીર નહી મલી
આવી તો મરનારનાં નેક રૂડાં કામો તથા તેની ચા
લ ચલણ એજ ઈઆદ આપવાને બસછે.


એવા કેટલાક વેહેમી રેવાજો આપણામાં પડી
રેહલાછે. કેટલાંક લોકો મરનારની ઈઆદ કાએ
મ રાખવાને તેના કેટલાક બાલ ઊતારી લીએછે ને તે
ની એક ઝીણી બાંદડી કરી હંમેશ પાસે રાખેછે કે તે
ઊપરથી તેની ઈઆદ સદા રેહે. ગમે તે હોએ, તોપ
ણ મરનારની ઈઆદ રાખવાને એ ઊપાએઓ કર
તાં જુદાજ ઊપાએઓ જે હમોએ ઊપર જણાવીઆ
તે વધારે પસંદ કરવા જોગછે.

---

## ઓરતોની મીજલસ—ભાશણ ચોથું.

ફેરવેલે દાહડે વલી ચોથી વખત ગુલબાઈની
વાડીમાં દીનબાઈ, માણેકબાઈ, શીરીનબાઈ તથા બી
જી બાઈઓ એકઠી થઈ. ઓરડામાં અગાઊના જેવી
રોશની કીધી હતી અને સાત વાગાનો અમલ થયો
એટલામાં ડાકટર આવી પોહચેઆ. તેઓ પોતાની સાથે
બે ચીત્રના કાગલ તથા એક રકાબીમાં રૂમાલ ઢાંકી
ને કાંઈ લાવેઆ હતા. રકાબીમાં શુંછે તે જોવાને સ
઼ઘલી બાઈઓ આતુર હતી. સઘલી બાઈઓ ટેકાણેસ


ર મુંગી બેસી ગઈઓ એટલે રકાબી ઊપરથી ડાકટ
રે રૂમાલ કાહડી નાખેઓ. મોટા અને મુવેલા દેડકા
ના પગ સઘલી બાઈઓને નજરે પડેઓ. એ



ક બાઈ બોલી ઊઠી
કે મરૂરે આ શું ડા
કટર લાવેઆછે. ડા
કટર જરા હસીને બો
લેઆ કે તમો જરા મું
ગા રેહેશાતો માલુમ પડશે. પછી એક રૂમાલમાં જસ
દ તથા તરાંબાના બે તાર લાવેઆ હતા તે કાહડેઆ;
અને જણાવીઊં કે "જુઓ આ મુવેલા દેડકાના પગ
છે. તે હલતાબી નથી અને ચાલતાબી નથી. આ બે
તાર—જે એક તરાંબાનોછે અને બીજો જસદનોછે તે
બેહુ સાથે લગાડીશ તો તે દેડકાના પગમાં જીવ આવ
શે અને પગ ખેંચાઈને ઊછલશે." એમ કહીને જસ
દના તારનો એક છેડો બે પગના સાંધાની અણી ઊ
પર મુકેઓ અને તરાંબાનો તાર બે છુટી ટંગ
ડી ઊપર મુકેઓ; અને પછી જારે એ તારના
બીજા બે છેડા એક એક સાથે મેળવેઆ એટલે તે દેડ
કો જાણે જીવતો થયો હોએ તેમ તેના બે પગ ઊંઘરી
ને જેમ ચીત્રમાંછે તેમ પોહલા થઈ ગયા. એ બેહુ છે
ડા જારે છુટા પાડેઆ તારે વળી અગાઊની મીસાલે
થઈ ગયા અને વળી પાછા એ બેહુ છેડા જોડેઆ એટ
લે પગ ખેંચાયા. એ પરમાણે દસ બાર વખત ડાકટ
રે કરેઆ કીધું અને સઘળી બાઈઓને મોટી અચર
તી ઊપજી કે આતે શું હીકમત !! ડાકટર બોલેઆ કે
"કોઈ ઠગારો હોએ તો તમો ભોલી બાઈઓને જાદુ
અને મંતરને નામે ઠગે." ગુલબાઈ બોલી કે "આવો
ચમતકાર જોઈ હમો ઠગાઈએ એમ નવાઈ શી." આ
ગમતથી સઘળી બાઈઓને રમુજ પડી.

ડાકટર બોલેઆ કે આ દેડકા સંબંધી તમને
એક રમુજી વાત કહુંછું તે સાંભલો. આસરે ૭૦ વર
સની વાત ઊપર બોલોંગના શેહેરની એક ઓરતને શ
રદી થઈ તેથી દેડકાંનો સેરવો લેવાને ડાકટરે ફરમાવી
ઊં હતું. તે સ્ત્રીના ધણીનું નામ ગાલવાની કરીને હ
તું અને તે શેહરમાં તે મોટો પરોફેસર એટલે શીકસા
ગુરૂ હતો. પેલી ઓરતે ડાકટરના ફરમાવેઆ મુજબ
કેટલાંએક દેડકાં તઈઆર કરી ટેબલ ઊપર મુકેઆં હ
તાં. તે ટેબલ ઊપર એક વીજલીનો સાંચો પણ પડે
લો હતો. જારે તે શીકસા ગુરૂના વીદીઆર્થીઓ એ
સાંચો ચલાવતા હતા તારે એવો બનાવ બનનો કે તે
દેડકાંઓ જીવતાં હોએ તેમ હાલતાં. તે વાતની ખબ
ર તે શીકસા ગુરૂને થયાથી તેનું મન એ બનાવના કા
રણ જાણવા પછવાડે લાગીઊં અને એટલું માલુમ પ
ડીઊં કે તે જનાવરના શરીરમાં અવએવોમાં વીજલીછે.

કેટલાંએક જીવતાં જનાવરો આવેછે તેમને પ
કડતાંજ વીજલી માલુમ પડેછે. આ જે હું ચીત્ર લાવેઓ



છું તે એક
જાતની માછ
લીનુંછે. એ
માછલી લુમ
ધી સમુદરમાં
તથા ફરાંસ
ના કીનારા ઊ
પર માલુમ પડેછે. "તે તારપીડો" ને નામે
ઓલખાએછે. જે શખસ એ માછલીને પોતાના હાથ
માં પકડેછે તેને વીજલીના આંચકા જેવા આંચકા ઊ
પરા ઊપર લાગેછે. તે આંચકા તે માથા આગલથી
તથા સઊથી પોહલા ભાગ આગલથી લાગતા માલુમ
પડેછે. અમેરીકા તરફ ઈલ જાતની માછલી આસરે પાં
ચ ફુટ લાંબી થાએછે તેમાં વીજલીના આંચકા તારપી
ડો માછલીના કરતાં વધારે જોરથી માલુમ પડેછે. એ
આંચકાથી માણસ અને ઘોડાઓ ડુબીને મરણ પામે
છે. એ માછલીનું ચીત્રબી તમને દેખાડવા માટે લા



વેઓછું. બીજી
બી કેટલીએક
માછલીઓ હો
એછે જેમાં વી
જલીનો આંચ
કો થોડો અથવા ઘણો લાગેછે. વીજલી સંબં
ધી આવી આવી ઘણીએક રમુજી વાતો બીજી ઘ
ણીએક કેહવીછે પણ તે વીશે એક આખું ભાશણ રો
કેઆ વગર છુટકો નથી. આવતું ભાશણ ફકત તેજ ઊ
પર રાખીશું. મારી ખાતરીછે કે કેટલીએક વાતો સાં
ભલીને તમને રમુજ તથા ગનાન મલશે. હવે

## જીવ પુરી આવવા વીશે.

હું તમને થોડી વાત કહુંછું તથા તે વીશે અગતની સ

લા આપુંછું. તમને ખબર હશે કે ઘણીએક અબલા સ્ત્રીઓનો જીવ વારે ઘડીએ કાંઈ કારણને લીધે ફરી આવેછે; પછી તેઓ બેહોસ થઈને પડેછે. એવો બનાવ નાજુક અને કુમલી ઓરતોમાં વધારે બનેછે. એકાએક માઠા સમાચાર સાંભલેઆથી, અથવા અકસમાત કાંઈ બનાવ બનેઆથી, અથવા બીક અને હેબત ભરાયાથી, અથવા કાંઈ બનાવ બીહામણો દેખાવો નજરે પડેઆથી અથવા કાને સાંભલેઆથી, અથવા ઘણુ લોહી નીકલેઆથી અથવા ઘણી બીમારીથી, જીવ ફરી આવેછે અને માણસ બેહોસ થાએછે. કેટલીએક વેલા એવુંબી બનેછે કે એક બીમાર આદમીને ઊઠી બેસાડેઆથી તેનો જીવ ફરી આવેછે અને તેને તરત જ પાછો સુવાડી દેતા નથી તો તે મરણ પામેછે જારે આ પરમાણે જીવ ફરી આવે અને બરાબર ઈલાજ નહી કીધો તો તે માણસ સુધીમાં પાછો આવતો નથી અને ઘણીએકવેળા જીવની ખરાબી એ પરમાણે થાએછે.

જારે આવો બનાવ બનેછે તારે તે માણસનો ચેહરો ફીકો પડી જાએછે, નાડી ઘણી ધીમી ચાલેછે, અને તે બરાબર માલુમ પડતી નથી. હાથ પગ જલદીથી થંડા પડી જાએછે અને બોલાવીએ તારે તે માણસ જવાબ આપી શકતું નથી.

આવી હાલતમાં ઈલાજ કરવો સેહલછે પણ આસપાસના માણસો ઘણા ઘબરાઈ જાએછે અને તેઓ કાંઈ કરી શકતા નથી. ખરો ઈલાજતો એજછે કે ભેજાંને બરાબર લોહી પોહચાડવું અને તે કારણ માટે માણસ જો બેઠેલું અથવા ઊભેલું હોએતો તેને તરત બીછાના અથવા જમીન ઊપર સુવાડી દેવું. એથી ભેજાને લોહી પોહચી શકસે અને ઘણુ કરીને તે માણસ હુસીઆર થશે. તતકાળ સુવાડેઆ પછી કદાચ તે હુશીઆર નહી થાએ તો તેના મોહડા ઊપર થંડા પાણીના ફટકા મારવા. તાર પછી જો તે હુસીઆરીમાં આવે તો તરત તેને ઊઠવા દેવો નહી પણ સુવાડીજ રાખવો. તરત પાછો ઊઠાડેઆથી જીવ પલાત મારી જાએછે. થંડા પાણીના ફટકા બરાબર મારતા આવડેઆ નહી હોએતો ઊટલી સરદી થાએછે. એવી વખતે મોહડાં તથા બદન ઊપરનું પાણી સઘલું જલદીથી લુછી નાખવું અને ગરમ સેક છાતીએ તથા હાથે પગે કરવો. પછી આસતે આસતે તે માણસ પોતાની હુસીઆરીમાં આવશે.

## પારસીઓની તવંગર ઓરતોને અરજ.

મોટા દરજજાની બાનુંઓ, તમો જાણતાં હશો કે તમને સુખ મલે તેવા ઊપાએઓ કરવાને, તમારાં ગનાનમાં વધારો થાએ તેવી રીતીઓ લાગુ પાડવાને, અને તમારી હાલતને સારા તરીકા ઊપર લાવવાને હાલમાં ચો તરફથી શી રીતે મેહનત થાએછે. તમો જોતાં હશો કે વરતમાન પતરના લખનારાઓ, સુધારાના સાથીઓ, અને સ્ત્રીઓનાં ખરા હીતેછુ તમને તથા તમારી નાહાની બેહેનોને સુધારવા પાછલ કેવી કોશેસ કરેછે; તો હવે શું તમો તે વાંચી તથા સમજીને બેસીજ રેહેશો ? નહી, તમોને જાણવું જોઈએછે કે તમારી કાંમમાં અસતરીઓનાં સુધારા સંબંધી પેહેલ તમારાં ઘરોથી નીકલવી જોઈએછે—તો પછી તમારી બીજી બેહેનો તે ઊંચકી લેશે એમાં થોડોજ શકછે. તમો એમ બીહી બીહીને ઘરમાં કાંહાં સુધી ભરાઈ બેસશો ? જુવો બાઈઓ, તમારાજ ભરથાર, તમારાજ બાપ, અને તમારાજ ભાઈઓ કેવા વીદવાન, તથા કેવા હીંમતવાલા, તથા કેવા પરખીઆતછે અને તમો, તેમની બાએડીઓ, તેમની બેટીઓ, અને તેમની બેહેનો થઈ બીહીકના અને અજાણાં રહો એ કેવી દલગીરી ઊપજાવનારી વાતછે. તમોજ વીચાર કરો કે કેઈ પારસી અસતરીએ આજ સુધી બાહેર પડી સુધારાનાં કામોને પોતાનાં તન, મન, અને ધનથી મદદ કીધીછે. કેઈ પારસી અસતરીએ આજ સુધી છોકરીઓની નીશાલોમાં ફરી તે નીશાલોમાં ચાલતા અભીઆસ તથા મલતી તરબીએત વીશે પોતાનાં દીલો જાનથી મેહનત કીધીછે. અને કેઈ પારસી અસતરીએ આજ સુધી નાહાની નાહાની બાબતો બનાવી અતરેનાં સારાં વરતમાન પતરો તથા ચોપાનીઆંઓમાં લખી મોકલવાને હીંમત કીધીછે ?

બાઈઓ, હમોએ ઊપર જણાવેલી બાબતનો તમને શીરૂ કરવી લગાર બીકટ લાગશે તોપણ પછવાડેથી તેમાં તમને તથા તમારી બીજી બેનપણીઓને કેટલો ફાએદો થસે તે અમો અતરે જાહેર કરી શકતા નથી. તમો હવેથી ઘરમાં ભરાઈ બેસવુ મોકુફ કરો અને પરોપકારી તથા ફાએદાનાં કામો કરવાને બાહેર પડો. તમો તમારા વચે મંડલીઓ ઊભીકરો અને તમારી બેનપણીઓને ફાએદો થાએ તથા તેમના વેહેમો જાએ તેવી કોશેસ કરવામાં રોકાએલાં રેહો. તમારી મેહનત

તથા કોશેસથી જેટલો પારસી અસતરીઓને ફાએદો થશે એટલો પારસી ઘરસથેથી થાવો મુશકેલછે. કેમકે તમો તમારી બેનપણીઓની સંસારી તથા વેહવારી વાતોથી પુરાં માહીતગારછો. તમો છોકરીઓની નીશાલોમાં જઈ કેલવણી લેનાર છોકરીઓને સારાં સારાં સલુકો શીકવો. કપડાંઓ કેમ પારખવાં, તેઓનાં નામો તથા જાત કેમ ઓલખવી, તેઓ શીરીતે વેતરાઈ શકાએછે તથા છોકરીઓએ કેવી સુઘડાઈ તથા સફાઈ રાખવી એવું એ નીશાલોમાં શીકવવાનું કાંમ તમો માથે લેવો તો તેથી બાલક છોકરીઓનાં હકમાં પુશકલ ફાએદો થશે. હાલમાં સુધરેલા પારસીઓ પોતાની છોકરીઓ દસ અથવા બાર વરસની વએની થાએછે એટલે નીશાલ મધેથી ઊઠાડી મેલેછે તેનો અટકાવ એવું કીધાથી થશે. તમો હરએક નાહાની નાહાની બાબતો લખી તમારા ભરથાર તથા ભાઈઓને વાંચવાને આપો અને પછી તેમાં માહાવેરો પડીઓ તો ધીમે ધીમે સારાં સારાં પતરો તથા ચોપાંનીઆંઓમાં તે લખી મોકલો. તમારે હાથથી લખાએલી બાબતો સઊ કોઈને પસંદ પડશે તથા તેથી સારી અસર થશે એમાં થોડોજ શકછે. બાઈઓ, તમારા વાંચવામાં દરવેલા આવેછે કે ઈગીરો પખંડની નામીચી તથા વખણાએલી ઓરતોએ કેવાં બાહાદુરીનાં તથા પરોપકારી કાંમો કીધાંછે. એવાં કાંમો તમો બાનુઓથી થએલાં જોવાને હમો ઊમેદવાર છઈએ. અગર તમો એવાં સુધારાનાં કામોની શુરૂઆત કરશો તો તમને જોઈને હીંદુ અસતરીઓ પણ તેવું કરવાને બાહેર પડશે. આ હમારી ટુક સોચના ઊપર ધીઆંન પોહોચાડવાને પારસીઓની તાલેવંત બાનુંઓને અરજ કરીએછે અને આશા રાખીએછે કે તેઓને કીધેલી ભલામણો વીઅરથ જશે નહી.

---

## એક કાંણી હરણી.

એક કાંણી હરણી હતી. તે દરરોજ નદીને કીનારે જઈને ચરતી હતી. ચરતી વખત તે પોતાની કાંણી આંખ પાણીની તરફ રાખતી હતી અને દેખતી આંખ ખેતરો તરફ રાખતી હતી. તે સમજતી હતી કે નદી તરફથી કોઈ આવીને તેને મારનાર નથી અને જે કાંઈ ધાસતીછે તે ફકત ખેતર તરફની તેથી તે પોતાની દેખતી આંખ ખેતર તરફ રાખીને ચરતી હતી. તે ઊપર બે તરણ શખસો જેઓ તેને પકડવા માટે થોડા દીવસથી તજવીજ કરતા હતા તેઓ જારે પોતાની તજવીજમાં ફતે પામેઆ નહી તારે એક મછવામાં બેસીને હલુસે તે હરણી તરફ જઈ પોહચેઆ અને તેને પકડી લીધી. તે હરણી સેવટે બોલી કે " અરે કરમ નશીબ ! જે તરફની હું ધાસતી રાખતી હતી તે તરફથી હું સલાંમત રહી પણ જે તરફની મને મુદલ ધાસતી નહી હતી તે તરફથી હું મોતના સપાટામાં આવી પડી. "

**તાતપરીઅ**—આ વાતનો સાર ઘણોજ કીમતી તથા અગતનોછે—આપણી જીંદગી એટલી ખધી વગર ચોકસનીછે અને તેમાં એટલા બધા હુનારત બનેછે કે આપણી સઘલી સાઊચેતી છતાં આપણાથી એમ નહી કેહવાશે કે આપણ ધાસતી વગરના છઈએ. દુનીઆમાં આવવાનો રસતો એકજછે પણ તેમાંથી જવાના રસતા બેસુમારછે. કેટલીએક દેખઈતી ધાસતી વીશે આપણે સાઊચેત રહી શકશું પણ બીજી તરફ હજારો ધાસતીછે કે આપણા જોવામાં મુદલ આવતી નથી. વાસતે રે બેહનો તમે દેખઈતી ધાસતી વીશે સાવચેતી રાખીને તરત નચીંત થઈ બેસતા ના પણ હર એક અણચીત આફત આવી પડેતો તે ખમવાને તમો શકતીવાન થાઓ એવી પરારથના તમો હરદમ ઈશવરની કરતા રેહો.

---

## બાહરનો દેખાવ જોઈ પરણવા વીશે પત્ર.

સ્રી બોધના અધીપતી સાહેબ,

જત આ થોડી શતરો લખી તમોને તસદી આપીછે તે માફ કરજોજી, પણ એ તસદી કાંઈ તમોને અમથી નથી આપી.

જુવાંનીઆંઓ જારે પરણવા અદરાવા નીકસે છે તારે તેઓ અથવા તેમનાં મુરબીઓ જેમની સાથે અદરાવાના હોએછે તેમના કહેઆ કહેઆ ગુણોની ખબર અને તલાસ કરેછે તે સેહેજ લખી જણાઊંછું.

મારી આવાંમાસીનો રતનજી જારે પેહેલો અદરાવા નીકલીઓ તારે તે કેહતો હતો કે " હુંતો પરણું નહી ને પરણુંતો એવી બઈરી સાથ પરણું કે જે પાં

ણી પીએંતો તેનાં ગલાંમાંથી ઊતરતું દેખાએ." શાવકશાના બાવાએ જારે શાવકશાને માટે માગાં મંગાવીઆં તારે તેવણ અને સાવકશા સાફ બોલતા કે "બાવા છોકરીતો એવી જોઈએ કે જેવી લેડી, જે ચાલેતો તેના ઓવારા પડે." નાદરસાનાં માએ જારે નાદરશાને અદરાવવાની ઊલટ ધરી તારે તેવણ કેહતાંકે "માએ, વહુતો એવી લાંઊં કે જેના દાંત મોતી જેવા, ને હોટ પરવાલાં જેવા, ને ખુબસુરત તો એવી કે જેવી પુનમનો ચાન." પીરોજશા-જારે ૨૩ વરસની વએ પરણવા નીકલીઆ તારે તેવણ પોતાની સાથે પરણનારનાં કદની તથા ચામડીના રંગની ને મોહોડાંના ઘાટની ખોલ કરવા લાગા. બઈરી આંગે ઊંચી ને પતલીછે કે જાડી ને ઠીંગણીછે, ઘઊને વરણનીછે કે દુધને રંગની ચામડીછે, મોહોડાંનો ઘાટ શંચરોછે કે ગોલછે, નાક લાંબુંછે કે ચપટુંછે." એવી તરેહવાર તજવીજ કરવા પછે તેવણે છોકરી નજરે જોઈ લગન કીધાં.

તો હવે અધીપતીજી સાહેબ ઊપર આપેલા દાખલાઓ પરમાંણે પરણનાર અને પરણાવનારાઓ જારે છોકરીઓના બાહારના દેખાવ અને સવરૂપ ઊપરજ આટલું બધું ધીઆન આપે અને તેમના અંદરખાનેના ગુણો તથા ખરી ખુબીની મુદલ તજવીજ કરે નહી તારે બીચારી છોકરીઓ તથા ઓરતોને શા માટે અમસથા વારે ઘડીએ બદનામ કરવાં વારૂં ? કોણે પોતાની બઈરીની ખુબસુરતી કરતાં થંડા અને ભીલનસાર સવભાવની ખોલ કીધી ? કોણે પોતાની બઈરીના મોતી જેવા દાંતને પરવાલાં જેવા હોટ કરતાં રૂડી ચાલ ચલણ અને સુઘડપણાં વીશે તજવીજ કીધી વારૂં ? કોણે પોતાની બઈરીની બાહેરની ખુબસુરતી કરતાં મનની ખુબસુરતીની ખોલ કીધી ? તથા કોણે પોતાની બઈરીનાં ગલાંમાંથી ઊતરતાં પાણીના રેલા જો[illegible]વા સીવાએ તેનાં મન તથા દીલના વીચાર જાણ[illegible] ખાએશ બતાવી ?

જારે એવુંજછે કે બાહેરના દેખાવ તથા [illegible]પ ઊપરથી છોકરીઓ અદરાઈ પરણી શકેછે [illegible] વખની તથા તેમનાં માં બાપોની જરૂરની એક[illegible] જલદીથી તેઓએ પણ એજ ઊપર ધીઆન રાખી[illegible] હાથે પગે [illegible] તા તન [illegible] ને માણસ પોતાની હુસી [illegible]ચે.

ણનાર-શખસો પોતાની બઈરીના ઊપર જણાવીઆ તેવા બધી ગુણોની કદર સમજશે નહી ને ફકત રૂપ, ઘાટ ઘટમ અને ચામડીના રંગ ઊપરજ લોભાએઆ કરશે, તાંહાંવેર તમો ચાહાછો એવી સુધરેલા વીચારની ઓરતો થવી મુશકેલછે.

તમોને તો રોશન હશે કે પરણનાર નારીઓ તથા તેમનાં માબાપો પોતાની દીકરીનાં વસતાલાં લાવનારને કેવા સવાલો કરેછે ને કેવી પુછપાછથી પોતાના જમાઈ વીશે ખોલ કરેછે. "છોકરો કેવોછે ? સમજુ, શાંનો ને ભણેલોછે કે એવોજછે ? ધંધો ચાકરી કોઈ કરેછે કે પરવારતા પંચીછે ? શીખેલો કેલવાએલો ને સુધરેલા વીચારનોછે કે ઘામટ અને ઝનુનીછે ?" એવા એવા સવાલો કીધા વગર તથા તેની વલી મનપતીજી ભરેલી ખાતરી કરીઆ-વગર માબાપો પોતાની દીકરી અદરાવવાને હીમત ચલાવતાં નથી. છોકરી અને છોકરા એ બંધેની તરફથી કુદરતી કેવા સવાલો થાએછે તેનો મુકાબેલો કીધાથી તમારી તુરત ખાતરી થશે કે છોકરીઓની કેલવણી પાછલ તેમનાં માંબાપો જોઈતું ધીઆન આપતાં નથી તેમાં તેઓના કરતાં પરણવા નીકલનાર જુવાનીઆઓનો ઘણો વાંકછે. છોકરાઓને તો રલવા કમાવવા માટે નાહાનપણથીજ કેલવણી આપવાની તેમનાં માબાપોને ફરજ પડેછે; તેમાં વલી બઈરીની તરફથી થતા ઊપલા સવાલોની ધાસતીથી છોકરાઓને કેલવણી આપવાને માબાપોને બેવડી ફરજ થઈ પડેછે. જો એમ નહી થાએ તો તેઓ ધાસતી ખાએછે કે રખેને છોકરો કુવારો રેહે, ને રખે કોઈ બાએડી નહી આપે." એવીજ ધાસતી છોકરીઓના માબાપને પડે તો કેહવું સારૂં ? હાલ અધીપતીજી એજ અરજ.

લા૦ તમારી દુવાગીર
પુતલીબાઈ.

બાઇઓ, હમોએ
મને શીરૂ કરવી લગાર ઠીક
થી તેમાં તમને તથા તમારી બ[illegible]
લો ફાએદા થસે તે અમો અતરે
નથી. તમો હવેથી ઘરમાં ભરાઈ બેસવું.
ને પરોપકારી તથા ફાએદાનાં કામો કરવ.
ડો. તમો તમારા વચે મંડલીઓ ઊભીકરો ને ની
બેનપણીઓને ફાએદા થાએ તથા તેમનાં વેહ[illegible]
તેવી કોશેશ કરવામાં રોકાએલાં રેહો. તમારી

ટો થઈ પડેછે અને તીખામાં તીખો સભાવ એથી નરમ પડે છે. તમે તમારો ચેહરો હમેશ ખુશ રાખજો. દુનીઆની સેં કડો ફીકર અને જંજાલ છતાં ખુશ મીજાજ રાખવો ઘણાઓ ને મુશકેલ માલુમ પડેછે પણ ચીડાઉ અને દલગીરી ભરેલો ચેહરો રાખવાથી તે જંજાલ અને ફીકરમાં અંતીઘણો વધા રો થઈ પડેછે. જીવ બલાપામાં રાખેઆથી શું થવાનું હતું ! તેથી કાંઇ આપણુ દુખ ઓછું થતું નથી પણ વધેછે. જારે બીમારી હોએ તારે સારા થવાની આશાએ ખુશ મીજાજ રા ખવો જોઈએ. જારે ગરીબાઈ અને તંગાસમાં આવી પડી આ હોઈએ તારે હવે પછી આપણી હાલત સુધરશે એવી આ શા રાખી ખુશ મીજાજ રાખવો જોઈએ. તમારા પોતાનાજ ફાએદાને માટે ખુશ મીજાજ રાખો. ખુશ રેહેઆથી તમે હ રએક દુખ અને આફતનો બોજો શેહલાઈથી ખમી શકસો. ખુશ મીજાજને વાસતે સઘલાઓ તમારો વખાણ કરશે અને તમારી સોબત કરવાને વધારે આતુર રેહશે.

---

**ઠાંસો અને સરકમ**—ઠંડીથી જારે માણસને ઠાસો અને સરકમ થાએછે તારે તે દરદ પોતાની મેલેજ પોતાનું ઓશડ કરેછે. જારે સરકમ થાએછે તારે આપણુને ખાવા ગ મતું નથી અને બીછાનામાં પડી રેહવા ગમેછે. ખરું પુછો તો એજ દવાછે. સરકમની વેલાએ ડાકટર "હાલ" કેહેછે કે ત્રણ ચીજની જરૂરછે. (૧) કાઈબી ખાવો ના, (૨) ગરમ કપડાં ઢાંકી બીછાનામા પડી રેહો, (૩) તરસ લાગે તારે ઠંડુ પાણી પીઓ અને ચાહે અથવા કાફી પીવાએ તેટલી પીઓ, એ પ રમાણે કરેઆથી છતરીસ કલાકમાં સેંકડે ૭૫ માણસને સા રૂ થઈ જાએછે.

---

**સુરજ ગરહણ**—યુરોપ ખંડ મધે ત્રણ છેલાં સુર જ ગહરણ જે આખાં થયાં હતા તે ત્રણ નવ નવ વરસે થી આં હતાં અને ત્રણ ત્રણ મીનીટ સુધી તમામ અંધારૂ રેહેઉં હતું.

---

**ઠંડી અને શરદીને લગતા તંદરૂસતીના કાએ દા**—ઠંડા અને શરદ તથા બીના પગ લઈને બીછાંના પર જવું નહી, પગ થોહોવાર ગરમ પાણીમા બોલી રાખી પછી કોડા તુવાલથી નુછી નાખવા અને આરામ કરવો. બાહર ફરવા નીકલીઆ અને તાહડે ઘણી પડતી હોએતો મોહડું મજબુત બંધ રાખવું એટલે હવા નાખમા થઈ મોહડામા ઉતરતા જરા ગરમ થશે અને તેથી શરદી અને શરકમ તથા બીજાં ફેફસાંના દરદોનો અટકાવ થશે. સુતી વેલા પગોપર બીજા આંગના ભાગો કરતાં વધારે ઓઢવાનું રાખવું અને રાત સુધી થંડી વધી પડે અને તાહડે લાગે માટે કાંઈ ફાલતુ ગરમ ઓઢવાનું રાખવું. સુતી વેલા હેવી રીતે બારી અથ વા બારણા ઉઘાડાં નહી મેલવાં કે જેથી પવન મોહ અને મા થાપર જોરથી ફુકીઆ કરે. રશતામા મંજલ કરીઆ પછી પ વનના નાકાપર ઉભા રેહવું નહી. પેહલ વેહલા જોડા પેહ રીઆ હોએ તેવારે લાંબી મંજલ કરવી નહી.

---

**છોકરાંઓનો વાંક**—કોઇ કોઈ વાર છોકરાંઓને શ જા કરવા અને ધમકાવવાની ગરજ પડેછે પણ તેમની શારી ચાલ માટે તેમને જો શાબાશી આપીતો તેથી વધારે ગુણ થા એછે. વાસતે માતાઓએ ખરાબ ચાલ માટે ધમકી આપી આ કરતાં સારી ચાલ માટે વખાંણ કરવાને વધારે સંભાલ લેવી જોઈએછે. છોકરાંઓને વારેવાર તકસીર સોધી ધમકા વેઆંતો તેઓ બેદીલ થાએછે અને હેવી ચાલથી મા તાનો પણ સભાવ બગડેછે. માણસની જીંદગીપર ઉમેદ અને ધાસતીની ઘણી અસર થાએછે. અને ઉમેદ તથા ધાસતી જા રે તારે પેદા થાએછે. પણ હેવી કોણ કમ અકલ માતા હોએ જે પોતાના બાલકના મનની વલણ પોતાને રાજી કરવાની ઉમેદમા રોકવાને શારી ચલાવવાને ફરમાવીઆને બદલે ખ રાબ ચાલની શીખશાની ધાસતીમા ગીરફતાર કરે. છોકરાં ઓ શારાં કામ કરે, વખાંણવા લાંએક ચાલ ચલાવે તેવારે તે મની થહતી તારીફ કરવાને બદલે માતાઓ જો તેમને ફકત ખાડી ચાલ માટે ધમકાવીઆ કરેતો તેથી તેમની હીમત તુ ટી જાએછે અને તેમને નીરાસ લાગેછે. પછી ચીરડાઈ જઈ સવભાવ ખારો કરી નાખેછે જો કે શારી ઇચ્છા નરશી ચા લ માટે પણ તેમને ઠપકોજ મલેછેતો પછી ઠપકાની દરકાર કરતાં નથી.

---

**એક ઘેલી ઓરત**—એક ઓરત એકાએક ઘેલી થઈ ગીઆથી પોતાનો ખાવંદ ઘરની બાહર ગીઓ તેવારે દોરડાંના ચાર કટકા લઇ એકઠા કરી પાલેલા મરવાને લટકા વીઓ. તરણ માસના એક પોતાના બચાંને બીજાથી ફાશી દીધી. ચાર વરશના એક બીજાં છોકરાંને તરીજા કટકાનો ગ લાપર ગાંઠ બાધીઓ અને ચોથો કટકો પોતાની ગરદનપર મજબુત ખેમીને લપેટીઓ. જારે તેનો ધણી આવીઓ તારે તેણે ઓરત તથા મોટા છોકરાંને તરફરતાં દીઠાં તેથી તેમ ના ગાહો કાપી નાખીઆ અને તેઓ શારાં થીઆં પણ મરયો અને નાધલું બાલક મરણ પાંમીઉં.

---

**શુકશમ દરશકની ચાચરતી**—એક વીદવાને કે ટલીએક ચીજો સુકશમ દરશક ઇઅંતરની મદદથી જોઇ અને તેને નીચે મુજબ માલુમ પડીઉં—

એક રેતીના દાણાની પોકલ જગામાં ઘણીએક જાતના જીહીણાં જનાવરો માલુમ પડેછે. એક નાહના કીડા જેટલા કદમાં ૨ કરોડ અને ૧૭ લાખ જીણા જાનવરો માલમ પડે છે. છરીના પાના ઉપર થોડી લોલ તપાસી તો સુંદર ઝાડનું મોટું જંગલ માલુમ પડેછે અને તે ઝાડ ઉપર પાતરાં, ડાંખ લી અને ફુલ ફલ માલુમ પડેછે. નાહના પતંગીઆં મોટી પાખના પખસી જેવાં માલુમ પડેછે. માથાંના બાલ પોકલ નલીના જાડા માલુમ પડેછે. આપણા બદનની ચામડી ઉપર માછલીના ભીગડાં માલુમ પડેછે અને રેતીનો એક દાણો જ ગા રોકે એટલી થોડી જગામા ૧૫૦ ભીગડા માલુમ પડેછે તેવાં દરએક ભીગડામાં ૫૦૦ સુરાખને આસરે માલુમ પડેછે. એ સુરાખમાંથી પસીનો બાહાર પડેછે. કોહવાએલા માસના એ ક ટીપા પાણીની અંદર ઝીણા જનાવરોની એક મોટી દુનીઆ માલુમ પડેછે. ઝાડના દરએક પાતરાં ઉપર ઝીણા જનાવરો બે સુમાર માલુમ પડેછે અને જે પરમાણે ખેતરમાં જનાવરો ચ રેછે તે પરમાણે હજારો ઝીણા પરાણીઓ ઝાડના એક પાતરાં ઉપર ચરેછે.

**રેલવે ઊપર ખરચ**—હીંદુસથાંનમાં રેલવે બાંધવા નો ખરચ સઘલો મલીને ૫૭ કરોડનો થશે. તે મધે ૩૨ ક રોડનો ખરચ થઈ ચુકેઓછે. ઈંગલંડ દેશમાં રેલવે પછવા ડે ૮૦ કરોડ રૂપીઆનો ખરચ થઈ ચુકેઓછે.

---

**ગરેટ બરીટન તથા અમેરીકાનો ખરચ**—ગરેટ બરીટન જેની વસતી ૩ કરોડનીછે તેની સરકારને ગઆ સાલ માં ૭૪ કરોડ રૂપીઆનો ખરચ થએઓ હતો. ઈઉનાઈટેડ ઈશટેટસ જેની વસતી ૩ કરોડ ૧૦ લાખનીછે તેની સરકા રને એ સાલમાં ૨૨ કરોડનો ખરચ થએઓ હતો.

---

**રૂ, ઊન, રેશમ તથા સણ**—ઈંગલંડ દેશમાં ક પડાં બનાવવાને માટે બીજા દેશાવરો ખાતેથી દર વરસે ૩૭॥ કરોડ રૂપીઆનો રૂ, આવેછે, ઉન ૭॥ કરોડ રૂપીઆનું, રે શમ ૧૦ કરોડ રૂપીઆનું, અને સણ વગેરે ૬ કરોડનું.

---

**કાગલ ઊપર ઝાડના પાતરાની છાપ હાબેહુબ કેમ લેવી**—એક કાગજનો તાવ લઈને તેની ઉપર પી છીથી તેલનો હાથ ઘણોજ બારીકથી મારી જાઓ. તાર પછી થોડોવાર સુકાવો પછી તે કાગલની ઉમર મેસ લાગે તેવી રીતે ધુવાડીઆની જોત ઉપર ધરી રાખો. સંભાલ રાખો કે તે બ લી ન જાએ પણ મેસ તેને લાગે. તારપછી કાગલ જો કકરૂ થઇ ગઉં હોએ તેને સીધુ અને નરમ કરવા લી નાએલી અથવા સરદી વાલી જગામા મુકો. તાર પછી ઝાડના જે પાતરાંની છાપ લેવા ધારી હોએ તે પાંત રૂ કાલી બાજુ ઉપર આસતેથી મુકો. તારપછી તેને સરખી રીતે ડાબો તેમ કીધા પછી તે કાગલ ઉચકી લઈને હલુસે ડરા ઈંગ પેપર ઉપર મુકો અને તેની ઉપર એક છુટુ કાગજ મુ કીને ઉપર ચોપડીઓ અથવા કાંઈ વજન મુકો. થોડાવાર રહીને તે ઉચકી લેઓ એટલે ડરાઈંગ પેપર ઉપર તે પાતરાંની છાપ હાબેહુબ પડેલી માલુંમ પડશે.

---

**રૂશીઆ તથા ચીન દેશના ચાકરો**—રૂશીઆ દેશ મધે ઘણાખરા ચાકરો પરણેલા હોએછે. ચીન દેશમાં જે શેઠ પોતાની ચાકરડીને વાસતે ધણી સોધીને તેમના લગ ન નહી કરેતો તે શેઠ ગુનેહગારમાં ઠરેછે.

---

**ફોટોગરાફીથી તસવીરો છાપવાનો હુનર**— આ હુનર હાલ શોધી કાહડવામાં આવેઓછે. એ હુનરથી ફોગરાનો તસવીરો પથર ઉપર હાબેહુબ ઉતરેછે અને પછી તે ઉઠકરની મીસાલે લેટર પરેશ ઉપર છાપવામાં આવેછે. લી વરપુલમાં એ હુનર ચાલુ થઇ ચુકેઓછે.

---

**ગરીબોની લાંબી ઊમર**—વીલાતમાં એક ધરમ શાલા મધે સઘલા મલીને ૬૯ લાચારો રહેલા હતા તેઓ ની ઉમરનો સરવાલો લીધો તો ૫૫૩૮ વરસ થઆ અને દ રએકની આવરેજ ૮૦ વરસની ઉમરની આવી. એક કાર ખાના મધે ૨૯૨ શખશો કામ કરતાં હતાં તેમની ઉમરની આવરેજ ૭૦ વરસની માલુમ પડી.

**એક અજાએબ જેવો ઘેલો**—બરલીન મધે હાલ એક સખસ ઘેલો માલુમ પડેઓછે તે કંઈજ કરતો નથી પ ણ લોકોની તોપી ફાડીને તેની કીમત ભરી આપેછે. આ ખા વરસમાં ૨૬૭ તોપી તેને ફાડી નાખી અને તેની કીમ ત ભરી આપી. એક મેનખાનીમાં તેને ફાંરો આવેઓ અ ને ૫૩ મેનખાનોની ટોપી ફાડી નાખી અને તેની કીમત ના પઈસા ભરી આપેઆ.

---

**એક ઓરત લશકરી લેબાસમાં**—ઈટાલીના ના મીચા સરદાર ગારીબાલડીના હાથ નીચેના લશકરમાં એ ક બાહદુર ઓરત મરદના લેબાસમાં દાખલ થઈ હતી. તે ણીનું નામ કાઉંટેસ મરાયા ડેલાતારી કરીનેછે. તેણીએ લ ડાઈમા અછી હીમત દેખાડી હતી અને પોતાની તરવારથી બે ફરેંચ લડનારાઓને મારેઆ હતા.

---

## મન વીશેની ગરબી.

"ઘડુલે ઘુઘર માળ, ઘડુલો ઘુમેછે" એ રાગનીછે.

મન મદઝર મેગળ એક, છકેલો છુટયો છે ॥
છંછેડી છરાવેલો છેક, છકેલો ॥ ૧ ॥

એતો અંકુશ તોડે ટચ્ચ, છકેલો ॥
ભચકાવો ભાલાં ભચ્ચ, છકેલો ॥ ૨ ॥

નહી માને માહાવત માર, છકેલો ॥
કરે અકરા કેર અપાર, છકેલો ॥ ૩ ॥

જઈને જામયો જુની બજાર, છકેલો ॥
પ્રજા નાસીને પાડે પોકાર, છકેલો ॥ ૪ ॥

નાઠા પુરા શુરા રજપુત, છકેલો ॥
નાઠા જોગી જેવો અબધુત, છકેલો ॥ ૫ ॥

નાઠા ધાનીતો ધરતા ધ્યાન, છકેલો ॥
કઈક જ્ઞાની ગમાવ્યા જ્ઞાન, છકેલો ॥ ૬ ॥

એના કંઠમાં સાંકળ એક, છકેલો ॥
લોક લાજની પાતળીછેક, છકેલો ॥ ૭ ॥

તાણેતો ટુક ટુક થાય, છકેલો ॥
જો મેસેતો જડમુળ જાય, છકેલો ॥ ૮ ॥

થીર થુલ તે તોડે થંભ, છકેલો ॥
જોતાં અંતર ઉપજે અચંબ છકેલો, ॥ ૯ ॥

જ્યારે આવશે એનું મોત, છકેલો ॥
જાસે ગોફણુ ગોળાસોત, છકેલો ॥ ૧૦ ॥

એને સહુ સમજે સેતાન, છકેલો ॥
કોઈ મરદ લડે મેદાંન, છકેલો ॥ ૧૧ ॥

બાંધી કંમર છતવા કામ, છકેલો ॥
રામ સમરીને દલપતરાંમ, છકેલો ॥ ૧૨ ॥

---

# સ્ત્રીબોધ.

પુસતક ૫ મું | એપરેલ ૧૮૯૧ | આંક ૪ થો.


## સાસરીનું દુખ—આપઘાતની સુંજ.

માણેકબાઈ રડવા લાગી કે તેની એકની એક દીકરીએ સાસરીના દુખથી આપઘાત કીધો. રતનબાઈએ માથું કુટવા માંડીઉં કે તેની પેઆરી દીકરી નવાજબાઈએ કુવો પુરેઓ; કેમકે તેણીની સાસુ ઘણીજ નઠારી અને કજીઆખોર હતી અને તેણીનો ભરતાર મુરખ અને હાથનો ભારી હતો. સુનાબાઈએ પેટ કુટવા માંડીઉં કે તેની બેહન ચાંદનબાઈએબી કુવો પુરેઓ. તેણીનેબી તેણીની સાસુ નણંદ તથા ભરતારનું દુખ ભારે હતું, અને બીચારીને તે દરરોજ પોતાની માતાની ઊસકેરણીથી ધકા મુકી અને ખાસડાનો માર મારતો હતો.

અરે! વાંચનાર પેઆરી માતાઓ! તમને સાસુનો માન ભરેલો મરતબો મલીઓછે તે મરતબો તમોએ દએઆ, રેહેમ અને પેઆર મનમાં રાખી બજાવવો જોઈએછે. માતાઓ તમો ઘણુ સંકટ ભોગવી છોકરાંને જનમ આપોછો, તમો નાના પરકારનાં સંકટો વેઠી તરેહવાર દુખ આપદા ભોગવી તેમને ઊછેરી મોટાં કરોછો, એટલુંજ નહી પણ તેમને લીધે કેટલીક મુદત સુધી તમોને ખાવું પીવું અને સખનું ફરવું હરવું હરામ થઈ પડેછે. તેમજ વળી તેમને વેહેલાં વેહેલાં પરણાવવા અદરાવવાની ખટપટમાં તમો પછડાઈ જાઓછો. સારાં માઠાં શોધી, તરેહવાર રંજ શકતી ભોગવી તમો તેઓને પરણાવી હલકાં થઈ જાઓછો. પણ એ સઘળું કરવા છતાં, માતાજીઓ તમો પાછલથી કોણ જાણે કેવી રીતે એકદમ બાપડા છોકરાઓના કટા શતરૂ થઈ પડોછો? તમો છોકરા ઊપર તમારી ઘણી ઊમેદો અને આશા બાંધોછો; એટલું છતાં પાછલથી તમારા વીચાર, મન અને હઈઆંમાં એટલો ફેરફાર કેમ થઈ પડેછે?

પેઆરી માતાઓ હમો આ બીનાં લખી કોઈ બી રીતે તમારૂં દીલ દુખવવા માંગતા નથી એ તમોએ સત કરી જાણવું. હમો તમ માતાજીઓની મરીઆદા રાખવાને હમારી ફરજ સમજીએ છીએ, તોપણ આટલું હમારાથી બોલાયા વગર રેહેવાનું નથી કે તમારા છોકરાઓને પરણાવીઆ પછે તમો તેઓની બાએડીઓને એટલે તમારી વહુઓને જોઈને તમો ઘણા નીરાશ થઈ જાઓછો! માતાજીઓ તમે છોકરાઓને ઘણા ઓરતા અને ઊમંગથી પરણાવવાને બાહેર પડોછો ને પરણીઆ પછે લાગલા બે ચાર માસમા તેમની સાથ મીનાંકિસો કરોછો.

પેઆરી માતાઓ તમો જો છોકરાને પરણાવી ઘરમાં વહુ લાવવાની એટલીજ મતલબ સમજતાં હોવો કે ઘરમાં વહીતરૂં કરનાર એક માંણસ અથવા વેઠીઊં માણસ અથવા વેઠીઊં ઢોર ખરીદ કરીએછે તો તેમાં તમારી ઘણી ભુલછે. હમો ખચીત દલગીર છીએ કે ઊપલી રીતે મુકાબેલો કરવો પડીઓછે પણ ઘણાક દાખલા જે હમારી પાસછે તે ઊપરથી એ મુકાબલો ખોટો માલુમ પડનો નથી. એવી વખતે માતાઓ જો એટલોજ વીચાર કરોકે જેમ પારકી દીકરીને વહુ કરી ઊપલા વીચારથી તમો તમારે ઘેરે લાવીઆંછો અને તેજ રીતે જો કોઈ બીજી ઓરત તમારી દીકરીને પોતાની વહુ કરી એવેજ વીચારે પોતાને ઘેર લઈ જાએ, તો તમોંને પારકી માતાની દીકરીની કદર તુરત આવે. પણ માઠા ભાએગે એવી રીતના વીચારો ઘણી ખરી માતાઓ કરતી નથી એ દુખ ભરેલી બીનાછે.

પેઆરી બેહનો તમો જેવારે તમારી બૈરાંઈઓ

સાથે નજીવી વાતો ઊપરથી ને જરા જરામાં છીદ્રાં
શોધી ઘરમાં ભુંડા કજીઆનું બી વાવોછો તારે જો ત
મો એટલોજ વીચાર કરો કે એવી વારી તમારી પણ
આવનારછે, યાને તમો પણ પરણીઆ પછે તમારાજ
જેવા સવભાવની કોઈ તમારી નનંદ થશે, તો તમને
ખચીત માલુમ પડે કે તમારી ચાલથી બાપડી તમારી
ભોંજાઈને કેટલી પરકારનું દુખ થતું હશે. પેઆરી બે
ની, તમે ઘણી ઘણીઆનીના સુખમાં કુડાં મનની તમા
રી નનંદ વારંવાર આડે આવતી હોએ ને તાણા મે
ણા મારતી હોએતો તેવી વેલાએ તમને કેટલું દુખ અ
ને કેટલી ગમગીની ઊપજવાની વારૂં ? પેઆરી બેહ
ની એવા જુલુમ અને કંટાલાથી તમને આ સઘલી દુ
નીઆ કેવી અકારી પડવાની વારૂં ?

પેઆરી માતાઓ ! તમારી દીકરી સાસરીમાં
ઘણું દુખ પામતી હોએતો તમને કેટલું દુખ થવાનું તે
નું બ્યાંન કરવાની કશી જરૂર નથી. તમારી દીક
રીને એવાં દુખોમાંથી બચાવવાને તમે ઘણી તજવીજ
કરોછો અને તમારામાની કેટલીએક માતાઓ રાત દી
વસ સેવરા અને બરામણોને ઘેરેઘેર રખડી રજલી
ખરાબેહાલ થાએછે ! એ સઘલાં ઊપરથી સાફ જ
ણાએછે કે જેમ માતાઓ પોતાની દીકરીનાં દુખથી જે
ટલાં દુખી અને હેરાન રેહેછે તેટલાં તેઓ પોતાની વ
હુને વાસતે બેપરવા રેહેછે. જો સઘલી માતાઓ એ
મજ સમજતી હોએ કે " માએ આપણી દીકરી પારકે
ઘરે સુખ ચમન ભોગવે તેમજ પારકી દીકરીઓને
આપણાં ઘરમાં સુખ આપવું જોઈએ " તથા સઘલી
નણંદો પોતાનાં મન સાથ એમજ સમજે કે "નઠારી
નણંદોનાં દુખથી હમો જેમ છુટવા માંગીએછે તેમજ
હમારી ભોંજાઈઓ બીચારી હમારાં દુખથી કંટાલતી
હશે, માટે હમો હમારી તરફથી તે બીચારીઓને કોઈ
રીતનું દુખ નહી આપીએ" તો એવા વીચારથી કુટું
બનાં કલેશોમાં કેટલો ઘટાડો થાએ વારૂં ? પેઆરી મા
તાઓ તમો જો પારકી માની દીકરીઓને તેમના સઘ
ળા હક ભોગવવા દો નહીતો પછે પારકી માતાઓ તમા
રી દીકરીના સઘળા હક કેમ ભોગવવા દેશે વારૂં ? પેઆ
રી માતાઓ અને બેહનો એટલાજ ખેઆલ ઊપરથી
તમો જોયો કે સાસુ વહુમાં, નણંદ ભોજાઈમાં તથા દેર
ણી જેઠાણીઓમાં સલાહ સંપ રાખવાની દરએકની
ફરજછે, અને તે વળી દરએકનાં પોતાનાં સારાંને માટેછે.

પેઆરી માતાઓ અને બેહનો હમો કબુલ ક
રીએ છીએ કે કેટલીકવાર તમને કલાંટ અને ઝેરાં વ
હુઓ સાથ કામ પડેછે, અને એવી વેલાએ તમારી સ
ઘળી સારી વરતણુક અને દએઆ ભરેલી રૂડી સોચ
નાં છતાં તમને અપજશ મલેછે, તોપણ માતાજીઓ અ
ને બેહનીઓ હમો ઘણી દલગારીથી જણાવીએ છીએ
કે એવા દાખલાં ઘણા થોડા બનેછે, પણ એથી ઊલ
ટા ઈઆને વઢકણી અને જરા જરામાં છીદ્રાં શોધના
ર સાસુઓના બેહદ દાખલા જણાએલાછે. વહુઓએ
છોકરાઓને ફરી મુકીશે, છોકરાઓ પોતાની બઈરી
ઊપર ઘેલા ગાંડા થઈ ગએઆછે, તથા બઈરીઓને
હથેલીપર નચાડેછે એવા તરેહવાર કલપના ભરેલા
વીચારો કરી સાસુજીઓ પોતાનાં દીકરાઓ સાથ ઊં
ચે મોહાડે રેહેછે. દીકરા બીચારા અણજાણ્યા કારણ
પુછેછે તારે જવાબ મલેછે કે "તમોને પારકી માની દી
કરીઓનુંજ લાગેછે, તમો તેમના ઊપર ઓઢાઈ પંથ
રાઈ રહેઆછો, અને પેટ ભરીને તથા મન મુકીને તે
મની સાથેજ બોલોછો ચાલોછો એ સારૂં નથી. પગ
નું ખાસડું પગમાં રાખવું જોઈએછે નહીતો એઓ
માથે ચહડી જશે."

ઊપર જણાવીઆ મુજબ સાસુ નણંદનાં દુખ
થી બીચારી એક જુવાન સ્ત્રી દુખી થાએછે, તેમાં મા
ઠા ભાએગે તેણીના કણધીના ભરથારથી ઘણેક વે
લાએ વધારો થઈ પડેછે. સાસુ નણંદનાં ગમે એવાં
દુખ છતાં જો બાએડીને પોતાનાં વર સાથ સારો સં
બંધ અને અછો એખલાસ હોએછે તો તેથી બીચારી
વહુનાં દુખનો મોટો ભાગ હલકો અથવા નહી જેવો
થઈ જાએછે. સમજુ વર હોએછે તો તે બીચારો એ
ક તરફ પોતાની મા બેહનોને રાજી રાખવાને તરેહ
વાર રીતે તેમનાં મનનું સમાધાન કરવાને તઈઆર
રેહેછે, અને તેમજ બાનેનમાં પોતાની પેઆરી અને
વાહાલી ઓરતને દીલાસો આપી તેણીનાં મનનું પણ
સમાધાન કરેછે, જેથી કલેશ કંકાસનું જોર કેટલેક દર
જજે નરમ પડેછે. પણ બાપડી બઈરીનાં માઠાં ભાએગે
કમ અકલ ને થોડી સમજનો વર તેણીને કપાલે ચોં
ટેલો હોએછેતો પછે જોઈજ લેવું. બીચારી તે ઓરત
એવી વેળાએ એમજ સમજેછે કે હવે આ દુખથી છુટ
વાનો કોઈ ઊપાએ નથી. રાત દીવસ તાનાજની, દુ
ખ, મેહેનાં તોણા, અને ગાલ મારનો વરસાદ એ તર

પથી બાપડી ઊપર પડે. સાસુ નણંદને વારે તેઓ ચુકે નહી ને ચંડાલ વરની પાળી આવે તારે તે હોલ ઠે બરાક ઊપરથી લાત મુકી ઊપર આવે.

ખરેખર આવી વેળાએ ધીરજ અને સબુરીથી સઘળું દુખ સહન કરવાની શકતી એકાએક આવતી નથી, અને તેથી કેટળીકવાર ઘણાં માઠાં પરીણામો નીપજેછે, કે બાપડી વાખાની મારેલી બઈરી કુવે તલાવે પડી અથવા જેહેર વીખ ખાઈ આપઘાત કરી રાત દીવસનાં દુખથી છુટવાની તજવીજ કરેછે. અફસોસ ભરેલુંછે કે એવા કેટલા બધા દાખલા આપણી નજર આગલ બનેલાછે એટલું છતાં હજી સાસુ નણંદો તથા ચંડાલ ખાવીંદો ઊપલી ઘાતકી રસમો છોડતાં નથી.

આપઘાત કરવા જેવા બીજા અજીમ ગુનાહ થોડાજ હશે એટલું છતાં આપણાં લોકોમાં એ કરપીણ ચાલનો દન ઊપર દન વધારે ફેલાવો થવા માંડીઓછે એ ઘણુંજ દીલગીરી ભરેલુંછે. એ કરપીણ ચાલનો અટકાવ કરવાનું ઘણું સેહેલું છતાં તે ઊપર સમજુ અને શીઆના દેશીઓ ધીયાન આપતા નથી એટલુંજ નહી પણ ઓરખી ગોએઆ આગલ રહીને એ કરપીણ ચાલને ઊતેજન આપતા હોએ એવું કરેછે. આપઘાત કરનાર બીચારીનાં મરણ પછે તેણી ઊપર પડેલાં ખરાં દુખ તથા જુલુમને સઘળો વીસારી મુકી તે બીચારી ઊપર કલપનાથી તરેહવાર બનાવટો ઊભી કરેછે. મરનારને ફીફરૂં આવતું હતું, મરનાર દેવાંની હતી, મરનારને ખરાબ દરદ થએલું હતું, મરનારનાં દીલમાં ચારો હતો, અથવા મરનાર અકસમાત પડી મરણ પામીછે એવી રીતે કેટલાકો સોગન લઈ ખોટી શાહેદી પુરી, જાણી બુજીને ખુન કરનાર મરનારનાં સાસુ સસરાં તથા ધણીને, ઈનસાફની ચુંગાલથી છટકાવી મુકવાની મેનીજ કરેછે. પણ તેઓએ સત કરી જાણવું જોઈએછે કે જીવ હતીઆ કરવાનો જે અજીમ ગુનાહ તે તેઓ આવી રીતે પોતા ઊપર ખેંચી લીએછે એટલુંજ નહી પણ તેથી કરી ચંડાલ જુલુમ ગુજારનારાં છટકી જાએછે અને બીજાં ચંડાલોની સુધ ઊઘડતી નથી ને તેનાં પરીણામ પાછાં આપઘાત જેવાં નીપજેછે. એ સઘલાંનો બોજો ઊપર જણાવેલા મેનીજ કરનારાઓ ઊપર રેહેછે.

હવે આપઘાત કરનાર બાચાર અબલાઓ તરફ ધીઆન પુગાડીએ છીએ તો તેમાં તેમનો પણ ઘણો વાંક માલુમ પડેછે. ખરી વાતછે કે કોઈને પોતાનો જીવ કડવો લાગતો નથી ને કોઈને મરવા ગમતું નથી. તોપણ આવી રીતે ભરજુવાનીમાં આપઘાત કરી કેટલીક ઓરતો મરેછે તે ઊપરથી સાફ જણાએછે કે જારે તે બીચારીઓથી દુખ ખમાતું નથી, તથા તેઓની સબુરી એકદમ ઊઠી જાએછે તારેજ તેઓ આવાં કરમ કરેછે, તોપણ એ સેવટનો ને છેલો ઊપાએ કરવા અગાઊ યાને છેક જીવપર આવીઆ અગાઊ તેઓએ પોતાનાં સગાં વાહાલાંઓની મારફતે અથવા તેવાં પોસીંદાં સગાં વાહાલાં નહી હોએતો કોઈબી ધરમાતમા શખશોની મારફતે પોતાનાં દુખનું નીવારણ કરાવવાની તજવીજ કરવી જોઈએછે. લોકને મોહોડે કોણ ચહડે ને લોકો આગલ પોતાનાં ઘરની ને પોતાની એબ કોણ ઊઘાડે—એવા ખોટા ખીઆલની ધાસતીથી રૂડા ઊપાઓ કરવાના પડતા મુકી આપઘાત જેવો અજીમ ગુનાહ કરવો એ ઘણું નામુનાસબ છે. ઘણીવારતો એવુંબી બનતું હશે કે નજીવી વાતોમાંથી જુવાન અબલાઓને એકદમ કરોધ ચહડી આવનો હશે ને વાતમાં કાંઈ જીવ નહી તેવી વાતમાથી આપઘાત કરવાનુબી સુજતું હશે. માટે દરએક અબલાની પેહેલી ફરજછે કે એવા કોઈ ઊપાએઓ કરવા નહીતો પછે કોરટનાં બારણાં ઊઘાડાંછે; ઈંગરેજી અદલ રાજમાં વાજબી ઈનસાફ ઓરત મરદને સરખો છે, અને તેમાથી ઘણીવાર સમજુતી અને સલાહ થઈ જાએછે. કાંઈ આપણા લોકોમાંજ એવા કુટુંબ કલેસના દાખલા બનતા નથી, ઈંગરેજ તથા બીજા સુધરેલા લોકોમાં પણ એવા કુટુંબ કજીઆ બનેછે, પણ તેઓ કાંઈ આપણી પઠે છેક ઊલડાઈ કરી આપઘાત કરતાં નથી. તેઓ વાંજબીની રાહે ઈનસાફની મદદ લીએછે, ને તેમાંથી અંતે સારાંજ પરીણામો નીપજેછે. માટે પેઆરી બેહેનીઓ તમોએ આપઘાતનું કરપીણ કામ એકદમ નાબુદ કરવું જોઈએછે. આપઘાત કીધાથી શું થાએછે વારૂ ? તમો તમારો પોતાનો કાયગરો જીવ ખોઈ બેસોછો—તમારાં ગરીબરાં માંબાપોને નહી ખમી શકાએ એવો ઘા તમો મારોછો—તમારાં નાહાનાં ને કેટલીકવાર કુમલાં બાલકોને રડતાં મુકી ચાલતી પકડોછો, અને તે સાથે ગામ શેહેરની તાનાજની અને લેઆનતનો વરસાદ લઈ કુચ કરી જાઓછો. બે

ચાર દાહાડા લોક દેખામણું *કરવા તમારી ઊપર જુલુમ ગુજારનારા આંખ પાણી ભરી ખોટાં આંસુ ખેરવી પરવારી જાએછે, અને તમોજ માતરે તમો પોતાને તથા તમારાં અતલગનાં ખેસીઓને જનમ સુધીના ખલાપામાં નાખી પોતે મરગરજાણી ગુનાહમાં ગીરફતાર થાઓછો.

## એક ખરા દોસતની વફાદારી.

ઈટલી દેશનાં રોમ શેહરની શેહેનસાઈ નબળી થયા પછી ઘણુએક સુધી ગરીસ દેશનુ આથેનસ શેહેર વીદયા, હુનર, નીતીના કાએદા અને દાહાપણ મેલવવાની જગા હતી. એ સેહેરની અંદર એ વખતે આલકાનડર અને સેપતીમીઅ નામનાં બે વીદયા અભયાસ કરનારા જોડયા હતા; તેમાંનો આલકાનડર જાતે મદરેસાનો પકકો વીદયાવાન હતો, અને સેપતીમીઅસ વીદયા તથા હુનરનો ફેલાવો કરનારી મંડલીનો સુંદર ભાસણ કરનારો હતો. અરસ પરસની અજાએબીથી બેઊજણા વચે જલદીથી દોસતી પડી; એ બેઊજણાની દોસત એકસરખી હતી, અને તે વખતે આખી દુનીઆનાં બે વખણાએલા શેહેરોનાં રેહેવાસી હતા. આલકાનડરનો જનમ આથેનસ સેહેરમાં થાએલો હતો અને સેપતીમીઅસ રોમ શેહરથી તાંહાં વીદયા અભયાસ કરવા આવીયો હતો.

હાવી હાલતની અંદર તેવો બેઊજણા થોડોએક વખત સુધી સલા સંપતમાં જીંદગી ગુજારી. આલકાનડરે ખુદરતી વીદયાની ગમતમાં પોતાની જુવાનીનો પેહેલો ભાગ ગુજારીયા પછી, છેલે સરવાલે દુનીઆદારીનાં સુખમાં ભાગ લેવાને વીચાર કીધો. એ ખનીઆની અગાઊ તેણે પોતાનો પીઆર હાઈપેસીઆ નામની સુંદર ખુબસુરત નારીમાં લગાડયો. તેવોનો પરણવાનો દાહાડો ઠેડવેયો હતો, અને દરએક કીરીયા કરવી ઘટે તે પણ થાએલી હતી, માતરે તેવો બેઊજણાના લગનનો પાક દોલ નાખવાનીજ ખોટી હતી.

આલકાનડરના સુખમાં વધારો થાયેયાથી, અથવા પોતાના મીતર સેપતેમીઅસને ભાગીઓ કરીઆ વગર ખાતરી ભરેલી રીતે તે સુખ ભોગવવાને અશકત હોવાથી, તેણે હાઈપેસીઆને પોતાના જોડીઆનો મેલાપ કરાવવાને ધારીયું, કે જે તેના પીઆરા મીતરે ઘણાજ આનંદથી કબુલ કીધું; પણ કમ નશીબે આ એ મુલાકાત તે બેઊજણાની ભવીશીની સહલા સંપતને ઘાત ભરેલી થાઈ પડી, કેમકે સેપતીમીઅશનાં દીલમાં હાઈપેશીઆને જોતાને વાર વગર મરજીનો ખરાબ જોશ ઊતપન થાએઓ. એવી બેવકુફ અને વગર હકની ઈછાને દાબવાને તેણે ઘણી મેહેનત કીધી પણ તે સરવે ફેકટ ગઈ, તેનાં મનનાં જોગ થોડા વારમાં એટલાતો વધી પડીયા, કે છેલે સરવાલે તેને બીમારીના બીછાના ઊપર પડવું પડીઊં.

આવા કાહેલીના વખતે આલકાનડરે પોતાના દોસતની ખરી ઈંતેજારીથી ચાકરી કીધી અને પોતાની બલી બાનુને પણ તેહેની ચાકરીમાં સામેલ કીધી. પણ હવે અજાએબ જેવું એ બનીઊં, જે તે આસતે આસતે સારી હાલતમાં આવતો જણાઓ; તે ઊપરથી ડાકટરોની અકલમાં એવું આવીઊં જે તેહેને હાઈપેથીઆના પીઆર સીવાએ બીજું કઈ દુઃખ નથી; અને આલકાનડરે ડાકટરોની સોધ જાણીઆથી છેલે સરવાલે પેલા પસતાવા ભરેલા મરતા દોશત પાશે જોર જુલમથી એવું કબુલ કરાવીઊં જે તેનો પીઆર હાપેસીઆમાં લાગેલોછે.

બેહેનો, હાવી તરફ આલકાનડરની છાતીમાં પીઆર અને દોસત વચેની મારા મારીનું જો બીયાન કરીએતો અતીસે લાંબું થઈ જાએ. પણ કેહેવાને માતરે બશછે, કે આથીનીઅન લોકો તે વખતે નીતીના કાએદાઓમાં એટલાતો સુધરેલા હતા કે દરએક નેકીને તેઓ અતીસે વધારી દેતા હતા. ટુકામાં, આલકાનડરે પોતાની ખુસી ખુરમી વીસરી જઈને પોતાની સુંદર બાએડીને સેપતીમીઅસને હવાલે કીધી. તેવો બેઊજણાં પરણીઆં; અને તાર પછે જલદીથીજ સેપતીમીઅસની તબીએતમાં ફેરફાર થાઈ ગએઓ. થોડા દાહાડામાં તે તદન સારી સુખાકારીમાં આવેઓ, અને સુંદર જોડાં સાથે રોમ સેહેર જવાને નીકલીઓ. એ સેહેરમાં સેપતીમીઅસ પોતાની મન સકતીની મેહેનતથી થોડા વરસમાં સરકારી રાજ દરબારમાં મોટી જગા મેલવી, અને સેહેરનો નીઆએધીસ થયો.

આલકાનડર પોતાની પીઆરી બાએડી અને દોસતથી જુદો પડીઓ તે વીસેનુજ માતરે તેને દુખ

ખમવું પડીશું નહી. પણ હાઈપેસીઆના સંગાથીઓએ તોહમત મુકીશું જે તેને પઈસાની લાલચે પોતાની ખાઓડી હલકાઈથી સેપતીમીઅસને આપી દીધી; એમ કરીને તેની સાંમે ફરીઆદી ઊઠાવી. અલકાનડર ની રઅપરાધી હતો, તોપણ તેની ઊપર વાંક લાગુ પયો; અને વલી પોતાનું મજબુત બાયણું સાંમેની બાજુ વા લાંઓને હથાવી સકીયું નહી. તેને. બંદીખાનામાં નાખીઓ, અને મોહોટો દંડ આપવાની સીખશા કીધી. થોડવેલા વખતની અંદર તે આવો મોટો દંડ આપી સકીઓ નહી, તેથી તેની માલ મતા જપત કરી લીધી, અને તેનું છુટાપણુ છીનવી લેઈને બજારમાં ગોલામ દાખલ લીલાંઊથી વેચી નાખીઓ.

થરેસ સેહેરના એક વેપારીએ આલકાનડરને ખરીદ કીધાથી, જે તેને બીજાઓ સાથે દુર વેરાન ગામમાં લેઈ ગયો. એક ગુશા ભરેલા ધણીના હાત તલે ઘેટ ચરાવવાનું કામ તેને સોપેલુ હતું, અને સેકાર કરેલાં ખોરાકની ઊપર પોતાનું ગુજરાણ કરતો હતો. દરએક સવારના ઊઠીને તેને કામ કરવાની ફકર પડતી હતી, અને દાહાડે દાહાડે તેની ઊપર દુખ પડવા લાગીયું. થોડાએક વરસ સુધી આવી ગોલામગીરી કરીયા પછી તેને નાસી જવાની તક મળી. તે ઘણી સંભાલથી દીસના મુશાફરી કરીને અને રાતનાં ગોશાઓમાં ભરાઈને અંતે રોમ શેહેર આવી પોહોચીયો. આલકાનડર જે દીવસે રોમ સેહેરમાં આવીયો તે વખતે સેપતીમીઅસ દરબારમાં ઈનશાફ કરતો હતો, તાંહાં ગરીબ, દુખમાંથી છુટેલો આલકાનડર પોતાના અસલી દોસતથી જલદી ઓલખાય અને જાહેર રીતે કબુલ થાય એવી આશામાં આવીને તેની સાંમે ઊભો રેહેઓ. અહીઆં તે આખો દાહાડો લોકોનાં ટોલાંઓમાં ખોરી થઈ, પેલા સેપતીમીઅસ નીયાયાધીસનીગમ જોયેયા કીધું, કે તે તેને ઓલખે; પણ આલકાનડરે લાંબી મુદત સુધી દુખ લોગવીયું હતું, તેથી તેહનાં ચેહરામાં એટલોતો ફેરફાર થએઓ હતો કે જેથી પેલો નીયાયાધીસ ઓલખી સકીયો નહીં. પણ સાંજની વેલાયે આલકાનડર જારે તેની ખુરશી આગલ જવા લાગયો, તારે તેનાં સીપાઈઓએ નીરદય પણે હાંકી કાહાડીયો. હવે રાત પડવા આવી તેથી તેહને પોતાનું સંતાઈને સુવાનુ ઠેકાણું સોધી કાહાડવું પડીયું, પણ કાંહાં જઈને સુવું તે તેને સમજ પડીશું નહી. બધો ચીથરેહાલ અને તવાઈ ગયેલો હતો, તેથી તાંહાંના કોઈબી રેહેવાસીએ તેને ઊતારો આપેઓ નહી; તેથી શેહેરની બાહાર એક ઘોર આગળ, કે જાંહાં ઘણાખરા લુચા, કંગાલ અને આશા ભપટ લોકો સુતા હતા તાંહાં જઈને આસરો લેવાની ફરજ પડી. આવી બીહામણી જગામાં એક રાખેનું વાસન પડેલું હતું, તેને લીધું વાલી તે ઊપર માથું મુકીને સુતો; તાંહાં ઊંઘમાં થોડોવાર પોતાની કંગાલીયત વીસરી ગયો. અને અહીઆં એક કાંકરાનુ બીછાનું આએ વખતે તેને નરમ બીછાના. કરતાં સો ગણુ સુંદર માલુમ પડીયું.

હવે બીચારા ઊપર ઘણોજ દુખ દાયક બનાવ આવી પડીયો. જે ઘોર આગલ તે સુતેલો હતો તાંહાં મધરાતે બે ચોરો પોતાની ચોરીનો ભાગ વેહેચી લેવા આવીઆ; પણ બેઊજણા સમજુતી ઊપર આવી સકીયા નહી, તેથી એક બીજાને બદનમાં ખંજર મારી તેહને લોહી લુવાન નાખીને લુટ લેઈ ચાલતો થાએઓ. હવે બીજી સવારે પેલો બીજો ચોર મુવેલો માલમ પડીઓ; એ ઊપરથી શેહેરમાં ગભરાટ થઈ રેહેઓ અને તે સાથી મરણ પામીઓ તેની પુછપરછ સરકારથી થવા માંડી; તારે ઘોર આગલનો ગોશે તપાસતાં આલકાનડર સુતેલો નજર પડીઓ તેથી તેનેજ પકડેઓ અને તેની ઊપર ચોરી અને ખુનનો દાવો મુકીઓ. આલકાનડરનો કંગાલીયત ભરેલો દેખાવ જોઈને લોકોને ખચીત સક ઊપજીઓ જે એજ ખુનીછે. આલકાનડર એટલો બધો કમનસીબ થાઈ ગયો હતો જે છેલ્લે સરવાલે તેણે પોતાની જીંદગી અકાડી લાગી. નીમખહરામી, જુટી, અને ઘાટકી પણાની દુનીઆને તેણે ધીકારી પોતાના બંચાવમાં એકબી સખુન બોલીઓ નહી. તેને દોરડાંએ બાંધી સેપતીમીઅસની આગલ ઈનશાફને માટે લેઈ ગયા. દરબારમાં ઊભો રહીને તેણે પોતાનો બંચાવ કઈબી કીધો નહી તેથી નીઆએધીસે તેને ઘણીજ ઘાતકી અને ધીકારવા લાએક રીતે મારી નાખવાનો હોકમ કરતો હતો; પણ તેટલામાં લોકોનુ ધીઆંન એક બીજી વાત ઊપર ગયું. જેને ચોરી કીધી હતી તે ચોર માલ વેચતાં સપડાયો; અને તેને પોતાની ચુક માલમ પડીયાથી તેણે કબુલ કીધું. તેને પણ એજ નીઆએધીસ પાસે બાંધીને લેઈ આવેઆ. હવે આલકાનડરનું નીરઅપરાધી પ

ણુ સારૂ જણાઈ આવેઊં, પણ તેની આવી ચાલથી આસપાસના લોકોને આશચરીઅ લાગીઊં. પણ જારે નીઆઓધીસને પોતાની જગા ઊપરથી એકાએક ઊઠીને આલકાંનડરને કોટી કરવા જતો જોઓ, તાહરે તે લોકોની તાજુંબી અનીસે વધી પડી. સેપતેમીઅસે પોતાના અસલી દોસત અને સખાવત કરનારને ઓલખીઓ, અને પોતાની આંખોમાં દઆના અને ખુશીના આંસું લાવી તેની ગરદન ઊપર તીંગાઈ રેહઓ. આલકાનડરને નીરઅપરાધી કીધો અને તેને રોમ શેહેરના માતબર શેહેરીઓ સાથે દોસતી અને આબરૂમાં સામેલ કીધો. આલકાનડરે પોતાના મીતરની કુરપાથી પોતાની જીંદગીના બાકીના દાહાડા સુખ ચેનથી ગુજારી પુરા કીધા. ભલો આલકાનડર મરણ પામેઓ તારે પોતાની ઘોર ઊપર એવું કોતરાવવાને કેહેઊં હતું જે કોઈબી હાલત અથવા વખત એવો હઠીલો નથી જે તે કીરતાર કોઈનેબી તેમાંથી છોડવી સકે નહી.

---


## દુનીઆ મધે ઉંચા અને ઢલતા બુરજ.

દુનીઆ મધે ઘણાજ ઊંચા અને ઢલતા અને મજબુત બુરજને માટે કેટલાંએક શેહરો પરખીઆત થએલાંછે. પુરાતમ વખતમાં જે ઊંચા બુરજ કેટલાએક શેહરોમાં બાંધેલાછે તે સીધા નથી પણ ઘણુ કરીને ઢલતા માલુમ પડેછે. ઈટાલી મધે બોલોગના અને પીસા શેહરના ઢલતા અને ઊંચા બુરજ ઘણા વખણાએલાછે. બોલગના શેહર મધે બે બુરજ સામ સામે એક બીજાને મલતા હોએ એવી રીતે ઢલેલાછે. ઈટાલી મધે મોટી લડાઈઓ વારેવાર થતી હતી તેમાંથી બચાવ કરવાને માટે કોઈ ખાનગી અમીર ઊમરાવના કુટંબે એ બુરજ બાંધેઆ હોએ એમ ધારવામાં આવેછે. એ લડાઈના હીંગામમાં સઘળા લોકો પોતાના ઘર થોડાઘણા કીલાની મીસાલે બાંધતા હતા. બોલગના શેહરના બે બુરજ નાહના મોટાછે. મોટો બુરજ ઈસવી સન ૧૧૦૯ માં બાંધેઓ હતો અને તેની ઊંચાઈ ૩૦૭ થી ૩૭૭ ફુટ સુધી જાણવામાં આવી છે. તે જમીનની સપાટી તરફ ૩ાા ફુટ ઢલેલોછે, અને જાણે આએ પડી જશે એમ લાગેછે. બાહરનો દેખાવ ખુબસુરત નથી. તેની અંદર ૫૦૦ શીરી અથવા પાહરીછે. ઊપર ચહડીને જોએઊં હોએતો આસપાસં લાબેવર દેખાવ નજરે પડેછે અને ઈમોલા તથા ફીરારા તથા મોડીના શેહર જે બલોગના શેહરની આજુ બાજુએ આવેલાંછે તેબી દીઠામાં આવેછે. એની પાસનો નાહનો બુરજ ૧૪૦ થી ૧૫૦ ફુટ ઊંચો છે અને તેતો ૮ ફુટ ઢલેલો તથા જમીન તરફ વળેલો માલુમ પડેછે.

ઈટાલીના પીસા શેહર મધેનો બુરજ ૧૮૭ ફુટ ઊંચોછે અને તે જમીનની તરફ ૧૪ ફુટ કરતાં વધારે ઢલતોછે !! ઊપર ચહડવાને ૩૫૫ શીરી અથવા પગથીછે અને તેની અંદર સાત ઘંટછે. તે બુરજ કીલાના આકારને વધારે મલતો આવેછે. તેની આજુ બાજુએ કાંઈબી આધાર નથી. તેના મેહરાબદાર આઠ મારછે. બાંધકામમાં સંગે મરમરનો પથર ઘણો વાપરેલોછે. તેની નીચે ૨૦૭ થામલા મુકેલાછે. તેનો દેખાવ દુરથી ઘણોજ સુંદર લાગેછે. મુસાફરને તેનો દેખાવ દુરથી નજરે પડેછે તેનું બેઆન તે કરી શકતો નથી. ઈસવી સન ૧૧૭૪ માં એક જરમન કારીગરે તે બુરજ બાંધેઓ હતો. તેની ઊપર ચહડતા તથા ઊતરતા માણસને એવું લાગેછે કે તે ગોઆ વાહણમાં ઊપર નીચે ડોળાં ખાએછે. તે બુરજને આજ લગભગ સાતસો વરસ થવા આવેઆંછે પણ તેનુ કામ ઘણુ મજબુત હોવાને લીધે કાંઈબી નુકસાન થએલું માલુમ પડતું નથી.

ઈસપેન દેશમાં માંદરીદ રાજધાનીની ઊતર પુરવ દશાએ "સારાગોસા" નામનુ શેહરછે. એ શેહરનો બુરજબી ઘણો વખણાએલોછે. તે ઈસવી સન ૧૫૯૪ માં બંધાએઓ હતો. તે બુરજની સામે દેવલછે તે દેવલ તરફ ઘણોજ ઢલેલો માલુમ પડેછે. તેની અંદર ૨૮૦ શીરીછે અને ઊપરથી આસપાસનો દેખાવ ઘણોજ રલીઆમણો અને સુંદર લાગેછે. તેનું નામ "નીઊ ટાવર" કરીને તાંહીના લોકોએ રાખીઊંછે. તેનું ચીતર આ બીનાની સાથે આપેલુંછે.

ગરેટ બરીટન મધેબી બે તરણ જગોગે બુરજ બાંધેલાછે જે ઘણા ઢલતા દેખાએછે. એ બુરજો ઊપલા બુરજના જેવા ઘણા ઊંચા નથી તોપણ થોડી ઊંચાઈ પરમાણે તેઓનુ ઢલાંણ જમીન તરફ ઘણજ માલુમ પડેછે. ઊંચાઈમાં ૭૦ થી ૮૦ ફુટછે પણ જમીન તરફ ૧૧ ફુટ ઢલેલાછે.



"નીળીટાવર" ટલતો બુરેન.

## એક ગરીબ ગામડીઆની છોકરી જે શેહનશાજાદી થઈ.

કાથેરીના રૂશીઆ મધે ડરપટ નામના નાહના શેહેરમાં જનમી હતી. પોતાના મા બાપની નીતી અને શદગુણ શીવાએ એ બીચારી છોકરી પાશે આ દુનીઆમો કંઈબી વીત હતું નહી. એનો બાપ મરી ગીઓ તેથી તે પોતાની મા શાથે એક ગાંહાંસની ઝુપડીમો આવી ગરીબ હાલતમો છતાં તેવો ખંધેજણા સંતોશથી રેહેતાં હતાં. આ જગોએ દુનીઆંથી એકાંત ગોશે પકડી, છાતી તોડી, મજુરી કરી, પોતાની ઘરડી માતા જે મજુરી કરવાને પુરી અશકત હતી તેનું પોશણ કરતી. જારે કાથેરીના કાંતવા બેશતી તારે તેની મા તેની આગલ ધરમ શંબંધી કંઈ ચોપડી વાંચતી અને જારે આખા દાહાડાની મેહનતથી ફારગ થતી તારે ખંધેજણા શંતોસથી પોતાની શગડી પાસે બેશી જે નીમક રોટી ઈશવર આપતો તે ઊપર શુકર ગુજારી જમતાં હતાં. કાથેરીનાનો ચેહેરો અને શરીર સમપુરણ હતું તોએપણ તેનુ શરવે ધેઆંન તેના મનના શુધારા ઊપર લાગેલુ હતું. તેની મા તેને વાંચવા શીખવતી અને એક ઘરડો લુથરન પાદરી તેને ધરમ સંબંધી અને નીતી સંબંધી કેલવણી આપતો હતો. ઈશવરે તેને ચપલ બુધી આપીતી એટલુંજ નહી પણ મજબુત વીચાર શકતી. તથા રૂડી અને ખરી શમજણ પણ આપી હતી. એની સરવે વાતે કુશલતાની વાત અને એના શદગુણના વખાંણ બાહાર ફેલાએઆથી તે પરાંતના ગાંમડીઆવોને તાંહાંથી લગનના માંગણાવો આવેઆં. પણ તેને એ પાછાં ફેરવતી કેમકે પોતાની માતાને એવી ચાહાતી હતી કે તેનીથી જુદી પડવાનો વીચાર કણુ તેના મનમો આવતો નહી.

જારે કાથેરીના ૧૫ વરસની થઈ તારે તેની માતા મરણ પાંમી. હવે એખલી પડવાથી તે પોતાની ઝુપડીમોથી નીકલી જે લુથરન પાદરીએ એને નાહાનપણમો શીખવી હતી તેની શાથે જઈ રહીને એક શીકશક દાખલ તેના ગહરમો બચાંવોને શીખવવાનો હોધો લણી તારીફ લાએક, અજાએબ રીતની હુશીઆરી અને બુધી શાથે ચલાવેઓ. આ ઘરડો શખસ જે તેને પોતાના બચાંની માંફક ગણતો હતો તણે બીજા શીકશક પાસે કાથેરીનાને ઊંચી જાતની કેલવણી અપાવી ને એ પરમાંણે તે ઘરડો ગહરસથ મુવો તાંહાં સુધી તેણીએ પોતાના અભેઆશથી સુધરવાનું જારી રાખેઊ. પણ જારે તે પાદરી ગુજરી ગીઓ તારે એ બીચારી પાછી પોતાની અશલ દલીદર હાલતમો આવી પડી. તે વખતે લીવોનીઆંનુ પરાંત લડાઈથી તારાજ થઈ ગીઊતું ને હેવો લડાઈનો કોપ ગરીબો ઊપર શખત પડે અને તેથી કરીને કાથરીના પોતે મોહોટું ડાહાપણ અને ધીરજ ધરાવતી હતી તે છતાં પણ તેની ઊપર નાચારી હાલતના શરવે દુઃખો ઘણા શકત રીતે લાગવાં લાગાં. દીનપર દીન મોગવારી વધતી ગઈ અને કંઈ જુજ પાશે હતું તેનો ખરચાઈ ગીઊ. તેથી તેણે પુરૂશીઆના મારીઅન બરગ શેહેર જે આબાદ હાલતમો હતું તે તરફ મુસારી કરવાનો ઠેરાવ કીધો. એક જોહાલણીમો પોતાના જુજ કપડાં હતાં તે બાંધીને પાંશે પેદલ પોતાની મુસાફરી શરૂ કીધી. ૪૦૦ થી વધારે માઈલનો રસતો અને જે મુલુકોમાં થઈને જવું તે મુલકો માઠી હાલતમો આવેલા અને વલી રશીઅન અને સુઈડીશ લશકરે તે લુટી શંટીને ઘણાજ ડરાંમણા કરી નાખેલા તેથી મુસાફરીનો દેખાવ બીકટ મારવા લાગો. પણ ભુખની આગલ રસતાના શરવે ભએ અને થાકને તેણીએ ગણકારેઆ નહી. એક શાંજના મુસાફરીની થાક લાગાને લીધે રસતા ઊપરજ એક ઝુપડી હતી તાંહાં રાતનો વીશાંમો લેવા જતી હતી એટલાંમો બે સુઈડીશ શોજરોએ એને ઘલરાવીને હેરાંન કરવા માંડી. અને ખચીત તે લુચાઓએ એની ઊપર જબરદસતી કીધી હતે પણ એટલાંમાં નશીબને જોગે એક લશકરી ઓધેદાર તેણીની મદતે આવી પોહાચેઓ તેને જોઈને પેલા શોલજરો પાછા હઠેઆ. પણ એ ઓધેદાર કોણ હતો ? જારે તેણીએ જોઊ કે તેતો પેલા લુથરન પાદરી જે કે પેહેલાં તેનો કેલવણી આપનાર—પરતીપાલણ કરનાર—અને દોસત હતો તેનો છોકરો હતો તારે તેણીને અજાએબ લાગીઊં. ઘેરથી જે જુજ પઈશા લઈને નીકલીતી તેતો આ વખતે શરવે પુરા થએઆ અને જોહાલણમાંના કપડાંમોનો એક તારબી બાકી નહી હતો કેમકે જાંહાં વીશાંમો કરતી તે લોકોને પઈશાને બદલે કપડાં નાચારીએ આપતી. લુથરનના છોકરાએ જે કંઈ પોતા પાસે શાલતું હતું તે પેલી બાઈને કપડાં ખરીદ કરવા આપેઊં. એક ઘોડો બેશવા થકી આપેઓ અને મારીઅન બરગના શેહેર

નો દારોગો જે તેના બાપનો દોસત થાએ તેની ઊપર ભલાંમણનો કાગજ આપેઓ.

આ અબલા મુસાફરને મારીએન બરગમાં ઘટતાં માન સાથે પેલા દારોગાએ ઊતારો આપેઓ અને તુરત કાથરીનાને પોતાના કુટુંબમાં શીકશક દાખલ કાંમે લગાડી. જોકે તે હજુરતો ૧૭ વરશની વએની હતી તોએપણ એવું દેખાડી આપેશે કે તે પોતાની જાતની બેહેનપણીઓને એખલા શદગુંણોજ શીખવવાને લાએક હતી એટલુંજ નહી પણ ને સાથે અદબ અને તરીકો શીખવવામાં પણ પુગણ હતી. તેનીની અકલ અને ખુબસુરતી હેવી ઊમદા હતી કે થોડાક વખતમો તે ઘંર ધણી દારોગાએ પોતાનો હાત તેણીને આપવા માંગેઓ. પણ જારે તેણીએ નેનો હાત નામનજુર કરવાને દરૂશત જોઊ તારે પેલાને મોહોટી અંચરતી પેદા થઈ. પણ એ હાત નામનજુર કરવાનું કારણ કીરતી ભરેલું હતું. પેલા છુટકારો કરનારનો ઊપકાર તેના દીલમો ભમી રહોતો અને તે ઊપકારના અવેજમો તેણીએ તેનીજ સાથે પરણવાનો ઠેરાવ કીધોતો. જોકે એ પાદરીના છોકરાનો હાથ લડાઈમો ઊડી ગીઓનો અને તેજ પરમાંણે જખમોથી તે બદ શીકલ થઈ ગીઓ હનોપણ પોતાના માંગણા બીજી તરફથી આવે અને શરમ નહી છંનડાએ હેવી ધાસતીથી જેહવો પેલા લુથરન પાદરીનો છોકરો પોતાની નોકરી ઊપર પાછો આવેઓ કે તેણીએ તુરત તેની સાથે લગન કરવાને મરજી બતાવી અને મોટી ખુશી સાથે તેણે કબુલ કીધુ. તેજ દાહાડે લગન કરી નાખેઆં. પણ અરે ! બીચારી કમનશીબ ! એણીગમથી જે દાહાડે લગન થએઆં અને પેલીગમથી તરતજ તેજ દાહડે રશીઅનોએ મારીઅન બરગ શેહેર ઊપર ઘેરો નાખેઓ જેથી બીચારા પેલા કમનશીબ શીપાઈને પાછો હોકમ થઓ કે હેલ્લાં ઊપર જાઓ. તે ગીઓ અને તાંહાંથી કબુ પાછો ફરેઓ નહી. આખરે એ શેહેર હેલ્લાંથી શર કીધુ અને હેલ્લાં કરનારાવો હેવા ખુનપર આવેઆતા કે કીલ્લામોના લશકરનેજ નહી પણ તે શાથે રેહેવાશી મરદ ઓરત અને બચાંવોને એક શરખી રીતે તરવારની ધાર ઊપર મુકી દીધાં. આવા વખતમો કાથરીના એક તનદુરમો ભરાઈ રહી હતી પણ દુખ દુર નહી હતું. હવડાં શુધી તે કંગાલ હાલતમાં હતી ખરી પણ આપઅખતીઆરી ભોગવતીતી. પણ હવે તે ખોવાઈ ગઈ ને ગુલામગીરીમો પુકડાઈ. તોએ પણ એ હાલતમોબી પોતાનું પરમાનમાપણુ અને શાલેશાઈ વીશરી નહી ગઈ. એક બીરગી કમબખતીએ તેણીની અકળને ઝાંકી કીધી હોએ પણ હેનો ચેહેરો ખુશનમા અને હશનો હતો. આ તેણીના શદગુણની અને ધીરજથી નશીબને તાબે થવાની તારીફ છેક રશીઅન જનરલ શાહાજાદા મેનઝીકાફને પોહોચી. તેણે તેણીને જોવા માંગી અને તેના દેખાવથી તે ખુશ થઈ ગીઓ. જે શોજરના હાથમાં તે પકડાઈહતી તેની પાશથી ખરીદ કરી લીધી અને પોતાની બેહેનના હાથ હેઠળ એ પરીજાન કાથરીનાને શોંપી. હઈઆં તેણીની લાએકી પરમાંણે શરવે માન મલેઊ અને તેનો ચેહેરો દીન ઊપર દીન ખુબશુરતી ઊપર આવતો ગીઓ.

આવી અવસથામાં આવેઆને હજુર ઘણા દીવસ નથી ગીઆ એટળામો પીટર ધી ગરેટ (રશીઆનો શાહનશાહ) ઊપર કહેળા શાહાજાદાની મુલાકાતને આવેઓ અને એવો એતેફાક બનેઓ કે કાથરીના કઈક શુકો મેવો લઈને ઘણીએક તાજીમ તવાજોથી અને હેલીએતથી તેની હજુર મુકેઓ. આ મોહોટો રાજવનશી તેની ખુબશુરતી જોઈને તાજુબ થઓ. તે બીજે દાહડે પાછો મળવા આવેઓ અને પેલી ખુબશુરત લોનડીને પાછી પોતાની આગલે બોલાવી મંગાવી. કેટલાએક શવાળો પુછેઆ અને તેનું જે સુંદર શરીર હતું તેના કરતાં તેણીની મનશકતીના ચુટકા અને નખરાં તેણીને વધારે જેબ આપતાં માળમ પડેઆં. જારે એ શાહાનશાહ નાહનો હનો તારે કઈક મતલબના કારણથી એક ઠેકાંણે તેની મરજીની ઊપરાંત જબરદશતીથી પરણવાને કહતું પણ હવડાંતો પોતે આપઅખતીઆર હતો તેથી તેને પરશન પડતી રાંણી પરણવાને નીશચે કીધું. તેણે આ લીવોનીઆની રેહેનાર અબલા જે હાલ ૧૮ વરશની ઊમરમો હતી તેને વીશે પુછપરછ કીધી અને શરવે તેણીની તવારીખ શાંભલી તે દલીદર હાલતમાં હતી નેબી જાંણેઊં. તેણીની ઊપર જે જે આફતો અને દુખો પડેઆં તેપણ જાંણેઊં પણ એ શગળાંમો તેણે કાથરીનાને મોહોટાં મનની, ધીરજવાલી, શંતોશી અને ઊંચા ગુણો ધરાવનારી માળુમ પડી. તેણે ઠેરાવ કીધો કે અગર તેણીએ ગરીબ માબાપનેપેટે અવતાર લીધોતો શું થઊં ? તેણીએ પોતાના શદગુણથી પોતાને ઊંચા વાંગોમો લાવી

સુદી હતી. તુરતજ લગનની તઈઆરી થઈ અને ૫ આં!-અને પોતાની દરબારમો બેશનારા શરૂવે અમી ર ઊમરાવોને જાહેર કીધું કે શદગુણ છે તે તખત ઊપ ર ચહડવાનો દાદરછે.

હવડાં આપણે કાથરીનાને એક કાદવની ની ચી ઝુપડીએથી દુનીઆંમાં શઊથી મોહોટા રાજની શાહાનશાજાદીને દરજે ચડેલી જોઈએછે. આ બીચા રી વાખાની મારેલી એકાંત ભટકતી મુશાફરને હવ ડાં હજારો અમીર ઊમરાવથી લપેટાએલી જોઈએછે. જે લોકો તેણીનો હશતો ચેહેરો જોઈ શંતોશ લીએ છે, જે બીચારીને પેહેલલાં એકવારની મોઠીના શાં શા હુતા તે હવે આખી કોમોની ઊપર નેઆમતના વરશાત વરશાવેછે, તે કાંઈ નશીબે નહી પણ શદ ગુણ અને શહનશીલતાને લીધે. જે ગુણોથી એ ઊંચે ચહડી તેજ ગુણને એણે આખર શુધી છોડેઆ નહી. એક ગમથી મરદોમા તેણીનો ખાવંદ શુધારાનો ફેળા વ કરવાને જેહમતમો પડેયો તેજ વખત આ ઊમદા રાંણી પોતાની જાની બેહેનપણી ઓરત જાતમો શુધા રો કરવાને મંડી હતી. તેણીએ તેવોના પોશાકમો ફેર શાર કરાવેઓ, તેઓમાં મંડલીઓં ઊભી કીધી; અને ઓરત જાતમો "બાહાદુરી" નો ખેતાબ ચાલુ કીધો. શરમી વીચારોનો અને શદગુણનો વધારો કીધો અ ને આખરે એક શાંહાનશાહજાદીની, એક દોશતની, એક ધણીઆણીની અને એક માતા તરીકેની જે જે ફરજો હતી ને ઊમદા રીતે અદા કરવા બાદ બાહાદુ રાઈથી અને હીમતથી કઈપણ દલગીરી વીગર શ રવેને દલગીરીમાં નાંખી મરણ પાંમી.

(મલેલું)

---

## દુનીઆંનો મુસાફર.


### પત્ર ૩.

પેઆરાં બેહેન,


મારાં ગઆં પતરમાં કનતાનનો હેવાલ જે મેં લખી મોકલેઓ હતો તેથી તમે વાકેફ થએઆં હશો. એ કાગલ લખેઆ પછી હું કોસટા ઊપર કેટલેએક ઠે કાણે ફરી આવેઓછું. મેં તમને મારા ગઆ કાગજ માં જે કાંઈ લખી જણાવીશ હતું તે ઊપરાંત મારા જોવામાં જે કાંઈ આવીશ છે તથા આખા ચીન દેશ વી શે મારા જાણવામાં જે કાંઈ આવીશ છે તે આ વખતે લખી જણાવીશું. મારા સઘળા પતરો તમે એકઠા ક રીને સાચવી રાખજો, કારણ મારી મુસાફરીના હેવાલ નો સંગરહ હું તમારી પાસે હાલ એકઠો થએલો જોવા ને ખુશીછું અને ઈશ્વર કરશે ને દુનીઆના જુદા જુદા ભાગમાં મુસાફરી કરીને પાછો સહી સલામત આવીશ તારે તે સંગરહ એક પુસતકના આકારમાં બાહર પાડ વાની મારી મરજીછે. માટે આ મારી અરજ તમો ધેઆ નમાં લઈને મારા પતરો તમે જાલવીને રાખતા રેહજો.

ચીનનું રાજ ઘણુ મોટુંછે. તે ૨૦ પરાંતમાં વેં હેંચાએલુંછે. દરએક પરાંતમાં ઘણાએક ગામ તથા શેહ ર આવેલાંછે. તાતાર દેશના લોકોના હોમલાથી બચા વ કરવાને વાસતે ૧૫૦૦ માઈલની લાંબી દેવાલ એ દેશમાં બાંધેલીછે. ચીનનો કોસતો ૨૫૦૦ માઈલ સુ ધી આવેલોછે. એ કોસતા ઊપર કેટલેએક ઠેકાણે ઘણા સારાં અને નામીચાં બંદરો આવેલાંછે. હોઆંગો ત થા ઈઅંગ શીકીઆંગ નામની બે મોટી નદીઓ તથા બીજી ઘણીએક નાહની મોટી નદીઓ એ દેશમાં થઈ ને વેહછે. તે મધે પેહીઓ નદી નામીચીછે. શરોવર ઘણા અને મોટાછે; તે મધેનો હાંગસી નામનો સરોવર ૨૦૦ માઈલના ઘેરાવનોછે. એ સરોવર તથા વેહની ન દીમાંથી નેહરો બાંધેલીછે તેથી વેપાર રોજગાર તથા ખેતીવાડીના કામમાં તાંહાંનાં લોકોને મોટું સુખ થઈપ ડીશ છે. ચીન દેશને લગતા "ફરમોસા," "હેનાન," ત થા "હાંગકાંગ" એ નામના ટાપુઓ મુખીઅ કેહવાએછે.

ચીનમાં કેટલેએક ઠેકાણે શીઆલા ઈંગલંડના કરતાં વધારે ઠંડા અને ઊનાલા વધારે ગરમ માલુમ પડેઆછે. જુલાઈથી સપટેમબર સુધી ગરમી અતીશે પડેછે. મોરા ગગરાટનું તુફાન અને વંટોલીઓ થઈ આવેછે. કંનતાન તથા મકાઓ મધે શીઆલાના દીવ સ ઘણાજ ઠંડા અને સુકા માલુમ પડેછે. "મે" મહીના માં વરસાદ ઘણો પડેછે. ચીન મધે ખલતા પરવતો ન થી. પણ ગરમ પાણીના જહરા ઘણે ઠેકાણેછે. કપુર ના ઝાડો ૫૦ પચાસ ફુટના મોટાં ઊગેછે અને તેનું લાકડું ઘણુજ કામમાં આવેછે. સેતુરના ઝાડ જેની ઊપર રેશમનો કીડો પોતાનું પોશણ કરી શકેછે તે ઠેકા ણે ઠેકાણે જોવામાં આવેછે. તે ઝાડની નાહની ડાંખ લી ઊપર રેશમનો કીડો કેવી રીતે આવેછે તે દેખાડ



વાને તેનું ચીત્ર પાડી મોકલીઊં છે. ખેતીવાડી પછવાડે ચીન મધે ઘણું ધેઆન આપવામાં આવેછે. દર વરસે સાહનશાહ પોતે એક કોહવાડો લઈને ખેતર ખેડવાની કીરીઆ કરવા જાએછે જેથી સઘળા ખેહુતોને ભારે ઊલટ મલેછે. આઠ આઠ અને દસ દસ એકરના ખેતરો મોટાં કેહવાએછે. ચીન મધે તમાકુણી પાકેછે અને તજણી સારી પેઠે પેદા થાએછે. એ તજ સીલોનના જેવી સારી હોતી નથી. ચાહ પુશકલ પાકેછે. ચાહનો રોપો મટલીના પાંતરાની મીસાલે લીલો પાકેછે. તે તરણથી છ ફુટ ઊંચાઈમાં હોએછે. વધારે ઊંચી અને સારી ચાહ ઊંચી જમીન ઊપર ઊગેછે. મોટા સાહનશાહથી તે એક ગરીબ ભીખારી સુધી ચાહ પીહેછે. ચીનાઓને ચાહ વગર ચાલેજ નહી. તેઓ સાકર અથવા દુધ નાખેઆ વગર પાણીને ઠેકાણે ચાહ પીએછે. ચીનાઓને જોઈને બીજી કોમના લોકોનેબી ચાહ પીવાનો ભારે શોક થઈ પડેઆછે અને દર વરસે ચીન દેશથી બીજા દેશાવરો ખાતે ૭૨૦૦૦૦૦૦ રતલ ચાહ જાએછે તે મધે ૫૨૦૦૦૦૦૦ રતલ ફકત ઈંગરેજ લોકોના મુળકમાં જાએછે. ઊચાં પાહાડ ઊપરના રોપાની ચાહ તોડવાને ચીનાઓ વાંદરને કામે લગાડેછે. તેનો દેખાવ ઘણો જોવા લાએક ધારીને તેનું ચીત્ર આ કાગલ સાથે બીડીઊં છે.



વાંદરાઓ ચાહ તોડેછે.


ચીન દેશમાં એટલું બધું લોક વસી ગએઊંછે કે તે દેશમાં ઊજડ વેરાણ ખાલી પડેઆ નથી અને તેથી મોટા જનાવરોબી માલુમ પડતા નથી. શીંહની જાતનો એ દેશ મધે જાણવામાં આવી નથી. વાઘબી ઘણા જુજ અથવા કદાચીત માલુમ પડેછે. દરએક ગામમાં ડુકર, મરઘાં અને બતકાં ઘણા માલુમ પડેછે. પશચમ તરફના ડુંગરોમાં તરાંણું, જસદ, તથા પારાની ખાણ મોટીછે. તાંહાંની મરોડી એવી સારીછે કે તેના કોડી કામના વાશણ બનાવેઆમાં આવેછે.

ચીન દેશનું રાજ ઘણુજ પુરાતમ વખતનું ગણવામાં આવેછે. ચીનાઓ કેટલાએક હોનરમાં ઘણા ચાલાક માલુમ પડેઆછે. તેઓ પોતાનો હોનર બીજા દેશના લોકોને દેખાડવાને ઈછતા નથી. છાપવાના હોનરથી તથા હોકાઈ અંતરથી ઈઊરોપના લોકો હમણાના વખતમાં જાણીતા થઓ પણ ચીન દેશના લોકોતો એ વીશે અસલથીજ જાણીતા હતા. તેઓ બંદુકના દારૂથીબી વાકેફ હતા પણ તે બંદુકમાં કેમ વાપરવો તે જાણતા નહી હતા. ચીનાઓ પોતાની અસલની કાબેલીઅતમાં બે હજારની લાંબી મુદત મધે ઘણો જુજ અથવા થોડો સુધારો કરી શકેઆછે.

ચીન દેશનું રાજ અસલ ઘણો ફેરફાર થએ આ પછી ઈસવી સન ૧૨૭૯ માં મોગલ લોકોના હાથમાં આવીઊં. સન ૧૬૪૪ માં તાતારના એક સરદારે ચીન દેશ જીતી લીધું અને તેની ઓલાદ હજુર સુધી રાજ ચલાવેછે. હાલના સાહનશાહનુ નામ હીનફેંકરીનેછે અને તેની ઊમર તરીસ વરસનીછે. અને તે અગીઆર વરસ થઆં ગાદી ઊપર બેઠેછે. સન ૧૮૪૯ માં ઈંગરેજ અને ચીનાઓ વચે લડાઈ થઈ હતી તારથી ઈઊરોપ તથા ચીન વચેનો વેપાર ખુલો થએઆછે.

ચીનાઓનો જાતી સભાવ નરમ અને સુલેહ ચાનારોછે. તેઓ પોતાના માબાપને માન બીજી કોમ કરતાં વધારે આપેછે. ચીનાઓમાં જેમ અફીણના જેહરી વીઅસને મુલ ઘાલીઊંછે તેમ જુગારેબી સારી પેઠે મુલ ઘાલીઊંછે. તેઓની ગમત નાટકની તથા આતસબાજીની તથા શરીર કસરત અને હાથ ચાલાકીની છે. તેઓની આતસબાજી તથા નાટકની રમતની બરાબરી કોઈબી દેશમાં થતી નથી એમ કેહવામાં આ


વેછે. તેઓની શરીર કસરતના નમુનાનું ચીતર આ કાગજ સાથે મોકલીઉંછે.



ચીનાઓની કસરત.

ચાર માણસો પાસે પાસે ચોરસ ઊભેલાછે. તેઓની ઊપર બીજા બે માણસ ચહડી તેઓના ખભાં ઊપર ઊભાંછે. તે બે માણસના ખભાં ઊપર એક તરીજુ માણસ ઊભુંછે. તેના ખંભા ઊપર એક પગે વળી ચોથુ માણસ ઊભુંછે અને તેણે પોતાના એક હાથે પાંચમાં માણસને હવામાં અધર રાખીઉંછે. એ પ્રમાણે થોડીવાર રાખેઆ પછી તેને ફેંકી દીએછે અને તે નીચે આવીને પડેછે કે તરત આસપાસ ઊભેલા માણસો તેને ઊંચકી લીએછે. ચીનાઓ પોતાનો બોલ પાલનારા નથી અને ઘણીવાર વીશવાસઘાત કરેછે.

ચીન દેશનું મુખીઅ શેહર પીકીન કેહવાએછે. એ શેહરમો સાંહનશાહ રેહછે. એ શેહરમાં મોહલ્લાઓ મોટા અને પોહલાછે. કેટલાએક મોટા મોહલ્લાઓની પોહલાઈ ૧૪૦ થી ૨૦૦ ફુટ પોહલાઈમાંછે. તે શેહરના બાર ભાગ કરવામાં આવેઆછે અને વસતી આસરે વીસથી ત્રીસ લાખની કેહવાએછે. એ શેહરની આસપાસ ૩૦ ફુટ ઊંચી દેવાલ બાંધેલીછે—સાહનશાહના મેહલમાં જવાને રસતે ૬૦ સાઠ વારને તફાવતે બુરજ તથા દરવાજા બાંધેલાછે તથા ફરસબંધી રસતાઓછે. નાનકીનનું શેહરબી મોટું કેહવાએછે. એક વેલા એ શેહર ચીન મધે સઊથી મોટું ગણાતું હતું. તે શેહર મધે રેશમના ઘણા કારખાનાઓ હજુર ચાલેછે. એ શેહરમાં એક જાણવા જોગ ઈમારતછે. આ ચીતર જે પાડી મોકલીઉંછે તેવા આકારનો એક મોટો



નાનકીનનો મોટો મીનારો.

માટી કામનો બાંધેલો મજબુત મીનારોછે, તે આસરે બસો ફુટ ઊંચોછે અને તેના નવ માલછે. સઘળી મળીને ઊપર ચહડવાને ૮૮૪ શીરી અથવા પગથીઓછે. ઠેકાણે ઠેકાણે ઘાંટ બાંધેલાછે અને પવનના ફુંકવાથી જુદા જુદા ઘાંટનો અવાજ વારેવાર થઆ કરેછે.

ચીનમાં તકસીરવાર લોકોને ઘણી સખત સજા કરવામાં આવેછે. સાધારણ ગુનેહગારોને એક લાકડાનાં ખોડામાં તેનું માથુ અથવા હાથ ઘાલીને બાંધી રાખેછે. ને ખોડાનું વજન ૫૦ થી ૧૦૦ રતલનું હોએછે. બીચારા બંધીવાન ઊપર એટલો બોજો પડેછે કે તે પોતાને હાથે ખાઈ શકતો નથી. એવી સજા ઘણાએક મહીના સુધી ચાલેછે. બીજી સજા બાંબુનો માર મારવાનીછે. કોઈ વેલાએ આખુ ચામડુ કાહડી લીએછે; હાથ પગ ભાંજી નાખેછે અને કેટલાએક ગુનેહગારોને કરવતીથી વેહરી નાખેછે.

ચીનાઓમાં એકથી વધારે બાએડી કરવાનો રેવાજ સાધારણછે અને કોઈ માતબર ચીનો ૬ થી બાર બઈરીઓ કરી શકેછે. રંગીન ચીતાર કરવામાં ચીનાઓ એકાછે. કેટલીએક સબીઓ એવી પાડેછે કે તે જોઈને ઈઊરોપનો કોઈ નામીચો કારીગર પણ સરમાઈ જાએ. હાથીદાંત, કચકડાં, તથા લાકડુ કોતરવાની કળામાં ચીનાઓ એકાછે. કેટલી

એક નકસીદાર ગ્રેબલો એવી બનાવેઆમાં આવેછે કે તેની કીમત ૭૦૦. થી ૮૦૦ રૂપીઆંની બેસેછે.

ચીનાઓ જીવતા જનાવરોને તોલીને વેચેછે તેમાં તેઓ ઠગાઈ ઘણુ કરીને કરેછે. તોલ વધારવાને કેટલાએક પાણી પાએછે અને કેટલાએક જનાવરોને પથરા ગળાવેછે. ચીનાઓ એટલા હીચકારાછે કે તેઓ લડાઈના મેદાનમાં ઘણીવાર ટકી શકતા નથી તોપણ તેઓ જારે ભયમાં નથી હોતા તારેતો તેઓની બાહદુરીનો પાર મળે નહી !!

ચીનાઓ પોતાના મુરદાંને ઘણી ઝડપથી લઈ જાએછે. સઉથી પેહેલા ગવીઆઓ ચાલેછે તારપછી મરનારના સગાઓ ચાલેછે. તેમની પછવાડે ખુરસીના જેવી પાલખી અને સઉથી છેલુ મુરદુ. મુરદાને કોતરેલા લાકડામાં ઘાલેછે અને તેની સાથે ધરમ ઊપદેશકોનું ટોળુ ચાલેછે. મરનારના સગાઓ પોતાના માથા ઊપર અથવા હાથ ઊપર સફેત કપડુ વીટાલેછે. સફેત કપડું ચીનાઓમાં સોગની નીશાણી ગણાએછે. સોગ વગરના લોકો કાળા અથવા આસમાની રંગના કપડાં પેહરેછે. બાદશાહી કુટંબ પીલાં કપડાં પેહરેછે. પીલાં કપડાં બીજા લોકો પેહરી શકે નહી.

• ચીનાઓ કુદરતી ઝાડને હોનરની સોભા આપેછે. નાજુક ઝાડોને મરડીને માછલી તથા પંખેરા; તથા વાહણ તથા દેહરાનો આકાર આપેછે. માછલીની આંખો બનાવવી હોએછે તારે તેમાં આઘરાં પાડી ઈંડા ખોસેછે અને ઈંડાંની વચે કાલો ડાગ પાડેછે જે આંખની કીકી જેવો દેખાએ. ચીનાઓ પતંગ ઊડાવવાનો શોક સારો પેઠે રાખેછે અને નાહના બાલકોથી મોટા આદમીઓ પતંગ ઊડાવવા મંડેછે.

હાલ આટલું લખીને હું મારો તરીજો પતર પુરો કરૂછું. એ મધેની કેટલીએક બીના મેલવવાને મને બહુ મેહનત પડીછે તથા કેટલીએક મુસાફરીની ચોપડી વાંચવી પડીછે માટે આ તથા મારા બીજા કાગજો સંભાલીને રાખજો. તમારા વરને તથા છોકરાઓને મારી વટી બોલાવજો અને આ મારો તરીજો કાગજ તેમને વાંચી સંભલાવજો.

હું છું તમારો
પેઆરો ભાઈ.

## માછલીનું વજન—ફીલસુફોની મારામારી.

ઈઊરોપખંડના કેટલાએક ફીલસુફો એકઠા થએઆ. તેઓ કેટલીએક બાબદો વીશે તકરાર કરવા લાગા. તે તકરારનું સેવટ કંઈબી રીતે આવે નહી. હરએક બાબદનું કોઈ એક કારણ બતાવે અને બીજો બીજુ કારણ બતાવે. તેઓ મધે એક ફીલસુફ ઘણો ગંભીર હતો અને પોતે તકરાર કરવાને બદલે સંઘળી તકરાર ગંભીરપણે સાંભલતો હતો. તેણે જોઈઊં કે આ સઘળા ફીલસુફો જે તકરાર કરેછે તે નકામીછે. તેથી તે ધીરજથી આસતે રહીને બોલેઓકે મારા એક સવાલનો તમે જવાબ આપોતો તમારી તકરારનો છેડો જલદીથી આવશે. સઘળાઓ એક મત થઈને સાંભલવા લાગા.

તે ચંચલ અને ગંભીર ફીલસુફ બોલેઓ કે પાણીમાં માછલી નાખેઆથી પાણીનું વજન વધતું નથી તેનું કારણશું? એક મોટા ટંબલરને પાણી શુધાં તોલી જોઓઊં અને તેમાં પછી માછલી નાખીતો તેનું વજન તેનું તેજ રહેઊં તેનું કારણ તમો મને જણાવો એટલે તમારી તકરારનો જલદીથી છેડો આવી જશે.

સઘળા ફીલસુફોએ પોતાની ફીલસુફી અજમાવવા માંડી. કોઈએ એક કારણ બતાવીઊં અને બીજાએ બીજું. કોઈ ગુરતવ આકરશણ શકતીનો વીચાર કરવા લાગીઊં અને કોઈ માછીની દમ લેવાની શકતી તથા દમ ઊંચો રાખવાની શકતી વીશે વીચાર કરવા લાગીઊં. જુદા જુદા ફીલસુફોએ જુદા જુદા કારણ બતાવવા માંડેઆ અને કોણનું કારણ ખરૂછે તે વીશે ભારે જોસથી એક બીજા સાથે તકરાર કરવા લાગા. સેવટે તે તકરાર એટલી વધી કે દરએક ફીલસુફનો મીજાજ જવા લાગો. એકે કહીઊં કે મારૂ કારણ વાજબીછે અને બીજાએ પોતાનું કારણ વાજબી જણાવીઊં.

એ તકરારની મારામારી એક બે કલાક થએઆ પછી પેલા ગંભીર ફીલસુફે જણાવીઊં કે તમોએ એટલો બધો વખત જે તકરાર કીધી તે તદન નકામી કીધી. પાણીમાં માછલી નાખીને તોલી જોએઆથી પાણીનું વજન વધતું નથી એ વાત તમોએ કબુલ રાખીને તેનું કારણ શોધવા પછવાડે તમો લાગી ગએઆ.

પણ તમોએ પેહલાં ખાતરી કરવી જોઈતી હતી કે પાણીમાં માછલી નાખેઆથી પાણીનું વજન વધતું નથી એ વાત સાચીછે કે ખોટી. અગર ખોટી હોએતો તે વીશે તકરાર કરવાનું કાંઈ છેજ નહી. પણ તે ખોટીછે કે ખરી એ વાત તમોએ પરથમ સાબેત કીધા વગર તમો તકરાર કરવા લાગા. પાંણીમાંણી વજનછે તેમ માછલીમાંણી થોડુ ઘણુ વજનછે. તારે તે વજન પાણીમાં નાખેઆથી પાણીનું વજન કેમ વધેઆ વગર રેહે? કદી વધેઆ વગર રેહજ નહી. પણ તમોએ મારા ઊપર વીશવાસ રાખીને મારી વાત કબુલ કીધી અને મેં જાણે એ પરમાણેની અજમાએશ કીધી હશે તેમ તમોએ જાણીઊં. પાણીમાં માછલીનું વજન થતું નથી એ વાત તમામ ખોટીછે. તેજ પરમાણે તમો હાલ જે બીજી તકરારો કરોછો અને તમારી તરફના કારણો બતાવોછો તે કારણ બતાવેઆની અગાઊ તમારી ખાતરી કરી લેઓ કે જેનું તમો કારણ સોધોછો તે ચીજ ખરીછે કે ખોટી. સઘળા ફીલસુફોની આંખ ઊઘડી. તેઓએ પોતાની ચુક તરત કબુલ કીધી અને હરએક ચીજનું કારણ શોધેઆની અગાઊ તે ચીજ ખરીછે ઈઆ ખોટી અથવા તેને લગતી શું શું બીનાઓછે તે વીશે હવે પછી ખાતરી કરવાનો ઠરાવ કીધો.

આ વાત ઊપરથી તથા ફીલસુફોની તકરારની મારામારી ઊપરથી આપણ સઘળાઓને ઘણી અગતની શીખામણ મલેછે. કેટલાએક માણસોમાં ખોટી ગપ અને મનની કલપનાથી ગોઠવીને હરએક વાત કરવાની ટેવ પડી ગઈછે. કોઈ પોતાની વાત ખરી કરાવવાને કેટલીએક વાતમાં પોતાની ગાંઠના જોઈએ તેટલા ટકા ઊમેરી નાખેછે. ભુત તથા જાદુની તકરાર કરનાર કેટલીએક ઘણીજ ચમતકારી વાતો કરેછે અને જણાવેછે કે તેને અથવા તેના વીસવાસુ મીતરે નજરે નજર દીઠીછે. તેનું કારણ શું તે દેખાડો. હવે તેનું કારણ શોધવાને માથું દુખવેઆની અગાઊ ખાતરી કરી લેવી જોઈએ કે એ બીના બને તેવીછે કે ફકત કલપીત અથવા જોડી કાહાડેલીછે. એવી ખાતરી કરેઆ વગર કેટલાએક તકરાર કરનારાઓ કારણ બતાવવાની તજવીજ કરેછે અને જારે મનમાનતું કારણ બતાવી શકતા નથી તારે આસપાસના તકરાર સાંભલનાર લોકોને ભુત જાદું વીશે શક ઊતપન થાએછે. પણ એવા ગપીદાસો ભુત જાદુની ગપો મારે તેની અગાઊ તેમના બોલવા ઊપર કેટલો વીશવાસ રાખી શકાએછે તેનો સારી પેઠે વીચાર કરવો જોઈએ અને પોતાની નજરે જોઈને ખાતરી કીધા વગર તે વાત કબુલ રાખવાને આંચકો ખાવો જોઈએ.

## કરશો તેવું જોસો.

વાંચનાર પેઆરી બાનુઓ, ઊપલું મથાળું જો કે ઘણું ટુંકું ને નજીવું જેવું લાગેછે, તોપણ એ ઊપર તમામ માણસ જાતનો આધાર રહેલોછે, માટે એ નાહાનાં વાકીઅ વીશે ઘણા નચીંત રેહેવું નહી. અગર જો હરેક કામ કરતી વેળા માણસો એટલુંજ વાકીઅ મનમાં રાખી પછે તે કામ ઊપર મંડતાં હોએતો ખાતરીથી જણાવીએ છીએ કે કેટલીક વેળાએ માણસો ઊપર જે મુસીબતો આવી પડેછે, ને જેમાથી તેઓ એકાએક નીકળી શકાતા નથી, તેવી કોઈ મુસીબતો તેમના ઊપર કધી પણ આવી પડે નહી. કેટલાકો પારકાનું નુકશાન કરી તેથી પોતાનું હીત કરી લેવાની કોશેસો કરેછે, અને જે કોશેસોમાં કેટલીક વાર તેઓ ફાવી પણ જાએછે. એટલું છતાં આટલુંતો ચોખસ થઈ ચુકુંછે કે કડવું વાવીને મીઠાં ફળોની આશા રાખી શકાતી નથી. કેટલાક સંજોગ અને બનાવોથી જોપણ એવું બનેછે કે કડવાં વાવનારા તેમના પોતાના વીચાર પરમાણે મીઠાં ફળો ચાખેછે તોપણ તે ખરેખરાં મીઠાં ને અમરૂત ફળોનો સવાદ નથી લેતા. એક બારગી આ બે દાહાડાની ફાની દુનીઆમાં એવાં કરમ કરનાર ફાવી જાએ તોબી શું થયું? અંતે એક દીવસ એવો તો આવનારછે કે જે દીવસે સઘલું સુરજનાં કીરણોની મીશાલે ઊગાડું થવાનું, અને જે દીવસે એવાં કડવાં વાવી મીઠાં ફલો ચાખવાની આશા રાખનારાંઓથી એક શબદ પણ બોલી શકાવાનો નથી, કે નથી તેમનાથી કંઈ રીતે ઊલટ પુલટ થઈ શકવાનું. માટે માણસોને તો પોતાના ચાલતાં ચલણમાં એટલુંજ કરવું સંભાળવારછે કે જેટલી થાએ એટલી ભલાઈ કરી લેવી, આવતી કાલતો શું પણ જે ઘડી જાએછે તે ઘડીનો કોઈને ભરૂસો નથી.

વલી બીજા હાત ઊપર જેમ કેટલાકો માનેછે


તેમ "ખુદાની લાકડીનો કાંઈ અવાજ નથી;" ઘણીવાર
એવું પણ જોવામાં આવીઉં છે કે જેઓએ પારકાને
મારે કડવું વાવીઉં છે તેમને પોતાનેજ તેનાં કડવાં ફ
લો ચાખવાં પડીઆંછે. ઘણીવાર એવું જોવામાં આ
વીઉં છે કે પારકાનો ઘાટ ઘડનારનો પોતાનોજ ઘાટ
ઘડાઈ ગએઓછે. ઘણીવાર એવું જોવામાં આવીઉં
છે કે જેઓએ પારકાંનાં ગલાં ફાંસવાને ફાંસા તઈઆ
ર કરીઆછે તેમનાં-પોતાંનાંજ ગલાંમાં તે ફાંસા ઓર
વાએઆછે. ઘણીવાર એવું જોવામાં આવીઉં છે
કે બીજાને ખાડામાં નાખવાને જેઓએ ખાડા ખોદી
આછે અથવા ખોદાવીઆછે તેઓજ અંતે તે ખાડામાં
પડીઆછે. એટલું છતાં ખરેખર અફસોસ કરવા જેવું
છે કે કેટલાંક માણસો રાત દીવસ એવાં કાવતરાં અને
ઉથલ પાથલ કરવાની ખટપટમાં રોકાએલાં રેહેછે.
"કેઆંરે ફલાનો બીલુ હાત લાગે અને તેને આવી રીતે
ઠેકાણે કરી નાખીએ, અને કીઆરે ફલાની વાત બની
જાએ કે આપણે ફલાણી તાલ લગાડીએ." એવા ત
હરેવાર વીચાર, અંદેશા અને કલપનાઓમાં કેટલાકો
એવાતો મશગુલ થએલા રેહેછે કે તેમની દીવસની ભુ
ખ ને રાતની ઊંઘ પણ ઊડી જાએછે.

ઉપલી બીના ધીઆનથી તપાસીઆથી એક
કુદરતી સવાલ એ થાએછે કે માણસો એવાં કરમ શા
મારે કરેછે વારૂ ? જારે એવી રીતે વરતીઆથી સઘ
લીજ રીતે ગેરફાએદાછે તારે એવી રીતે વરતવા
ની મતલબ શી ? તો એનો સેહેલો જવાબ એટલોજ
મલેછે કે આ બે દાહાડાની ફાની દુનીઆમાં માણસો અમ
ન ચમન શોધેછે, પેલી અને જાવેદાન સુધીનાં સુખની દુ
નીઆની તેઓ કશી દરકાર રાખતાં નથી અથવા તો તે
મને તેવી દુનીઆ વીશે કશો વીચાર નથી. માણસ જે
હાલે આ દુનીઆમાં અવતરીઉં છે તેજ હાલે તે આ દુની
આ છોડી કુચ કરી જનારછે, એટલોજ વીચાર માણસોને
મ મારગે ચલાવવાની ઊલટ આપવાને બસછે. રંજ અ
ને શકતીથી ખરો પસીનો ઊતારી મેલવેલું માણસથી
પોતાની સાથ જારે લઈ જવાતું નથી તારે આવી રી
તે હરામથી અને પાંચ સાતનાં ગલાં ફાંસી મેલવેલું તે
શું કામ આવવાનું ? એ તેને કોઈ રીતે કામ આવ
ર નથી એટલુંજ નહી પણ તેનું એવી ગેરવાજબી
રીતે મેલવેલું સઘલું ધુલ મલી જાએછે. એવાં હરામ
મેલવેલાં ઊપર પરમેશ્વરનો આશીરવાદ ઊતરતો
નથી અને તેથી કરીને નથી તે મેલવનાર તેનું ખરૂં
સુખ ભોગવતો કે નથી તે મેલવેલાંનો ખરી રીતે ઊપ
ઓગ થતો. હરામનું મેલવેલું હરાંમમાં ને કમારગે
નું મેલવેલું કમારગે ફના અને બારેવાર થાએછે.

## ઓરતોની મીજલસ—ભાશણ પાંચમું.

પાંચમી મીજલસ ગુલબાઈની વાડીમાંજ મલી
હતી અને તે વેલાએ અગાઉની ઘણી ખરી બાઈઓ
એકઠી થઈ હતી. ડાકટરે જણાવીઉં કે આપણા ઠરા
વ મુજબ આજનું તમામ ભાશણ વીજલી અને તેને
લગતી કેટલીએક રમુજી અને જાણવા જોગ વાત વીશે
ચલાવશું. વીજલીની વીદેઆ નવીછે અને એ વીદે
આમાં સાઠ વરસની મુદતમાં એટલો વધારો થઈ પડે
ઓછે કે તેની અગાઉ કોઈને ખબરબી નહી હતી કે
એ વીદેઆ એટલી બધી ઊપીઓગી થઈ પડશે. કેર
બો નામની જે ચીજ થાએછે તે ઘસેઆથી તેમાં એવો
ગુણ આવેછે કે હલકી ચીજોને પોતાની તરફ ખેંચેછે
એ વીશે ચોવીસો વરસની વાત ઊપર ઈઊનાન લો
ક જાણીતા હતા. પણ એ વીજલીછે અને સાંચાની
મદદથી વીજલી પેદા થઈ શકેછે અને આકાશની વીજ
લી અને સાંચાની વીજલી એકજ વસતુછે એ વીશે
સતરમાં સેંકડાની શરૂઆત સુધી કોઈબી ફીલસુફનું ધી
આન લાગીઉં નહી હતું. સતરમાં સેંકડાની શરૂઆ
તમાં એ વીદેઆનો પાઓ ગીલબસ નામના ઈંગરે
જી તબીબે નાખેઓ તે ઊપરથી તે ગહરસથને "વી
જલીનો પીતા" એવું નામ આપવામાં આવીઉં છે.

તારપછી એ વીદેઆમાં નવો સોધ અને વધા
રો થતો ગએઓ; અને સાધારણ કામમાં એ વીદેઆ
નો ઊપીઓગ આવતો ગએઓ. કાચના સાંચાથી જે વી
જલી ઊતપન થતી હતી તે એકઠી કરવા પછવાડે.વી
દવાનોનું મન લાગીઉં અને તેઓએ "લેડન જાર"
નામની એક બાટલી બના



વવાની હીકમત શોધી કાહ
ડી. એ બાટલી બીલોર કા
મની હોએછે. તેમાં અર
ધી બાટલી સુધી અંદરથી
તથા બાહારથી કલાઈના
પતરાં સરસ વતી વલગાવે

લા હોએછે. તેના મોહડા ઊપર લાકડાનો બંધ બેસ તો દાટો હોએછે. તેની અંદરથી પીતલની સલી છેક તલીએ સુધી ઊતારી લીધી હોએછે અને તેના છેડા ઊપર પીતલનો ગોલ દડો હોએછે. તમને દેખાડવા હું લેડનજાર લાવેઓછું. એ બાટલીમાં વીજલી એ કઠી કરીને આપણા એક હાથમાં લીધી હોએ અને બીજા હાથનો આંગુઠો ગોલ દડાને અરકાડેઓ હોએ તો તરત આંચકો આવશે. એ બાટલીનું નામ લેડને




જાર એટલા ઊપરથી પડીઊં કે તેની શોધ પરથમ લેડન શેહરમાં થઈ હતી. એવી આ ઠ ઈઆ દસ લેડનજાર એકઠી કીધાથી તેમાં એટલુંતો જોર પેદા થાએછે કે તેથી લોહડાનો તાર આ તસના જેવો લાલ ચોલ થઈ આવેછે. સુના રૂપાના તાર એથી તરત પીગલી જાએછે. માણસને એ આંચ કો આપેઓ હોએતો તેનો પરાણ નીકલી જાએછે.

ડાકટર ફ્રાંકલીન નામનો નામીચો વીદવાન થઈ ગએઓ તેની અગાઊ કોઈને માલુમ નહી હતું કે સાંચાની વીજલી અને આકાશની વીજલી એ બેહુ એ કજ વસતુછે. એ શખસ જાતે ઘણો ગરીબ હતો અ ને અમેરીકા મધે ફીલાદેલફીઆ સેહરમાં રેહતો હતો. તેણે પોતાના પતંગથી આકાશની વીજલીની તપાસ કરવાનો વીચાર કીધો. "એ કારણ માટે તેણે પોતા ના રેશમી રૂમાલને વચમાં બે લાકડીઓ ગોઠવીને એ ક પતંગ બનાવેઓ: તે પતંગ ચકાવવાને સણની દો રી લીધી અને એક જંગલમાં ગએઓ. તે જાણતો હતો કે જો તે ફતે નહી થશેતો લોકોમાં હાંશી થશે તે થી તેણે પોતાની સાથે પોતાના છોકરા શીવાએ કોઈને રાખેઓ નહી. પછી બાપ દીકરાએ મળીને પેલો પ તંગ ઊડાવેઓ અને જારે તે આસમાન ઊપર સારી પેઠે લેહરથી ચહડેઓ તારે તે પતંગની દોર સાથે કુ ચી લટકાવીને તાંહાં ઊભો રહેઓ. ઘણીવાર સુધી કાં ઈ અસર જણાઈ નહી. તે નાઊમેદ થતો હતો એટલા માં તેની નજરે એક મોટું વાદલ વીજલીથી ભરપુર આવતું જણાએઊં. વળી તે વખતે એક વરસાદનું ઝા પટું આવીઊં તેથી પેલી સણની દોરી ભીનાઈ. એ વો અકસમાત બનાવથી વીજલી તે દોરીમાં પસાર થઈ એવું માલુમ પડીઊં સાથીજે એ દોરીના રૂવાંટાં ઊભાં થવાં લાગાં. એ બનાવ ફરાંકલીનની નજરે પ ડતાંજ તેણે કુચી આગલ પોતાની આંગલી મુકી કે ત રત તેમાંથી વીજલીની ચીણગારીઓ દીઠામાં આવી." તે જોઈને તેને જે આનંદ ઊપજેઓ તેનું વરણન કોઈ બી કલમથી થઈ શકનાર નથી. તેણે એ વીજલી એ કઠી કીધી અને તપાસી જોતાં માલુમ પડીઊં કે આ કાસની વીજલી અને સાંચાની વીજલી એકજ જાત ના ગુણ ધરાવેછે. આ ઠેકાણે જણાવવું જોઈએકે ફરાં કલીનના પતંગની દોરી જરા વધારે ભીની થઈ હોત અથવા કુંચી બાંધેલી નહી હોતતો ખચીત તેનો જીવ કબજ થાત.

"રૂશીઆના મુલકનો રીચમાન નામે માહ વી દવાને એવીજ અજમાએસ પછવાડે પોતાનું ચીત દો ડાવી એક ઈઅંતર ઊભું કીધું અને તે ઈઅંતરથી આકાશની વીજલી નીચે લાવી તે તપાસ કરવાને આરંભ કીધો હતો. એ સાંચો ઘણોજ સાદો હતો. એક ઊંચો થામલો પોતાના ઘરની ભીતના મથાલાં ઊપર ઊભો કરી તેનો સંબંધ એક ધાતુના તાર સાથે રાખી તે તાર જમીનમાં ઊતારેઓ હતો અને તેના છેડા ઊપર એક ગોળો ટાંગેલો હતો. એક દીવસે એ શખસ તથા તેનો દોસત તે ઓરડામાં વાતો કરતા ઊ ભા હતા એટલામાં એવું બનીઊં કે તારના મથાલાં ઊ પરથી એક વીજલીથી ભરેલું મોટું વાદલું પસાર થતાં જ પેલા ગોલાની અંદર એકદમ એટલોતો મોટો ભભ કો નીકળેઓ કે તે ભભકો પેલો રીચમાન જે એક ફુટ ને અંતરે ઊભો હતો તેના મગજમાં પેસીને જમીન માં પગને રસતે દાખલ થએઓ હતો. તેથી તેના પગને તલીએ કાલો ડાગ પડી રહેઓ અને તેના બુટના ચી રે ચીરા થઈ ગએઆ. એ હોનારત બની તેવારે તે જગોએ ધુમાડો ભરાઈ ગએઓ અને પીસતોલના જે વો એક મોટો અવાજ અથવા ભડાકો થએઓ હતો. રીચમનનો દોસત તો એવો ઘબરાઈ ગએઓ અને ધુ વાડાથી આંધલો થઈ ગએઓ કે તેને કાંઈ સુજીઊં ન હી અને શું બનીઊં તેબી તેના જોવામાં આવીઊં નહી."

આ ચાલુ સઈકાની શરૂઆતમાં વોલટા નામના શીકસા ગુરૂના સાંભલવામાં એવી એક વાત આવી કે જસત અને શીસુ અથવા જસત અને રૂપુ એવી બે

ધાતુઓના બે કટકા લઈને તેમાનો એક કટકો જીભ ના ટેરવાની ઊપલી અને નીચલી બાજુએ રાખી તે બંનેનો સંબંધ બાહારથી કીધો હોએતો તેથી ખટાસ લાગીને જીભને જરા આચકો લાગેછે. તે ઊપરથી તપાસ કરતાં તથા લાંબી નજર પોહચાડતાં એ ધણીએ એક નવુંજ ઈઅંતર શોધી કાહાડીશું. એ ઈઅંતર હું તમને દેખાડવા



માટે લાવેઓછું. ચાર કાચના વાશણોછે. એથી વધારેબી હોએ અથવા ઓછાબી હોએતો ચાલે પણ તે પરમાણે તેનું જોર વધતું ઓછું થાએછે. એક એક વાશણમાં બબે તરાહાના પતરાંછે. જમણી તરફ રૂપાનું અને ડાબી તરફ જસતનું, આ વાસણોમાં ગંધકના તેજાબનું પાંણી ભરેલુંછે. એક વાસણનું પતરૂ બીજા વાશણના પતરાં સાથે તારથી જોડીશુંછે. તે એવી રીતે કે એક પતરૂ રૂપાનુંતો બીજુ જસદનું. પેહલા અને છેલા સાથે તાર જોડીને તે તાર છુટા રાખેઆછે. તે તારને સાથે જોડઆથી એક તારની વીજલી બીજા તારમાં જાએછે. વીજલીની મદદથી સોના રૂપાનો ઘોર ચહડાવવામાં આવેછે તથા વીજલીની મદદથી હજારો માઈલની ખબર થોડી મીનીટમાં આવેછે તારે વીજલીનો આ સાંચો કામે લગાડવામાં આવેછે. વીજલીથી સોના રૂપાનો ઘોર કેમ ચહડાવેછે તથા વીજલીથી હજારો માઈલની ખબર થોડા વખતમાં કેમ આવેછે તે સાંચાઓ લાવીને તમને હું આવતી વખત દેખાડીશ. તે જોઈને તમો ઘણાજ ખુશી થશો એવી મારી ખાતરીછે. એટલું કહીને ડાકટરે પોતાનું ભાશણ પુરૂ કીધું.

---

## જરૂર કરતાં વધારે મુદત શુધી બચાંને ધવાડીઆથી માતા તથા બાલકને થતું નુકસાન.

આગલ શરૂઆતમાજ જણાવીશુંછે કે ધવાડીઆથી માતાની સુખાકારી વધેછે પણ કેટલીએકવાર માતા જેવારે બચાંને વધારે દીવશ ધવાડેછે અથવા પોતે નબલી અને કમજોર હોએ તેવારે તેને શુખને બદલે દુખ થાએછે. ઘણી તંદરૂસત ઓરતો ઘરવાર થવાની ધાસતી રાખી બચાંને વધારે દાહાડા ધવાડેછે અથવા તેઓ હેવું શમજેછે કે વધારે દાહડા દુધ પીધાથી બચું જોરાવર થશે; પણ તેમ કરવાથી પોતાની તંદરૂસતીનો જે ભોગ આપવો પડેછે તેનો તેમને ખીઆલ રેહતો નથી. નબલી માતા જેને ઊપરાસાપર બે તરણ છોકરાં થીઆં હોએછે તે જોકે થોડા દીવશજ બચાંને ધવાડેછે તોપણ તેને એજ પરમાંણે નુકસાંન થાએ. આ જાતનું ધવાડીઆથી બદનને જે નુકસાંન થાએછે તે વીશે શઘલી માતાઓએ જાણવું જોઈએછે અને તેમ માલમ પડેતો વગર ઢીલ કરવે ડાકટરની તુરત શલા લેવી.

આ પરકારે માઠી અશર નીચે લખેલી નીશાંનોથી તેનામાં માલમ પડશે. પેહલાંતો બચાંને ધવાડતી વેલા તેની કમરમાં દરદ થાએછે અને પછી થાક ચહડી આવી પેટ જાંણે દબાઈને બરડાને લાગે તેમ થાએછે. તેની ભુખ ઘટેછે, પેટ કબજ રેહેછે અને છાતી તથા બાજુમાં દરદ થાએછે, માંથું દુખેછે, ચકર આવેછે અને કાંનમા ડસારાં બોલેછે. હઈડાંનો ધપકારો થાએછે અને છાતી બેશી જાએછે. આ સઘળી નબલાઈની નીશાંનોછે પણ એ કરતાબી વધારે નબલાઈ થઈતો તેનો ચેહરો જરદ અને ફીકો મારેછે, હાડમાથી માશ ઘટેછે, રાતને વખત પશીને તરબોર થઈ જાએછે અને તેના હાથ પગ શુજી આવેછે, અને તેની નજરે બરાબર દીશતું નથી. હેવી હાલત તે ઓરતની દવા દારૂ કરવાથી અને હવા ફેર કરવાથી તેને ફેર પડી શકેછે પણ છોકરાંને છોડવીશુંતો તેની આ મોટી નાકુવતીનું કારણ હટી જાએછે અને તેને સારૂં થવાને ઘણો વીલંબ લાગતો નથી.

એ પરમાણે માતા દુખી થાએછે એટલુંજ નહી પણ બચાંને સારૂ બીજી દાઈ ન રાખવાથી તે બાલકને વધારે નુકસાંન થાએછે. અશલનો જે તેનો તંદરૂસત અને ખીલેલો ચેહરો અને બદન હતાં તેની જગાપર તવાઈ ગએલો, દુબલો અને જરદ થએલો લાગેછે અને તેના પેટમાંથી ખરાબ વાશ નીકલેછે અને ચેહરો કદરબીહાંમણો લાગેછે. એટલું બધું નુકસાંન ન થીશું અને જો જીવીશુંતો તેને ખહી તથા ખહીને લગતા મરજો લાગુ પડેછે. આ સઘળી આફતો દાઈ જલદી ન રાખવાથી આવી પડેછે.

હવે- મામલો જોઈ કોઈ પણ સવાલ કરશે કે કેટલા માસ સુધી બચાંને માતાએ ધવાડવું જોઈએ ? એ શવાલનો ચોકશ જવાબ અપાએ નહી. પણ આ ટલુંતો આપણ ખાતરીથી કહી શકીએ કે ૧૨ થીતે ૧૮ માસ ઊપરાંત કોઈ પણ માતા ધવાડવાનું ચાલુ રાખીઆથી પોતાને હરકત કરીઆ વીના રેહ નહી અને ઘણી માતાઓને નબલાઈના સબબથી ૩ થી ૧૨ માશની વએનું બચું થતાંમાજ ધવાડવાનું છોડવું પડેછે.

છોકરૂં ૧૨ થીતે ૧૪ માશનું થાએછે તેવારે માતાને નવેશરથી દસતાંન શરૂ થાએછે, તેથી તેનું દુધ ઓછું થાએછે અને બચું ધરાતું નથી તે વેલા જરૂર તેને છોડવવું જોઈએ.

### બચાંને છોડવવા વીશે.

કેટલા માશનુ બાળક થાએ ને તેને છોડવવું તે વીશે આપણે કાંઈ ચોકશ મુદત બાંધી શકતા નથી. ઘણીવાર માએ નબલી હોવાથી બચાંને માતર ૬ મહીનાજ ધવાડીને તેને છોડવવું પડેછે. વળી જે બાલક મુરદાલ અને કમ કુવત હોએછે તેને બાર માશ કરતાં વધારેવાર ધવાડવાની જરૂર પડેછે. પણ જો માતા અને બાળકની સુખાકારી ચાલુ હોએતો નવ માશ સુધી અને એક વરશની ઊપરાંત બચાંને ધવાડવું નહી. બીજું માતા અને બાળક જોરાવર હોએ, બચાંના દાંત ફુટીઆં હોએ અને તે હાથનો પકાવેલો થોડો ખોરાક ખાતુ હોએતો તે નવ માશનું હોએ તોપણ તેને શુખેથી છોડવવું. પણ માતા કુવતમંદ હોએ અને બચું કમજોર હોએ, દાંત નહી ફુટીઆ હોએ અને શીઆળાની થંડી રૂત હોએતો બેલાશક તેને બીજા થોડા માશ શુધી ધવાડવું. બચાંને દાંત નહી ફુટેલા હોએ તો શમજવું કે માતાના થાંનમાના ખોરાક શીવાએ બીજો કાંઈપણ ખોરાક ખાવાને લાએકનું તે થીઉં નથી. દાંત ફુટીઆ પછી તરતજ તેને છોડવીઆથી તેના પેટ છુટી જાએછે અને હાથ પગે તાંન થાએછે.તેથી દાંત બરાબર નીકળી રેહાબાદ તેને છોડવવું. વળી જે બચાંની માતાને ખહીની કસર લાગુ હોએ અને તેને ધવાડવા માટે બીજી જોરાવર દુધેલ દાઈ મળી હોએતો તેને પણ જલદીથી છોડવવું નહી.

**બચાંને છોડવવાની રીત**—ધાવણ છોડવવાનુ કામ આસતે આસતે આરંભવું જોઈએ. ઘણા બચાંઓ છ માશના થાએછે તેવારે દીવશમાં બે વાર હાથે પકાવેલો ખોરાક ખાએછે એથી તેને છોડવવાની શરૂઆત થાએછે અને આગલ જતાં એ કામ સેહલું થઈ પડેછે. પણ આ ટુક ઊમરમાં તેને કહેવો અને કેટલો ખોરાક આપવો તે વીશે સંભાલ રાખવી જરૂરછે. ઘણો ખોરાક આપીઓતો માલપર બોજો પડેછે અને પાચન શકતી ઓછી થાએછે અને તેથી તેના હાથ પગે તાંન થઈ તે જો મરણ નથી. પાંમતુંતો તેને આરો થાએછે અને તેનું બદન તવાઈ જાએછે. આ ઊમરમા કેહવો ખોરાક આપવો તે વીશે હવે પછી જણાવવામાં આવસે. આ ઊમરમા તેને હવામા ફેરવીઆથી તેનું આંગ અને તેમા વીશેશ કરી તેની પાચન શકતીના અવઅવોમાં કુવત આવેછે અને તેથી તેના ખોરાકમાં જે ફેરફાર થાએછે તેથી તેને ખમવું પડતું નથી.

દુધ બંધ કરવા સારૂ સાબુનું તેલ (સોપલીનીમેંટ) તથા કપુરનું તેલ અને અફીણના અરખની ભેલવણી ફ્લાનલ અથવા બીજાં કોઈ કપડાંથી થાંનોને લગાડવી અને દર ચાર પાંચ કળાકને અંતરે પાંચ દશ મીનીટ શુધી દાબીને થાંનોમા જે દુધ ભરાઈ રહેલું હોએ તે કાહડી નાખવું અને તેપર સુમરેંહ તેલ લગાડવું. જો ઊપલી મેળવણીથી આગ વધારે બળેતો ફકત એકલુ સાબુનું તેલ ચોપડવું. બે તરણ પેટ આવે તેવો એક હલકો જોલાબ લેવો. ખોરાક સંઘીન ખાવો અને પાંણી બને તેમ થોડું પીવું અને જો ઘણી તરશ લાગતી હોએતો મીઠી દરાખ અથવા લીબુથી તે મટાડવી. જે ઓરતોથી છોડવવાની તજવીજ બરાબર થઈ નહી શકે તેઓએ ડાકટરની સળાહ લેવી.

| શેહેર. | દશા. | માઇલ. |
| --- | --- | --- |
| કલકતા | ઉતર પુરવ | ૧૧૮૫ |
| કાબુલ | ઉતર | ૧૭૦૦ |
| કાશમીર | ઉતર | ૧૨૫૦ |
| કરાંચી | ઉતર પશચમ | ૮૩૩ |
| ખંભાત | ઉતર પશચમ | ૨૫૦ |
| ખેડા | ઉતર પશચમ | ૩૩૪ |
| ગ્વાલીઅર | ઉતર | ૬૮૦ |
| ગોવા | દખણ | ૩૧૮ |
| ગાલી | દખણ | ૧૨૭૭ |
| જેપોર | ઉતર | ૬૯૬ |
| જગનનાથ | ઉતર પુરવ | ૧૧૦૨ |
| નાગપોર | ઉતર પુરવ | ૮૮૫ |
| નાસક | ઉતર | ૧૧૧ |
| નીપાલ | ઉતર પુરવ | ૧૨૧૫ |
| પટના | ઉતર પુરવ | ૧૦૬૫ |
| પુના | દખણ | ૯૦ |
| બનારસ | ઉતર પુરવ | ૯૨૭ |
| ભુજ | ઉતર પશચમ | ૫૮૭ |
| મધરાજ | દખણ પુરવ | ૭૬૩ |
| મુલતાન | ઉતર | ૮૯૫ |
| આગરા | ઉતર પુરવ | ૭૫૫ |
| અમદાવાદ | ઉતર | ૩૫૪ |
| અજમેર | ઉતર પુરવ | ૬૭૭ |
| રાજકોટ | ઉતર પશચમ | ૪૫૮ |
| લાહોર | ઉતર | ૧૧૩૦ |
| સુરત | ઉતર | ૧૯૧ |

## ઘટારત કરવા વીશે છપા.

કર સંગત અતી ઉંચ, કરો સદગુણની સેવા
કર કીરતોનો લોભ, કરો કારજ જસ લેવા.
કર પરમારથ કામ, કરો પુજન પરબરમે
કર વીદઆલીઆસ, ધેઆન કરજે કુલ ધરમે.
વલી કર ઉદમ ડર પાપથી, કર સબુધી સુમસથમાં
સામલ કહેછે કર સફલ જાવ, હરી હીરો લઇ હાથમાં.

## પ્રભુના પ્રેમની ગરબી.

"સોના કેરૂં મારૂં બેડલું મોહન વેણ વગાડે"

એ રાગનીછે.

જગતની રચના જેણે રચી, પ્રભુ મને પ્રાણથી પ્યારો
હો બેહેન મોટો જેનો મહીમાય, પ્રભુ મને પ્રાણથી પ્યારો.
દેવ બધા તેના દાસછે, પ્રભુ મને૦
હો બેહેન રાજ રાજેશર રાય, પ્રભુ મને૦ ૧

પ્રથવી પાણી ઝાડ પરવતો, પ્રભુ મને૦
હો બેહેન સોમ સુરજ સરજનાર, પ્રભુ મને૦
એવી લીલા એની અદભુત, પ્રભુ મને૦
હો બેહેન કોટી ભુવન કરતાર, પ્રભુ મને૦ ૨

અગણીત આપણને પણ, પ્રભુ મને૦
હો બેહેન એણે કીધા ઉપકાર, પ્રભુ મને૦
દીન દયાળ ઉદારછે, પ્રભુ મને૦
હો બેહેન નોધારાં આધાર, પ્રભુ મને૦ ૩

આંખો અમુલ્ય એણે દીધી, પ્રભુ મને૦
હો બેહેન કીધા સાંભળવા કાન, પ્રભુ મને૦
હાથ ને પગ દીધા હેતથી, પ્રભુ મને૦
હો બેહેન દીધુંછે જીવતદાન, પ્રભુ મને૦ ૪

બીજા પ્રાણીને બખશી નથી, પ્રભુ મને૦
હો બેહેન બુધી દીધી એવી બેશ, પ્રભુ મને૦.
સંભાળ રાખેછે સરવની, પ્રભુ મને૦
હો બેહેન હરીવર એજ હમેશ, પ્રભુ મને૦ ૫

ભોગ આપી ભલી ભાતના, પ્રભુ મને૦
હો બેહેન લાલ લડાવેછે લાડ, પ્રભુ મને૦
ભોળે ભાવે કેમ ભુલીયે, પ્રભુ મને૦
હો બેહેન પરમ પુરૂષનો એ પાડ, પ્રભુ મને૦ ૬

અંતરમાંથી એકે ઘડી, પ્રભુ મને૦
હો બેહેન કદીયે વીસારીયે કેમ, પ્રભુ મને૦
ખાતાં પીતા સુતાં બેસતાં, પ્રભુ મને૦
હો બેહેન પુરણ રાખીશ પ્રેમ, પ્રભુ મને૦ ૭

એ સાથે છે ઘણુ આપણે, પ્રભુ મને૦
હો બેહેન આદે ને અંતે કામ, પ્રભુ મને૦
તેના હુકુમ કેમ તોડીયે, પ્રભુ મને૦
હો બેહેન જેછે જગતનો જામ, પ્રભુ મને૦ ૮

અંતરની ગતી આપણી, પ્રભુ મને૦
હો બેહેન એથી અજાણી ન એક, પ્રભુ મને૦
દેખેછે દુનીયાંને દ્રષ્ટીયે, પ્રભુ મને૦
હો બેહેન એની કળાછે અનેક, પ્રભુ મને૦ ૯

ભલું કે ભુડું નથી ભુલતો, પ્રભુ મને૦
હો બેહેમ કરીયે જે આપણે કાંહી, પ્રભુ મને૦
અંતે એનાં ફળ આપશે, પ્રભુ મને૦
હો બેહેન માન ખરૂં મનમાંહી, પ્રભુ મને૦ ૧૦

સાચો સગો એક શ્રી હરી, પ્રભુ મને૦
હો બેહેન વાહાલામાં વાહાલો એ વીર, પ્રભુ મને૦
પાળે ગમેતો પ્રલે કરે, પ્રભુ મને૦
હો બેહેન સોંપ્યું મેં એને શીર, પ્રભુ મને૦ ૧૧

જેથી એ રીઝે-જગતપતી, પ્રભુ મને૦
હો બેહેન તેજ કરૂં તતખેવ, પ્રભુ મને૦
ભાવે ભજુ બલી ભાતથી, પ્રભુ મને૦
હો બેહેન દલપતરામનો દેવ, પ્રભુ મને પ્રાણથી પ્યારો. ૧૨

# સ્ત્રીબોધ.

સતક ૫ મું | મેએ ૧૮૯૧ | આંક ૫ મો.


## નઠારી ફરંગીજ ઠેકાંણે આવી.

### નાટક ૧.

પાત્ર.

| | |
|---|---|
| ગોદરેજ...... | શીરાજ શેહરનો એક તવગર ગરહસથ. |
| ઈમાદ...... | એક વેપારીનો છોકરો. |
| તેહમુર...... | ઈસફાન શેહરનો એક ગરહસથ. |
| શાહપુર...... | શીરાજ શેહરનો એક ગરહસથ—તેહમુરનો મીતર. |
| ગુરગીન...... | તેહમુરનો મશકરો ખીદમતગાર. |
| ફરંગીજ...... | ગોદરેજની મોટી છોકરી. |
| મેહરબાનુ...... | ગોદરેજની નાહની છોકરી |

દરજી, સારંગીવાલો તથા બીજા ચાકરો ઈતીઆદી.

(ઠેકાણુ—ગોદરેજના ઘરનો એક ઓરડો.)

### પ્રવેશ ૧.

ગોદરેજ.

**ગોદરેજ**—(પોતાનાં મનમાં બલાપો કરેછે) અફસોસ! મારી બે છોકરીઓમાં મેહર એક ખરેખર સારી છોકરીછે. એ છોકરીના સારા સવભાવથી અને હેલીઅત ભરેલી ચાલ ચલણથી જેમ એક હાત ઉપરે મારા જીવને બેહદ સુખ થાએછે, તેમ બીજા હાત ઉપર તેટલુંજ બલકે તેથી વધારે દુખ મારી બીજી છોકરી ફરંગીજના ખરાબ અને દુશટ સવભાવથી મને ઉપજેછે. ખરૂં માનુંછુ કે એ છોકરીનાં જેવી કલાંટ અને ફંફાસની છોકરી આખાં ગાંમમાં શોધી મલનાર નથી. એ નઠારી છોકરીના બલાપાથી હું રાતને દીવસ બલી જલીને દુબલો થયોછું, હું એકલોજ કાંઈ એ છોકરીથી હેરાંન થતો નથી, પણ આખાં ઘરનાં અને પાડપડોસનાં લોક કાએર કાએર ને હલાક થાએછે. આ શીરાજ શેહેરમાં વેપાર વનજથીં જેટલું મારૂં નાંમ મશહુર થઈઉંછે તે કરતાં એ નઠારી છોકરીના બાપ દાખલ મને લોકોથી (તેમાં ઘણું કરીને હલકે વાંધેનાં લોકોથી)ઘણું નુકશાન ખમવું પરેછે. વારેઘડીએ રસતામાં લોકો મારી તરફ આંગલી દેખાડી બોલેછે કે "આએજ પેલી કલાંટ ફીરંગીજનો બાપ;" તો એવી વખતે મને એટલી તો શરમીંદગી ઉપજેછે કે જેથી એકબારગી મોત આવે તો ભલુ. એ એક ખરાબ સવભાવની અને હઠીલી છોકરીને લીધે માહારી બીજી પેઆરી અને સમજુ બેટી મેહરને પણ ઘણું નુકસાંન ખમવું પડેછે. આજ એ છોકરીને માટે સારે સારે ઘેરનાં માંગાં આવેછે, પણ શું કરૂં હું તેને કેમ અ દરાઉ પરણાઉં ! જો એ છોકરીનો કોઈબી સારે ઠેકાંણે ઉઠાવ થએઓ તો પછે કમબખત ફીરંગીજના શા હાલ ? હું નહી ધારતો કે આ શેહેરમાનો કોઈબી શખસ રાજી ખુશીથી એ છોકરી સાથ પોતાનાં લગન કરવાને ઈછે. આવી હાલત જારેછે, તારે હવે ઉપાએ શું તેની સમજ પડતી નથી. 'કોઈબી ઉપાએ જોઈએ, તો તે એક એટલો એજછે કે એક' એવો ઠરાવ કરૂં કે હવે કોઈબી શખસ જે મારી નાહાની બેટી મેહરનુ માગું લાવે તેને એમજ કેહેવું કે "ભાઈ જાંહાંવેર મારી મોટી છોકરી ફીરંગીજ અદરાસે નહી તાંહાંવેર હું મારી નાહાની બેટીનું કરનાર નથી." અલબતાં આ ઠરાવ ઘણો ગેરવાજબીછે, કે એક ખરાબ અને દુસટ છોકરીને માટે બીજી રાંક અને ભલી છોકરી ઉપર બેઈનસાફી ગુજરે, પણ શું કરૂં એમ કીધા સીવાએ મારો છુટકો નથી. અને હું ધારૂં છું કે એજ ઉપાએથી ઘણું કરીને એ કલાંટ છોકરીનો કોઈ પોશીંદા નીકલશે. માટે હવે તો એજ ઠરાવને મજબુત વલગી રેહેવું જોઈએ.

(ગોદરેજ જાએછે)

(શીરાજ શેહેરનો જાહેર રસતો)

### પ્રવેશ ૨.

તેહમુર અને ગુરગીન.

**તેહમુર**—(ગુરગીનને) આપણે છેક ઈસફાન શેહેરથી શીરાજ તરફ આવી તો પુગા, પણ હવે ઘણી સંભાલ રાખવાની જરૂરછે. આપણે પરદેશ આવેલા છઈએ. માટે પરદેશમાં સારી પેઠે સંભાલ રાખવાની ભારે જરૂરછે. પણ વારૂં આપણા મીતર શાહપુરનું ઘર કાંહાંછે, તેની જલદી ખોલ કાહડવી જોઈએ. (એમ બોલી રસતા ઉપર આણીગમ પેલીગમ ઘર ખોલતા ફરીઆ પછે, બોલીઓ) જો આ સામું લીલા રંગનું ઘર દેખાએછે, એજ શાહપુરનું ઘર લાગેછે, મારે ગુરગીન હોક!

**ગુરગીન**—(જરા અચબો પામી, આસપાસ નજર ફેરવી) સાહેબ! કોણને હોકું?

**તેહમુર**—કાંએ ? સાંભલતો નથી ? કેહુંછું કે ઠોક !

**ગુરગીન**—(વધારે ઘભરાઈને અને જરા દુર જઈને) શેઠ કાંઇ ઘેલા થએઆ કે શું ? આસપાસ કોઈ કાંઈ જલે નહી, ને કેને ઠોકું ! (મનમાં બોલેછે કે શું એનું કપાલ ઠોકું કે ઘેલો ગાડો થઈને એનેજ ઠોકી નાખું) પછી જરા પાસે આવીને સાહેબ હંઈતો કોઈ નથી, કોણને ઠોકું ? શું તમને કોઈએ ગાલબાલ દીધી કે વારૂં ?

**તેહમુર**—(ઘણોજ ચીરડાઈને) શું તું મારી સાથ ચાકરી કરવા આવેઓછે કે ઉલટો કંટાલો આપવા આવેઓછે ? તુંને મેં પેહેલાંજ કેહીઉંતું કે પારકાં દેશમાં ઘણી સંભાલથી ચાલવું, અને તું આવી રીતે ચાલેછે કે ? તારે શું તું માહારી ચાકરી બરાબર કરેછે કે નહી ?

**ગુરગીન**—તારે શું તમારી ચાકરી કરવીછે ? તો ભલાં માંણસ એમ કહોની કે મને ઠોક ? (એમ બોલી આગલ જાએછે તેવામાં તેહમુર ઘણોજ લાલ પીલો થઈને) હું ધારૂં છું કે તારૂં મોત આવીઉંછે, તને એક લાડકવાયાને એકીનદાર ચાકર દાખલ ઘેરમાં મારી સાથ જરા વધારે છુટથી બોલવા દઉંછું, તેજ વાત તું આવી જગા ઉપર પણ કરેછે ! (એમ બોલી ગુસાભર તેને મારવા જાએછે. તેવામાં રસતા ઉપરની ગડબડાટથી શાહપુર, પોતાનાં ઘરની બારી આગલ આવી જુએછે, તો પોતાનો દોસત તેહમુર પોતાના મશકેરા ચાકર ગુરગીન સાથે લડેછે, તેથી બાહાર આવેઓ.)

**શાહપુર**—ઓ મારા જુના દોસત તેહમુર શુંછે ? તુ આટલો તીખો કેમ થઈ ગએઓ, ઘરમાં તો આવ ! અરે ગુરગીન તારી શી ખબરછે. તું આવો હસમુખો નોકર થઈ શેઠ સાથ રસતામાં શું ગડબડ કરેછે.

**તેહમુર**—શુ યાર શાહપુર હું આ ચાકરથી હવે કંટાલી ગએઓ. ઇસફાંન શેહેરથી હું એનેજ આંહી લાવેઓ તે શાને માટે કે વારૂં મને રસતાની મંજલ ભારી પડે નહી. પણ આંહી આવીઆ પછે એણે મને એટલો તો કંટાલો આપીઓ કે કાંઈ કેહેવાતું નથી. મેં એને કહીઉં કે તમારા ઘરનું બારણું ઠોક, તો એટલું એણે કીધું નહી, અને જેમ ઘરમા બેસડી ખુશ મશકેરીની ટોલકપર થાએછે તેવી મશકરી ઉપર ઉતરી પડેઓ.

**ગુરગીન**—જો, જો હેં સાબ, આ બધું ખોટુછે, બારણાનું કાંઈ નામ દીધું નથી, મનેતો કેહેવા લાગા કે બસ ઠોક, બીજી વાત નહી, તો પછે હું શું ઠોકું ? મારૂ કપાલ !

**શાહપુર**—ના, ના, ગુરગીન એમ કરીએ નહી, પોતાના ધણીની ખાતરદારી સારી પેઠે રાખવી જોઈએ.

**ગુરગીન**—નારે સાહેબ, મારી આંખ ફુટે જો હું જુઠું બોલતો હોઉતો, એવણે બારણાનું તો નાંમ દીધુંજ નથી. જો બારણાનું નાંમ દેતેતો શું વારૂં મારી સુધ ફુટેલી હતી કે હું એટલું નહી કરૂં !!

**તેહમુર**—(દોલા કાહાડીને) ચુપ, કંબખત મેં તને બારણાં તરફ આંગલી કરીને નહી કહીઉં કે ઠોક ?

**ગુરગીન**—ના સાહેબ, મને કાંઈ આંગલી દેખાઈ નથી. તારે કોણ જાણે, સેતાંનનો હવાલો, તારે એતો કેવું આંધરે બેહેરૂં કુટાઈઉં.

**શાહપુર**—ખરૂં, હોશે, હવે જે થઈઉં તે થઈઉં, ચાલો બંધે જણ ઘંડા પડો. (તેહમુર તરફ ફરી) કેમ પેઆરા દોસત તમોને છેક ઇસફાનથી આંહી એકાએક આવવું ઉં વારૂં.? બાવા સઉ સારી પહેતોછે ?

**તેહમુર**—(જરા દલગીર જેવુ મોહોડું કરીને)હા ! રે મીતર વલી પાછું મારૂં દીલ ગમગીન થઈઉં ને મારાંમાં દુખ ઉતપન થઈઉં; મારા પેઆરા બાવાનો કે દાહાડ ગુજરી ગએઆ !

**શાહપુર**—(અજબ થઈને) શું બાવા ગુજરી ગએચ (જરા દલગીર થઈને)તો ભલા ભાઈ જરા લખીતો જણાવને શું આપણને કાંઈ જુદાઈ હતી વારૂ ?

**તેહમુર**—નારે પેઆરા, જુદાઈ શાની.? પણ ખોગફલતી થઈ કે તજ સરખા મીતરને પણ લખી શકાઈઉં નહી, પણ હું તે સું કરૂં, ઘરમાં મારા વગર બીજું કોઈ મલે નહી અને સઘલી જંજાલી મારા ઉપરજ આવી પડીતો પછે ટલી શુધ કાહાંથી રેહે ?

**શાહપુર**—ખેર, ભાઈ ખુદાનો હુકમ થએઓ, તેતાબે થવુંજ જોઈએ, વારૂં તે બીચારો ઘણો ભલોને નેક હતો, ખુદા તેને નેક જગા બખશસે; પણ પેઆરા દોસત તારે હવે તને અતરે શાવાસતે આવવું પડીઉં વારૂ ?

**તેહમુર**—ભાઈ, આવવાનું કારણ તો એજછે કે ઘરમાં ઘેર સાચવનાર કોઈ માણસ મલે નહી, ને હું આખો દીવસ વેપાર ધંધાની ખટપટમાં પડુંતો ઘરમાં કોઈ મલે નહી, માટે હું એવા એરાદાથી અતરે આવીઓછુ કે કોઈ સાથ લગન કરૂં માટે જો દોસત તારી નજરમાં કોઈ તેવું ઘર હોએતો મને મદદ કર.

**શાહપુર**—તારે શું તું પરણવા માંગેછે ? (જરા વીચાર કરીને) હા, આ શેહેરમાં એક છોકરી પરણનારછે તો ખરી પણ—

**તેહમુર**—કેમ ભાઈ "પણ" બોલીને અટકી કેમ પડીઓ.

**શાહપુર**—એટલા માટે અટકી પડીઓ કે, જે છોકરીની મને યાદ આવી તે તારા લાએકની નથી. સબબ તેણીનો સવભાવ એટલો તો હટીલો ને આહોછે, કે તેનીથી તેનો બાપ અને આખાં કુટંબનાં લોક કંટાલી રહેઆંછે, તો પછે તેવી કલાંટ છોકરી સાથ તારો પાટલો કેમ ફાવે, તેનો વીચાર પડીઆથી હું અટકી ગએઓ.

**તેહમુર**—પણ તે છોકરી કોઈ સારાં ખાંનદાંનતીછે કે એવાંજ ? જો ખાંનદાંન સારૂં હોએ ને બે પઈસે સુખી હોએ તો પછે સઘલું પોતાની મેલે ઠેકાંણે આવસે.

**શાહપુર**—ભાઈ ખાંનદાંનતો ઘણું સારૂંછે, તે છોકરીનો બાપ આ શેહેરનો એક પંકાએલો વેપારીછે, અને તેની આંટ એવીતોછે કે જેવી ભલા ધનેતરની, તોપણ ભાઈ છોકરી ઘણીજ કલાંટ, કોઈ ઘરમે પુછે નહી એવીછે; એતો એના બાપની શરમે આટલીબી લોકો તેની મરજાદા રાખેછે, બાકી ચાલતો એવીછે કે રખડી રવડીને મરે. ખાંનદાંન ગમે એવું ઉંચું હોએ, પણ ખાંનદાંનને શું કરવું, ને પઈસાબી ગમે એટલા હોએ, પણ તેબી શા કામનાં ! જારે હાતધરણું જ પાધરૂંજ નહી તોરે સઉ શું કામનું ! વાસતે પેઆરા ભાઈ કોઈ બીજી તેવી સારી સઘુકાઈવાલી છોકરીની આપણે ચાલ કરીશું.

**તેહમુર**—ભાઈ હું પરદેશી, મજથી કાંઈ જાહાજા દી

વસ અતરે ખોટી રેહેવાએ નહી, ને વલી આતો એક પર ણનાર છોકરી તઈઆરછે, વલી નવાં ઘર શોધવા કરવાને ઘ ણો વીલમ લાગશે માટે ભાઈ કાંઈ એની સાથ બંદોબસત ક રી આપ.

**શાહપુર**—પેઆરા મીતર તું નાહક ફેસવા માંગેછે, એ છોકરી સાથ તને સુદલ બાનશે નહી, જે છોકરી સારૂં તે નો બાપ પોતે કંટાલેછે, અને તે વલી એટલે સુધીતો કંટાલે લોછે, કે તે રાત દીવસ વાત જુએછે કે કારે એ પરણે, ને વ લી જે ધણી એની સાથે પરણે તેને તે પચાસ હજાર દીરંમ ની રીત કરવાને પણ તઈઆર થઈ રહેઓછે. તો હવે વી ચાર કરકે છોકરી કેવી હૂશે ! શું પોતાનાં બચાં કોઈને અકા રાં પડતાં હશે ?

**તેહમુર**—(ઘણોજ મગન થઈને) પચાસ હજાર દીર મ રીતમા !! તો હવે મારીથી થોભાતું નથી, પેઆરા શા હપુર, ગમે તે થાવોપણ બસ જો હું તો-પરણું નહીને પરણું તો એ છોકરી સાથેજ પરણું. પચાસ હજાર જારે રીતમાં મ લે તારે બધું ઠીકજછે.

**શાહપુર**—પેઆરા મીતર, શું કરવા જાણી જોઈને ફ સેછે વારૂં ! હું તો ખરૂં કહુંછું કે જો કોઈ મને પચાસ લા ખ દીરંમ આપી એવી સાથે પરણાવે તો કદી પરણું નહી અને તું આટલી નાહાની સરખી રકમ ઉપર લોભાઈ હંમેશ તું દુખ હોરવા માંગેછે એથી હું ખરેખર દલગીર થાઉંછું

**તેહમુર**—(જરા મશકેરી જેવું ડોલ ઘાલીને) ભાઈ પ ઈસાની કદર તુંને સુદલ નથી. પચાસ લાખ મોહોડે બોલી જાણીઉં, પણ તે કેટલી રકમ થઈ તેનો કાંઈ વીચાર કીધો ? પઈસો સું ચીજછે તે હજી તું બરોબર સમજીઓ નથી. પઈ સા હોએ તો આજ શુંશું કાંમ થાએછે તે તું જાણેછે ?

**શાહપુર**—ભાઈ જારે તું ઘણો બજીદ થાએછે તારે હ વે મારો એલાજ નથી. પણ સત કરી જાણજે કે તું જે મતલબ થી તારાં લગન કરવા માંગેછે કે તારૂં ઘર સંભાલનાર કોઈ ડાહી ઓરત તને મલે, તો તે તારી મતલબ આ ઓરતથી સવલી ધુલ મલવાની એટલુંજ નહી પણ ઓર તું રાત દીવસ એ ઓરતના કંટાલાથી બેજાર રેહેવાનો. હજી તે કરતાં તો નહી પરણવું એજ ભલું. જા ભાઈ તારી એજ ઈછાછે તો પછવાડેના મોહોલામાં તેનું ઘરછે. એ છોકરીના બાપનું નામ ગોદરેજ કરીછે. એ ઘણો મરદે આદમીછે,

**તેહમુર**—(ખુશી થઈને) હે, ભલા આદમી, ગોદરેજ નેતો હું સારી પેઠે ઓલખુંછું. બાવા સાથે તો એ વેપારીને ઘણોજ વેહેવાર પડેલોછે, ને તે હનોને સારી પડે ઓલખતો હશે. ખરેખર આસામી ઘણુંજ સારૂં વારૂં સાહેબ, તમને જે તસદી પડી તેની માફ કરજો હું હવે રજા લઉંછું.

**શાહપુર**—(ઘણોજ બજીદ થઈને) જો ભાઈ હજીબી તને કહુંછું કે તું એથી તારા હાત ઉઠાવ, આજ પરણનાર છો કરીઓના કાંઈ તોટા નથી, જરા ધીરજ પકડશે તો બીજી સા રી કનીઆં મલી આવશે. પણ તે કરતાં હું તો લાચારછું પણ એટલી ઉતાવલ શાની કરેછે, જરા ધીરજ પકડ. જરા રસતા ઉપરથી ઘરખાતો આવો, છેક પારકા થઈને જેવા આવીઆ તેવાન પાછા કેમ ફરોછો ! ખાંનું તઈઆરછે. એ ભુક જમી તો લેઓ.

**તેહમુર**—ના સાહેબ, મને માફકરો, અગરજો પાછા જતી વખતે ફુરસત મલશે તો તમને મલતો જઈશ, પણ હા લ તુરતતો મને જવા દેવો.

(તેહમુર તથા ગુરગીન જાએછે)

---

ગોદરજના ઘરનો ઓરડો.

પ્રવેસ ૩.

### મેહર અને ફરંગીજ.

**ફરંગીજ**—અરે મેહર તું વારે ઘડીએ મને કંટાલે આ પીઆ કરેછે, ને કશી રીતે માહારો મલાજો રાખતી નથી તે તું તારાં મનમાં શું સમજેછે ? જો મને ફાંટો આવીએ તો ઘડીના વચમાં સઘલી ધુલધાણી કરી નાખીસ.

**મેહર**—મારી વાહાલી બેહેન ફરંગીજ ! શા માટે તું મારી ઉપર આટલી બધી ચીરડાએછે વારૂં ? હું પાક મનસ ની અને ખુલાંદીલથી તને સાફ કહુંછું બેહેન કે હું તારાં દુ ખથી દુખી ને તારાં સુખથી સુખીછુ. હું હંમેશા માહારાં વડાઓના મલાજો અને મરજાદ રાખવાને ખંતીછું, ને તે જ મુજબ તું વડી બેહેનનો હંમેશાં અંદાજો રાખુંછું, એટલું છતા તું શા માટે એટલી ચીરડાએછે વારૂં ?

**ફરંગીજ**—તે બધું હુ સમજુંછું, હું કાંઈ બચું નથી કે તું મને સમજવા માંગેછે તે હું સમજીશ, મોરના ઈંડા કાં ઈ ચીતરવાં પડતા નથી. તું ઘરેણાં ગાડાં પેહેરી સોલેસણ ગારે કરેછે તે સઘલું હું સમજુંછું કે તું વેહેલી વેહેલી પરણ વાની ઉતાવલમાં પડીછે, ને જે સારેસારે ઠેકાણેનાં માંગાં મારે માટે આવેછે તાંહાં તું તઈઆર થઈ પડેછે.

**મેહર**—ના બેહેન, એ તારો વીચાર ખોટોછે. મેં એવું કદી ધારીઉંજ નથી, ને જો તું મને આ મારાં ઘરેણાં વીશે કેહેછે તો આ સઘલાં હમણાં ઉતારી નાખીશ ને આત રે ઘરમાં પેહેરી ફરવાનાં કપડાં પેહેરીને ગુલામરી દાખલ તા રી ચાકરીમાં રહીશ, ને જે તું ફરમાવસે તે મુજબ ચાલીશ, પણ ખુદાને ખાતર, ઓ વાહાલી બેહેન ! તું મોટેથી બુમ બુમા ટા પાડીને તથા ચીડાઈને મારો જીવ ના દુખાવ. (એટલું બોલી તે રહેછે, તેવામા બાપ ગોદરજ ઓરડામાં આવેઓ.)

**ગોદરજ**—અરે આ શુંછે ? છોકરીઓ કાં એક બી જી સાથ લડોછો વારૂં ? મેહર તું કાંએ રડેછે બેહન ! ( એ મ કહી મેહરને તેડી પોતાનાં પાસાંમાં દાબેછે.) ( ફરંગીજ તરફ ફરીને ) કેમ ખરાબ છોકરી, શા માટે આ ગરીબડીને તું હંમેશાં હેરાન કરેછે વારૂં ? એ નહી તારા લીધામાં કે નહી તારાં ખાંધામાં ને તું એનીજ કેમ પુઠ પકરી રહીછે વારૂં ? એ કાંઈબી તને કેહેછે ? તે પોતાના મારગે ફરેછે તે ને શા માટે સતાવીઆ કરેછે ?

**ફરંગીજ**—એ મીંઢી મસકલીની પડે રહીને મુગે મોહોડે મને ઘણું દુખ દેછે, એ દેખાવે આવી ગરીબ ને રાંક લાગેછે, પણ એના પેટમાં ટાંટીઆછે, તે હુંતો ખરી કે એને ઠેકાણે લાઉં ( એમ બોલી મેહર પાછલ રીસ ભરેલી દો ડેછે, તેવામાં)

**ગોદરજ**—ખબરદાર છોકરી ! દુર રેહે, તને મારો મલાજો પણ નથી, મારી સાંબે આટલી બધી બેઅદબી કરેછે ?

ફરંગીન—બેઅદબી શાની કીધી? તારે તો દીકરી ને ચમરો તોડીને શીખામણ દઈએ! એને બાવાજીની લાડકી કરી મુકીછે, તો પછે ભારી પડશે!

ગોદરજ—(મેહેરને) જા દીકરી, તું હમણા, તારા ઓરડામાં જા અને તાહારૂં વાંચવાનું કર, તારો ઉસતાદજી બેઠીછે. ખરેખર હું ઘણોજ દુખીને અભાગીઓછું કે આવી કરોડી છોકરી સાથ મને કામ પડીઉંછે. (એટલામાં ફરંગીન પણ ગઈ) અફસોસ, દુનીઆમાં મારા જેવો બીજો દુખી હશે વારૂં? આ શું મારી ઉપર થોડું જુલુમ? ખરેખર પઈસા ટકા, આબરૂ ઈજત એ સઘલાં સાથે મારા જીવપર આ છોકરીના ખલાપાનું મોટું દુખછે. (એટલામાં તેહમુર પોતાના ચાકર સાથે તાંહાં આવીઓ.)

---

## પ્રવેશ ૪.

### તેહેમુર અને ગોદરજ.

તેહમુર—(ગોદરજને) સાહેબ મેહેરબાન સાહેબ.

ગોદરજ—(પાછી સલામ કરીને) કેમ સાહેબ, શી ફરમાસ? સાહેબનું નામ શું?

તેહમુર—સાહેબ મને ઓલખતા નહી હશો? મારૂં નામ તેહમુરછે.

ગોદરજ—હં, હં, તમો શું ઈસફાનથી આવીઆ? હા, હું તમને તથા તમારા બાપને સારી પેઠે ઓલખુંછું. તમારા આવીઆથી હું ઘણોજ ખુશી થએઓછું. બાવાની શી ખબરછે?

તેહમુર—બાવાતો ગુજરી ગએઆ. છમસીબી વીટી ગઈછે.

ગોદરજ—(અનબ થઈને) બાવા ગુજરી ગએઆ? ખેર, જેમ ખુદાનો હુકમ, મોહે વેહેલે સઉને મરવુંછે. મોતનો કાંઈ અંદેશો ધરવો નહી. બીમારાં ઘણાં નેક અને અસો આદમી હતાં. પેહેસતી ગએ સાલતો અતરેથી કેટલોક સોદો ખરીદ કરી ગએઆ હતા. પણ સાહેબ તમારી પધરામણી અહીઆં કેમ થઈ વારૂં?

તેહમુર—સાહેબ, મને અતરે આવવાનીતો એટલા મારે જરૂર પડીછે, કે બાવાજીનાં ગુજરવા પછે ઘરમાં ઘેર સાચવનારૂં કોઈ મલે નહી, ને બાવાના વેપાર વનજ તથા જાગીર મીલકતનો સઘલો વારસો મને મલીઓ, તો હવે તે સઘલાંનો કારબાર ચલાવવાને મને કોઈ મદદ કરનાર સાથે હોએતો ઘણું સારૂં એમ ધારી હું પરણવાની મતલબે બાહેર નીકલીઓ તો ખબર કાહાડતા એવું માલુમ પડીઉં કે તમારી એક છોકરી પરણવાનીછે, તેણીની ખુબી સાંભલી હું એટલો તો મઘન થએઓ કે તુરત વસતાલું કરાવાનું મુકી દઈ હું પોતેજ તમારી હજુર આવીઓ કે મોહોડે મોહોડું જે કામ થાએ તે ચોખું. તે છોકરી વલી ઘણી ખુબસુરત તથા ઘરબાર ચલાવા લાએકછે, તે ઉપરથી તો માહારૂં દીલ ઘણુંજ બેજાર થઈ રહીઉંછે.

ગોદરજ—સાહેબ, મારી બે છોકરીછે અને તમે કેઇ છોકરી વીશે પુછોછો?

તેહમુર—હું ફરંગીન વીશે પુછુંછું. તેણીની તારીફ એટલીતો સાંભલીછે કે એકાએક માંનવામાં પણ નહી આવે તે ઉપરથી મેં ઠરાવજ કીધો કે તમારૂં ઘર કાંઈ આપણને અજાણનું નથી મારે જઈને નજરે નજર તેણીને જોવી, અને તે વીચારથી, હીમત ચલાવી હું આપણાં ઘરમાં આવી ઓછુ મારે માફ કરવીજી.

ગોદરજ—ભાઈ તમારી વાત સાંભલી મને દુખ છુટે છે. જે તારીફને જે વખાણ તમો એ છોકરીની કરોછો, તેવી તે છોકરી નથી, બલકે તેથી તદન ઉલટાજ ખવાસનીછે. એ છોકરીથીતો માહારા કબીલાનાં સઘલાં માણસો ને હું પણ એટલોતો કંટાલી ગયાં છઈએ કે કાંઈ બોલાએ નહી. કદાચ એમતો નહી હોએ કે તમો નામ ભુલતા હોવો. મારી નાહાની છોકરીના ગુણ સરવ પરકારે તમો કહોછો એવાછે, ને ખરેખરી ઘરરાખુ છોકરીતો તેજછે. બાકી ફરંગીન, અરરર! તોબા બોલાવે એવીછે.

તેહુમર—ના સાહેબ, તમારી બીજી છોકરી નહી, એ ફરંગીનનેજ મારે હું આરજુ રાખુંછું. તમારી જો ખુશી નહી હોએ કે તેણીને પરણાવવી નહી, અથવા મારા જેવો જમાઈ તમોને પસંદ નહી આવતો હોએતો તે ખુલેખુલું જણાવો, પણ બીચારી એક ગરીબ છોકરીને શા મારે હલકી પાડોછો? તમો તમારી એક ઘણીજ સુંદર ને રાંક છોકરીને આટલું બધું હલકું લગાડોછો એ જોઈ મને ખરેખર દુખ ઉપજે છે કે હું કાંહાંનો કાંહાં આવીઓકે બીચારી એક ગરીબ છોકરીની નકામી નીંદા સાંભલવી પડી!

ગોદરજ—ના, મારા વાહાલા તેહમુર, તું મારી મતલબ ઉલટી સમજેછે તે ખોટી વાતછે. તારા બાપ જેવા મારા એક પુરાના દોસતના તનસરખા માહારા એક લાડકવાએઆ છોકરાને આવી કલાંટ ઓરત સાથ પરણેલો જોવાને હું ઈછતો નથી તે ઉપરથી જે ખરેખરી હકીકત હતી તે તને કહી. બાકી હવે એ મોહોટી છોકરીને કુમારી રાખીને મને સું કરવુંછે વારૂં? શું તેણીનું આથણું ભરવાનુંછે? પણ નહી પેઆરા દોસત તારે લાએકની તે નથી એમ જાણી તારી સાથ આટલી ખુલાસેવાર વાત કીધીછે.

તેહમુર—સાહેબ, એ તમારી બધી વાત એક કોરે મુકો ને, મને એટલુંજ કહો કે તમો એ છોકરીને પરણાવાને ઈછોછો કે નહી? પછે સારી નરસી તેતો વાત જુદીછે. પરણનાર હુંછું, હું મારૂં સારૂં નરસું શોધી લઇશ, પણ તમો પોતે રાજીછો કે નહી તેટલું માતરે કહો એટલે થઈઉં

ગોદરજ—(પોતાનાં મન સાથ) આ બીચારાં બકરાંને કોઈએ ઉંધું ચતું શમજાવી ફસાવાની પેરવી કીધીછે. કદાચ એવુંમી હોએ કે મેહર સાથ પરણવાની ઈંતેજારી રાખનારાઓએ માહારા ઠરાવ મુજબ આ બીચારાને બાહાર પાડીઓ હોએ કે ફરંગીન પરણે તો પછે મેહરની વાત થાએ. પણ હવે શું કરવું! હુંબી એ છોકરીને જલદી પરણાવાની તો ખટપટમાંજછું, ને વલી તેહમુરબી આટલું સમજાવીઆ છતાં પોતાની હઠ મુકતો નથી તો પછે, હવે વાટ કોણુની જોવી? વલી બીજો કોણ મલનાર હતો!

(એવામાં ફરંગીનને ગાયનની ટાલીમ આપનાર ગવઈઓ, પોતાની ભાગેલી સારંગી, તથા માથામાંથી નીકલતા લોહી સાથ તાંહાં આવી લાગો તેને)

**ગોદરજ**—કેમ ઉસતાદજી ! અરરર સું થયું !

**ગવઈઓ**—અરે સાહેબ, તમારી ફરંગીજે અવાજ બરાબર મીજાનમાં નહી ઉતારીઓ તારે મેં સમજાવી કે આવી રીતે મીજાન બરાબર લાવો, તે ઉપરથી ચીરડાઈને સઘલું અફરાતફરી કરી નાંખીઉં, ને જુસાબર કાંઈ હજારો ગાલો મને દીધી ને, છુટી સારંગી મારાં માથાંમાં મારી, જેથી આ લોહી નીકલી સારંગીના ટુકડે ટુકડા થઈ ગએઆછે. અફસોસ, એનો ઉસતાદ થવાના કાંહાં મને ભોગ લાગા !!

**ગોદરજ**—કાંઈ ફકર નહી, ઉસતાદજી, જરા અંદર જાઓ ને એનો ઉપાએ કરાવો. ખરી અભાગણી ને કંબખત છોકરી! (તેહમુર તરફ ફરીને) કેમ ભાઈ જોઈઉં ? હજીબી તમે જોઈએ તો એ છોકરીથી હાત ઉઠાવો.

**તેહમુર**—(જરા મોહો મલકાવીને) નાં સાહેબ એટલું જોવાથી તો મારા જીવ વધારે તલપેછે કે પરણવી તો એવીજ બાએડી પરણવી. આ એનો પેહેલવાંની દમાંમછે, તે ઉપરથી માહારી ખાતરી થાએછે કે એ ઓરત કોઈ ખરો શેરમરદછે. જે ઓરત બીકણીને હીચકારી હોએ તે શા કાંમની ? હવેતો સાહેબ કાંઈબી કરીને મારી મોલાકાત કરાવો.

(વારૂં ભાઈ તારે તેણીને મોકલુંછું એમ કહી ગોદરજ લાચાર થઈને જાએછે.)

**તેહમુર**—( એકલો પોતાનાં મન સાથ ) વાત તો સઘલી મલતી આવી, ફરંગીજતો કોઈ ખરીજ ઓરાં માલુમ પડી. પણ કાંઈ ફીકર નહી, હવે તો એમબીને એમબી જે બને તે ખરી. હવે એ અહીઆં આવશે, તારે તે પોતાની ઓકાત અને ખુબી મુજબ તરેહવાર બકબકારો કરશે, માટે તેની બરોબરી કરવાને મારે પણ તઈઆર થઈ રેહેવું જોઈએ; પણ તે કેહેવી રીતે કે તેણીનો સવભાવ જેમ ગરમ અને આકરો થાએ તેમ આપણે થંડાં પાણીનાં માટલાં થઈએ. કેટલીક વખતે ગરમી ગરમીને મારેછે, પણ કેટલીક વખતે તેથી ઉલટું પણ કરવું પડેછે, માટે હવે તે જો આવતાં વાર ગાલો દેશેતો તે વખતે હું ઘણોજ ખુશી થઈ એમ બોલીશ કે " વાહા શું ખુશનુમા ગાંનું ગાએછે." એથી જો તેને વધારે ચીડ ચઢીને વધારે ગાલો દીધીતો એમ કહીશ જે " બુલબુલ જેવાં પંખેરાં પણ આ સરોદની આગલ પોઈશકે ! " અગર જો તે ઠટાલીને મુંગી રહી જશેતો એમ બોલીશ કે " વાહારે ! શું મજેનું ભાશણ કરેછે કે જેવું ભાશણ મોહટ મોહોટા ફીલસુફોથી પણ નહી થાએ." એમ કરતાં જો છેકજ ખીજાજ ગીઓ ને મને મારશેતો તે વખતે એમ બોલીશ કે " વાહારે જાણે ફુલનો વરસાદ વરસેછે. " એ અને એવાજ બીજા એના વીચારથી ઉલટા વીચારો કરી તેણીને જેર કરશુંતોજ થશે. ( એટલા વારમાં તાંહાં **ફરંગીજ** આવી )

---

### પ્રવેસ ૫.

### ફરંગીજ અને તેહેમુર.

**ફરંગીજ**—(ગાયન શીખંવનાર ઉસતાદજી સાથ મ / આયેલી હતી માટે સવભાવ ચીરડાએલોજ હતો, તેથી ;બડતી બડબડતી) આ ઓરડામાં કાલા મોહોડાનું કોણ ઉભુછે !

**તેહમુર**—ઓ નામવર પરી જેવી સુંદર નેકજાદ અને બાનુંઓની બાનું એતો હું કમતરીન ખાકસાર તેહમુર તારી મુલાકાત માટે આવેલોછુ. ગામેગામ ને શેહેરે શેહેર તું નેક જાદની તારીફ સાંભલવાથી મને એટલીતો ઇંતેજારી થઈ કે આવી તારા નેક દેદાર જોવાને મેં ઠરાવ કીધો, ને તે મુજબ તારી આગલ આવી પુગોછું. બોલ ઓ પેઆરી મેહેરબાન તારી શી ખબરછે ?

**ફરંગીજ**—શું તું આંધલોછે ? શું તારી આંખો ફુટી છે ? શું તને દેખાતું નથી ? હું તને ખાંઉ કરડું એવી છતાં તું મને ખબર શાની પુછેછે !

**તેહમુર**—હાઆ, તું તંદુરૂસતછે અને સારા સમાચાર કહેઆ તેથી મને બેહદ ખુશી ઉપજીછે ! તું મારી ખબર પુછેછે તો પેઆરી હું હાલ સારી પહેછું, પણ પરમ દાહાડે લગાર કરાર નહી હતો.

**ફરંગીજ**—હુંતો ધારતી હતી કે મુઓ આંધલોજછે, પણ નખોદ ગીએલોતો કેથે કાને પણ બેહેરોછે. અરે શુ તારા કાન ફુટેલાછે, કે કાનમાં કલાઈ સીસું રેહેલુંછે. મેં તને જવાબ શું દીધો ને તેં સાંભલીઓ સું ? ને વલી તે કરતાં તારી ખબર કેઈ રાંડે પુછી કે તું ખબર કેહેવા બેઠોછે ? દુખ તું હોએ તો દુખ ભરીને ઘેરનો ને ગામનો ઘરો લઈને જા. એ એબની તોક અહીં સું કામ આવી ?

**તેહમુર**—પેઆરી ફરંગીજ તું મારાં બચાં છોકરાં વીશે પુછેછે તો હું શું જવાબ દઉં, હજી હું કાચો કુમારોછું તો બચાં કાંહાથી હોએ ? બીજું તું અચારનો ઘરો આપવા વીશે કેહેછે તો હુ મોટી ખુશીથી લઈ જઈશ. બીજું તું મારૂ આવવાનું કારણ પુછેછેતો કહુંછું કે હું તારી ઓલખાણ કરવા મારે આવીઓછુ.

**ફરંગીજ**—(ઘણીજ ચીરડાઈને) આ મુઓ તો કોઈ ખરોજ નફટ ને શેઃખ માલુમ પડીઓ. અરે ઓ ઓજી આ નપુતરીઆ તું અહીથી તારૂં કાલું કર ! તારી કોઈ આઈ બાઈઓ મુઈજ કે નહી ? જાની.

**તેહમુર**—(ઘણોજ ખુશી થઈને) હા. ચાલ, તું મારી આઈ બાઈ થવા માંગેછે તારેજ હું કહુંછું કે ઓ પેઆરી હું તારી સાથે મારો હાથ મેલવવાને ઈરાદે તારી આગલ આએઓછું. અલબતાં તું જેવી ડાઈ, શાની ને ભલી ઓરત બીજી મને મલનાર નથી, તેમજ હુંબી કહુંછું કે એક ખરા અને વફાદાર ખાવંદ મુજબ હું સરવ પરકારે તારી બરદાસત લઈ તને કશી વાતે ઓછું પડવા દેનાર નથી.

**ફરંગીજ**—અરે તું પણવાનો આવતો મરેરે !! જા નીવારપાટો લઈને જમને ઘેર જા. નહીતો તારા નશીબમાં હોશે તે શાલપાઘડી ઓઢી જશે.

**તેહમુર**—ના પેઆરી "ફરંગીજ" મને વખત નથી કે જમીને જાઉં ! તેં મને જમવા કહીઉં એટલે જાણે મને પુછું. તું મને શાલ ઓધારવા માંગેછે તો તે આપણાં લગનને દાહડે ઓધારજે, એ ઉપરથીજ તારી મારા ઉપર મોહોબત અને પેઆર કેવોછે તે જણાઈ આવેછે.

**ફરંગીજ**—( લાલ પીલી થઈને ) અરે ઓ બેશરમ ગરધબ, જરા અકલ ધર, ને મુગો મુગો ચાલીઓ જા નહીતો હવે તારૂં મોહોડું માથું વીંધી નાખીશ.

**તેહમુર**—(જરા હુશીને ) ફરંગીજ, સોગન લઇને હું કહુંછું કે જે કેટલાકો તારી બદગોઇ કરેછે તે સઘલા ખરેખર નીંદાજોગેજછે ! તું હાવી ! તારો હાવો મીલનસાર ને લેસરાઉ ખવાએસ જોઇ હુંતો છક્જ થઇ જાઉંછું. જો આપણે હુજીતો આજે પેહેલવેલાં મલીઆં એટલા વારમાં તુ મારી સાથ કેવી હલીમલી ગઇછે કે તું ભરમમાં કેટલીક મારી મશકરી પણ કરેછે ! પણ લાલાજી તું મશકરી કરવામાં હારી ગઇછે. તું મને **ગરથંભ** કેહેછે પણ **ગરભધ** યાને ગરભ ધારણ કરનારતો ઓરતોજ હોએછે તો જો વારૂ કે હવે ગરધભ કોણ તું કે હું ? વલી તું મારૂં મોહોડું માથું યાને નાક કાન વીંધવા માંગેછે પણ તેતો ઓરતોનોજ માતરે વીંધાએછે ! કેવી સજડ પકડાઇ ગઇ !!

(આ પરમાણે **ફરંગીજ** સાથ **તેહમુરે** ચાલ ચલાવી તેથી તેણીને કટાલા, બલાપા અને અકર વકર સાથે એટલી તો ચીડ છુટી કે તેણીએ **તેહમુરને** કાંઇ ખાંડીબંદ ગુરા ગાલો દેવા માંડી. એવા વખતે **તેહમુર** વલી પોતે કરી મુકેલા ઠરાવ મુજબ તેનો સઘલો ઉલટો જવાબ દએઆ કીધો, જેથી **ફરંગીજ** તો છેકજ આજેજ થઇ ગઇ હતી. એવામા તાહાં **ગોદરજને** આવતો જોઇ **તેહમુર** લાગલી તાલમેલ કરી નાખીને જાણે કે **ફરંગીજ** સાથે ઘણીજ સારી સારી વાત કીધી હોએ એવું ડોલ ઘાલી **ગોદરજનાં** દેખતાં તેની રજા માંગી કે એ પેઆરી હવે હું જાઉંછું ને આપણે કીધેલા ઠરાવ મુજબ આવતે મહીને લગનને ટાંકણે આવી પુગસ. એવુ સાંભલી વલી **ફરગીજનો** તો મીજાજ ગએઓ ને વલી તરેહવાર બકવા માંડીઉં,

આ મામલો જોઇ બીચારો **ગોદરજ** ઘભરાટમાં પડીઓ, તારે તેને **તેહમુર** હરૂશે સમજાવેછે કે "બાવાજી છોકરીએ મારી સાથ તમારી ગેરહાજરીએ જે વાત કીધી તે ઉપરથી સાફ માલુમ પડેછે કે તમો લોકો બીચારી ગરીબ ગાએ જેવી છોકરી, જેના માથાંમાં આંગલુ ખુટે નહી, તેને નકામી સતાવી સતાવીને કંટાલો આપોછો. એ સાફ કેહેછે કે મારા બાવા લોકોના દેખતાં એવી કેટલીક વાતો કરેછે તે મને ગમતી નથી ને તેથી હું ચીરડાઇ જાઉંછું. તો હવે તમારે વચે પડવાની કશી જરૂર નથી. હમોએ એક બીજા સાથ પરણવાનો બંદોબસત કીધોછે તે મુજબ આવતા રામ મહીનો ને દએ રોજને દાહાડે હમારા લગનછે, વાસતે હવે તમોબી તમારી તઇઆરીમા રેહેવો ને હું પણ મારે મુકામે જાઉંછું ને, જે કાંઇ લાવવું કરવું હશે તે સુધાં લગનને દીવસે આવી પુગીશ. હવે વધારે તમોએ ટકટક કરવી નહી એણે મને કહીઉંછે કે જો વલી કાંઇ વાતચીત ચાલીતો હું હઠ લઇ બેસીસ ને ફેરાવન થઇ સઘલું રદ કરીશ, વાસતે બાવાજી ખોદાખાતર એ બીચારીને જાજો બલાપો કરાવશો નહી. લગનનો દીવસ મુકરર થએઓછે, હવે તમને ગડબડ કરવાની તથા વલી છોકરીને પુછી કંટાલો આપવાની જરૂર નથી. હવે હું રજા લઉંછું." (અરસ પરસ ભેટી જુદા પડેઆ.)

# આપણ સઘલાં કોણ છઈએ ?

બેહેનો ઊપલું મથાલું વાંચી જરા વીચાર કરશો તો સેહેજમાં માલુમ પડશે કે આપણ તમામ માનવી જાત એક મુસાફર તરીકે આ દુનીઆમાં અવતરેલાં છીએ. આ પ્રુથવી ઊપર આપણા લોકો એક દેશથી બીજે દેશ વારંવાર મુસાફરી કરેછે એથી તમોને જાણું અણજાણું નથી. એ આ પ્રુથવી ઊપરનીજ મુસાફરીને તમામ માનવી જાત જે મુસાફરી કહેછે તેમા ફરક એટલોજછે કે અતરેની મુસાફરી ઘણી ટુકી હોએછે. કોઈ વરસ બે વરસ ને કોઈ પાંચ દસ વરસ વેર મુસાફરી કરેછે, પણ માનવી જે મુસાફરીને અવતરેછે તે મુસાફરી એ કરતાં જરા લાંબી હોએછે. એ મુસાફરી કરી દરએક માણસને પોતાનાં અસલ વતન અને પેદા કરનાર પીતા આગલ પાછાં જવાની ફરજ છે, એટલુંજ નહી પણ આ દુનીઆની તમામ મુસાફરીનો અહેવાલ તે અજીમ કુદરતના સાહેબ આગલ મુકવાની ગરજ પડશે. માટે ઓ વાહાલી બાઈઓ આ બે દીવસની ફાંની દુનીઆની મુસાફરીનો બનતો સારો લાભ લેવાને તથા સરૂખડે મુખડે પોતાના પેદા કરનારને તેનો હસાબ આપવાને સઘલી પરકારે કોશેસ કરતાં રેહેજો. તમો કાંઈ એખલાં મુસાફરીને નથી આવીઆં કે નથી તમારા પીતાએ પાંચ પચીસનેજ મુસાફરી કરવા મોકલીઆં, પણ તમને જેબી કોઈ દેખાએ તે દરએક આદમીને તમારા પીતાએ તમારી સાથ મુસાફરી કરવાને મોકલેલાંછે. માટે જેનીબી સાથ તમારી મુલાકાત થાએ તેની ઊપર વેરી ને અદેખો સવભાવ રાખવા કરતાં દએઆ ભરેલી રીતે તમારાં ભાઈ-બેહેન સમજી તેમનાં ઊપર રેહેમ કરતાં રેહેજો. તમારા માએઆ ભરેલા એક શબદથી સાંભલનારનાં દીલમાં ઘણીજ અજાએબી ભરેલી અસર થશે, ને તેથી તેનું થંડું દીલ ને ઊદાસ મન એકદમ ઊલટ ભરેલુ થશે. આ દુનીઆની આપણી મુસાફરીમાં આપણાં ઊપર સેમાં વીશેશે કરીને જીુરત વાલાં તથા બે પઈસે સુખી માણસો ઊપર તરેહવાર ફરજો ઊતરેલીછે તે સઘલી ફરજો મન માનતી રીતે બજાવવાને આપણ સઘલાની આઈન ફરજછે. આપણ કરતાં કમ શકતીનાં ને કમ મવસરનાં આપણાં બીજાં ભાઈબંદો ઊપર રેહેમ રાખી તેમના દુખનો બોજો આપણથી બ

ની આવે એટલી રીતે ઓછો કરવો. જોઈએછે. આ
હા! જો સઘલાં માંનવી ઊપલા થોડા શબ્દો ઊપર
અમલ કરી પોતાની મુસાફરી પુરી કરતાં હોએ તો પ
છે વધારે શું કેહેવાનું રેહે! એવું કીધાથી દરએક મા
નવો મુસાફર પોતાને તથા પોતાના બીજા ભાઈબંદ મુ
સાફરોને કેવા ઊપયોગી થઈ પડેછે! આ દુનીઆનું
અને તેમજ પેલી દુનીઆંનું સુખ ભોગવવાને જેઓ
ઈંતેજારછે તેમને તે ભોગવવાને ઘણું શેહેલુંછે. એ
વું કરવાને નથી કોઈ મોટી માનતા કરવી પડતી કે ન
થી પોતાનાં શરીર ઊપર આજાબ ગુજારવો પડતો.
ફકત સદાચાર ને નીતી મારગ અખતીઆરમાં રાખવા
થી ચાહેતે તે કરી શકવાનો.

---

## સાબુ અને તેની બનાવટ.

સાબુ એ પદારથ જેનો આજ કેટલીક મુદત
થઈ આપણા લોકો ઊપઓગ કરતાં આવીઆંછે, તોપ
ણ બાઈઓ તમોએ ભાએગે કોઈવાર એવો વીચારકી
ધો હોએ કે સાબુ કેવી રીતે ઊતપન થએઓ ને કી
આં વરસમાં તથા એની અગાઊ માણસો પોતાંનાં બદન
સાફ રાખવાને શાનો ઊપીઓગ કરતાં હતાં. એ બં
ધે સવાલ ઘણાજ અગતના અને જરૂર કરી એના
જવાબ જાણવા લાએકછે.

ઈઊનાની અને રૂમી ગરંથકારોના ગરંથો ઊપ
રથી માલુમ પડેછે કે સાબુનો ખપ અસલથીજ એટલે
આજથી બે હજાર વરસ અગાઊ લોકોનાં જાણવામાં
આવેઓ હતો. જરમન અને ફરેંચ લોકો નાવાધોવામાં
અને ધોવાધાવામા એ પદારથનો ઊપઓગ કરતા, અ
ને એ પદારથને તેઓ પોતાની બોલીમાં "સીઈપ" કરી
બોલતા, તે ઊપરથી રૂમીઓએ તેને "સાપો" નામ
આપીઊં, અને બીજી ભાસામાં "સોપ" અને
આપણી ભાશામાં "સાબુ" એવાં એક બીજાને મલતાં
નામ પડીઆંછે. જે ગરંથકારો સાબુ વીશે લખી ગ
એઆછે તેઓ એમ જણાવેછે કે અગાઊ બકરાની ચ
રબી અને રાખ એ બંધેને ગરમીમાં પીગલાવી એક
કરી તેનો સાબુ બનાવતા હતા, તેમજ તે બે જાતનો
બનાવતા હતા—કઠણ અને નરમ.

એ પદારથ બનીઆ અગાઊ કેટલાક કુદરતી
પદારથો ધોવાધાવાના ખપમાં લાવવામાં આવતા હતા.
તેવા વખતમાં ઊનનાં ને એવાંજ બીજાં કપડાં ધોવા
ને હાલ કરતાં ભારે મેહેનત પડતી અને તે પણ વલી
હાલ જેવાં સફાઈદાર ધોવાતાં ન હતાં. હાલના ધોબી
ઓ જેમ કપડાં ઊપર બીલાંમાની જુદી જુદી નીશાંની
ઓ કરી કપડાં ધુવેછે તેમજ આગલા વખતમાં સઘલાં
કપડાં ઊપર નીશાંનો કરી તેને પાણીમાં બોલી પગ
તલે રગડોલી ધોતા હતા. કેટલીક વખતે લાકડાંની રા
ખના ઊપર પાણી રેડી તે રાખને ધોવાના કામમાં
લેતા હતા, તેમજ ઈજીપટ એટલે મીશરનો સુરોખાર પ
ણ મેલ કાપવા માટે ધોવાધોવાનાં કામમાં લેતા હતા.
વલી કેટલાંક દેશોમાંતો એવા થોડાક કુદરતી ઝરા વેહે
તા હતા કે જેમાં ઘણો ખાર હોવાથી તે ઝરાનાં પા
ણી ધોવાનાં કામમાં ઘણાં સારાં ગણાતાં હતાં. હજી
યુરપખંડના કેટલાક ભાગોમાં એવા ઝરા મલી આવે
છે ને લોકો તેમનો એજ રીતે ઊપયોગ કરેછે. એજ
પરમાણે બલકે એથી જાદે બલદનો તરો વાપરતા હ
તા. એ તરા ઊપર રેમ મધે એટલીતો તુટ પડતી
હતી કે રસતાને ખુણેખટોરે લોકો ટબ અને વાસણો
મુકી આવતા અને જારે તે ભરાતાં એટલે ને ઊપાડી
લઈ જતા હતા. એનીજ પઠે હાલ ચીનનાં કેટલાંક મુ
લકોમાં ધોવાધોવાની રીતો ચાલુછે. વેસપેસીઆના શા
નશાહેતો એ વસતુના વેપારીઓ ઊપર કર વરીક ના
ખીઆ હતા એટલી ઊપયોગી એ વસતુ થઈ પડી હ
તી. ઈંગલંડના ઊતરતા કેટલાક ભાગોમાં પણ એ વ
સતુ હજી વપરાએછે.

એ વસતુઓ સીવાએ કેટલીક જાતના આરામાં
તથા થુલાંમાં પણ મેલ કાપવાનો ગુણ માલુમ પડવાથી
તેવા પદારથોનો પણ ઊપયોગ થતો હતો. કેટલીક ત
કલીદ વસતુઓ જે ઘસીને ધોવાઈ શકાએ નહી અથ
વા જેમનો રંગ જાંખ મારી જાએ તેવી વસતુઓને
ચોખાનાં ધાનથી યાને ચોખાનાં માણીથી સાફ કરતા
હતા. તેમજ અરીઠા જે હાલ પણ આપણા લોકો ઘ
ણા વાપરેછે તેનો બેહદ ખપ ચાલતો હતો.

કેહેછે કે ઈ૦ સ૦ ૧૫૨૫ માં પેહેલ વેહેલો સાબુ
ઈંગલંડ મધે બનાવવાનું મંડાણ થઈઊં હતું; જે મુદ
ત અગાઊ ઈંગલંડના ખપ માટે બીજાં દેશાવરોથી
ઘણો સાબુ ઈંગલંડ વેચાવા આવતો હતો. સઊથી
પેહેલું સાબુ બનાવવાનું કામ રોમન લોકોએ જારી કી

ધું હશે એવું માનવાને જે કેટલાંક કારણોછે તેમાં મુખીઅ એ જણાવવામાં આવેછેકે જવાલા મુખીના સપાટામાં નાશ પામેલાં પોમપીઆઈમાથી સાબુ બનાવવાનું એક કારખાનું માલુમ પડીઊં હતું, અને તેમાં કેટલોક તઈઆર થએલો સાબુ પણ જણાતો હતો. એ આગલી સાબુની બનાવટમાં ને હાલની બનાવટમાં જાઝો ફેર માલુમ પડતો નથી.

સાબુ વેપારને લગતી જીનશોમાં પણ એક મુખીઅ વસતુ ગણાએછે, તેમજ શરીરની સુખાકારી અને સવચછતા અથવા સફાઈને માટે પણ એ પદારથ કાંઈ થોડો ઊપયોગી નથી ગણાતો. ઈંગલંડમાં હાલ ઘણી જાતના સાબુ બનાવવામાં આવેછે તેમાં પાંચ છ જાતજ માતરે સારી અને વાપરવા લાએકની ગણાએછે. ચરખી અને પાણી કદી એક બીજા સાથ મલી જતા નથી એટલા માટે એ બેની મેલવણી કરવાને એક જાતનો ખાર અથવા "અલકલી" સાથે વાપરવામાં આવેછે, અને એ મેલવણીથી સાબુ બનેછે. ઘણી જુદી જુદી જાતની આવેછે તેમાથી બે જાત પોટાશ અને સોડા ઘણુ કરીને સાબુ બનાવવાના કામમાં આવેછે. તેમજ વલી હાલ સાધારણ નીમકમાથી એક ખાર કાહાડી તેનો ઊપયોગ કરવામાં આવેછે, જે ઘણો સારો અને સસતો પણ પડેછે.


સાજીખારમાં કારબાનીક આસીદ હોએછે તે કાહાડી નાખવાને તેમાં ચુનાનું પાણી રેડેછે, ને પછે તેને ગાલી કાહાડેછે, તારે જે ખાર બાકી રેહેછે તેમાં કેટલીક ચરખી મેલવી તે ઊકાલવાનાં મોટા દેગો, જે સાબુ બનાવવાનાં કારખાનાઓમાં હોએછે, તેમાં નાખેછે. પચાસ મણ ખાર સાથે ૨૦૦ થી ૩૦૦ ગેલન ચરખી ભેલી ઊકાલવા નાખવાથી સરાસરી ૮૦ થી ૧૦૦ મણ સાબુ તઈઆર થાએછે. એ ઊકાલીને ચાર કલાક સુધી ઊકાલીઆજ કરેછે, જેથી ચરખી ખાર સાથ મલી તેનો ગુણ ફેરવાઈ તેનો સાબુ બનવા માંડેછે. ચાર કલાક પછે આતશ નરમ પાડી નાખી તેને થંડો પડવા દીએછે, ને પછે તેમાં જે ખારનો ભાગ રહેઓ હોએછે તેને ગાલી કાહાડેછે અથવા સાંચાની મદદથી ખેંચી કાહાડેછે ને વલી નવેસરથી બીજો નાખી તેને ફરી ઊકાલેછે, ને એ પરમાણે તરણ ચાર ઘાણ કરી ઊતારેછે. છેલો ઘાન ઊતારતી વેલા સાબુ છુટે પાડવા તેમાં થોડુંક નીમક નાખેછે. તારપછે આતશ એકદમ નરમ પાડી નાખી તેને થોડોકવાર સુધી જેમનું તેમ પડી રેહેવા દઈ લાકડાંનાં ચોકઠાં જે એ કારણસર તઈઆર રાખેલાં હોએછે તેમાં મોહોટા કરછા વતે નાખેછે. ને પછે તે જાંહાંવેર કઠણ અને ઘટ થાએ તાંહાંવેર બે તરણ દીવસ સુધી તે ચોકઠાંમાં પડી રેહેવા દેઈ પછે તે ચોકઠાંમાંથી તાર વટે તેના જોઈતી લંબાઈ પોહોલાઈના કટકા કાપી કાહાડેછે, ને તાર પછે વળી તે ચોસલાંને સુકવવા એક પર ચહડાવી મુકેછે.


સાબુનું ઊપર મુજબ કેટલુંક સાધારણ વરણન જણાવીઊંછે. કેટલીક જાતના ઊંચા હલકા સાબુ આવેછે તેનો મુખીઅ આધાર તેમાં વપરાતી વસતુઓ ઊપર રેહેછે. જેમ માલ ચોખો ને સાફ તેમ સાબુ સારો ને ઊંચો થાએછે. સોજો સાબુ બનાવવાને ચરબી ઘણીજ સોજી વાપરવી પડેછે. સાબુને તરેહવાર રંગનો પણ કરવામાં આવેછે, તથા તેમાં કેટલોક છુંદેલો રાલ પણ નાખેછે. જો કોઈ વેલા ચરબી કરતાં રાલ વધારે પડીઓતો તે સાબુ ઘણો ખરાબ નીવડેછે, દીલે ચોલીઆ પછી અગન બરેછે, તથા તેવા સાબુથી જો ઊંનનાં કપડાં ધોવામાં આવેતો તે બગડી જાએછે. સસતો સાબુ શોધનારાઓએ જરૂર ધીઆનમાં રાખવું જોઈએછે કે સારો સાબુ સસતો વેચતાં પરવડતો નથી. પણ જે માલ સસતો મલેછે તે ઘણોજ હલકો ને ઊતરતો હોએછે. એવો સાબુ બનાવવામાં ઘણીજ ખરાબ ને બદબો ભરેલી ચરબી સાથે રાલ ભેલી તે વાપરવામાં આવેછે. અમેરીકાના કેટલાએક લુચા કારખાના વાલાઓતો પોતાના સાબુના ઘાણમાં વધારો કરવાને ચરબીના ઊકલતા દેગોમાં મુએલા ભુંડ અને ડુકરો નાખેછે અને ઘણાજ ઊકાલીને તે પરાણીનાં હાડકાં શીવાએ તેનું સઘલું ગદ્દ સાથે વાપરેછે. અલબતાં એવી રીતનાં ટરકટો કાંઈ વેલાતી સાબુમાં થતાં નથી, તેટલું સારૂંછે, કારણ અતરે ઘણો ખરો સાબુ વેલાતથી આવેછે. સાબુમા જે પમરાટ અને મઘમઘાટ હોએછે, તે ઊકલતામાંજ નાખવામાં આવેછે. તેમજ ઘણો સોજો સાબુ બનાવવામાં ઊંચાં ને સોજાં તેલ વાપરેછે, તેમાં મુખીઅ કરીને ખસખસનું, અલસીનું, બદામનું, કોપરેલ વગેરે ચોખાં તેલ વાપરેછે.

---

## કપડાં—રેશમ, રૂ, તથા ઉન.


આપણે જે કપડાં પેહેરીએ છઈએ તે સઘલાં વનસપતીમાંથી અથવા જાનવરોના નીમાલામાંથી બનાવીઆમાં આવેછે. રેશમી, સુતરાઊ અને ઊનનાં મલી ઘણું કરીને તરણ જાતનાં કપડાં આપણાં પેહેરવાના વાપરવાસમાં આવેછે કે રેશમનો કીડો કરોલીઆની પેઠે પોતાનાં પેટમાંથી રેશમનો દોરો કાહાડીને તેની એક દડી બનાવેછે, અને તે દડીની માંહે તે કીડો પોતે રેહેછે. થોડા દીવશ પછે પેલી દડી ફોડીને તે કીડો પતંગીઆનો અવતાર લઈને બાહાર નીકલેછે, અને ઈંડાં મુકીઆ પછે મરણ પામેછે. એ ઈંડાં રાઈના






દાણા જેટલાં કદનાં હોએછે. જે દડીનું રેશમ કાહાડવાનું હોએછે તે દડીમાંથી પેલાં પતંગીઆંને બાહેર નીકલવા દેતા નથી, કાંજે દડી ફાટીઆથી તે ખરાબ થઈ જાએછે અને તેનો દોરો આખો નીકલતો નથી તેવી દડીઆને ઊના પાણીમાં ભીંજવેછે પછી. તેની ઊપરનો સઘલો દોરો ઊખેડી કાહાડેછે. કીડાએ બનાવેલી રેશમની દડીને "કકુન" કરીને કેહેછે. ગણત્રી કાહાડીઆ ઊપરથી એવો અડસટો થયોછે કે ૨૦૦૦ "કકુન" માંથી એક રતલ કાચું રેશમ નીકલેછે. દરએક કકુન ઊપરથી આસરે સાડાતરણ ગરેન એટલે એક વાલ રેશમ મલી આવેછે; તેમજ દરએક કકુન ઊપરથી સલંગ આખો ૬૦૦ થી ૧૦૦૦ ફુટ લાંબો રેશમનો દોરો મલી આવેછે.

વળી હીંદુસથાન મધે ખાન દેશ, ગુજરાત, તથા બીજા પરાંતોમાં અને અમેરીકામાં રૂનો પુશકલ પાક થાએછે. રૂ અથવા કપાસના રોપા તરણ જાતના થાએછે, એક જાતના રોપા વેલાની પેઠે જમીન ઊપર નાહાના હોએછે તથા બીજી જાતનાં આસરે એક ગજ ઊંચા ઝાડી જેવા થાએછે, તથા તરીજી જાતના ઝાડો ઘણાં ઊંચા વધેછે. એ સઘલાં ઊપર પીલાં ફુલો થાએછે ને પછે અખરોટ જેવાં મોહોટાં ફલો થાએછે જેને કરી કેહેછે. તે ફલની છાલ સઘલી કાલી હોયછે. એ ફલ જયારે પાકીને પુરૂ બાહારમાં આવેછે તીઆરે તે ફાટીને તેમાથી કાંઈ ઊજલો પદારથ બાહાર નીકલી આવેછે તેને આપણે રૂનાં નાંમથી ઓલખીયે છઈયે. ઊપર જણાવીઆ પરમાણેના પેહેલા અમેરીકાની જાતના રોપાનો રૂ ઘણો સરશ ગણાયછે. જયારે રૂનાં ફલ ફાટી તેમાંથી રૂ નજરે પડેછે તીઆરે તુરત તેને પીખી કાહાડેછે. ચરખાઓ માંડીને તે કપાસ લોહોડેછે, ને તેમાંથી તેનાં બીજ જેને કપાસીઆ કરીને કેહેછે તે જુદા કાહાડી લઈને પછી રૂની ગાંસડીઓ સકંજામાં દાબીને આ દેશથી ચીન તથા ઈંગલંડ ખાતે મોકલેછે. રૂ કાંતીને તેના દોરા કાહાડેછે તેને સુતર અથવા ગોડીઊં કરી કેહેછે. સુતરને વણીને તેનું તરેહવાર જાતનું કપડું બનાવેછે. ઈંગલંડમાં જેવું તરેહવાર ઘટ, ફુમાસદાર અને સસતું કાપડ થાયછે તેવું કોઈ બીજાં દેશોમાં બનતું નથી.




અગાઊના લોક સુતર તથા કાપડ હાતથી બનાવતા હતા પણ હમણા હાથનું કામ સાંચાઓથી બનેછે. ઈંગલંડ દેશમાં કાપડ બનાવવાનાં હજારો કારખાનાં છે, જેમાં લાખો માણસ દર રોજ કામ ઊપર લાગેછે અને કરોડો રૂપીઆની કીમતનું કાપડ વણાઈને આ દેશમાં તથા બીજા દેશાવરો ખાતે દર વરસે આવેછે. એવું ધારવામાં આવેછે કે હાલ દુનીયામાં બીજી બ



થી જાતનાં કાપડ કરતાં સુતરાઊ કાપડ વધારે લોકોનાં પેહેરવામાં આવેછે, અને તેથી કરીનેજ એ કાપડનો વધારે ખપ થાયછે. એ કાપડ સસતું પડેછે એટલુંજ નહી, પણ ગરમી અને થંડી એ બંધે રૂતુમાં ઘણું કરીને ઊપઓગી થઈ પડેછે.

જેમ એ રૂ ઝાહાડનાં ફલમાથી નીકલેછે તેમ ઊન કાંઈ ઝાડનાં ફલમાંથી નીકલતું નથી. ઊનનાં કપડા મેંઢાના નીમાલામાંથી બનાવવાંમાં આવેછે. કેટલીએક જાતના મેંઢા ઊપરથી જાડા અને ખબરાયલા નીમાલા મલેછે તથા બીજી કેટલીએક ઊંચી જાતનાં મેંઢા ઊપરથી સાફ અને સારા નીમાલા મલી આવેછે. દર વરસે એક વાર મેંઢાના શરીર ઊપરથી ખાલ કાપી કાહાડવામાં આવેછે.



ખાલ કાપીઆ અગાઊ મેંઢાઓને સારીં પેઠે ચોલીને નહવાડવામાં આવેછે, જેથી કરી તેમના ખાલ સાફ અને સોના ધાયછે. ઘણું કરીને ઊનાલાની રૂતુમાં મેંઢાના નીમાલા કાપવામાં આવેછે, તેનું કારણ એછે જે જો તાહાડના દીવસો ઊપર ખાલ કાપવામાં આવેતો બીચારાં ગરીબ મેંઢા તાહાડે ઠરી જાય. ખાલ કાપીયા પછે તેને નીવડી કાહાડી સાફ કરી તુણી કાહાડેછે ને પછે વણીને તેના લાંબા દોરા બનાવેછે, અને પછે જેવું જોઈએ તેવું તેનું કપડું વણેછે, કપડું તઈઆર થયા પછે તેને રંગેછે. સુતરાઊ કપડા કરતાં ઊનનાં કપડાં વધારે સારી રીતે રંગાઈ શકાય છે. કોઈ વેલાએ ફકત ઊનનેજ રંગેછે, કોઈ વેલાયે તેના દોરા કરી તેને રંગેછે અને કોઈ વેલાયે કપડું વણયા પછેજ એકદંમ રંગેછે. બીજાં સઘલી જાતનાં કપડાં કરતાં ઊનનાં કપડાં પેહેરવાથી શરીરમાં ગરમી વધારે રેહેછે, તેનુ કારણ એછે કે એ ઊનમાં એવી ખાસીયતછે કે આપણા સરીરની ગરમીને અંદરની અંદર અટકાવી રાખેછે, જેથી બદન હુંફમાનુ હુંફમાં રેહેછે. ઘણીજ ઊંચી જાતનાં ઊનની શાલો બનાવે છે. ધાબલી, કામલી, બરનુસ અને એવીજ હલકી કીમતનાં તથા ખરબચડાં વસ્ત્રો ઊતરતી જાતનાં ઊનના બનાવેછે. શાલ, ફલાનલ ગાલીચા વગરે કેટલીક ઘણી ઊપયોગની ચીજો મેંઢા જેવાં એક પરાણીની મારફતે પરમેશવરે આપણને આપી ન હોતતો આજ આપણને કેટલી અડચણો તથા હરકતો ખમવી પડત? સરવે સકતીમાન પરમેશવરે માણસોની દરએક હાજતો પુરી પાડવાને તરેહવાર યુકતીયો તથા કલા કીધીછે અને એવી યુકતી કલાઓથીજ એ કીરતારનું અપાર ડાહાપણ જેવું આપણને માલુંમ પડેછે તેવું બીજાં કશાંથી માલુમ પડતું નથી.

## દુનીઆનો મુસાફર.

### પત્ર ૪.

પેઆરાં બેહન,


તમારો પેઆર ભરેલો કાગલ મને મલેઓછે અને તે વાંચીને હું ઘણો ખુશી થએઓછું. તમને મારા કાગલોથી ઘણી રમુજ મલેછે એવું તમે જણાવો છો તેથી પણ મને બહુ ખુશી ઊપજીછે. આ કાગલમાં હું તમને જેપાન દેશની કેટલીએક હકીકત લખી મોકલુંછું. તેની સાથે હું તમને લારડ એલજીનની તસવીર પણ બીડુંછું. એ શખસ ઈંગરેજ સરકારની તરફથી એલચી દાખલ આ બાજુ તરફ આવેઓ હતો અને તે થોડા દીવસ ઊપર અતરેથી ઈંગલંડ તરફ રવાને થએઓછે.



লার্ড ক্লাইভ.

હવે હું તમને જેપાન વીશે વાત કહું. ચીન
ની ઊગમણી દશા ઊપર કેટલાંએક ટાપુઓ આવેલાંછે
જે જેપાનને નામે ઓલખાએછે. તે મધે તરણ ટાપુ
ઓ મોટાં અને મુખીઅછે. એ ટાપુઓની આસપાસ
ના દરીઆમાં ખડકો ઘણા તથા પાણી થોડાંછે તે
થી વાહણ લાવવા લઈ જવાને ઘણી સંભાલ રાખવી
પડેછે. જેપાનનો મુલક પાહડ અને ટેકડીઓથી ભરે
લોછે. તે મધે કેટલાંએક જવાલામુખી અથવા બલ
તા પાહડો બી બહુછે. નાહના ડુંગરે તથા ટેકડાઓ
ઊપર ખેતીવાડીની રચના બનાવીને ઘણા સુંદર કર
વામાં આવેઆછે. એ મુલકની હવા સમધારણછે પણ
વા વંટોલીઓ વારેવાર થઈ આવેછે. જેપાનમાં ધ
રતીકંપ પણ વારેવાર થાએછે. તે કારણ માટે એ
લોકો પોતાનાં ઘર ઘણા નીચાં બાંધેછે. ઊનાલાની
રૂતુમાં ગાજવીજ ઘણો ભઅંકાર દીઠામાં આવેછે. કો
ઈ કોઈ વેલાએ વાદલ એવું તો ગાજેછે કે તોપના મો
ટા બડાકા તેનો આગલ કાંઈ હીસાબમાં નથી. એ
દેશમાં મોટી નદીઓ નથી પણ કેટલાએક નાહાના ના
લાનો વેગ એટલો જોર ભરેલો હોએછે કે તે ઊપર પુ
લ બાંધી શકતા નથી.

જેપાનના લોકો મોગલ વંસનાછે. તેઓની
રીતભાત ચીનાઓને ઘણીખરી મલતી આવેછે. તેઓ
ઘણા ફશીવત વાલાછે. તેઓના નાક ચીનાઓના જે
વા ચપટાં નથી તોપણ ટુંકાછે. તેઓનો ધરમ ઘણુ ક
રીને ચીનાઓના ધરમને મલતો આવેછે. તેઓની
લીપી અથવા અખસરો ચીનાઓથી જુદાછે. તેઓ
સભીઅતા રાખનાર તથા આદરમાન આપનારા કેહ
વાએછે. મંડલીમાં કેમ ચાલવું અને કેવી રીતે અદ
બ અંદાજો રાખવો, પાણી કેવી રીતે પીવું એ વીગ
રેના કાએદા તેઓમાં ઘણાં સાધારણછે. તેઓ વેહમ
થી ભરપુરછે અને દરએક ડુંગર અને ગુફામાં તેઓ
નો દેવ બેઠેલોછે એમ તેઓ સમજેછે. તેઓની ઓર
તોનો પોશાક અને દેખાવ ખુબસુરત લાગેછે. ઓર
તોને ફરવાને વાસતે નકસીદાર બે પઈડાંની ગાડી હો
એછે અને તે ગાડી પાછલથી તેમની દાસી અથવા
ચાકરડી ખેંચેછે. તેનુ એક ચીત્ર પડાવીને આ કાગ
લ સાથે બીડીઊંછે.



કેટલીએક વાતમાં જેપાનના લોકો ચીનાઓ ક
રતાં સરસછે. તેઓની ખેતીવાડી સરસ ગણાએછે. ત
રવાર, દુરબીન, ઘડીઆલ, રેશમી તથા કાગલ કામ
બનાવવામાં તેઓ ચીનાઓ કરતાં વધારે વખણાએછે.
તેઓ બીજા દેશ સાથે વેપાર ચલાવવાને તથા બીજા
દેશના લોકોને પોતાના દેશમાં ચીનાઓની પેઠે આવ
વા દેવાને ખુશી નથી. ચોખા અથવા ચાવલ ઘણા
પાકેછે અને બીજા અનાજમાં તે મુખીઅ અનાજ એ
લોકોમાં કેહવાએછે. કપુરનું ઝાડ એ દેશમાં એટલું તો
મોટું થાએછે કે એક વખત એવા એક ઝાડના પોકલ
થડની અંદર પંદર માણસો માઈ શકેઆં હતાં. રો
ગાનનું ઝાડ પણ એ દેશમાં વખણાએલુંછે અને તે
માંથી જે ગુંદર નીકલેછે તે વારનીશ અથવા રોગણ
ના કામમાં આવેછે. જેપાન લોકોનો જાનવરી ખો
રાક માછલીનો મુખીઅછે. ચીનાઓની પેઠે તેઓમાં
ચાહનો શોક જણરોછે. ઘોડા વચલે વાઘેના પણ મ
જબુત મલેછે પણ એટલા થોડા કે અમીર ઊમરાવોજ
ઘોડા વાપરી શકે.

જેપાનનું રાજ જુલમી કેહવાએછે અને સન
૧૫૯૩ માં ટીઓગન નામના સરદારે થાપીઉં હ
તું. બાદશાહો એનાજ નામથી ઘણુ કરીને ઓલખા
એછે અને તેના હાથ નીચે બીજા ૨૦૦ અમીરો
એ દેશના જુદા જુદા ગામમાં પોતાનો અમલ ચલાવે
છે. એ દેશમાં પોરટુગીજ લોકોને જવાની છુટ આ
પી હતી તારે તે લોકોના પાદરીઓએ જેપાનના ઘણા
એક લોકોને ખરીસટી ધરમમાં વટલાવેઆં હતાં. એ
સબબથી જેપાની લોકોને મોટો કરોધ ઊપનેઓ અ
ને જેઓ પોતાનો અસલ ધરમ છોડીને ખરીસટી ધર
મમાં ગએઆ હતા તેઓની ઊપર તેઓએ મોટો ગ
જબ ગુજારવા માંડેઓ. કેટલાએકોને કકડના તેલની

કડામાં જીવતાને જીવતા બાફી નાખેઆ હતા. એ વખતે ૪૦ હજાર માણસોનો ઘાન નીકલેઓ હતો. તારપછી જેપાની લોકો ઈઉરોપીઅનોને આવતા અટકાવવા લાગા. જેપાનની વસતીનો અડસટો નીકલી શકેઓ નથી. રા કરોડથી પાંચ કરોડની વસતી ધારવામાં આવેછે.

એ મુલકનું પાએતખત શેહર જેડો કરીનેછે. તે ઘેરાવમાં ૨૦ માઈલછે અને તેમાં ૧૦ લાખ આદમીની વસતી ગણાએછે. શેહરના મધીઅ ભાગમાં શી આગન હાકેમનો મેહલછે. તેની આસપાસ પાંચ કીલા તથા બાગછે. ઘેરો લાકડકામનાં બાંધેલાંછે. શેહરમાં માલ લઈ જવા લાવવાને નેહરો બાંધેલીછે. એ શેહર મધે બે મોટા દફતરખાનાછે; તેમા દરએક મધે ૧૫૦૦૦૦ દફતરોછે.


હવે મારો વીચાર ઊતર તરફ રૂશીઆના મુલકમાં જવાનોછે અને, મારો પાંચમો કાગલ એ દેશના એક મુખીઅ શેહરમાં ગએઆ પછી હું તમને લખીશ. તમારા વરને તથા છોકરાઓને મારી વતી બોલાવજો.

હું છું તમારો
**પેઆરો ભાઈ.**

## ખાવા પીવામાં અંદાજો.

લુઈ કોરનારો એવે નામે વેનીસ નગરમાં એક અમીર રેહતો હતો. તેની ૪૦ વરસની ઊમર થઈ તાંહાંસુધી તે પોતાનાં બીજા કેટલાક દોસતોની મુઆફક ખાવા પીવાનો કાંઈ અંદાજો રાખતો નહી હતો. તેના એ પરમાણેનાં બેસુમાર ખાધા પીધાથી તેને હંમેશાં લોહીવીકાર, સંધીવા, તાવ અને એવાજ બીજા રોગો થતા હતા. એકવાર તે ઘણોજ માંદો પડીઓ તાઆરે તેનાં વઈદોએ તેને સલાહ આપી કે "જો તું ખાધા પીધામાં કાંઈ અંદાજો રાખશે નહી તો બેશક થોડા દાહાડામાં મરણ પામશે." વઈદની એ સીખામણ ઊપરથી લુઈ કોરનારે પોતાનો ગુજરો કરવાની રીત એકદમ બદલી નાખી તે એટલે સુધી કે ટુક મુદતમાં તે પરહેજગાર દાખલ વખણાઈ ગએઓ. એ પરમાણે પરહેજી પાલવાથી એક વરસની મુદતમાં તે સઘલા રોગથી મોકલો થએઓ. પછી તે દર રોજ ઘણોજ માફકસર ખોરાક તથા વજનસર દરાખનો દારૂ (વાઈન) લેવા લાગો. એણે ખાધા પીધાનું એટલુંતો કમતર કરી નાંખીશું હતું કે તેટલો ખોરાક ઘણાખરાનાં જીવને આધાર આપે એટલો નહી હતો પણ કોરનારો ઘણો ઘરડો થઓ તાંહાંસુધી એટલાજ ખોરાકથી તેનાં શરીરને સુખ રહીશું, ને તારપછે તેને કોઈ તેવાં દુખ દેનારાં દરદો થયાં પણ નહી. એ ૭૦ વરસની વયનો હુંતો તીઆરે એક દીવસે પડી ગઓ, જેથી તેનો એક હાથ તથા એક પગ ભાગી ગઆ હતા. એવી ઊમરે પોહાંચેલાં બીજાં કેટલાંક માણસોને એવું દુખ મટવું મુસકેલ પડેછે, તથા વખતે તેમનું મોત પણ આવેછે. પણ કોરનારોનું શરીર નીરોગી અવસથામાં હતું તેથી તેને થોડા દાહાડામાં આરાંમ થઓ. ૮૩ વરસનો થયો તોપણ તે ડુંગરો ઊપર દોડીને ચઢી જતો; જમીન ઊપરથી કુદીને ઘોડા ઊપર બેસતો, તથા તેનું ચીત એવુંતો ઠેકાણે હતું કે તે કેટલાક રમુજી નાટકો લખી શકતો હતો. હંમેશાં તે ખુશ અને રંગીલો રેહતો અને પોતાનાં અંતકાલ લગી છોકરાંઓની રમતમાં સામેલ થતો હતો. આ પરમાણે બેઅંદાજો છોડી અંદાજા ઊપર આવજાર સખસ ૯૮ વરસની વએ કાંઈ પણ મોટું દુખ દરદ ભોગવીઆ વગર અતીઅંત શાંતપણે મરણ પામીઓ.

## લડાઈ.



આગલા વખતમાં થઈ ગએલા કેટલાક રાજાઓ કરતાં રૂમનો પેહલો રાજા જુલીઅસ સીજર ધ

ણો હુશીઆર તથા અંકલમંદ ગણાતો હતો. એ રાજાની અકલ્લ હોશીઆરી સાથે તેનામાં નામ મેલવવાનો લોભ ઘણો હતો...જરાક નજીવી જેવી બાબદોમાં તે મોહોટી અને ભયંકાર લડાઈઓ ઊભી કરતો તે એટલે સુધી કે તેના મીત્રો વટીક તેની લડાઈમાં મારીઆ જાએ તેની તે કશી દરકાર રાખતો ન હતો. એનામાં લોભ માત્ર એટલોજ હતો કે જેમ તેમ કરીને નામ મેલવવું, અને આખી દુનીઆમાં પોતે એવોતો પંકાએલો કેહેવાએ કે પોતાની હઈઆતી તલક લોકો તેનીથી બીહીને ચાલે, અને તેને લોકો પોતાના મુરબી દાખલ ગણે; ઊપલાં ચીત્રમાં જુઓ જમણી બાજુએ વાહાણના છેડા ઊપર જુલીઅસ સીજર ઊભેલોછે. જુઓ એ સરદાર પોતાના બંધે હાથ પોહાલા કરી પોતાના માણસોને બાહાદુરીથી લડવાની ઊશકેરણી તથા હીમત આપેછે. વલી હેકલ્લ જોતાં કેવો દુખ ભરેલો દેખાવ માલુંમ પડેછે! જંગલી શોંડી ખાનાર જનાવરોની પઠે માણસો એક બીજાનો જીવ લેવાને કેવા લડેછે ! કેટલાકના હાતમાં ભાલા, કેટલાક પાસે તુલવાર અને કેટલાકો પાસે બરછીઓ અને ખંજરોછે! જુઓ તેઓ કેવા ખુન ઊપર ચડી ગયલા દેખાયછે. વલી કેટલાકો એક હાતમાં ઢાલ પકડી પોતાનો બચાવ કરતા બીજે હાથે ભાલા ભોકેછે ! બીચારા કેટલાકતો જખમી થઈ જમીન દોસત થઈ પડીઆછે. આ ચીત્રમા કેટલાક સીપાઈઓના પગ આંપણને આખા બરાબર દેખાતાનથી તેનું કારણ એછેજે તેઓ કીનારેથીલડેછે.

અફસોસ! માનવી જેવાં અકલમંદ અને સાનવાલા પરાણીઓ એક બીજાને પરસપર મદદ કરવાને બદલે આ પરમાણે તેમનો જીવ લેવાને તપેછે ! ખરેખર લડાઈ ઈશવરને મુદલ પસંદ નથી; એવાં કામથી તે સાહેબ કેટલો દલગીર થતો હસે ! મુલુક, કીરતી અથવા દોલત વધારવાની મતલબથી જેઓ આવી ભયંકાર લડાઈઓ ઊભી કરેછે, તેઓ ઈશવરી સજાથી છટકી જવાના નથી. લડાઈ જેવું દુખ અને લડાઈ જેવી આફત આ દુનીઆમા બીજી થોડીજ હસેજ! માટે હે પરમ કરપાલુ પરમેશવર આ દુનીઆમાંથી લડાઈ એકદમ નાબુદ થાએ એવી તું મેહેરબાની કર, અને પાપથી ઘેરાએલાં જે માનવીઓ એવી લડાઈઓ ઊભી કરતા હોય તેઓને તું નેક હેદાએત અને રૂડી બુધી બખશ કે જેથી ખુવાર થતાં બેહદ માણસો બચે!!

## છાપાખાનું અને છાપવાનો હુનર.

હમારી ઘણીખરી વાંચનારી બાઈઓએ છાપાખાનું કદી જોએલું નહી હોએ. તેઓ જે ચોપાનીઆં અથવા પુસતકો વાંચેછે તે કેવી રીતે છપાએછે તે જોવાને માટે તેઓને જોગવાઈ મલેતો ચુકવું નહી એવી હમો ભલામણ કરીએછે. મુંબઈ મધે સઊથી જોવા લાએક છાપાખાનું હાલ ટાઈમસ વાલાનું કોટ મધે મોટા દેવલની પાસેછે. એડીઊકેશન સોસાએટી પરેસ નામનું છાપાખાનું જે ભાઈખલા તરફછે તે પણ જોવા લાએકછે. તે જોવાને નહી બનેતો દફતર આશકારા અથવા ઈક્રોનીઅન પરેસનું છાપખાનું જોવાને ભુલવું નહી. જેમ સુતર તથા કાપડ વણવાના કારખાના જોવા જેવાંછે અને તે જોવાને ઘણીએક આસતરીઓ જાએછે તેમ છાપાખાના પણ જે જોવા લાએકછે તે જોવા જવાને ખોટી અને નકામી છીટ રાખવી જોઈએ નહી. હરએક ચીજ નજરે જોયાથી જેવી સેહલાઈથી સમજ પડેછે તેવી સમજ તે ચીજનું વરણન વાંચેઆથી પડતી નથી.

છાપવાનો હુનર પેહલ વેહલો જરમનીના મેનટજ નામના શેહરમાંથી ઈઊરોપના જુદા જુદા દેશ મધે દાખલ થએઓછે. ઈસવી સન ૧૪૬૬ માં ઈટાલીના રૂમ શેહર મધે દાખલ થએઓ હતો. ઈંગલંડ મધે ૧૪૬૮ ના વરસમાં છપાએલી ચોપડી હાથ આવીછે પણ સન ૧૪૭૧ પછી કાકસન નામના પુરૂશે એ દેશમાં એ હુનર જાહેર કીધો હતો. એ હોનર અમેરીકા મધે ૧૬૩૮ ના વરસમાં દાખલ થએઓ હતો અને હાલ તે તરફ ઘણો ફેલાઈ ગએઓછે.

મુંબઈ મધે આપણા દેશીઓમાં પેહલ વેહલું છાપાખાનું કાહડવાનું તથા ગુજરાતી ટાઈપ બનાવવાનું તથા મુંબઈ સમાચાર નામનું વરતમાન પતર કાહડવાનું માન હાલના દફતર આશકારા વાલાના વડા મરહુમ ફરદુનજી મરજબાનજીને ઘટેછે. એ ગહ્રસથે સન ૧૮૧૪ ના શાલમાં છાપાખાનું ઊભું કરેલું હતું અને ગુજરાતી છાપાના અખેરો પણ બનાવેઆ હતા.

હાલ જે ચોપાનીઆ તથા પુસતકો તથા વરતમાન પતરો તમો વાંચોછો તે ઘણુ કરીને ટાઈપ અથવા બીબાંથી છાપવામાં આવેછે. દરએક બીબું એક ઈંચ જેટલું લાંબું હોએછે અને તેની ઊપર ઊંધો અ




ખર જોયામાં આવેછે. તેનો નમુનો અતરે આપેઓછે. દરએક અખરને વાસતે એક એક બીબું જુદું હોએછે અને તે લંબાઈમાં સરખાંજ હોએછે. લખેલી બીના અથવા અખર પરમાણે બીબાં જોડનાર એક એક બીબુ સાથે મેલવીને જોડેછે.

એ બીબાં કેમ બનાવેછે અને તે શાના બનેછે તે વીશે તમને ટુકામાં જણાવવાની રજા લઈએછે. દરએક અખરને વાસતે તીખાં લોહડાનો ખીલો બનાવવો પડેછે જેને ઈંગરેજીમાં "પંચ" કેહછે. એ ખીલાની ઊપર ઊંધો અકસર કોઈ હોશીઆર કારીગર કોતરેછે. દરએક અખરના સઘળા ખીલા તઈઆર થએઆ એટલે તરાંબાની તખતી ઊપર તે અખસર મુકીને તે ખીલો હથોડાથી ઠોકેછે. તેથી તે અખસર જેટલો ઊંડો ખાડો પડીને તે મધે અખસર પડી રેહેછે. એ પરમાણે દરએક અખસરની તખતી તઈઆર કરેછે. એ તખતીને ઈંગરેજીમાં મેટરીકસ કરીને કેહછે. એ તઈઆર કરવામાં સંભાલ એટલી રાખવી જોઈએ કે ખીલો ઠોકતી વખતે જે અખસરનો ઊંડો ખાડો પડે તેની ઊંડાઈ સઘળી તખતીમાં સરખી જોઈએ. ખીલો ઠોકતી વખતે અખર બરાબર ઊંડાઈમાં નથી પડતો તો ફરીથી તેજ અખરનો ખીલો તેની ઊપર મુકીને ઠોકેછે અને જો વધારે ઊંડો ખાડો પડી ગએઓતો કાનસથી તે તખતીને ઘસી કાહડીને સરખી ઊંડાઈ લાવી મુકેછે. એ તખતી બનાવવાનું કામ પણ ખીલો બનાવનાર કરેછે.


દરએક અખસરની તખતી તઈઆર થઈ એટલે તે તખતી બીબાં ઓતી કાહડવા માટે એક મોલડમાં લાગુ પાડેછે. તેમાં લાગુ પડી એટલે સીસુ અને આનટીમની નાગની ધાતુની મેલવણીથી ધાતુનો રસ જે ભઠીની ઊપર પીગલેલો હોએછે તે ઊપલા મોલડમાં રેડીને એક એક અખસરના જેટલા જોઈએ તેટલાં બીબાં ઓટી કાહડેછે. એ બીબાં ઓટવાનું કામ ઘણું મુશકેલ નથી અને તે જુદોજ શખશ ચલાવેછે.

ટાઈપ અથવા બીબાં તઈઆર થએઆં એટલે લાકડાના ઘોડા ઊપર ખાંનાદાર ચોકઠાઓમાં ભરેછે. જુદા જુદા ખાંનામાં જુદા જુદા અખસર ભરેછે. તેનું ચીત્ર જોએઆથી સમજમાં આવશે. બીબાં ગોઠવનાર માણસ ઊભો રહીને અથવા ઊંચા ઈસટુલ ઊપર બેસીને લખેલા પરમાણે બીબાં ગોઠવેછે. ફલાણા




ખાંનામાં ફલાનો અખરછે તે એવુંતો ઈઆદ રાખેછે કે લખેલા પરમાણે જુદા જુદા અખરો જુદા જુદા ખાંનામાંથી તે મોટી ઝડપે ઊચકતો જાએછે. દરએક ઈસટાંડ અથવા ઘોડા ઊપર જે ખાંનાવાળું બીબાનું ચોકઠું હોએછે તેને "કેસ" કરીને કેહછે. દરએક ખાંનામાં ૧૦૦ થી ૧૫૦૦ અખસર હોએછે. **ન ત મ અ** એ અખસરો ઘણા અને વારેવાર વપરાએછે તેથી દરએક ખાંનામાં એ અખસરના પંદરસો બીબાં હોએછે, અને ઠ ઝ ઢ જેવા અખસર થોડા વપરાએછે તેના બીબાં દરએક ખાંનામાં ૧૦૦ થી ૧૫૦ હોએછે. મોટા કારખાનામાં એવા ઘણા કેસ હોએછે અને બીબાં જોડનારાઓની સંખીઆ પણ ઘણી હોએછે.

લખેઆ પરમાણે બીબાં ગોઠવીને તઈઆર થએઆં એટલે છાપાના ઈઅંતરમાં તેનો નમુનો કાહાડી જોવામાં આવેછે. એ નમુનાને ગાલી "પરુફ" કેહછે. તે પરુફ અસલ લખેલા સાથે મેલવીને છાપાખાંનાનો માનેજર અથવા પરુફ વાંચનાર વાંચી જાએછે અને તેમાં જો કાંઈ ચુક રહી ગઈ હોએતો તે ઊપર નીશાણી કરીને શાહીથી સુધારેછે અને તે પરમાણે આખું પરુફ વંચાઈ રહા પછી બીબાં જોડનારને આપવામાં આવેછે. જે ઠેકાણે ખોટું બીબું મુકાએલું હોએ તે ઊચકીને જરૂરનું બીબું મુકેછે. એ પરમાણે સુધારેઆ પછી ચોપડી અથવા ચોપાનીઆં અથવા વરતમાન પતરના કદ પરમાણે તેના પેજ અથવા પાંના બાંધેછે. તે બાંધવાનું કામ પરીનટર અથવા બીબાં ગોઠવનારને માથે જે ઊપરી હોએછે તેનુંછે. પેજ બંધાએઆ કે તેને છાપવાના ઈઅંતર ઊપર નાખેછે. એ નાખતી વેલાએ ઘણી સંભાલ રાખવી જોઈએ. ટાઈપ પડી ગએઆતો સઘળી મેહનત રદ જાએછે. પણ અનુભવવાળા પરીનટરથી એવી ગફલની બનતી નથી અથવા કોઈજ વેળા બનેછે. એવા એક બાંધેલા પેજનુ ચીત્ર હંઈ આપીએછે. ઈઅંતર ઊપર પેજ નાખેઆ પછી તેને મજબુત ઠોકીને બેસાડેછે અને તેમ કરતાં સરખો



કલાક અથવા કલાક વખત લાગેછે. સો બોધ જે સમો વાંચોછો તેના એક પેજ અથવા પાના જેટલા બીબાં ગોઠવતાં એક ચંચલ માણસને ૧૨ કલાક લાગેછે.

છાપવાના ઈઅંતર ઘણી જાતના આવેછે. તે વીલાતથી મંગાવવામાં આવેછે. તે લોખંડના હોએછે. તેની કીમત ઘણુ કરીને ૮૦૦ થી ૧૦૦૦ ઈઆ બારસો સુધીની હોએછે. તેવા એક મોટા ઈઅંતરનો



નમુનો અતરે આપેઓછે. એ ઈઅંતરમાં પેજ ઠોકેઆ પછી બે ઘાટી મલીને એ છાપવાનું કામ ચલાવેછે. એક ઘાટી શહીનો દંડો (રોલર) જે સરસનો બનાવેલો હોએછે તે બીબાં ઊપર હલુસે ફેરવેછે. તે ફેરવી રહેઓ કે બીજો ઘાટી યંત્ર ફેરવીને કાગલને દાબેછે. દરએક વેલાએ એકએક કાગલ છાપવું પડેછે. જેટલી નકલ છાપવાની હોએછે તેટલા કાગજ એક બાજુએ છપાઈ રહેઆ પછી બીજી બાજુએ છાપવામાં આવેછે. છાપવાની શીહાઈ લખવાની શીહાઈથી જુદી હોએછે. તે ઘણી જાડી અને જલદીથી સુકાઈ જાએ તેવી હોએછે. તે ઘણુ કરીને વીલાતથી આવેછે અને દરએક રતલની કીમત ૦ાા થી બે રૂપીઆ પડેછે. હથેલીમાં રહી શકે એટલી શાહીથી બારસો અથવા પાનસો નકલો છપાએછે.

## બરફ—બંધાએલુ પાણી.

ગરમીના દીવસમાં બરફ જેવી આશાએસ આપનારી ચીજ બીજી એકે નથી. થંડા દેશોમાં બરફના પાહડ, ટેકડા અને નદીઓ હોએછે. હીંદુસથાનની ઊતર દશાએ હીમાલઆ પાહડ ઊપર સઘળો બરફજ ભરેલોછે. તે ઊપરથી તેનું નામ હીમાલય અથવા બરફની જગા કરીને પડીઊંછે ઊતર અને દખણ દરના દેશો તરફ દરીઆના પાણી પણ બંધાઈને બરફ થઈ ગએલા હોએછે. કેટલાએક દરીઆ જે શીઆલામાં બંધાઈ જાએછે અને તેમાં વાહણ ચાલી શકતાં નથી તે ઊનાલામાં પીગલીને તેના પાણી વેહતા થાએછે અને પછી વાહણ ચાલી શકેછે. પણ ઠેક ઊતર અને દખણ છેડાઓ ઊપર દરીઆના પાણી હમેશ બંધાએલાં રેહેછે.

ઈંગલંડ અને બીજાં તેવાં ઠંડાં દેશોમે બરફ અતીઘણો મલેછે. લાપલાંડ નામના મુલકમાં બરફ ઊપરથી વગર પઈડાંની ગાડી "રેનડીઅર" નામનું સાબરના જેવું જાનવર ઘસડી લઈ જાએછે અને સેકડો માઈલની મુસાફરી બરફ ઊપર એ વગર પઈડાની ગાડીમાં થઈ શકેછે. ઈંગલંડ મધેના લોકો બરફથી કેવી ગમત કરેછે તે વીશે તમોએ કદાચ સાંભલીઊં હશે. બરફના ગોલ દડા બનાવીને રમેછે. વલી બરફ ઊપર ચાલવાની રમત સાધારણછે. એ કારણ માટે લોહડાંના જોડા જુદી જાતના આવેછે તે પેહરીને લોકો બરફ ઊપર રગડેછે. તે જોવાનો દેખાવ ઘણોજ રમુજ ભરેલો હોએછે. જરા આંચકો મારેઓ કે સરરર ચાલી જવાએછે અને નવા શીખાઊના કાચાં વારેઘડીએ રંગાએછે. જેઓને એ જોડા પેહરીને સડતાં આવડેછે તેઓને સડતા જોઈને ઘણી રમુજ ઊપજેછે.

ઊતર અમેરીકા અને બીજા થંડા મુલકોમાંથી આ શેહરમાં બરફ વાહણ ભરીને આવેછે. તેની આ સપાસ લાકડાંનો વેહર નાખેછે કે બાહરની ગરમી થો ડી લાગે. તોપણ તે લાવતાં લાવતાં પાણી ઘણુ પી ગલી જાએછે અને કદમાં ઘણો ઓછો થઈ જાએછે. મુંબઈમાં એ બરફ રાખવાની જગો તમોએ જોઈ હ શે. પાલવાના દરવાજા આગલ ઈસકાચ દેવલની પા સે અથવા ગોદીની સામે ગોલ ઈમારત બાંધેલીછે અ ને તે આઈસ હાઊસને નામે ઓલખાએછે.

એ બંધાઈ ગએલું પાણી પથરના જેવું સંગી ન અને મજબુતછે તોપણ તે પાણીમાં તરેછે. તમે એ ક બરફનો કટકો પાણીમાં નાખશોતો તે પાણી ઊપર તરતો દેખાશે તેનું કારણ એટલુંજ કે જારે પાણી બં ધાએછે તારે તે ફુલીને મોટા કદનું થાએછે અને તેથી તે સાધારણ પાણીથી વજનમાં હલકુ થાએછે. દરીઓ અથવા નદી જારે બંધાઈને બરફ થાએછે તારે ઊપર થોડાએક ફુટનું પાણી બંધાએલું બરફ થઈને રેહેછે અ ને નીચે સઘલું પાણી એમનું એમ વગર બંધાએલું રેહેછે. એથી ઈશવરનું અપાર દાહપણ માલુમ પડેછે. સઘળું પાણી જો બંધાઈ જાએતો નદી તથા દરીઆ મધેના સઘળા પરાણી (જનાવર) મરણ પામે, પણ ઊ પરનું થોડું પડ બંધાઈ ગઆ પછી નીચેનું પાણી વગર બંધાએલું રેહેછે. અને પાણી મધે રેહનાર સ ઘળા પરાણીઓનો એ રીતે બચાવ થઇ શકેછે. બેહ નો ! જુવો ઈશવરની કેવી અપાર શકતી અને ડાપ ણછે "

વધારે થંડા દેશનો બરફ વધારે કઠણ હોએછે. સપીસબરગન અને ગરીનલાંડ નામના મુલકો જે ઘ ણાજ ઊતર તરફ આવેઆછે તાંહાંનો બરફ એટલો તો કઠણ અને સખતછે કે હથોડાથીબી તમો ભાંગી શ કો નહી. ઈસવી સન ૧૭૪૦ માં જારે ઘણીજ સખ ત થંડી પડી હતી તારે રૂશીઆ દેશના પાએતખત શે હર (સેંટ પીટરસબરગ) માં બરફનો એક ઘણોજ સું દર મેહલ બનાવેઆમાં આવેઓ હતો. તે બાવન ફુટ લાંબો હતો અને વીસ ફુટ ઊંચો હતો. તેની ઊપર સુરજના કીરણ પડતાં હતાં તારે તે હીરાની મીસાલે ચકચકતો હતો. તેની આસપાસના કોટ ઊપર ૬ તો પ મુકવામાં આવી હતી તે પણ બરફની બનાવવામાં આવી હતી. તેના ગોલા પણ બરફના બનાવેઆ હ તા. તે તોપની અંદર દારૂ ભરીને ફોડવામાં આવતી હતી તોપણ તે ફાટતી નહી હતી. તેની અંદર કેટલી એકવાર બરફના ગોલા ભરીને ઓકના ઝાડ પાડી ના ખવામાં આવેઆં હતાં.

કેટલીએક જાતના વાસણમાં બરફ જલદીથી પીગલેછે. રૂપાના વાશણમાં ઘણોજ જલદીથી પીગ લેછે. તરાંબાના વાસણમાં પણ બીજી ધાતુના વાસ ણ કરતાં જલદીથી પીગલેછે. હવાના કરતા પાણી માં જલદીથી પીગલેછે. આતસની ભઠીની આગલ જેટલો જલદીથી તે પીગલતો નથી તેટલો જલદીથી ગરમ પાણીમાં પીગલેછે. હવાના સાચાથી ખાલી ક રેલી જગામાં જેટલો જલદીથી પીગલેછે તેટલો જલ દીથી હવા વાલી જગામાં પીગલતો નથી. હવા વા લી જગામાં પીગલવાને વીસ મીનીટ લાગેછે તો વગ ર હવાની જગામાં ચાર મીનીટ લાગેછે.

બરફથી કેટલાંએક ફલ તથા ખાવાના પદારથ વધારે થંડા અને વધારે લેહજતદાર થાએછે. બરફ થી દુધ બંધાઈ જાઈને આઈસ કરીમ બનેછે, જેનો સ વાદ કેટલો લેજતદારછે તે તમો જાણતા હશો. કાચ ના ગલાસમાં બરફ નાખેઆથી કાચના વાસણની બા હરની બાજુ ઊપર પાણી બંધાએછે તે તમોએ ધે આન રાખીને જોએશે હશે.

## એક મોટો પાણીનો ધોત.

ઊંચી જગા ઊપરથી પાણીનો મોટો રેલો જે પડે તે પાણીનો ધોત કેહવાએછે. દુનીઆં મધે કેટલે એક ઠેકાણે ડુંગર અને મોટા પાહાડ ઊપરથી પાણી ના ધોત પડેછે પણ તે મધે સઊથી મોટો અને સઊથી નામીચો ધોત ઊતર અમેરીકા મધે કાનેડાના મુલકમાં છે. એ મુલક ઈંગરેજ સરકારના તાબામાંછે અને તાં હાંના નાએગારા નામના એક શેહરથી ૧૮ માઈલ ને અંતરે એ મોટો પાણીનો ધોતછે. તે નાએગારા નો પાણીનો ધોત એવા નામથી દુનીઆમાં મશહુર થએલોછે. એક મોટી નદીને નદી ગોઆ ઊંચા પાહા ડ ઊપરથી નીચે ટુટી પડેછે. એના જેવો અચરતી ભરેલો, જોવા લાએક અને ભએંકાર દેખાવ દુનીઆં માં કોઈજ હશે. જેઓએ એ પાણીનો ધોત પોતાની

નજરે દીઠોછે તેઓ એકદમ થથરી ગયાછે અને તેઓની અચરતીનો સુમાર રહેઓ નથી. ૧૩૭ ફુટની ઊંચાઈ ઊપરથી એક મોટી નદીને નદી નીચે ટુટી પડેછે. તે પાણી જારે જમીન ઊપર નીચે પડેછે તારે તે જમીન સાથે એટલું તો જોરથી અફડાએછે અને પછડાએછે કે પાછું હવામાં ઊંચું ઊડેછે અને તેનો અવાજ ચાલીસ માઈલની વેગલાઈ સુધી સંભલાએછે. તોપનો અવાજ એથી અરધી વેગલાઈ ઊપર પણ સંભલાતો નથી. જેઓ એ પાણીના ધોતની નજીક ગએઆ હશે તેઓના કાન ગોઆ બેહેરા થઈ જાએ એવો મોટો ગોંધાટ અથવા અવાજ થઆ કરતો સાંભલેઓ હશે. વલી કોઈ કોઈ વખતેતો એટલો મોટો અવાજ થાએછે કે ૪૦ માઈલની વેગલાઈ કરતાં પણ વધારે વેગલાઈ ઊપર સંભલાએછે. અને તારે તાંહાંના લોકો સમજેછે કે હવામાં કાંઈ ફેરફાર જલદીથી થશે અથવા વરસાદ જલદીથી પડશે.

જે ઠેકાણે એ પાણીનો ધોત પડેછે તે ઠેકાણે પાણીની ધુમસ ધુવાડાની મીસાલે એટલી બધીતો આસપાસ ઊંચે ઊડેછે અને ફેલાઈ જાએછે કે દુરથી કોઈ અણજાણ માણસ એમજ સમજે કે મોટી આગ લાગીછે અને તેનો ધુવાડો નીકલેછે. એ ધુમસમાં જરા વાર આપણે ઊભા રહા હોઈએતો ભીનાઈને તરબોલ થઈ જઈએ. એ ધુમસમાંથી કેટલાએક પંખીઓ ઊડીને જારે જાએછે તારે એવાતો ભીનાઈને બેસુધ થાએછે કે નીચે પાણીમાં પડીને મરણ પાંમેછે.

તે પાણીનો ધોત દખણ પુરવ દશાએ પડેછે અને તે મોટી નદી થઈને ઊતર પશચમ દશાએ ચાલેછે. તેનો આકાર ઘોડાની નાલના જેવો કેટલેક સુધી દેખાએછે. તે ધોતની ઊપર નદીની વચે એક મોટો ખડકછે જે ૮૦૦ ફુટ લાંબોછે. એ ખડકનો હેઠલનો ભાગ ધોત પડેછે તાંહાં સુધી લાગેલોછે. પાણીનો વેગ એટલો બધોછે કે તેનો ખેઆલ થઈ શકતો નથી. એ વેગ પરથમતો એટલો નથી પણ જરા આગલ વધેછે તેમ તે અતી ઘણો માલુમ પડેછે. પંખીઓ જે તરવાના શોખે પડેછે તે થોડીવાર પછી એ વેગ સાથે ઘસડાઈને મરણ પાંમેછે અને જુદે જુદે કાંઠે નીકલી પડેછે. સપટેમબર તથા અકટોબરમાં એટલાબધાં પંખીઓ દર સવારે જુદા જુદા કાંઠા ઊપર ઘસડાઈને આવેછે કે નાએગરાના કીલલાના રેહવાશીઓનો મોટો ખોરાક થઈ પડેછે. તે શીવાએ દીપડા હરણ વગેરેના જનાવરો નદી પાર કરતાં તાણમાં ખેંચાઈ મરણ પામેછે અને દુર કાંઠા ઊપર તેના મુરદાં ખેચાઈ આવેછે. તેની અંદર બોટ જો છુટી મુકી હોએતો તે પણ એટલા વેગથી ઘસડાઈ જાએછે કે તેની અંદરના માણસોનો કાંઈ ઈલાજ ચાલતો નથી અને તેઓ મરણ પામેછે.

એ ધોતના પાણી ૧૬૩ ફુટ ઊંડાછે. એ ધોતની ૨૩૦ ફુટ ઊંચે ૮૦૦ ફુટનું એક જાડું દોરડું બાંધી લેવામાં આવીઊંછે. ધોતના પાણીનો દેખાવ સવારના ૧૦ વાગાથી તે પાછલા પોહરના બે વાગા સુધી દર રોજ એટલો ખુબસુરત થાએછે કે તેનું વરણન કોઈ પણ કલમથી થઈ શકતું નથી. તે વખત સુધીમાં વરસાદની કમાન જેવી કમાન પાણીની ધુમસ ઊપર થએલી વારેવાર માલુમ પડેછે. જારે પવનથી ધુમસ અથવા બાફ છુટો પડેછે તારે તે કમાન દેખાતી નથી પણ જારે પાછો એકઠો થવા માંડેછે કે તરત પાછી નજરે પડેછે. એ ધોતનું પાણી ઊંચા ડુંગર ઊપરથી એક મીનીટમાં ૨૦૦૦૦૦૦ (બે કરોડ) કુબીક ફુટ પડેછે—એટલું પાણી આખો દીવસ અને રાત પડેઆજ કરેછે. એ સઘળું પાણી ડુંગર ઊપર મોટા સરોવરછે તાંહાંથી નીકલીને આવેછે.

## મને ઈશવરે ફલાણી ચીજ કેમ ન આપી ?

એક સવારના મોર પકસીએ બુલ બુલ પકસીનું સુંદર ગાએણ સાંભલીઊં. તે સાંભલીને તે અફસોસ કરવા લાગો કે અરે હું આવો દેખાવમાં સુંદર અને ખુબસુરત છું અને મારા પીછાં આવા ચલકતાં અને સુંદરછે પણ મારો રાગ અથવા અવાજ ઘણો કઠોરછે. ઈશવરે મને બુલ બુલ પકસીના જેવો અવાજ સા માટે નહી આપેઓ. મારી ઊપર કેવી બેઈનસાફી થઈછે કે મારી ખુબસુરતી છતાં મને મધુર રાગ આપેઓ નથી અને બુલ બુલ જેવા હલકા પંકસીને એવો સુંદર રાગ આપેઓછે. આ પરમાણે બોલીને તે દુખ ધરેછે તેટલામાં એક પોપટ જે સઘલું સાંભલતો હતો તે બોલેઓકે અરે સુંદર પકસી તું એટલું દુખ શા માટે ધરેછે? ઈશવરે જુદા જુદા મરાંણી

ઓને જુદી જુદી બખશીસ કીધીછે. જેમ બુલ બુલ પ કસીને મધુર રાગ આપેઓછે તેમ તને ખુબસુરતી ત થા સુંદર પીછાં આપેઆંછે. હમોને બોલવાની શકતી આપીછે અને ખબુતરને નમનતાઈ બખસીછે. મોર બોલેઓ કે ખરી વાત પણ મારો અવાજ કઠોરછે તા રે હું ખુબસુરતીને શું કરૂં ? ખુબસુરતી નહી હોએતો પરવડે પણ મધુર રાગ વગર સઘલું ખોટું.

**તાત પરીઆ**—મેહરબાઈ કેહેછે કે ઈશવરે મને ખુબસુરતી આપીછે પણ મધુર રાગ નહી આપેઓતો શું કામનું ? પીરોજબાઈ કેહેછે કે મને સારૂં ગાતાં અ ને ભરતાં આવડેછે પણ ખુબસુરતી વગર શું કામનું. રતનબાઈ કેહેછે કે મને બધુ દીકછે હું ખુબસુરત છું પ ઈસે ટકે સુખી છું પણ મારો ભરતાર ખરાબ છંદમાં પડેઓછે તેથી બીજું સઘલું શું કામનું. ડોસીબાઈ કેહેછે કે મને બધુ સુખછે પણ ફરજંદનું નથી માટે ફ રજંદ વના બીજું સુખ શું કામનું. ઈતીઆદી ફરી આદ જુદી જુદી બાઈઓ જુદી જુદી રીતે કરેછે તેઓ એ ઊપલી મોરની વાંતથી શીખામણ લેવી જોઈએ. ઈશવરે સંમપુરણતા કોઈબી પરાંણીને આપી નથી અ ને પુરૂં સુખ કોઈબી માણસ ભોગવતું નથી. જેઓ માં કેલવણી અને સમજ વધારે હોએ અને પઈસા ન હી હોએતો તેથી દરરોજ અફસોસ મારીને પોતાના જીવને દુખમાં નાખવો નહી પણ ઈશવરે કેલવણી ત થા સમજ આપીછે તેથી સંતોશ પામી તેનો ઊપકાર માનવો. ખુબસુરતી અને પઈસો આપેઓ હોએ અ ને ફરજંદનુ સુખ નહી આપીઊં હોએતો તેને માટે બી હોએ અફસોસ કરીને દુખી થવું નહી પણ ખુબ સુરતી તથા તવંગરીને માટે સંતોશ પાંમીને ઈશવર નો આભાર માનવો. આતો વાત ચોકસ અને ખરી જછે કે ઈશવરે કોઈને પુરૂં શુખ આપીઊં નથી તથા સમપુરણતા બખસી નથી. તારે સમપુરણતા તથા પુ રૂં શુખ મેલવવાને માટે શા માટે નકામી આપડા અ ને ખોટો બલાપો દર રોજ કરવો જોઈએ.

---

## છાકટાપણાનું ઝાડ.

અરે!
છાકટા
પણાના પાપ
થી અકલ જાએછે
ઈઆદ શકતી નાસ પામેછે
શરીરને નુકસાની પોહચેછે
ખુબસુરતી ઘટેછે, કઉવત ઓછું થાયછે
લોહી બગડેછે, કલેજુ સુજેછે, મન નબલુ પડેછે,
ઈસપીટાલમાં જવાની જરૂર પડેછે, નહી રૂજાય તેવા ઘા
અંદરથી અને બાહારથી લાગેછે, વલી છાકટપણુ અકલનો ખવી
સછે, જીવનો જંમહુતછે, ગંનવાંનો ચોરછે, બીખારીનો
સોબતીછે, બાઈડીનો દુશમનછે, બધાંઓને દલગીરી
માં નાખનારોછે, માણસને હેવાન બનાવેછે,
તેની પાસે આપઘાત કરાવેછે, તે બીજાની
તંદરોસતી પીએછે પણ પોતાની
ગુમાવેછે, વલી એટલુંજ નહી
પણ છાકટા
પણાથી
આ દુનીઆમાં ઘણાંખરા કજીઆ
ઉપજેછે અને દુનીઆમાં
[illegible] કપટ [illegible]
ટુકામાં સઘલી ખરાબીનું મુલ
છાકટપણુંછે.

લીટરરી ફ્રેંડ.

---

## કરાંનો વરસાદ.

બેહનો ! તમોએ કરાંનાં વરસાદ વીશે સાંભલી ઊં હશે. ઠંડા મુલકમાં પાણી બંધાઈને નાહના નાહ ના બરફના કટકાનો વરસાદ પડેછે જે કરાંને નામે ઓલખાએછે. જારે કરાંનો વરસાદ પડેછે તારે ગાજ વીજ બહુ થઈ આવેછે. ગરમ દેશોમાં કરાં પડતાં ન થી પણ ઠંડા દેશોમાં કરાંનો વરસાદ સાધારણે કોઈ કોઈ વખતે ઘણાજ મોટાં કરાં પડેછે. ઈસવી સ ન ૧૨૧૦ માં ઈટાલી મધે ઘણાજ મોટાં કરાંનો વર સાદ પડેઓ હતો. તે મધેના કેટલાએક કરાંનું વજન સો રતલ જેટલું થતું હતું. તે મધેથી ગંધકનો વાસ નીકલતો હતો અને તેનો રંગ થોડો ઘણો આસમાની

હતો. ઈસવી સન ૧૭૮૬ માં લીસલ નામના એક ગામમાં મોટાં કદના કરાં વરસેઆં હતાં. તે કરાંની અંદર ભુરા રંગની એક ચીજ હતી જેથી તે કરાંને આતસમાં નાખેઆ પછે ફાટીને મોટો અવાજ થતો હતો. ૧૬૯૭ ના વરસમાં એપરીલ મહીનાની ૨૯ મી તારીખે ઈંગલંડના બે પરગણા ઊપરથી એક મોટું કાલુ વાદલ ગએઊં હતું તે મધેથી અરધા અરધા રતલના કરાં વરસેઆં હતાં. તે વરસાદ સાઠ માઈલ લાંબા અને બે માઈલ પોહલા વીસતાર ઊપર પડેઓ હતો. તેજ વરસના મે મહીનાની ૪ થી તારીખે ઈંગલંડના એક બીજા પરગણામાં વરસાદમાં મોટા પથર જેવાં કરાં પડેઆં હતાં. તે ગેરાંવમાં ૧૪ ઈંચના હતાં અને તેથી ઘણા લોકો મરણ પામેઆં હતાં. કોઈ કોઈ વેલાએતો હવામાંથી બરફના ઘણાજ મોટા પથરો પડેલાછે. એવા ચમતકારોથી ઈશવરની શકતી કાંઈ થોડી માલુમ પડતી નથી.

## પરચુરણ બાબદો.

**અમેરીકામાં લડાઈ**—અમેરીકામાં ઈઉનાઈટેડ ઇસટેટસછે તાંહાં હાલ લડાઈ ઉઠીને ઉભી થઇછે. એ મુલકમાં ગોલામનો વેપાર બહુ ચાલેછે અને તેના નવા હાકેમના વીચાર ગોલામના ધંધાની વીરૂધછે. ગોલામનો ધંધો કરનારા કેટલાએક રાજ છુટા પડેઆછે અને તેઓએ લડાઈ ઉઠાવીછે.

**લાલજીભટ જોસી**—મુંબઈ મધે એક ધુતારો બાહ્રામણ આવીને ભોલા લોકોને તથા ભોલી અસતરીઓને થોડાએક મંહીના થયા ઠગતો હતો તે એકાએક નાહસી ગએઓછે. કેહેછે કે એ ધુતારાએ કછ તથા કાઠીઆવાડના ઘણાએક ભોલાઓને એજ પરમાણે ઠગેઆ હતા. કેટલીએક ભોલી અસતરીઓ એ ઠગારા પાસે ઠગાઈ આવી હતી એ માટે હમો દલગીર છઈએ. હમારી વાંચનારી બાઈઓએ ખાતરીથી જાણવું કે ભવીશની અથવો છુપી વાતો કેહવાની શકતી કોઈ પણ માણસમાં છેજ નહી. જેઓ છુપી અને ભવીશની વાતો કેહવાનો ફાકો રાખેછે તેઓ ધુતારા શીવાએ કોઈ નથી. એવા ધુતારા ઉપર બાઈઓ તમો વીશવાશ રાખો તેની અગાઉ ઘણીજ તપાસ રાખજો અને તેઓથી ઠગાઇને બેવકુફમાં ન ખપો એવી સંભાલ રાખતા રેહજો.

**સીતલાનો વેહમ**—ગઓ દોહડ મહીનામાં સીતલાના રોગથી આપણી ટાપુમાં ઘણાજ આદમીઓ તથા બાલકો મરણ પામેઆછે. આપણા લોકો ગઉ સીતલા મુકાવવાની તજવીજ રાખતા નથી તેથી એટલી ખરાબી નીપજીછે. ગઉસીતલા મુકાવવા વાસતે કોઈ પણ સમજુ સ્રીએ વેહમ રાખવો જોઈએ નહી. અરે હજુર કેટલીબધી અસતરીઓ વેહમમાં પડેલી રહેલીછે. ભુલેશવર આગલ ગઓ દોહડ મહીનામાં થોડી અસતરીઓ જેવામાં આવતી નહી હતી તે મધે પારસણોપણ હતી. અબલા જાતમાંથી ખોરો વેહમ દુર થાએ એવું હમે ઈશવર પાસે માંગીએ છઈએ.

**ઈંગલંડના લોકોની સખાવત**—હાલ આપણા દેશમાં વાવીઅખુણાના પરાંતોમાં જે લએ કાર દુકાલળ પડેઓ છે તેહાંના ભુખે મરતા લોકોના બચાવને માટે ઈંગલંડ મધે લગભગ સાત લાખ રૂપીઆ ભરાઇ ચુકેઆછે. એ ઉપરથી ઈંગલંડ દેશના લોકોની ઉદાર બુધી કેટલી માલુમ પડે છે. એ દેશમાં જેટલા ધરમખાતાંછે તેટલાં આપણા દેશમાં નથી. દરીઆમાં ડુબી જતાં લોકોને બચાવવાને માટે હાલ એક મંડલી ઉભી થઇછે. એ મંડલીએ પોતાને ખરચે કેટલીએક "લાઇફબોટ" એટલે જીવ બચાવી શકે તેવા મછવા બનાવીને દરીઆમાં ફરતા મુકેઆછે. તેનો દર મહીનાનો ચાલુ ખરચ પણ ઘણો મોટોછે.

**મોટું દુખ**—જે વાતનો અટકાવ કરવાનું તમારા હાથમાં નથી તે વાતનું દુખ તમો ધરતા ના.

**દુખ ઊપર ડાહમ**—બાઈઓ ! કોઈને દુખ ઉપર ડાંમ આપતા ના. કોઈ શખસ ઉપર દુખ પડીઉં હોએ તો તેને મદદ થજો. દુખના વખતમાં ડાહેઆં થઈને શીખામણ આપવા જતા ના. માણસની પોતાની મુરખાઇથી કેટલાએક દુખ તેને માથે પડેછે તોપણ તેના મીતરોને ઘટેછે કે તેની મુરખાઇને માટે તેને એકદમ ઠપકો આપવાને બદલે પેહલ વેહલી-ઘરતી મદદ કરવી જોઈએ અને પછી ધીરજથી તેની ચુક તેને દેખાડવી જોઈએ.

**લંડન શેહરમાં જનમ તથા મરણ**—લંડન શેહરની વસતી મોટીછે તેમ તેમા જનમ તથા મરણ પણ ઘણા નીપજેછે. એક અઠવાડીઆમાં ૨૭૦૦ બચાંનો જનમ થાએછે અને મરણ ૧૫૦૦ માણસના થાએછે.

**પંખીનો લોહડાંનો માળો**—કબુતરો લોહડાંનો માલો બનાવી શકેછે એવું હાલ માલુમ પડીઉંછે. ઈંગલંડ મધે એક લુહારની વખારમાંથી ઘોડાની નાલ સલીઆ વગેરે લઈને લોહડાંનો માલો બનાવેઓ હતો અને તે માલામાં ઈંડાં મુકેલાં માલુમ પડેઆં હતાં.

**મીતરોની દલગીરી**—મીતરોના મરણથી આપણને જે દલગીરી ઉપજેછે તે તેઓના ગુણને માટે નહી પણ તે મીતરોથી આપણને પોતાને જે ફાએદો મલતો બંધ થાએછે તેને માટે તથા તેઓ આપણે માટે જે સારૂ મત ધરાવતા હતા તેને માટે.

**નાહની બાબદો**—કેટલીએક નાહની નાહની બાબદોથી માણસના મનનું જેવું સેહલાઈથી વજન થાએછે તેવું મોટી બાબદોથી થતું નથી. નાહની બાબદોથી માલુમ પડી આવેછે કે તે ખરેખર મોટા મનનોછે કે હલકાં મનનો ?

**ગરીબ તથા પઈસાવાલા વચ્ચે વાત ચીત**—એ પઈસાવાલો માણસ એક ગરીબ સાથે વાત ચીત કરતાં બોલ્યો કે 'ગોસની જગા કરવા સારૂ હુ જરા મેહેનત કરૂછુ'' પણ તારે પેલા ગરીબ મજુરે કહીઉં કે 'મને ગોસ મલે માટે હું મજુરી કરૂંછું.''

**સારી ચાલ વીશે શાખશી**—એક ઓરતે બીજાને જેહેર આપીઉં એવા શક ઉપરથી તેણીને ગુનેગાર ઠેરવવાની તઈઆરી થઇ હતી તારે તેણીએ જડજ પાસેથી માગી લીધું કે તેણીની આબરૂ અને ચાલ ચલણ વીશે તેના ખાવીંદની સાખશી લેવી. જડજે તેણીની અરજ કબુલ રાખી તેણીના ખાવીંદની સાખશી લીધી. ખાવીંદ બોલેઓ કે "હું જીવતોછું તે ઉપરથીજ સમજવું કે મારી ઓરત બે ગુનાહછે, કારણ કે એ ઓરતને મારી સાથે દશ વરશ થએઆ અણબનાવ ચાલેછે અને તે મને ધીકારેછે તેથી જો તેના મનમાં જેહેર આપવાનું હતેતો પેહેલાં મને મારી નાખતે, પણ તેણીએ તેમ કીધું નહીં" એ ઉપર તે ઓરતને છોડી દીધામાંઆવી.

---

**સુખી માણસોનું બે કદરપણું**—સુખી માણસો હમેશ શીખામણ તથા સલા આપવા બાંહેર પડેછે કારણ કે તેઓનાં પેટ મીશટાનથી ભરેલાં હોએછે તેથી તેઓ ભુખે મરતાંઓની કદર પીછાની શકતા નથી.

---

**વરતમાન પતરો**—બુલવર નામનો એક નામીચો લખનાર કેહેછે કે વરતમાન પતરો એક મોટા જહરાથી ભરેલા કુવાછે કારણ કે જે લોકો તે વાંચે તેમાંથી ગ્યાન પીઈ શકે પણ આપણી ટાપુના કેટલાંક પતરોના જહરા જલદી સુકાઈ જાએછે તેથી તેમાં ટીપણી પડેછે.

---

**મા બાપને દુઆ !!** એક ઉડાઉ અને ખરચણા છોકરાને હમેશ પઈસાની તાણ પડતી હતી પણ તેના મા બાપ માતબર હતા તેથી તે એક દાહાડે દુઆ માગવા લાગો કે "મારા મા બાપ કેઆરે તાકો ધડી કરે કે મને આવી કશટી ભોગવવી પડે નહીં."

---

**બેરામજી**—પારશીના નામ આગલથી બે દાહાડી નાખે તો-તે પણ હીંદુઓનો દેવ "રામજી" થઈને ખોદાઇ શકતીનો દાવો કરશે.

---

**ખરાબ સોબતથી વેગલા**—જેમ ઉંડા કુવામાંથી દોરડાં સુદી મેહેનત કરીઆ વગર નીકલી શકાતું નથી તેમજ ખરાબ સોબતમાંથી છટકવું મુશકેલ પડેછે માટે ખરાબ સોબતીઓથી વેગલા રેહવાને હમેશ તજવીજ કરવી.

---

**વરસાદની નીશાણ**—જારે ફુલોમાંથી ખુશબો ઘણી નીકલેછે ને દુરથી આપણા સુંગવામાં આવેછે તારે જાણવું કે વરસાદ આવવાને નજદીકછે. હરએક કંઈ બો હવાએલી હવાથી બહુ ફેલાએછે ને હવાએલી હવા વરસાદની નીશાણી છે. વલી હવા જારે હવાએલી થાએછે તારે અવાજ દુરથી સાંભલવામાં આવેછે. ઘંટો, મોટા ઘડીઆલો, રેલવેની ગાડીઓ, દરીઓ ઈતીઆદી ઘણા દુરથી સંભલાએછે. બા૦

---

## ઈશવર પરારથના

(રાગ—ધનાસરી.)

**આદત** માઠી તે આંટી કરી હરી,
શુભ વહીવટ બતાવ તું રે ॥
તારી સાહાએ જગતને જીતું,
પાખંડમાં પુરોજ હું રે ॥ ૧ ॥
**સોમ** સ્વભાવ રખાવ રોજે હરી,
ટેકમાં મુને ટકાવ તું રે ॥
તારી કુરૂપાયે ભાવ પુછે કોઈ,
અવીવેકમાં પુરોજ હું રે ॥ ૨ ॥
**મંગળ** થાએ સેવંતા સદા હરી,
પુજન ભયથી બચાવતું રે ॥
તારી નજરથી જીવ સંતોખે,
લોભમા તો પુરોજ હું રે ॥ ૩ ॥
**બુધ્ધ** તું તીક્ષણ બક્ષીને શ્રીહરી,
સારા સાર સમજાવ તું રે ॥
તારી રોશનીથી દુનીયાને દેખું,
અગ્યાનમાં પુરોજ હું રે ॥ ૪ ॥
**ગુરૂ**ઓએ સરસ લઈને હરી હરી,
શીખવીઉંછે કરતાં વતું રે ॥
તારી ઈચછાએ સદગુરૂ પામું,
મુરખાઈમાં પુરાજ હું રે ॥ ૫ ॥
**શુકર** માનુછું જગકર શ્રીહરી,
સમરણ સુખકું આપતુ રે ॥
તારી તજવીજે શી શી ગણું હું,
કુરૂતઘનતામાં પુરોજ હું રે ॥
**શનીચવર** કરીને નીતી પળવ હરી,
મુકતી પદ દરસાવ તું રે ॥
તારી ઉકે હુ નરમદ જીવું,
ભવભય મુઓ પુરોજ હું રે ॥ ૭ ॥

---

## સંપ વીશે.—(ચોપાઈ.)

એક થકી બે તેતો ભલા, સાચુ બોલે લોક સઘળા ॥
બે જણ એક વીચારે કરે, સેજે સારી શોભા ભરે ॥૧॥
સંપ કરેથી સસતું પડે, ધનધામાં લાભો બહુ જડે ॥
બે જણ સમજી જો ના લડે, તેઓને તીજો ના નડે ॥૨॥
બે જણ જુદા કરે વીચાર, તો થાએ બંનેની હાર ॥
પાસે કંઈ રેહે ના ધાર, થાએ લોકતણો ફીટકાર ॥૩॥
જે છોરૂઓ સાથે ભણે, જલદી ભણતર ભીતજ ચણે ॥
જલદી ધંધે લાગે કહું, જલદી સુખી થપલાં લહું ॥૪॥
માત તાત બાંધુની સાથ, હળી મળી રેહે દીન રાત ॥
તેને કંઈ વીઘન ના થાય, ઈશ્વરછે હંમેશ સહાય ॥૫॥
સંપ વડે નીભે સંસાર, સંપ વડે રેહેછે ભાર ॥
સંપ વડે સુખ અપરમપાર, સંપ વડે જગમાં એકાર ॥૬॥

# સ્ત્રીબોધ.

પુસતક ૫ મું | જુન ૧૮૬૧ | આંક ૬ ઠો.


## નઠારી ફ્રરંગીજ ઠેકાણે આંવી.

નાટક ૧.

પાત્ર.

ગોદરજ....શીરાજ શેહેરનો એક તવંગર ગરહસથ
કોબાદ.....એક વેપારીનો છોકરો.
તેહેમુર....ઇસફાન શેહેરનો એક ગહરથથ.
શાહાપુર....શીરાજ શેહેરનો એક ગરહસથ—તેહમુરનો મીતર.
ગુરગીન....તેહમુરનો મયફેરો ખીદમતગાર.
ફરંગીજ....ગોદરજની મોટી છોકરી.
મેહેરબાનુ...ગોદરજની નાહની છોકરી.
દરજી, સારંગીવાલો તથા બીજા ચાકરો ઇતીઆદી

ભાગ ૨.

પ્રવેશ ૧.

ફરંગીજ.

તેહેમુર જુઠી ધામધુમ કરીને તથા ફરંગીજના બાપ ગોદરજને તાલ મેલથી સમજાવીને જતો રહેઓ તેથી ઘરબારનો તથા પાડ પડોસનાં સરવ લોકોમાં તો ચોકસ ને ખરેખરો ખેઆલ એજ બેઠો કે અંતે ફરંગીજે પોતાનો ધણી પસંદ કીધો ને હવે ઠરાવ પરમાણે વેહેલાંજ એનાં લગન થશે જેમ જેમ વખત વેહેતો ગએઓ તેમ તેમ લોકની વધારે ખાતરી થતી ગઈ કે તેહેમુર ગોદરજને કહી ગએઓ તે મીસાલે ફરંગીજ જે ગડબડ વગેરે કરેછે તે માત્ર નામનુંછે. તેને વીશે ચાર લોકનાં દેખતાં વાત થાએછે તે તેને પસંદ પડતી નથી તે માટે તે એટલી ખટુ થાએછે એવી તરેહવાર રીતે સગાવાહાલાં, પાડ પડોસી તથા મોહોલાં ફલીઆનાં લોકો વીચારવા લાગાં. અંતે ફરંગીજથી થોબાઈઉં નહી—તેણીએ જાણીઉં કે આતો વાત બંધ બેઠા જેવી થઈ પડેછે અને લોકોમાં એ વાત એટલીતો ફેલાઈછે કે ગોઆ એક બારગી એ લગન થઈઆં એવી વાત થઈ પડીછે, તેથી તે ખુબ ગુસામાં આવી એક દીવશે પોતાના બાપ ગોદરજ પાસે ગઈ અને તાંહાં ખુબ બખાડીને તરેહવાર રીતે પોતાના બાપ સાથ લડવા લાગી તે બોલી "તું માહારો પીતા નથી પણ ખરો વેરીછે. તેં એક ભેજાં ફારેલા મુફલેશ અને કંગાલ મુજી લુચા શાથે ખાનગી ગોઠવણ કરી તેની શાથ માહારા નેકા કરી આપવાને ઈછીઉછે તો ખુબ કરી જાણજે કે હુંબી ખરી કે એવી રીતના રસમાં ભંગ કરીઆ વના રેહેનાર નથી." એ અને એવી બીજી ઘણી રીતે ફરંગીજે પોતાના બાપ સાથ બાથ ભીડી પણ તેણીનુ કાંઈ વલીઉ નહી. ગોદરેજે તો તેહેમુરનુ બોલવુ એટલુ શાચું માનીઉ હતું કે બસ કાંઈ કેહેવાની વાત નહી અને તે ઉપરથી તેણે પોને પોતાના દોસત આસનાઓમાં સાફ કહીઉ હતું કે ફરંગીજે પોતાનો ખાવીંદ પસંદ કીધોછે ને ફલાણે દીવશે લગન થનારછે. તે ઉપરથી બાપે દીકરીને સમજાવા માંડીઉ કે "બેટી હવે જાહાજું બોલવામાં સવાદ નથી જે થઈઉ તે થઈઉ હવેતો તુને તારાં એકબાલને તાબે થવાની ફરજછે. ઘરમાં અને તેમજ ગામ શેહેરમાં સઘલે ઠેકાણે છરેછોક બોલાઈ ચુકું કે ફરંગીજનાં લગનનો દીવસ મુકરર થએઓ તો .પછે હવે એ વાતનો વાધો લેવો મુનાસેબ નથી એટલુંજ નહી પણ ગામ શેહેરની લાનત નવેસરથી લેવી પડશે, માટે હવેતો જે થાએ તે જોઆ કરવાનો વખતછે." ફરંગીજ ઘણી ચીડુ, હુલડ ને કંકાસણી હોવા છતાં તેણીને પણ હવે એવુંજ લાગુ કે બાપ કેહેછે તે ફરૂસતછે. ગામમા ચો તરફ હો હો થઈ રહી ને વલી તેહેમુર પોતે કહી ગઓછે તે મુજબ ચોકસ વખતે શાદીની મજલસ સુધાં આવી ઉભો રેહેશે ને તેવી વેલાએ કાંઈ વાંધો માલી સકવાનો નથી માટે તે ચુપકીદી રહી, મનમાંતો બહુ બલવા લાગી, ખાવુ પીવુ ને ફરવુ હરવુ સઉ અકારૂ થઈ પડીઉ ઘરમાં સરવે સાથે ચીથરા ફારવાં માંડીઆં ને ટુકામાં કહીએતો તે એવી રીતે તો ઠેકાણે આવી ગઈ કે તેણીએ તેહેમુરને પોતાના ખાવીંદ દાખલ કબુલ રાખીઓ અને ઠેરવેલ દીવસે લગન થનારછે તે પણ થવાના એ તે વીશે પોતાની ખાતરજમા જણાવી.

પ્રવેશ ૨.

ગોદરજ.

ફરંગીજમાં આટલો બધો ફેરફાર થઈ ગએઓ તે આમસો જોઈ ગોદરજ એખલો પોતાના મન સાથ વીચાર કરવા

લાગો કે " આ તે કેવી રીતનો બનાવ, ખરેખર જેવાની સાથે તેવોજ બર આવતો દેખું. ફરંગીજનો આવો સવભાવ છતાં એક અથવા હરધા કલાકની વાતચીતમાં તેહેમુરે તેણીનું મન પીગલાવીઉ એ ઘણુ અજબ જેવુછે. હવે ગમે તે થાઓ, હતો એક ખરાં દુખમાંથી પરવારી ગએઓ. રાત દીવસની અફસોસ ને હલકાં લોકોની તાનાજનીથી મોકલો થઓ. તેમજ માહારી વાહાલી ને નેકજાદ મેહેરબાનુ પણ અજીમ દુખથી છુટી. હવે એ ગરીબ બીચારી છોકરીનો પણ રસતો આવશે. " એવા તરેહવાર વીચાર કરી ખુદાતાલાની શુકર ગુજારી કરેછે એટલામાં તેને એકાએક ઇઆદ આવીઉ કે "મેહેરબાનુની માગની કરનાર બે શખસોછે, જેવો ઉમરાવજાદા તથા ઉચી તાખમના લાએક અને કાબેલ સખસોછે, ને તેઓબી વલી એકક કરતાં સરસ, એકકને ટકર મારે એવાછે, તો પછે તેમાંથી કોણ સાથ મેહેરબાનુંનો હાત મેલવું એ મોહોટા અંદેશાની વાત થઈ પડીછે. તારે હું ધારૂંછું કે એ માટે પણ એક ઠરાવ કરી રાખુ ને જેમ ફરંગીજ વીશે ઠરાવ કીધોતો કે જાંહાંવેર એ છોકરીનું થાએ નહી તાંહાંવેર મેહેરબાનુંના નેકાની વાત કાહાડવી નહી અને તે ઠરાવને જેમ મજબુત વલગી રહેઓ ને જેથી કામ આબાદ પાર ઉતરીઉં તેમજ આ બીજા ઠરાવને પણ મજબુત વલગી રેહેવું. એ બીજો ઠરાવ એવો કરૂં કે ફરંગીજના ખાવીંદને જેમ પચાસ હજાર દીરમ આપવાની મેં કબુલાત આપેલીછે તેમજ તેટલા દીરમ જે માગણી કરનાર આપે તેનીજ સાથ મેહેરબાનુંનું કરવું. "

---

## પ્રવેશ ૭.

### ગોદરજ, કોબાદ અને શાહાપુર.

**ગોદરજ** (શાહપુર ને કોબાદ ઘરમાં આવેછે તેમને આં દરમાન આપી ઘરમાં દાખલ કરી બોલેછે) ભાઈઓ ઠીકજ થઇઉં. ફરંગીજ ઠેકાણે પડી એથી ઘણોજ કરાર વલીઓછે. ને હું ધારૂંછું કે જોડું ઠીકજ બંદ બેહુંછે.

**કોબાદ** જો સાહેબ એમાં શું પુછવાનું ! ખુદાતાલાનું જે ચાહાવું થાએછે તેવીજ વાત બનેછે. આજવેર એ છોકરી પડી રહી તથા સઘલાંઓને આટલાં દુખી કીધાં ને જારે ઉડાવ થઓ તારે કાંઈ વારબી લાગો નહી અથવા કોઈનાં મનમાં ચેતમાં નહી એવી રીતે વાત બંદ બેડી. એતો સાહેબ ખુદાની કુદરતછે. પણ સાહેબ હવે માહારી ફરમાસ એછે કે તમારા આગલા ઠરાવ મુજબ ફરંગીજ તો ઠેકાણે પડી હવે મેહેરબાનું સાથ હાથ મેલવવાને પેહેલો ઉમેદવાર હું છું તો તે ઉપર કાંઈ વીચાર કરવો. આજ લાબા દાહાડા થઆ રાત દીન ઈંતેજારીથી જે દીવસની વાટ જોતા હતા તે રૂડો દીવસ આવી પુગોછે, ને બીજું એકે હું તમારો પહોસી તેથી મેહેરબાનું સાથ નેકા કરવાને હું વધારે હકદાર ગણાઉછું.

**શાહાપુર**—કોબાદ ભાઈ તું એ તાલ મેલ છોડી દે. પેહેલો ઉમેદવારને પહોસી એ કાંઈ કારણ નહી કેહેવાએ. તાહારા કરતાં મેહેરબાનું ઉપર માહારો ચાહ ને પેઆર એટલોછે કે તેનું મોહોડે બઆન થઇ શકે નહી. ને જો બઆન કરવા માંડીઉં તો પુરતા બોલો મલી આવનાર નથી. રાત દીવસ માહારાં મનમાં કાંઈ નહી ને એની એજ વાત ઘોલાએ આ કરેછે. ને ફરંગીજનાં લગનની તું જેટલી ઈનતેજારીથી વાટ જોતો હતો તે કરતાં વધારે ઈનતેજારીથી એ રૂડા દીવસની વાત મે જોઈછે એટલુજ નહી પણ તે શાથે ફરંગીજના કારજનુ પેહેલુ મંડાણ માહારે હાતે થઈઉછે તેની જો પુરવારી જોઇએતો તેહેમુરને એટલોજ સવાલ પુછવો કે ફરંગીજ પરણુવાનીછે એહેવુ તેને કોણે કહીઉ અને કોણના કેહેવાથી તે ગોદરજ પાસે આવીઓ અને એ કારજ કેમ નકી થઈઉ. માહારી આટલી બધી ઈનતેજારી ને મેહેનત છતાં ગોદરજ તારાં બોલવા ઉપર કેમ ધીઆન આપશે. ?

**ગોદરજ,** (કોબાદ અને શાહાપુરને આ રીતે ટીખાંસપર આવેલા જોઈ) ભાઇઓ તમો એ રીતે શામાટે એક બીજા સાથ કચાકચી કરોછો.- એવા કોઈ વાંધા નહી પડે માટે મેં એક ઉપાએ આગલથી કરી રાખીઓછે જેથી એવા વાંધાનુ સેવટ તુરત આવશે. તમે બંઘેમાંથી જે શખસ માહારી મેહેરબાનુંને વધારે રકમની પેહેરામણી કરશે તેને એ છોકરી મલશે. તો કહો હવે કોબાદ તને કેટલી રકમની પેહેરામણી કરશો.

**કોબાદ** તમોએ મને એ સવાલ પુછવો નહી હતો તમો જાણોછોતો ખરા કે તમારી પહોસમાંજ માહારૂ ઘરછે તેમાં તરેહવાર સીંગાર અને શોભા આપનારાં રાચ રચીલાં ને બીજો કેટલો સર સરંજામ ને અસબાબછે તે સાથે બીજી કેટલી બધી મીલકત હમારીછે તે સઘલાંનો માલેક હુંછું તોપછે તે સઘલું કોણને મલવાનું. !

**શાહાપુર** ઠીકછે શાહેબ, એણેતો એટલુજ બતલાવીઉ પણ હવે માહારૂ સાંભલો. હું માહારા બાપનો એક પુરો છોકરોછું. કોબાદ જે પોતાના સંગારેલાં એક ઘર વીશે બોલેછે તો એવાં બલકે એથી વધારે સીંગારેલાં હમારાં તો ચાર ઘરોછે, ને તે સઘલાં એના ઘર કરતાં મોટાં ને જેમાની એક એક વસતુની કીમત કરવા બેસોતો તે થઈ શકવી કઠણ પડે, તે વગર બાવાજીની એક જાગીરછે જેની વરસે ચાર હજાર દીરમની ઉપજ થાએછે તે વગર હમારા ગાડી ઘોડા ઢોર ને બીજા માલ મીલકતની ટીપ કરવાને તો કદાચ મહીનાના મહીના લાગે. તો જો હવે મેહેરબાનુંના નેકા મારી સાથે થાએતો તે સઘલાંનો વારસો જે મને મલે તે તેનોજ ગણાએ કે કોણનો ! વાસતે તમોએ તમારી મેહેરબાનુંના નેકા કરવા બાબે જે ઠરાવ કીધોછે તે ઠરાવ મુજબ એ છોકરી સાથ મારા નેકા થવા જોઈએ. તમારા કીધેલા ઠરાવ મુજબ કોબાદનો હક તદન ઉડી જાએછે.

**ગોદરજ** ખરી વાતછે સાહેબ, હું કબુલ કરૂંછું કે તમારી માગણી વાજબીછે ને કોબાદ કરતાં તમારો હક વધારે ગણવો જોઈએ, અને મેહેરબાનું સાથ તમારા નેકા કરી આપવાને હું રાજીછું. પણ તે નેકા થાએ તેની અગાઉ તમારા બાવાજીની મારફતે મેહેરબાનુંને ખાતરી ભરેલો દસતાવેજ કરાવી આપો કે જે તમે આટલું બધું કહીઉં તે સઘલું મેહેરબાનુંનુંછે. એમ કરવાનું કારણ એછે કે વખતે નેકા થઆ પછે ખોદા ન કરેને તમારી કજા થઈ તો પછે મેહેરબાનુંને કાંઈ તમારો વારસો મલનાર નથી. માટે જો બાવાજીની મારફતે એવો દસતાવેજ પસાર કરાવી આપો તો એ છોકરી તમારી ધણીઆનીછે એમ સમજો નહી તો મને માફ કરો. કાંએકે

પછે ક્રોબાદની ચોટી પેહેરામણીછે પણ તે ચોકસછે કારણ પોતે તેનો આલેકછે વાસતે તેને એ છોકરી આપવામાં આવશે.

**શાહાપુર** અરે સાહેબ એ તે શું બોલોછો ! તમે નથી જાણતા કે હવે બાવાજી જીવી જીવીને કેટલા દાહાડા જીવવાના ? પોણોસોની ભરતીમાં આવી ચુકાછે, ને હું તો નો જુવાનછું તો પેહેલાં તેવણ ગુજરવા જોઈએકે હું !

**ગોદરેજ** ના ભાઈ એ વાતનો કાંઈ ભરૂસો નથી, ઘરડાઓ તડાના તડા કરેછે ને બોલ બોલતામાં ગુછપર લીલુ ઠરે નહી એવાતો જુવાંનો ચાલીઆ જાએછે. ઘરડા જાણી કાંઈ મરવું નથી ને જુવાન જાણી કાંઈ જીવવું નથી. એતો ઈશ્વરનાંનો હુકમ. વાસતે મેં જે ઉપર કહીઉંછે તેજ પરમાણે હોએ તો એ વાત ફરીથી મન ઉપર લેજો નહી તર એકદમ હાત ઉઠાવજો. બીજું ભાઈઓ હવે મને વખત નથી. ફરંગીજીના લગનનો દીવસ આથે આવી પુગોછે તો મને હવે તેની સરવ પરકારની તઈઆરી કરવામાં ગુતાવુંછે, આરે મને રજા આપશો તો મેહેરબાની થશે.

(સાહેબ સલામ કરી સઘલા છુટા પડીઆ.)

---

## વીકટર દાશીઉ નામના એક ભલા આદમીની વાત.

કેટલાક વરશ ઊપર ફરાંસ દેસ મધે સેન નદીને કીનારે એક નાહની જુપડીમાં વીકટર દાશીઊ નામનો એક ગરીબ, પણ ભલો, પરમાણીક અને ખરેખરો પરોપકારી શખસ રેહેતો હતો. એ શખસ કાંઈ ધંધો કરતો ન હતો પણ એ જગાએ એવી મતલબથી રેહેતો હતો કે કોઈ અજાણ્યુ માણસ જાણ અથવા અજાણથી નદીમાં પડેતો તેની પાછલ પડીને તેને ડુબવાથી બંચાવવું અને એવી રીતે બચેલા લોકોથી જે કાંઈ થોડું ઘણુ ઈનામ મલે તેથી ગુજરાણ ચલાવવું. બીજા દેશો મધે એવી જાતના જોખમ ભરેલા ધંધા પછવાડે લોકો થોડાજ દુખી થાએછે પણ ફરાંસ મધે એવી ઘણીક વાતો આપણા સાંભલવામાં આવેછે તેથી હરેક પુરૂશને સંતોશ ઊપજેઆ વગર રેહેતો નથી.

એ ભલા શખસને તેની ગરીબીને લીધે ઘણીએક મુશીબતો ખેંચવી પડતી હતી અને તેમાં સઊથી દુખ દાએક એ વાત હતી કે તે સંધીવાથી નબલો પડી ગએઓ હતો. એ આવી હાલતમાં હતો તોપણ તે ઘણોજ ખુશ રેહેતો હતો અને નદીની સપાટી ઊપર હમેશ બરાબર નજર રાખતો હતો. એક દાહાડે તે પોતાની જુપડીના દરવાજા આગલ બેઠેલો હતો એટલામાં તેણે દુરેથી એક માણસને પાણીની સપાટી ઊપર દીઠો. બે મીનીટમાં તેણે પોતાનાં કપડાં ઊતારેઆં અને નદીમાં પડેઓ. પણ જેવો તે પોતાની ધારેલી ચીજ પાસે જઈ પુગો એટલે તેમાંથી નીકલતી ખરાબ વાસ તેને આવવા લાગી અને તે ઘણા દીવસનું મુડદું છે એવું માલુમ પડીઉં.

પણ આવી હાલતમાં ગરીબ વીકટર દાશીઊએ તે મુરદાંને પડવા દીધો નહીં. જલદીથી તે તેને મુકરર કરેલી જગાએ ઊંચકી ગએઓ અને તાંહાં તેને સરકારના કાએદા પરમાણે ઠેરવેલી મુદત સુધી રાખેઓ. વલી તેણે તે મુડા માણસના કપડાં તપાસી જોએઆં પણ તેથી કાંઈ તેના નામની ખબર પડી નહીં. પણ તેના ગજવામાંથી એક જુની ચામડાની પાકેટ કેસ નીકલી તેમાં હજાર હજાર ફરાંકના ચોવીસ બેંક બીલ હતાં. તે તેણે બરાબર સુકવીને પાછાં પાકેટ કેસમાં નાખી પોતાના એક ખાનાના ખુણામાં પડી રેહેવા દીધાં તથા તે વીશે તેણે પોતાની બાએડી અથવા છોકરાંઓનેબી કાંઈ ચેતાવીઊં નહીં, કારણ કે તે એવું ધારતો હતો કે તે તથા તેનું કુટંબ દુખી હાલતમાંછે તેથી કદાચ તેમાંનું થોડું ઘણુ નાણુ લેવાને લલચાએ.

એ શીવાએ પેલા દુખી મરણ પામેલા શખસના ચેહેરાની તેણે નીશાણીઓ લખી લીધી અને તે બાબત ઘણાક વરતમાન પતરોમાં જાહેર ખબર છપાવી કે એક દેખઈતું મુડદું માણસ નદીમાં પડીને મરણ પામીઊંછે અને તેની કેટલીક દોલત વીકટર દાશીઊના હાથમાં આવેલીછે માટે તેના સગાંવાલાં અથવા વારેસો પોતાની સગાઈ અથવા હકની ખાતરી કરી આપશેતો તે દોલત તેઓને આપવામાં આવશે.આવી જાહેર ખબર કેટલાક મહીના સુધી છપાએઆ કીધી અને ઘણાએક લોકો તે દોલત ઊપર પોતાનો દાવોબી કરવાને આવેઆ પણ કોઈબી શખસ વીકટર દાશીઊના શવાલોનો જવાબ બરાબર આપીને પોતાના દાવા વીશે ખાતરી કરી શકેઓ નહી.

એવી રીતે વીકટર દાસીઊની મરજી ન છતાં તેને પેલા ચોવીશ હજાર ફરાંક પોતાનાં કબજામાં રાખવા પડેઆ અને તે વાતને તરણ વરશ થઈ ગએઆં. એ વખતમાં વીકટર દાશીઊ અને તેની હાલત વધારે બગડી. એક સખત શીઆલામાં સીનનો કીનારો બરફથી ઢંકાઈ ગએઓ તેથી કરીને તેની જુપડી

લાગે કે " આ તે કેવી રીતનો બનાવ, ખરેખર જેવાની સાથે તેવોજ બર આવતો દેખું. ફરંગીઝનો આવો સવભાવ છતા એક અથવા હરધા કલાકની વાતચીતમાં તેહેમુરે તેણીનું મન પીગલાવીઉ એ ઘણુ અજબ જેવુછે. હવે ગમે તે થાઓ, હતો એક ખરાં દુખમાથી પરવારી ગએઓ. રાત દીવસની અફસોસ ને હલકાં લોકોની તાનાજનીથી મોકલો થઓ. તેમજ માહારી વાહાલી ને નેકજાદ મેહેરબાનુ પણ અજીમ દુખથી છુટી. હવે એ ગરીબ બીચારી છોકરીનો પણ રસતો આવશે. " એવા તરેહવાર વીચાર કરી ખુદાતાલાની શુકર ગુજારી કરેછે એટલામાં તેને એકાએક ઈઆદ આવીઉ કે "મેહેરબાનુની માગની કરનાર બે શખસોછે, જેવો ઉમરાવજાદા તથા ઉંચી તોખમના લાએક અને કાબેલ સખસોછે, ને તેઓ બી વલી એકક કરતાં સરસ, એકકને ટકર મારે એવાછે, તો પછે તેમાંથી કોણ સાથ મેહેરબાનુંનો હાત મેલવું એ મોહોટા અંદેશાની વાત થઈ પડીછે. તારે હું ધારૂંછું કે એ બારે પણ એક ઠરાવ કરી રાખું ને જેમ ફરંગીઝ વીશે ઠરાવ કીધોતો કે જાંહાંવેર એ છોકરીનું થાએ નહી તાંહાંવેર મેહેરબાનુંના નેકાની વાત કાહાડવી નહી અને તે ઠરાવને જેમ મજબુત વલગી રહેઓ ને જેથી કામ આબાદ પાર ઉતરીઉં તેમજ આ બીજા ઠરાવને પણ મજબુત વલગી રેહેલું. એ બીજો ઠરાવ એવો કરૂં કે ફરંગીઝના ખાવીંદને જેમ પચાસ હજાર દીરમ આપવાની મેં કબુલાત આપેલીછે તેમજ તેટલા દીરમ જે માગણી કરનાર આપે તેનીજ સાથ મેહેરબાનુંનું કરવું. "

---

## પ્રવેશ ૨.

### ગોદરજ, કોબાદ અને શાહાપુર.

**ગોદરજ** (શાહપુર ને કોબાદ ઘરમાં આવેછે તેમને આદરમાન આપી ઘરમાં દાખલ કરી બોલેછે) ભાઈઓ ઠીકજ થઈઉં ફરંગીઝ ઠેકાણે પડી એથી ઘણોજ કરાર વલીઓછે. ને હું ધારૂંછું કે જોડું ઠીકજ બંદ બેઠુંછે.

**કોબાદ** જી સાહેબ એમાં શુ પુછવાનું ! ખુદાતાલાનું જે ચાહાવું થાએછે તેવીજ વાત બનેછે. આજવેર એ છોકરી પડી રહી તથા સઘલાંઓને આટલાં દુખી કીધાં ને જારે ઉઠાવ થઓ તારે કાંઈ વારબી લાગો નહી અથવા કોઈનાં મનમાં ચેતમાં નહી એવી રીતે વાત બંદ બેઠી. એતો સાહેબ ખુદાની કુદરતછે. પણ સાહેબ હવે માહારી ફરમાસ એછે કે તમારા આગલા ઠરાવ મુજબ ફરંગીઝ તો ઠેકાણે પડી હવે મેહેરબાનું સાથ હાથ મેલવવાને પેહેલો ઉમેદવાર હું છું તો તે ઉપર કાંઈ વીચાર કરવો. આજ લાંબા દાહાડા થઆ રાત દીન ઈંતેજારીથી જે દીવસની વાટ જોતા હતા તે રૂડો દીવસ આવી પુગોછે, ને બીજું એકે હું તમારો પહોસી તેથી મેહેરબાનું સાથ નેકા કરવાને હું વધારે હકદાર ગણાઉંછું.

**શાહાપુર**—કોબાદ ભાઈ તું એ તાલ મેલ છોડી દે. પેહેલો ઉમેદવારને પહોસી એ કાંઈ કારણ નહી કેહેવાએ. તાહારા કરતાં મેહેરબાનું ઉપર માહારો ચાહ ને પેઆર એટલોછે કે તેનું મોહોડે બઆન થઈ શકે નહી. ને જો બઆન કરવા માંડીઉં તો પુરતા બોલો મલી આવનાર નથી. રાત દીવસ માહારાં મનમાં કાંઈ નહી ને એની એજ વાત પોતાએ આ કરેછે. ને ફરંગીઝનાં લગનથી તું જેટલી ઈનતેજારીથી વાટ જોતો હતો તે કરતાં વધારે ઈનતેજારીથી એ રૂડા દીવસની વાત મે જોઈછે એટલુજ નહી પણ તે શાથે ફરંગીઝના કારજનુ પેહેલુ મંડાણ માહારે હાતે થઈઉછે તેની જો પુરવારી જોઈએતો તેહેમુરને એટલોજ સવાલ પુછવો કે ફરંગીઝ પરણવાનીછે એહેવુ તેને કોણે કહીઉ અને કોણના કેહેવાથી તે ગોદરજ પાસે આવીઓ અને એ કારજ કેમ નકી થઈઉ. માહારી આટલી બધી ઈનતેજારી ને મેહેનત છતાં ગોદરજ તારાં બોલવા ઉપર કેમ ધીઆન આપશે. ?

**ગોદરજ**, (કોબાદ અને શાહાપુરને આ રીતે ટોખાં સપર આવેલા જોઈ) ભાઈઓ તમો એ રીતે શાઆરે એક બીજા સાથ કચાકચી કરોછો.- એવા કોઈ વાંધા નહી પડે મારે મેં એક ઉપાએ આગલથી કરી રાખીઓછે જેથી એવા વાંધાનુ સેવટ તુરત આવશે. તમે બંનેમાંથી જે શખસ માહારી મેહેરબાનુંને વધારે રકમની પેહેરામણી કરશે તેને એ છોકરી મલશે. તો કહો હવે કોબાદ તમે કેટલી રકમની પેહેરામણી કરશો.

**કોબાદ** તમોએ મને એ સવાલ પુછવો નહી હતો તમો જાણોછોતો ખરા કે તમારી પહોસમાંજ માહારૂ ઘરછે તેમાં તરેહવાર સીંગાર અને શોભા આપનારાં રાચ રચીલાં ને બીજો કેટલો સર સરંજામ ને અસબાબછે તે સાથે બીજી કેટલી બધી મીલકત હમારીછે તે સઘલાંનો માલેક હુંછું તોપછે તે સઘલું કોણને મલવાનું. !

**શાહાપુર** ઠીકછે સાહેબ, એણેતો એટલુજ બતલાવીઉ પણ હવે માહારૂ સાંભલો. હું માહારા બાપનો એક પુરો છોકરોછું. કોબાદ જે પોતાના સંગારેલાં એક ઘર વીશે બોલેછે તો એવાં બલકે એથી વધારે સીંગારેલાં હમારાં તો ચાર ઘરોછે, ને તે સઘલાં એના ઘર કરતાં મોટાં ને જેમાની એક એક વસતુની કીમત કરવા બેસોતો તે થઈ શકવી કઠણ પડે, તે વગર બાવાજીની એક જાગીરછે જેની વરસે ચાર હજાર દીરમની ઉપજ થાએછે તે વગર હમારા ગાડી ઘોડા ઢોર ને બીજા માલ મીલકતની ટીપ કરવાને તો કદાચ મહીનાના મહીના લાગે. તો જો હવે મેહેરબાનુંના નેકા મારી સાથે થાએતો તે સઘલાંનો વારસો જે મને મલે તે તેનોજ ગણાએ કે કોણનો ! વાસતે તમોએ તમારી મેહેરબાનુંના નેકા કરવા બાબે જે ઠરાવ કીધોછે તે ઠરાવ મુજબ એ છોકરી સાથ મારા નેકા થવા જોઈએ. તમારા કીધેલા ઠરાવ મુજબ કોબાદનો હક તદન ઉડી જાએછે.

**ગોદરજ** ખરી વાતછે સાહેબ, હું કબુલ કરૂંછું કે તમારી માગણી વાજબીછે ને કોબાદ કરતાં તમારો હક વધારે ગણવો જોઈએ, અને મેહેરબાનું સાથ તમારા નેકા કરી આપવાને હું રાજીછું. પણ તે નેકા થાએ તેની અગાઉ તમારા બાવાજીની મારફતે મેહેરબાનુંને ખાતરી ભરેલો દસતાવેજ કરાવી આપો કે જે તમે આટલું બધું કહીઉં તે સઘલું મેહેરબાનુંનુંછે. એમ કરવાનું કારણ એછે કે વખતે નેકા થઆ પછે ખોદા ન કરોને તમારો કજા થઈ તો પછે મેહેરબાનુંને કાંઈ તમારો વારસો મલનાર નથી. માટે જો બાવાજીની મારફતે એવો દસતાવેજ પસાર કરાવી આપો તો એ છોકરી તમારી ધણીઆનીછે એમ સમજો નહી તો મને માફ કરો. કાંએકે

પછે ફોબાદની થોડી પેહેરામણીછે પણ તે ચોકસછે કારણ પોતે તેનો આલેકછે વાસતે તેને એ છોકરી આપવામાં આવશે.

**શાહાપુર** અરે સાહેબ એ તે શું બોલોછો ? તમે નથી જાણતા કે હવે બાવાજી જીવી જીવીને કેટલા દાહાડા જીવવાના ? પોણોસોની ભરતીમાં આવી ચુકાછે, ને હુતો નો જુવાનછું તો પેહેલાં તેવણ ગુજરવા જોઈએકે હું ?

**ગોદરજ** ના ભાઈ એ વાતનો કાંઈ ભરૂસો નથી, ઘરડાઓ તડાના તડા ફરેછે ને બોલ બોલતામાં મુછપર લીંબુ ઠરે નહી એવાતો જુવાનો ચાલીઆ જાએછે. ઘરડા જાણી કાંઈ મરવું નથી ને જુવાન જાણી કાંઈ જીવવું નથી. એતો ઇઅનદાંનો હુકમ. વાસતે મેં જે ઉપર કહીઉંછે તેજ પરમાણે હોએ તો એ વાત ફરીથી મન ઉપર લેજો નહી તર એક દમ હાત ઉઠાવજો. બીજું ભાઈઓ હવે મને વખત નથી. ફરંગીજના લગનનો દીવસ સાથે આવી પુગોછે તો મને હવે તેની સરવ પરકારની તઈઆરી કરવામાં ગુતાવુંછે, માટે મને રજા આપશો તો મેહેરબાની થશે.

(સાહેબ સલામ કરી સઘલા છુટા પડીઆ.)

## વીકટર દાશીઊ નામના એક ભલા આદમીની વાત.

કેટલાક વરશ ઊપર ફરાંસ દેસ મધે સેન નદીને કીનારે એક નાહની જુંપડીમા વીકટર દાશીઊ નામનો એક ગરીબ, પણ ભલો, પરમાણીક અને ખરેખરો પરોપકારી શખસ રેહેતો હતો. એ શખસ કાંઈ ધંધો કરતો ન હતો પણ એ જગાએ એવી મતલબથી રેહેતો હતો કે કોઈ અજાણુ માણસ જાણ અથવા અજાણથી નદીમાં પડેતો તેની પોછલ પડીને તેને ડુબવાથી બંચાવવું અને એવી રીતે બચેલા લોકોથી જે કાંઈ થોડું ઘણુ ઈનામ મલે તેથી ગુજરાણ ચલાવવું. બીજા દેશો મધે એવી જાતના જોખમ ભરેલા ધંધા પછવાડે લોકો થોડાજ દુખી થાએછે પણ ફરાંસ મધે એવી ઘણીક વાતો આપણા સાંભલવામાં આવેછે તેથી હરેક પુરૂશને સંતોશ ઊપજેઆ વગર રેહેતો નથી.

એ ભલા શખસને તેની ગરીબીને લીધે ઘણીએક મુશીબતો ખેંચવી પડતી હતી અને તેમાં સઊથી દુખ દાએક એ વાત હતી કે તે સંધીવાથી નબલો પડી ગએઓ હતો. એ આવી હાલતમાં હતો તોપણ તે ઘણોજ ખુશ રેહેતો હતો અને નદીની સપાટી ઊપર હમેશ બરાબર નજર રાખતો હતો. એક દાહાડે તે પોતાની જુંપડીના દરવાજા આગલ બેઠેલો હતો એટલામાં તેણે દુરથી એક માણસને પાણીની સપાટી ઊપર દીઠો. બે મીનીટમાં તેણે પોતાનાં કપડાં ઊતારેઆં અને નદીમાં પડેઓ. પણ જેવો તે પોતાની ધારેલી ચીજ પાશે જઈ પુગો એટલે તેમાંથી નીકલતી ખરાબ વાસ તેને આવવા લાગી અને તે ઘણા દીવશનું મુડદું છે એવું માલુમ પડીઊં.

પણ આવી હાલતમાં ગરીબ વીકટર દાશીઊએ તે મુરદાંને પડવા દીધો નહીં. જલદીથી તે તેને મુકરર કરેલી જગાએ ઊંચકી ગએઓ અને તાંહાં તેને સરકારના કાએદા પરમાણે ઠેરવેલી મુદત સુધી રાખેઓ. વલી તેણે તે બુઢા માણસના કપડાં તપાસી જોએઆં પણ તેથી કાંઈ તેના નામની ખબર પડી નહીં. પણ તેના ગજવામાંથી એક જુની ચામડાની પાકેટ કેસ નીકલી તેમાં હજાર હજાર ફરાંકના ચોવીસ બેંક બીલ હતાં. તે તેણે બરાબર સુકવીને પાછાં પાકેટ કેસમાં નાખી પોતાના એક ખાનાના ખુણામાં પડી રેહેવા દીધાં તથા તે વીશે તેણે પોતાની બાએડી અથવા છોકરાંઓનેબી કાંઈ ચેતાવીઊં નહીં, કારણ કે તે એવું ધારતો હતો કે તે તથા તેનું કુટુંબ દુખી હાલતમાંછે તેથી કદાચ તેમાંનું થોડું ઘણુ નાણુ લેવાને લલચાએ.

એ શીવાએ પેલા દુખી મરણ પામેલા શખસના ચેહેરાની તેણે નીશાણીઓ લખી લીધી અને તે બાબત ઘણાક વરતમાન પતરોમાં જાહેર ખબર છપાવી કે એક દેખઈતું બુઢું માણસ નદીમાં પડીને મરણ પામીઊંછે અને તેની કેટલીક દોલત વીકટર દાશીઊના હાથમાં આવેલીછે માટે તેના સગાંવાલાં અથવા વારેસો પોતાની સગાઈ અથવા હકની ખાતરી કરી આપશેતો તે દોલત તેઓને આપવામાં આવશે. આવી જાહેર ખબર કેટલાક મહીના સુધી છપાએઆ કીધી અને ઘણાએક લોકો તે દોલત ઊપર પોતાનો દાવોબી કરવાને આવેઆ પણ કોઈબી શખસ વીકટર દાશીઊના સવાલોનો જવાબ બરાબર આપીને પોતાના દાવા વીશે ખાતરી કરી શકેઓ નહી.

એવી રીતે વીકટર દાસીઊની મરજી ન છતાં તેને પેલા ચોવીશ હજાર ફરાંક પોતાનાં કબજામાં રાખવા પડેઆ અને તે વાતને તરણ વરશ થઈ ગએઆં. એ વખતમાં વીકટર દાશીઊ અને તેની હાલત વધારે બગડી. એક સખત શીઆલામાં સીનનો કીનારો બરફથી ઢંકાઈ ગએઓ તેથી કરીને તેની જુંપડી

ભાગી ગઈ, તેનો સામાન કટકે કટકા થઈ ગએઓ, અને તેના કુટંબની અવસથા ઘણીજ માંદી થઈ પડી. તેની ઓરત જે પોતાના ધણીના કરતાં કાંઈ ઓછી ભલી ન હતી અને જે તેના પરોપકારી કાંમમાં તેને ઘણીજ મદદ કરતી હતી, ને ઘણીજ આજારી પડી. વલી વીકટર દાશીઊનું પોતાનું શરીર પણ સંધીવાથી આકડાઈ ગઈઊં. એ વખતે તેઓને થોડાં ઘણાં નાંણાંની ઘણીજ જરૂર હતી અને તે તેઓની પાસે હતું નહી. પણ તેણે પેલા ચોવીસ હજાર ફરાંકની વાત પોતાના કુટંબના કોઈબી માણસને કહી નહીં અને તેમાંથી તેણે એકબી દોકડો કાહાડેઓ નહીં. વલી એટલાથી તેને સંતોશ મલેઓ નહીં અને તેણે પેલા ચોવીશ હજાર ફરાંકની સાથે એક ચીઠી લખીને મુકી કે 'અગર હું મરણ પામું અને આ નાણાનો કોઈ ખરો માલેક નીકલેઓ નહીં તોબી મારા કુટંબે તેમાંથી કાંઈ પઈસા કાહાડવા નહી અને એ દોલત સતાવાલાઓને સવાધીન કરવી."

એ પછી જલદીજ વીકટર દાશીઊને તેની પરોપકારી ચાલનો બદલો મલેઓ. ફરાંસની રાજધાની પારીસ ખાતેના કેટલાક ફ્રીમેસનોએ એક ઊઘરાણુ કરીને તેને આપીઊં અને તેની ઘણીજ વખાણ કરીને "કીનારાનો માણસ" એટલે કીનારા ઊપર લોકોની સંભાલ લેનારો માણસ, એવો ખેતાબ આપેઓ, કારણકે વીકટર દાશીઊ કાંઈ નદીમાં પડેલાં માણસોને બચાવતો હતો એટલુંજ નહી પણ સેન નદીને કીનારે કોઈ મજુર ઘાહેલ થતો હતો તો તેની માવજત બી એ પરોપકારી શખસની ઝુંપડીમાં થતી હતી. મરદ કે ઓરત, છોકરો કે છોકરી જે કોઈ મજુર એ કીનારે ઘાહેલ થાએ અને તેને ગમે એવું લાગીઊં હોએ તોબી તે ઈસપીટાલમાં જવાને બદલે વીકટર દાશીઊની નાહની ઝુંપડી તરફ વલતો હતો, કારણકે વીકટર દાશીઊ અને તેની ભલી ઓરત હમેશ એવાં કામમાં દીલોજાનથી મેહેનત લેવાને તઈઆર રેહેતાં હતાં.

એક વખતે કીનારા ઊપરના ડંકા ઊપર એક જુવાંન મજુર સુરાખારના પીપ ઊચકતો હતો એ રસ્તામાં તેનો હાથ પીપની નીચે આવી ગએઆથી કચરાએઓ. અંગુઠો તો જાણે તદન કચરાઈ ગીઓ હતો અને બે આંગલીઓ એવી તો દબાઈ કે તેમાંથી લોહી નીકલેઆ કરતું હતું. એ જુવાંન શખસ સરીરે મજબુત હતો તોબી તેને જે પીડા થતી હતી તેથી તેની આંખમાંથી આંસુની ધાર ચાલતી હતી. તે બચારો રડતો, રડતો વીકટર દાશીઊની ઝુંપડીમાં આવેઓ. તેણે તેનો હાથ ગરમ વાઈન (દારૂ) થી ધોઇ તેને દેલાસો આપેઓ કે કાંઈ હાડકું ભાગીઊં નથી. પણ તે ઘાહ તેને ઘણોજ બીહામણો લાગેઓ તેથી તેની ઊપર બરાબર પટી મારીને જણાવીઊં કે જાંહાંસુધી તારો હાથ ઠીક થાએ તાંહાંસુધી દરરોજ બે વખત દેખાડવા આવજે.

આવી રીતે તેને દેલાસો મલવાથી તે રોજ આવતો હતો. કેટલાએક દીવસ વીતેઆ પછી વીકટર દાશીઊ અને તેની નેક ઓરતની સંભાલથી પેલાં જુઆન શખસનો જોખમ ભરેલો ઘાહ રૂજાએઓ. એ થકી ખુશી થઈને પેલા જુવાન શખસે એક આઈતવારને દીવશ સુંદર કપડાં પેહેરી પોતાનું ભલું કરનાર વીકટર દાશીઊની મુલાકાત લીધી અને સલાંમ કરીને પુછીઊં.

"સાહેબ, તમારૂં કેટલું લેણું મારી ઊપર નીકલેછે "?

"તું શું કેહેછે તેની કાંઈ મને સમજ પડતી નથી."

"સમજ કેમ નથી પડતી સાહેબ, હું તમને તમારૂ લેણુ આપવા આવેઓ છું."

"મારૂં લેણું તો ફકત પચીસ મલમ પટીનુંછે અને તેને માટે તું મારી સાથે એક "શકહેંડ" કર એટલે થયું. જે તારો હાથ મેં સારો કીધો તે મને દાબી જોવા દે અને જો તું મારા હાથનું જોર ખમી શકશે તો હું એમજ સમજીશ કે તારૂં કરજ વલી ગઈઊં અને મારૂં લેણુ આવી ગઈઊં. હું કોઈની પાસેથી કાંઈ લેતો નથી."

"તે વાત કાંઈ થવાની નથી. હું બંદર ઊપર ફકત મજુરી કરૂંછું અને વલી મને મારી મા તથા મોટી માનું ગુજરાણ કરવું પડેછે તોપણ તમને થોડું ઘણુ આપવાની મારામાં શકતીછે, એવું ખાતરીથી જાણજો."

"અને તું પણ ખાતરીથી માનજે કે તારી ઊપર મારૂં કાંઈબી લેણુ નીકલતું નથી. પણ તું કોણછે અને કાંહાંનો રેહેવાશીછે તે મને કેહ."

"હું 'વીએનવ' લગેઆ ગામડાંથી આવેઓછું.

મારો બાપ આસટલીટની લડાઈમાં મારેઓ ગઓ ઓ હતો અને તે બડો પેહલવાન હતો એમ લોકો કેહેછે. મેં કાંઈ તેને જોઓઓ હતો નહી. મારી મા ઓ ગણીસ વરશની નાહની ઊમરે રંડાઈ તેથી તે મને સા થ લેઈને પોતાના બાપ (મારા મમાવા) ના ઘેરમાં જઈને રહી. મારો મમાવો દારૂનો વેપાર કરતો હ તો અને થોડી દોલત તથા મીલકતબી ધરાવતો હતો. પણ એ સઘલું હમારે વેચવું પડીઊં."

"શા માટે વેચવું પડીઊં વારૂ ?"

"જુઓ સાહેબ, મારો મમાવો ખરેખર પર માણીક માણસ હતો પણ તેને દારૂનો શોક હતો. તેને સેન શેહરના વેપારીઓ દારૂ વેચવા આપતા હતા તે થી તે એક દીવસે પારીસ ખાતે તેઓની ઊઘરાણી ક રવા આવેઓ. એક દાહાડે તેને ઊઘરાણીમાં મોટી રકમ વસુલ થઈ તે દીવસ પછી તે કાંહાં ગઓઓ તેની હજી સુધી કાંઈ ખબર પડી નથી. તેને ફેફરૂં આવતું તેથી તે પડી ગઓઓ હશે અને ચોર લોકોએ તેનું નાણુ લેઈને તેને છુપી રીતે ડાટેઓ હશે. હમારી તો ઘણી માઠી દશા થઈ. હમારે હમારી બધી મીલક ત વેચીને વેપારીઓનું કરજ આપવું પડીઊં. હાલ હમે પારીસમાં આવીને રહેઆ છેઈએ અને હું રોજ તરણ ફરાંક કમાઊછું તેથી પરમેશવરની મેહેરબાની એ કરીને હમારૂ ગુજરાણ ચાલેછે.

"તમારા મમાવાની ઊમર કેટલી હતી વારૂ ?"

"બાએગે સીનેર વરશની."

"વારૂ તેની ઊંચાઈ કેટલી હતી."

"મારા જેટલીજ, આસરે પાંચ ફીટ, દસ ઈંચ."

"પણ તેનું નામબી મેહેરબાની કરીને કેહ."

"જે મારૂં નામ તેજ તેનું નામ, મારીસ ગો ડરડ."

"વારૂ તમને કાંઈ ખબરેછે કે તમારે કેટલા હ જાર ફરાંક આપવા પડેઆ. ?

"સાહેબ, ચોવીશ હજાર ફરાંક; હમારો તો ઘા ણુ વલી ગઓઓ. પણ એ સવાલ તમે શા માટે પુછોછો."

"જો બને તો તારૂ કામ કરવા. હું કાંઈ અમ સથી તુને સવાલો પુછતો નથી. તારી મા અને મમાઈને ઓલખવાની મારી ઘણીજ મરજીછે."

"તમારી મુલાકાતથી હમે માન સમજશું સાહે બ; પણ અગર તમારી તેવી મરજી હોએ તો તમને હમારે ઘેર આવવું પડશે કેમ કે મારી મમાઈ મુદલ ચાલી શકતી નથી."

"તમે કાંહાં રેહોછો તે કહો, હું કાલે આવીશ."

બીજે દીવસ વીકટર દાશીઊ તેઓને ઘેર ગયો અને તાંહાં પેલા છોકરાની માં તથા પેલી બુઢીએ પણ ઊઠીને તેનો ઊપકાર માનેઓ. પછી વીકટર દાશીઊ એ પેલી દાસીને પુછીઊં.

"તમારા ધણીની કાંઈ નીશાણી તમે આપી શ કશો ?"

"ઘણીબી નીશાંણીઓ, પેહલાં તો ફરેંચ રેવો લીઊશનના સંગરામમાં ફલીઊરસની લડાઈ વખતે એના ડાબા હાથની બે આંગલીઓ કપાઈ ગઈ હતી. અને જેમાપીસની લડાઈમાં તેના જમણા કાનની નીચે એ ક તલવારનો ઘાહ લાગો હતો તેનો તો દાઘ રહીજ ગયો હતો."

"વારૂ તેના પોશાક વીશે તમે કાંઈ નીશાણી આ પી શકશો ?"

"હા, જારે તે ગુમ થયો તારે તાહાડ પડતી હ તી તેથી તેણે એક જુનો કાલો દગલો પેરેઓ હતો; અને તેની નીચે એક બનીઆન હતું."

પણ એટલામાં મારીસની મા બોલી કે "બુઢા બાવા એક રૂપાનું ઘડીઆલ વાપરતા હતા અને તે ઘ ડીઆલની સાથે લોહડાંની એક સાંકલી રેહેતી તે તમે ભુલી ગયાં કે શું ?"

પેલી બુઢી નીસાસો નાખીને બોલી કે "હા. તે હું ભુલી ગઈ; એ લોહોડાંની સાંકલી સાથે એક સોના નું લટકણ હતું તે હું પરણી તારે મેં તેને દીધું હતું."

હવે આ જવાબોથી વીકટર દાશીઊની ખાતરી તો થઈ તોપણ તેણે એક સવાલ પુછેઓ કે "જે ધણીને ઊઘરાણીમાં મોટી રકમો મલતી હતી તેની પાસે એક પાકેટ કેસ હશે ખરી"?

મા, છોકરો, અને ડોસી તણે જણ સાથે બોલી ઊઠેઆં કે, "હા હતી; એ પાકેટ કેસ અસલ કાલા ચામ ડાની હતી પણ એટલી તો ઘસાઈ ગઈ હતી કે રાતી જેવી દેખાતી હતી અને તેને લોહોડાંની ચાંપ હતી."

પણ પેલા છોકરાએ આતુર થઈને પુછી ઊં કે "આ તમારા સઘલા સવાલોનું કારણ શું વારૂ ?"

વીકટર દાશીઊની ખાતરી થઈ હતી તેથી તે

ણે કહીઊં કે "તમે જે વખતની વાત કરોછો તે વખતે એક માણસને મેં નદીમાંથી કાહાડેઓ હતો તેના ગજીઆમાં એવીજ તરેહની પાકેટ કેસ મલી હતી અને તે મધેનું નાણુ કદાચ તમને મલશે."

"તારેતો હું સેલેસટીનની સાથે પરણીશ, કારણ કે હમણા મારી પાસે કાંઈ નથી તેથી તેણીનો બાપ મને તેણીની સાથે પરણવા દેતો નથી."

વીકટરે પુછીઊં કે "સેલેસટીન કોણછે વારૂ?"

"સાઈડર દારૂના વેપારી માસીઓીઓ બેરની છોકરી, અને તેણીના જેવી ખુબ સુરત આટલામાં કોઈબી નથી."

"તે ધણીને હું સારીપેઠે ઓલખુંછું; બે ચાર મહીના ઊપરજ તેના એક પુરા છોકરાને મેં સેન નદીમાંથી હુબતો બચાવેઓછે. તું કાલે બપોરે બારવાગે મારી પાસે આવજે."

બીજે દીવસે બપોરે તે વીકટર દાશીઊને ઘેર ગયો અને તાંહા તેણે માસીનીઓ બેરને દીઠો. એ શખસે તેને કહીઊં કે તારી પાસે ચોવીસ હજાર ફરાંક છે તેની વાત તેણે મને કેમ જણાવી નહીં? મારીસ આ સવાલથી ઘભરાટમાં પડેઓ પણ એટલામાં વીકટર દાશીઊએ પોતાના ઘેરમાથી પેલી જુની પાકેટ કેસ લઈ આવીને તેમાંનાં હજાર હજારના ચોવીસ બેંક બીલ અને તેની સાથેનુ ઘડીઆલ મારીસને "આ તારૂંછે તે લે" કહીને સવાધીન કીધું. મારીસે વીકટર દાશીઊનો ઘણોજ ઊપકાર માનેઓ અને વીકટર દાશીઊએ પરમેશવરનો ઊપકાર માનેઓ કારણ કે એ નાણાની મોટી રકમનો ખરો માલેક નીકલી આવવાથી તે સાંચવવાની મોટી ફકરમાંથી છુટેઓ. મારીસના લગનની વાત પણ એજ વખતે નકી થઈ. એ સઘલી ખબર મારીસે જઈને પોતાની મા તથા બપાઈને જણાવી તથા બુદીને પેલા ચોવીસ હજાર ફરાંક સવાધીન કીધા.

બુદી ઘણી દુરબલ હતી તોપણ આ વાતથી તેણીને એટલુંતો જોર આવીઊં કે લાકડીઓનો ટેકો લેઈને પેલા ખરા મનુશીઅ હીતકારી શખસનો ઊપકાર માનવા ગઈ અને તાંહાં તેણીએ તેજ વખતે નદીમાંથી વીકટર દાશીઊની મેહેનત કરીને બચેલી એક ઓરતને દીઠી અને એ ઓરત સુધાં વીકટર દાશીઊએ ૨૧૫ (બસો પંદર) માણસોને દુબતાં બચાવેઆં હતાં. એ પછી મારીસ પરણેઓ અને પોતાના સસરા સાથે ભાગીઓ થઈ પોતાની મા તથા બપાઈને લેઈ સસરાની સાથે જઈને રહેઓ.

## માએ નાજાંમાએને જોવા આવશો?

પુતલીબાઈ એક દાહાડે પોતાની મા ગુલબાઈને કેહેછે, "અરે માજી આજ તો હું ઘણી કંટાલી ગઈછું, કાંઈ કાંમ પણ મલે નહી કે બે ઘડી તેમા જીવ ઘાલુ તો મન ચોકલું થાએ."

**ગુલબાઈ**—તો પુતલાં માએ, બે ઘડી કાંઈ વાંચો લાવોની ગીયું સ્ત્રી બોધ નહી તો માલ ઊપર જુઓ, ટેબલ ઊપર રાસત ગોફતાર પડેલું હશે તે લાવો ને વાંચો, એટલે મન વેહેરાઈ જશે. નહી તો કાંઈ ચોપડીઓ તમારી પાસેછે તે લઈને વાંચો.

**પુતલીબાઈ**—માજી ખરૂં પુછાવો તો કહુંછું કે આજે તો સઘલી વાતનો કંટાલો છુટેછે, ઓંજીઊં કસા ઊપર મન થતું નથી ને જે કાંઈ કરવા ઊપર દીલ દોડાઊંછું તે કાંઈ કરવા ગમતું નથી.

**ગુલ**—પુતલીબાઈ, એ વાત સારી નહી, હજી તું જુવાનછે, બાર વરસની વએ એટલી કંટાલેલી કેમ ફરેછે? એ તો ખરેખર દુખી થવાની નીશાની માલુમ પડેછે.

**પુત**—માજી શું કરૂં? કાંઈ હાને કરીને તો દુખી થવા નથી માંગતી? એમ કરતાં દુખ આવી પડીઊં તો ખેર, જેમ સાહેબની મરજી.

એટલી વાત ચીત થયા પછે ગુલબાઈ પોતાની એક સહી નાજાંમાએને જોવા જવા નીકલીઆં, તારે તેવણે પુતલીબાઈને પણ પોતાની સાથે લઈ જવા મારે કેહેવાડીઊં કે ચાલો સારીબારી બદલીને તથા માંધું બાંધીને તઈઆર થાઓ. પણ પુતલીબાઈનું મન એટલું તો કંટાલેલું હતું કે તેણીએ માજી સાથે નાજાંમાએને ઘેર જવા પેહેલાં તો ઘણી આનાકાની કીધી પણ અંતે માજી બોહોસ કરી સાથે લઈ ગએઆં.

નાજાંમાએ નીચી ખાંધનીનાં એક ઘરમાં રેહેતાં હતાં, તેના ઘર આગલ આવી પુગાં તારે ગુલબાઈએ તેનું બારણું ઠોકીઊં, તારે આસરે દસ વરસની એક નાહાની છોકરીએ ઝટ આવીને બારણું ઊઘાડી

ઊં અને જે જગા ઊપર નાજાંમાએ હતાં તાંહાં ગુલબાઈ તથા પુતલીબાઈને લઈ ગઈ. નાજાંમાએના એ રડાનો દેખાવ જોઈ ગુલબાઈ ઘણાં કચવાવા લાગાં, તેમા નાંજામાએનાં ખાટલા ઊપરનાં કપડાં જોઈને તો બીચારીને ઘણો બલાપો છુટો—વલી વધારે દુખ એ લાગું કે નાજાંમાએ બીચારાં મંદવાડથી ઘેરાએલાં, આંગમાં તાપ, ડાચાં બેસી ગએલાં, બોલવાની તથા ચાલવા ફીટવાની શકતી નહી ને આંખના ડોલા છેક બેસી ગએલા, તેવાં તેવાં બીચારાં બેસીને સીવતાં હતાં. તે ઊપરથી તેવણ બોલીઆં.

**ગુલબાઈ**—ઓવાએ નાજાંમાએ તમે એ શું દુખ ઊપર ડાહામના જોવું કરોછો? શું એમ કરી દાલનાં દુકાલ આજે પાડવા માંગોછો કે? પાધરૂં બેસાતું નથી ને સીવવાનું સું ખરીઊં?

**નાજાંમાએ**—ખરી વાતછે માએ, પણ સું કરૂં? જેમ તેમ બેસીને ટેઓટાબી ભરૂંછું તથા સીવુંછું તો બે પઈસા આવેછે તેમાથી મારી દવાદારૂનું અને આ નાહાની છોકરીના પેટનું કરૂંછું. માએ હાંલામાં ચોખાનો એક દાણો નથી, કે લાકડાંની એક સલી નથી. બોલવાનીબી લાજ લાગેછે, પણ માએ એવા પરતા દાહાડા કોઈના સદા રહેઆ નથી, એવી રીતે મન મોટું કરી જેમ બનેછે તેમ હાડકાં હીલવી કોઈનાં ઓશીઆલાં વગર પેટનું કરીએ છીએ. સખતો દાહાડો હતો ને પાંચ પઈસે જારે સુખી હતાં તારે ઓલખીનાં પાલખીતાંને જાણપીછાનનાં ઘણાંબી નીકલી આવતાં હતાં, પણ જેદારથી નાદરશાહજી ગુજરીઆ ને મેં ખુણું ઘરીઊં તે દાહાડથી કોઈ મલે નહી. માએ, એબી તાસીર અને લેણાની વાતછે. વારૂં હજીબી ખુદાપાસ દુવા એજછે કે જેવી સરમ આબરૂમાં, પછે ભુખી કે તરસી, સુખી કે દુખી રાખીછે તેવીજ રાખે ને મરતી વખતે કાંઈ વધારે આપદા નહી દેખાડે.

**ગુલ**—નારે માએ, એમ સું કરવા બોલોછો? તમારી ઊપરથી આપદા ઓવારી, કાલે દુખી દાહાડો વહી જશે. તમે ખુદા ઊપર જે આકીન બાંધીઊંછે તેજ કાએમ રાખજો એટલે એમાથીજ સઘલું ફજલ થશે.

પુતલીબાઈ જે પોતાની માની પાસે બેઠેલી હતી તેણીએ ઊપલી સંઘલી વાત ચીત સાંભલી હતી તેથી તેણીનાં મનમાં પણ કાંઈ ઘણીજ દએઆ છુટી ને તે હરૂસે પોતાની માના કાનમાં કેહેવા લાગી કે શું આપણે બચારાં નાજાંમાએને હાવી વખતે કાંઈ કામ નહી લાગીએ વારૂં? તારે માએ જવાબ દીધો કે, "હા માગો આપણે બનસે તેમ કરશું." તાર પછે ઘણીકવાર સુધી બેસી નાજાંમાએ સાથ કેટલીક દુખ સુખની વાતો કરી તેવણનાં મનનું સમાધાન કરી ગુલબાઈએ નાજાંમાએ પાસેથી પાછાં ઘેર જવાની રજા માંગી, ઘેર જતી વખત બોલીઆં.

**ગુલ**—માએ હવે હમે જઈએ છીએ, પણ ખોદા ખાતર તમો તમારે હાતનું કાંમ બે પાંચ દાહાડા બંધ કરો; એકદમ નીરોગી થઈ પાછું તમારૂં કામ કરજો, જે દરજીને તાંહાંથી સીવાનું મંગાવીઊં હોએ તાંહાં પાછું મોકલો ને તમો જરા વીસામો લેઓ. તમુને દુખમા દુખ નબલાઈ અને ફકર ચીંતાછે, તે તમે એકદમ તમારાં મનમાંથી કાહાડી નાખો ને એકદમ નફકરાં થાઓ, ખોદાનું કામ ખોદા કરશે હાલ તુરત તો હું ઘરજઈ બએ ચચાર પાએલી અનાજ, લાકડા, ઘી, વગેરે મોકલુંછું તે તમને બે ચાર મહીના ચાલશે. ને માહારી પુતલીબાઈ તમારી આગલ વારેઘરીએ આવતી જતી રેહશે, તે આવી ગઈ ઘેરના બે કાંમ કરતી જશે, ને હુંબી તમારી આગલ પરવારસ તેવી આવીઆ કરસ, માએ મેંતો તમારા મંદવાડનું છેક ગેઈ કાલે શાંજેજ સાંભલીઊં, નહી તો હું અતીઆરેતો બે ચારવારે આવી જતે. (પુતલીબાઈ તરફ ફરીને) કેમ માગો તું નાજાંમાએ આગલ આવતી રેહશની? અને બે કાંમ કરશેની?

**પુત**—નહી કાંએ માજી? દુખીઆંને મદદ કરવાનુ કોણનાં નશીબમાં હોએ? જેનાં ધનીએ પુગ હોએ તેજ એવાં કાંમમાંતો પડે, વાસતે માજી તમો કશી ફીકર કરશોમાં હું નાજાંમાએને કશી વાતે ઓછું આવવા દેનાર નથી. એવણ જેમ મને છોકરી પરમાણે લખેછે તેમ હું એવણને મા પરમાણે લેખી એમની ચાકરી કરીશ.


ગુલબાઈનો ઊપકાર તથા મા દીકરી બંધે જણીઓ માહારે માટે આટલી બધી આરજુ રાખેછે તથા મજ ઊપર આટલી બધી મમતા કરેછે, એ જોઈ બીચારાં નાજાંમાએ એટલાં તો ઓશીંગણ થએઆં કે તેવણને બીચારાંને ઊપકાર માંનવાને પુરતા શબદો પણ મલી આવીઆ નહી.

ઊપલી વાતચીત કરી ગુલબાઈ તથા પુતલીબાઈ પાછાં ઘર તરફ ફરીઆં. રસતામાં ચાલતાં મા દીકરી બંધેના મનમાં સઘલી વાત નાંજાંમાએનીજ રમી રહેલી. પુતલીબાઈ બોલી "માજી બીચારાં નાજાંમાએના હાલ જોઈને તથા તેવણનો હેવાલ સાંભલીને મારી તો છાતી ભરાઈ આવીછે. આટલો બધો મંદવાડ છતાં હાતે કરી કાંમ કરી તે મેહેનતથી મેલવેલા પઈસા ઊપરજ ગુજરાંનનો આધાર રાખવો એ ઘણું કશટી ભરેલું તો ખરૂં. એ પરમાંણે પોતાની છોકરી પારકાંનાં દુખને પોતાનું કરી સમજેછે, તથાં દુખીઓની દાદ લેવાનો સવભાવ છોકરીનામાં આટલી વએથી દાખલ થએલોછે એ જોઈ ગુલબાઈને બેવડો સંતોશ ઊપજવા લાગો—એમ કરતાં ઘેર જઈ પુગાં, જતાંનેવારજ ગુલબાઈએ તો કેટલોએક અનાજ, લાકડાં, ઘી, તેલ, વગેરે તુરત ખપમાં આવે એવી ચીજો હેલકનાઓની પાંટીમાં ભરી પોતાના એક ચાકરની સંગાથે નાજાંમાએને ઘેર મોકલાવી દીધું. આણીગમ મા ખોરાકી પુરી પાડવાની તજવીજમા ગુંથાઈ તેટલાં બીજીગમ છોકરી પોશાકી ઓટલે તેવાં કોઈ કપડાં જે નાજાંમાએને પેહેરવા લાએકનાં હોએ તે ખાના પેટીમાં ખોલવા લાગી ને અંતે એવા કેટલાંક કપડાં ખોલી કાહાડી પોતાની માને બતલાવીઆં ને માજીની રજા લઈ તે કપડાં તથા એક નાહાની ગોદરી તથા એક સુજની અને એક અસીસું એ સઊ લઈ પુતલીબાઈ પાછી નાજાંમાએને ઘેર ગઈ. તેમને ને સઘલું હવાલે કીધું ને સાંજ પડી હતી માટે વેહેલી પાછી પોતાને ઘેર ગઈ. બીજે દીને સહવારમાં ઊઠતાંજ ચા પાની કરી માની રજા લઈ પુતલીબાઈ પાછી નાજાંમાને ઘેર ગઈ, તેવણને ખાટલા ઊપરથી ઊથાડી ધોલીઓ પખોરીઓ તથા બીછાંના લુગડાં બદલી નાખીઆં.

તાર પછે નાજાંમાએની નજી નામની નાહાની છોકરીને નહવાડવાને પુતલીબાઈએ ચુલે દેગડી ચઢાવી—પાણી થાએ તેટલાં ઘરની ઓરડીઓમાનો કચરો કાહાડી ઘર સાફ કરી જમીન ઊપર પાણી સીંપી, સાંમન સુમન ઊપર જે ગીરદ પડી હતી તે લુછી નાખી ને પછે નજીને પોતાને હાતે ચોલી મોલીને નહવાડી સદરો બદલાવીઓ. તાર પછે રાંધવા સીંધવાની ખટપટમાં પરવા ગઈ, પણ તેવામાં નાજાંમાએ માગી લીધું કે "ના માંએ આવતીની માંનું પેટ તાહારૂં, તેં ઘણું કામ કીધું વાસતે થાકી ગઈ હશે, રાંધવાનું તો હું પોતેજ કરીશ, માએ એમ તો ઘરનું બધું વહીતરૂં કરતાં છતાં, સીવતાં સાંધતાં છતાં હું રાંધતી હતી તેમ.હવે સું અમથુ રંધાશે નહી? ને વલી તે કરતાં રાંધવાનું કેટલું? બે મુઠી ચોખા ને ચમરી દાલ હોરવાની તેતો હું બેઠી બેઠી કરીશ, મારી નજીને જેમ કહુંછું તેમ ધોઈધાઈ આપેછે." તે ઊપરથી પુતલીબાઈએબી જાઝી બોહોંસ કીધી નહી અને પોતાને ઘેર ગઈ. આ પરમાંણે લાંબી મુદત સુધી ગુલબાઈ તથા પુતલીબાઈએ નાજાંમાએની જતન તથા બરદાશત કીધી તથા નાજાંમાએની દવા દારૂ કરવાને ગુલબાઈએ પોતાના ઘરના ડાકટર પાલણજીને કહીઊં, ને જારે નાજાંમાએ પુર તંદરૂસતીમાં અને કાંમકાજ કરવાને તથા બાહાર ફરવા હરવાને લાએકનાં થએઆં તાંહાંવેર તેવણની પાછલ બંધે માં દીકરાંએ કાંઈ કરવામાં બાકી રાખીઊં નહીં. નાજાંમાએ પણ એ ઊપકાર વીસારીઓ નહી જારે જારે ફુરસત મલે એટલે ગુલબાઈ આગલ જાએ. અને અગવરસગવડે ગુલબાઈનાં પાંકીઆં કાંમો કરે. આ રીતે પરસપર એકમેકનાં દીલ એટલાં તો મલી ગએઆં કે જાણે એકજ ખાંનદાનનાં હોએ.

આ પરમાંણે નાજાંમાએનાં મંદવાડનો તથા તેમને જોવા જવાનો ટુક ખુલાસો કીધોછે. વાંચ નાર પેઆરી બાંનુઓ ગએઆં વરસના નવેમબર માસનાં સ્રી બોધમાં સોલા કાકાને જોવા જનાર મેહેરબાઈ, મીઠાંમાઈ અને ગુલબાઈ વીશે લખાએલા હેવાલ અને આ નાજાંમાએને જોવા જનાર ગુલબાઈ તથા પુતલીબાઈમાં કેટલો ફરક પડીઓ તેનો જરા દુરંદેશાથી વીચાર કરજો. માંદા આદમીને તેમાં મોતાજમંદ માંદાં આદમીને જોવા જવામાં કેવાં દીલ અને કેવાં મનની જરૂરછે તે આ વાત ઊપરથી એહેજ જણાઈ આવેછે. એમતો સટકો કરનારી સહીઓ અને મશ્કરી કરનારી મીટીઓ ઘણી જોવામાં આવેછે, તે સા કાંમની? દુખની વેલાએજ જે સહીમીટીઓ દુખીઆની દાદ લે ને ખરી સહીઓ કેહેવાએ.


# સાંપ—ઘુગરીઓ સાંપ.



સાંપ ઘણી જાતના આવેછે. ગરમ દેશોમાં એ જાનવરોની જેવી વધ થાયછે તેવી થંડા દેશોમાં થતી નથી. એ જાનવરોના માથાં સાથે સરખાવતાં તેમનાં મોહોડાંની વકાસ ઘણી પોહોળી હોયછે. એ જાનવરનાં જડબાંનાં હાડકાંની એવી ગોઠવણ કીધેલી હોયછે કે તે બીજાં જાનવરોનાં માથાં, જે તેનાં પોતાનાં માથાં કરતાં ત્રણ ગણા મોહટાં હોયછે, તે તરાપ મારી મોહોડાંમાં ખેંચી લીએછે. તથા એ જાનવરો પોતાનાં મોહોડાંની વકાસ એટલીતો મોહોટી કરી શકેછે કે પોતા કરતાં મોહટાં કદના જાનવરો ગલી શકેછે.

એ જાનવરોની જીભ લાંબી અને અણીઆરી હોયછે, અને તે માંસના બે લાંબા સલાવાની બનેલી માલુમ પડેછે. કેટલીક જાતનાં સાંપોની જીભ તેમના શરીરનાં પાંચમાં ભાગ જેટલી લાંબી હોયછે.

એકવાર એક મોહટાં સાંપે એક ભેંસ ઊપર તરાપ મારી હતી તેનો નજરે જોયલો એહેવાલ એક લખનારે જણાવીઓછે તે ઊપરથી માલુમ પડેછે કે એક દાહાડે એક મોહટો સરપ એક નદી તીરે ભરાઈ બેશી કોઈ શેકારની રાહ જોતો હતો તેવામાં એક ભેંસ તાંહાં આવી લાગી. તેને જોતાંજ તે સાંપ તે ભેંશ ઊપર કુદી પડીઓ અને આ નીચેના ચીત્રમાં બતલાવી



આ પરમાણે તેનાં શરીર સાથે મજબુત વીટલાઈ ગયો; તે એવી રીતે તો વીટલાતો ગયો કે તે ભેંસનાં હાડકાં કડાકડ ભાગતાં સંભલાતાં હતાં. એ હાડકાં ભાગવાનો અવાજ ઘણોજ મોહોટો આવતો હતો, કોઈ અણજાણું તો એમજ સમજે કે તોપ ફુટેછે. બાપડી ભેંસે છુટી જવાની ઘણીબી તજવીજ કીધી અને શોક ભરેલી બુમો પાડી પણ તેનું કાંઈ વલીયું નહી. તે સાંપ તેને એવોતો મજબુત પીલ દેતો ચાલીઓકે અંતે સઘલાં હાડકાં ભાગી ચુરે ચુરો થયાં, અને આખી ભેંસ ઢગલો થઈ જમીન ઊપર પડી. તારપછે તે સાંપ પોતાનાં શેકારને નીરાંતે ખાવા છુટો પડીઓ. ભેસનાં આખાં શરીરને તે સારી પેઠે ચાટવા લાગેઓ, એમ કરવાનું કારણ એવું જણાયછે કે તે શરીર ઊપર થુક અને લપ લાગાથી તે ઘણું સડકૂણું થાય એટલે તે સેહેલાઈથી સાંપનાં ગલામાંથી પેટમાં જઈ શકે. એટલું કીધા પછે તેણે હલુ હલુ પોતાના શેકારને ખાવા માંડીઓ; તે પણ વલી એવી રીતે કે, જે ભાગ નરમ માલુમ પડતો ગયો અને જે ભાગ મોહોડાંમાંથી સેહેલાઈથી પસાર થઈ શકતો હતો, તે પેહેલ વેલાં ખાવા માંડીઓ. તે એહેવાલ જણાવનાર લખેછે કે એ મારેલી ભેસનો એકકો તુકડો, જે તે સાંપનાં પોતાનાં શરીર કરતાં તરમણો જાડો અને મોહોટો હતો તે એકદમજ તે ખાઈ જતો હતો.

કેટલાક સાંપ જેહેરી અને કેટલાએક જેહેર વગરનાં હોયછે. કેટલીક ગણતરી ઊપરથી એવો અડસટો કાહડવામાં આવેઓછે કે સઘલા સાંપોમાં દસમો ભાગ માતર જેહેરી હોયછે. એ જેહેરી સાંપનાં ડંખથી પરાણીઓ મરી જાયછે તે ઊપરથી આપણાં કેટલાક લોકો એમ સમજેછે કે સાંપોના દાંત જેહેરી હોયછે તેથી માણસને જેહેર ચડેછે, પણ તે વીચાર ભુલ ભરેલોછે, સાંપના દાંતનો ડંખ કોઈબી રીતે ઘણો ધાસતી ભરેલો અથવા પરાણીના જીવની આખર લાવનારો નથી, પણ ડંખ મારયા પછે તે ઘાનાં અંદર એક જાતનું વીખ જે એ જેહેરી સાંપો તુરતજ નાંખે છે તેથીજ પરાણીના જીવની ઘાત થાયછે. એ સાંપનાં દાંત વાંકા, પોકલ અને મરડાઈ શકે એવા હોયછે, તથા તેને ટાલવે એક કોથલી હોયછે, જેમા જેહેર ભરેલું હોયછે. એ કોથલી દાંતો સાથે મલેલી હોયછે. જીઆરે સાંપ કોઈને ડંખ મારેછે તીઆરે તે કોથલી દબાઈ તેમાનું જેહેર પેલા પોકલ દાંતોમાં થઈને પેલા

ઊપલી વાતચીત કરી ગુલબાઈ તથા પુતલીબા
ઈ પાછાં ઘર તરફ ફરીઆં. રસતામાં ચાલતાં મા દીક
રી બંનેના મનમાં સઘલી વાત નાંજાંમાએનીજ ર
મી રહેલી. પુતલીબાઈ બોલી " માજી બીચારાં ના
જાંમાએના હાલ જોઈને તથા તેવણનો હેવાલ સાંભ
લીને મારી તો છાતી ભરાઈ આવીછે. આટલો બધો
મંદવાડ છતાં હાતે કરી કાંમ કરી તે મેહનતથી મેલવે
લા પઈસા ઊપરજ ગુજરાંનનો આધાર રાખવો એ
ઘણું કશટી ભરેલું તો ખરૂં. એ પરમાંણે પોતાની
છોકરી પારકાનાં દુખને પોતાનું કરી સમજેછે, તથા
દુખીઓની દાદ લેવાનો સવભાવ છોકરીનામાં આટલી
વએથી દાખલ થએલોછે એ જોઈ ગુલબાઈને બેવડો
સંતોશ ઊપજવા લાગો—એમ કરતાં ઘેર જઈ પુ
ગાં, જતાંનેવારજ ગુલબાઈએ તો કેટલોએક અનાજ,
લાકડાં, ઘી, તેલ, વગેરે તુરત ખપમાં આવે એ
વી ચીજો હેલકનાઓની પાંટીમાં ભરી પોતાના
એક ચાકરની સંગાથે નાજાંમાએને ઘેર મોકલા
વી દીધું. આણીગમ મા ખોરાકી પુરી પાડવાની તજ
વીજમા ગુંથાઈ તેટલાં બીજીગમ છોકરી પોશાકી એટ
લે તેવાં કોઈ કપડાં જે નાજાંમાએને પેહેરવા લાએક
નાં હોએ તે ખાના પેટીમાં ખોલવા લાગી ને અંતે એ
વા કેટલાંક કપડાં ખોલી કાહાડી પોતાની માને બતલા
વીઆં ને માજીની રજા લઈ તે કપડાં તથા એક નાહા
ની ગોદરી તથા એક સુજની અને એક અસીસું એ સ
ઊ લઈ પુતલીબાઈ પાછી નાજાંમાએને ઘેર ગઈ. તે
મને ને સઘલું હવાલે કીધું ને સાંજ પડી હતી માટે વે
હેલી પાછી પોતાને ઘેર ગઈ. બીજે દીને સહવારમાં
ઊઠતાંજ ચા પાની કરી માની રજા લઈ પુતલીબાઈ
પાછી નાજાંમાને ઘેર ગઈ, તેવણને ખાટલા ઊપરથી
ઊથાડી ધોલીઆ પખોરીઆ તથા બીછાંના લુગડાં બ
દલી નાખીઆં.

તાર પછે નાજાંમાએની નજી નાગની નાહા
ની છોકરીને નહવાડવાને પુતલીબાઈએ સુલે દેગડી ચ
ઢાવી—પાણી થાએ તેટલાં ઘરની ઓરડીઓમાનો ક
ચરો કાહાડી ઘર સાફ કરી જમીન ઊપર પાણી સી
પી, સામન સુમન ઊપર જે ગીરદ પડી હતી તે ઝુડી
નાખી ને પછે નજીને પોતાને હાતે ચોલી ચોલીને નહ
વાડી સદરો બદલાવીઓ. તાર પછે રાંધવા સીંધવાની
ખટપટમાં પરવા ગઈ, પણ તેવામાં નાજાંમાએ માગી
લીધું કે "ના માંએ આવતીની માંનું પેટ તાહારૂં, તેં
ઘણું કામ કીધું વાસતે થાકી ગઈ હશે, રાંધવાનું
તો હું પોતેજ કરીશ, માએ એમ તો ઘરનું
બધું વહીતરૂં કરતાં છતાં, સીવતાં સાંધતાં છ
તાં હું રાંધતી હતી તેમ હવે સું અમથુ રંધાશે ન
હી ? ને વલી તે કરતાં રાંધવાનું કેટલું ! બે મુઠી ચો
ખા ને ચમટી દાલ હોરવાની તેતો હું બેઠી બેઠી કરી
શ, મારી નજીને જેમ કહુંછું તેમ ધોઈધાઈ આપેછે."
તે ઊપરથી પુતલીબાઈએબી જાઝી બોહોંસ કીધી ન
હી અને પોતાને ઘેર ગઈ. આ પરમાંણે લાંબી મુદત
સુધી ગુલબાઈ તથા પુતલીબાઈએ નાજાંમાએની જત
ન તથા બરદાસત કીધી તથા નાંજાંમાએની દવા દા
રૂ કરવાને ગુલબાઈએ પોતાના ઘરના ડાકટર પાલ
ણજીને કહીઊં, ને જારે નાજાંમાએ પુર તંદરૂસ
તીમાં અને કાંમકાજ કરવાને તથા બાહાર ફરવા
હરવાને લાએકનાં થએઆં તાંહાંવેર તેવણની પાછલ
બંને માં દીકરાંએ કાંઈ કરવામાં બાકી રાખીઊં ન
હીં. નાજાંમાએ પણ એ ઊપકાર વીસારીઓ નહી
જારે જારે ફુરસત મલે એટલે ગુલબાઈ આગલ જાએ.
અને અગવરસગવડે ગુલબાઈનાં પાંકીઆં કાંમો કરે.
આ રીતે પરસપર એકમેકનાં દીલ એટલાં તો મલી
ગએઆં કે જાણે એકજ ખાંનદાનનાં હોએ.

આ પરમાંણે નાજાંમાએનાં મંદવાડનો તથા તે
મને જોવા જવાનો ટુક ખુલાસો કીધોછે. વાંચ નાર પે
આરી બાંનુઓ ગએઆં વરસના નવેમબર માસનાં સ્ત્રી
બોધમાં સોલા કાકાને જોવા જનાર મેહેરબાઈ, મીઠાંમા
મી અને ગુલબાઈ વીશે લખાએલા હેવાલ અને આ ના
જાંમાએને જોવા જનાર ગુલબાઈ તથા પુતલીબાઈમાં
કેટલો ફરક પડીઓ તેનો જરા દુરંદેશાથી વીચાર કર
જો. માંદા આદમીને તેમાં મોતાજમંદ માદાં આદમી
ને જોવા જવામાં કેવાં દીલ અને કેવાં મનની જરૂરછે
તે આ વાત ઊપરથી સેહેજ જણાઈ આવેછે. એમતો
સટકો કરનારી સહીઓ અને મટકો કરનારી મીટીઓ
ઘણી જોવામાં આવેછે, સે સા કાંમની ? દુખની વેલાએ
જ જે સહીયારીઓ દુખીઆની દાદ લે ને ખરી સહી
ઓ કેહેવાએ.

૩૫૦૦ થી તે ૩૬૦૦ ની થાયછે. કોઈ કોઈ વખતે
તો ૩૮૦૦ થી ઓછે ભાવે ગોલામો મલતા નથી અને
સીઓ ૩૬૫૦ મલી આવેછે. એક વખત એક ઉંચા
અને જોરાવર સીધીને લીલાઉ કરવાના ઓરડામાં લ
ઈ આવયા તે વખતે તેની સાથે તેની બાએડી પણ હ
તી. જારે એ સીધીની પેલી ખુરસી ઉપર ઉભો રેહવા
ની વારી આવી તારે તેણે એક હાય મારી અને ઘણી
નાખુશીથી ગયો. તેનું લીલાઉ થતું હતું તારે તે પોતા
નું જોર બતલાવતો હતો તેવામાં એકાએક ઉભો રહીને
જાણે પોતે અતીશ દુખમાં હોય તેમ દેખાવા લાગીયો.પ
છીપોતાની બાયડી તરફ ટાંકીને ટગર ટગર જોવા લાગી
યો અને તેણીને પોતાની પાસ આવવાની નીસાની ક
રી, પણ તેણીથી તાંહાં અવાઈ શકાયું નહી તેથી તે
અતીશ ઝનુનમાં આવી ગએઓ જેથી લીલાંઉ કર
નારને જરા ચુપ થવાની ફરજ પડી. પેલા સીધી
એ ફરીથી પોતાની બાયડી તરફ જોયું અને તેણીને
પોતાની ખુરસી આગલ આવવાની નીસાની ફરીથી
કરી અને લીલાંઉ કરનારને બબે આંગલી દેખાડવા
લાગો એવી મતલબથી કે બંધેનું સાથે લીલાંઉ કર ને
બંધેને સાથે એકઠાં વેચ, તેમજ ખરીદ કરનારાઓને
પણ કંઈ આજીજી કરતો હોય એમ દેખાવાલાગો. તે
ના દીલમા પીઆર, ધાસતી અને દલગીરી હોય એવુ
તેના ચેહેરાપરથી દીસવા લાગીયું. તે વધારે બેચેન
થઈ ગયો અને દંમપરદંમ ડચકાં ખાઈ જણાવતો હ
તો જે "હમુને બેઉ જણને જેમ ગમે તેમ સાથે વેચી
નાખો, મારો દીવસનો સોબતી અને મારા દીલને ખુ
શી કરનારને મને આપો અને હું ભારે રંજ ખેચી
ને મારી જીંદગાંની પટકીને ગુલામગીરીનું સઘલું દુ
ખ ખમીશ." તે વખતે જે દેખાવ થયો હતો તે દે
ખાવ જોઈને ગમે તેવા કઠણ છાતીનાં માણસનુ દીલ
પીગલવા વીના રેહે નહી. સઘલા ખરીદદારો એક
મતથી બુમ પાડી કેહવા લાગા કે ભાઈ બંન્નેને સાથે
મુકો ને બંધે વર બાઈડીનો એકજ "લાટ" કરો એ ઉ
પરથી એક બીજી ખુરસી પેલા સીધીની પાસે લાવીને
મુકી જેહનીપર તેની બઈરીને ઉભી રાખી જેથી પેલો
અતીશે ખુશી થયો અને તરતજ પેલીને ગલે વલગી પ
ડીયો અને તેણીને પોતાની છાતી સાથ થોડોકવાર દા
બીને ખુશીથી છુટો ખુરસીપર ઉભો રહ્યો. તે આ
સપાસ આનંદથી જોઈને જાણે જણાવતો હોએ કે
"ચાલો હવે હું તમારોજ છું! ખરીદદારો હું તમારો
જ છું! મારી મેહેનત અને રંજમાં ભાગીઅણ દાખ
લ મારા સોબતીને સાથે રેહેવા દેશો તો હું ખુસીથી રે
હેવસ." લીલાંઉ પાછું ચલાવીઉ—ધણી ધણીઆણી
પુર તંદરોસતીમાં હોએ તેમ ચપળતાની નીસાંની દે
ખાડવાલાગાં જેથી તુરત તેઓ વેચાઈ ગયાં.

## એક વફાદાર સીધંન.

ઈસવી સન ૧૭૭૦ ના સાળમાં "સેનટ દોમી
નગો" ના ટાપુ મધે જે ભયંકાર ધરતીકંપથી ઘણો ના
સ થયો હતો તે વખતે "પોરટો પરીનસની" એક
સીધન દાસી પોતાના શેઠના બચાં સાથ એખળીજ
ઘેરમાં હતી. ઘરનો પાયો ધ્રુજવા લાગો અને કેટલાક
કડાકા સંભલાવા લાગા તેથી સઘલાં જણ નાસી ગયાં
પણ પેલી વફાદાર દાસી પોતાના શેઠના છોકરાંને ભ
યમાં મુકીને બાહેર નીકલી નાસી જવાને બદલે જાં
હાં છોકરૂં સુતેળું હતું તાંહાં ગેઈ તારે તેણીએ તે
ને ભર ઉંગમાં સુતેળું જોઉ; તેમજ ઘરની દેવા
લો ઓય તુટી પડશે એવુ તેણીને જણાયું હવે જો તે
જ વખતે પેલાં છોકરાંને લઈને નાશી જવાની કોશેસ
કરેછે તોબંધોના જીવ જોખમમાં પડેછે તેથી પેલી
પેલાં છોકરાંની ઉપર કમાનને આકારે મેરાબદાર થ
ઈને વાંકી પડી અને થોડાજ વારમાં દેવાળ ધસી પ
ડી તેનો સઘલો બોજો તેણીનાં દીલપર પડયાથી તે
બીચારી મરણ પામી; પણ પેલું બચું ગોઆ એક
ગુફા અથવા ટનલની અંદર હોએ એવી રીતે સહી
સલામત રહીઉં.

## સુખડ અથવા ચંદન.

ચીન દેશ તથા મલબાર પરાંતમાં સુખડનાં
ઝાડ પુશકલ થાએછે; તેમજ બીજાં પણ કેટલાક મુલ
ખોમાં એ ઝાડો ઉગેછે, પણ સઉથી સારૂં ને ઉંચું
સુખડ ઉપલાં બે ઠેકાંણેથી મલી આવેછે. સુખડનાં
ઝાડો ઘણુ કરીને રાન જંગલોમો હોએછે, તો પણ
કેટલાક શ્રીમંત અને બડેજાઓ લોકો પોતાના બાગો

માં પણ એવાં ઝાડો રોપાવેછે. એ ઝાડ મોહોટાં થયાં એટલે તેને કાપીને તેના કટકા જમીનમાં પુરી રાખેછે, તાર પછે કેટલેક દીવસે તેમને બાહેર કાહાડી ટાચીને સરખા કરેછે, તથા તેમનો જેવો રંગ અને જેવું વજન ઊતરે તે પરમાણે તેમની જુદી જુદી ગાંસડીઓ બાંધેછે, જે કટકા રાતા રંગના અથવા રતાસપર હોએ અને જે વજનમાં ભારી ઊતરે તથા જેની સુવાસ ઘણીજ નીકલતી હોએ તેની કીમત વધારે પોશાએછે.

સુખડ ઘણી રીતે કામ લાગેછે. તેની પેટીઓ, પંખા વગેરે નકસીદાર સામન બનાવેછે. સુખડનાં છેડાંને ઘસી તેનો વાશ કેટલીક જાતનાં લોકો દીલ પમરવાને માટે આંગે ચોપડેછે. ચીનાઓના તાલેવંત લોકના મુરદાંને સુખડની પેટીમાં મુકી તે પેટી દાટેછે; તથા એ ચીનાઓ સુખડની તરેહવાર વસતુઓ બનાવી તે વેચેછે. ખરૂજ અથવા કીર થઈ હોએ અથવા આંગ ઊપર ફુલીઓ થઈ હોએ તારે સુખડનું તેલ કાહાડી તે કેટલાકો ભરેછે, જેથી ગુણ થએલો માલુમ પડે છે. સુખડ જેમ તરેહવાર વસતુઓ બનાવવાનાં કામમાં આવેછે તેમ તે કેટલાંક ઓસડ બનાવવાનાં કામમાં પણ આવેછે.

સુખડને ટાસીને તેને સાફ લીસા કરી તેનાં ગોલ કકડા કરેછે તેને આપણા લોકો સુખડનાં પેરીઆં કરી કેહેછે, તથા તેના નાહાના નાહાના કકડા અથવા છેડાંને સુખડનો તાછો કરી કેહેછે. પારસી તથા હીંદુઓ એના સારા વાસ ઊપરથી એને બાલવાના કામમાં લાવેછે, ને તેમાં ઘણું કરીને ધરમ સંબંધી ક્રીઆ કરતી વેલાએ તો ખચીત એ વસતુ બાલવી પડેછે. આહા ! પરમેશવરે માણશોનાં જીવને સુખ આપવાને માટે નાના પરકારના એવા પદારથો ઊતપન કરીઆછે એ ઊપરથીજ માનવી ઊપર તે દએઆલુ ઈશવરનો કેટલો પેઆરછે તે સાફ જણાઈ આવેછે !

## બદામ.

બદામનાં ઝાડ મોહોટાં થાએછે, અને તે ઊપર ફલો પણ પુશકલ ઊગેછે. ઈરોપખંડ મધે ફરાનસ, ઇટલી, સપેન, એ દેશોમાં બદામના ઝાડ મલી આવેછે, તેમજ એશીઆખંડમાં, મશકત, આરાકાન, ઈરાન, મકા, મદીના, સીરાજ વગેરે ઠેકાણે એનાં ઝાડો જોવામાં આવેછે. હીનદુસથાનમાં જે પુશકલ બદામ આવેછે તે એ મુલુકોમાથી આવેછે. બદામ બે જાતની આવેછે—કડવી અને મીઠી. એ ઝાડ જેઠ અને અશાડ મહીનામાં ખીલવા માંડેછે તથા આશવીન અને કારતક માસમાં તેના ફલ પાકીને તઈઆર થાએછે. એ ફલો જીઆરે તઈઆર થાએછે તારે તેનું કદ નાહાનાં સરખાં પેર જેટલું દેખાએછે. તેની ઊપરની છાલ જરા રતાસપર હોએછે ને તે જો મોડાંમાં નાખી હોએતો તુરી મારેછે. આપણાં દેશમાં પણ બદામના ઝાડો ઊગાડવાની તજવીજ કરવામાં આવીછે, ને ઝાડો ઊગીઆં પણછે ખરાં, તોપણ તે ઊપર જે બદામો થાએછે તે અસલ જેવી થતી નથી ઊગવામાં એ ઝાડ ઘણું જલદી વધેછે, તથા તેની છાઆ બહુ ભાવે એવી હોએછે.

બદામ ખાધામાં મજેની હોવાછતાં તે વલી પુશટીકારક ગણાએછે. એનું તેલ ઓસડમાં કામ લાગેછે. એ વસતુ પુશટીકારક હોવાથી અશકત અથવા નબલાં માણસો તેને તરેહવાર આકારની ખાધ ખોરાકીમાં વાપરી ખાધામાં લીએછે તેથી અશકતાં કેટલેક દરજજે શકતી વધેછે. તેમજ મીશટાન અને લેહેજતદાર પકવાનોમાં બદામ ઘણો અછો સવાદ આપેછે.

કડવી બદામ ખાધામાંનો કશી રીતે ઊપીઓગી નથી, તો પણ તેનું તેલ કેટલાંક ઓસડમાં વપરાએછે. એ કડવી બદામ જો વધારે ખવાઈ તો તે જીવને નુકશાનકારક થઈ પડેછે. જેમ કેટલાંક દેશોમાં પઈસા સાથે કોડીઓ વપરાએછે તેમ સુરત વગેરે કેટલાંક નાહાના ગામડાંઓમાં કોરીને બદલે એ કડવી બદામો ચાલેછે. કેટલાકો બદામનાં કોચલાને બાલી તેની રાખ કરી તે દાતન કરવાના ઊપીઓગમાં લાવેછે, કે દાંત સાફ અને મજબુત રેહે.

## બેહેનો તમો કોઈને હસતાંનાં.

કોઈ એક માણસમાં કાંઈ કુદરતી ખોડ ખાપણ જોઈ એટલે તુરત તેને કેટલાંકો હશવા માંડેછે, એ ઘણું

ખરાબ અને અધરતું છે. પડોસમાનો એક ખુંદો છોકરો, સામેના ઘરનો એક ઠુંઠો છોકરો, અથવા લાકડી લઈને ચાલનાર એક વેંહેતીઉં માણસ દીનબાઈ અથવા ભીખાઈજીને નજરે પડીઉં તો તેઓ તેને હશીઆ વનાં રેહેનાર નથી; તોતરી બોબરી બચુબાઈ, અથવા પેંગી પીરોજબાઈ જો મેહેરબાઈ અથવા રતનેબાઈની નજરે પડી તો તેઓ તેને હશીઆ વના રેહેનાર નથી; ગાંફેલ અને થોડી સમજણની અડીંગામારનાર આંવાંબાઈ અથવા ચુંચી આંખની ને લાંબાં નાકની નવાજબાઈ, શીરીનબાઈ અથવા સાકરબાઈની નજરે પડીતો તેઓ તેને હશીઆ વના રેહેનાર નથી; બચાંકચાં વગરની ઈઆને લાંબી મુદત સુધી ઓજણી રહેલી માણેકબાઈ અથવા કમબખત ધણીએ છાડી મુકેલી કોલીબાઈને વીશે જો રાણીબાઈ અને નાલીબાઈએ સાંભલીઉંતો તેઓ તેને હશીઆવના રેહેનાર નથી.

તો હમો એવી રીતે હશી કરનાર બાઈઓને પુછવાની રજા લઈએ છીએ કે ઈશવરે તમ બાઈઓમાં ઊપલાં ખોડીઅલા જેવી કોઈ ખોડ મુકી નથી તે શું લોકોની હાંશી અને ઠઠા મશકેરી કરવા માટે કે? અથવા એવી રીતે કુદરતી ખોડખાંપણો વીશે ટીકા કરવાને અથવા હશવાને તમોને કાંઇ સતાછે વારૂ? ના પેઆરી બાનુંઓ એવી કોઈ સતા તમોને નથી તેમજ એવું કરવું એ ઘણુ નામુનાસેબછે. તમો એ ખોડીઅલોની ઠઠા મશકરી કરોછો ને કાંઈ ખરેખરી તેમની થતી નથી પણ તેમને એવા ખોડીએલ આંગ આપનાર ઈશવરની તમો મશકરી કરોછો.

વીચાર કરો પેઆરી બાનુઓ કે જો ઈશવરે તમારામાં કોઈ એવો અધુરો આંગ મુકીઓ હતે ને તમોને તમારા જેવી થોડી સમજવાલી કોઈ હીરાંબાઈ હસતેતો તમોને કેવું લાગતે વારૂ? એટલાજ વીચાર ઊપરથી તમોને જાણવું ને સમજવું જોઈએ કે તમારી સાથ જે ચાલ કોઈ ચલાવે તે તમને ગમે નહી તો તેવીજ ચાલ તમો કોઈ બીજાં સાથ ચલાવોતો તે તેને કેમ ગમશે વારૂ?

તે કરતાં પરમ કુરપાલુ સાહેબે એવું તો કાંઈ કરીઊંજ નથી કે કોઈબી માણસને કશી વાતની પણ ખુટવગર તમામ સંપુરણ કરફું—તે સાહેબે ઠરાવેલા નીઅમ પરમાણે દરેક માણસને કાંઈપણ વાતની ખુટ અને કોતાઈતો પડવાનીજ; તો પછે જે ઠરાવ ઈશવરે કરીઓ તેની વીરૂધ બોલવું અથવા તેને હશવું એ કોણનું કામ? ખરાં પાપી, નીમક હરામ અને ઈશવરના તકશીરવારનું તે કામછે. ખરા ધરમાતમાં અને ઈશવરના ખરા સેવકોતો એવી વેલા બીચારાં દુખીઆરાંઓને પોતાની તરફથી બનતી મદદ કરવાના, ને નહી કે કેટલીક કમઅકલ બાઈઓ લથડતી ચાલના લંગડાને પડી ગીએલો જોવાને રાજી થાએછે અથવા કોઈ થોડી સમજણવાલી ને ઊલકાવી તેથી રમુજ મેલવવાને ખુશી થાએછે, તેમ કરવાના. કોણ જાણે કાલ કેવીછે, આજ આપણે એવાંઓને હશીએછે, પણ કાલે આપણી શી ગતી થશે, વખતે એવુંજ કોઈ દુખ આપણાં ઊપર આવી પડશે, એવા દુરંદેશોના વીચાર કરી સઘલી સજન બાઈઓને ઘટેછે કે આ બાબદને મથાલે લખેલા શબદો પરમાણે કોઇને હસવું નહી.

---

## દુનીઆનો મુસાફ્ર.

પત્ર ૫.



પેઆરાં બેહન,

આ મારા પાચમાં કાગલમાં હું તમને રૂશીઆ દેશની કેટલીએક જાણવા જોગ હકીકત લખી મોકલુંછું. તે લખેચા અગાઊ તમને જણાવવું જોઈએ કે દુનીઆમાં સઊથી મોહું રાજ રૂશીઆનુંછે. ઈઊરોપ ખંડમાં રૂશીઆનો મોટો મુલકછે તેમજ અમેરીકા તથા એશીઆ ખંડોમાં પણ રૂશીઆના મોટા મુલકો છે. આ કાગલ મધે એશીઆ ખંડ મધેના રૂશીઆ મુલક વીશે લખુંછું. એશીઆ ખંડના રૂશીઆના બે મોટા ભાગ થએલાછે: એક સીબીરીઆ અને બીજો કાફેશી

આ. સીબીરીઆનો ભાગ મોટોછે અને તે કાકશીઆની ઊતર દશાએ આવેલોછે.

સીબીરીઆનો દેશ આથમણ દશાએ ઊરલ નામના પાહડ આગલથી ઊગમણ દશાએ ઠેઠ સમુદર સુધી લાગેલોછે. એ દેશની લંબાઈ ૪૦૦૦ માઈલ અને પોહળાઈ ૧૯૦૦ માઈલનીછે. એ દેશમાં નદી, ડુંગર અને સરોવર ઘણાછે. મોટી મોટી નદીઓ દખણ તરફથી નીકલીને ઊતર તરફના સમુદરમાં ખાલી થાએછે. મોટો ભાગ એ દેશનો ઊજડ અથવા વેરાણ પડેલોછે. ઊતર તરફ ઘણીજ થંડીને લીધે ઝાડ પાન અથવા વનસપતી ઊગની નથી. શીઆળાની રૂતુમાં ઊતર તરફના ખેતરે ખેતરમાં બરફ શીવાએ બીજું કાંઈ નજરે પડતું નથી. ઓબી, ઈઅનસી અને લીના નામની તરણ ઘણીજ મોટી નદીઓ એ દેશમાં થઈને આરટીક માહસાગરમા ખાલી થાએછે. એ નદીની જારે રેલ આવેછે તારે આ દેશના મોટા ભાગમાં તેના પાણી ફરી વલેછે. બેઈકલ નામનો સરોવર ઘણો મોટોછે. તેના પાણી મીઠા ઊંડાં અને નીતરાંછે. શીઆળાની રૂતુમાં તેની ઊપર બરફનું જાડું પડ બંધાઈ જાએછે અને તેની ઊપર માલના મોટા ગાડાં પઈડાં વગર ચાલી શકેછે. ઊનાલામાં પવનથી અથવા આસ પાસના બલતા પાહડથી આ સરોવરના પાણી ઘણા જુસામાં આવી જાએછે.

કામેસચાટકા નામનો પરાંત જે મોટો દવીપકલપ કેહવાએછે તેમાં બલતા પાહડો ઘણાછે. વાવીગ ખુણા તરફ ઊના પાણીનો મોટો ઝરોછે. તે ઝરામાં એટલું તો ગરમ પાણી ઊકલેછે કે બાફ અથવા વરાલના ધુમાડા નીકલેઆ કરેછે દખણ દશાએ પણ એક બીજો ગરમ ઝરોછે જે બે ફુટ ઊંડો અને સાત ફુટ પોહલોછે. એ દેશની હવા ઘણીજ ઠંડી અને સખત છે. શીઆલો નવ અથવા દસ મહીના સુધી ચાલેછે અને તાંહાં સુધી પારો પણ બંધાઈ રેહેછે. ઊનાલાની ગરમી થોડોવાર ટકેછે. પણ એ થોડાવારમાં એટલીતો સખત ગરમી મારેછે કે દખણ તરફ ઝાડ પાન સેહલાઈથી તથા જહડપથી ઊગી નીસરેછે.

એ દેશના ઊતર ભાગમાં વનસપની થતી નથી તારે તાંહાંના રેહવાસીઓ પોતાનું ગુજરાણ કેમ કરી શકતા હશે એમ તમે પુછશો. પણ સરવ શકનીમાન ઈશવરે તાંહાં જનાવર એટલાં બધાં ઊનપન કરેઆંછે કે ફકત તેથીજ તાંહાંના લોકોનું નીવાહરણ થઈ શકેછે. એવા ઠંડા મુલકમાં જનાવરના ખોરાક વગર રહી શકાએ નહી. નદીમાં તરેહ તરેહની માછલી જથાબંદ મલેછે. પકશીનો પણ સુમાર નથી. રૂવાંટા વાલા જનાવર એ દેશની મોટી દોલત ગણાએછે. સેબલ નામના એક જનાવરના ચામડાના આસરે ૧૦૦ રૂપીઆ ઊપજેછે. હંઈઆના કુતરા વરૂને મલતા આવેછે અને તે પઈડાં વગરની ગાડીઓ બરફ ઊપરથી ખેંચી લઈ જવામાં ઘણા કામમાં આવેછે. આઠ દસ કુતરા મલીને સામનથી ભરેલી ગાડી ખેંચી લઈ જાએછે.

સીબીરીઆ મધેથી ઘણી કીમતી ધાતુ નીકલેછે. તરાંબુ તથા લોહડુતો પુશકલ નીકલતુ નથી પણ સોનું, રૂપુ તથા પલાટીનમ, એ કીમતી ધાતું ઊરલ પાહડની ખાણમાંથી એટલી નીકલેછે કે તેની કીમત દર વરસે ૫૦૦૦૦૦૦ રૂપીઆ ઊપજેછે. બલાગોડાટ નામનો એક પાહડછે તેમાંથી ચમક પાહન અથવા લોહચુમક પુશકલ નીકલેછે. હીરા જવેર પણ એ પાહડમાંથી મલેછે.

સીબીરીઆના લોકો તાતાર લોકોને મલતા આવેછે. ઊતર તરફના લોકો ઘણા ઠીંગણા અને ટુકાછે. તેઓ આપણા લોકોને ખભાં સુધી આવી શકે. કામેસચાટકા પરાંતના લોકો જમીનની અંદર કાદવના ભોઈરાં કરીને રેહેછે અને દરીઆઈ જનાવર ઊપર પોતાનો ગુજારો કરેછે. આ દેશના લોકો ઘણુ કરી જંગલી હાલતમાં હજુર પડેલાછે. પણ તેઓ ઘણા ખુબસુરતછે. આ દેશની ખુબસુરતી વીશે દુનીઆમાં વખાણ થાએછે. આ દેશમાંથી ઓરતનો વેપાર ચાલેછે. એટલે ખુબસુરત ઓરતોને લોકો ખરીદ કરેછે અને ઈરાણ તથા તુરકસથાનમાં તેમને વેચવાને લઈ જાએછે. એ વેપાર અટકાવવાને માટે હાંઆંના સતાવાલા ઓ મેહનત કરેછે. લોકસન લોકો કેવો પોશાક પેહેરેછે તથા તેમનો દેખાવ કેહવોછે ને વીશે તમને જાણવાને બની આવે માટે એક અસતરી તથા પુરૂશની જોડીનું ચીતર આ કાગલ સાથે બાંધીછે.

સોલમાં સઈકાની આખેરીથી આ મુલક ઈઊરોપના રૂશીઆના તાબામાં આવેલોછે. રૂશીઆના બાદશાહઓ સીબીરીઆમાં ઝારને નામે ઓલખાએછે. ૧૮૨૫ ના વરસમાં એ દેશના રાજકારભારને



એક ટીપાં પાંણીને શુક્ષમ દરશક યંત્રની મારફતે
તપાસેલું તે જળેનો દેખાવ.

-માટે જુદા જુદા ભાગ કરવામાં આવેઆંછે. ઈઊરોપના રૂશીઆ તથા પોલાંડ દેશ મધેથી દેશનીકાળ થએલા લોકોને આ દેશમાં ખાણ ખોદવા તથા મજુરી કરવા માટે રૂશીઆની સરકાર મોકલેછે. એવા ૧૨૦૦૦૦ માણસો એકઠાં થઆંછે. લોકોની મોટી સંખીઆ લા માને માનેછે. મુખીઆ શેહર તોબાલકસનુંછે; જેની વ સતી ૨૦ હજાર માણસની ગણાએછે.

## સુક્ષમદરશક યંતરના ચમતકાર.

વાંચનારી બેહેનો,

જે પરમાણે દુરની ચીજો જોવાને દુરબીન ના મનું હથીઆર હોએછે તે પરમાણે બારીક ચીજો જોવાને સુક્ષમદરશક યંતર નામનુ હથીઆરછે તે વીશે તમે સાં ભલીઉં હશો. એ બે યંતરો, થોડી અને વધારે જાડા ઈના જુદા જુદા કાચની તરેહવાર ગોઠવણોથી બનેછે. દુરબીન થકી હાલ આકાશ મધે દુરની ચમતકારીક ચી જોની શોધ થઈછે અને સુક્ષમદરશક યંતર થકી પરૂથ વી ઊપરની ઘણી બારીક ચીજોની ચમતકારીક શોધો થઈછે.

જારથી સુક્ષમદરશક યંતરની શોધ થઈછે તાર થી ખુદરતી તવારીખ જાણનાર વીદવાનોને બારીક ચીજોની એક નવીજ દુનીઆ માલુમ પડીછે. એ હ થીઆરની મદદથી પાણીના એક ટીપામાં હજારો બા રીક જનાવરો જોવામાં આવેછે અને તેઓબી વળી એક બીજાની સાથે સરખાવતાં ઘણાજ નાહના મોટા માલુમ પડેછે. એ ઘણાજ બારીક જનાવરો વીશે પે હેલાં એમ ધારવામાં આવતું હતું કે તેઓ એક બીજા થી નાહના મોટાછે માટે એક બીજાને ગલીને પોતાનું ગુજરાન કરેછે પણ પાછલ એક વીદવાને એવું શોધી કાહાડીઊં કે તેઓ પાણી મધેની બારીક વનસપતી ખાઈને જીવેછે.

એ બારીક જનાવરો સઘળા જુદા જુદા આકા રના હોએછે તે આ સાથે આપેલા ચીતરથી માલુમ પ ડશે. વળી એ જનાવરો વીશે આગળ કેટલાએક લો કોનો એવો વીચાર હતો કે પાણી મધેના જીણ પરપો ટા જેવા બારીક જનાવરોને કાંઈ ઈંદરી, મોહાડું, મા થું કે માથાં નથી પણ એક જરમન વીદવાનની શોધ થી એવું માલુમ પડીઊંછે કે તેઓને આંખ, મોહાડું તથા માથા હોએછે.

વળી સુક્ષમદરશક યંતરની મદદથી એવું પણ માલુમ પડેછે કે આપણે જે પનીર ખાહીએછે તેમાં હ જારો જીણા જનાવરો વશેછે અને તે જનાવરો સઘળા આપણા ખાવામાં આવવાથી આપણને નુકસાન કરવા ને બદલે આપણું પોશણ કરેછે. પાણી મધેના બારીક જનાવરોબી આપણે કાંઈ નુકસાન કરતા નથી પણ ઘ ણેક દરજે આપણું પોશણ કરેછે.

સુક્ષમદરશકથી પાંણી મધેના લીલને જારે જો ઈએછે તારે તે ઝાડ પાનથી સણગારેલું એક મોટું જં ગલ દેખાએછે. તે ઝાડોની ઊપર આંખને થંડક આ પનારા લીલા રંગના પાંદડાં દેખાએછે, ડાલીએ ડાલી એ ગોહોર આવેલા નજરે પડેછે, તથા ફલોનાં ભાર થી તે નમી ગએલા માલુમ પડેછે.

એ યંતરથી બારીક ચીજો વીશે આપણને ગ નેઆન થએઆથી આપણા સરવ શકતીવાન ઊતપન કરતાની અદભુત અને અચરતી ઊપજાવનારી શકતી માલુમ પડેઆ વગર રેહતી નથી. ફકત એક રેતીના દાણા જેટલી જગામાં આપણી ચામડી ઊપર ૧૨૫૦૦૦ (સવાલાખ) ઝીણા વીંધછે ને આ હથી આરથી માલુમ પડીને આપણા પેદા કરનારની બેહદ શકતી દેખાડેઆ વગર રેહતાં નથી.

## આપણો સઘલી અવસથામાં ખરો મીત્ર કોણછે ?

મોહટા ભય અને દુખને વખતે, જાંહાં બાપ પો તાના પીઆરા બેટાને બચાવી શકતો નથી, જાંહાં બાહાદુર શીપાઈ પોતાના ધણીનું નીમક હલાલ કરી શકતો નથી, તાંહાં પણ પરમેશવરે એક આપણને મી તર આપેલોછે, જેથીજ આપણે મોહટી સંકટમાંથી એકવાર બચી જઈએછે. ગરીબ અને તવંગર, દુ ખી અને સુખી, સઘલાનો તે એકજ સરખો દોસતછે. પરમેશવરે સરવેને "આશા" આપીછે. એક તરતા માણસને તુમડી જેવી કામનીછે, તેવીજ "આશા" સ ઘલાને જરૂરનીછે, અને દુનીઆમાં દુખ અને સં તાપના સાગરમાં હુબતાઓને તે ઊપર તરતાં રાખેછે.

શા" વના દુખના દરીઆમાં નીરાશ થાછે. બીજા હાત ઊપર કેટલાઓ મા ત્ર—ચીજ અપાર દુખમાંથી તરતા નીકલે જાછે. દરએક માણસને સારી હાલતમાં આવવાની આશા હોવી જોઈએ અને એ મીતરને સાથે રાખે આથી હમેશ આપણને સ્નેહમંદી મલેછે. કેદખાનામાં કેદીઓની સાથે આશાછે, અને તેથીજ તેઓને જુલમ ખમવાને હીમત થાએછે. લડાઈમાં જાંહાં તોપના આવાજોથી કાન બેહરા થઈ જાએછે તાંહાં પણ આશા સઘલાંને બચાવેછે. અને તે બાહાદુર શીપાઈને કદી છોડતી નથી. દુશટ મોહોત જયારે પોતાનો પંજો લંબાવેછે તે વકતે પણ એજ મીતર આપણને ટકાવી રાખેછે, એ ઊપરથી વાંચનારી બાઈએ એમ નહી સમેજવું કે દરેક ચીજ મેલવવાની આશા રાખવી જોઈએ. આ કેહવત યાદ રાખવી કે "કોઈની હવેલી જોઈ આપણી જુપડી તોડી પાડવી નહી." આપણી કુદરત, અને હાલત પરમાણે આશા રાખીએતો તે અલબત પરમેશવરની મેહરબાનીથી બર આવેછે. પણ જો આપણે આપણી શકતી કરતાં વધારે આશા બાંધીતો તે વધારેવાર ટકવાની નહીં અને તેનો છેડો ખરાબ આવવાનો.

જો તમારો ભરથાર ગરીબ હોયતો જે પરમેશવર તમુને મીઠું રોટી આપે તેહના ઊપર સબર કરજો, અને કોઈના શુના રૂપા ઊપર લોભાઈને તેવી આશામાં પોતાને તથા ગરીબ ભરથારને દુખ દેતાનાં. કારણકે જે ઘરનો પાઓ મજબુત નહીં તે ઘર ઊભુ સી તરાંહથી રેહ ? માંટે અંદાજાસર આશા રાખવી એજ મરવથી સારો મારગ જાણવો. આતો ખરૂંછે કે જે મનુશય કોઈ ચીજની આશા નહી રાખશે તો તેને કાંઈ મલનાર નથી. પણ આબી ખરૂંછે કે જે પોતાની મેહનત તથા ગુંજાસ કરતાં વધારે ઈછેછે તેને પણ કાંઈજ મલતું નથી, અને પેલા સેકચલીની પેઠે થોડું પોતા પાસ હોએ તે પણ ખોઈ બેસેછે.

---

## એક સાધુ અને તેનું સવપનું—દુનીઆમાં સુખ સાથી મલેછે ?

એક માણસે દુનીઆની મેંહનતથી કંટાલીને એવો વીચાર કીધો કે સઘલું એક કોરે મેલી એક ગોશામાં જઈ રાત દીન ઈશવરની ભકતીમાં મશગુલ રહું. એવા વીચાર ઊપરથી પોતે જે ગામમાં રેહનો હતો તે છોડી આગલ ચાલેઓ. કેટલાક ગાઊ વધેઆ પછે ડુંગરોની એક મોહટી હાર જોઈ તે તરફ પગલાં ભરેઆં. કેટલી મુસીબતથી-તે ઊપર આવી પુગો, અને ખજુરીનાં વનમાં પોતાનો વાસો કીધો. આખો દાહડો ઈશવરની પરારથના કરેઆ કરે, અને સાંજને સમે થોડાંક ખજુર ખાઈ, પાહાડ પરના નીરમલ જરાથી પોતાની તરસ છીપાવે. એ પરમાણે ઘણા વરશ સુધી તેણે કીધું. પછે તેહના કુઅતમાં ઘણો ઘટાડો થતો ગયો, તેથી બંદગી ટુકી કરી ઈશવર પાસે પોતાનો છુટકારો માંગવા લાગો. એક રાતે હુંગમાં તેહને એક ફરેસતો નજરે પડેઓ, અને કેહવા લાગો કે, "ઊઠ પાસેના જંગલમાંથી એક ખજુરી કાપ, અને તેહના સાકાનું એક દોરડું બનાવ, દોરડું થયા પછે હું પાછો નજરે પડીશ." પેલો જાગેઓ તેવોજ સપનામાં જોયા પરમાણે કરવાને કામે વલગેઓ. કોહાડાની સોધમાં એક જગા ઊપરથી બીજી જગા ઊપર ભટકતો ફરેઓ, અને એ મુસાફરીમાં આગલના કરતાં તેહને વધારે ચેન પડેશે. તેની પરારથના હમણા ટુકી હતી તોપણ તે ઘણી સાચી અને ખરી મનસનીની હતી. કેટલા દીવસ પછે એક કોહોવાડો હાત લાગો. પછે એક ખજુર કાપીઉં, અને ઘણી મેહનત અને હોશથી સાકા જુદા પાડેઆં. આખરે દોરડું વણીને તઈઆર કીધું. કણલાત પરમાણે ફરીથી પેલો ફરેશતો સવપનામાં આવેઓ અને તેને કેવા લાગો "હવે તું કાંઈ તાહરી જીનદગીથી કંટાલેઓ નથી, બલકે તું ઊદયોગી થવાથી વધારે સુખીછે. માંટે હવે નસીઅત પકડ કે મનુશયને મેહનત કરવાને પેદા કીધુંછે, અને પરારથના કરવી એ પણ તેનો ધરમછે. માટે સદારે આ દોરડાંને કમરે લપેટીને દુનીઆમાં ફર, અને કોઈપણ શકસ તને તે વીશે સવાલ કરેનો તેને જાણ કરકે હરએક માણસને સુખી રેહવું હોએ તો તેહને હમેશ મેહનતમાં મશગુલ રેહવું, એ

ફક્ત ઘરમાં બેશી બંદગી કરવાથી કાંઈ થતું નથી. આપણા સુખ સારૂં બંદગી તેમજ મેહનત જરૂરનીછે.

## હુંગ લાવવાનો સેહેલો ઉપાએ.

જે સ્ત્રીઓ ખાવા પીવા અને આખો દાહાડો કોચપર અરડાયાં વીગરે બીજું કાંઈ જાણતી નથી, તેઓને હું એક પેઆલો ભરી માહારૂં ઓશડ દરરોજ પીવા કહુંછું. એમાં જરાપણ અફીમ અથવા ભાંગ નાખી નથી. કોઈપણ કેફી અથવા અવગુણ ચીજનું તે બનેલું નથી. વલી તેહને ખરીદવાને કાંઈ પઈશા ખરચવા નથી પડવાના. તેહને કાંઈ વેલાત અથવા ચીનથી મંગાવું પડતું નથી. તે કાંઈ કડવું કસાનું નથી. વાંચનારી બાઈઓ તમો અજાએબ થાશો કે એવી દવા તે શું હશે. કદાચ તમો મશકરી શમજશો. ના તેમ નથી, હું ખરૂં કહુંછું કે એ દવા માહરી પાસેછે. તે બે ચીજની બનેલીછે. એકતો "મેહનત" ની જડી અને "શંતોશનું" મધ. સવારના ઊઠેઆં એ ટલે "મેહનતની જડને" સારી પેઠે તમારાં દીલ ઊપર થી. પાણી કાહાડી (તેમાં) ઘસવી, અને આખો દાહાડો હાલતાં ચાલતાં એ પાણીને હીલવીઆ કરવું, રાત પડે કે પેલું મધુરં "શંતોશનું મધ" અંદર નાખી તેહને જોઈ આંખ મીચી શુઈ જવું, એટલે મીઠી નીદરા આવશે. તમો કદાચ પુછશો કે મેહનતની જડ તે શું. ચતુર બાઈ તે ઘણી સેહલીછે. આખો દાહાડો વામાં કામાં કરી કાહાડીઆનાં કરતાં તમો તમારાં તન, મન બેશીને હમેશ વાપરતાં રોહ એથી તમોને "મેહનતની જડ" હાત લાગશે, અથવા ટુંકામાં "મેહનત" જડશે. અને સાંજ પડે ને તમોને જે પરમેશવરે થોડું આપેલું હોય તેહના ઊપર શંતોશ કરજો, એ ટલે "શંતોશનુ મધ" મલેશે. અને જીઆરે તમોએ તમારાં દીલને કસાનું કીધું, તેમજ મનને વાંચવા લખવાથી મેહનતની જડી પેઠે ઘસેશો—અને તે ભારે મેહનતના બદલામાં જે થોડું મલેશે તેહના ઊપેર શંતોશ કીધોતો પછે બેહન શું હુંગ નહી આવશે ? તમો એક વકતે ઊપર લખા પરમાણે કરો અને જીઆરે તમોને ટેવ પડશે તીઆરે એનો બેહદ ફાએદો માલમ પડશે. આલશાઈથી "મેહનતની જડ" શરી જાયે છે, અને "શંતોશનાં" મધને કીરી ખાઈ જાયછે. અને જો આલસાઈની ટેવજ પડીતો થોડા વારમાં બેશીને ખરાબી પોહચેછે. પછે ખાવું પીવું સારી હુંગ વગર નકામું થઈ પડેછે, અને એવી બાઈઓ રસતા માંહેલી ગાયની પેઠે અરડાઆ કરેછે.

## સફાઈ રાખવાની જરૂર.

આપણુ બદન તથા આપણી પાસેની સઘલી ચીજો સાફ રાખવાની ઘણી જરૂરછે તે પરમેશવરે પોતાની પેદાએશમાં ખુલી રીતે બતલાવી આપેલીછે. કેટલી બાઈઓ જોરા વગર ચાલી પોતાના પગને મેલા કરેછે. કેટલી ચેરી છોકરીઓ પોતાના હાત પગ અને આંગને સાફ રાખવાની તજવીજ રાખતી નથી. કેટલી ઓરતો પોતાના વાહાલાં અને ખુબશુરત બચાંને ભોંએ ઊપર ધુલ તથા નજીસાતમાં રમતું મેલેછે, અને કોઈતો વલી એમ પણ કેહછે કે " નવાડવાનું છે, કાંઈ ફીકર નહીં, ખરડાવા દેઓ. " ખરેખર એ ઘણુ અફસોસ ભરેલુંછે, એ નીચેના દાખલાઓ ઊપરથી ખુલું દીસશે.

જયાંહાં જાહાડપાન વીગરે બીજો જીવ દખાતો નથી એવા જંગલોમાં જઈ જોશો તોપણ તયાંહાંના સરવ જાહાડ સોજાં અને સાફ દેખાશે. જાહાડનાં પાદડાં કેહવાં સુમારાં સાફ અને ચલકતાં દીસેછે. અને આટલી બધી ધુલ વીગરે આસપાસ ઊડેછે તોપણ તેઓ થોડાંજ ખરાબ થાએછે, અને એક વરસાદનું જાપેતું આયું કે જરા પણ ધુલ વલગેલી હોય તે ધોવાઈ જાયછે. પાદડાં ઊપર જીણાં રૂઆં આવેછે જેથી પાણી, ચીકાસ વીગરે ચીજો વલગી રેહતી નથી. જાહાડો કાદવ અને મટોડી સાથે કેટલો નજદીકનો સબંદ રાખેછે તે છતાં પણ જરા તેઓ ખરાબ હોતાં નથી. વલી કેટલાંએક જાહાડો તલાવોમાં ઊગેછે, જાંહાં કાદવ ઘણો છતાં તેઓ થોડાંજ ખરડાએલાં હોયછે.

જમીનનાં કીડાઓ અને બીજાં જીણા જાનવરો જેઓ કાદવમાં તથા બીજી નજીસાતમાં વસેછે તેઓ પણ કેહવાં સાફ અને સોજાં દેખાયછે. કેટલાંક પરંદાં પોતાના શેકાર સારૂં કાદવ અને પાણીમાં ઊતરે છે તેઓ પણ ઓછાં સાફ હોતાં નથી. બલકે કેટલાં

કને પરમેશવરે એવો ગુણ આપેલોછે, કે જીઆરે તેઓના પીછાં વીખરાઈ ખરાબ થાએછે તે વકતે એક જાતનું તેલ પેદા થાયછે જે સઘલાં ઊપર ફરી વરે આથી, જેમ તમારા બાલ હેર આએલથી સાફ થાયછે, તેમ તે પીછાં પોતાની અસલ સફાઈ ઊપર આવેછે. બુડ જોડે કાદવમાં રેહછે તોપણ તેહની સફાઈ લોકોને થોડી જાણીતી નથી.

જયારે દુનીઆની સઘલી ચીજને પરમેશવરે સાફ અને સવછ બનાવીછે, તયારે આપણે સા વાસતે મેલાં રેહવું જોયે. આપણને પરમેશવરે અકલ આપેલીછે તેહના બલથી આપણે નશીઅત પકડવી જોઈએ કે ખોદાની એવી ઈચછા છે કે સઘલી ચીજ સફાઈથી રેહ અને તે પરમાણે ચાલવાની આપણી ફરજછે.

## સરવથી લાએક આદમી કીઉ?

કેટલીએક ઓરતો એકઠી થાઈ વાત ચીત કરતી હતી તાંહાં એક ચંચલ અને હોશીઆર સ્ત્રીએ પોતાની બેહનપનીઓને સવાલ કીધો કે આએ દુનીઆમાં સરવથી પસંદ પડવા લાયક મનુશય કીહું ? એક બોલીકે ઊંચી નજર વારા મનુશય જેવું બીજુ કોઈ નથી, કારણકે ઊંચી નજર રાખેઆથી દરએક સુખી અને સંતોશી થાઈ શકેછે. બીજી બોલી ઊઠી કે એક સારા મીત્ર જેવું બીજું કોઈજ નથી. તરીજીએ પોતાની અકલ ખુબ કામે લગાડી કેહવા લાગી કે એક સારી પડોશણ જેવું બીજું તેહને થોડુંજ ગમેછે. ચોથીનો અભીપરાએ એવો હતો કે જે ઓરત આગલ પાછલનો વીચાર કરી શકે તે સરવેથી ઊતમ ગણાય. એવા એવા શબદો ઊપલા સવાલના જવાબમા બોલાતા હતા, અને દરએક જવાબને પેલી અકલમંદ બાનું રદ કરતી હતી, એવાંમાં એક ખુનામાથી અવાજ નીકલેઓ કે સારાં અંતકરણ અથવા દીલ વાલાં મનુશયની બરાબરી કોઈ કરી શકનાર નથી. આએ જવાબ સાંભલી પેલી ઘણી ખુશી થઈ અને સરવેને સમજાવા લાગી કે મોહટાં અને સાફ અંતકરણ વાલું માણસ સરવથી સારૂં ગણવું—કારણકે તમોએ સઘલાંએ જણાવેલાં ગુણો એવાં આદમીમાં એકઠા થયેલા માલુમ પડશે. જુઓ જેહનું દીલ સાફ ને મોહટુંછે તે કેહવી સબુરીવાલી અને શંતોશીછે! પોતાની સહીઓ જોડે એક મીતર, તરીકે કેહવી સાફ ને નીરદોશી રીતે ચાલેછે, પોતાના આડોસી પાડોસ સાથે પણ તેહનું મોહટું દીલ કેહવું સલાહ સંપ જખવાને ફરમાવેછે? અને પરમેશવરની આંખમાં તે હવી પીઆરી દીશેછે ! માંટે એ ગુણ સરવ બેહનીઓએ પોતામાં રાખવો જોઈએ અને જેમ આંગ ઊપથી મેલ ધોઈ નાખી તેહને સાફ રાખીએછે તેમજ આપણા અંતકરણમાં કાંઈ પણ મેલ થએો હોએતો તે પણ કાહાડી નાખવો—કે તેથી આપણો આતમાં પણ સાફ રેહ અને આએ દુનીઆની મુસાફરી ખુશી ભરેલી રીતે પુરી થાએ.

## પઈસો.

એક ફીલસુફ હેવું કેહછે કે પઈસો અથવા દરવીઅ એ સદગુણનો બોજો જાણવો. અથવા બીજી રીતે કહીએતો પઈસાદારથી સદગુણનો બોજો સેલાઈથી ઊચકાતો નથી, સદગુણ એટલે સારા ગુણ મેલવવામાં દરએક માણસને એક લડાઈ કરનાર સીપાઈની પેઠે, આપણી ભોળી ઈચછા સાથે લડવું પડેછે. જેમ લડાઈમાં જતી વકતે સીપાઈને પોતાના કપડાં વીગરે ઊંચકવું ભારી પડેછે, તેમજ પઈસાદારને સદગુણની લડાઈમાં જતી વકતે પઈસાનો ભારે બોજ ઊંચકવાને ઘણુ બીકર લાગેછે. પણ સીપાહીથી પોતાનો જરૂરનો સામાન પાછલ મુકાતો નથી, તેમજ પઈસાદારથી પઈસો પણ પાછલ રખાતો નથી; કારણ પાછલ મુકેલું બેઊને નકામુંછે. પઈસો ઘણી વકતે હલકાં કામોથી જલદીથી એકઠો થઈ શકેછે, પણ ખરી મેહનતથી સદગુણી રીતે એકઠો કરવાને ઘણો વીલમ લાગેછે; પણ તે થોડો મનેસે વાપરવાને પણ ઘણી ખુશી ઊપજેછે. પઈશો મેલવવાને ઘણાથી બની શકશે પણ તેહને જાલવવાને ઘણી મુશીબત પોહચેછે. માટે જેને સદગુણી થવું હોયતો તેણે પોતાનો પઈસો થોડો થોડો સઘલાને ઊપયોગી પડે એવે મારગે વાપરતા જવું; અને હમેશ દરવીઅવાન થવાના કરતાં સદગુણી થવાને વધારે ઈચછા રાખવી.

## પરચુરણ બાબદો.

ખઈનો ભુંડો મરજ—જે માણસોને થાએછે તે બાલપણથીજ બાલકનાં શરીરમાં પોતાનું ઘેર કરી મુલ રોપેછે એવું માલુમ પડીઉંછે, માટે એ વીશે માતાઓએ ઘણી સંભાલ રાખવાની જરૂરછે. બચાંનાં દીલમાં બરાબર કપડાં પેહેરાવવાં, થંડી, પવનની લેહેરીને સીતાનમાંથી બચાંને જેમ બને તેમ અલગ રાખવાં, ગરમ એટલે સાધારણ ગોદરી વગેરેનાં બીછાના ઉપર બચાંને વધારેવાર સુવાડવાં, વારેઘડીએ એટલે દીવસના બે તરણ વાર સુમરાઆં અને બચાંથી લેવાઈ શકાએ એવાં થોડાંક પાણીએ બચાંને નહવાડવાં (પણ જેમ આપણી ઓરતો બમે ખદખદતી દેગરી ભરીને ગરમ પાણી તથા તેમાં તેટલુંજ ભીણનું પાણી લઈ કલાક દોડ કલાક સુધી ખુલી હવામા ચોલી મોરીને તથા હાડકાં પાસરાં મરડી મોલીને નહવાડેછે તેમ નહી) ખુલી હવામાં ફેરવીને બચાંને કસરત આપવી, અને સરવેથી અગતનું એકે પેટ ભરતો સારો ખોરાક બાલકોને આપવો. જો એટલી ચેતવણી ઉપર ધીઆન રાખી બાલકોની જતન કીધી તો પછે તેવાં બાલકો ઉપર કોઈ પણ રોગની એકાએક અસર લાગુ પડવાની નથી.

ખરાબ માણસની એક નીશાણી—સારી વાતને જે માણસ ઉલટી સમજાવે તેને ખરાબ માણસ સમજવો.

દારૂ પીવાની માઠી અસર—જરમની મધે દારૂ પીનારાઓની સંખેઆમા ૪૦૦૦૦ ચાલીસ હજાર માણસો ધુનરીથી મરણ પામેછે.

નાલીઅરનો ખપ—સીલાનમાંથી દર વરશે ૩૦૦૦૦૦૦ તીસ લાખ નાલીએર દેશાવર ખાતે જાએછે. એ શીવાએ જંગબાર અને મલબાર ખાતેથી જે નાલીઅર મલેછે તે જુદાં.

જીંદગીની મોટીવાતો—જીંદગીની મોટી મોજ, પેઆર; મોટો ખજાનો, સબુરી તથા સંતોશ; મોટી મીલકત, તંદરોસતી, મોટું સુખ, ઉંઘ; અને મોટુ ઓશડ, એક ખરો મીતર.

મીજલસમાં ખુશી કરવાનો ઊપાએ—એક મીજલસ મધે સઘલાઓને ખુશી કરવા હોએ તો કોઈબી શકસને લાગે વલગે એવી વાત કરવી નહીં.

એક સુખી ઈંગરેજ ઓરત—મીસીસ ફરીમન નામની એક ઓરતે પોતાના વસીએત નામા મધે લીસટરનાં દવાખાનાને વાસતે રૂ ૧૦૦૦૦૦ (એક લાખ) ની બખશીસ કીધીછે.

મોજ અને નેકીનો તફાવત—મોજ મજાહ ઘડી બે ઘડી સુધી ટકેછે પણ નેકી હમેશાવેર કાએમ રેહેછે.

ખુબસુરત ચેહેરાવાલી ઘણીએક ઓરતો પોતાની જીભને લગામમાં રાખતી નથી તેથી તેઓ બદસુરત અને બદસીકલના કરતાંબી નડારી ગણાએછે.

ખરાબ તથા સારાપણાની અસર—જે માણસ આપણને નુકસાન કરે તેને પાછું નુકસાન કરવાને બદલે આપણે ફાએદો કરીએતો તેથી આપણને તેની ઉપર ફતેહ મલેછે અને તે પોતાની માઠી ચાલને માટે શરમાએછે.

ડાકટરની શીજરૂર !!—બારન મેસેરીસ જે ૯૦ વરસની લાંબી જીંદગી ભોગવી મરણ પામીઓછે તેને વીશે એવું કેહેછે કે એ શખસે પોતાના આખા જનમારામાં કદી પણ ડાકટર અથવા વઈદની સલાહ લીધીતી નંહી અથવા ઓસડ તે કેહેવું હોએછે તે પણ તે જાણતો નહી હતો. ડાકટરથી દુર રેહેવા માટે તેણે એટલોજ ઉપાએ કરી રાખીઓ તો કે દર અઠવાડીઆંનો એક દાહાડો કોરકો કાહાડવો, તે દીવસે ફકત રોટલી અથવા પાંઉનો એક તુકડો ચાવી એક પેઆલું ચાહા પીવી. અને એ ઉપાએથી ૯૦ વરસની તંદરસતી ભરેલી જીંદગી ભોગવી !

લાલ ખુજરગની નસીઅતો—સહવારનાં પોહોરમાં બાહાર નીકલતી વેલા મોહોડાંમાં એકું કોલીઓ નાખવાની જરૂરછે—માખણ સહવારનાં પોહોરમાં સોનાની કીમતે પોસાએછે, બપોરના રૂપાની કીમતે અને સાંજ અથવા રાતનાં તો કથીરની કીમતે—જો તારે તંદુરસત રહી ડોસું થવું હોએ તો આખા દાહાડમાં બે તરણવાર નહી પણ પાંચ પચીસ વખત ખાએઆ કરજે, પણ તે કેવી રીતે કે થોડું થોડું ને પચતું પચતું. કેયે જમવા જાએતો એકુ બે બુક ઓછા ખાઈને ઉઠજે, એટલે જો વરી કલાક બે કલાકે કોઈ સાથ પાણુ બેસવું પડીઉતો તેમ થઈ શકશે; તેમજ સલામતી લેતી વેલા એકું ગલાસ અધુરૂં રાખજે કે પાછલથી કોઈ બોમ કરેતો તેનો સુખન તારાથી રાખી શકાએ—છેલું, બેટા ઈઆદ રાખજે કે તારા મોહોડાંમાં જે ચીજનો સવાદ કડવો લાગશે તે તાહારી દેહને ઘણોજ મીઠો લાગશે, માટે કડવી ચીજ લેવાની જરૂર પડી તો તેથી ભડકતો ના.

સર થામસ મુર કેહેછે કે લાંબી મુદત સુધી સર થામસ મુરને તાંહાં બેટાનાં ફરજંદ થએઆ કીધાં તેથી ઘણી રંજીદા થઈ થામસની બાએડીએ વારંવાર ઈશવરની પરારથના કીધી કે હવે હમારે તાંહા એક છોકરાનું ફરજંદ થાએ તો ઘણુ સારૂં. એમ કરતાં થોડીક મુદતે એક છોકરો જનમીઓ, એ છોકરો મોટો વએ પુગો તારે તે એક બોધલું અને ગમાર માલુમ પડીઓ, તારે સર થામસે પોતાની બઈરીને કહીઉં, કે તું એક છોકરાની ઉમેદવાર હતી તો આ તારો દીકરો જોપણ માટીડો દેખાએછે તોપણ તે એક છોકરો જછે અને હમેશ એ છોકરોજ થઈને રેહેશે.

સર ઊલીઅમ ડેવીનંટ નાંને એક ઘણો સારો કવેસર થઈ ગએઓછે. એ શખસનું નાંખ ઘણુ બેસી ગીએલું હતું, અને જો બરાબર બોલીએ તો મોહોડાં ઉપર નાકની કાંઈ નીશાની માલુમ પડતી ન હતી, તેને બારણે એક ફકીર ભીખ માંગતો આવીઓ, તે હજાર હજાર દુવા દઈ એટલુંજ માંગતો હતો કે " ખુદા સર ઉલીઅમની આંખ સલાંમત રાખો, ખુદા સર ઉલીઅમની જોવાની રોશનીનું તુ

ર વધારે" એ ઉપરથી સર ઉલીઅમેં તેને પુછીઉં કે "બાપુ માહારી આંખ સારીછે, અને તેં વીશે તુને એટલી દુવા કેમ માંગવી પહેછે" ફકીર બોલીઓ, "સાહેબ દુવા એટલા માટે માંગું છું કે ખુદા ન કરોને જોવાની રૂશની જાંહાંખી પડી તો પછે.શું કરશો, બીજાઓ તો એવી વેલાએ ચસમાં પેહેરેછે પણ તમે ચશમો શાપર મુકશો તેના અંદેશાથી એ દુવા માંગુ છું."

---

**એક માંણસ કેટલું ખાએછે!!!** વાંચનાર બાઈઓ આ નીચેની હકીકતથી કદાચ તમો અચરતીમાં પડશો કે એક માંણસ પોતાની ખાધાની વએમાં આવીઆ પછે તે મરે છે તાંહાંસુધીમાં કેટલો બધો ખોરાક ખાએછે—

આપણે એક સાધારણ માણસની સાધારણ વએ ૬૫ વરસની ધારીએ તો એ મુદતમાં તે ઓછાંમાં ઓછાં ૩૫૦ બકરા ખાઈ જશે; અને એ સઘલાં બકરાં ફકત રાતનાંજ ખોરાકનાં, તેની સાથે વલી તરકારી વગેરે બીજું પરચુરણ તો જોદું. ગણતરી કાહાડીછે. તે ઉપરથી પાણી, દારૂ અને ખાપ ખોરાકી મલી ઉપલી વએમાં સાધારણ રીતે ખાનાર એક માણસ ૧૨૫ ખાંડી ઈઆને લગભગ હડી હજાર મણ (૨૫૦૦ મણ) ખોરાક ખાઈ જાએછે! એક સાધારણ રીતે ખાનાર એટલો ખોરાક ખાએછે તો પછે ખાધરો અને ખુલીઆની પેઠે ખાનાર કેટલું બધું ખાએ વારૂ!

---

## દુરાચારીને શીખામણની કવીતા.

"ચાલ વેલી અલબેલી પીઆરી રાધે" એ રાગનું પદછે.

દુરાચારી વ્યભીચારી જો વીચારી;
થશે સારી કે નઠારી ગતી તારી,
દુખ વીદારણ માટે, તને ભવતારણ માટે;
કહું સુખ કારણ માટે, ધીરજ તું તો
ધારી ધારી જો વીચારી દુરાચારી—વ્યભીચારી ટેક.

તજી શરમ તેં કુકરમ કરોડ કીધાં;
લકડ પાપની તેં આપ શીર લીધાં,
ખાન પાન દાન દીનને ન દીધાં;
તારૂં કેમ થશે કલ્યાણ, અંતર આણ
નરક ખાણ, જઈશ જાંણ,
શું સુખ માણ, થશે હાણ,
લેશે પરાણ, જમડા બાણ, મોટાં
મારી મારી, જો વીચારી દુરાચારી૦ ૧

રૂડી રીતે ચીત ચેતી તું ન ચાલપો;
ઝેરી વીષય વ્યાળ ઝડપથી તેં ઝાલપો;
ફરમો ફંદમાં ફશીને ફુલપો ફાલપો;
પુજયા નહીંજ પરભુ, પરેમ ભરપો ભરમ;
તજી ધરમ કેરાં કરમ, હાડ ચરમ રાખપાં ગરમ,
ભુલપો મરમ, ભમપો નરમ રમોઈ
સારી સારી, જો વીચારી—દુરાચારી૦ ૨

કહું હેતથી તું ચેત હજી ચીતે;
ધરમ ઝાલ હવે ચાલ રૂડી રીતે;
મસ્તક નામ પ્રભુ પામ પુરી પ્રીતે;
સ્મરણ કર અશરણ શરણ, સંકટ હરણ,
ધરણી ધરણ, તારણ તુરણ,
ટાળે મરણ, કરૂણા કરણ,
સદાચરણ, સુધા ઝરણ, પીલે
હારી હારી, જો વીચારી દુરાચારી૦ ૩

શીક્ષા સંતની મહાતની ન માની,
કુડા ગરંથ કેરે પંથ ધરી રાની.
સાંભલ બરાત આતો વાત નથી નાહાની
દીશે દુષ્ટ અરસ દરસ, ઘણો નરસ,
પીધા છ રસ, કીધા સ્પરશ,
રહપો મડસ, ન ગઈ તરસ,
શીક્ષક સરસ વરમો વરસ થાકયા
વારી વારી, જો વીચારી—દુરાચારી૦ ૪

બનપો છેલ તું છકેલ ખેલ ખોપો;
સાર ઉરમાં જરૂર તેં ન જોયો;
કરયાં ફેલ પાપ મેલને ન ધોપો;
ન લીધુંજ હરી નાંમ, ધરી હામ,
દલપતરામ કહે આમ
દીધા દાંમ વીષય કામ
ઠામે ઠામ, આઠે જામ
ભજપો નારી નારી, જો વીચારી,
દુરાચારી વ્યભીચારી જો વીચારી૦ ૫

---

## ગઝલ.

કરીમો રહીમ દાવરે દાદગર ॥
ઝમીન ને ઝમાનોછે તારાં નફર ॥
છે તુજ શર બુલંદીનુ મોટું રે તાજ ॥
હમેં ખાકી બંદાપર કર રહેમી નજર ॥ ક૦ ૧ ॥
હસતી ને નીશતીનો સાહેબછે તું ॥
રદ છે કુલ દુનીઆ તુજ પહના વગર ॥ક૦ ૨ ॥
ભરીચ તુંજમાં બેહદ સકતીની ખાન ॥
નેકી ને ખુબીનોછે તું રહેબર ॥ ક૦ ૩ ॥
આજીઝ છે તુંથી કુલ દેવો બદકાર ॥
તુજ જલકાતેથી થાએચ તેવો ઝીરો ઝબર ॥ક૦ ૪ ॥
કુલ જીવ જંતો છે તારા હેરાંન મંનદ ॥
આકાસ ને કીધુંચ ઝમીનનુ છતર ॥ ક૦ ૫ ॥
કુલ કુદરતની કળ છે તું જેબીને હાલ ॥
અકલછે હેરાન ને રદછે હુનર ॥ ક૦ ૬ ॥
મારે તું જેરે ઍ સાહેબ ધણી ॥
મદદ કર તું હમને હમને મદદ કર ॥ કી૦ ૭ ॥

ક૦ અને કવીતા.

---

# સ્ત્રીબોધ.

પુસતક ૫ મું | જુલઈ ૧૮૬૧ | આંક ૭ મો.

## નઠારી ફરંગીજ ઠેકાણે આવી.

નાટક ૧.

પાત્ર.

ગોદરજ.... શીરાજ શેહેરનો એક તવગર ગરહસથ
કોબાદ.... એક વેપારીનો છોકરો.
તેહેમુર.... ઇસપાહાન શેહેરનો એક ગરહસથ
શાહાપુર.... શીરાજ શેહેરનો એક ગરહસથ—તેહેમુરનો મીતર.
ગુરગીન.... તેહમુરનો મથકેરો ખીદમતગાર
ફરંગીજ.... ગોદરજની મોટી છોકરી.
મેહેરબાનુ.... ગોદરજની નાહની છોકરી
દરજી, સારંગીવાલો તથા બીજા ચાકરો ઇતીઆદી

ભાગ ૨.

(ઠેકાણું ગોદરજનું ઘર)

પ્રવેશ ૧.

### ગોદરજ, કોબાદ, શાહપુર, ફરંગીજ, મેહેરબાનું તથા ચાકર નફરો.

ગોદરજ—ભાઈ કોબાદ, આજે દખ્ખે રોજતો થએ ઓ. તેહેમુર કહી ગએઓતો કે શામ મહીનો ને દખ્ખે રોજનાં લગન હમોએ મુકરર કરીઆંછે, તે મુજબ મેંતો સઘલી વાતની તઈઆરી કીધી પણ તે ભલા માણસ હજી કાંહાંછે! ભલો આદમી બે દાહાડા આગમચથી નહી આએઓતો નહી પણ આજે લગણનો દાહાડો ને હજી ઠેકાણું મલે નહી, વાત કરતાં સાંજ પડી જશે, ને દશ દર શાજનની મજલસ ભરાવા માંડશે, તો કાંઈ નહી પણ માહારો ફેસતો થવા જેવી વાતછે!

ફરંગીજ—(ચીરડાઈને) કોઈના ફેસતા થવાના નથી, થનારીનો બાપડીનો ફેસતો થશે. મેં સઘલાંઓને ના કહીઉંતું કે તે મુઓ ભેજાં ફારેલછે, તેની સાથ કાસીએ સંગ જવાના નથી, પણ મુઆ બાપને જાંણે ભારી પડતી હોઉં તેમ એક મુઆ મુછબચાને શોધી કાહાડી માહારી ઉપર તરેહવાર કાહાણી પરાવી મને સીસામાં ઉતારી લગન થોકી બેસાડીઆં, તો હવે એ ફજેતી કોણની થવાની! લોકો હવે મારી તરફ આંગલી કરી કરીને મને વખોડશે કે પેલા ભેજાં ફારેલ તેહેમુરની આએ બઈરી!! એ મુઆ મુછીને જરાબી કોહું આપવાની મારીતો ખુશી નહી, પણ જારે જનેતો બાપજ આડો થઇ બેઠો તારે વાત શી કરવી!

કોબાદ—પેઆરાં બેહેન ફરંગીજ, ધીરજ પકડો, તાહાડાં પડો, એટલાં આકરાં ન થાવો, પેઆરા ગોદરજ તને પણ શા માટે એટલા કુહુડાપો કરોછો, હું ખાતરીથી કહુંછું કે તેહેમુર એવો ખરાબ માણસ નથી કે તમોને આટલા બધા ફસાવે, કાંઈ પણ અટચણ પડી હશે અને તેથીજ બીચારાને ખલલ થઈ હશે, બાકી તે આવીઆ વીના રેહે નહી. કદાચ તે લગાર તોછડો અને ઉછાછલોછે તે ઉપરથી તમો તેને ભેજાં ફારેલ સમજતા હોવો, પણ તેમ નથી; તે ઘણો ડાહેઓ ને શાનોછે, તેમજ એકીનદાર અને ભલુ આદમીછે.

ફરંગીજ—અરે, બલી એની એકીનદારી ને બલીઉં એનું ડાહાપણ! મુઆ મુછ બચાએ મને નાહકની ગામમા હોરીઓ ભુચીઓ કીધી! સગાં વાહાલા ને પાડ પડોસનાં બઈરાં ભેગાં થવા માંડીઆંછે, હવે એ સઘલાં આગલ કીએ મોહોડે હું જાઉં!! ઓ! તેહેમુર તું આવતો મરે રે! તું માહારો ધણી ને દુખ લેવા કાંહાં આઓતો! (એમ બોલી બલાપો કરતી ઝાર બેજાર રડતી ને માથાં મોહોડાં કુટતી ફરંગીજ બાપ આગલથી જતી રહી; તેની પાછલ મેહેરબાનું તથા બીજાં માણસો ગએઆં)

ગોદરજ—જા બેટી જા, આજે હું તાહારો વાંક મુદલ કાહાડી શકતો નથી, આજ તું જેટલું કરશે એટલું થોડું છે. આ દુખ અને શરમીંદગી તારા ઉપર કાંઈ થોડી નથી, એવી વેલા ફરેસતા અને પીર મરદો ગુસે થએઆ વના રેહે નહી તો પછે તજ સરખી છોકરીને કાંએ નહી ગુસો ફુટે? [તેવામાં ચાકર અંદર આવેછે.

ચાકર—શેઠ! શેઠ! ખુશ ખબરી ને ધકા મુકી!!

ગોદરેજ—અરે ઓ બેવકુફ શુ બકેછે! શાની ખુશ ખબરી?

ચાકર—અરે વારે શેઠ, તેહેમુરનાં આવવાની ખુશ ખબરી નહી?

ગોદરજ—શું! તેહેમુર આએઓ કે?

ચાકર—નારે સાહેબ આઓચ કાંહાં?

**ગોદરજ**—(ચીરડાઈને) તારે શું બકેછે ?

**ચાકર**—હું તો કહુંછું કે તે આવેછે.

**ગોદરજ**—પણ તે અહીઆં કીઆરે આવી પુગશે ?

**ચાકર**—તે તો સાહેબ હું શું જાણું ? આવશેતો તમોને દેખાશે કે નહીં ! આ હું ઉગોછું તાંહાં તે આવી પુગો એટલે જાણીએ કે તે આવ્યો.

**શાહાપુર**—અરે પણ તું ધકામુકી શું બકેછે ?

**ચાકર**—તો ધકામુકી નહી ? સાંભલો. તેહેમુર આવેછે તેને છેક દુરવેરથી હું જોઈ આવ્યોછું; તેના માથા ઉપર પાગડીનો ફેંટોછે તે નવો ને વલી ઘણો ઉંચી જાતનો પણ દીલમાં જામો કેહેવો કે જેની એક બોહે દોરીઆની, બીજી જામદાનીની ને ફાટો તુટો જામો તે પણ નગંનાથીનો !! પગમાં ઈસટાપરા (ઈસટાકીંગ) પેહેરીઆંછે તેની શી તારીફ ! એક પગમાં મોજું ને બીજા પગમાં ડગલીની બોએ ! વલી જોરા પેહેરીઆછે તો એક ખરો ઈરાની જોરોછે પણ તેનાપર બેચાર ઠીંગરીછે ને બીજા પગમાંના જોરા ઉપર કસબી જર બરાવેલોછે ! વલી સપેસાલારમાં અને ખરા કેઆની ઈરાનીમાં ખપવા સારૂં કંમરે તલવાર બાંધીછે તો તેની શી તારીફ ! વાહુવા ! તલવાર એવીતો ચકચકેછે કે છ મહીનાવેર સીકલીગર રાત દીસ ઘસીઆ કરસે તારે જરા કીટ ઉતરશે ને ઉજાસપર આવશે, વલી તેની મુઠ એવી કે હાતમાં ધરી હોએ તો હાતબી શરમાઈ જાએ ! જે ઘોડા ઉપર બેઠેલોછે તેની શી વાત ! ખરો હાડકાનો પાંજરોછે ! સાહેબ ખરૂં કહુંછું કે જો તમો ચાહાવોતો તે ઘોડાનાં આખાં સરીરમાં કેટલા હાડકાંછે તે હું ગણી આપું !! ચાલતાં ચાલતાં તેને ઠોકરાવાની ટેવછે એવું તેનાં છોલાએલાં ગુથણ ઉપરથી સાફ માલુમ પડેછે. એ બધી વાતતો રહી પણ એ ઘોડા ઉપરના ઝીણ લગામ જોવા લાએકછે !! ઝીણને ઠેકાણે ગુણપાટ તથા કંતાનની અંબારી કરેલીછે !! પગ મુકવાના પાવરાને ઠેકાણે દોરીઓ બાંધેલીછે !! ને લગામને ઠેકાણે કાથાનું દોરડું બાપડા ઘોડાના મોહોડાંમાં બાંધેલુછે !! ને અફડાતો ઝીકાતો આણીગમથી તેણીગમ પટકાતો હલુ હલુ કલાક કલાકે એક એક ડગલું ચાલતો તે ઘોહો આવેછે, ને તેવામાં જો ઠોકર ખાધીનો તે બંધો જણા થોડોવાર જમીનદોસત થઈ જમીન સાથ સારી પટે મુલાકાત કરી કલાકેકે પાછા ચાલવા માંડેછે ! તો પછે એ શુ ? ધકામુકી કે શુ ?

**ગોદરજ**—પણ વારૂં તેની સાથ કોઈ મજલસછે કે ? કેટલાક આવાઆછે ?

**ચાકર**—અરે સાહેબ મજલસ સાની ! આખો તેનો એક ચાકર ગુરગીન તેની સાથેછે. તેનાં કોટક વલી તેહેમુર કરતા સરસછે.

**શાહાપુર**—આ વાત કાંઈ ઓર તરેહની લાગેછે. કાંઈ વલી ભલા માણસને ફાંટો આવી ગીએલો તે વલી એમ જ કીધેલું. એને વારેઘડીએ એ પરમાણે અભાગણી રીતે બાહાર નીકલવાની ટેવ પડેલીજછે.

**ગોદરજ**—ગમે તે થાઓ, જેવી તેવી રીતેબી તે આવ્યો એટલે બસ ! પાર આપણને હાલ જે ખજાલત લાગવાની તેમાથી તો બચ્ચીઆ ! જરા વધારેવાર લાગતેનો લોકો એક એકના કાનપર પડવા માંડતે ને ફુલસુંઘણું જતે; સાજનની મજલસ ભરાવા માંડીછે એટલામાજ આવી પુગો તો ઘણી શરમ આબરૂ રહી. (એટલામાં તેહેમુર આવી લાગેછે.)

---

## પ્રવેશ ૨.

### ગોદરજ, કોબાદ, શાહપુર અને તેહેમુર.

**ગોદરજ**—(તેહેમુરને દુરથી અંદર આવતાં જોઈને) ઓ પેઆરા તેહેમુર હું તમોને આવી પુગેલા જોઈ ઘણો ખુશી થયોછું. પેઆરા ભીતર તમો ડોલા તણાવી તણાવીને પણ વખતસર આવી પુગાછો એથી મને ઘણોજ આનંદ થયોછે.

**કોબાદ**—ખરી વાત, પણ તેહેમુર મેં ધારીઉતું તેવા ભપકા અને ડોલ દમામથી તમો નથી આએઆ હો ! હુંતો કાંઈ જુદુંજ ધારતો હતો કે તું કોણ જાણે કેવીક રીતે વાજતો ગાજતો ને ધામધુમ કરતો આવશે, પણ તે ધારનામાં અંતે હું નાઉમેદ થએઓછું

**શાહાપુર**—ખરેખર, તેહેમુર તુંને વલી એ શું ફાંટો આવીઓ ! ભલા આદમી તું હાફી ઉફીને પરણવાજ જારે નીકલીઓ તારે વલી એ શું કોટક દેખડાવેછે ! વારૂં નામ મુજબ સાથે પાંચ સારા આદમી નહી લાએઓતો નહી પણ તું પોતે પણ કેવે અવતારે આવીઓછે વારૂં તેનો તુને કાંઈ વીચારછે ? આ તારાં દીલમાં શું લગનનો વાગોછે કે વારૂં ? વાહુવા !

**ગોદરજ**—જુઓ ભાઈઓ તેહેમુર હમુને કેટલું હીનું લગાડેછે તે, શું એ પાંચ દાહાડા અગાઉથી આવવા માંગતે તો નહી આવી પુગતે વારૂં ? સાથે સાજનની મજલસ માટે પાચ દોસતો અથવા સગા વાહાલાને લાવવા માંગતેતો શું તે નહી બનતે ? ના, પણ એનાં મનમાં હમારૂં અપમાન કરવું એવુંજછે; તાંહાંવેર એ સારૂં માણસ થઈ એમ કરે નહી; જુઓ વીચાર કરો, એ કોણનું ફરજંદ ! કેવાં સારાં ખાનદાનનો ને કેવાં નેક માણસોનો એ છોકરો ! ને કેવે હાલે ને કેવે અવતારે લગન જેવી મોબારક ને પવીતર કીરીઆ કરવા નીકલીઓછે, અરે ઓ ભલા આદમી હજી નાતરૂં કરનાર એક મરદ તારા કરતાં તો વધારે બીરાજી નીકલનાર ! હજી તુલક આવી પુગો નહી એથી તાહારનો જીવ રંજીદા થતો હતો, ને જારે આવી પુગો તારે હાવે હાલે આવી પુગો !!

**તેહેમુર**—ભાઈઓ તમો બધા બોલી ચુકા, પણ હવે હું તમોને ટુકામાંજ કહુંછું કે મારા જીવની વાત ને મારાં દીલનું દરદ હુંજ સમજુંછું, મને હાલ વખત નથી કે એ સઘલી વાતનો હું અતરે ખુલાસો કરૂં, ઘણા દાહાડા થએ હું ફરંગીજને મલી ગએઓ તાર પછે મલીઓ નથી માટે હવે મારે ઉતાવલેથી જઈ તેણીને મલવું જોઈએ.

**ગોદરજ**—પેઆરા તેહેમુર, જરા કોઈનોણી સબુર કરો, હું માંગી લઈને કહુંછું કે આ તમારાં કપરાં ઉતારો ને આપણા ઘરમાંથી બીજાં કપડા પેહેરો ને પછે તમારી ઓરતને મલવા જાઓ; એક તો તાહારની તે રડાકુટમાં પડેલીછે, એકનો તેનો મીજાજ આકરોછે, ને તેવામાં તમો આવે અવતારે તેની પાસે જયો તો કોણજાણે શુંનુંશું થઈ જશે ! હાને કરી

ને આગમાં તેલ શું કરવા નાખોછો વારૂં ? સેતાન હાબો કરો, બાઈ.

તેહેમુર—સાહેબ માફ માગીને કહુંછું કે એ વાતની મારી સાથે જરાજી બેહેસ કરવી નહી. કામ કાજ મુકી, રંજ એંચી દુખ અને કશટી ભોગવી કોણ જાણે કેવા કેવા હાદેસા પડીઆછે તે સઘલું ખમી ફકત હું માહારો પોતાનો વચન પાલવાને ને આપેલી કબુલાત પુરી પાડવાનેજ આવ્યોછું, ને નહીકે સેતાન હાબા કરવા અથવા કોઈના સખુન રાખવા આવીઓ હોઉં; વાસતે એ નકામી કડાકુટ છોડી દેઓ ને વખત થઈ જાએછે વાસતે વેહેલા ચાલો લગનની મોબારક કીરીઆ કરાવી ફારેગ થઈએ. તમારી છોકરીએ મારી સાથે લગન કબુલ કીધાંતાં તે શું મારી સાથનાં, કે મારાં કપરાંને પોશાક શાથનાં ?

આવી રીતે તેહેમુરે છડા છોકનો જવાબ વાલીઓ તેથી ગોદરજ તથા તેના બીજા દોસતોએ કબુલ કીધું કે ભાઈ એમતો એમ, જે બને તે ખરી. આપણે શું કરીએ, હવે વખેત થઈ જાએછે તો કીરીઆતો કરાવી લઈએ. એમ વીચારી તેઓ દરેમેહેરમાં નેકા બંધાવવાને સઘલા ગએઆ. દસતુરજીએ કેટલીક કીરીઆ થએઆ પછે તેહેમુરને પુછીઉં કે 'પસંદે કરદી' યાને આ ફરંગીજને તમો પસંદ કરોછો ! એટલા ઉપરથી તેહેમુરેતો અકડા તકડી કરી નાખીઉં ને બીચારા દસતુરજી ઉપર ચીરડાઈને એવોતો હુમલો કીધો કે બીચારા થરથર ધુજવા લાગા. તેહેમુર બુમ પાડી બોલવા લાગો કે "આ કોઈ ખરો દસતુર નથી, શું એની સુધ નહી હતી કે એ વલી પુછવા લાગો ! મેં ફરંગીજને જારે પસંદ કીધી તારેજ તો હું પરણવા આવીઓ, પસંદ કીધા વગર હું પરણવા આવીઓ નથી, પસંદ નહી હતેતો શું માથું ફોડવા અહી આવતે ! જેને એટલી સાધારણ સમજ નહી તેને દસતુરજીનો એલકાબ આપેઓછે એ ઘણુંજ અણઘટતુછે." એ પરમાણે કેટલોકવાર સુધી બખાડીઆ પછે તેણે એકદમ ઉઠી ઉભા થઈ એવીતો એક બીજી તરાર દસતુરજી ઉપર મુકી કે તેવણને એકદમ ફેર આવી ગીઆ ને બીચારા પડી ગીઆ.

પછે તેહેમુરે શોહોરપાડી ચાહીઉં કે તેની આગલ શરાબે નાબની એક બગલી તુરત હાજર કરે. બીચારાં આસપાસનાં માણસોનાં મન ઉપર તેહેમુરના આવા તરેહવાર ખવાએશથી એટલીતો અસર થઈ હતી કે તેઓ તેનો કોઈબી સખુન રદ જવા દેવાને ચાહાતા નહી હતા ને તેમાં મુખીઅ કરી ગોદરેજ તો બીચારો ઘણોજ રંજીદા થતો હતો, તથા તેમજ ફરગીજ પણ અકરાઈ ઘબરાઈ ગઈ હતી, તેથી તુરત તેના માંગવા મુજબ શરાબે નાબ હાજર કીધો. તેહેમુરે તેમાથી એક નાહાની જામ ભરી મોહોટેથી પુકારી મજલસમાં હાજર થએલા સઘલા સાહેબોને નમી પોતાના લગનની મોબારક સલામતી પોતે લીધી. શરાબ નોશ કીધા પછે જામમાં તલીએ થોડો રગડો હતો તે પાસે ઉભેલા એક મોબેદની દાહાડી ઉપર ઉરાડી નાખીઓ ને કેહેવા લાગો કે "આ મોબેદની દાહાડી છેક સુકાઈને છોડાં જેવી થઈ ગઈછે માટે એના ઉપર કાંઈ છંટાવ કરવાની જરૂર હતી."

આવી રીતની નવાઈ ભરેલી લગનની કીરીઆ થઈ રેહેવાથી સઘલાઓ પાછા ગોદરજના ઘર તરફ ફરીઆ. પણ આ ભેજાં ફાટેલ તેહેમુરની ચાલથી એટલાતો નારાજી થએઆ હતા કે સઘલાંનાં દીલ ખાટાં થઈ ગીઆ હતાં.

---

પ્રવેશ ૭.

## ગોદરજ, તેહેમુર, શાહાપુર, કોબાદ, ફરંગીજ, મેહેરબાનું અને ગુરગીન.

તેહેમુર—(ઘરમાં દાખલ થતાંજ ઓટલા ઉપર ઉભો રહી) સાહાજનની મજલસમાં બીરાજનાર સાહેબો, તમો સાહેબોએ અતરે આવી સેવકને માન આપીઉંછે તેથી તમ સાહેબોનો મોટો ઉપકાર થએઓછે. હું ખચીત દીલગીરછું કે ઉતાવલનાં કામની રોકાણના સબબથી મારે તુરત જવુ પરેછે, ને તમ સાહેબો સાથે ખાનું લેવા જેટલા વારની પણ ફુરસત મલતી નથી.

ગોદરજ—અરે ભાઈ એમ કાંઈ બને વારૂં ! કોઈ દાહાડે કયે સાભલીઉંતું કે પારકા દેશથી પરણવા આવેલો ગખસ તુરતજ જતો રેહે ? એતો ઘણું હલકું ને દેહેકાનીઓ પણ નહી કરે એવું કામ કેહેવાએ, ને તેવુ અપમાન ભરેલું કામ તમ જેવા શાના ને ડાએઆ કરે આ વાત કેમ બને વારૂ ?

તેહેમુર—શેઠ તમો સમજતા નથી, તમને જો મારાં કામની ખબર હોએ ને તમો જો જાણતા હોવો કે માહારાં અતરે રેહેવાથી મને કેટલું નુકશાન જશે ને મારી કેટલી ખરાબી થશે તો તમો ઉલટા મને કાલાવાલા કરી રખશુંદી આપો વાસતે હવે વધારે બોલી મારૂં દીલ ના દુખવો. (આસપાસ બેસનારાઓને) પેઆરા દોસતો માહારી અને માહારી પેઆરી બાએડીની ગેરહાજરીએ તમો મારા પેઆરા સસરા ગોદરજની સાથ ખાનાના સુફરાપર બીરાજજો ને હમારી તંદરૂસતીમાં શરાબે નાબની એકકી જામ પીજો. તમારા સાહેબોનો જીવ ખાટો કરી હું કદી જતે નહી, પણ જારે હું એટલું બધું કરૂંછું તારે તમો સાહેબો સમજી ગએઆ હશો કે એમ કરવામાં મારી કાંઈબી મતલબ હશે, અથવા કોઈબી રીતે મારૂં સારૂં કરવા માટે હું એટલી બલજોરી કરતો હોઈશ.

શાહાપુર—પણ ભાઈ જરા ખાનુ લઈએ એટલોવાર થોબેતો કેમ ?

તેહેમુર—ના સાહેબ એટલોવાર થોબાએ એવું નથી.

કોબાદ—તેહેમુર એટલી ઉતાવલ નહી કરો, એટલા વારમાં તે શુ ખાટું મોડું થવાનું હતું ! હમે કાંઈ તમને બે ચાર દીવસ રાખવા માંગતા નથી; બે ચાર કલાકતો થોબો.

તેહેમુર—બે ચાર કલાક તો શું પણ બે ચાર મીનીટ હવે થોબાએ એવું નથી

ફરંગીજ—પેઆરા તેહેમુર મારો તો સખુન કરો જમીને સીધારશોતો ચાલશે, ઘણી ખોટી થવાની નથી. પણ આટલાં બધાનો જીવ રંજીદા કરી જવું એ કાંઈ સારૂં નથી.

તેહેમુર—(જરા ડોલા ફેરવીને) હું એવું કાંઈ સાંભલનાર નથી, મેં જે ઠરાવ કીધોછે ને જે જરૂરસર મારે જવું પડે છે તે ઉપર નજર પુગાડતાં મારાથી કદી ખોટી થવાએ નહી, વાસતે હવે વધારે ટકટક કરવાથી કાંઈ વલવાનું નથી.

**ફુરંગીજ**—(નરમાસથી) તેહેમુર જો તારો મારા ઉપર ખરો પેઆર હોએ ને તું જો મને ખરેખર ચાહાતો હોએ તો બે ઘડી થોભ.

**તેહેમુર**—કાંઈ વલે નહી, આપણને હવે જવુંજ જોઈએ છે, ચાલ ગુરગીન આપણા ઘોડા તઈઆર કરાવ.

**ગુરગીન**—ઘોડા તઈઆરછે, સાહેબ.

**ફુરંગીજ**—(લગાર રીશે ભરાઈને) તો ઠીકછે, ચાલીઓ જા, રસતો ઉધાડો પડીઓછે; હું કાંઈ આજે આવવાની નથી, ને કાલે પરમ દાહાડે પણ આવનાર નથી, મારે ગમશે તો ને જે દાડે ગમશે તે દાહાડે આવીશ.

**તેહેમુર**—પેઆરી ફુરંગીજ ગુસો કરવો નહી, તાહાડી પર, થંડી થા, ને મારી સાથે ચુપ ચુપ ચાલવા માંડ.

**ફુરંગીજ**—અલબત ગુસસે થવશ, તારૂં શું જાએછે ! તુ કોણ થાએછે ! (એટલામા ગોદરેજ વચમા પડેછે) બાવાજી તનો મુગા રહો, તમોને વચે પડવાની જરૂર નથી એ પોતાની મેલે રેહેશે ને જારે મારી ખુશી થશે તારેજ એની સાથે જઈશ.

આ પરમાણે માટીબઈઓર વચે ચાલેલી રકઝકથી આ સપાસના લોકો માહોમાહે ચકચાર ચલાવી એક બીજા સાથે હસેછે તે જોઈ,

**ફુરંગીજ**—ભાઈઓ હસવાનું કામ નથી. બઈરી જો વરને માથેની મલે તોજ વરો ઠેકાણે આવે નહી તો બીચારીના વડવા હાલ થાએ, તે સાથે સઘલી આડી અને ઉલટી વાતોમા જો બઈરી મુગી મુગી પોતાના હઠીલા વરનું કહીઉ સાભલીઆ કરે ને તેનો પાછો જવાબ નહી વાલે તો તેવી બઈરીને સમજુઓ હશે ને તેને મુરખ તથા હીચકારી ઠરાવે માટે મરદાંનો ખવાસ રાખવામા ઓરતજાતની ખરી ચાલાકીછે.

**તેહેમુર**—વાત ખરીછે ! એમજ કેહેતાતા ! બરૂશે રેહેજે, ધણીના ટોર ધણીને ઘેર જવાનાં; જે તારો ખાવીંદ, ધણી ને મુરબી ઠરીઓ તેનો એક તાબેદાર તુંછે, માટે તે ખાવીંદના હુકમ પરમાણે ચાલવું પડશે. જે વસતુ અથવા ચીજ મારી પોતાની હોએ તેનો હું માલેકછું ને તે મારી મીરાસછે, તો તે મુજબ જારે હું તારો ખાવીંદ અથવા માલેક તારે તું મારી મીરાસ થઈ, તું મારૂં માણસ, તું મારૂં આદમી, તું મારો સામન, તું મારે ઘરનો ને બાગ બગીચાનો શીણગાર, અને તુ મારો તમામ માલ મીલકતછે એમ જો કહું તો તે પણ ચાલે; જોઉંછું કે કોણ હવે તને અટકાવી રાખવાની તાકાત ધરાવેછે અથવા શી રીતે તું પોતે રહી શકેછે. શું આ જગાએ ચોર અને પીંઢારાઓ વશેછે, કે શું આ જગા વાટપાડા બાજદાઓનીછે કે તેઓ મારો માલ મારી ખુશી ઉપરાંત અતરે અટકાવી રાખશે ? યાદ રાખજે ફુરંગીજ કે જો એક હજાર માણસ વચમાં પડશે તો પણ હું તારી ઉપરનું મારૂં માલીકપણું છોડનાર નથી.

ફુરંગીજ પોતાને ખાવીંદને મોહોહેના હાવા સખુનો સાંભલી એકદમજ નરમ પડી ગઈ, અને મુગી મુગીએ તેહેમુર સાથ તુરત તેને ઘર જવાનું કબુલ રાખીઉં, ને ઘરમાં પોતાના બાપ, બેહેન વગેરેને મલી ભેટી નીકલી પડી. સાથે પોતાને સારૂં થોડાં કપડાં લેવાની ખાએસ બતલાવી તારે તેહેમુરે ના પાડી કે આપણે ઘેર જોઈએ એટલાં કપડાં મલી આવશે, નહીતો તમારે બંદ બેસતાં કપડાં તુરત સીવી લાવવાનો દરજીને હુકમ કરીશું; તે ઉપરથી ફુરંગીજે તે વાત પણ મુકી દીધી, ને જવા માંડીઉં.

**ગોદરજ**—કાંઈ નહી ભાઈઓ, જવાદો; એ બંને જણાં એકમેક સાથે રાજી ખુશીથી જાએછે તેમને જવાદો.

**કોબાદ**—ખરેખર જવાજ દેવો, તેઓ જલદી જાએતોજ ઠીક પડે, નહીતો હવે હસતાં હસતાં મરી જઈશું. તારનાં એ બંને માટી બઈએરો એવીતો ગપા ગપી ચલાવતાં હતાં કે બોલવાની વાત નહી, આપણે તો મુગામુગા એક ઠેકાણે બેસી રહી સઘલાં એ'ન કોતક જોતા હતા ને હસતા હતા; પણ બાપરે !! હસતાં હસતાં તો પેટમાંબી દુખી આવીઉંછે.

**શાહાપુર**—આપણેબી બા ઘણાં લગન ખાધાંછે, ને ઘણા મરેલા તથા ભેજા ફરેલ ને હાતથી ગીએલા શખસો જોયાછે,—પણ આ બાઈતો સઘલાનેજ વીસરાવે એવા થઈ ગએઆછે. મેહેરબાનું, તમારી બેન વીશે તમને કેવો વીચાર થાએછે વારૂ ?

**મેહેરબાનું**—વીચાર કેવો ! એક હલકી કેહવતછે કે "તું મુવાને કોઈ દીએ નહી ને હું મુઆને કોઈ લીએ નહી" તે મુજબ જેવી સાથ તેવો મલીઓછે. ફુરંગીજ જાતે હુલડ અને આકરા સવભાવનીછે, તો તેના કરતાં ચાર ચાસ સર તેને વર મલીઓછે. હવેતો જેમ ખુદાની મરજી.

**ગોદરજ**—ખેર, સાહેબ, હવે એ વાત પડતી મુકો, ચાલો ખાનું તઈઆરછે, સુફરાપર જઈએ. ખરેખર આજનો શાદીનો દીવસ ગમગીન લાગેછે ! મારાં મનમાં ઘણી ઉમેદ હતી કે મહીનો પંદર દાહાડા તેહેમુરને અતરેજ આપણાં ઘરમા રાખતે ને બંને વર બાએડીને સારી રીતે ફરતાં હરતાં જોઈ ખુશી થઈ રખશુદી આપતે, પણ તે મનની ઉમેદ મનમાં રહી. હવેતો વલી ખુદા કોઈ રૂડો દાહાડો બતલાવશે તારે તેમના દીદા જોઈશું.

(જમતાં જમતાં તેઓએ તેહેમુર તથા ફુરંગીજની તંદરૂતીની સલામતીઓ લીધી, ને ખાઈ પીને પોત પોતાને મકાને આરમ કરવા ગએઆ.)

## અખરોટ—અકરોડ.

વાંચનાર પેઆરી બાઈઓ, ઊપલાં મથાલાંમાં બે શબદો મુકેલાછે. જો પણ એ બે શબદો જુદા જુદા લાગેછે તોપણ તે બંને એકજ અરથને મતલબ ધરાવેછે. જુદા જુદા લોકો જુદી જુદી રીતે એ શબદ ઊચારેછે; કેટલાકો એને અખોડ કરીને પણ બોલેછે. ચીન દેશના ઊતર ભાગમાં, હીમાલય પરવતની આસપાસની જગાઓ ઊપર અને ઈરાન દેશમાં અખરોટનાં ઝાડ ઘણા થાએછે. એ દેશોમાં અખરોટના ઝાડોનાં મોહોટ મોહોટાં જંગલો જોવામાં આવેછે. અખરો

રનાં પાતરાં ઘણાંજ લીલાં અને સુંદર હોએછે; અને ફલો પાકછે તારે તે નાહાનાં નાહાનાં પેર જેટલાં દેખાએછે; એ ઊપરની છાલ નરમ હોએછે તે જો હાતે વતી ચોલીએતો આંગલાં કાલાં થઈ જાએછે. એ ફલ જારે લીલાંજ હોએછે ને અંદરનો ગર બંધાઈ જઈ કઠણ થતાં પેહેલાં તાહાનાં લોકો એ ફલનાં અચાર ભરેછે. પાકી રહેઆ પછે એ ફ્લો ઊપરની છાલ કાહાડી નાખી તેને બજારમાં વેચવા મોકલવામાં આવેછે; અને તાંહાંથી પછે જે જે દેશોમાં એનો ખપ નીકલેછે અને જે જે જગાઓ ઊપર એનો પાક થતો નથી તેવે તેવે ઠેકાણે તે મોકલવામાં આવેછે. અખરોટનું તેલ બાલવાના તેમજ ખાધાના ઊપયોગમાં આવેછે. જેમને પેટમાં કરમુ થએઆ હોએછે તેઓ કાચી અખરોટનો રસ કાહાડીને પીએછે.

અખરોટનાં ઝાડપર ફલ કાંઈ એકાએક જલદી થતાં નથી. ઝાડ વાવવા પછે તીસ ચાલીસ વરસે તે ઊપર ફલ થવા માંડેછે. એ ફલો પાકવાનો હંગામ આશવીન અને કારતક મહીનામાં થાએછે. એ ઝાડ તઈઆર થઈ તે ઊપર ફલ આવતાં બહુ વરસ લાગેછે તે વીશે એક વાત નીચે મુજબ માલુમ પડીછે.

કેહેછે કે સાઠ વરસની ઘરડી વએ એક શખસ અખરોટનું ઝાડ રોપતો હતો, તેને એક બીજા માણસે આવી સવાલ કીધો કે "એ બુધા મરદ, એ ઝાડ જે તું વાવેછે તે શાનુંછે તે તું જાણેછેકે? એ ઝાડ હવે રોપવામાં તારી શી મતલબછે? શું એ ઝાડનાં ફલનો તું લાભ લેવાની ઊમેદ રાખેછે શું?" બુધા મરદે જવાબ દીધો "ભાઈ એ ઝાડ શાનુંછે તે જાણીઆ વગર હું રોપતો નથી; હું સારી પઠે સમજુંછું કે એ ઝાડ શાનુંછે. તમારા જેવો એકલપેટો મેં દુનીઆમાં કોઈ જોએઓ નથી, તમારાજ જેવા શખશો જો અગાઊ થઈ ગએઆ હતેતો પછે તેમની મેહેનતની કેટલીક આએતી ચીજોનો લાભ તમોએ જે લીધોછે તે કાંહાંથી મલતે વારૂં? આજ સુધી જે સઘલી અખરોટ મેં ખાધીછે તે સઘલીનાં ઝાડ શું મેંજ રોપીઆંતા કે? ને તે સઘલી શું મારાં રોપેલાં ઝાડો ઊપરથી મેં ખાધી હતી કે વારૂં? તો જે રીતે બીજા મારી અગાઊ થઈ ગએલા લોકોની મેહેનતનો-આએતો લાભ મેં લીધોછે તેવીજ રીતે મારી પાછલ થનાર લોકોને માટે મારે કાંઈ કરી મુકવું જોઈએ એવી મારી ફરજછે એમ સમજીને હું એ ઝાડ રોપુંછું; સમજીઆ ભાઈ!"

બાઈઓ આ વાત સેહેજ જોતાં નજીવી લાગેછે, પણ દુરંદેશાથી ને બારીકીથી તપાસીએતો એ ઘણી જીવ વાલી ને વજનદાર જણાએછે. આખી પુરૂથવી પર વસનાર તમામ માણસ જાતનો આધાર એ વાત ઊપરછે. દુનીઆની પેદાએશ થઈ તારથીજ એ પરમાણે ચાલતું આવેલુંછે; આપણા વડવાઓને માટે તેમની અગાઊ થઈ ગએલાઓએ કેટલીક વાતની સગવડ કરી રાખેલી હતી, તેનો આએતો લાભ લઈ આપણા વડવાઓએ તેને બદલે આપણે વાસતે કેટલીક સગવડો કરી મુકેલીછે, તેજ મુજબ હવે આપણ લોકોને પણ લાએકછે બલકે આપણી ફરજછે કે એ આએતી સગવડો જે ભોગવવામાં આવે તેને બદલે કોઈ એવી રીતનાં કામો કરી મુકવાં કે જેનો આએતો લાભ આપણી પાછલ થનારાંઓને મલે. અગરજો દુનીઆની પેદાએશની વેલાએ એકલપેટાઓની અને સવારથીઓનીજ ઊતપતી થઈ હતેતો આજ આપણા શા હાલ થતે વારૂં! કાંઈ નહી પણ તંગાશીને મોના જમંદી શીવાએ બીજું કાંઈ થતે નહી.

---

## જાઈજી તથા મેહેરબાઈ વચેનો વાંધો.

એક દાહાડે સાંજના તરણેક વાગાને સુમારે ઘરબારનાં કાંમકાજથી પરવારીને જાઈજી, શીરીનબાઈ, દીનબાઈ, નવાજબાઈ, પીરોજબાઈ, ડોસીબાઈ વગેરે બાઈઓ બીખાઈજીનાં ઘરમાં સેહેજ ભેગી થઈ હતીઓ. મનમાં એટલુંજ કે સાંજ પડવા આવીછે તેથી બે ઘડી બીખાઈજીની ખરકીમાં અથવા ઓટલા ઊપર વાત ચીત કરી માટીડા આવવાનો વખત થશે એટલાંમાં સઊ વગે સગે થઈ જઈશું. આ પરમાણે કાંઈ નહી પણ ઘરના થાકથી બે ઘડી આસાએસ લેવાના અને ખુશી ભરેલી રીતે બે ચાર બેનપણીઓની સાથે વાતચીત કરવાના નીરદોશ વીચારે ભેગી થએલી બાઈઓમાં થોડેકવારે તેમની એક જુની કોટની ઓરખાંનની નાલી ડોસી આવી લાગી. એ નાલી ડોસી વરસ ૭૫ ની વએની હતી પણ તે ઘણીજ મશકરી ને ટોલીઅન હોવાથી સઘલી બાઈઓનું મન તેવણ ઊપર દોડીકે —અને ટોલટપાની વાતો કરતાં ક

રતાંમાં જાઈજી, જેવણ જરા તીખા સવભાવનાં અને ઊછાંછલાંછે તેવણ બોલી ઊઠીઆં કે "માએ ગમે તે કરો પણ મેહેરબાઈનાં સલુખ મને જરા ગમતાં નથી. કાંઈ ટેંગરો ભારી, ચાલવામાં લટકો તો જેવો ધનજી શાને ઘેરનો, તે સાથે વલી સીશ્ફ્રાસીખી ભારી, એ તે કાંઈ સારૂં લાગેછે કે?" એટલું સાંભલતાં દીન બાઈ બોલીઆં કે "માએ તમારો એ વીચાર હોએ તો હોવો પણ હમે તે વાત કબુલ કરતાં નથી. વલી લટકો ને મટકો તે કેહેવો હોએ? ને સીશ્ફ્રાસી સાની? જેવું જેનું બોલવાનું ને જેવું જેનું ચાલવાનું." એ પરમાંણે બંધે જણીઓ વચે વાત થઈ—તારપછે તો તે વાત તદન ઊડી ગઈ, અને સઘલી જણીઓ કોઈ બીજી બાબદો ઊપર વાતચીત કરી ખુશીખુરમી સાથ સાંજનાં પોત પોતાને મકાંને ગઈઓ.

જેમ સઘલી બાઈઓ પોત પોતાને મકાંને ગઈઓ તેમ નાલી ડોસી કાંઈ પોતાને ઘેર ગઈ નહી, પણ રસતા ઊપર મેહેરબાઈનું ઘર હતું તાંહાં ગઈ, ને વાત કરતાં કરતાં મેહેરબાઈ વીશે જાઈજીએ જે વીચાર કહેઆ હતા તે તેવણને કહેઆ. એ સાંભલી મેહેરબાઈને ઘણું માંઠું લાગું અને તેવણ વીચારમાં પડીઆં કે જાઈજી આપણાં પોતાનાં થઈને મારે વીશે ચાર લોકમાં એવું બોલીઆં એ કાંઈ ઠીક કરીઊં નહી. એ રીતે તેવણનું મન ઘણું કચવાવાં લાગું અને ઘણું ખરૂં દીલ એટલું તુટી ગઈઊં કે જાણે હવે વધારેવાર જાઈજી સાથ સહીપણું રાખવું નહી એ ભલું. એમ કરતાં કાંઈ બીજી અલારપલારની વાતો કરીને નાલીડોસીબી પોતાને ઘેર ગઈ. વખત થઈ ગએલો માટે રાતોરાત તો અખાડા કરી મેહેરબાઈએ નીચે દાખલ કરેલી એક ચીઠી સવારના જાઈજી ઊપર મોકલી.

મુંબઈ તા૦ ૨ જી જુન ૧૮૬૦

માહારાં વાહાલાં બેહેન જાઈજી,

આપણી સહીઓ ગઈ કાલે સાંજરે સરેસતા મુજબ લીખાઈજીનાં ખરકીમાં ભેગી થઈતીઓ તે સાંભલી હું ખુશી થઈહું. હું પણ તાંહાં આવનાર હતી પણ એટલામાં મારા જીવને કાંઈ ચેન નહી પડવા લાગાથી આવી નહી, તે હેકાંણે મારી ગેરહાજરીએ તમોએ મારે વીશે સઉના અંદર કેટલાએક હલકા વીચારો જણાવીઆ એ કાંઈ તમે સારૂં કરીઉં નહી સહીઅણ દાખલ તમોને ઘટે નહી કે કોઈ હાજર નહી હોએ તેવી વખતે તેની ચાલચલણ ઉપર ટીકા કરવા. માહારી આગલ એ વાતની ખબર આપણી નાલીડોસી લાવીં હતી તે સાંભલી હું ખચીત દલગીર થઈઉં, માટે મને મેહેરબાંની કરી લખી જણાવજો કે એ વાત ખરીછે કે ખોટી. હાલતો એજખબર.

લા૦ તમારી હમેસની જુવાગીર
**મેહેરબાઈ દોસાભાઈ.**

એ ચીઠી જાઈજી ઊપર આવી તારે તેવણની આગલ તેવણનાં મેહેરફુઈ બેઠેલાં હતાં. જાઈજીનાતો ચીઠી વાંચતાંજ હોશ ઊડી ગએઆ ને ગાભરાં પડી ગએઆં કે નાલી ડોસી મરે, રાંડેતો આગ લાકડાં લગાડીઆં. એટલું બોલી ચુપ થઈ ગએઆં તારે મેહેરફુઈ પુછવા લાગાં કે "માએ શુંછે? એટલી ઘાલરી શાંની થાએછે?" તારે જાઈજીએ પેલી ચીઠી તેવણ આગલ વાંચી સંભલાવી અને બોલીઆં કે "નાહકની મેહેરબાઈ સાથે તોડફોડ થઈ પડશે. તેવણનાં મનમાં ઘણું ઓછું આવશે, અને સહી સહીઓમાં તુત પડશે."

*મેહેરફુઈ*—પણ માએ જાણ, એ વાત ખરી કે ખોટી? મેહેરબાઈ જેમ લખેછે તેમ તું કાંઈ તેવણ વીશે આડું બોલીતી કે?

*જાઈજી*—હા, ફુઈજી હું બોલીતીતો ખરી, પણ હવે તેનો ઊપાએ શો કરવો? ઓંજીઊં બોલતાં તો બોલાઈ ગીઊં. મરેરે વાય આપણે શું જાણીએ કે રાંડ નાલીડોસી એમ તુમલાં અથડાવશે!!

*મેહેરફુઈ*—હવે તેતો વાત એક કોરે રહી પણ તુરત મેહેરબાઈનાં મનનું સમાધાન કરવું જોઈએ.

*જાઈ*—સમાધાન કેમ કરૂં? ખરૂં બોલતાંતો તેવણ ઘણાંજ ચીરડાશે ને તેવણનાં મનમાં હાલ જેટલો કરોધ આવીઓ હશે તે કરતાં વધારે કરોધે ભરાશે, અને જનમ સુધીની એ દુશમની રેહેશે.

*મેહેરફુઈ*—જાશી, મારૂંતો કેહેતાં કેહેતાં મોહું ઘસાઈ ગીઊં કે માએ તું તારી જીભને જરા દાબેલી રાખ, સવભાવ જરા ધીમો પાડ, ઊછાછલાપણું મુકી દે અને કોઈનું કાંઈ આડું અવલું દેખાએ તો તેના અખાડા કરી જાણે જાણતાં નથી કરીને ફરીઆ કર, પણ તારા સભાવનું ઊજડવરે તે તારાથી કાંઈ જરાબી ખમી શકાતું નથી તેથી જે મનમા આવેછે તે ભડભડ બોલીદેછે. જો આ સુધાં બે તરણ છકર તુને લાગી હાં.

*જાઈ*—ખરી વાતછે, ફુઈજી, તમે કહોછો તે મુજબ હું જરા ભડભડ બોલીનોછું; વેંજીઆ જીવ

ને ઘણીબી મારવા માંગુંછું, પણ બોલીઆ વગરે રેહેવાતુંજ નથી. તે કરતાં સાથે બેસનાર થઈ. એમ એક બીજાને અથડાવવાનાં કામ કરવાં એ કાંઈ સારૂં નથી. એમતો પાસેનાં દીનબાઈએ તેજ વખત મારી સાથે જીકર કીધીતી ને તેવણે પોતાનો વીચાર જણાવીઓતો, તે તેવણ કાંએની દોડીને કેહેવા ગીઆં ? પણ એ ગાંમડીઆં એવાંજ, તારૂં મારૂં કરવા મુકેતો ધાનબી નહી ખાએ ને પાંણીબી નહી પીએ.

મેહેરફુઈ—એતો ગમે તે હોવો, આપણે આપણી જીભલી વશ રાખીએતો પછે કશી વાતની પંચાતી ને માટાકુટ રેહેજ નહી. જારે ચારમાં બેસવું ને ચારમાં ફરવું, તારેતો કાંઈ સઘળાં સરખાં હોએજ નહી. ખાટુ મોરૂં, વાંકું ચુકું સઊ લઈ ચલાવવું જોઈએ, તોજ ચારમાં સમાઈએ નહીતો સઘળેથી હાડછેડ થઈએ.

જાઈ—ફુઈજી એતો સઊ હવે થઈ રેહેશે, ને આપણે પણ હવે બેચાર છકર ખાઈ સમજીઆં છઈએ, પણ હાલ હવે મેહેરબાઈ વીશે કરવું શું ? એમતો કાંઈ કેહેવાએ નહી કે મારા બોલવામાં અને નાલી ડોસીનાં સાંભલવામાં ફરક પડી ગીઓ.

મેહેરફુઈ—એમ કેમ કેહેવાએ, જારે માએ, જે ખરેખરૂં હોએ તેજ કહીને પોતાની ચુક થઈ હોએતો તે કબુલ કરવી.

જાઈ—તેમ કીધુંતો તેથી મેહેરબાઈ કાંઈ સમજે એવું નથી, ને ઓર વધારે ખફા થશે.

મેહેરફુઈ—કોઈ થાએ નહી, હું તુને લખાઊં તેમ તું ચીઠી લખીને મેહેરબાઈની ચીઠીનો જવાબ વાલ એટલે સઊ સારૂં થશે, ને જે કાંઈ ગેરસમજુતી થઈ હોશે તે પતી જશે. (એમ કહી ફુઈજીએ નીચે મુજબ કાગલ લખાવીઓ.)

મુંબઈ તા૦ ૩ જી જુન ૧૮૬૦

પેઆરાં બેહેન મેહેરબાઈ,

તમારી ગઈ કાલની ચીઠી પુગીછે. તેમાં તમો લખ્યો છો તે મુજબ માહારાથી તમારી વીરૂધ કાંઈ બોલાઈઉંછે ખરૂં, એ વાત મારાથી નામુકેર જવાતી નથી. ઊછાછલે છવે ને આકરે સવલાવે તમારી ચાલ વીશે જે હું બોલીઉં, તે વીશે હું ખરેખર દલગીરછું. આટલો ખુલાસો કરવાની જરૂરછે કે મેં જે તમારે વીશે એવા વીચાર આપીઆંતા તે કોઈબી રીતે તમારી બદગોઈ અથવા નીંદા કરવાંની મતલબે નહી પણ કોઈ કોઈ વેલાએ તમારી ધપછપ એવી માલુમ પડેછે તે ઉપરથી મારાં મનમાં એ વીચાર બેઠો હતો, ને તે બેહુજ વાત કરતાં નીકલી પડીઓ. તોપણ પાછલથી મને માલુમ પડેછે કે તમારે વીશે એવી ટીકા કીધાથી હું ઘણી તકસીરવાર થઈછું, તે ઉપરથી આ ચીઠી લખી તમારી પાંમે માફ માંગુંછું કે જે બની તેની દરગુજર કરવી ને મનમાં કાંઈ લાવવું નહી.

લા૦ તમારી હમેશની દુવાગીર.

જાઈજીની દુવા વાંચજો.

એ કાગજ જાઈજીએ પોતાના છોકરા સાથે મેહેરબાઈ ઊપર મોકલીઊં, તારે તે વાંચી રહેઆ તાંહાંસુધી છોકરાને બેસાડી, પછે પોતાની દુવા કેહેવાડી છોકરાને મોકલી દીધો ને બપોર પછે તુરત નીચે મુજબનો પાછો ઊતર મેહેરબાઈએ મોકલીઓ.

મુંબઈ તા૦ ૩ જી જુન ૧૮૬૦

માહારાં વાહાલાં બેહેન જાઈજી,

મારી ચીઠીના જવાબમાં તમો બેહેનજીએ જે ખુલાસો કરીઓછે, તે વાંચી હું ઘણીજ ખુશી થઈછું. તમો બેહેનજીએ મનમોકલું કરી ખરેખરી કેફીઅતથી મને વાકેફ કરી તેથી મેહેરબાંની થઈછે, તેમજ મારાં મનમાં જે કરોધ ભરાએલો હતો તેબી એકદમ આવા ખુલાસાથી નીકલી ગએઓછે. આપણને એક બીજાના અનેઆએ માફ કરવાજ જોઈએછે. આપણ સઘલાં માનવી છઈએ માટે સઘલાંમાં કોઈ નહી ને કોઈ ખોડ અથવા એબતો હોવીજ જોઈએ, તમારામાં કાંઈ એબ હોશે, તેમજ મારામો કોઈ ખોડ હશે, માટે આપણને તે સાંખીજવા તથા તેવી ચીજોની દરકાર નહી રાખવાની તબે પાડવી જોઈએછે. હું આશા રાખુંછું કે જરા ગુમે થઈને મેં પેહેલી ચીઠી લખી હતી તેનું તમો પણ મનમાં કશું લાવશો નહી, ને આપણ જેમ અગાઉ એકમેક સાથ સલાહ સંપજથી રેહેતાં હતાં તેમ સહીપણું ચાલુ રાખશો. હું જારે નાલીડોસીને મલીશ તારે તેનેબી બેવાત કહીને ખખરાવી નાંખીશ કે એમ એકનું બોલેલું બીજા આગલ આવીને કેહેવું ને તેનું લોહી ઉકલાવવું એ સારી વાત નથી, એટલે તેને પણ માંનક લાગશે ને ફરીથી એવું તારૂં મારૂં કરશે નહી. હાલ એજઅરજ.

લા૦ તમારી બેરખા

મેહેરબાઈ દોશાભાઈ.

મેહેરબાઈનો આ પરતી ઊતર વાંચીઆથી જાઈજીનું મન પાછું સવસથ થઈઊં, ને તેવણ ફુઈજીને કેહેવા લાગાં કે તમારી અકલ પરમાણે ચાલીતો એક ઘણી સારી-સહી પાછી હાતમાં આવી. હવે પછે બોલવા ચાલવામાં ઘણીજ ચોકસી રાખશું, અને ભડભડ બોલવાની વાત છોડવાની તજવીજ કરશું..

**મેહેરફુઈ**—જાણી દીકરા, બડબડ બોલવાની એ વાત નથી. તું જો ખરા તારૂં દીલ અને મન મોહોટું કરે, ને નજીવી ચીજો તથા વાતો હાલ જે તને પાહાડ જેવી લાગેછે, તેને તેમ થવા ન દીએ અને મનમાં ગમે એવું લાગી આવે તોપણ તેની કશી પરવા ન કરે તારે તારાથી એવો સભાવ અખતીઆર કરાશે. બાકી મેહેરબાઈએ મરડાટ કીધો, આવાંબાઈએ અકરાટ કીધો, સુનાબાઈએ સટકો કીધો, દીનબાઈએ ડમરાટ કીધો સીરીનબાઈએ સીનું ગારીઊં, કુંવરબાઈએ કેટલાં ગારીઆં વગેરે હલકાં અને નીચ મનના વીચારો જાંહાંવેર તારાં મનમાં રેહેશે તાંહાંવેર તું કદી આસાએસ ભરેલી ફરનાર નથી.

એટલી વાત ચીત થએઆ પછે બંધો ફુઈ ભતરીજા ઘરના કાંમમાં ગુથાએઆં ને એ વાત બંધ પડી. વલી બીજે દાહાડે સવારનાં નવેક વાગાને સુમારે જાઈજી ચાહ પાંણી કરી રહેઆ પછે, બજાર હાત મંગાવવાની તજવીજમાં હતાં એટલામાં તાંહાં મોટીડોસી આવી, ને સેહેજ વાત ચીત કરી રાહેલે બેઠી. વાત કરતાં બોલી—

**મોટીડોસી**—જાઈજી, મેં સાંભલીઊં કે તમે ને મેહેરબાઈ વચે કાંઈ અનબનાવ જેવું થઈ પરીઊં. એ શું ખરી વાતછે કે?

**જાઈ**—હા, માએ વાતતો ખરી, કાંઈ સેહેજમાં સેતાન ચોઘડીઊં થઈ પડીઊંતું, પણ તેનો નીકાલો આવીઓછે. રાંડ આપણી નાલીડોસીને પરવારતીને કાંઈ કાંમ ધંધો મલીઓ નહી, તે લાગલી મેહેરબાઈ પાસે ગઈ અને મારી બોલેલી વાત કહી કંકાસનું બી રોપીઊંતું; પણ તેમાં રાંડને શું મલીઊં? ઊલટી બંધે ઠેકાણે અલખામણી થઈ પડીછે. મેહેરબાઈ એક ચીઠીમાં મને લખેછે કે જારે એ રાંડ મલશે તારે બે વાત કહીશ ને રાંડને ખખરાવી નાખીશ કે ફરીથી કોઈનું તારૂં મારૂં કરે નહી.

**મોટીડોસી**—ઘણું મજેનું થયું. એમ જારે થશે તારેજ એવાં ટુમલાં લડાઊઓ ઠેકાણે આવશે.

તાર પછે થોડીકવાર બીજી વાત ચીત કરી મોટીડોસી તાંહાંથી ઊઠીને પાધરીજ પોતાની અતલગની સહી જે નાલીડોસી તેની પાસે આવીને જાઈજી પાસથી સાંભલેલી વાત તેને કહી દીધી, કે એ બંને જણાતો પાછાં મલી ગીઆંછે, ને મેહેરબાઈ ઊલટી તુને ખખરાવી બે વાત કેહેવાનીછે.

મોટીડોસીથી એ વાત સાંભલતાંજ નાલીડોસીનેતો ઘણું ઝનુંન ચદી આવીઊં ને જેવી મોટીડોસી ઘરમાંથી ગઈ કે તેવીજ તે સારી પેહેરી લાગલી મેહેરબાઈને ઘેર ગઈ ને કેહેવા લાગી—

**નાલીડોસી**—મેહેરબાઈ માએ, તમોને આવીને ખરેખરી વાત કહી તેના બદલામાં તમે મને ખખરાવીને બે વાત કેહેવા નીકલઆંછો કે? ઘણુ સારૂં. જો ઓજીઓ આજે ભલાઈનો વખતછે!!

એ સાંભલીને બીચારી મેહેરબાઈતો એકદમ ઘાબરી પડી કે વળી એ વાત એ રાંડને કાંને કાંહાંથી પડી. વીચાર કરી જવાબ દીધો કે હા માએ એ વાત ખરીછે, મેં એવો વીચાર જણાવીઓછે, ને તેમ હું કરનાર પણ હતી ને વાટજ જોતી હતી કે તમે આવેતો તમોને કેહેઊં ખરી કે તમારામાં તારૂં મારૂં કરવાની ઘણી બુરી ચાલ પડી ગએલીછે.

એટલું સાંભલતાં તો નાલીડોસીનો મીજાજ હાતથી ગએઓ ને તે લાલ પીલી થઈ ડોલા કાહાડી મેહેરબાઈ સાથ અથડા અથડી ઊપર આવી ગઈ; તોપણ મેહેરબાઈએ પોતાનો સવભાવ ધીરોજ રાખીઓને ધીમે સાંસતેજ જવાબ દીધો "કે જો તમે આવાં આકરાં નહી થતેતો હું તમારી ખાતરી કરી આપતે કે તમારી એ ચાલ સારી નથી. આપણ દરએક જણ એબ ખોડનાં ભરેલાં છઈએ, અને તેમજ વલી દરેક માંણસમાં એવો એક કુદરતી ગુણછે કે તે પોતાની એબ મુદલ જોતા નથી ને પારકાની જરાક જરાક ને રજકણે રજકણ તે જોવા બેસેછે. મારે જાઈજીએ મારે વીશે જે કહીઊં તે વાત તાંહાંની સાંભલેલી તાંહાંજ રાખી હોતે ને મારી આગલ કહીજ નહી હોતેતો હાલ જેવી કાંઈ ચુંથારો થએઓછે તે થતે નહી. તમે જરા વીચારજ દીધો હતે કે એ કેહેવાથી ફાએદો શું થશે તો તુરત તમને માલુમ પડતે કે ફાએદાને બદલે નુકશાન થશે, તો તમેજ પોતાની મેલે મુગાં રેહેતે પણ તેવો કોઈ વીચાર ન કરતાં એકદમ મારી આગલ આવી કહી દીધું એ કાંઈ ઠીક અથવા સમજુ માણસનું કાંમ નથી કીધું.

મેહેરબાઈએ ધીમેધાંમે ને સભાનીક રીતે નાલીડોસીને ટેખા ઘણા ભરીઆ તથા બરગમાં ને બરગમાં

ઘણું કહી સંભળાવીશ, તેથી જો પણ નાલીડોસી સમ જી તો ખરી કે મુરખાઈ ભરેલું કામ થઈશે તોપણ પોતાની હટ મુકી નહી ને રોશ ભરેલી ઊઠી ગઈ.

જેવી નાલીડોસી ગઈ તેવીજ મેહેરબાઈએ જા ઈજી ઊપર એક બીજી ચીઠી નીચે મુજબ લખી.

મુંબઈ તા૦ ૬ ઠી જુન ૧૮૬૦

પેઆરાં બેહેન જાઈજી;


હું ખરેખર દીલગીરછું કે આપણ વચે પડેલા વાંધ લા જેવા એક વાંધાનો નીકાલો હજી પુરો આવીઓ નથી. નાલીડોસીની તારૂં મારૂં કરવા બાબેની ચાલ વીશે તેને ખ ખરાવી એ વાત કેહેવાનું મેં તમારી ચીઠીમાં લખીઊંતું તે વાત એને માલુમ પડીઆથી એ જહતુન ભર મારી પાસે આવી હતી ને મારા ઘરમાં ઘણી ગડબડ અને હોં સાતોસી કરી ગઈ, અને વલી ગુસાભર જોસમાજ પાછી ઉઠી ગઈ. એ બનાવથી હું ખચીત દુખી થઈછું. એ વાત તમારી તરફથી બાહાર ફેલાઈ તે એને કાંને પડી તે સારૂં થઈઉં નથી, કારણ હું એને અચણુમ એકાએક એ વીશે સારીપઠે ખખરાવી એ વાત કેહેનાર હતી જેથી તે ની ખાતરી થતે કે તેની ચાલ સારી નહી હતી, પણ તે કાંઇ થએઉં નહી. હું આશા રાખુંછું કે હવે તો તમો ઘણા સાવધ રેહેશો.

લી૦ તમારી દુવાગીર
**મેહેરબાઈ દોસાભાઈ.**

વલી મેહેરબાઈની એ ચીઠી આવીઆ પછે જા ઈજી અને મેહેરબાઈ વચે કેટલી બધી તકરાર થઈ, ને અંતે જાઈજીએ પણ વારેલાં ને, સમજાવેલાં નહી પ ણ હારેલાંએ મજબુત ઠરાવ કીધો કે હવે તો ઘણુંજ સંભાલીને ચાલવું તથા બોલવું ચાલવું તે સઘલાંમાં લાંબો વીચાર પુગાડવો—ને ઓછી કુહલીની પઠે સાંક ડું મન કરી ભડભડ જે તે બોલી દેવું નહી. જાઈજી એ એ ઠરાવ કીધો એટલુંજ નહી પણ તારપછે તે ઠ રાવ પરમાંણે ચાલીઆં, જેથી ફરીથી કોઈ એવો વખ ત નહી આવીઓ કે એવણને કશી અડચણ પડે.

વાંચનાર પેઆરી માતાઓ અને બેહેનો, ઊપ લા ટુક એહેવાલ ઊપર વીચાર કરો, ને જુઓ કે તમા રા ઘર આગલ રેહેનારી કોઈ જાઈજીઓ, મેહેરબાઈ ઓ ને દીનબાઈઓ પોતા વચે પડેલા વાંધા કેમ પતા વેછે, આ એહેવાલમાં લખીઆ મુજબ કે તારી મારી ઊપર આવી એક બીજીની સાકીબાકીઓ કાહાડેછે. તેમજ એક બીજી અગતની વાત એ મલી આવેછે કે જબાંનને કેવી ને કેટલા અંદાજમાં રાખવાની દરએ ક માણુસની ફરજછે. સેહેજ અને નજીવાં કારણ ઊ પર કેવી ખટપટો વધી પડેછે, તે ઊપલા દાખલા ઊપર થી સેહેલાઈથી માલુમ પડી આવેછે. એનો સારે બાએ ગે જાઈજી અને મેહેરબાઈ બંધે જણા સમજુ હોવા થી તેઓ વચેનો વાંધો સારી રીતે પતીઓ નહી તો જાઈજીએ મેહેરબાઈની બે ખાપણ બતલાવીની તો મેહેરબાઈ જાઈજીની દસ ખોડ સોધતે ને પછે છેક રસ પર વાત આવતે ને અંતે બે સહીઓમાં નહી દેખી કે સાંભલી શકાએ એવા હુમલા થતે ને સહી પણાનો મ જબુત ગાંઠ વતીક તુટી જતે. વાસતે આ બાબદ ઊપર લંબાંણથી ગેર કરવાને ને તે ઊપર જરૂર પડતો અ મલ કરવાને સઘલી વાંચાર બાનુઓને અરજ કરીએછે.

## બે ઘોડાથી માણસ નહી ખેંચાએ.



વાંચનાર પેઆરી બાનુઓ, આ ઊપલું ચીત્ર જુઓ, એ ચીતરનો દેખાવ ઘણો સારોછે, એક માણ સ પાટીઆં સાથે પગ અટેલી બેઠેલુંછે, ને તેને ખેંચી જવાને બે ઘોડા જોડેલાછે, પણ તે ઘોડાથી તે માણસ ખેંચાતું નથી. શું એ વાત ખરીછે કે બે ઘોડા આગ લ એક માણસ ટકી શકે? જો પણ તુક વીચારથી ને ઊપર ટપેની તપાસથી એ નહી બની શકે એવું લાગે છે તોપણ પુખત વીચાર કરતાં તથા કેવી હીકમતથી અને સા કારણથી એમ બનેછે તે સઘલું જારે જાણુ વામાં આવેછે તારે સાફ માલુમ પડેછે કે અલબતાં એ બની શકે એવીજ વાતછે. સઘલા જમાનામાં ખેલ ક રનાર ખેલાડીઓ ને કસરત કરનાર કસરતીઆઓ થ ઈ ગએઆછે, ને તેમાના કેટલાકીએતો એવી કસરતો કરેલીછે કે જેથી જોનારને તાજુબી સાથે ઘભરાટમાં નાખીઆછે. ઊપલાં ચીત્રમાં પાટીઆં ઊપર બેસના ર એક જરમન ખેલાડીછે, અને તે પણ એક સારો કસરત કરનાર થઈ ગએઓછે. એ કસરત નીચે મ

મજબુતી રીતે ઘણી સેહેલાઈથી ને કોઈબી રીતના જોખમ વગર થઈ શકેછે.

બેસનારે કસરત કરીઆ પેહેલાં એક મજબુત પાટીઆંનું ચોરસ ચોકઠું જમીનમાં જડી લીધું હતું, અને તેના ઊપર એક બીજું ઢલાવ રાખેલું પાટી ઊં મુકીઊં હતું, અને પછે તે ઢલાવ વાલાં પાટીઆં ઊપર પોતે બેઠો હતો. બેસનારે પોતાની કંમર ઊપર એક મજબુત પટો બાંધી લીધો હતો, જે પટા સાથે એક કડી હતી તેની માહે એક બીજી કડીએ કરીને એક દોરડું ભેરવી લીધું હતું, તથા એક ઊભાં પાટીઆં ઊપર પોતાનાં બંધે પગનો ટેકો રાખીને પછે પેલું દોરડું જેમ ગમે તેમ ખેંચવાનો તેણે હુકમ કીધો. કેટલાંક માણસો તેને ખેંચી જવાનાં કામમાં લાગાં, પણ તેમનું કાંઈ વલીઊં નહી તારે બે ઘોડા જોરી તે દોરડું ખેંચાવીઊં, પણ ઘણું જોર કરતાં છતાં ઘોડાઓથી પણ તે ખેચાઈ શકાએઓ નહી. ખેલ કરનારે પોતાની હાત ચાલાકી એટલા સુધીનો બત લાવીતી કે જે દોરડું ઘોડાઓ ખેંચતા હતા તે દોરડું એ જરમન ખેલાડીએ પોતાના હાતમાં મજબુત પકડીઊં હતું ને જોનારને ગોયા એમ બતલાવનો હતો કે તે પોતાનાંજ જોરથી ઘોડા અટકાવી રાખેછે. એવી રીતની તથા એથી બીજી કેટલીક બીકટ કસરતો કરી કેટલાક ખેલાડીઓ લોકોને ઘુમ રમુજ આપતા હતા, તેમજ તેમને તરેહવાર વેહેમ ભરમમાં નાખી નાણાંની પણ સારી રકમો કહડાવી લેતા હતા.

ઊપલા ખેલનો ભેદ અથવા ખુલાસો સેહેજમાં થઈ શકેછે. આપણાં કેટલાંક ઘરોને આરકાં અથવા મેહેરાબ કરેલા હોએછે અથવા દેવાલો બાંધની વખતે આરકાં વાલી લીએછે તેની મતલબ એછે કે હરેક મેહેરાબદાર ચીજ ભાગવી ઘણી કઠણ પડેછે એટલુંજ નહી પણ તેવી વસતુ ઊપર ગમે એટલો વજન મુકીઓ હોએ તોપણ તે એકાએક ભાગનાર નથી. ઘરને આરકાં આપવાથી તે ઊપરની ઈમારતને મજબુતી મલેછે તે એજ રીતે. તેમજ હવે આપણી જાંગના સાંધાનું જે હાડકુંછે તે કમાનને આકારનું એટલે મેહેરાબદારછે અને તેથી તેનું જોર ભાંજવું ઘણુંજ કઠણછે. એવું કેહેછે કે આપણા પગના નલા અને જાંગનાં હાડકાંનું જોર એટલુંતો હોએછે કે તેમના ઊપર પાંચ હજાર રતલ એટલે લગભગ ૪૦—૫૦ મણનો બોજો મુકીઓ હોએનો તેઓ તે ખમી શકે છે. તો હવે એવાં હાડકાં વાલા પગની ટેકો રાખી આથી બે ઘોડાનું જોર અટકાવી શકાએ એમાં જાઝી નવાઈ નથી. અગરજો નલાના હાડકાં ને જાંગનાં સાંધાનાં હાડકાં સીધાં હતે અને તેમજ જો પાટીઆંનું ચોકઠું જમીનમાં જડી લીધું નહી હતેતો એટલું જોર કદી અટકવાઈ શકાતે નહી.


## આગલા વખતની મીસર દેશની ગાડી.



આ ચીત્ર આગળ વખતની મીસર દેશની એક ગાડીનુંછે. એ ગાડીમાં ઘોડાને બદલે બે બલદો જોતરેલાછે. મુસાફરી કરતી વેલાએ ચીત્રમાં બતલાવી આ મુજબ એ ગાડીઓ ઊપર એક છતર રાખવામાં આવેછે. ગાડી હાંકનાર એક માણસ સીવાએ વળી તેની સાથ પગે ચાલતું એક બીજું માણસ રાખવામાં આવેછે; એ માણસ ચાલતા બેલોને કેટલીકવાર ચારો આપીઆ કરેછે. એથીઓપીઆદેશની એક શાહજાદી એ ગાડીમાં બેસી પરખીઆત થીબસ શેહેર જોવા જાએછે. મીસર દેશના લોકો મુસાફરી કરતી વેલાએ એ અથવા ફરતી હરતી વેલાએ એ ગાડી શીવાએ એક જાતની પાલખી પણ વાપરતા હતા.

મીસર દેશના આગલા રેહેવાશીઓને બેસી ફરવાની ગાડીઓની એવી કેટલીક સગવડ છતાં ભારીને મોટા પથરો, જે તેમનાં દેહડાં બાંધવાના કામમાં આવતા હતા તે લઈ જવા કરવાને ભારે મેહેનત અને રંજ ખેંચવી પડતી હતી. એવા પથરો કોઈ કોઈ વેલાએ દસથી વીસ હજાર ખાંડી વજણના ખપતા હતા, જેમને ખાણ આગલથી બંધાતાં દેહડાં આગલ લઈ જવાને નાના પરકારના ઊપાએ કરવા પડતા, કેટલીક વારતો તેમને માટે જમીન ખોદી નેહેરો કરવી પડતી

ને પછે તે નેહેરોમાંથી ચપટાં તલીઆંના મેછવાની મારફતે તેવા પથરો લઈ જતા હતા. વલી જો એવી રીતે લઈ જતાં અડચણ માલુમ પડતીતો તેવા પથરોને નાહાનાં નીચાં ગાડીઆંઓ ઊપર મુકી તે સેંકડો ગાઊ માણસો અથવા બલદો ઘસડી લઈ જતા. પથરમાં કોતરેલાં કેટલાંક મોટાં પુતલાં દેહેડામાં લઈ જતાં કેટલી મુશકેલી પડેછે અથવા તે કેવી રીતે લઈ જવામાં આવે છે તેનો વીચાર નીચેનું ચીત્ર જોવાથી અને ખુલાસો વાંચવાથી સેહેજ મનમાં આવશે.



દરએક હારમાં ૪૨ માણસ એવી ચાર હારમાં મલી લગભગ પોણીબસો આદમી એ પુતલાંને ઘસડી લઈ જવાનાં કામમાં લાગતાં. ચીત્રમાં ઘણી જગા રોકાએ નહી એટલા માટે દરએક હારમાં ફકત ૨૦ માંણસોજ બતલાવીઆંછે. એવાં ભારી અને કદાવર પુતલાં ઘસડી લઈ જતી વેલાએ જમીન ઊપર લાકડાંની જાડી પાટલીઓ મુકી ઘસડતા હતા. એ મુરતીના પાએઆ આગલથી એક જણ પાટીઆં ઊપર તાવેલી ચરબી રેડનો માલુમ પડેછે, કે જેથી કરી ચીકણાઈ ઊપરથી તે જલદી લપસી જાએ. એ ઘસડી જવાને કેટલાંક મીસરીઓ તથા કેટલાક પારકા દેશમાંથી ખરીદેલા ગુલામો કાંમે લાગતા. પુતલાની એ ઠલેની બાંજુએ કેટલાંક માણસ દેખાએછે, જેઓ પોતાની સાથે ચરબી અથવા માણસોનો ખોરાક તથા કાંમનાં કોઈ હથીઆરો ઊપાડી લઈ જાએછે. મુરતીનાં ગુઠણ ઊપર એક માણસ ઊભેલું દેખાએછે, જે પોતાના હાતની તાલીની નીશાનથી અથળા જણને એકદમ દોરડાં ખેંચવાનો હુકમ કરેછે. એ મુરતીની ઊંચાઈ આસરે ૨૪ ફુટ જણાઈછે. એ મુરતીને ગાડીઆં ઊપર ઘણાં જાડાં ને મજબુત દોરડાં વતે બાંધી હતી ને તેને લાકડાંની નાહાની ખુટીઆએ કરી વલ દઈ એવી તો મજબુત કરી હતી કે તે એકાએક ઢીલી પડી કે છુટી શકે નહી. એવાં ગાડીઆં ઘસડનાર આટલાં બધાં માણસોની સાથે કેટલીક વારતો સોસો સીપાઈની એક એક ટુકડી રાખવામાં આવતી હતી કે રસતામાં થાક ચઢીઆથી અથવા કંટાલો ખાધાથી ગરીબ ગુલામો ખેંચતા બંધ પડેતો તેમની પાસે જબરદસતીથી તે ઘસડાવવામાં આવે.

## શીરીનબાઈતો ભાગાં.

શીરીનબાઈતો ભાગાં એટલે શું ? જુદાં જુદાં માણસો એ શબદ જુદી જુદી રીતે ને જુદી જુદી મતલબે વાપરેછે, તોપણ કોઈ વેપાર ધંધામાં નુકશાન ખમી પોતાનો વેહેવાર બંધ કરેછે તેને ઘણોખરો એ શબદ લાગેછે; તો હવે શીરીનબાઈ કોઈ મોટાં વેપારી નહી હતાં કે નહી શીરીનબાઈની કોઈ પેઢીઓ ભાગા ઊપરથી એ નામ પડીઊંતું. ફકત શીરીનબાઈને ગાડાં જેવું આંગ ઘાલી ભાગેલા પગનાં માણસોની પઠે આખો દાહાડો એક કોચ કે ઢોલકી ઊપર બેસી રેહેવાની કે છતર પલંગ ઊપર પડી અરેટાવાની ટેવ પડેલી હતી તે ઊપરથી શીરીનબાઈને એ નામ પરાપત થઈઊં હતું. શીરીનબાઈની એ બેઠી રેહેવાની ટેવથી શીરીનબાઈને પોતાને પણ કાંઈ થોડું નુકશાન નહી થતું હતું. પાચ ચાર ચાકર નફરો છતાં તેવણનાં ઘરની અવસથા કોઈબી રીતે સારી નહી હતી. ચાકર નફરો ઘરમાં જેમ ગમે તેમ રાજ ચલાવે અને દાવ ફાવે તારે ઘરમાની કેટલીક વસતુઓ ઊચાપત પણ કરે. ઘરમાં બીગાડ કેટલો થાએછે અને તેથી દર રોજ કેટલું નુકશાન જાએછે તેનો વીચાર ચાકરોનો કરેજ શાનો. શીરીનબાઈને એક ઠેકાણે હાત પગ બાંધી બેસી રેહેવાની એટલીતો ટેવ પડેલી કે પોતે રેહેતાં હતાં તે ઘરના જુદા જુદા ઓરડાઓમાં સામન કેઈ કેઈ જગાએછે ને તે કેટલોછે તેની પણ તેવણને ખબર નહી; લાએગે છ માસે તેવણ કેથે ફેરો મારતાં હોએ. એવી હાલને લાંબી મુદત સુધી શીરીનબાઈને ઘરનો વહીવાટ ચાલીઓ ને જારે છેક થઈઊં તેઆરે શીરીનબાઈની શુધ ઊઘડી કે આ પરમાણે બહુ ખરાબી

થઈ ગઈ. હવે શુવનો ઊપડી પણ શું કરવું તે સુજે નહી. ઘરમાં બેદાદી પુશકલ ચાલી તથા ચોરીનું નો કાંઈ પુછવું નહી, એવા વીચારથી તેવણને ઘણો જ ઘબરાટ થવા લાગો.

એક દાહાડે આકરાં ઘાબરાં પડી શીરીનબાઈ પોતાનાં સુનાંમામીને ઘેર ગએઆં. સુનામામી વએ પુગેલાં તેથી તેવણને ઘણી વાતોનો અનુભવ સારો થએઆ હતો, અને તેટલા માટે વારેઘડીએ ઘબરાટમાં પડેલાં માણસો તેવણની શલાહ લેવા જતાં હતાં, તે મુજબ શીરીનબાઈ પણ તેવણની સલા પુછવા આવીઆં. સુનામામી જાતે સમજુ તેથી પોતે કાંઈજ બોલીઆં નહી ને શીરીનબાઈની સઘલી ફરીઆદ મુગાં મુગાંએ સાંભલી લીધી. વાત ઊપરથીતો એટલુંજ માલુમ પડીઊં કે શીરીનબાઈ પોતે બેદરકાર અને બેપરવા ફરેછે તેથીજ કરી ચાકર નફરો પણ જાળી કાલજી રાખતા નથી ને ઘર સઘલું બેદાદ રેહેછે. ચોરી થાએછે તેનું પણ કારણ મામી સમજી ગએઆં કે ધણીઆણી સંભાલ ચોકસી રાખે નહી તો ચોરી થએઆ વના રેહેજ નહી. તેથી વીચાર કીધો કે આ વેલાએ શીરીનબાઈને જો વધારે સાવધ રેહેવાની બલામણ કરીશુંતો તેથી એવણનાં મનમાં અસર થનાર નથી માટે ધીરજથી એક ઈકીકતી એવી કીધી કે તેની અસર લાગુ પડી.

શીરીનબાઈને એક ઓરડામાં બેસાડી પોતે પોતાના બીજા ઓરડામાં ગએઆં અને.શીવવાની એક ઈસકોતરી હતી તે ખાલી કીધી ને તેની માહે એક કાગલ મુકીઊં, તે કાગલ ઊપર એટલુંજ લખેલું હતું કે "માએ આપણું કામ કેવી રીતે થાએછે તે આપણી નજરે હંમેશાં જોતાં રેહેવું; એતો ચાકરનું કામ તે ચાકર કરશે એમ કદી નહી સમજવું; દાહાડામાં બે ચારવાર ઘરના સઘલા ભાગોમાં ફરી એકકી લટાર મારવી ને સઘલા સામન સુમન ઊપર ચોકસ નજર રાખવી કે તે સઘલો દરોબસતછે કે નહી; પડીઊં ખાદીઊં કાંઈ નજરે પડેતો તે પોતાને હાતે ઊંચકી ઊંચું મુકવું, ને પછે તે વીશે ચાકરોને ચેતવણી કરવી." એ કાગલ પેટીમાં મુકી તેને કલ દઈ કુંચી પોને રાખી પેટી બાહાર લાએઆં, ને શીરીનબાઈને તે આપી ને કહીઊં, "બેહેન આ પેટીછે તો માતરે લાકડાંની, પણ એનીમાંહે સતીપછે, વાસને એને જીવની પઠે જાલવજો, એ પેટી ઘેર લઈ જાઓ, ને એક વરસ સુધી તમારી પાસે રાખો, તમારૂં કાંમ એટલુંજ કે એ પેટી લઈ આખા દાહાડામાં તરણ ચાર વખત તમારાં આખાં ઘરમાં ફરી વલજો, ને જે જે ઓરડામાં જાઓ તે તે ઓરડામાં બબે તરણ તરણ મીનીટ એને મુકજો. તેમજ રાતની વેલા પણ હુંગમાંથી એક બે વખત ઊઠજો, ને એ પેટી લઈ ચોતરફ ફરજો, એટલે પછે તમોને કશી વાતની ફરીઆદ કરવાનું કારણ રેહેશે નહી, ને સઊ સારૂં થશે. આજથી વરસ એક પુરૂં થાએ એટલે મેહેરબાંની કરી એ પેટી પાછી લાવજો." એટલું કહી શીરીનબાઈને વદાએ કીધાં.

શીરીનબાઈ એ પેટી લઈ ખુશી થતાં પોતાને ઘર ગએઆં, ને ધારીઊં કે એ પેટીનાં સતીયે કરીને સઘળી ખડખડ પતી જશે. ઘર આવીઆ પછે મામીની શીખામણ મુજબ દાહાડામાં તેમજ રાતના પેટી લઈ ફરવા લાગાં. તેવણને દાહામાં બે ચાર ફેરા મારતાં જોઈ ચાકરો અગાઊ કરતાં વધારે સાવધ રેહેવા લાગા, તેમજ રાતની લટારથી ચોરી થતી પણ બંધ પડવા લાગી. એમ કરતાં બે તરણ મહીનામાં શીરીનબાઈએતો જોઈઊં કે સઘલું ઠીક થઈ ગઈઊં: પેટીમાં સતીઅતો ખરેખરૂંછે, કે હું ઘુમ બરાડા મારતી હતી તો તેથી જેટલું થતું નહી હતું તેના કરતાં વતું આ પેટીના સતથી થાએછે. વરસ એકમાંતો શીરીનબાઈનાં ઘરની હાલત એટલી ફરી ગઈ કે કાંઈ કેહેવાએ નહી. વરસ પુરૂં થઈઊં તેથી કબુલાત મુજબ શીરીનબાઈ પેટી પાછી સુના મામીને ઘેર લઈ ગએઆં, ને સઘલી હકીકત કહી તેવણનો ઘણો ઘણો પાડ માનીઓ કે તેવણનાં સતીઅની પેટીથી ઘરની હાલત બદલાઈ ગઈ. મામીએ તે પેટી પાછી લીધી તારે શીરીનબાઈએ ઘણા કાલાવાલા કીધા કે એક વરસ બીજી એ પેટી રેવા દેશો તો ઘણી કુરપા થાએ; નહીતો એ પેટીનું સતીઅ ગએઆથી પાછી આગલી હાલત થઈ પડશે.

એ ઊપરથી મો મલકાવી સુનામામી હસતાં હસતાં બોલીઆં, "શીરીનબાઈ, મેં ધારીઊંતું કે બંરમાની ભરમમાં હું જે ઊપાએ કરૂંછું તે તું સમજી જશે, પણ વરસ એક થવા છતાં એ સતીઅની પેટીમાં શી કરામત હતી તે તું હજી સમજી નથી; તો હવે હું ખુલાસો કરી તને સમજાઊંછું. અગરજો પે

હેલ વેલેજ પેટી આપવાને બદલે મેં એ ખુલાસો કીધો હતેતો તે ઊપર તું કાંઈ ધીઆન પુગાડતે નહી એમ ધારી મેં પેહલાં પેટી આપી, હવે ખુલાસો સાંભલવાનો તારો વખતછે, માટે ખુલાસો કરૂંછું; લે આ કુંચી, ને એ પેટી ઊઘાડ જો એમા સુંછે?" શીરીનબાઈએ પેલું કાગલ કાહાડી વાંચીઊં ને મન સાથ વીચાર કીધો કે ખરેખર પેટીનુંતો અમથું નામ હતું, પેટી લઈ જવાને બાંને વારે વારે મારૂં જુદા જુદા ઓરડામાં જવું થતું હતું, ને તેથીજ માણસો ચોંપમાં રેહતાં, તેમજ રાતનાં પણ મને સજાગરૂ જોઈ માણસો સાવધ રેહતાં હતાં, ને તેથી કરીનેજ ઘરની હાલત સુધરી, બાકી પેટીનું સતીઅતો ફકત નાંમનુંજ. એવી રીતનો ખુલાશો થએઆ પછે સુનામામીની સલાહ તથા કરામત ભરેલી હીકમતને માટે તેવણનો પાડ માની શીરીનબાઈ પોતાને ઘર ગએઆં, ને ને દાહાડા પછે, દર રોજ આખો દાહાડો એણીગમ તેણીગમ પોતાના ઘરના કારભારની ખટપટમાં એટલાંનો ગુતાએલાં રેહવાં લાગાં કે જેથી કરી ચાકરોને પણ કાંઈ રીતનું ફાવતું પાઈઊં નહી, ને સેહેજ મુદતમાં શીરીનબાઈએ પોતાનું નામ પાછું તાજું કીધું, ને તેવણને એવી મેહેનતુ હાલતમાં જોઈ તે દાહાડા પછે લોકોએ **શીરીનબાઈતો ભાગાનું** નામ મુકી દીધું.

આ રીતે જોશાનો વાંચનાર પેઆરી બાનુંઓ શીરીનબાઈને ભાગવાનું ને પાછાં આંખાં થવાનું કારણ શીરીનબાઈ પોતેજ હતાં.

---

## ખણે તે પડે.

બેહેનો ઊપળાં મથાળાની એક વાત તમોએ ગયાં વરસના ડીસેમબર માસના આ ચોપાનીઆમાં વાંચી હશે. એવી વાતો ઘણીખરી કલપનાથી જોડી કાહાડેલી કાહાણીઓ હોએછે. હરેક તેવી બાબદો ઊપર મોટા ગરંથો અથવા રીસાલા લખવા કરતાં ટુકામાં એવી કાહાણીઓથી જોઈતી બાબદોના બોધ મનમાનતી રીતે કરાઈ શકાએછે, તથા એવી કાહાણીઓની ભાશા અને લઢણ એવીતો રસીલી હોએછે કે તે કાને પડતાંજ સાંભળનારનાં મન ઊપર જોઈતી અસર કરેછે, તથા તેમાં વળી બીજો ગુણ એ હોએછે કે તેવી વારતાઓ મોહોડે રહી જાએછે, માટેજ દરએક બાશા અને દરએક દેશમાં કાહાણીઓ મશહુર થએલી હોએછે. એવી કાહાણીઓ મોહોડે રહેલી હોએ તેનાં બળથી કેટલીકવાર તકરારનાં મેદાનમાં તકરાર કરનાર પોતાની તકરારને મલતા કેટલાક દાખેલા આપી ફાવી જાએછે. આ નીચે ઊતારી લીધેલી એક વાત ઊપર જણાવીઆ મુજબની એક કાહાણીછે, જે ખરેખર રમુજી ને ચાનક કરવા લાએકછે.

કેહેછેકે એક મુરખ રાજા દરરોજ જે વખતે હજામત કરાવતો હતો તે વખતે એક બરાહમણ આવીને રાજાના કાનમાં આશીરવાદના સખુનો કહી જતો હતો. બરાહમણના એ આશીરવાદ વચનને માટે રાજા તેના ઊપર સારી પરીત રાખતો હતો તથા તેને કોઈ કોઈ વાર બખશેસ વગેરે આપતો હતો. એ જોઈને હજામને બહુ બળાપો થતો હતો તેથી તેણે વીચાર કીધોકે એક દીવશે આ બરાહમણનો ઘાટ ઘડીએ. એમ વીચારી તે એક વેલાએ પેલા બરાહમણને ઘેર ગઓઁ અને તેને કેહેવા લાગો કે "ભાઈ મને તારી દઆ આવેછે માટે હું તને ચેતાવવા આવીઓછું, તું રાજાના કાનમાં જે આસીરવાદ દેછે તે હમો આશપાસ ઊભેલાઓને સંભલાયછે તેથી રાજા બહુચીરડાએછે. તેથી તે કાલે બહુ રીશે ભરાઈ બોલતા હતા કે જો હવે એ બરાહમણ એવી રીતે આશીસ દેશેતો હું તેને કેદ કરાવીશ, માટે ભાઈ હવે પછે તું આવે તીઆરે મોહોડે નાક આગલથી એક લુંગડું બાંધી આવીને હળુશેથી રાજાના કાનમાં આશીસ દેજે એટલે થયું, એમ કીધાથી તે કોઈને સંભલાશે નહી અને રાજાનો કોપ ઓછો થશે." બરાહમણ બીચારો ભોલો તેથી તેણે તે વાત સારી અને પોતાના હીતની માનીને તે હજામનો બહુ પાડ માનયો, અને બીજે દીવસે રાજા આગલ જતી વખતે મોહોડે લુંગડું બાંધી જવાની સુચનાં કબુલ રાખી. આણીગમ પેલા હજામે આવી રાજાને હુલકાવેઓ કે "રાજાજી સાહેબ, તમને કાનમાં આશીરવાદ દેવાને જે બરાહમણ આવેછે તે બહુ લુચો માલુંમ પડેછે. કાલે હું પાંચ લોકમાં બેઠો હતો તીઆં આવી તે મને સરવનાં દેખતાં કેહેવા લાગીઓ કે 'તમારા રાજાના કાનમાંથી બહુ ખરાબ વાસ નીકળેછે માટે હવે હું આસીરવાદ દેવા આવીશ તારે મારે નાકે લુગડું બાંધીને આવીશ, એ સાંભલી મારી સાથ બેઠેલા લોકો ત

મ રાજા વીશે બહુ હલકુ બોલવા લાગા જેથી મને બહુ માઠું લાગીયું અને હું તેમની સંગાથે વઢી પડીને છુટો પડયો, તે માટે તમોએ એ બરાહમણને લગાર ઠપકો દેવો જોઈએછે." બીજે દાંહાડે બાપડો બરાહમણ અગાઊથી થયલી સુચના મુજબ નાકે લુગડું બાંધી રાજાને આસીરવાદ દેવા આવીયો, તીયારે રાજાએ જાણીઊં કે હજામ જે વાત કહેતો હતો તે ખરી થઈ છે. માટે તે બોલીઓ કે "બરાહમણ આવતી કાલે હું તને એક ચીઠી પુગાડીસ તે લઈ તું કોટવાળ જોડે જજે." રાજાના આ શબદો સાંભળી બરાહમણ ચાલતો થઓ પણ પેલા હજામે જોયું કે રાજા કોઈ રીતે એના ઊપર ગુસે થયા નથી ને વળી ઈનામની ચીઠી આપવા કહયુંછે માટે હવે એ વાતતો ગઈ પણ બરાહમણનું ઈનામતો આપણે લઈ લઈએ એમ ધારી વળી પાછો પેલા બરાહમણને ઘેર ગઓ, અને તેને કહયું કે "તું આજે મારી સુચના પરમાણે નાકે લુગડું બાંધી આવીઓ માટે રાજા તારા ઊપર પરસન થયાછે ને તને કાલે ઈનામની ચીઠી મળનારછે, અને એવી ચીઠી હવે પછે તને દર રવીવારે મળતી જશે માટે એટલી કાલના દીવસની પેહેલી ચીઠી મને આપવી જોઈએછે." બીચારા ભોલા બરાહમણે જોયું કે વાત ખરી છે, હજામની સુચનાથી મને એ બખશીસ મળેછે અને વળી તે દર રવીવારે મળનારછે માટે એટલી એક વારની એને આપીએ એમ વીચારી કબુલ કીધું. એ મુજબ બીજે દીવસે હજામ જઈને રાજાના દરવાજા આગલ ઊભો રહયો અને બરાહમણ નાકે લુગડું બાધી રાજાને આશીરવાદ દઈ આવીયો. જતી વેળાયે રાજાએ બરાહમણને એક ચીઠી આપી હતી તેમાં પોતાનાં કોટવાળ ઊપર એવો હુકમ મોકલીઓ હતો કે આ ચીઠી લાવનારને તુરત કેદ કરી તેની પાસે ૬ માસ સુધી સકત મજુરી કરાવીઆ પછે ગધેડે બેસાડી ગામ બાહેર હાંકી મુકવો. એ ચીઠી બીડીને તે ઊપર રાજાએ મોહોર કરેલી હતી માટે તે કોઈથી ઊખડી શકે એમ ન હતું. બરાહમણ તે ચીઠી લઈ બાહેર નીકળેછે એવામાં હજામ તાંહાં વાટ જોતો હતો તેણે તે ચીઠી બરાહમણ જોડેથી લીધી ને કોટવાળને જઈને હવાલે કીધી. કોટવાળે રાજાના હુકમ પરમાણે તે ચીઠી લાવનારને શીખશા કીધી તીયારે તે હજામ મનમાં બહુ પસતાવા લાગીયો કે આ શું બીના બની ગઈ? બરાહમણને નાખવા માટે જે ખાડો મેં ખોદીયો તેમાં તો હુજ પડીઓ.


---

## અમેરીકાનુ બગલું.


આએ જાતનું બગલું અમેરીકાની દખશીન દસાંએથી મલેછે. તેની લંબાઈ આસરે ૧૩ ઈંચની હોએછે. તેનાં પીછાં પુછડી ઊપરથી વલેલાં અને લાંમબાં હોએછે, અને તેનો રંગ ઘેરો બલુ હોયછે, તેનાં સરીરનો નીચેનો ભાગ કાટ ખાધેલા લોહડાંને રંગને મલતો આવેછે; તેનુ માંથું અને ગરદન પીછોથી ઢંકાએલાં હોએછે અને તેને માથે એક મોહોટી ટોપ હોએછે.

આએ પખશી પોતાનુ રેહેઠાણ સરોવર અથવા નદી અથવા જે જગાએ પાંણી હોએછે તાંહાં કરેછે. તે ઘણુ કરીને એખલું કલાકોના કલાકો એકજ જગા ઊપર વગર હીલવે ચાલવે પડી રેહેછે. દેડકા અને માછલીઓ જે તેનો મુખીઅ ખોરાકછે તે મેલવવાને જાહારે તે બાહેર પડેછે તારે તે પાંણીમાં પોતાના ગુડણીઆથી કરી દાખેલ થાએછે અને પોતાનુ મુંથુ પોતાના પગો વચે રાખેછે અને તે જગા ઊપર ઘણીજ ધીરજ અને શાવધપણે માછલીનો શેકાર કરવાને ટાંપેછે, અને તે એકાએક પોતાની લાંમબી ગરદન લંબાવી પોતાની ચાંચ પેલા શેકારને મારેછે અને દેડકાઓનેતો ને આખા ને આખા ગલી જાએછે કાંએ કે દેડકાનાં હાડકાં તેની હોજરીમાં ભાગી ગએલાં માલમ પડેછે. જારે નદી અને નાલાંઓ શુકાઈ જાએછે અને પાંણી બરફથી ઢંકાઈ જાએછે તારે તે નજદીકનાં ઝરા અથવા નાલાં આગલ રેહેઠાણ કરવાને. આવતું માલમ પડેછે અને એવું કેહવામાં આવેછે કે તે પાંણીમાં ઊગેલા રોપા ઊપર અથવા નાહના છોડવા ઊપર પોતાનુ પોશણ કરેછે. વરશની જુદી જુદી રૂતુમાં વારેઘડીએ તે કંગાલ અને હોશ વગરનું માલુમ પડેછે. તે ઘણીજ ખરાબ હવામાં અને ઘણાજ બીહામના જંગલોની જાહાડની ડાંખરીઓ ઊપર એકાંત રેહછે.

આ પખશી જારે કંઈ ઘાસનીમાં અથવા સંકટમાં આવી પડેછે તારે તે રાતની વખતે પોતાનાં બ



દરીઆઈ ઘોડો.



શાહા મુરગ.



અમેરીકાનુ બગલું.

ચાવ સારૂ ઊનચા અને ગીચોગીચ જાહાડો ઊપર નાહસી જાએછે અને પરોઢીઆમાં જારે તે પાછુ આવે છે તારે તેની તીકશણ તથા કંટાલા ભરેલી ચીચીઆરીઓ શંભલાએછે તે ચીચીઆરીઓ ડુકરની ચીચીઆરીઓની મીસાલની હોએછે. શવારનાં પોહરમાં એ પખશી માણશની નજર આગલથી ઘણીજ લંબાઈએ નાહસી જાએછે અને જારે તેની ઊપર ગરૂડ પખશી અથવા બીજુ કંઈ મોહટુ પખશી હુમલો કરેછે તારે તે પોતાના બચાવ શારૂ હવામાં ઊનચે ચહડવાને અને તેઓથી સરસ થવાને કોસેસ કરેછે. આ પખશી એટલીતો ઊનચાઈએ જાએછે કે કેટલેક દુરથી તેની પાંખ શીવાએ બીજુ કશુજ દીશતું નથી અને છેલે શરવાલે વાદલાંથી ભરાએલા આસમાંનમાં કંઈજ તેની નીસાન દીસતી નથી. આવાં એક પખશીનુ ચીતર પાસે આપીઊંછે.

## દરીઆઈ ઘોડો.

(જુઓ પાસેનુ ચીતર.)

આ પરાંણીને દરીઆઈ ઘોડો અથવા દરીઆઈ ગાએનું નામ આપેલુંછે. એ જાંનવર આગલ અમેરીકા માહેલા સેંનટ લારેનસના અખાડમાંથી મલતુ હતું અને હમણા ઘણું કરીને લેબરેડોર અને હડસંન નામનાં અખાતોનાં કીનારા ઊપરથી મલી આવેછે. એઓ પાણીમાં એક બીજા સાથે એકશંપથી ટોલાંબંધ રેહછે. તેઓના ઊપરનાં જડબાંમાં બે લાંબા દાંતો હોએછે અને તે ૧૫ થીને ૨૪ ઈચ શુધીનાં લાંબા હોએછે. એઓનાં ચાંમડાં જોડા અને બીજી ચીજો બનાવવાને કાંમ લાગેછે, અને દાંતો હાથીદાંતની જગોએ વાપરવાને ઘણા ઊપીઓગી જણાએલાછે. એનું ગોશત ઘણુ શખત, ચીવર અને ચરબદાર હોએછે પણ ખાધામાં શવાદદાર નથી. આએ જાંનવરો પોતાનું ગુજરાણ દરીઆની જીહીણી માછલીઓ અને દરીઆઈ રોપાઓ ઊપર કરેછે. તે નાધલી બોટો સાથે વારેવાર ગમત કરી તેઓ ઊપર કુદકા મારેછે પણ જો કોઈવાર કરોધમાં આવીને બોટો ઊપર હોમલો કરેછે તો તે ભએ ભરેલું હોએછે. તેઓની ચલકતી ગોલ આંખો અને બાહેરે નીકલી આવેલા દાંતોથી એ જનાવર ઘણુ બીહાંમણુ દેખાએછે. એ જાંનવર માણસને કાંઈ ઈજા કરતુ નથી પણ જો તેને જખંમ કીધો હોએ ઈઆ તેઓમાંનુ એકુ મારીઊં ગીઊ હોએ તોજ તે આદમીઓપર હુમલો કરેછે. એ જાનવર કીનારાઓ ઊપર આવી ઘણી વખત જંગલોમાં લાંબેવેર જાએછે. એવી વેલાએ આદમીઓને એનો શેકાર કરવાને ઘણુ શવલ પડેછે. જારે એ જાંનવર પાંણીથી દુર જાએછે તારે શેકારીઓ તેને ભાલાઓ ભોકીને મારી નાખેછે કાંકે પાંણીથી બાહેર પડીઆ પછી તેનુ જોર ચાલી શકતું નથી. એવી વેલાએ આએ પરાંણી દએઆ ઊપજાવાજોગ ઘણીએક બુમો અને ચીચીઆરીઓ પાડેછે.

એક ગરંથકાર કેહેછે કે હોપ અને ચેરી નામના ટાપુઓમાં આએ દરીઆઈ ઘોડાઓ ટોલાંબંધ કાંઈ હજારોછે. જારે ઓટ થાએછે તારે તેઓ કીનારાના ખડકો ઊપર આશાએશ લેવાને બેશેછે તે વખતે તેઓનો શેકાર કરવાને ઘણુ સવલ પડેછે. જારે એ કીનારા ઊપર હોએછે તારે તેનુ સરીર તેને પોતાને ઘણુ ભારી પડેછે તે હંઈઆં શુધી કે જો એ ઘબરાઈ નાહાસતું હોએ અને વચમાં જો પોતાના સોબતીનુ મુએલુ સરીર પડેલું હોએતો તે ઊપરથી એનીથી કુદી જવાતુ નથી અને જેથી કરી તે જલદીથી છટકાંમાં આવી જાએછે. જો પાંણીમાં એ જાંનવર ઊપર હોમલો કીધો હોએતો તેઓ જોરથી પોતાના દુશમન તરફ પોતાનુ શરીર પાંણીમાં અફાડેછે અને પોતાનો જો એકુ સોબતી શપાટામાં આવીઓ હોએછે તો તેને દુખમાંથી છોડવવાને સંઘલાઓ તેની આસપાસ ફરેછે અને જારે પોતાના દુશમનને નજદીક આવી પોંહાંચેલો જુએછે તારે તેઓ એક બીજાને ચેતવણી આપેછે અને તે આખું ટોલું દરીઆમાં નીકલી જાએછે.

જારે એ જાંનવરો પાંણી આગલ જઈ પોંહોંચેછે તારે તેઓ ઘણી જડપથી પાંણીમાં જીહીપલાવેછે. એ વખતે એઓનુ ટોલું ઘણુ મોહોટુ અને પોતે કદમાં જબરા હોવાને લીધે તે સંઘલાઓને એકેદંમ નાહાશી જવાને પુરતી જગા મલતી નથી. તેથી એવી વેલાએ જેઓ પાછલ પડેલાં હોએછે અને તેઓ ઊપર શેકારીની ધાસતી આવી પડેછેતો તે ધાશતીમાંથી બંચવાને પોતાના સોબતીઓથી જે રસનો બંધ પડે

ઓ હોએછે તો પોતાના આગલા બે દાંતોથી આગલ ન ધવાને ઇશારો કરેછે. અને તેહવું કરતાં પોતાના સેંકડો સોબતીઓને પોતાના દાંતોથી જખમી કરી નાખે છે. આ જાંનવરોનાં દાંત, ચાંમરાં, અને ચરબીનો મોહોટો વેપાર ચાલેછે.

## ઉદયોગ અને આળસાઈનો મુકાબેલો.



બેહેનો, માણસોને જો કાંઈ કામ ધંધો ન હોયતો ખચીત તેઓ દેવાનાં બની જાયે. માણસોને ખોરાક દાખલ નહી પણ ઓસડ દાખલ મેહેનત અને ઊદયોગ કરવાની જરૂરછે. ઊદયોગી માણસને હરેક કામ તુરત સુજેછે અને તે કરવાને તુરત મંડેછે, પણ આળસી માણસને કાંઈ કામ સુઝતું નથી અને શું કરવું તેની તેને સમજ પડતી નથી માટે તે આખો દાહાડો ગુંચવારામાં પડી રેહેછે. માણસનું મન જો કાંઈ કામ ઊપર ન લાગુંતો પછે તેને ભુંડા વીચારો આવેછે. અને તેથી તે અનીતીમાં પેસેછે, માટે કાંઈપણ ઊપયોગી કામ ધંધામાં માણસોયે હમેશાં ગુથાયલા રેહેવું જોઈએછે. તે સાથે વલી સુસતીથી રોગ-પેદા થઈને નીશચે આવરદા ઘટેછે. મેહેનતથી જેટલું ઘસાતું નથી તેના કરતાં આળસથી કાટની પેઠે આપણું શરીર ઘશાઈને વધારે નુકશાન થાયછે. કેહેવતછે કે વપરાતી કુચી હમેશાં ઊજલી રેહેછે, તે પરમાણે કસાએલું અંગ હમેશાં આરુદ્દ, અને તંનદુરસત રેહેછે. વલી સુસતી સરવ વસતુઓને મુસકેલ કરી નાખેછે પણ ઊદયોગથી તે સરવ વસતુઓ સેહલ થઈ પડેછે; ઊદયોગથી કરજ મીટેછે, પણ આળસથી વધેછે. સુસતીની ચાલ એવીતો ધીમીછેકે દરીદર તેને જલદી પકડી પાડેછે. માટે માણસોએ આળસુ રહી હાથે કરીને પોતા ઊપર દરીદરને શવવા દેવું નહી. ઊદયોગ સારાં નસીબનુ મુળછે, અને ઈશવર સઘલી વસતુઓ ઊદયોગને આપેછે. જાંહાં લગી આજ કેહેવાઅછે તાંહાં લગી કામ કરો, કેમકે તમને ખબર નથી કે કાલે તમને શીશી અડચણો આવી પડશે; અને વલી જે આજ કરી શકાય તે કાલ ઊપર રાખતા નહી, કેહેવતછે કે વાંધયું તે મોતી, તે પરમાણે થયલું કામ થઈ જાયછે.

## મગરૂરી.

વાંચનાર ભલી બાઈ જો તું પઈશે ટકે સુખી હોએ, તું ઘણી વીદીઆવાન હોએ, અને તાહારી સતા હેવી હોએ કે તું સેંકડો માણસો ઊપર હોકમ ચલાવી શકે, તોપણ તું મનમાં પણ મગરૂર થાતી ના કે હું આવી ઓરતછું. કારણ કે તું મોહોટી થઈછે તે તાહરી મેલે થઈ નથી. એ સઘલું સુખ, શકતી અને વીદીઆ આપનારો ધણી બીજોજછે. માહારી પાસ એક મોહટી કીમતનું ઘડીઆલછે, તે ઘણુ રાશીસ ચાલેછે, અને દેખાવમાં તેહના જેવું બીજું મલતું નથી, એવું હોએ તે છતાં તે ઘડીઆલને કાંઈ કીરતી લાગુ પડતી નથી. કાંઈ પણ તારીફ કરીએતો તે ઘડીઆલના કરતાની કરવી જોઈએ. એવીજ અવસથા આપણી પણછે. માંટે બેહનો આપણે મોહટા અને સરવ વાતે સુખી છઈએતો તે વીશે મગરૂરી રાખી બીજાંઓ તરફ ધીકારથી જોવું નહીં જોઈએ, પણ નમરતા પકડી જે સરવ શકતીમાન કીરતારે આપણે એવા કીધા તેહનો ઊપકાર માનવો ઘરારતછે. જરા વીચાર કરશોતો એ રીતી પકડવાની જરૂર માલમ પડશે. ભલી બાઈ નીચેના સવાલ જવાબોને હમેશાં તારા મનનાં અંદર કોતરી રાખજે કે જેથી કોઈ પણ વકતે મગરૂરી જેવો મોહટો અપરાધ તારાથી ન થાએ.

અરે ! હું પેદા થએઆની આગલ કોણ હતી ? માતરે એક નાહાનું નજીવું બીંદુ. પેદા થવા પછે ઘણા વરસો સુધી કેહેવી હતી ? ઘણીજ નબલી. માહારી આખી જીનદગીમાં કોણ થઈયુ ? એક મોહટો પાપી. માહારી ખુબીઓમાં હું કોણ ? ખોદાનો, મા બા

પનો, અને સરવ જાંહાંણનો કરજદાર. અરે! માહારાં કાંમો કેવાં? ઘણાંજ નજીવાં, ગુચવન ભરેલાં અને હલુરાં. માહારી ખાતરી ભરેલી ચીજ કહી? મોત! મોત! મોત હમેશ દરવાજા પાશેછે, તે કદી હાંણું હોતું નથી.

---

## "ગરેટબરીટન ખાતેની મુસાફરી."

ઉપલે નાંમના એક સુંદર અને કીમતી પુસતકની નકલ તેના બનાવનાર ભાઈ ડોસાભાઈ ફરાંમજી કરાકાની તરફથી હમને ભેટ થઈછે. એ પુસતક આ ચોપાંનીઆંના કદના ૩૧૪ પાંનાનુંછે અને તેની અંદર ૩૦ પલેટના સુંદર ચીતરો દાખલ કરેઆંછે. એ પુસતક ભાઈ ડોસાભાઈએ ઘણી મેહનત લઈને બનાવીઉંછે અને તે વાંચવા જોગછે. તે પુસતક મધેની થોડીએક બીના હમો હમારી વાંચનારી બાઈઓને માટે નીચે પરગટ કરીએછે.

### ફરાંસ દેશના પારીસ શેહેરની રચના વીશે લખેછે કે—

આખી દુનીઆમાં પારીશ શઉથી ખુબસુરત શેહેરછે, એવું જે કેહેવામાં આવેછે, તેમાં કશો શક નથી. શું તેના મેહેલોની બાંધણી તથા જાહોજલાલી, શું તાંહાંના બાગોની ખુબસુરતી, શું તેના બેહુ બાજુએ રોપેલાં જાહાડ સાથેનાં ઘોરી રશતાઓનો દેખાવ, શું તેની ઈમારતોની ખુબસુરતી અને શોભા, શું તેની આરાંમ લેવાની અને લોકોને બેશવાની કુશાદ જગા, શું તેની કીરતી અને આરાશતગે કીધેલી દુકાંનો, શું તેઓનો બાહેરનો દેખાવ, શું તાંહાંના તમાશાના તથા મોજના ઘરો તથા તેમની અંદરની ગોઠવણ, શું તેના નાંમીચા શખશોના સંગેમરમરનાં પુતલાંઓ, શું તેના બુલંદ દરવાજાઓ અને તેમની ઉપરની કારીગરીઓ, શું તેની બેહદ ફરવાની જગાઓ અને તે ઉપર રાત અને દીવશ ઉડતા ખુબસુરત અને ખુશનુમાં ફુવારાઓ, શું તાંહાંના રશતે રશતે ખુશી ભરેલા ચેહેરા શાથે લોકોના ટોલાઓ, તથા તરેહવાર તલેસમાતી દેખાવો—એ સઘળુ જોઈને કોણની નજર અને કોણનું દીલ અચરતે ન થાએ, અથવા હરખ નહીં પાંમે?

### પારીસ શેહેરની રોશની તથા દુકાંનો વીશે લખેછે કે—

આખું શેહેર પુર રોશનાંથી રાતની વેલાએ નરૂ હીરાજડીત બની રેહેછે. મુંબઈમાંતો પાંચ દાહાડાજ દીવાળીછે, પણ પારીસમાતો સદાકાલ દીવાલી ચાલુ રેહેછે. વરસમાં ૩૬૫ દાહાડામાં કોઈ દાહાડો દીવાળી વગરનો હોતોજ નથી, આપણી પાંચ દાહાડાની દીવાળી પારીસની હમેશની દીવાળી આગલ કશા હીસાબમાં નથી. મુંબઈમાં તો આપણે હાંડી, અને ઝુમરમાં દીવા સળગાવી તથા તરેહવાર આરશીઓ બાંધી દીવાળી કરીએ છઈએ. પણ પારીસની દીવાળી અજબ તરેહનીછે. રસતાની બંધે બાજુએ સરખે તફાવતે રોનકદાર થાંભલાઓની ઉપર "ગીઆસ લાઈટ" ના ફાંનસો સળગાવેલાં હોએછે. ગીઆસની એક રોસની સાધારણ દીવાની તરણ રોસનીની બરાબર હોએછે. એથી કરીને આખી રાત રસતા ઉપર જેવું જોઈએ, તેવું અજવાળું પડેછે; દુકાનદારો પોતાની દુકાનની અંદર ઘણીજ સોભાઈતી રોસની કરેછે. અને તેઓની બાહેરની બારી સઘળી મોટા કાચોની હોએછે. તેણે કરીને તે દુકાનમાં મેહેલેલો તરેહવાર અને ખુબ શુરત માલ ઘણોજ દીપી નીકળેછે. એ દુકાનોની ઘણી ખરી ઘરાકી રાતના થાએછે, તેથી તેમનો દેખાવ સરસ કરવાને તેમના માલેકો ચુકતા નથી. જેમ દુકાન ખુબ શુરતી ભરેલી અને દેખાવમાં સરસ હોએછે. તેમ તેની અંદર ઘરાકો વધારે ખેંચાએ. એવા વીચારથી દરેક જણ પોતાની દુકાનને શુધારવાની કોસેસ કરેછે. તેથી કરીને દીનપર દીન એ બાબદમાં પારીસનો દેખાવ શુધરતો જાએછે.

### કરીશટલ પાલેશ જે લંડન શેહેરમાછે તે વીશે લખેછે કે—

એ ઠેકાણે ચાર ઘોડા જોડેલી આંમનીબસ અથવા આગની ગાડીની મારફતે જવાઈ શકાએછે. લંડન બરીડજ ઈસટેશન આગળ ગયા કે ૦॥ રૂપીઓ આપીઆથી મેહેલ પોહોંચવાની પેહલલા વરગની ગાડીની ટીકેટ મળેછે. એ મેહેલમાં સાધારણ દીવસે અંદર જવાનો ભાવ દર આદમી દોઢ અરધો રૂપીઓછે. અને જો કોઈ જાતનો તેહવાર હોએ અને તે મેહેલમાં દરરોજ મલતી ગમતમાં વધારો કીધામાં આવીઓ હોએતો, તે દીનનો ભાવ જેમ વધતી ગમત હોએ તેમ, ૧, ૨॥ અથવા ૫, રૂપીઆ કરીઆમાં આવેછે. એથી વધતો ભાવ થાતો નથી. લંડનથી નીકલેલી આગની ગાડી દસ મીનીટમાં આ મેહેલની નજદીક જાઈ પોહોચેછે. સાધારણ દીવસે ૦। કલાકે એ તરફ જવાને ગાડી નીકલેછે, પણ જે દીવસે તે મેહેલમાં વધતી ગમત હોએછે, તાહારે તાંહાં તરીસ અને ચાલીસ હજાર આદમીઓ જાએછે, તે દીને દર પાંચ મીનીટે ગાડીઓ જાએછે તથા આવેછે. એ ગોઠવણથી હજારો લોકોને પોતાને ગમે તે વખતે જવાને બની આવેછે. આગની ગાડીઓ આગલ ભારી ટોલાં થાએછે, અને આખી ટરેન ભરાઈ જતાં જેઓ વધેછે, તેઓ વલી પાંચ મીનીટ પછી જનારી ટરેનમાં જાએછે. લંડનનું મથક છોડીને જરાક આગલ ચાલીઆ કે, આપણને દુરથી બીલોરી મેહેલ દેખાએછે અને જો હવા ખુલલી અને સુરજ પરકાશતો હોએતો, તે ઈમારતનો ભારી ચલકાટ આપણી આંખને દીપાવેછે. જેમ હીરો રોશનીની આગળ ચલકે, તેમ આ બીલોરી મેહેલ શુરજના તડકાથી ચલકી રેહેછે. એ મેહેલની બંધે બાજુએ જે મોટા બીલોરી મીનારા ફુવારાઓમાં પાંણી પોહોંચતુ કરવાને સારૂ ઉભા કીધાછે, તથા તે મેહેલનાં છાપરાં ગોલ આકારમાંછે, તેથી દુરથી એ મેહેલનાં ખુબ શુરત દેખાવમાં ઘણોએક વધારો થાએછે, અને જેઓ પેહેલ વેહેલા તાંહાં જવાના હોએ તેઓને તાંહાં પોહોંચવાની ઈનતેજારીનું બયાન થાઈ શકતું નથી. જે બીલોરી મેહેલ વીષે આટલું બધું સાંભલીઉં હતું, અને જો આ

જમાનામાં નહી માની શકાએ તેવી બનાવટો વીદીઆ અને હુનરથી થાએછે હેવી આપણી ખાતરી નહી હતે, તો હાવા મેહેલ વીશે આપણે કાંહાંણી સમજતે, તેવો મેહેલ જોવાને દીવસતો સું પણ જે પલ જાએછે તેમાં તે જોવાશે, હેરી ઉમેદથી તાંહાં જનાર ધણીના દીલમાં કેટલી ખુશી ઉપજેછે, તે ખુશીનું બયાન આ જગાએ થાઇ શકતું નથી. અંતે આપણે બીલોરી મેહેલમાં પસાર થાયા. આપણી આશપાશની દેવાલો બીલોરનોછે, આપણા માથા ઉપરનું છાપરૂં બીલોરનુંછે. સઘલી તરફથી દેખાવ બીલોરનોછે. આપણી અજાયબીનો પાર નથી. પણ એ મેહેલની અંદર આપણે દાખલ થયા અને તેના પેહલલા માર ઉપર જાઈને ઉભા રહેઆ, તો તાંહાં શું જોઇએછે ? તાંહાંના દેખાવથી થોડીએક મીનીટ સુધીતો આપણી અકલ અને નજર હેરાન રેહેછે. આદમી પણ કેટલું કરી શકેછે, તે આપણને હીંઆં સમજ પડેછે. બીલોરી ઇમારતની અંદર એક ખુસનુમાં બાગની અંદર આપણે ઉભેલા છઇએ કે જાંહાં-ઈંગલંડનાંજ નહી, પણ જુદા જુદા દેશ અને જુદી જુદી હવામાં ઉગતાં જાહાડ તથા રોપા ઉગેલાછે. સરવેમાં સરદાર દાખલ બીલોરી ફુઆરો દેખાએછે સેમાંથી તરેહવાર રીતે પાંણીની ધારો ઉડેછે અને તેની આશપાશ જાણે એક નાંધલું તલાવછે તેમાં સઘલું પાંણી પડેછે. એ તલાવનો વીકટોરીઆ રીજીઆ નાંમના જાહાડનાં મોટાં પાંતરાં અને પાંણીમાં ઉગતાં બીજાં આડો જાણે પોતાનું ખરેખરૂં વતન હોય તેમ તાંહા ઉગેલાંછે. જરા આશપાશ નજર કરીએછ તો આસલ અને હાલનાં જમાનાંનાં નામીચા શખસોનાં પુતલાંઓની નકલો સોભઇતી રીતે બાગમાં ગોઠવેલી હોએ તેમ દીસેછે, કાંએજે તેમની વચમાંનાં ગાલા સોભઇતાં જાહાડો અને રોપાથી સણગારેલાછે. તેથીબી વધારે આપણી નજર પોંહોંચાડીએતો આપણી બંધે બાજુએ તરેહવાર સણગાર અને બાંધણીનાં ઓરડાઓ દેખાએછે અને તેમાં હુંનર અને કારીગરીની તરેહવાર કીમતી વસતુઓનો સંગરહ કીધેલોછે. જરાક આગલ ચાલીઆતો આ મેહેલમાં ગાયણનો મધુર રાગ ફેલાવાને વાસતે ઉભી કીવેલી વજનતરની એક શાખશી પેટી દેખાએછે અને તેની નીચે થોડી જગામાં-હજારો આદમીઓ બેશી શકે તેવી ચહડતી ઉતરતી બેઠક કીધામાં આવીછે. માથું ઉંચકી જરા ઉચી નજર કરીએતો બીલોરી છાપરૂં આપણી નજરે પડેછે, અને તેની આશપાશ સોભઇતા રંગોથી રંગેલી હારે દોરં ગીઆલરીઓ તેમાં ગોઠવેલી ખુબસુરત દુકાનો સાથે આપણી નજરે પડેછે. ટુંકામાં બોલીએ તો, ફલવંત અને લીલા બાગની અંદર લોકોને વાસતે, આ એક કીમતી મેહેલછે, તાંહાં તેઓને ગમત અને ગનીઆંન બંચે મલેછે, આંખે જોઇને તેઓ કેટલીએક કેલવણી લીએછે, ખુબસુરત ચીજો જોવાથી અને પારખીઆથી તેઓના સવારથમાં સુધારો થાએછે.

---

## પરચુરણ બાબદો.

**ખુશાલી અને ખરાબી**—ખુશાલી જે છે તે બંદોબસ્તની દીકરીછે, જે ડાહાપણની ઓલાદથી ઉતરતી આવીછે; સંભાલ, કરકસર, દીઆનતદારી અને ધરમ એઓ સાથે એને ઘણો નજદીકનો સંબંધછે; સારી સમજણ, પરોપકાર, અવલોકન અને અનુભવ એઓને હાતે એને કેલવણી મલેલીછે; અને સુઘડાઈ, ઘરજુગત, દુરંદેશો, નેકી, રીત ભાતની લાએકી અને સંસાર સુખ એમની તે માતાછે. તેમજ ખરાબી જે છે તે ગોંદલ અને ઘભરાટનાં ખાનદાનથી ઉતરતી આવીછે; બેદરકારી અને આધાધુધાં મનની તે દીકરીછે; તેણીએ વારાફરતી ઉતાવલ, મુરખાઈ, હટીલાઈ, નીચાઈ અને ઉડાઉપણાના હાત તલે કેલવણી લીધીછે; જુકાઈ, બીગાડ, ગેરબંદોબસત, નાશ, ફુઅડપણું અને તુતાફાટ એમની તે માતા ગણાએછે.

---

**સારી અને સોહામણી બઈરી કેવી હોએ?**—પતીવરતા, ચંચલ અને સારાં સલુખથી જે ઉપરી હોએ તેને જ સોહામણી અને સારી બઈરી સહમજવી જોઇએછે. માતા, બેહેન અને બાએડી દાખલ એવી ઓરત ફરેસતાની ખસલત ધરાવેછે, અને તેમજ પોતાંના ગરીબડાં સંસારનાં ઘરને બાગો બેહેસતનાં જેવું સુખવાળો બનાવી દીએછે. જાહેર મજલસોમાં એવી ઓરતો મજલસનાં સણગાર અને મજલસમાં બીરાજતારાઓને માન આપનાર ગણાએછે. માટે જેને સારી અને સોહામણી બઈરી જોઇતી હોએ તેણે બઈરીઓનાં ફકત બાહારનાજ દેખાવ ઉપર લોભાવું જોઈતુ નથી પણ ઉપર જણાવેલા ગુણો જે ઓરત ધરાવતી હોએ તેને જ પસંદ કરવી, જે પોતાના જાતી શણગારથી પોતે દીપી નીકલશે.

---

**મોતીની સીપ કાહાડનાર તારા**—દરએક મછવામાં દસ બુડકી મારનાર તથા દસ જણ હલેસાં મારનાર અને એક ઉપરી એ રીતે ૨૧ માણસો હોએછે. બુડકી મારનાર દસ જણ માના પાંચ પાંચ જણ એકકે ફેરે બુડકી મારેછે. પાણીમાં જલદીથી તલીએ જવાએ માટે તેઓ પોતાના પગ સાથ મોટા પથરો બાંધેછે. એ પરમાણે તઇઆરી કરવા પછે દરએક તારો પોતાના જમણા હાતમાં જાલીદાર એક કોથલી લીએછે ને ડાબે હાતે પોતાનું નાક બંધ કરી તે દાબી રાખી એકદમ બુડકી મારેછે. નીચે ગએઆ પછે તેનાં હાત પગને જેટલી શીપો લાગે અને જેટલી મલી આવે એટલી તે તુરત એકઠી કરી પેલી-જાલીદાર કોથલીમાં નાખેછે. જારે થીપોથી તે કોથલી ભરાઈ જાએછે અથવા તો બુડકી મારનારનો દમ ભરાઇ આવેછે તારે તે એક દોરડું, જે તેની સાથ નીચે સુધી ઉતારેલું હોએછે તે, હલાવેછે એટલે મછવા ઉપરનાં માણસો તુરત તેને ઉપર ખેંચી લીએછે. કેહેછે કે જો બુડકી મારનાર જે જગા ઉપર ઉતરેછે તે ઠેકાંણે પુશકલ શીપો હોએ તો દર ફેરે સવાસોથી દોહોડસો સીપો તે ઉપર લઈ આવી શકેછે.

---

**ચીના માસતરની પેદાસ**—નીશાલમાં છોકરાઓની જેટલી સંખીઆ હોએ તે મુજબ એ માસતરને પેદાસ થાએછે. દરએક નીસાલના એક માસતરના હાત તલે વતાંમાં વતાં ૨૦ છોકરાંજ હોએ, એથી વધારેને તે દાખલ કરતો નથી, કારણ કે વધારો થવાથી જોઇતી સંભાલથી તે બધાં ઉપર

૨ ધીઆન આપી શકતો નથી. પગારમાં દર છોકરા પાસથી દર વરસ નીચે મુજબ માસતરને સીધો મલેછે—૫૦ રતલ ચોખા, સવા અથવા દોહોડ રતલ બતીનું તેલ, એક રતલ મ રચી, સવા રતલ મીઠું, દોહોડ રતલ દાહે, તથા છોકરાંઓ ની ઉમર અને શકતી મુજબ દોહોડથી ચાર ડાલર સુધી રોક ડું નાણું. એટલી આવગ અથવા પેદાસથી માસતર તે શીખ નારાઓને આખું વરસ સુધી કેલવણી આપીઓ જાએછે. વરસમાં એક માસ રજા આપવામાં આવેછે, તથા દરએક વ રસ પુરૂં થાએ એટલે માસતર અને નીશાલીઆઓ વચે પા છી ઉપલી વીગતે નવી ગોડવણ થાએછે, ને પાછું નવું વરસ સુરૂ થાએછે.

---

**તમો પોતાને વીશે કાંઈ બોલતાંનાં**— આપણ ને આપણા પોતા વીશે સારૂં અથવા નરસું કાંઈ બોલવું જોઈતું નથી, તેમજ આપણા વીશે બેદરકારી પણ રાખવી સારી નથી. જો આપણે પોતા વીશે સારૂં સારૂં બોલીશું તો તેથી આપણી ગરૂરીને તકોબરી જણાશે; નરશું બોલશું તો તે ખોટો દમાગ ને ખાલી ઢોલ ઘાલેલું કેહેવાશે ને તેમજ જો આપણે પોતે પોતા વીશેજ બેદરકારી બતલાવી તો આ પણી મુરખાઈ ને હેમકાઈ શીવાએ બીજું કાંઈ માલુમ પડવા નું નથી.

---

**શુના સરીખી શીખામણ**—એક કાબેલ લખના રનું એવું મતછે કે જેવા સવારે બીછાના પરથી ઉઠીઆ તે વાજ રાતના પાછા સુવું નહી, એટલે કાંઈ પણ નવું સંઘ રીઆ અથવા સંપાદન કરીઆ વના તથા કાંઈ પણ પરો પકારનાં ને રૂડાં કામો કરીઆ વના રાતનાં સુવું નહી.

**ચોખી આબરૂ** ઘસીને લીસાં ને ચલકતાં કરેલાં પો લાદના જેવીછે, જેમ એ પોલાદ ઉપર હવાનો દમ નાખી આથી તે જરાવાર ઝાંખ મારેછે, પણ તુરત પાછું પોતાનું આ બ ધરેછે તેમજ ચોખી આબરૂને રૂડી નીશટાની વાત જાણવી.

---

**તમારા દોસતો** હાલ કરતાં તમારા ઉપર વધારે મોહોબત રાખે એટલા માટે જેમ તમો તેમના લાભ વધાર વાને કોશેસ કરોછો તેજ રીતે બલકે તેથી જીઆદા કોશેસ કરી તમારા દુશમનોના લાભ વધારો, કે તેવા દુશમનો ત મારા દોસત થઈ જાએ.

---

**ટાપટીપ કરી** જે માણસ પોતાનાં શરીરને શણ ગારી શોભા આપેછે પણ કોઈ રીતે પોતાના મનને સનગા રી શોભાએમાન કરતો નથી તે માણસનો હાલ અને જે ઘર ધણી પોતાની હવેલીને બાહેરથી રોણકદાર અને સુ શો ભીત કરી પોતે ઘરમાં અંધારૂં રાખી માહે બેશે તેનો હાલ એક સરખો જાણવો.

---

**આઈસના ડુંગરની લંબાઈ**—આસટરેલીઆથી તુરતનાં આવેલાં એક વાંહાંણની મારફતે જે ખબર મલીછે તે ઉપરથી એવું જણાએછે કે એ વાંહાંણને પાસીફીક સમુદર ના દખણાંણુ ભાગ આગલથી પસાર થતાં છેક સાત માઈલ લાં બો બરફનો ટાપુ દેખાએલો હતો.

---

**જે શખસ ઘણો તીખો** ને ઉતાવલીઓ હોએછે તે ઘણો એકીનદાર ને ભલું આદમી હોએછે.

---

**કોઈને છુપી રીતે** દુખ દેવું અથવા સુતેલાને છાનો મારવો એ જેવું પાપી, અધમ અને નીચ કરમછે, તેવુંજ કોઈને છુપી રીતે દાન કરવું અથવા દુખીઆની દાદ લેવી એ નેક, રૂડું અને બેહેસતનો મારગ ખુલો કરનારૂં કામછે.

---

**ગરેટ બરીટન મધે** ૧૩૦૦૦ બેહેરાં ને મુંગાં માણ સોછે, જેમાં આસરે ૯૦૦૦ ની સંખીઆ ઓરતોનીછે અ ને એ સંખીઆનો મોટો ભાગ વગર કેલવાએલો ને નીરાશ રીત અવસથામાં પડેલોછે!

---

**બરહમ દેશમાં જારે** એક જુવાન ઓરત બીમાર પડેછે તારે તેના મા બાપો તબીબ સાથ એવો બંદોબસત ક રેછે કે જો તે તબીબ એ બીમાર છોકરીને તંદરૂસત કરેતો તે ની મેહેનતના બદલામાં તે છોકરી તેને આપી દેવામાં આ વે, અને જો તે તબીબનાં હાત તલે તે બીમાર મરણ પામેતો તે તબીબે તે મરનારની એવડી કીમત તેનાં બેસાવંદોને આ પવી. કેહેછે કે એવા બંદોબસતની રૂએ કેટલાક તબીબો ના ઘરમાં પુશકલ ઓરતો થઈ પડેછે.

---

**બઈરીઓની ઈસકોલ**—રેવરંડ હંફરી નામના પર ખેઆત શખસનાં આશરાથી ઈંગલંડનાં એક પરગણામાં બ ઈરીઓની કેલવણીને માટે સાંજનો એક વરગ ઉભો કરવા માં આવીઓછે. એ વરગમાં હાજર થનાર બાનુઓ ૧૪ વ રસની ઉપરની વએની હોએછે, તે વરગ છોકરીઓની ની શાલનાં એક ઓરડામાં ઉઘાડવામાં આવીઓછે, તે વરગમાં હાજર થનાર બાનુઓ દર અઠવાડીઆંના સોમ, બુધ અને શુકર એ તરણ દીવસોએ સાંજના છ વાગાથી રાતના ૯ વાગા શુધી હાજર થાએછે. આપણી દેશી બાનુઓને માટે એવી નીશાલો અથવા વરગો કે દાહાડે ઉઘડશે વારૂં?

---

## કવી સામલભટનાં પ્રસનોત્તર.

### પ્રસન ૧, છપા.

કોણ તરણથી તુચ્છ? કોણ મણીથી મોંઘો?
સોનાથી શોભે કોણ? કોણ કુસકાથી સોંઘો?
મેશથી મેલું કોણ? કોણ મદીરાથી માતો?
દુધથી ઉજવલ કોણ? કોણ અગનીથી તાતો?
વલી કોણ વીંછીથી વેદના? કોણ શાકરથીછે ગલી?
કવી સામલભટ સાચું કહે, ઉત્તર આપો મંડલી.

ઉત્તર.

જાયક તરૂણથી તુચ્છ, મહાગુણ મણીથી મોંઘો,
સોનાથી શોભે સપુત, ગરજુ કુસકાથી સોંઘો,
મેશથી મેલું કલંક, ક્રોધ અગનીથી તાતો,
દુધથી ઉજ્વલ સુજશ, અમલ મદીરાથી માતો,
કટુ વચન વીંછીથી વેદના, ગરજન શાકરથી ગલી,
કવી સામલ કહે સત માનજો, ઉત્તર આપીઓ ઝડલી.

પ્રસન ૨, છપ્પા.

એક રાએનો કુંવર લાવીઓ મોતી મન જાંણી,
હતી ચાર ઘર નાર, આવી તેમાં એક રાંણી,
સરખા ચારે ભાગ કરે વધતું એક મોતી,
તે શુધ્ધાં નીજ ભાગ લેઈને ગઈ સોહંતી,
તેમજ પણ સરખા ભાગપર એક એક સઉએ લીધાં,
બાકી રહેવ્યાં તે રાએજી ચારે ને સરખાં દીધાં.

ઉત્તર, દોહરો.

અડતાલીસે એકશડ મોતી હતાં તે મેલ,
એક એક વધતું વહચજો ખરો હુનર એ ખેલ.

પ્રસન ૨, છપો.

એક રાએને ઘેર ઘણા હાથી ને ઘોડા,
ઉંટો હતાં અનેક બીજા તે સાથ સજોડા,
અઢીમણ હાથી ખાએ, દોઢમણ ઉંટ ભણી જે,
પાંચ શેર પરતી અસવ ગણીતમાં એમ ગણી જે,
સો સો મણ દાણો નીતવરે શોભાવે તે સાથીઆ,
કેટલા અસવો ને ઉંટછે, કહો કેટલા હાથીઆ ?

ઉત્તર, દોહરો.

અડતાલીશ તો અસવછે; છતે ઉંટ છતરીશ,
સોલજ શોભે હાથીઆ, રૂદે ન કરશો રીશ.

ઉત્તર, બીજો દોહરો.

પુરણ ઉંટ પંચાવણાં, પોટા હાથી પાંચ,
ચાલીસ અસવો ઓપતા, શાબા એતો સાંચ.

---

## દેશીઓનુ દુખ ટાલવા વીશે ગરબી.

દેશી મીત્રો દુખ સરવ ટાલોરે આપણા દેશનું,
કાંઈ કાજ કરો રાજ નવલ આવ્યુંછે હુંનર ન રેશનું, (ટેક)

પ્રથવી ગઈ પરદેશી હાથે, એ મોટી ભુલ તમો માથે,
તમે સંપ ન રાખીઓ કોઈ સાથે—દેશી મીત્રો૦ ૧
આ વખત જુવો તમે વીમારી, નીરધંન થઈ બેઠાં નરનારી,
કંઈ ધુલ મલા ધંધાદારી—દેશી૦—૨
તને દીવસે સુતું દુર ધરો, દીલ ખોલી ખુબ વીચાર કરો,
હવે જાગરત થઈ કાંઈ જુગતી કરો—દેશી૦—૩

તમે સગાં કુટંબમાં સંપ કરો, વલી દેવાદાર થતેજ ડરો,
તમે નીતેઅ ઘટાડો નાતવરો—દેશી૦—૪

ધન મલતે તુરત ગરવ છાંડો, તમે મોટાં કારજ નવ માંડો,
તમે પરણ્યા પેહેલાં શીદ રાંડો—દેશી૦—૫

વીદયાનો સવાદ સદા ચાખો, મન ઉદમમાં અહોનીશ રાખો,
શીદ ભાગેય લખેઉં થાશે ભાખો—દેશી૦—૬

પડતર પ્રથવી તે ખેડાવો, ઉગશે જો ત્રણ વખત વાવો,
નીર ઉદયમી ઉદયમમાં લાવો—દેશી૦—૭

અદાલત અરજી અલસાવો, લુચ્ચાઓને લાંચ ન સોંપાવો,
ભલા પંચની પાસ કહો દાવો—દેશી૦—૮

પ્રદેશી હુંનર પ્રગટ કરો, સંચાને યંત્રો સીધ્ધ કરો,—
દલપતની વીનંતી દીલ ધરો—દેશી મીત્રો૦—૯

---

## ઘડપણ વીશે.

(રાગ ધોલ દેશી ઘોડલીનો.)

ઘડપણ કેણે મોકલીઉં ? જાંણીઉં જોબંન રહે સઉ કાલ,
ઘડપણ કેણે મોકલીઉં—(ટેક)

ઉમરતો ડુંગર થયારે, પાદર થયા પરદેશ,
ગોળીતો ગંગા થઈ રે, અંગે ઉજળા થયાછે કેશ—ઘડપણ૦

ન હોતું જોઈતું ને શીદ આવીઉં રે, ન હોતી જોઈ તારી વાટ
ઘરમાંથી હળવા થયાં રે, એની ખુણે ઢળાવોની ખાટ—ઘડપણ૦

નાનાપણે ભાવે લાડવારે, ઘડપણે ભાવે શેવ,
રોજને રોજ જોઈએ રાબડી રે, એવી બળીરે ઘડપણની એ
ટેવ—ઘડપણ૦

પ્રાતસકાલે પ્રાણ મારા રે, અંન વીના અકળાએ,
ઘરનાં કહે મરતો નથી રે, તને બેસી રહેતા શું થાય ?—ઘડપણ૦

દીકરાતો જુજવા થયા રે, વહુઓ દેછે ગાળ,
દીકરીઓ જમાઈ લઈ ગયા રે, હવે ઘડપણના શા રે હવાલ !
ઘડપણ૦

નવ નાડો જુદી પડીને, આવી પહોંચીઓ કાલ,
બઈરાં છોકરા ટટકટ કરે રે, નાનાં બાલક દેછે ગાળ—ઘડપણ૦

અંતકાલે વલી આવીઆ રે, દીકરા પથરીઆ ધાર,
પાસજીએ વાંસળી રે, પછી છોડીને આપી બાર—ઘડપણ૦

એવું સાંભલી પરલુ ભજો રે, સાંભલજો જગવાસ,
પર ઉપકાર કીધે પામશો રે, ગુણ ગાએ નરભઈઓ દાસ—
ઘડપણ કેણે મોકલીઉં !

# સ્ત્રીબોધ.

પુસતક ૫ મું     આગશટ ૧૮૬૧     આંક ૮ મો.

## નઠારી ફરંગીજ ઠેકાણે આવી.

નાટક ૧.

પાત્ર.

| | |
|---|---|
| ગોદરેજ .. .. | શીરાજ શેહેરનો એક તવંગર ગરહસથ. |
| કોબાદ .. .. | એક વેપારીનો છોકરો. |
| તેહેમુર .. .. | ઇસફાન શેહેરનો એક ગરહસથ. |
| શાહાપુર.. .. | શીરાજ શેહેરનો એક ગરહસથ—તેહેમુરનો મીતર. |
| ગુરગીન.. .. | તેહેમુરનો મશકરો ખીદમતગાર. |
| ફરંગીજ .... | ગોદરજની મોટી છોકરી |
| મેહેરબાનુ.... | ગોદરજની નાહની છોકરી. |
| | દરજી, સારંગીવાલો તથા બીજા ચાકરો ઇતીઆદી. |

### ભાગ ૪.

(ઠેકાણું તેહેમુરનું ઘર)

પ્રવેશ ૧.

#### ગુરગીન અને બીજા ચાકરો.

**ગુરગીન**—(ઘરના દરવાજામાં દાખલ થઇને) અરે કોઇ ચાકર નફરોછે કે? કહાં ગઆ બધા?

**ચાકર**—આવરે ગુરગીન, તું આવીઓ કે? કેવી ખબર? શેઠ પરણી આવીઆકે? બાઇને વાસતેતો કાંઇ સારૂં સંભરાતું નથી, કેમ પાટલો ફાવશે.

**ગુર**—અરે યાર સઉ થઇ રેહેશે; બધા તઇઆર રેહેજો, શેઠ ને શેઠાણી ઓએ આવી પુગશે, મનેતો અગાઉથી મોકલી દીધો. ઠીક થઇઉં યાર, નહીંતો હવે કાંઇ ખમાતે નહી. રસતામાંતો જાણે ઢીંગલી ગુડીઆના નાચ થએઆ (એકદમ હસેછે.)

**ચાકર**—પણ ભલા માણસ જરા હમેતો જાણીએ, એ શી બીનાછે? શું તું એકલોજ હસસે કે કોઇને હસાવીને હસસે?

**ગુર**—પણ શું કહું માહારૂં કપાલ કહું, એતો જોઆથીજ એની મઝા જણાએ તે કરતાં લે સાંભલ હું તને તે આવે તેની અગાઉ થોડું ઘણું કેહેવાએ એટલું કહું. તેહેમુરે પોતાને સાસરેથી નીકલતી વેલાએ પોતાને તથા બઇરીને માટે જે ઘોડા મંગાવીઆતા તે એવાતો રેંઢીઆલ હતા કે બબે કદમ ચાલી હોકરાઇ હોકરાઇ પડી જતા હતા, તે સાથ વલી ઉંચી ને ઢેકા ઢલીઆની જમીન ઉપરથી એવા ઘોડા ઉપર બેસી પસાર થવાનું કામ ઘણુંજ કંટાલા ભરેલું થઇ પડીઉં હતું ફરંગીજતો બાપડી થોડું ઘણુ ચાલતામાં બે ચાર વાર પડી ગઇછે તેથી તેણીનું સઘલું બદન દોદરૂં થઇ ગઇઉંછે તેથી તેણીને બેહદ બલાપો ને ઘણી રીશ ચટી આવતી, તેમા વલી તેહેમુર મીઠે મોહોડે તેનાં ગેરવી નાખતો હતો તેથીતો ઘણીજ મઝા પડતી હતી. ખાસુખા બાપડીને હારમાર ને ઢકા ઢુકી ખવરાવાતો ખરાબ ઘોડા મંગાવેઆતા, ને જારે જારે તે ઘોડા હોકરાઇ પડતા, તારે તેહેમુર પોતાનો મીજાજ ખોઇ મારી ઉપર એટલુંતો બખારતો કે જાણે હું પોતાની ખુશીથી એવા ઘોડા લાવીઓ હોઉં. મારી સાથેજ ચરભરી તે નરમ પડતો નહી હતો પણ બીચારા અવાચક જાનવર સાથ પણ મરાતો હતો, ને વલી બીજી તરફથી જાણે પોતાની બઇરી ઉપર પડતી અડચણોથી પોતે દુખી દુખી થતો હોએ એમ મીઠું મીઠું બોલી બીચારી ફરંગીજને દુખ ઉપર ડાહાપ દેતો હતો. આખે રસતે તેહેમુરે એવી ચાલ ચલાવીછે કે જેથી ફરંગીજની પણ ખાતરી થતી ચાલી કે આતો કોઇ ખરેજ માથાનો મલીઓછે, તેથી બાઇએ પણ હલુ હલુ નરમાસ પકડવા માંડી, નહીતો, બાઇની વાત શી હતી! તાકાત કોણ ધરાવતું કે ફરંગીજને તુકારો કેહે.

**ચાકર**—હારે, યાર, શેઠ ને તું અહીંથી ગએઆ પછે કે નહી અહીંઆંતો બસ બધે બધ ધુમજ પડી રહી હતી કે તેહમુર એક કલાંટ અને કંકાસની ઓરત સાથ પરણીઓછે; ને વલી ધુમ એટલીતો ફેલાઇતી કે બઇરી તેહેમુરને માર મારેછે!

**ગુર**—ખરી વાત, વખત તેવોજ હતો, પણ હાલતો પાસો ફરી ગએઓછે; હાલતો શેઠ દમામમાંનું દમામમાં કામ કાહાડી લઇ પોતાનો તહરાસ બેસાડવા માગેછે. ગોઠ જરફીઆબી ભારીજ!

### પ્રવેશ ૨.

### તેહેમુર, ફૂરંગીજ, ગુરગીન તથા બીજા ચાકરો.

**તેહેમુર**—અરે કોઈછે? કાંહાં મરી ગીઆં બધા? કોઈ દરવાજા આગલબી મલે નહી? શું થઈઉં? ગુરગીન.

**ગુરગીન**—આએઓ સાહેબ, હાજરછું.

**ચાકર**—આએઓ સાહેબ, હાજર છેઉં.

**તેહેમુર**—હેફછે! એ બેકદર માણસો ઉપર કે તારના આએઓ સાહેબ આએઓ સાહેબ ને જાંહાંનાં તાંહાંનછે. ખાસુખા મેં ગુરગીનને આગલથી મોકલીઓ કે જઈને તઈઆરી કરે, તો આવીને કોણ જાણે કાંહાં ભરાઈ બેઠોછે.

**ગુર**—નહી રે સાબ, ભરાઈ શું બેસે, એતો લાબે પટેથી આવેલો કે નહી, તે જરાક થાક ચેટેલી તેથી જરા અટેટાએલો તે હું ગ આવી ગએલી.

**તેહેમુર**—બસ, ચુપ રેહે, બડબડ નહી કર! દોડ વેસો જઈ ખાનું લાવવાનો હુકમ કર. [ચાકરો જાએછે.

પછે તેહેમુર કાંઈ ખુશ મીજાજમાં આવી ગાવા વગાડવા મંડી જાએછે અને ફરંગીજને મોહોડું હાત ધોવા પાંણી વગેરે અપાવી તેણીને ખાવાના સુફરા ઉપર જલદીથી આવવાને કેહેછે, એટલામાં એક ચાકરને હાતે પાંણીનો કાચનો શીસો પડી ગએઆથી તે ભાગી ગએઓ, એટલે પછે તેહેમુરનો મીજાજ જોઈજ લેવા જેવી વાત થઈ પડી. ફરંગીજ બાપડી અફરાટ ધલરાટમાં પડી અને મન સાથ વીચારવા લાગી કે આએ ડમરાટ કેમ ખમાશે, પછી વચમાં પડી શોડને ઘણી રીતે સમજાવી કેહેર ઓછો કરાવીઓ, ને ખાનાનો સુફરો તઈઆર હતો માટે જમવા બેઠો.

**તેહેમુર**—(એક એક બુક ખાઈને) અરર! આએ શું જરદો કે બલા? એ કેવો ખરાબ પકાવેલોછે.

**ચાકર**—સાહેબ છેતો સારો.

**તેહેમુર**—તારે મોહોડે પડે તેવી ધુલ, બીરીઆની કોણે પકાવી? અરે ગોશ કેવું ખરાબછે! એ કોણ લાઈઉં. અરર! આ સીકતો બધી બાલી નાંખેલીછે. અરે તમે તમારે મન સાથ સમજોછો સું? શું તમો હમુને ઢોર કે કુતરાં સમજોછો કે આવું વગર ચરેલું ને ખરાબ પકાવેલું ખાંણું લાવી મુકીઉં? (એટલું બોલી ખુબ મીડમાં આવી સઘલું ખાંણું ઉરાડી નાખીઉં.)

**તેહેમુર**—ખરેખર ફરંગીજ આપણી ઉપર જુલમ ગુજરીઓછે, અફડાંતાં છકાતાં એકતો આવી પુગાં તેમાં વલી ચાકરોએ દુખ દીધું, હવે કરવું કેમ?

**ફૂરંગીજ**—એતો કોણ જાણે તમુને ખાંણું કેમ પસંદ પડીઉં નહી, બાકી મનેતો સારૂં જણાતું હતું.

**તેહેમુર**—નહી, સારૂં નહી હતું, વલી સારૂં હતેતો શું ભુખે હોકાવાની અભાગ લાગીતી? એતો તમે ચાખીઉં નથી તેથી તમુને માંલુમ પડતું નથી, મેંતો બધાંમાંથી એકક બુક ચાખી જોએઓ કે કોઈબી સારૂં હોએતો તે તમુનેજ આપું, પણ બધુંજ ખરાબ, કોઈ ખારૂં, કોઈ મોરૂં, કોઈ ધુકરાઈ ગએલું એવું કસી તરેહનું લાગતું હતું. તેમજ વલી મને એવો અનગમતો ખોરાક લેવાની સાફ મનાઈછે, કારણ એથી કરી મારૂં દરદ જોર પકડી આવેછે ને ગુસાનું જોર ઘણું વધી પડેછે. વાસતે ચાલો એબી શુકરછે. સવારનાં તંદરૂસત ઉઠશું. (બાહાર એકલો આવીને પોતાનાં મન સાથે)

**તેહેમુર**—વાતતો ઠીક થવા માંડીછે. આપણે ધીરજથીજ ફરંગીજને હાડપર લાવવાનું મંડાણ તો કીધુંછે. એજ રીતે ધીરજથી કાંમ ચલાવીશું તો આખ્ખરે કાંમ પાર ઉતરવાનું ખરૂં. હવે એતો થઈઉં, આજે સુકામણા તો પાડીઆં. ગઈ રાતેતો એ સુતીજ નથી, તો આજે પણ સુવા દેવું નહી. જેમ પકાવેલા ખાંણાંનો વાંક શોધવા માંડીઓ, તો તેમ હવે સુવાનાં બીછાંનાં વીશે વાંધા લેવા; પણ એ બધું કરવામાં સાવચેતી રાખવી જોઈએછે, નાહકનાં મેહેનતુ ચાકરોનાં દીલ કામ ઉપરથી ઉઠી જશે, કે કામનો જશ મલે નહી, માટે આપણાં મનના ભેદની વાત એકું બે જણાને સમજાવી રાખવી જોઈએ. એમ વીચારી ચાકરોને સઘલું માંડીને સમજાવીઉં, કે હું ગમે એટલો ચીરડાંઉ પણ તમે તેની દરકાર રાખવી નહી, તથા ફરંગીજને કોઈબી રીતે મારા કહેઆ વગર ખાણું પીણું કાંઈ આપવું નહી. (પાછા અંદર આવીને) ચાલો ફરંગીજ હવે સુવાની તઈઆરી કરશો? બીછાનાં તઈઆરછે જે પર ગમે એપર સુઓ. સબુર કરો હું તમુને સોજું જેવું બીછાનું જોઈ આપું.

શું માહારૂં કપાલ સોજું બીછાનું શોધું? અરરર! આએ તે કેવો જુલમ! આટલા બધા ચાકરો છતાં એક પલંગ સાફ કીધેલો નથી! આ શું, અરરર તમામ ઝાકડ! અરે આ ચારસો કેવો ગંધ મારેછે! ગોદરાં ને તકીઆ બધા હવાએલા! તોબા ખચીત કંટાલી ગીઓ. ખેર! એબી શુકર. ફરંગીજ તમે આજની રાતતો આ મોટી ખુરશી ઉપર હીચ ખાતાં જાઓ ને અરેટાવો, સવારે સઘલા પલંગ સાફ કરાવીશું. બાકી આ કોઈ પલંગ કે બીછાંનું સુવા લાએકતો નથી.

**ફૂરંગીજ**—વારૂં ખુરશીપર તે આખી રાત કેમ નીકલશે? ગઈ રાતનો ઉજાગરો, ને વલી આજની રાતબી તેમ કેમ જાએ! કાંઈ નહી જેમ તેમ રાત નીકલશે, વાસતે એકાદા પલંગ ઉપર સુવસ, નવો ચારસો અથવા ચાદર પાંથરવાની હશે એટલે બસ.

**તેહેમુર**—(જાણે ઘણુંજ દુખ લાગતું હોએ તેમ મોહોડું કરીને) ફરંગીજ, માહારૂં કહીઉં માનો, નહી સુવાઈ શકાશે, ઓરડો ઘણા દાહાડા બંધબસ રેહેવાથી બાફ બધો ઘેરાઈ રહેઓ ને તેથી ગોદરાં સઘલાં બેહદ ગંધ મારેછે, જેની પાસે ઉભા રેહેવાતું નથી તો પછે શુસો કેમ? એકબારગી એ વાસ ખમીને તમે તો સુવા માંગો પણ મારી ખુશી નથી ને હું તમને સુવા દેનાર પણ નથી, ખરાબ હવા દમમાં જાએતો કેટલું નુકસાંન! નારે બાપા એ વાતતો માંડી વાલો. તમુને કંઈબી દુખ થઈઉં તો જાણે તે મનેજ થઈઉં. તમારો બાલ દુખાએ તો જાણે મારી આખ દુખાઈ. (એટલું બોલી સઘલાં બીછાંના ઉરાડ પુરાડ કીધાં, તકીઆ ઉરાડી નાખીઆ, ગોદરાં કાહાડી નાંખીઆં, ચાદર ચારસા ફેંકી દીધા, તારે અંતે લાચારીથી બીચારી ફરંગીજ એક ખુરસીપર પડી.) ફરંગીજે જારે અંતે ખુરસી કબુલ રાખી તારે તેહેમુર મુગો મુગો જઈ સામેના એક કોચ ઉપર પડીઓ.

**ફૂરંગીજ**—હવે તમે કોચપર સુતા કેમ વારૂં?

**તેહેમુર**—અરે, મારૂં સમજીઆં, હું તો જેમ તેમ રાત કાહાડીશ. આંપા મને મારી પોતાની જાઝી દરકાર નથી, મને તો તમારે વાસતે બલાપો થઈ આવેછે.

**ફરંગીઝ**—તમે અમથા શું કરવા બલાપો કરોછો, જુવોતો ખરા આરામથીબી સુવાસે.

**તેહેમુર**—નારે બા, એ વાતતો મેલીજ નાં; તમે કેહેવો તો હુંબી ખુરસીપરજ બેસું, તે કરતાં આટીડાના ને બઇરીના સુવામાં ઘણો ફેર હોયછે. ઓરત જાતની હુંગ ચરવચર થઈ તો તેથી તેમને કાંઈ નહીં હતાં દુખ થઈ આવેછે. આટીડાને તો ચાલીઉં જાયછે—સુતાતો ભલ, જાગીઆ તો ભલ, ઉઠીઆતો ભલ, બેઠાતો ભલ, સઘલું ઠીકાઠીકજછે.

ફરંગીઝ થાકીને ચુપ રહી, ને બાપડીએ ઝોકા ખાવા માંડીઆ તારે તેહેમુરે જાણીઉં કે ખુરસીપરબી એ સુએછે તો ખરી, તો એ વાત કાંઈ સારી નથી; સુવા દેવીજ નહીં. તેથી—

**તેહેમુર**—(બુમ પાડી ઉઠીઓ) અરરરર! આએ કોચમાં માંકડ કેટલા! અરે કોઇછે? તોબા, તોબા.

**ફરંગીઝ**—(ઝપકી ઉઠીને) શુંછેજી શુછે? કાંએ બુમ પાડોછો.

**તેહેમુર**—કાંઇ નહીં, વલી તમે કાંએ જાગી ઉઠીઆં વારૂં? તમે સુગાં સુગાં સુઈ જાઓ. તમે કશાં ઉપર ધીઆન ના આપો. તમારા ઉજાગરાથી મારૂં દીલ બલી જલીને ખાખ થાયછે.

વલી થોડાક વારમાં બીચારી ફરંગીઝની આંખ લાગેલી જોઈ તેહેમુરે બુમ પાડી.

**તેહેમુર**—અરે ગુરગીન, કોઇછે? જરા પાણી લાવોતો.

**ફરંગીઝ**—(પાછી ઝપકી ઉઠી આંખ ચોલતી) કાંએ વાહાલા તેહેમુર તમે જરા ઝીત મારતા નથી વારૂ? બે ઘડી સુવોતો સારૂં.

**તેહેમુર**—નહીં એતો જરા પાણીની તરસ લાગી તેથી પાણી માગીઉ. ગરૂં પણ તીઆરનું ખખરીઆ કરેછે તમે સુગાં સુગાં પોઢી જાઓ, તમારે માથે હું ગ ચહડેછે તેની મને બીતા લાગેછે. (દાંત કચકચાવીને) ચાકરોપરતો એવી ચીડ લાગેછે કે હમણા જાણે પીસી નાખું.

આવી રીતના તરેહવાર વાંધા અડચણો કાહાડી તેહેમુરે આખી રાત ફરંગીઝને ઘભરાવ ઘભરાવ ને ઝપકાવ ઝપકાવ કરીઆ કીધી, તે છેક એટલે સુધી કે ફરંગીઝ મન સાથ તો સમજવાબી લાગી કે આતો કોઈ એંટાલ ખાવંદ મલીઓછે. ફરંગીઝને વધારે બલાપો એમ થતો હતો કે આટલાં બધાં ચોઘડીઆં તેણીની ઉપર તે પાડતો હતો, ને વલી બાહારથી ડોલતો એવું ઘાલતો હતો કે જાણે ફરંગીઝને જરાબી ઇજા નહીં થાએ મારે. એટલું બધું તે કરતો હતો. ભરી બામદાદ થઈ, ને બીચારી ફરંગીઝની આંખોતો મીચાઈ મીચાઈ જાએ, પણ શું કરે, તેહેમુર ઉઠી ઉભો થએઓ ને તેનેબી ઉઠવા કહીઉં. તે બીચારી ઉઠીતો ખરી પણ ડોલા લાલ થઈ આવેલા; મોહોડું ફીકું પડી ગીએલું, દીલ દુખવા માંડવું હતું અને ટુકાંમાં કહીએતો એટલાવારમાંતો બીચારી ફરંગીઝ અધમુઇ થઈ ગઈ હતી.

પ્રવેશ-૭.

## ફરંગીઝ અને ગુરગીન.

**ગુરગીન**—આતો બા ખુબ દમ લીએછે. બીચારીને બબે દાહાડા થએઆ ઉપાસ ભોગવવો પડેછે ને વલી સાથે ઉજાગરો!! મઝાતો જબરી. હવે કાંઈ બાઇ ઠેકાણે આવે ખરાં. શેઠબી બધો આગલો ખાર સારી પડે લીએછે. એમ થશે તારેજ ઠેકાણેબી આવશેતો. કેહેવતછે જો કે શેરને માથે સવાસેર, તેવી વાત આએ નજરે જોવી પડેછે.

**ફરંગીઝ**—અરે ઓ ગુરગીન, તું શું માથું ખાઈ જાયછે! કાંએ બડબડ કરેછે વારૂં! (પોતાનાં મન સાથ) શું જુલમ! શું જબરી! કેવું દુખ! શું એ મુઓ મને ભુખે ને તરસે રીબાવી રીબાવીને મારી નાખવાં મારી સાથે પરણીઓ વારૂં! અરે! એના જેવાતો કેટલાક ફકીરો લોકોને બારણે ઠેલા ખાઈ મારા બાપને બારણે આવી ઉભા રેહેતા હતા, જેઓની થોડી ઘણી અરજ સાભલી તેમને તરેહવાર બખશેશો ને દાન ખેરાત કરવામાં આવતી હતી, પણ અફસોસ! મારા જેવી ઓરત જેણીએ પોતાના આખા જનમારામાં કાલાવાલા અને આજીજી એ સું ચીજછે તે જાણી નથી; તથા ખાધા પીધામાં ને મોજ મજામાં જેણીનો આખો જનમારો ગુજરીઓછે, તેવી ઓરતને, અફસોસ ઓ ખુદા, આજે કેવી વેલા ભોગવવી પડેછે! ખરેખર ખુદાતાલાએ, મને એવી હાલતે રેહેવાને સરજી નથી! સારૂં સારૂં ને સવાદદાર ખાવાનું તો રહીઉં, પણ જાડું પાતલું વટીક બે બુકા મોઆં નાખવાનું મલતું નથી! ચચાર દાહાડાનાં વાણા વાએઆંતો નથી પેટમાં બે તોલા અન ગીઉં કે નથી રાતની વખતે બે ઘડી નીરાંતની ઉંઘ કાહાડી! ભુખમરાથી દીલ સઘલું નાતવાન થઈ ગઈઉંછે! નથી ફરાતું કે નથી હરાતું! ઉજાગરાથી માથું એટલું દુખેછે કે જાણે ફાટી કકડે કકડા થતા હોએ! આંખમાં આગે આગ બલેછે! અરરરર! એ કેમ ખમાએ! વલી આટલો બધો સુગો માર મારીને બેવફા તેહેમુર જાહેરાતમાતો એવુંજ દેખાડેછે કે માહારી ઉપર ઘણું હેતછે! અરે બલીઉં એ હેત, એથી કાંઈ નથી થતું પણ તુતેછે માહારૂં ચેત! (ગુરગીન તરફ જોઇને, આજીજી ભરેલું મોહોડું કરીને) જા, ઓ માહારા ગુરગીન, જો કાંઈબી ખાવાનું મલે તો જરા બુકો ખાવ લાવી આપ! જે ગમે ને જે તુરત મલી આવે તે લાવ, માહારાં આંતરડાં ભુખે કરમાઈ જાએછે!

**ગુરગીન**—(પોતાનાં મનમાં બોલેછે કે, ઠીક મઝાનો વખત આવીઓછે. એવે અસે બે ઘડી આપણેબી બાઇને કાલાવાલા તો કરાવીએ, વલી એવો દાવ કેદાહાડે આવસે) સું, બાઇ, તમને ભુખ લાગીછે! કાંઈ ખાવાનું જોઇએ કે?

**ફરંગીઝ**—હા, યાર, કાંઈ પણ જે તારે ગમે તે લાવી આપ!

**ગુરગીન**—તારે કાંઇ લુંજેલું ગોશ બાવરચીખાનામાં હોએતો લાઉં? ઠીક લાગશે?

**ફરંગીઝ**—ખચીત, તે ઘણુંજ મજેનું લાગશે, જા બાઇ લઈ આવ.

**ગુરગીન**—નહીં, નહીં, મનેતો બાપા ધાસતી લાગેછે! લુંજેલુંછે ને બપોરનુંછે, તે સુકું થઈ ગીઉં હશે, તેથી વખતે પેટ એટમાં દુખેતો એ પંચાતી વલી કોણ કાહા

કે! નારે બાપા ! આણીગમ શેકછે! તે કરતાં કેહેવોતો કાંઇ ઝરદો જરા લાંઉં! નહીતો પલાવ હશે તે લાઉં?

**ફરંગીજ**—બાઇ, તારે ગમે તે લાવ! હાલ હું કાંઇ મોજ ખાતર અથવા સવાદ લઇને ખાવા માંગતી નથી, પણ મારા જીવને ટકાવ અને ધરવ આવે એટલા માંટે કાંઇ બી એવી ખવાઇ શકાએ એવી ચીજ લાવી આપ. વાસી કુસી ગમે એવી હોયેતો તે ચાલશે.

**ગુરગીન**—બાઇ, તમે કહોછે તેતો ખરૂંછે, પણ વાત બધી વીચાર પુગાડવાનીછેની! તમોનેતો ઘણું તપાસી તપાસીને ખાવા પીવાનું આપવું જોઇએછે. જોઇઉં કે નહી, કાલનું જ આવું મજેનું પકાવેલું શેકને પસંદ પડીઉં નહી ને સઘલું ઉરાડી નાખોઉં!

**ફરંગીજ**—બાપુ, બધી વાત પડતી મેલ ને નાનનો એકાદ તુકડોતો લાવી આપ, કે બે બુક મોંમાં નાખી ઉપરથી જરા પાણી પીઉં!

**ગુરગીન**—તારેતો નહી, બાઇ, હું થોડી બીરીઆન અને પલાવજ લાઉંછું. ખાસો મજેનો બદામ દરાખ નાખેલો પલાવછે. પેટમાબી જરા ટાહાડક વલશે ને મગજને બી તરી થશે!

**ફરંગીજ**—જેમ ગમે તેમ, જે ગમે ને અને જેટલું ગમે એટલુ લાવ, બાઇ ખોદા ખાતર લાવ!

**ગુરગીન**—બેઉતો નહી લવાએ! કેહેવો તો પલાવ લાઉં ને કેહેવોતો બીરીઆન લાઉં!

**ફરંગીજ**—(ખુબ ચીરડાઇને તેને મારવાની મતલબે તેનાં આંગ ઉપર દોડીને) નીકલ આંઇથી! કાલું કર તાહારૂં! બેવફા, નીમકહરામ, નથી તને કશી શરમ કે નથી તને કશી લાજ! આટલો વાર થએઓ તું મને આલો તવ લાવેછે! અરે ઓ નાતરસ તને કશી દએઆ આવતી નથી! હું કોણની બેટી ને હું કોણ! તારાં મનમા તું સમજેછે શું? હેફછે તારી ઉપર અને તારી સાથે સામેલ રહી મનસુબો કરનાર ઉપર કે તમે લોકો તંગાસીમાં ને કંગાલીઅતમાં આવી પડેલી મજ સરખી ઓરતના દુખ ઉપર ડાહામ દેઓછો! (એટલામાં તેહેમુર પોતાના હાતમાં થોડું ખાવાનું લઇ તાંહાં આવીઓ.)

---

પ્રવેશ ૪.

## ફરંગીજ અને તેહેમુર.

**તેહેમુર**—પેઆરી ફરંગીજ, તમોને તારનાં એકલાં મુકીને ગએઓ હતો તેથી ખમીત દલગીરછું. તમારું મોનું પણ જરા ઉતરેલું માલુમ પડેછે તેનુંબી કારણ એજ હશે! ચાલો હવે હોશીઆર થાઓ ને દીલ તાજું કરો. હું આટલોવાર તમારીથી દુર હતો તે કાંઇ મારાં કાંમમાં નહી ગુતાએઓતો પણ તમારે માટે આ ખાવાનું પકાવવાની ખટપટમાં પડેલો હતો. માકરોનું પકાવેલું તમને ખવરાવવાને મને ઘણું ખોટું લાગાથી માહારે પોતાને હાતે મેં પકાવીઉં. પેઆર અને મોહોબતને લીવે માણસોને એમજ કરવું પડેછે. (ખાણું ઉઘાડીઉં) હું ધારૂંછું કે આટલી બધી મારી આ ભરેલી મેહેનતનો ઉપકાર તમો વીસરસો નહી! (જરા ઘબરાઇને) શું-તમે એકદમ ભાણામાં હાત ઘાલીઓ! બે ચાર કલાકની મેહેનત બધી ફોકટ! આટલી મેહેનતનાં બદલામાં ઉપકારનાં બે સખુનબી નહી! તો ચાલો એ ખાણા ઉપર તમારો કશો હક નથી, હાત બંધ કરો, આંઇ આવ! કોઇછે? ખાણું ઉઠાવ!

**ફરંગીજ**—પેઆરા તેહેમુર હું માંગી લઇને કહુંછું કે એટલું રવારો, બે બુક મને ખાવા દો.

**તેહેમુર**—રેહેવા દેવાને હું દીલો જાનથી ખુશીછું. વલી મેહેનત કરી કોણને સારૂ પકાવી લાવીઓ? તમારે સારૂજ પણ તમારી બેવફાઇથી મારું દીલ તુટી જાએછે. રતીભાર કોઇનું કાંમ કરીએ તો તે બીચારો જનમ સુધી હેશાન માને, ને હું આટલી બધી મેહેનત કરી ખાંનું કરી લાવીઓ તેના બદલામાં બીજુંતો સઘલું રહીઉં પણ ઉલટ દાખલ પીઆરના બે સખુનબી નહી!

**ફરંગીજ**—માફ કરો, પીઆરા ખાવીંદ. હું તમારી ઘણીજ હેશાનમંદ થઇ છુ.

**તેહેમુર**—ઠીકછે, તારે પેઆરાં ફરંગીજ, પેટ ભરીને જમો.

**ફરંગીજ**—પેઆરા તેહેમુર, તમેબી આવોની સાથે જ જમીએ!

**તેહેમુર**—ના મારીતો હવે મરજી નથી, થોડુંઘણું મેં તો નામાશીએ ખાધું ને પછે તમારે વાસતે પકાવીઉં. તમે જ જમો, ને ચાલો તમારે બાપને તાંહાંથી તમારી બેહેનનાં લગનનું ઇજન આઇઉંછે તે આપણે તાંહાં બે દાહાડા જઇ આવીએ. તમારે માટે મેં સારાં સારાં ને ઉંચા કપરાં સીવી લાવવાને દરજીઓને હુકમ કીધોછે, તેમાથી આપણે સારાં જેવાં ને બંદ બેસતાં કપડાં પસંદ કરી લઇએ. (બીચારીએ બે ચાર બુક ખાધા નથી એટલામાં) ચાલો, ફરંગીજ જમી રહેઆં હોએતો ઉઠો, દરજી આવી ઉભાછે તે બોટી થાએછે. અહી આવ, ગુરગીન, ખાણું ઉઠાવ. (બીચારી શરમમાંની શરમમાં કાંઇ બોલી નહી ને ખાણાપરથી અધુરી ઉઠી.)

**ફરંગીજ**—દરજીઓ કપડાં તો સારાં લાએઆછે.

**તેહેમુર**—એતો જોઇએ તારે વાત. દેખાવપર કાંઇ ભુલાએ નહી.

**ફરંગીજ**—નારે જી, દેખાવની વાત નથી. માલ સારો નરસો તુરત ઓલખાઇ આવેછે.

**તેહેમુર**—(એક ગવન હાતમાં લઇને) અરે વાહુવા રે! આ શું લાટ ભરવાનો કોથર કે! ને કપડું શું મજેનું ઉંચું વાપરીઉંછે! વજનતો જેવો એક ગાલીચો! (ચોલી મોલીને, ડુચો કરી નાખી દીએછે.) અરે આએ શું ગીરરેટો કે? ઠીક, શું ફરંગીજ શોભી રેહેશે જો? હજી એ કરતાંતો ડેહેકાણીઓનો પોશાક વધારે સારો હોએછે. અરે ઓ બેવકુફ દરજી, તને કાંઇ અકલ હતી કે એવો પડીઓ ખડીઓ સામન હમારે તાંહાં લાવીઓ? (તેને પણ ડુચો કરી ઉરાડી નાખેછે.)

**ફરંગીજ**—(ધીરજથી) પેઆરા તેહેમુર, તમે એમ શું કરોછો વારૂં! એ પોશાક સઘલો સારો, બંધ બેસતો, ને પસંદ પડતોછે. સારી સારી ને ભલી ભલી ઓરતોને

મેં એવા પોશાક પેહેરતાં દીઠીછે. તેથી હું બી લેઉં તો એ વોજ પોશાક લેઉં.

**તેહમુર**—તમે બરાબર બોલીઆં. એવા પોશાક સારી સારી ને ભલી ઓરતોનેજ છાજે, વાસતે તમેબી જારે સારાં ને ભલાં થયો તારેજ એ પોશાક તમોને છાજશે, વાસતે હાલ એ પડતો મુકવોજ જોઈએ.

**ફુરંગીજ**—એ તે શું ? મને કશી સમજ પડતી નથી. હવે મારાથી મુગું રેહેવાતું નથી. મારૂં પેટ ઉભાઈ આવીઉંછે ! હું મુગી મુગી ગઈ કરી કરીને ફરૂંછું, તો તમો તમાચો મારીને બોલાવોછો તો હવે બોલવું પડશે, ને બોલીઆ વગર ચાલવાનું નથી. એ માથાં દુખણને હઈઆં ફોડ કેમ ચાલે ? તમોને જરા સંભાલ અને વીચાર રાખવો જોઈએછે, કે પારકી માની બેટીને લાવી તેના ઉપર દુખ પાડવું જોઈતું નથી.

**તેહમુર**—(ફરંગીજનાં બોલવાની ઉલટી મતલબ લઈને) અલબત, ખરીજ વાતછે, તમારા ઉપર દુખ પડે ને આંસું દુખે એવો શીરફેંટો હું નાપસંદ કરૂંછું તેનું કારણ એજછે. તેમજ જે બલકો પેહેરવાથી તમારાં દીલ ઉપર ભાર પડી દીલ દુખવે તે હું શું કામ લઉં ? અલબત સંભાલ અને વીચાર કીધા વગર કેમ લેવસ.

**દરજી**—શેઠ તમો ચુક કરોછો. કપડાં ઘણાં નાદર બનાવેલાંછે. લોકો જેવાં હાલ પસંદ કરેછે, અને સારાં લોકોમાં જેની નવાઈછે એવો પોશાક બનાવેઓછે. ને તે સાથે તમારી ફરમાસ હતી તેજ મુજબ ફરમાસુ બનાવેલાંછે.

**તેહમુર**—તમો તમારી બડાઈ છોડી દેવો. માહારી ફુરંગીજને એ પોશાક પસંદ નથી, ને એની ખુશી ઉપરાંત તે હું લેનાર નથી.

**ફુરંગીજ**—આવા ખુબસુરત પોશાકને મારે તમે એમ કેમ બોલોછ વારૂં !

**તેહમુર**—(દરજીને) જોઈઉં, એને એ પોશાક બદસુરત લાગેછે, તો તે લઈને સું કરૂં ?

**દરજી**—શેઠ બાઈ તો કેહેછે કે ખુબસુરતછે ને તમે તેને ઉલટાવીને શું બોલોછો ? મારા સાહેબ ફરમાસથી કરાવીને હવે એવા વાંધા શું કાહાડોછો ? ને તે કરતાં નહી લેવો હોએ તો ના પાડો અમસથા વાંધા શું કરવા કરોછો ?

**તેહમુર**—(ખુબ ચીરડાઈને) નીકલ અહીંથી, લુચા, ચોર તને કશી શરમ નથી આવતી કે માહારાં પોતાનાં ઘરમાં આવી માહારી સાંમણે તું આટલું બધું બોલવાની હીમત ચલાવેછે. બે અકલી ! તારામાં કશી અકલ નથી; તું શું સમજે, તારી અકલ બધી સોએ દોરામાં; જેટલું ઝીણું સોએનું નાકું તેટલી તારી અકલ, ને આટલી બધી કરકટ શાની માંડીછે. અતર ઘડી આંહીંથી નીકલ નહીતો ધકા મરાવી બાહાર કાહાડશ. (એટલું બોલી તેને ધકા મુકી કરી, તેનાં સઘલાં કપડાં આણીગમ તેણીગમ ઉરાડી નાખી તેને બાહાર કાહાડીઓ. અલબતાં અગાઉથી દરજીને બધી વાત તેહેમુરે સમજાવી રાખીતી તેથી દરજી પણ મુગો મુગો ચાલતો થએઓ.)

**તેહેમુર**—(ફરંગીજ તરફ ફરીને) ચાલો તારે ફરંગીજ નવાં કપડાંની વાત હાલ મોકુફ રાખો. એજ કપડે આપણે તમારે પેર જઈશું. કપડાંથી કાંઈ આપણું શરીર શોભતું નથી કે કપડાંથી કાંઈ આપણને માન મલતું નથી. મગજ જો સારૂં હોઇઉં ને મન જો સુધરેલું થઈઉં તથા વીચાર જો સારા ને લાએક હોએઆ તો તેથીજ આપણું તન શોભશે; તનને શોભાવનાર મનછે. તે કરતાં જો ફકત પોશાકથી તને શરમ લાગતી હોએતો જા તે શરમ મારા ઉપરછે. વાસતે આજે તઈઆરી કરી રાખી કાલે નીકલી પડવાની સઘલી ગોઠવણ કરી રાખજે.

## દીઆનત તેવી બરકત.


"દીઆનત તેવી બરકત" એવી એક કેહેવત આપણા લોકોમાં મશહુર થએલીછે. એ કેહેવત કીપરથી એટલોજ બોધ થાએછે કે જેવી જેની દીઆનત તેવી તેને બરકત મલેછે. કોઈનું બુરૂં ચાહીને પછે તેમાથી પોતાનું રૂડું ઇછવું એવું બનવું ઘણું મુશકેલ છે. કડવું બીજ વાવી તેનાં મીઠાં ફલ ચાખવાને જે ઊમેદ રાખે તેના જેવો મુરખ અને બેઅકલી બીજો મલવાનો નથી. મારે આ એક ટુકી કેહેવત અથવા એક નાહાનાં વાકીઅ ઊપરથી આપણી આંખો ખોલવી જોઈએછે કે જો આપણે પોતે પોતાને સારૂં કરવાને ઈનતેજાર હોઈએ તો આપણને કાંઈ નહી પણ બીજાઓનું સારૂં કરવાને કોશેસ કરવી જોઈએ એટલે આપોઆપ આપણને આપણું સારૂં કરવાનો ઊપાએ સુજશે. જેનું મન હમેશાં કોઈનુંબી કાંઈ સારૂંજ કરવામાં ગુતાએલું તેને માઠું તો સુઝવાનુંજ નથી. કેટલાક કાંઈ સારૂં કામ કરતી વખતે બડબડે છે કે "બાપુ આપણને શા મારે એટલી ખટપટમા પડવું જોઈએ, આપણે આપણું શોધીએ એટલે થયું !" નો હમો જણાવીએ છીએ કે એ વીચાર ઘણો ભુલ ભરેલોછે. કાંઈ પણ સારૂં કામ, પછે તે પોતાને મારે હોએ કે પારકાને મારે હોએ, તોપણ તેનું કામ કરતી વેલાએ બસ તે સારૂં કામછે એટલા મારેજ તે ઊપર સારી પઠે મન લગાડી તે સારી રીતે બજાવવું જોઈએ છે. આટલું આપણને હમેશાં ઈઆદ રાખવું જોઈએ છે કે આપણે હાતથી થએલાં કંઈ પણ સારાં કામનો બદલો કોઈ દીવસે પણ આપણને મલીઆ વના રેહેનાર નથી. વેહેલે નહી ને મોડેથી પણ આપણાં સારાં બીજનાં ફલ આપણે સારાંજ પામશું એમાનો કદ

ઈ શક નથી. કાંઈ પણ કાંમ કરતી વેલાએ એટલોજ વીચાર કરવો કે એ કાંમ હું કોઈ પારકાને માટે કરતો નથી પણ હું મારે પોતાને મારેજ કરૂંછું.. એવા વીચારથીજ ને સાફ દીઆનતથી જેઓએ પોતાનાં કાંમો કરીઆંછે તેઓને સેવટે પોતાનાં કાંમનો સારો લાભ મલીઓછે એવા ઘણા દાખલા તવારીખો ઊપરથી મલી આવેછે.

સર જોન બારીંગટન પોતાની ઈઆદદાસતની ચોપડીમાં સાફ એમ લખી ગએઓછે કે મી૦ કલારક નામનો એક સુતાર જે કુવીનસ કાઊનટીના જીલામાં રેહેતો હતો તેને હું ઓલખુંછું. અદાલતમાં કોટવાલને બેસવાની બેઠક બનાવતાં એ સુતાર એટલી તો મેહેનત લેતો માલુમ પડનો હતો કે તે બરાબર વરણાવી શકાતું નથી. બસ તે પોતાનાં મન સાથ એમજ જાણે સમજતો હોએ કે એ બેઠક કોટવાલને માટે નહી પણ હું માહારે પોતાને મારે બનાઊંછું. એ પરમાંણે દીલ ભરીથી તેને મેહેનત લેતાં જોઈ ઘણા જણા તેને હસવા લાગાં. એ ઊપરથી તે સુતારે ધીરજ ધરી મોહો મલકાવી ઊતર દીધો કે "ભાઈઓ તમો મને શા મારે હશોછો." હું માહારાં પોતાનાં સુખને માટે આ કરૂંછું, કારણ મને આશાછે કે જાંહાં લગી આ બેઠક ઊપર બેસવાની મને જોગવાઈ મલશે ઈઆને હું કોટવાલની પાએરીએ ચઢીસ તાંહાં લગી હું મરનાર નથી." આ તેનું ભવીશ ખરૂંજ માલુમ પડીઊં, કારણ કે તે પોતાની ઊમેદમાં પાર પડીઓ, ને જેવી એની દીઆંનત તેવી એને બરકત મલી. એ ઘણો ઊદીઓગી, આબરૂદાર, ભલો અને મીલનસાર હનો, જે ગુણોનાં બલથી એ ધણીએ સારી દોલત મેલવી, એ સઘલી દોલત તેણે એકીનદારી અને સાચવટથીજ મેલવી હતી એવું જણાવવાની કશી જરૂર નથી. પોતે તથા પોતાનાં બચાં છોકરાંને પાંચ પઈસે સુખી કીધાં અને જે બેઠક એણે ઘણીજ કારીગરીથી ને દીલભરીથી બનાવી હતી તે ઊપર પોતે બાંધેલાં ભવીશ મુજબ કોટવાલ થઈને બેઠો તાંહાંસુધી તે ખરેખર જીવતો રહીઓ. દીઆનત તેવી બરકતનો આથી વધારે મજબુત દાખલો કીઓ મલવાનો વાર ?

—॥॥—

## દીવાદાંડી.



હમો નહી ધારતા કે હમારૂં ચોપાનીઊં વાંચનાર ઘણી ખરી બાઈઓએ અતરેના કોલાબાની દીવાદાંડી જોઈહોએ. દેશી મરદો અને તેમજ ઓરતોમાં ફરવા હરવાની જાજી ટેવ મલે નહી, ને તેમાં વલી જો ભાગ ચોઘડીએ એકાદ તેવો પરસંગ આવીઓ હોએ ને તેવી જોવા લાએક જગા ઊપર જવાનું બનીઊ હોએતો માહાં.બાએગે સારી પઠે અવલોકન કરી સઘલી ચીજો જોવાની તેમની આદત નહી, તેથી જેવાં ગએઆં તેવાંજ તેવી જગાઓ ઊપરથી તેઓ પાછાં ફરેછે. હમો આ જોગવાઈએ હમારી વાંચનાર બાનુઓને મજબુત ભલામણ કરીએ છીએ કે તેઓએ કાંઈબી કરી પોતાના ભાઈ અથવા ભરથારો સાથે એવાં કોઈ મકાનો જોવા જવાની તક હાત કરવી. દુર દેશની અને આપણી ટાપુની આસપાસની જગાઓ જોવાની હાંસતો રહી પણ મુંબઈ ટાપુમાંજ જે કેટલીક જોવા લાએક જગાઓછે, જેવી કે ટંકસાલ, ગોદી, કીલો, દીવાદાંડી વગેરે, તે જોવા જવા ઊપર દેશી બાનુંઓની ઊલટ થતી નથી એ ખરેખર દલગીરી ભરેલુંછે.

આપણી કોલાબાની દીવાદાંડીની ઊંચાઈ લગભગ ૧૦૦ ફુટનીછે. એ દાંડીતો જમીન ઊપર બાંધેલીછે, પણ બીજાં ગામોમાં એવી દાંડીઓ દરીઆમાં ખડકો ઊપર બાંધેલી હોએછે. ઊપર જે ચીતરનો નમુનોછે તે એક દીવાદાંડીનોછે. એવી દાંડીઓ બનાવવા અથવા બાંધવાનું મુખીઅ કારણ એછે કે જારે રાતના વાહાણ વાલાઓ દરીઆમાં વાહાણો હ,

કારેછે, તારે સંભાલ રાખીને પોતાનો રસતો લીએ કે ફસાણી જગા ઊપર ખડક આવેલાછે. એકવાર જારે ખલાસીઓ જાણે કે ફસાણી જગાએ ખડક આવેલાછે તારે તેઓ પોતાનાં વાહાણો તાંહાંથી તપાસીને હંકારે. એવી દાંડીઓને છેક મથાલે ઘણા દીવાનો એક જથો સલગાવેલો હોએછે. અંધારી રાતના જારે તારા અથવા ચંદરનું મુદલ અજવાલું નહી પડતું હોએ તેવી વેલાએ એવી દીવા દાંડીની મારફતે ખલાસીઓને પોતાનો બરાબર રસતો માલુમ પડેછે, તથા ખડકો અથવા ખરાબા કઈ જગાએછે તે એ દીવાદાંડીની નીશાન ઊપરથી તેઓ સમજી શકેછે. વલી કેટલાંક શેહેરોમાં બંદર અથવા બારાં બતલાવવા માટે પણ એ દાંડીઓ કામે લાગેછે. એવી દરએક દીવાદાંડી ઊપર એકકું માણસ રાખેલું હોએછે, જેનું કામ એજ કે દર રોજ સાંજ પડતાં દાંડી ઊપરના સઘલા દીવા સલગાવવા. જો દીવાદાંડીઓ બનાવવામાં આવી ન હોતતો અંધારી રાતના દરીઆના ઊછલતા ભર મોજાની વેલાએ ખલાસીઓને અતીશઅ દુખ ભોગવવું પડત. એવી દાંડીઓ વના ખલાસીઓને માતર એકજ જાતનું દુખ ખમવું પડત નહી, બીજી ઘણી અને તરેહવાર પીડા તેમને નડત. કેટલાંક શેહેરોના કીનારા આગલ ઘણા લુચા તથા લુટારા લોકો નેમ ટાકી ભરાઈ રેહેછે કે જેવું કોઈ વાહાણ ખરાબા ઊપર અથડી ભાગામાં આવે એટલે એકદમ તેના ઊપર લુટી પડી દુખમાં આવી પડેલા ખલાસી તથા ઊતારૂઓને લુટી લીએ. તો હાલ દીવાદાંડીઓના પરતાપથી એવી સઘલી આપદાઓથી ખલાસીઓ તથા ઊતારૂઓ બચી જાએછે.

---

## એક ખરી દેલાવર છોકરીની વાત.

બેહેનો દીવાદાંડી અને તેની જરૂર વીશે ઊપલી બીના તમારા વાંચવામાં આવી હશે. એવી દીવાદાંડી ઊપર પોતાના બાપ સાથે વસનાર એક છોકરીની ખરી બાહાદુરીનો એક દાખલો તમારી સામે ધરીએ છીએ, તે એવી મતલબે કે કોઈ જરૂરને પરસંગે એવા દાખલાઓનાં જોરથી તમો બેહેનોને પણ ખરી બાહાદુરી અને દેલાવરી બતલાવવાને ઊલટ રેહે. એ છોકરી વીશે એવું કહેછે કે વારે ઘડીએ તે પોતાના બાપને ઊપર ચઢી સાંજની વેલાએ દીવા સલગાવતાં જોતી હતી. એક દાહાડો એવો બનાવ બનીઓ કે દીવા કરનાર કાંઈ કારણસર બાહાર ગએઓ હતો તે છેક સાંહાંજ પેડી તોપણ પાછો આવીઓ હતો નહી, તેથી દાંડી ઊપર દીવા કરનાર કોઈ હતું નહી, એકલી એક છોકરી હતી તે બીચારી તે શું કરે ? અગરજો ઊપર ચઢવાનું થોડું અથવા સેહેલું હતેતો તે છોકરી પોતે ચઢને પણ ચઢવાના દાદર દોરડાંના ને વલી તે એવાતો કવંગા અને આણીગમથી પેલીગમ હીલતા હતા કે તે ઊપર ચઢવાની તે બીચારીને મુદલ હીમત થઈ નહી. તોપણ તે બાલક છોકરીએ જાણીઊં કે કાંઈ પણ કરીને બતીતો કરવી જોઈએ, એ કાંમ કાંઈ એવું નથી કે જે કરીઆ વના ચાલે, એવા વીચારથી તેણીએ હીમત ધરીને ઊપર ચઢવાની તજવીજ કરવા માંડી, પણ આખર છોકરી જ, તેથી બીક લાગાથી પાછી હીમત છોડી દીધી. પણ વલી તુરતજ તેણીને ઈઆદ આવીઊં કે દુખ અને સંકટની વેલાએ જો ખુદાને ઈઆદ કીધો ને તેની મદદ જો માંગી તો તેથી દુખ સંકટ ઓછાં થાએછે, અને રૂડાં કાંમોને ખુદા ઈઆરી આપેછે. એટલો વીચાર કરી તુરત પોતાના ઓરડામાં ગઈ અને સાફ અને ખુલાં મને પારકાંનુ દુખ પોતાને સર ધરી ખુદાની બંદગી કીધી અને એ કામમાં તેની ઈઆરી ચાહાઈ. બંદગી કીધાથી તેણીનાં દીલમાં એકદમ એટલીતો હીમત છુટી તથા તેણીને એટલુંતો શુર ચઢીઊં કે તે તુરત બતી સલગાવાને ઊપર ચઢી અને જેમ પોતાનો બાપ દર રોજ કરતો હતો તેમજ તેણીએ પણ કીધું. બતી સલગાવીઆ પછે તે પાછી એઠે ઊતરી, પણ એટલી બધી મેહેનત કીધાથી; તથા એકદમ તે આટલી ઊંચે ચઢી તથા ઊતરી તેથી અને વલી તેણીનાં દીલમાં એક પરોપકારનાં કામનો જુસો ઊતપન થએઓ તેથી તે બાલક છોકરીને થાક ચઢી આવી હતી, માટે નીચે ઊતરતાંજ ઓરડામાં જઈ સુઈ ગઈ.

બીજે દીવસે સહવારનાં પોહોરમાં તેનો બાપ ઘેર આવીઓ, ને પોતાની છોકરીને પુછીઊં, "પેઆરી બેટી રાતના દીવા કોણે સલગાવીઆ?" છોકરીએ જવાબ દીધો કે "બાવાજી તે મેંજ સલગાવીઆ." એ

ટલું સાંભલતાંજ બાપ બોલીઓ "બેટી તેં આજ ઘણાક માણસોના જીવ બચાવીઆ, કારણ જે વાહાણ રાતના અતરેથી પસાર થનાર હતું તેને લુટવાને કેટલાક લુચા લોકો તઈઆર થઈ રહેલા હતા, અને તેઓએજ પોતાના બુરા મનસુબામાં પાર પડવાની મતલબે મને ઘેરીને અટકાવી રાખીઓ હતો, કે હું અતરે આવી શકું નહી અને તેથી દીવા થાએ નહી તો ખચીત વાહાણ ખરાબા ઊપર અફલાઈ ભાગા વના રેહે નહી, અને તેથી તેઓના મનમાં આવે એવી રીતે દુખમાં આવી પડેલાં લોકોને લુટી લીએ."

વાંચનાર પેઆરી ને દુરંદેશ બાઈઓ જુઓ આ નાહાની છોકરીની હીમત કેટલી ? એવી છોકરી અથવા ઓરતની કેટલી વખાણ કરીએ ? જે માંબાપ પુરાં બાએગસાલી હોએ તેને ઘેરે એવી છોકરી અવતરે અથવા જે શખસ ખરેજ ગુનવાન હોએ તેને એવી ઓરત મલે. આ બનેલીને ખરી વાત ઊપરથી કેટલી બધી ચીજો માલુમ પડી આવેછે તે જુઓ. જો એ છોકરીએ રાત દીવસનો અનુભવ મેલવીઓ ન હોત અને પોતાનો બાપ દર રોજ જે દીવા કરેછે તે કેમ અને શા માટે કરેછે એ વીશે જો તે છોકરીએ સારી પડે ગ્નાન મેલવીઊં ન હોતતો તેનાથી આવી સંકટની વેલાએ આવું પરોપકારી કામ કેમ થાત ? અલબતાં એ છોકરીને બાલપણથીજ અવલોકન કરવાની કેલવણી મલી હશે, અને તેનાં બલે કરીનેજ આટલી હીમત તેનામાં આવી હતી. બીજું જે વેલાએ દુખ ને સંકટ આવી પડે તે વેલાએ શું કરવું ને કેવા ઊપાએઓ કરવા તેનો એક અછો નમુનો એ છોકરીએ આપણને આપીઓછે. તમામ જાહાનને પેદાનો કરનાર જે સરવ સકતીમાન અને બેહદ ખુબીવંત ખુદા, તેની એવી વેલાએ સાફ દીલ અને પાક મનસનીથી ઈઆરી માગવાથી સંકટ દુર થઈ મુશકેલ કેવી રીતે આશાન થાએછે નાહીમતને કેવી રીતે હીમત મલી આવેછે તે આ બનેલી વાતના દાખલા ઊપરથી ખુલી રીતે ધીઆનમાં આવી શકેછે.

## ધંધા રોજગારમાં પણ ઓરતો મરદોની બરોબરી કરી શકેછે.

આપણા દેશમાં ઘણુ કરીને હજુ રેવાજ ચાલેછે કે બાહેરનુ સંધું કાંમકાજ મરદો કરે અને ઓરતો માતરે ઘરમાં ભરાઈ રહી ઘરની સાચવણી કરે. પણ શુધરેલાં દેશોમાં તેમ નથી. જેમ મરદો ચાકરી અને ધંધો કરી પોતાનુ ગુજરાંણ કરેછે તેમજ ઓરતોબી ભાત ભાતના હુનરો સીખેછે તથા તરેહવાર કારખાંનાઓમાં ચાકરી કરી પોતાનુ ગુજરાંણ પેદા કરેછે. કોઈનો ઘણી અથવા વડો માંથેથી ઊઠી ગએઓ તો તેવી ઓરત પોતાનુ ગુજરાંણ કરવાને સારૂં લોકોનુ ઓસીઆલું કરતી નથી પણ પોતાની બાજુ ઊપર મજબુત રહી બેફીકરીથી પોતાનુ ગુજરાણ પેદા કરેછે. હેવું કેવાતું આવીઊંછે કે, ઓરતો મરદોનાં જેટલી શકતી તથા ચંચલાઈ ધરાવતી નથી, તેથી તેઓથી મરદોનાં જેહવાં કાંમો અથવા ચાકરી થાએ નહી પણ ઈંગલંડ દેશમાં ઓરતો જે હુનરો સીખેછે તથા તરેહવાર જાતનાં કારખાંઓ ચલાવેછે તે ઊપરથી જણાઈ આવીઊંછે કે તેઓ મરદ કરતાં ઊદીઓગ અને ચાલાકીમાં કાંઈ કંમ નથી. કેટલીએક બાબદોમાં મરદ કરતાં ઓરતોનુ કાંમ વધારે સારૂં, ચુસ્તું અને પસંદ પડતું નીકલીઊંછે.

ઈંગલંડ દેશમાં ઓરતોની અતી મોહોટી સંખીઆછે અને તેમાંનો કેટલોએક ભાગ ઘણુ કરીને નીચે જણાવેલાં કારખાંનાઓમાં રોકાએલોછે અને તેથી લખો માંણશોનુ ગુજરાંન અને પરવરશી થાએછે. ઓરતોને સારે ઊદીઓગે લગાડવાને ઈંગલંડમાં મંડલીઓ ઊભી થએલીછે અને તેઓ ઓરતોને તરેહવાર ખાતાંઓમાં દાખેલ કરવાને ઘણી કોશેશ કરેછે.

ઓરતો ઘરમાં રહી પોતાનુ કાંમ કરેછે અને બાહેરનું સંધું કાંમ મરદો કરેછે તેમ બનવું ઘટે નહી એવો વીચાર ઈંગલંડના કેટલાએક લોકોને ઘણુ થએઊં આવીઓ હતો. એ વીચાર પુખતછે કે નહી તે તપાસવા તેઓ ખોલ કરવા લાગા કે ઓરતોને લગતા કેવા ધંધાછે. ઘણીએક ઓરતો ઈંગલંડમાં આગલ સીવવાનુ કાંમ કરતી હતી પણ તેથી તેઓની હાલત બગડતી ગઈ, તેઓની તંદરોસતી કમ થવા લાગી અને તેઓ વધારે ગરીબ થતાં ચાલીઆં. બીજું કાંમ



લંડનના એક છાપખાનામાં એ ઓરતો [illegible] પોતાનું કામ કરે છે

જે આ દેશમાં ઓરતો કરેછે જેવું કે દલવું; ચુંટવું, ઈતીઆદી તેતો ઈંગલંડમાં સાંચાએ બનેછે તેથી ઓરતોને લાએકનાં કામ થોડાં હતાં. એ કામો વધારવા તથા ઊદીઓગમાં ઓરતોને દાખેલ કરવા મંડીઆ. પેહલાં તેઓએ વીચાર કીધો કે કેવાં કામોમાં મરદ કરતાં ઓરતો વધારે ફાએદેમંદ રીતે દાખેલ થઈ શકે. ઓરતો મરદ કરતાં નાજુક અને કમજોરછે તેથી જાંહાં જોરનુ કામછે તાંહાં ઓરતો ઊપીઓગી થઈ-શકે નહી પણ ઓરતોની આંખ મરદ કરતાં વધારે કેલવાએલી હોએછે અને બારીક તથા હલકી ચીજ ઊપર ઓરતોનુ ધેઆંન મરદ કરતાં વધારે લાગેછે. ઘડીઆલનાં-કામમાં ઓરતો વધારે લાએક માલુમ પડી. નાહાનાં ચકરોને બરોબર ઘસવા અને બારીક કામ હીસાબ પરમાંણે કરવા ઓરતો મરદનાં કરતાં સરસ જણાઈ. હવે થોડીએક ઓરતો તેમ માલુમ પડીઆથી આખાં કારખાંનામાં તેઓને કેમ દાખેલ કરવી તે પછવાડે મંડીઆ. પેહલાં ઘણી મુશકેલ પડી. એક કારખાંનામાં થોડી ઓરત સીખાઊ દાખેલ કીધી તેથી મરદ કારીગરોને ગોસો ચહડીઓ અને અમારા પેટ ઊપર લાત મુકાએછે એવું કહી ચાકરી છોડવા લાગા.

કારખાના વાલાઓએ નાચાર થઈને ઓરતોને રજા આપી મરદોને પાછા રાખીઆ પણ તાર પછી કેટલાએક સમજુ કારીગરોને છુપા બોલાવી જણાવીઊં કે તમો તમારા ઘરમાં તમારી ઓરત, બેહન અથવા દીકરાઓને તમારૂં કામ શીખવશોતો તમુને મોટો ફાએદો થશે. તેઓએ તેમ કીધું અને પછી કારખાનામાં કામ કરવાને બદલે ઘરમાં કામ લેઈ જવા લાગા અને પોતાના ઘરની બાએડીઓની સાથે કરવા લાગા. એ પરમાણે જારે ઓરતો સીખવા લાગી અને તેઓની સંખીઆ વધી તારે મી૦ બેનસન નામના ઘડીઆલીએ કાવનતરીમાં એક મોટું કારખાનુ કાહાડીઊં અને તાંહાં સઘળી ઓરતો રાખી. મી૦ બેનસનને પેહલાં ઘણી અડચણ પડી પણ પછવાડેથી તેને ફતેહ મલી એટલુંજ નહી પણ ઓરતની મજુરી મરદ કરતાં વધારે સસતી પડી અને કામ આગલ જેવું સફાઈદાર અથવા વધારે સારૂં નીકલીઊં.

ઈઊરપમાં ઓરતોની જાતી ખવાએશ ઊપરથી તેઓને ઈલેકટરીક ટેલેગરાફ એટલે વીજલીથી સંધેશો પોહોચાડનારી આફીસમાં કામે લગાડેછે. સંધેશા જે હજારો માઈલથી આવેછે તે એક સોએ હીલઆથી નજરે પડેછે અથવા સોએ અથડીઆથી જે આવાજ થાએછે તે સંભલાએછે. સંધેશો આંખે જોઈ અથવા કાને સાંભલી લખી કાહાડવામાં ઓરતો ઘણી ચાલાક માલુમ પડી તેથી તેઓ એ કામ મરદ કરતાં વધારે મન માનતું કરેછે અને જાજી ચુક કરતી નથી. અને એવું એક ખાતુંતો તમામ ઓરતોથીજ હાલ ચાલુછે.

ઈંગલંડમાં કાપડ વણવાનાં તથા રૂઊ કાંતવાનાં અને રંગવાનાં કુલે કારખાંનાઓમાં લખો ઓરતો કામે લાગેલીછે અને મરદો કરતાં ઓરતોથી એ કામ ઘણુ નફા ભરેલું જણાઈઊંછે. તેમજ શોએ અને નાહાની સંચણી બનાવવાનાં કારખાંનાઓમાં ઓરતો સીવાએ કામ ચાલી શકતું નથી. ઈંગલંડની ટંકશાલમાં સેંકડો ઓરતોને કામે લગાડીછે અને તેઓ એકીનદારીમાં મરદ કરતાં વધારે સરસ નીકલીછે.

હાલ ઈંગલંડનાં કારખાના વાલાઓ અનુભવથી કામ વેંહચી નાખવાને સીખીઆછે. તેઓ પોતાનાં કામનાં બે ભાગ કરેછે, એક જોરનુ અને બીજું સંભાલનું. જોરના કામમાં તેઓ મરદોને રોકેછે અને સંભાલ તથા બારીક કામમાં ઓરતોને લગાડેછે. નાહાનુ કામ ઘણી જહડપથી કરવાનુ હોએતો મરદ તથા ઓરત બંધેને રદ કરી નાહાના છોકરા તથા છોકરીઓને કામે લગાડેછે.

ઊપલાં કારખાનાઓ ઊપરાંત બુક બાંધનારાઓને તાંહાં છાપેલાં કાગજોને ચોપડીનાં આકારમાં વાલવા તથા ચોપડીઓને શીવવા ઊપર ઓરતો કામે લાગતી આવીછે એટલુંજ નહીં પણ ગીઆં વરસથી લંડનમાં છાપાખાનાનાં કામમાં પણ ઓરતોને દાખલ કીધીછે અને હમણા એક આખું છાપાખાંનું ઓરતોથી ચલાવીઆમાં આવેછે, જે વીશેનો થોડોએક એહવાલ નીચે આપીએ છઈએ.

### સ્ત્રીઓને છાપવાનો હુનર શીખવવાની કોશેશ.

અસતરી જાતને છાપવાનો હુનર શીખવવાને જે જે કોશેશો કરવામાં આવીઓછે તે કોશશોમાં તેનાં પેહલ કાડનારાઓ ફતેમંદી સાથે પાર ઊતરીઆછે. લંડન મધે શને ૧૮૬૦ નાં વરસમાં અસતરીઓને છાપવાનો હુનર શીખવવાને "વીકટોરીઆ પરેસ"

નામનું છાપખાનું ઊગાડીઆમાં આવીઊંછે. એ છાપાખાંનાની શરૂઆતમાં ઘણીએક અડચણો નડીઓ હતી કે જે અડચણો હાલ ગુમ થાઈ ગએલી દીસેછે. એ છાપાખાંનાના સથાપનારે પેહેલાંથીજ ધારીઊં હતું કે એ છાપાખાંનું ઊઘાડવામાં નાંણાંની એક મોહટી થાપણ રોકવી પડશે પણ તેની દરકાર કરીઆ વગર અને ગમે એટલી ખોટ આવે તોએપણ એ કાંમમાં હટવું નહી એવો તેણે પકકો ઠેરાવ કીધો હતો. જો કે ઘણાએક અપટ લોકો આ કાંમની સાંમણે થવા લાગા તોપણ શુધરેલાઓથી તે કાંમ ઊંકાવવાને ટેકો મલતો ગઓ.

એ કાંમ ઊકાવવાને સારૂ એક ચોકશ રકમની જરૂર હતી કે જે જરૂરને લોકોથી શારી રીતે આશરો મલીઓ. મીસ એમેલી ફેથફુલ નાંમની એક સ્ત્રીએ એ છાપખાંનાંનુ ઊપરીપણુ ચલાવવાને પોતે એખલીએ માંથે લીધું—કે જે એક માલેટોમાની માલેકન હતી. એક વરશ ઊપર જારે આ છાપખાંનુ ઊઘાડીઆમાં આવીઊં હતું તારે થોડીએક છોકરીઓ આ કાંમ શીખવાને ગુથાએલી હતીઓ, તેમાં સ્ત્રી જાતનો ઊદીઓગ વધારવાને જે મંડલી સથાપેલીછે તે મંડલીમાની પાંચ છોકરીઓ શીખાઊ દાખલ રેહલી હતીઓ. જેમ જેમ વખત જતો ગીઓ તેમ સ્ત્રીઓની શંખીઆમાં વધારો થતો ગીઓ. તેઓને મરદો એ કાંમ શીખવતા હતા.

આ છાપખાંનાંમાંથી મોહટા મોહટા ગરંથો બાહેર પડી ચુકાછે. કે જે એવીતો શફાઈથી છાપીઆંછે કે જાણે તેઓને એ કાંમની પુરતી માહેતગારી હોએ એવી આપણે અટકલ કરી શખીએ. એ છાપખાંનાંમાંથી જે જે પુસતકો બાહેર પડી ચુકાંછે તેઓમાં "સોશીઅલ સાએનસ" નાંમની એક મંડલીનાં કાંમ કાજનુ પુસતક કે જે ૯૦૦) પાંનાનુછે, ટરેસ સોસાએટી નાંમની મંડલીનો એહવાલ કે જે ડખલીઊ કાઊપરે જાહેર કીધોછે. "ધી ઈંગલીશ ઊમેન જરનલ" નાંમનું માસીક ચોપાંનીઊં કે જે સ્ત્રીઓના ફાએદા સારૂ છાપવામાં આવેછે તે પણ એજ છાપાખાંનામાંથી બાહેર પડેછે. જો આગે છાપખાંનાને લોકોથી શારો આસરો મલશે તો તેથી બેશક એ છાપખાંનું સથાપનારાંઓને ઘણો ફાએદો થશે.

એ છાપાખાંનાં મધે સ્ત્રીઓ કાંમે લાગેલીછે તેનું એક ચીત્ર પાસેના પાંના ઊપર આપીઊંછે તે જોવાથી જણાસે કે કેટલીએક સ્ત્રીઓ ખાનાઓમાંથી બીબાં લઈને ગોઠવેછે તથા કેટલીએકો ગોઠવેલાં બીબાંને છુટાં પાડેછે.

સુધરેલા દેશની ઓરતો હુનરોના કારખાનામાં સાંમેલ થાઈ પોતાંને અને દેશને ફાએદો કરેછે તે હમે ઊપર બતાવીઊંછે પણ આટલું કેહેવું જોઈએછે કે આપણા દેશમાં એવી રીત દાખલ થએઆથી મોટો ફાએદો થશે. ખરૂંછે કે આપણા દેશમાં સઊથી ઊતરતે વાંધેની સ્ત્રીઓ ચાકરી તથા ઘશડઓરો કરીને પોતાંની રોજી મેલવેછે તથા કેટલીઓ હલ મજુરી કરીને કે દલણું દલી, પાંણી ભરી પોતાનું પેટ ભરેછે અને કેટલીએકો કાંતવા તથા વણવાનાં કારખાનાંઓમાં રહેલીછે. તોપણ વચલે વાંધેની સ્ત્રીઓને તેહવો ઘશડઓરો કરવો અને હલકાઈ ભરેલી મજુરી કરવી એ શરમ ભરેલુંછે. તેથી તેઓ પોતાંનો વખત રાંધવા સીધવા તથા સીવવા સાંધવામાં અને કુથલા કરવામાં કાહાડેછે. તે સીવાએ બીજો કોઈ ગુજરાનનો માર્ગ તેઓને માટે નથી. માટે તેવા આબરૂવાલાં લોકોને સારૂં આ દેશમાં કાંઈ આબરૂવાલાં અને સારી કલાનાં કારખાનાઓ નીકલીઆં હોએ તો તેમાં તેઓનો સેહલાઈથી સમાવ થાએ અને તેઓ પોતાંનુ ગુજરાંણ પોતાંની મેહનતથી કરી શકે.

એવાં કારખાંનાંની જરૂર વીશે હમે આ જગોએ એક દાખલો બતાવીએ છઈએ કે—

એક આબરૂવાલાં કુટંબમાં એક માતા, તરણ દીકરીઓ, બે દીકરાઓ, બે વહુઓ અને ૬ છોકરાં મલીને ૧૪ માણશોનો કબીલો હતો. માંશ ભાએગે તેઓનો વાલી મરણ પાંમીઓ અને બાપીકી પુંજીનો કાંઈ હતી નહી. ઘણી કર કશરથી દર મહીને તેઓને રૂ૫૫) નો ઘરનો ખરચ થતો હતો અને બે છોકરાઓ દરએક રૂ૧૨) લખે રૂ૨૪) પગારના લાવતા હતા તથા ઘરમાંની ૬ ઓરતો સીવવા સાંધવાથી દરએક જણી દર મહીને રૂ૨॥ લખે રૂ૧૫) પેદા કરતી. તે સંધલું મલીને પેદાશનો રૂ૩૯) ની થતી અને દર મહીને સાંમણ રૂ૧૬) નું કરજ થતું. એ કરજ નહી થાએ તેવી કોઈ તદબીર નહી હોવાથી તે પરવારતી બાઈઓએ માહોમાહે કુથલા અને કંકાશ કરી વેર વસાવી મુકીઊં હતું. હાવી વેલાએ જો આ

પણી દેશમાં કોઈ સારૂં કારખાનુ અથવા આબરૂથી ગુજારો કરવાની જગા હતે અને તાંહાં જો ઊપલી ૬ અસતરીઓમાંથી ૪ જણીઓ ચાકરીએ જાતે અને બે જણી ઘરનુ કામ ચલાવતેતો ચાકરીએ ગએલી ઓરતો ઓછામાં ઓછા દસ રૂપીઆને હશાબે દર મહીને રૂ૪૦) અને મરદો દર મહીને રૂ૨૪) મલીને રૂ૬૪) પેદા કરતેતો તેમાંથી તેઓ પોતાંનુ આબરૂથી અને સુખથી ગુજરાંણ કરી સકતે અને વલી જુજ રકંમ શાજલશ્મણ પાડને. એટલુંજ નહી પણ ઘરમાંથી કજીઆ અને કંકાસની જડ નીકલી જાતે.

## કારૂં અથવા મોહોટું શાહામુરગ.

આ જાતનું શાહામુરગ ઊંચાઈમાં માથાથીતે પગ શુધી ૭ થીને ૯ ફુટનુ હોએછે. અને પીઠ આગલથી ઊંચાઈમાં ૪ થી ૫ ફુટનું હોએછે. તેનુ માંથુ ઘણુ નાંધલું અને ગરદંન વીખરાઈ ગએલા બાલોથી ઢંકાએલી, તેનાં સરીર ઊપરનાં પીછાંઓ કાલા રંગનાં અને વીખરાઈ ગએલાં તથા તેની પાંખો અને પુછડી બરફ સરખા સફેદ રંગની અને પોહોલી તથા લાંબી હોએછે. અને તેને છેટે છેટે કાલાં ધાબાં હોએછે. તેની જાંગ વગર પીછાંની અને પગ ભુરા રંગનાં અને ઘણાં મજબુત હોએછે.

એસીઆ અને આફરીકા ખંડોનાં રેતીના અને ગરમ મેદાંનોમાં એ જાંનવરોનુ રેહઠાંણ હોએછે. આ જગાએ તેઓ એટલાં તો જથાબંધ હોએછે કે ઘણી વખત જાંણે ઘોડસવારનુ લશકર આવતું હોએ એવી રીતે તેને દુરથી જોઈ આદમીઓ ઠગાએછે. આં એ પરાંણીની ચાલચલણ બીજાં પાંખવાલાં જાંનવરો કરતાં તદંન જુદીજછે. જો કે એ પંખીછે તોબી એની ચાલચલણ ચોપગાંઓને મલતી આવેછે.

આએ જાંનવરનાં પગ ઝડપથી દોડવાને તથા પોતાનો બચાવ કરવાને સારૂ પરમેસવરે ઘણા મજબુત અને ખડીરોકા (બે ભાગમાં વેંહચાએલા) બનાવાંઆછે. તેની પાંખો અને પીછાંઓ તેના કદ સાથે સરકાવતાં તેને ઊડવાને મારે ઘણાં થોડાંછે. તેની ઊંટના સરીખી ગરદંન બાલથી ઢંકાએલીછે. તેનો અવાજ ખોખરો, ઊંડો અને દલગીરી ભરેલોછે અને તે મેદાંનોમાં ખચરો સાથે ચરેછે. દખશીણ આફરીકાના માહેલાં દેશોમાં એઓ ટોલાંબંધ આવી અનાજનાં ખેતરો ઊપર પડેછે અને ઘઊંનાં રોપાઓનો તદંન નાંસ કરી નાંખેછે તે હંઈઆં શુધી કે મોટાં મોટાં ખેતરો વેરાંન થાઈ પડેછે અને તે ઊપર માતર શુકાએલાં ખુંટીઆં સીવાએ બીજું કાંઈ રેહેતું નથી. જારે આ શાહામુરગ દોડવા માંડેછે તારે તે ઘણુ ગંભીર અને મગરૂરી ભરેલું દેખાએછે. અને જો કે તે ગમે એટલી ધાસતીમાં આવી પડીઊં હોએ તોપણ તે પોતાની ચાલમો વધારો કરતું નથી, ઘણુ કરીને જારે પવંન પીઠનો હોએછે તારેજ તે પોતાની ચાલ વધારેછે. તેની પાંખો તેના બચાવનુ એક હથીઆરછે કાંએકે જે દસા તરફ તે દોડતું હોએ અને જો તેને પુઠનો પવન લાગે તો તે હમેસાં પોતાની પાંખને પવન સાથે અથરાવતું ચાલેછે અને તેથી કરીને તે એટલું તો ઝડપથી જાએછે કે એક ઘોડો પણ તેની ઝડપની બરોબરી કરી સકતો નથી.

એ શાહામુરગ ઘણુ કરીને પોતાનાં પીછાંને સારૂં ઘણુ કીમતી ગણાએછે અને અરબ લોકો એનો શેકાર કરવો તે એક હુનર સમજેછે. અરબ લોકો એનો સેકાર ઘોડા ઊપર બેસીને કરેછે તારે તે શેકારી પેહલાં તો પોતાનો ઘોડો ધીમે ધીમે દોડાવેછે કાંએકે જો સરૂઆતમાંજ તે ઘોડાને દોડાવેછે તો આ જનાવર ચેતી જઈને એક ટુક વખતમાં ઝડપથી આપણી નજરથી ગુંમ થઈ જાએછે. પણ જો સરૂઆતથીજ ઘોડો ધીમે ધીમે દોડાવીઓ તો તે પોતાનો બચાવ કરવાને તઈઆર હોતું નથી. પછે તે શેકારી પોતાની ઝડપમાં હલુ હલુ વધારો કરતો જાએછે. આએ જાંનવર દોડતી વખતે સરખું અને સીધી લીટીએ દોરતું નથી પણ આડુઅવરૂં દોડેછે અને શેકારી તો સીધેજ દોડેઓ જાએછે તેથી કરીને તેને દોડવાની મેહેનત ઓછી પડેછે. એવી રીતે તેની પુઠનો પુઠ શેકારી ઘણુશુધી દોડેઓ જાએછે જારે આ જાનવર દોરવાથી થાકીને નાકઊઅંત થાએછે તારે પાછું ફરી શેકારી ઊપર હોમલો કરેછે અથવા તો પોતાનુ માંથુ ચોરાવીને શેકારીની આગલ નાચાર થાઈ ઊભું રેહેછે. કેટલીએકવાર આરબ લોકો આવાં પખશીનાં ખોખાંની અંદર ભરાઈને તેઓની આગલ જાઈ તેઓને પકડી લીએછે.

કેટલાએક આ જાંનવરના ટોલેટોલાં પાલેછે

કાંકે તેઓને પાળવાની કાંઈ ઘણી મેહેનત પડતી નથી. તેઓ સંસારી હાલતમાં ઘણાં ઉપીઓગી થાઈ પડેછે કાંકે તેના કીમતી પીછાં કે જે તેઓ કાડેછે તથા ઈડાં અને તેઓની ચાંમડી કે જે આરબ લોકોને ચાંમડાંને ઠેકાંણે કાંમ લાગેછે અને તેઓનુ ગોસ એક ઘણો સવાદદાર ખોરાકછે અને કેટલીએકવાર તેઓ ઘોડાને ઠેકાંણે કાંમે લાગેછે. એ ઉપરથી જણાએછે કે પાળવા લાએક એના જેટલાં ઉપીઓગી બીજાં થોડાં જનાવરો હશે.

જારે એ પાલેલું હોએછે તારે તે આપણી આસપાસ ઘણીજ ચંચલાઈથી કુદેછે તથા નાચેછે, તે ઘણો જોવા લાએક દેખાવ બનેછે. ગરમીનાં દીવસોમાં તેઓ ઘરની બાજુએ ઘણાજ ઝપાટાથી ફરેછે અને ગરમીની વખતે પોતાની પોહોળી પાંખોથી પોતે વાઆ ખાએછે. તેઓની પાંખો જાંણે કે ગરમીના દાહાડામાં વાઆ ખાવાને વાસતેજ પરમેશ્વરે બનાવેલી હોએ તેમ તેઓ આખો દાહાડો પોતાની પાંખો હીલતી રાખેછે. તેઓ ઘણી ખુશીથી ચીથડાં, ચાંમડાં અને લાકડાંના અથવા પથરના કકડા ખાએછે.

એક સખસ લખી જાએછે કે એક ઠેકાંણે બે વરેસની ઉમરના બે શાહામુરગ પાલીઆમાં આવીઆં હતાં કે જેઓ અજબ તરેહનો ખેલ કરતાં હતાં. આ મોટાં કદનાં પખશીઓ બચાં હતાં તોપણ કદે મોહોટાં હતાં. તેઓ એટલાં તો હલી ગીઆં હતાં કે તેમાનાં એક મોટાંની પીઠ ઉપર બે નાહના સીદીના છોકરાઓ ચડી બેઠા. જેવા તેઓ ઉપર બેઠા કે આ જાનવરે એકદંમ દોડવા માંડીઉં અને તે ગાંમડાંની આસપાસ બે તરણ આંટા ખાધા પણ કોઈની મકદુર નહી રહી કે તેને ઉભું રાખી શકે. આએ દેખાવથી જોનારાઓને અતીસે ગમત થઈ તેથી એક જબરા સીદીને પેલાં નાહનાં શાહામુરગ ઉપર અને બીજા બે જણાઓને મોટાં ઉપર બેસાડીઆ. પણ તેઓનો ભાર તે જાનવરોને ઘણો લાગો નહી. પેહલાંતો તેઓએ કદમથી દોડવા માંડીઉં પણ જારે તેઓ જરા ગરંમ થએઆં કે પોતાની પાંખો પોહોલી કરીને એટલીતો ઝડપથી દોડવા લાગાં કે તેઓ કદાચજ જમીનને પગ લગાડતાં હોએ એવું દેખાતું હતું. ઉપલો સખસ કહેછે કે એ ઉપરથી મેં ખાતરી કરી લીધીછે કે ઈંગલંડના સરતનાં ઘોડામાંનો સઊથી સરસ ઘોડો પણ દોડવામાં આ જનાવરને હરાવી શકે નહી.

આવાં એક શાહામુરગનુ ચીતર આ ચોપાનીઆંનાં પાંને ૧૮૪ મેં આપીઉંછે.

—

## નોશેરવાંન આદેલ. †

આ શાહજાદો તેહેના બાપ કોબાદના મરંણ પછે, ઈસવી સન ૫૩૧ ના વરસમાં સાસાનીઆન ખકકાના વીસમા પાદશાહ તરીકે, ઈરાંનના તખત ઉપર બેઠો હતો. એ પાદશાહ પોતાની સખાવત તથા અદલ ઈનસાફ અને બીજી ઘણીએક નેકીને લીધે, ઉસમન પરાંતના સંગલા મુલકોમાં મશહુર થએલો હતો. અને તેહેના રાજની હદ "તરાનસ આકશેનીઆ" ના ઓતર તરફના બાજથી તે "આરેબીઆ ફીલીખસ" અને "રેડસી" ની સરહદ સુધી ઊડની હતી.

ઘણાંએક નામીચા તવારીખ લખનારાઓ હેવું જણાવી ગએઆછે જે નોશેરવાંનના બાપ કોબાદને ઘણાં બેટાઓના ફરજંદ હતાં, તે સઘલાઓમાં નોશેરવાંન પોતાની નેક તદબીર, બોલવાની મીઠાસ, ચંચલાઈ અને નરમ સવભાવને લીધે, ઘણોજ સરસ ગણાંતો હતો. પોતાની રઈઅતનો બચાવ કરવામાં તથા હરએક બાબતનો શેહેલાઈથી ફેસલો કરવામાં તથા સઘલાં કાંમની શરૂઆત કરવામાં અને ગરીબો ઉપર દયેઆ અને રેહેમ કરવામાં આ શાહજાદો ઘણી સારી ખાસીએત ધરાવતો હતો. અને આ શાહજાદાની દાનાઈ તથા સકતી વીશે ઈરાંનના રાજના અજમાએસવાલા પરધાંનો, અને બીજા અમીરો, એટલુંતો ઉંચું મત ધરાવતા હતા કે તેહેના બાપના હાતમાં પાદશાહી અમલની લગાંમ હોવા છતાં, રાજ કારોબારની ઘણીજ અગતની અને મુશકેલ બાબતોમાં, તેઓ આ નાહની વએના શાહજાદા સાથે મસલત કરતા હતા.

એક બીના એમ જાહેર થએછે જે એક દાહાડે કોબાદે નોશેરવાંનને કહીઉં જે—"તારામાં ઘણી વખાંણવા લાએક ખસલતોછે, તોપણ એક મોહોટી એબ હું તારામાં જોઉંછું, તે એબ એછેજે તું તારા જાન વીશે બુરૂં ગુમાન રાખેછે. હું કબુલ કરૂંછું જે

† સ્ટુઅરટ ઓરીઅંટલ કેટલગ ઉપરથી ઉપજાવી કાહાડી આ બાબત કોઈ મીતરે લખી મોકલીછે.

કેટલીએક બાબતમાં આ તાહારી ચાલ ઘટતી અને કા હુપણ ભરેલીછે, પણ અણઘટતી રીતે વેહેમ રાખેઆ થી ઘણાંએક નેક કામો કે જે સારી તદબીરથી રચે આં હોએછે, તે પણ પાએમાલ મલી જાએછે, માંટે હે વા નાલાએક ખેઆલથી કોઈવાર તું તાહારા સારાં કાં મથી પણ પછાત રેહેશે." આ સખુનોપરથી નોશેરવાં ને પોતાની આગલી ચાલ વીશે પસતાવો કીધો, અને પોતાના બાપની નશીહત મુજબ ચાલવાને કબુલ કીધું.

કોબાદે પોતાની હઈઆતીના છેલલા વખતની થોડી મુદતે આગમચ; પોતાનું વશીઅતનામું લખીને, મજદીઅસની દીનના વડા દશતુરને, સવાધીન કરેશે હતું, અને તે મધે ખોલલી રીતે જણાવેશે હતું જે તે હેની પછે, પાદશાહી કારોબાર ચલાવવાનો એખતી આર નોશેરવાંન લીએ. જેઆરે કોબાદને પેલી હાલ ત (કે જેહેનેથી આલમનો છુટક નથી) તે આવી પોં હોંચી તેઆરે રાજના પરધાંનોએ તથા બીજા અમી ર અને ઊમરાવ લોકોએ કોબાદનું વશીઅતનામું તે હેના દીકરાની નજદીક વાંચી સંભલાવેશે. પેહેલ વે હેલાં નોશેરવાંને પાદશાહી તાજ લેવાને ના પાડેશે અને તેહેનાં કારણમાં હેવું કેહી જણાવેશેજે રાજના કારોબારના બંદોબસતમાં નુકશાંની પેદા થાએલીછે, તથા ખલકને નેકી પોંહોંચાડનારા કાએદાઓ સુસતી માં આવી પડેલાછે, તથા રઈઅતના દેલમાં બરખેલા ફીએ વાસો કરેલોછે, અને પસત મરતબાના નીચ લો કોનો દોર વધેલોછે, † માંટે હેવા વખતમાં જે કોઈ શ ખસ આએ સઘલી બાબતોમાં ફેરફાર કરવાની તજ વીજ કરે, તે શખસને પોતાની ફરજ અદા કરવા ના કાંમમાં પોતાનું સઘલું બલ, અને લગાર કક ણ સતા, વાપરવાની અગત પડે. વાસતે રાજનો કા રોબાર ચલાવાનું કાંમ જો હું માંથે લેશ અને તમો સઘલાઓ માહારી સાથે બરોબર રીતે સાંમેલ નહી રેહેવોતો માહારૂં દીલ તમારેથી આજોરદે થાએઆ વીના રેહે નહી, અને તેમજ તમારા ઊપર માહારી તરફથી ગોસસો ઊતપંન થાએ, તથા જો કે જુલમ અને જાસતી ભરેલો અમલ ચલાવવાનો દેખાવ મા હારી તબીઅતના ખવાસથી ઊલટોછે, તોએપણ તેમ કરવાને મહને અગત પડે; અને તેમાંથી કતલ અને માતમપોસીનો અવાજ નીકલે, અને તેથી ઘણાંએક ખાંનદાંનનો નાસ થાએ. નોશેરવાંનની જોબાન થી હેવા સખુનો સાંભલીને સઘલા વજીર અ મે ઊમરાવ લોકોએ પોતાના રાસત એતેકાદ થી તેહેને હેવી કબુલત આપી કે તેઓ તેહેના હોક મથી હરગેજ સર ફેરવશે નહી, અને તેહના હોકમની સાથે તેઓની મરજીનો તાલુકો રેહેશે, તથા તેઓ પો તાની સઘલી માલ મતા તથા જીંદગી તેહેને તાએબે કરવાથી કધી પછાત નહી પડશે. એ પરમાંણે ઘણી એક મીનત અને બસજીદાઈ કીધા ઊપરથી નોશેરવાં ન પોતાના સર ઊપર દબદબા ભરેલું તાજ મેલીને પાદશાહી તખત ઊપર બેઠો. અને પોતાનાં રાજના અમીર તથા ઊમરાઓ તરફ નજર કરીને એક નાદ ર ભાસણ કીધું. તેણે જાહેર કીધું જે—"માહારી હ "કુમતનો પાએઓ કોઈબી રીતની છોટ અથવા તા "ણી રાખેઆ વગરે ઈમાંનદારી અને ઈનસાફના "તરીકા ઊપર નાખેઆમાં આવેઓછે, સબબ કે "આલમના ભેદનો જાંણનાર પાક ખુદાતાલાછે, "તે સેવાએ કોઈબી શખસને ખલકની નઈઅત ઊપ "ર કસસી ચાકેફકારી નથી. એટલા વાસતે તમા "રા અંદરખાંનેના વીચારની કાંઈબી દરકાર કરેઆ "વગરે તમારાં જાહેર કાંમોની ઊપર હું માહારૂં ધે "આંન હમેશ આપતો રેહેવશ. તમારી મરજી ઊપર "માહારો કાબુ ચલાવવાનો હું કસસો દાવો ક "રનાર નથી, પણ તમોને પોતાને ઈનસાફના ફ "વીતર કાએદાઓને આધીન રેહેવું જોઈશે, અને "એમ બનેઆથી આ રાજની અંદરનો ફેસાદ બર "તરફ થાશે, અને નેકનાંમી ભરેલી હકુમતના ઈનસા

† ઈરાંનનાં જાહોજલાલી ભરેલાં રાજમાં ઊપર જણાવે આ સુજબનો ઘલરાટ ઊઠવાનું મુખીઅ કારણ એ હતું જે એ દેશમાં એક મજદક નાંમના ઠગારા શખમે, પેગંમબરનો દાવો ઊઠાવેઓ હતો, અને તે શખમે પોતાની બોરફ તરફ ઘણાંએક અગનેઆની લોકોને એકઠાં કીધાં હતાં એટલુંજ નહી પણ ઈરાંનના રાજના કેટલાએક મુખીઅ પરધાંનોને પોતાના નવા ધરંમમાં વટલાવેઆ હતા; તથા નોશેરવાંનનો બાપ પાદશાહ કોબાદબી પેલા ઠગારા શખસની જાલમાં કેટ લેએક દરજજે ફસી પડેઓ હતો. તે સબબને લીધે આ ના ઓઆ દેશમાં બેદીલી અને બરખેલાફીએ પોતાનો દોર ચાલુ કરેઓ હતો, અને સઘલી તરફ જુલમ અને જાસતીનો પ વન ફુકતો હતો, તથા રઈઅતની માલ મતા અને કુટંબ પરીવાર સરવે ધાસતીમાં પડેલું હતું.

(જુવો મી૦ ગીબનની બનાવેલી રૂમની શેહેનશાહતની તવારીખના ૫૨) માં બાબમાં આ ઘલરાટ વીશેનો વીગત વાર હેવાલ આપેઆમાં આવેઓછે તે.)

"ફની ખુબીથી આબાદાંનીના મેહેલના પાએઆને
"મજબુતી મલશે, અને તેહેની નીશાંનો લાંમબી મુ
"દત શુધી તવારીખના સફા ઊપર ઝલકાટ ભરેલી
"રીતે દીપી નીકલશે."

નોશેરવાંને ઈરાંનના રાજનું સુકાંન પોતાના હાતમાં પકડનાંવારં તેહેની તરફથી સજા કરવાનો પરધંમમાં જે હોકંમ ઊતરેઓ હતો, તે હોકંમ મજદક અને તેહેના ચેલાઓને કતલ કરવા વીશેનો હતો, હેવું કેટલાએક તવારીખ લખનારાઓ જણાવી ગીઆછે, પણ આ બાબતમાં તેઓએ જે વીગત આપીછે, તે એક બીજાથી જુદી જુદી રીતે લખાએલી દીશેછે. કેટલાએક વાચનારાઓ હેવું જણાંવી ગીઆછે જે નોશેરવાંન પરથંમ મજદક ઊપર પેઆર રાખીને, તેહેને પાદશાહી મજલસમાં મોહોટાં માંન સાથે બોલાવતો હતો, પણ એક દાહાડે પાદશાહની મજલસમાં એક માંણસે આવીને હેવી ફરીઆદ કીધી જે આ ઠગારાના ચેલાઓ મધેના એક જણે એક આદમીની ઓરત ઊપર, જુલંમ ભરેલો દસત ચલાવેઓ. તે ઊપરથી પાદશાહે મજદકને, સહમજાવીને કેહીઊં જે પેલી ઓરતથી પોતાનો હાત દુર રાખવા વીશે, પેલા ફેસાદખોરા શખસને, તાકીદથી પાછો રાખે; પણ મજદકે તે વાત ઊપર કસનું ધેઆંન આપેઊં નહી. તેથી નોશેરવાંને ગોસસામાં આવીને તેહેનું માંથું તેહેના બદનથી જુદુ કરી નખાવેઊં. આ બનાવ ઊપરથી એક બખેડો ઊઠી ઊભો થાએઓ તેથી પાદશાહે એક જાહેર નાંમું જલદીથી બાહેર કાહાડેઊં, અને તેમાં હેવું ફરમાવેઊં જે "માદેન" † શેહેરમાં અને તેહેની આસપાસના મુલકમાં જેટલા મજદકી ટોલાના આદમીઓ હોએ તે સઘલાઓને ચુંટી કાહાડીને, એકદંમ કતલ કરે. મજદક અને તેહેના ચેલાઓને, કતલ કીધા પછે, જે કાંઈ માલ મતા તે બદકારોએ લુંટી લીધી હતી તે સંઘલી તેહેના હકદાર ધણીઓને પાછી અપાવી, અને પેલી દુખી થાએલી ઓરતોને તેમના બાપ અને ખાવંદોને ઘેર પાછી મોકલી.

એ પછે પાદશાહે એક બીજું હોકંમનાંમું બાહેર પાડેઊં, તેહેમાં હેવું ફરમાવેઆમાં આવેઊં હતું જે વેરાંન જગાઓને ખેતીવાડીથી આબાદ કરવા સારૂં બુરજીગર લોકોને પાદશાહી ખરચથી ખેતી કરવાનાં હથીઆર, અને તેહેને લગનો બીજો સામણ જેવાં કે હરેક જાતના બી અને ગાએ ઘેર પુરાં પાડે—અને જે લોકો ફીસાદને લીધે, પોતાને વતનથી બેવતન થએઆં હોએ, તે લોકોને પાછાં બોલાવીને તેઓના અસલ મકાંનમાં સુખ ચેનથી રાખે. તેઆર પછે તેણે હોકંમ કીધો, તેથી પાહાડોની ખાંચોમાં જે ચહડતી ઊતરતી ખીણો પડેલી હતી તે સઘલી પુરીને બરોબર કીધી, અને ઊજડ જગો તથા શેહેરની શરહદો ઊપર મજબુત કીલલાઓ બાંધેઆ, અને વાતપાસ તથા બીજા દુશમેનોના આજણથી પોતાની રઈઅતનો બંચાવ કરવા સારૂં ચો તરફ ચાલાક માણશોની ફોજ રાખી, અને અરદેશર બાબકાનના વખતમાં જે મીસાલે દરએક તાલુકામાં હાકેમ અને મેહેસુલ ઉગડાવનાર અમલદારો રાખેઆમાં આવેઆ હતા, તેજ મીસાલે નોશેરવાંનેબી સઘલા અમલદારો મુકરર કરેઆ, અને શેહેરની અંદર પાંણીના પરનાલાં તથા પુલો જે બીશમાર થાઈ ગએલા હતા તે પાછા સમારેઆ. તથા પોતાની રઈઅતના બાબમાં ઘણીજ બારીકીથી તલાસ કરવા માંડી, અને રઈઅતની ઊપરનું દુખ ઘટાડવા સારૂં સઘલી તહરેની જોઈતી તજવીજ કરવા માંડી.

"રમુ હનીફે દેનવરી" નામનો એક ગરંથકાર લખેછે જે પાદશાહ નોશેરવાંને પોતાના રાજને ચેઆર ભાગમાં વેહેચી નાંખેઊં હતું, અને તે દરએક ભાગની હકુમત પોતાના ભરોસેદાર અમીર ઊમરાઓ મધેના ઘણાજ વફાદાર શખસોને સોંપી હતી. એ ભાગો મધેના પેહેલા ભાગમાં "ખોરાશાન" તથા "સજસતાન" અને "કેરમાંન" ના પરગંનો હતાં.

---

† "માદેન" નું શેહેર જેહેને ઈઉનાની લોકો "કટીસફોન" કરીને કેહેછે. એ શેહેરને વીશે હેવું જણાંવેઆમાં આવેઉંછે, જે ઈરાંનના પાદશાહ શાપુરે ઈસવી સનની ચોથી સદીની અધવચમાં, તે વસાવેઉં હતું. એ શેહેરની બંધે બોરફુએ "બગદાદ" ની દખંણ દસા તરફથી "ટાઈગ્રીસ" નદી આવેલીછે. એ શેહેર ઘણુંજ સુંદર અને રલીઆંમણું બનાવેઆમાં આવેઉં હતું, અને તે ઘણું સુધી ઈરાંનના પાદશાહોના પાએતખત દાખેલ ગણાતું હતું. એ શેહેરમાં નોશેરવાંનનો એક મેહેલ હતો, તે ઉપરથી તે ઘણુંજ વખણાતું હતું, કેહેછે જે એ મેહેલમાં અતીઘણો ખજાનો તથા દુનીઆની કારીગરીની તમાંમ ઉમદા અને અચરતી ઉપજાવનારી ચીજોનો મોહોટો સંગરેહ કરેઆમાં આવેઓ હતો. એ સંઘલું ઈસવી સન ૬૩૭ માં મુસલમાન લોકોએ લુટીને તારાજ કરી નાંખેઉં હતું.

બીજા ભાગમાં "ઈસફાન" તથા "કોમ" તથા "જબાલ" અને "આજરબાઈજાન" એટલા મુલકો હતાં, તરીજા ભાગમાં "પારસ" અને "અહવાજ" ના દેશો હતાં, અને ચોથા ભાગમાં "એરાક" નો મુલક રૂમની શહરદ સુધી ગણેઆમાં આવેઓ હતો.

પાદશાહતના કાંમની ગોઠવણ કરેઆં પછે, નોશેરવાંને "તોખારસતાન"—"જાબોલસતાન" અને "કાબુલ" તરફ લશકર મોકલીને તે મુલકો તથા "આતરે" (ઈનદોસીદીઆ) ના દેશો ફતેહ કીધાં પણ એ વખતે તારતારનો ખાકાંન પોતાની પાદશાહતને લગતી સંગલી રઈઅતને એકઠી કરીને, પોતાના પાએતખતથી આગલ ચાલેઓ આએઓ, અને "શાશ" તથા "ફરગાંને" તથા "સમરકંદ" તથા "બોખારા" તથા "કશ" અને "નસફ" ના શેહેરો પોતાને તાએબે કીધાં. જેઆરે આ ખબર નોશેરવાંનને થઈ, તેઆરે તેણે પોતાના બેટા હોરમજદને ભારી લશકર સાથે તારતાર લોકોની સાંમણે મોકલેઓ, પણ જેવો તે તાંહાં ગીઓ તેહવોજ ખાકાંન તે દેશો છોડી દઈને તુરકસતાનની તરફ નાહાશી ગીઓ, અને તેણે આએ કેહેવત ખરી કરી આપી જે—

"હમારા પાદશાહે ઘણા દેશો જીહીતેઆ પછે,
"તેઓને પાછાં છોડી દેવાની ફરજ પડી."

આએ ધાસતી થોડી ઘણી ઓછી થાએઆ પછે, "ખાલેદ બીન હીલે ગાશાની" † નાંમનો એક સરદાર "હીરે" ‡ ના મુલક ઊપર ધસારો કરી આવેઓ, ને વખતે એ દેશ ઊપર "મનદર" નાંમનો એક સરદાર હકુમત ચલાવતો હતો, તેહેના ઊપર હોમલો કરીને, તેહેની સઘલી રઈઅત તથા લશકરને કતલ કીધું, અને ઘણાંએક ઘોડા તથા ઊંટ અને બીજો અસબાબ લુટી લેઈ ગીઓ. "મનદરે" આ સઘલો હેવાલ પોતાના પાદશાહને જલદીથી જાહેર કરેઓ; આ વેલાએ નોશેરવાંન અને રૂમનાં પાદશાહ (જસટીનીઅન) ની વચે શુલેહનું નાતું ચાલતું હતું, તે ઊપરથી નોશેરવાંને તેહેના ઊપર મીતરાચારી ભરેલો એક પેગાંમ મોકલેઓ, અને તેમાં જણાંવેઊં કે "ખાલેદ" જે રૂમના શેહેનશાહની તરફથી "સીરીઆ" (શામ) ના મુલકપર હકુમત ચલાવેછે, તેહેને હવો હોકંમ કરવો કે જે માંણસોને તેણે મારી નાંખેઆં હતાં તેહેનો બદલો આપે, અને જે કાંઈ અસબાબ તેણે લુટી લીધો હોએ તે તુરત પાછો "માનદર" ને હવાલે કરે. પણ રૂમનાં શેહેનશાહે તે પેગાંમ ઊપર કસસું ધેઆંન આપેઊં નહી, અને તે કાંમની અંદર સુસતી બતલાવી, તથા તે બાબતથી તે અણજાંણેછે હેવું બાંહાંનું બતલાવેઊં. આ ખબર સાંભવેઆથી નોશેરવાંનના ગોસસાના આતસે શોલો પકડેઓ, અને તે ઊપરથી તેણે ખુનરેજી ભરેલી લડાઈ ઊઠાવવાની મતલબે એક મોહોટું લશકર એકઠું કીધું, અને રૂમના તાબા તલે જે જે દેશો હતાં, તેઓ ઊપર તેણે ધસારો કીધો. તે "મેસોપોતેમીઆ" શેહેરમાં દાખેલ થાએઓ, અને "દાર" તથા "રેહા" અથવા "એડીસા" શેહેરો હાત કરી લીધાં, અને તાંહાંથી તે "શીરીઆ" તરફ આગલ ચાલેઓ, અને "કનસરીન" તથા "એલેપો" ના દેશો ફતેહ કીધાં, અને તેઆર પછે તેણે "એનટીઆક" નું શેહેર લીધું. એ શેહેરના સુંદર દેખાવથી તે ઘણોજ ખુશ થાએઓ, અને પોતાના "એનજીનીઅરો" ને હોકંમ કીધો કે તે શેહેરનો આબેહુબ નકસો ઊતારી લીએ, અને "મદાઈન" નામના શેહેરની પડોશમાં હવીજ રોનક અને ઢપનું એક બીજું શેહેર બનાવે. એ હોકંમ મુજબ સઘલું કાંમ કરેઆમાં આવેઊં, અને તે મુકાંમને "રૂમીએ" હેવું નાંમ આપેઊં. આ શેહેર બંધાઈને તઈઆર થાએઆ પછે, "એનટીઆક" ના સઘલા રેહેવાશીઓને તે તરફ લેઈ ગીઆ, તે વખતે તે શેહેરની રચનાં અને રોનક હેવીતો આબેહુબ નજર આવવા લાગી કે, દરએક આદમી શેહેરમાં દાખેલ થતાંજ પોત પોતાનું રેહેવાનુ મકાંન પીછાંણી ગએઊં. માતરે તે બંને શેહેરોમાં તફાવત એટલોજ હતો જે "એનટીઆક" માં એક ધોબીના મકાંનના દરવાજા આગલ એક ઝાડ તેહેની બેઠક આગલ છાંએડાને વાસતે હતું, તે ઝાડ આ "રૂમીએ" શેહેરમાં જોએઆમાં નહી આવેઊં હતું.

† રૂમની શેહેનશાહતનો નાંમીચો તવારીખ લખનાર મી० ગીબન પોતાના ગરથમાં એ સરદારને "એરીતસ" હેવા નાંમથી લખી ગએઓછે.

‡ "હીરે" એ એક ઘણું મોહોટું અને નાંમીચું શેહેર હતું, અને તે ઈરાક અથવા કાલડીઆના પરાંતમાં આવેલું હતું, એ સેહેર મુસલમાંન લોકોએ ઈસવી સન ૬૩૮ માં લેઈને તારાજ કરી નાંખેઊં હતું.


ખરેખર આ વાત ઘણીજ અચરત સરખી થાઈ પડી હતી.

હવે જેઆરે ઈરાંણી લશકરને નજદીક આવી પોહોંચેઆની ખબર રૂમના શેહેનશાહને થાઈ, તેઆરે તેણે પોતાના એલચીઓને પાદશાહ નોશેરવાંનની સાં મણે મોકલેઆ, અને ઘણીએક આજેજી કરીને માંફી માંગી, અને પાછી દોસતી કરવાની ઊમેદ જણાવી. તેહેના જવાબમાં નોશેરવાંને હેવું કેહી જણાંવેઊં જે શુલેહનું નાતું તે હવી સરતથી કબુલ રાખવા માંગેછે જે આ લડાઈમાં જે જે શેહેરો તેણે ફતેહ કરીને પોતાના તાબા તલે લીધાંછે, તે સઘલાં શેહેરોપરથી રૂમી લોકોએ પોતાનો દાવો કાહાડી નાંખવો, અને બીજું તેઓએ "ટરકી" અને "મીશર" ના દેશોની ચોથાઈ આપવી. રૂમનો શેહેનશાહ સુલેહ કરવાને ઘણોજ ખંતી હતો, તેથી તેણે આ સંઘલી સરતો કબુલ રાખી, અને નોશેરવાંનની ઊપર ઘણુજ કીંમતી નજરાંનું તથા બેશુમાર માલ ખજાંનો મોકલીઓ, અને "શીરીઆ" તથા "મેશોપોટેમીઆ" અને "હજાજ" તથા "એમન" તથા "તાએફ" તથા "બેહેરીન" અને "ઓમાન" ના શેહેરો નોશેરવાંનના સરદારોના અશતકમાં સોપેઆં.

---

## દુનીઆનો મુસાફર.

પત્ર ૯.



પેઆરાં બેહન,

આ છઠા કાગલમાં હું તમને તાતાર દેશની કેટલીએક જાંણવાજોગ હકીકત લખી મોકલુંછું. તાતાર દેશના બે મોટા ભાગ કેહવાએછે અને તે ઘણુંકરીને એક એકથી જુદાં દેશ ગણાએછે. એક સ્વતંતર તાતાર અને બીજું ચીનાઈ તાતાર. ચીનાઈ તાતારને કેટલાએક લોકો મંગોલીઆને નામે ઓલખેછે. મંગોલીઆનો મુલક ચીનની આથમણ દશાએ અને રૂશીઆની દખણ દશાએ આવેલોછે. એ મુલકમાં દખણ આથમણથી તે ઊતર ઊગમણ સુધી રેતીનું એક મોટું મેદાન લાગેલુંછે. એ મેદાન અથવા જંગલ ઘણુ ઊજડછે અને તેમાં ઝાડપાન અથવા પાણી દીઠામાં આવતું નથી. એ મોટું અને ઊજડ મેદાન "ગોબી" ને નામે ઓલખાએછે. ઊનાલાના દીવસમાં એ મેદાન મધે અતી ઘણી ગરમી પડેછે અને શીઆલાના દીવસમાં અતી ઘણી ટંડી પડેછે. ઊગમણ દશા ઊપર "માનચુરીઆ" નામનો ભાગ ઝાડ પાનથી ભરેલો અને માણસથી વસેલોછે. પણ તે ઠેકાણે ઠંડી ઘણી હોવાથી ખેતીવાડીનું કામ સારી રીતે ચાલતું નથી. તેની દખણ દશાએ કોરીઆમાં ખેતીવાડીનું કામ સારૂ ચાલેછે અને કીમતી ધાતુ તથા કીમતી પથરો ઘણા નીકલેછે.

સવતંતર તાતાર મંગોલીઆની આથમણ દશા ઊપર આવીઊંછે. તે મુલકની આથમણ દશા ઊપર કાશપીઅન નામનો મોટો સરોવરછે. એ સરોવર એટલો મોટોછે કે તે દરીઓ અથવા સમુદરને નામે ઓલખાએછે. સાહોન અને જાહોન નામની બે નદીઓ એ મુલકમાંથી પસાર થાએછે. એ મુલકમાં આરલ નામનો સરોવરછે તે ૨૦૦ માઈલ લાંબોછે અને ૧૨૦ માઈલ પોહલોછે.

તાતાર દેશના લોકો તુરકી, તાતારી અને મોગલને નામે ઓલખાએછે. એ લોકો ઘણુ કરીને ભટકતા અને શેકાર કરનારાછે. તેઓ તંબુમાં ઘણુ કરીને રેહેછે અને ઘેટા તથા બકરાં રાખેછે. તેઓ ઘોડા ઊપર અસવારી કરવામાં ઘણા વખણાએછે અને શેકાર તથા લડાઈ કરવામાં ઘણી ઊલટ રાખેછે. જે લોકો એકજ ઠેકાણે પડી પાંથરા રેહેછે તેમને એ લોકો ધીકારેછે. આ કાગળ સાથે એક ચીતર બીડીઊંછે. એક તાતાર શેકાર કરવાને નીકલેછે તેનું એ ચીતરછે.

મોગોલીઆ દેશની ઊપર ચીન દેશની હકુમત ચાલેછે. કોરીઆમાં ચીનના જેવી ઘીચ વસતીછે અને બાકીના ભાગમાં ઘણી વસતી નથી. સવતંતર તાતાર મધે બે શેહેર ઘણા મશહુર થએલાંછે. બોખારા

તથા સમરકંદ. આ મુલક દેખાવમાં ઘણો ફલવંત, સું દર અને આબાદ લાગેછે. એ મુલકના શેહેરોમાં બા ગ બગીચા અને ખેતરો ઠેકાણે ઠેકાણેછે. સમરકંદ અગાઊના વખતમાં એ મુલકનું મુખીઅ શેહેર કેહવા તું હતું. એ શેહેર કેળવણી તથા વીદેઆનું મથક ગ ણાતું હતું અને એશીઆખંડના જુદા જુદા દેશોના એલચીઓ આ શેહેરમાં એકઠા થતા હતા. અગાઊ એ શેહેરની વસતી ૧૫ લાખની હતી હમણા ૬૦ હ જારની કેહવાએછે. હાલ બોખારા મુખીઅ શેહેર કે હવાએછે અને મધીઅ એશીઆખંડમાં તે વેપારનું એક નામીચુ મથક થઈ પડીઊંછે. રૂશીઆ, મંગોલી આ, ઈરાંણ વગેરેના દેશોનો એ શેહેર સાથે જબરો વેપાર ચાલેછે. એ મુલકના જુદા જુદા ભાગ કરેલાછે તે ઊપર ખાન ખેતાબ ધરાવનારા હાકમી ચલાવેછે.

---

## ચરચા પતર.

અમદાવાદની તા૦ ૨૮ મી મેએ ૧૮૬૧

શ્રી મુમબાઈ મધે,

અસતરી બોધના અધીપતી સાહેબ—

જત તા૦——મેએ ૧૮૬૧ ને દીને શ્રી અ મદાવાદ શેહેર મધે એક કુલવંત ખાંનદાંનમાં, માંણ સ જાતને ઘણોજ દલગીરી ઊપજાવનારો તથા એક ખાંનદાંનને માહાતંમનાં ગારમાં નાખનારો બનાવ બ નીઓછે. જે વીશે તમારા નેકીની રાહાના બતાવનાર ચોપાંનીઆંમાં (અસતરી બોધમાં) ઘણીએક નશીઅત કરીઆમાં આવીઆ છતાં મને તથા મારા જેવી બીજી અબલાઓને બહુ દુખ ઊપજીઊંછે, જે બીના તમારા નેક રાહાનાં બતાવનાર ચોપાંનીઆમાં દાખેલ કરશો હેવી ઊમેદ મનેછે.

અમદાવાદનાં એક ગરથથ વેપારી તથા કનતરા કટરનો પેસો કરેછે તેઓના છોકરાની ઓરતને હમેલ હના અને તેણે એક છોકરીનો જનમ પોનીદી સારી તન દરસતીમાં આપીઓ, પછી નાતવાંની થએઆથી જ રા બીમાર પડી તેથી તેની સાસુએ એક અનઘડ હો રા વઈદની દવાઈ કીધી, તે હોરાએ પેહેલ વેહેલાંજ કાંઈ ગોલી આપી તે ગોલીમાં મારા—ના કેહા મુજ બ પારો કે અમબેર મારેલો હતો, તે ખાધાથી આખી રાત તેના ચાવનીઆં બેસી ગીઆં અને બેહોસ પડી, પાછી સવારે ઘણીએક યુકતીથી તેને જાગરત અને શા વધ કરવા કીધી પણ શેકર ! અફસોસ ! તે બીચારી સવારે દસ કલાકે મરણ પાંમી.

અધીપતી સાહેબ, એ બાબત ખરી બનેલી, મા રી નજરે જોએલી, અજમાવેલીછે જેને તમારી કલમ પર પકો ભરૂસો મુકવામાં મને મદદ કરીછે, અને હું ધારૂછું કે બીજી અબલાઓનીબી ઊપલી બાબતથી ખાતરી થશે કે કાહાવા પરીથી અને બીજી અનઘડ વ ઈદની દવાથી ફાએદાને બદલે પરાંણ ઘાત થાએછે. અ ધીપતી સાહેબ એટલું લખી હું મારૂ કાગજ પુરૂ કરૂ છું પણ મારી આએ પેહેલી ટેસેસને લીધે કાંઈ ભુલ ચુક તથા ખરાબ અખસર હોએ ને મને માફ કરજો અને તમારા જ્ઞાનવાલાં ચોપાંનીઆંમાં આ બાબત દા ખેલ કરશો તો મને બીજી બાબદો લખવાનો માહાવ રો અને ઊલટ, હોંસ છુટસે. હાલ તુરત એજઅરજ.

હું છું.

તમારી તાબેદાર

"————"

---

## પરચુરણ બાબદો.

**લંડનના રેહવાશીઓમાં રોટલી, દારૂ અને દ** વા વગરેનો ખપ—૧૦૦૦ દારૂના વેપારીઓ અને ૪૦૦૦ પીઠાંવાલાઓ તેમની તરસ મટાડવાને રોજગાર ચલાવેછે—૨૫૦૦ રોટલીના પદરખાનાછે. ૧૭૦૦ ખાટકીઓના દુકા ન, ૨૬૦૦ ચાહ વેચનારા, ૧૨૬૦ કાફી વેચનારના પોમખા ના, ૧૫૦૦ દુધ વેચનાર ગવલીઓ અને ૧૩૫૦ તંબાકુવા લાઓ કામમા લાગેછે. એ સઘલા ખોરાકનુ પાચન બરાબ ર થાએછે કે નહી તેની તપાસ માટે સારો દાહાડો ,અને રાત ૨૪૦૦ સનદવાલા ડાકટરો ગલીઓ અને સેરીઓમા ફરતા ફરેછે અને તેમના આજારી ઘરાકોને અંતે ૫૦૦ ગો ર બનાવનારાઓના સવાધીનમાં આપેછે.

**ફરાંનશ દેશના ગાંમડાંમાના નીમ હકીમો—જે** મ આપણી ટાપુમાં અને હીનદુસથાનનાં બીજા શેહેરોમા નીમ હકીમો, હેરાજીઓ, નાડીવઈદો અને આરા પીછી કર નારાઓ હોએછે તેમજ ફરાંનસ દેશ જેવા સુધરેલા મુલકમા પણ ઘણાછે. તેઓ વીશે એક તબીબ નીચે પરમાણે પોતાના મીતરને લખી જણાવેછે, " એક દાંતનો વઈદ પોતાનો ગ ટો પેટારો લઈ, આંખનો વઈદ ગાડાંમા બેસી ફરેછે તેની

સાથ હરીફાઈ કરેછે. એક નાલખંધ ભાગેલાં હાડકાં અને ઉતરી ગએલા સાંધાઓ બેસાડેછે. એક બુઢી ઓરત જે લોકોના હાથ પગ નહી ઉતરી ગીઆ હોએછે તેમને ચડાવેછે. એક હલાલખોર સાદી દવા આપી ગમે તે દરદ હોએ તે સારૂં કરવા માંગેછે પણ તેની ફી ઘણીજ મોઘી રેહછે."એક જાદુગર જે માણસ અને જાંનવરોનુ ભવીશ કેહવાનો ફાંકો રાખેછે તે ઘણી હીમતથી દવા લખી આપેછે. એક ઓરતને તાવ આવતો હતો તેણીને ઇડાંની દાલમા તરણ જુ ભેલીને ખવાડી. એક દાઈ એક રતલ માખંણ માટે જે આવે તેને સંગરાહ મુકેછે. કેટલાએક પાદરીઓ બે ચાર વઇદકને લગતા પુશતક વાંચી હેવુજ શમજેય કે તેઓ શીખેલા ડાકટરની માફક આજારી માણસને દવા આપી શકેછે. એ વગરે કાનના, આંખના, વીજલી અને લોહચુંબક લગાડી સારૂ કરનારાઓ સઘલા ડાકટરોમા ખપેછે." જારે સુધરેલા દેશોમાં હેવા નીમ હકીમો હોએછે તારે વીરબાઇજી કેહછે કે મારા ખુરાદીની આ જમશેદજીની ઇસપીટાલવાલા ચોરીઆઓ સાસારૂં અદેખાઈ કરેછે. તે કાંહાં બીચારો ફેરાના બે રૂપીઆ લીએછે તેતો મેહલાં દવા સારૂ થોડા રૂપીઆ માંગેછ પછી સારૂં થાએ તારે પચાસ કે શો રૂપીઆ દરદી પોતાની ખુશીથી આપેછે કે દરદમાં કાંઈ કશર રાખે નહી.

**શખત ઠપકાની અશર**—સેંટ મોનીકા નામનો એક પાદરી લખેછે કે મારી માએને ધીમે ધીમે દારૂ પીવાની ટેવ પડી હતી. મારા કુંટંબમા બીજાઓ કરતાં તે ઘણી સાવધ રેહતી તેથી તેને જે ઓરડામા દારૂ રાખી મેલતાં તાંહાં લેવા મોકલતા હતા. તેણીને દારૂ પીવાનુ અકારૂ હતું તેથી તે થોડો બાટલીમાથી પીતી. પણ આસતે આસતે થોડો પીવાને બદલે તે ગલાશ ભરી લેવા લાગી અને જેમ માણસો થોડા ધુનાંમાંથી વધારે ધુનામાં ગરક થાએ તેમ તેને દારૂ પસંદ પડીઓ અને તે મોટા ગલાસો ભરી લેવા લાગી. પણ એક દાહાડે દારૂના ઓરડામા તે અને પોતાની ચાકરડી જે હમેશ તેની શાથે જતી હતી તેઓને કજીઓ થાએઓ અને ચાકરડીએ તેને ઠપકો આપીઓ કે તું છાકરીછે. આ બોલ તેને તીરની માફક લાગો અને તેની શુધ ઉગડી અને પછી બીલકુલ પીવાનુ બંધ કીંધું.

**મન ખુશીથી કરેલી કમાઈપર માંગનારાઓનો દાવો ચાલે નહી**—બાઈઓ આપણે શરવ કોઈ જાણીએછે કે દુનીઆમા તવંગર ગરીબ થાએછે અને ગરીબ તવંગર થાએછે, વેપારીને ખોટ જાએછે, ઘરબાર વાલાઓને આગથી નુકસાન થાએછે, ઘરેણા ચોરાઇ જાએછે, એ પરમાણે પઇસાનો ખજાનો વેરાઈ જાએછે અને તેનો ધણી ફકીરી હાલતમાં આવી પડેછે. પણ જે ખજાંનો માણસ પોતાના અકલથી અને અભીઆશથી પોતાના મગજમા એકઠો કરેછે તે કાંઈ ખોવાઈ જતો નથી માટે તમોએ પઈસાની મગરૂરી રાખી બાલકોને વીદીઆથી વેગલાં ન રાખવાં, પઇશા ખરચી તેમની મનસુધી પરકાશતી કરવી કે વીદીઆ ધનના જોરથી તે દુનીઆના સઘલાં શુખ પાંમશે. નીચે લખેલો ફરેંચમનનો હેવાલ વાંચવાથી તમને એક સારો દાખલો મલશે. મોનગીઉ કરીબેલો નામના એક ફરેંચ કવીએ નાટકને લગતી એક કવીતા બનાવી તેની સઘલા દેશમાં ભારે તારીફ થતી હતી. જારે તે કવીતા છાપવામા આવી અને નાટક શાલામા તે લોકોને રમુજ આપવા લાગી તારે તેના બનાવનારના માગનારાઓએ ચોપડી છાપનાર અને નાટક શાલાના કારભારીપર તે કવીતાથી તેમને જે નફો થએઓ તેપર દાંવા લાંવીઆ, તેથી કવીને ગુમો ઉપજીઓ અને તેણે પંદરમા લુઈ પાદસાહને નીચે પરમાણે અરજ ગુજારી કે, માણસની મનખુશીની મતાપર માગનારાઓનુ જોર ચાલે હેવુ અતીઆર શુધી બનીઉ નથી અને એમ કરવાને જો તેમને રજા મલશેતો જેઓ વીદીઆ હુનરના કામમા ગુંતાઆ હશે અને તેથી પોતાના દેશીઓને ઉપીઓગી થવાને ભારે મેહનત લીધી હશે તેઓ હાવાં ઘાતકી કામથી પોતાના નામીચાં પુસતકો છાપવાને હીમત નહી ચલાવશે. બીજુ જેઓ લખવા વાંચવાનો અભીઆશ કરેછે તેઓ ગરીબ હોએછે તેથી તેમની મેહનતની ઉપજતી પેદાશપર તેમનો હક રેહછે અને ધારાના હીમાતી તથા બીજા ધંધાવાલાઓની "ફીઈ" પર કોઈનો ફરાંશ દેશમા દાવો ચાલીઓ નથી. આ અરજીના જવાબમા પાદશાહે તરતજ હોકમનામુ કરી આપીઉ કે ફરીઆદીની જપત કરેલી કમાઇ તેને પાછી અપાવવી, એ હોકમનામુ ૧૭૪૯ ના મેએ માસની ૨૧ મી તારીખનુછે તેમા જણાવેછે કે, મનખુશીથી પેદા કીધેલા ગરથો જપત થઈ શકે નહી. કરીબીલોના મરણ વખતે પાદશાહે તેની શંગેમરમરના પથરની ઘોર બંધાવી.

**ઠગનારજ ઠગાએછે**—જેઓ ઠગાઈ કરેછે અને ફરેબ રમેછે, તેઓ બીચારાં જાણતાં નથી કે જેમને હમો ઠગવા ધારીએ છીએ તેઓતો ઠગાતાં નથી પણ ઓર હમેજ ઠગાએ છીએ. ઠગાઈ કરનાર પોતાની તાલ મેલ, ઉલથાપ અને ફરેબથી મનમાં ખુશી થએઆન કરેછે કે હવે હું પાર પડીશ—મારી ઠગાઈમાં હું ફાવી જઈશ—જેને ઠગવાની મેં જાલ પાંથરીછે તેમાં તે સપડાશે; પણ એક દાનાવ શાખસ કેહેછે કે ઉપર જણાવેલા વીચારો પોતેજ ઠગાઇ ભરેલાછે અને એ વીચારો પોતેજ ઠગાઇ અને ફરેબ રમી ઠગનાર શાખસને જ ઠગીઆ કરેછે.

**ગલે ગાંઠ ને મોહડે ડુચા**—આ મતલબને મલતી એક કેહેવત આપણા લોકોમાં મશહુર થએલીછે. કેટલીક વેલાએ એવા બનાવો બનેછે કે જે વીશે ગલાબંધ કરવાં તથા મોહોડે ટાલાં મારવાં પડેછે, તે ઉપરથી એ કેહેવાતે જનમ લીધેછે. એ કેહેવત ઉપર અમલ કરવો કેટલેક દરજે દુરસત લાગેછે, કારણ આપણને ચુપકીદી અખતીઆર કરાવનાર ને ખામોશી પકડાવનાર એવા કેટલાક બનાવો બનેઆથી આપણને આગલ ચાલતાં વધારે સાવધ અને હુશીઆર રેહેવાની ટેવ પડેછે, જેમ કે એક માણસ આપણી સાથ ઘણો નીકટનો સંબંધ અને પેઆર ભરેલી મીતરાચારી ધરાવીને પછે આપણને ઠગી જાએ. તો તેવી વખતે ઉપલાં મથાલાં પરમાણે આપણને ચુપકીદી અખતીઆર કરવી પડેછે, પણ તેથી સાવચેતી અને હુશીઆરી ઘણી વધેછે, કે આગલ ચાલતાં નીકટનો સંબંધ કોઇ

સાથ રાખવોને પેઆર ભરેલી મીતરાથારીનો ગાંઠ કોણ સાથ બાંધવો.

---

**ચાહેનો ખપ !**—સતા ભરેલા દસતાવેજો ઉપરથી એવું માલુમ પડેછે કે ઈ૦ સ૦-૧૮૦૧ ના સાલમા જે વખતે જ દાત સઉ મલીને આસરે બે રૂપીએ ને બે આને રતલ ચાહે પડતી હતી તે વખતે ઈંગલંડ,સકાટલંડ અને આઅરલંડ મધે ૨૩૭૩૦૧૫૦) રતલ ચાહેનો ખપ થએઓ હતો, તથા ફકત એ ચાહેનીજ જગાતનાજ ૧૪૨૩૬૬૦૦ રૂપીઆ ઉપજીઆ હતા. ઈસવી ૧૮૬૦ ના સાલમાં જારે દર રતલ ચાહેની લગભગ ૧॥ રૂપીઓ કીમત પડતી હતી તારે ૭૬૮૧૬૩૯૪) રતલ ચાહે ખપી હતી.

---

**પરવારતી બાઈને કાંઈ કામતો જોઈએ !**—દીનબાઈ, હોસીબાઈ વગેરે નવરી નકામી બેહેલી બાઈઓ ઘણી વાર કાંઈ ટાહેલાં અથવા કુથલા કરવા બેસેછે, તેવારે તેમને માટે એવુંજ બોલાએછે કે "બાં નવરાં નકામાં શું કરે ?" એને મલતી પીરોજબાઈની એક રમુજી વાત સાંભલવામાં આવીછે. કેહેછે કે પીરોજબાઈ એક દાહાડે નવરાં પડીઆં તારે વીચાર દીધો કે હવે કરૂં શું ? કાંઈ કામબી નહી મલે, તેથી માલ ઉપર જઈ એક કાગલનો કટકો લઈ પોતાની સહી પનબાઈજી ઉપર ચીઠી લખવાં બેઠાં. લખવાનું કાંઈ સુજીઉં નહી તારે નીચે મુજબજ લખીને ચીઠી મોકલી દીધી. "બેહેન પરવારતી પડીછું ને કાંઈ કામ કાજ મલે નહી માટે આ ચીઠી લખવા માંડીછે. તેમજ બેહેનજી લખવા જોગ જરૂરનું તો કાંઈ નથી તેથી કાંઈ લખીબી શકી નથી." નવરાં નકામા બેસી ટાહેલાં તથા કુંથલા કરતાં આ ચીઠી લખવાનો કલપના વધારે નીરદોશને સારીછે.

---

**વકીલે વાંધો પતાવીઓ**—એવું તો કદાચજ બને કે વકીલને ઘેર ગએલા વાધા ઘેરમેલે પતે. તોપણ જો કાંઈ ખરા વીશવાશુ ને એકીનદાર વકીલ સાથ કામ પડીઉં તો વાંધાનો નીકાલો ઘેર મેલેજ આવેછે. કેહેછે કે બે પડોસીઓ વચે એક વાર છાપરૂં ચરાવવાનો કાંઈ નજીવો વાંધો પડીઓ હતો. બંધે પડોસી એક બીજા ઉપર કફા થવા લાગા ને વાંધાનું મુલ જુઓ તો પાંચ ચાર રૂપીઆનો ખરચ. અંતે વાત વધી પડી ને એક જણ લાગલો વકીલને તાહાં ગએઓ. વકીલના ધારા પરમાણે તેની મસલત લેવાના લવાજમ દાખલ (૧૫ રૂપીઆ) એક મોહોર મુકીને પોતાની બધી કેફીઅત તેને કહી અને તેનું મન પુછીઉં કે મેં લીધેલો વાંધો વાજબીછે કે નહી ? વકીલે ધીરજથી જવાબ દીધો કે "ભાઈ તમો બધી વાત માંડી વાલો, કજીઆનું મોહોડું કાલું કરો, ગા માટે બે પડોસીઓ અમસથા એક બીજા સાથે મીનાકમો કરોછો ? લઓ આ રૂપીઆ પાંચ હું મારી તરફથી તમોને આપુંછું ને તમો એ છાપરૂં ચરાવો ને વાંધો પતાવી દેઓ." એમ કહી પોતાને મલેલા રૂ ૧૫) માથી દસ રોકડા ગજવામાં મુકી દીધા ને તેમાનાજ વધેલા પાંચ પેલા ભાઈને આપી રખશુદ કીધા. તે ભાઈબી ખુશી થએઆ કે ચાલો ઠીકજ થઈઉં વલી માઠાકુટ કોણ કરતે !!!

**તમાચો મારી મોહોડું લાલ રાખવાની જરૂર**—દુખતો માણસનાં જનમારાથી તેના ઉપર ઉતરતું આવીઉંછે. દુખ વગરનું માણસ તો હોએજ નહી. દુખ માણસને માટે નીરમાણ થઈઉં હતે નહી તો સુખની કદર અને જરૂર માલુમ પડતેજ નહી. ટુકામા કહીએતો તમામ માણસ જાત પોતાની જીંદગીના સંપાટામાં દુખનો સપાટો જોઆ વના રેહેનાર નથી, એટલું છતાં કેટલાંક માણસો ઘેરઘેર પોતાંના દુખ વીશે ફરીઆદો કરેછે અથવા જેઓ પોતાને મોહાડે બોલીને પારકાંને પોતાની ફરીઆદ સંભલાવતાં નથી તેઓ પોતાના ચેહેરા અને દેખાવ ઉપરથી પોતાની દીલગીરી તથા દુખ જાહેર કરેછે, તથા તે વીશે બડબડેછે. એ બાબદ લખતાં એક જણ જણાવેછે કે માણસ ઉપર ગમે એવું દુખ, સંકટ આવી પડે તોપણ તેણે ઘટતી જગા શીવાએ જાંહાં તાંહાં તેની ફરીઆદ કરવી નહી અને દેખાવ પણ તેવો કરવો નહી, પણ ઓર કેહેવાત મુજબ તમાચો મારી મોહોડું લાલજ રાખવું. એવું થએઆથી તેના પોતાના હકમાં ઘણો ફાએદો થાએછે. ઘણીવારતો એવા લોકો મલી આવેછે કે તેઓ દુખીઓનાં દુખ સાંભલવાને મુદલ ઈછતા નથી તથા તેવાનો સંગ કરવાને પણ ચાહાતા નથી, જેથી કરી દુખીનાં દુખ કમતર થવાને બદલે વધી પડેછે.

---

**પોતાનુ પોતેજ ભોગવવું**—કેટલાકોમાં એક બુરો ખવાસ જોવામાં આવેછે તે એછેકે જારે તેમનો કાંઈ વાંક નીકલેછે અથવા જારે તેમને વીશે કાંઈ બુરૂં માલુમ પડેછે, તારે તેઓ તેનો વાજબીને ઘટતો બચાવ કરવાને બદલે બીજાઓમાં તેવી ખોડ શોધવા માંડેછે, કે ફલાણો હાવોછે, ને ફલાણા વીશે એમ સંભલાઈઉછે. એ રીત કરતાં બેહેતર રીતતો એજછે કે જેનુ તેણેજ ભોગવવું. પોતાનો વાંક નીકલીઓ અથવા પેતાની ખાપણ જણાઈ એટલે તેને સુધારવા પાછલજ કમર કસવી જોઈએછે, અને બીજાઓમાં તેવા દોશછે કે નહી તેની તજવીજ કરવાની કશી જરૂર નથી. એવી રીતે સઉ લોક જો વીચારે ને તે ઉપર અમલ કરેતો પછે નાલેસી, નીંદા અને બદગોઈ જેવી ચીજો જડમુલથી નીકલી જઆ વના રેહેજ નહી.

---

**શું પંખેરાં બોલેછે વારૂં !**—સઘલાં પખસીઓ સહવાર અને સાંજ પોતાનો ખોરાક અને ચારો શોધવાનાં કામમાં મશગુલ થએલાં હોએછે. કેટલીકવાર એવું બનેછે કે સારાં ભાએગે કેટલાંકોને કાંઈ જગા ઉપરથી પુશકલ ચારો મલી આવેછે તારે બેશક તેઓ તે વીશેની ચેતવણી પોતાનાં બીજા સોબતીઓને કરેછે. એક લખનાર કેહેછે કે ઘણીવાર મેં મારી નજરે જોએલુંછે કે તુરતનાં અનાજ વાવેલાં ખેતરમા તે જગા ઉપરનાંજ સેહેજ પાચ દસ પખસીઓ પેહેલવેલા જોવામાં આવતાં, જે સંખીઆમાં હલુ હલુ એટલો તો વધારો થઈ જતો હતો કે પછે તો તે ગણાઈ પણ શકે નહી. અને વલી એ બીજાં પખશીઓ જે આવતાં હતાં તે કાંઈ તેજ જગા અથવા ગામેમોનાં નહી પણ ઘણે દુર દેશાથી ગોઆ કાસદો મોકલી તેમને તેરાવીઆં હોએ એમ આવતાં હતાં. અગર જો ફલ પાકેલું એકજ ઝાડ કોઈ કાગડાની

નજરે પડીઉં તો બેશક તે તેની ખબર પોતાના જાતભાઈઓ માં એટલીતો ઝડપથી ફેલાવશે કે તે ઠેકાણે સેંકડો કાગડા આવી લાગવાના. આ રીતે જોતાં એવુંજ માલુમ પડેછે કે ખરેખર પંખેરાંઓ પોત પોતમાં બોલેછે.

**માણસનાં શરીરની ગણતરી**—માથાંમાં ૬૦ હાડકાં, જાંગ અને ગુડામાં મલી ૬૦ હાડકાં, હાત અને બાહાવરામાં મલી ૬૨, અને ધડમાં ૬૭ હાડકાં હોએછે. આખાં શરીરમા ૪૩૪ સનાઇઉઓ એટલે માસના લોચા હોએછે, તેનાં દીલ ગુરદાના એક મીનીટમાં ૬૪ ધપકારા થાએછે, ઈ આને એક કલાકમાં ૩૮૪૦ અથવા એક દાહાડામા ૯૨૧૬૦ ધપકારા થાએછે, તેમજ એક કલાક જેટલા ટુક વખતમાં તેનાં આખાં શરીરમાં ૩ વાર લોહી ફરી વલેછે.

**કેટલાંક જાનવરોની ઝડપ**—સલાથ નામનું એક જાનવૂર આખા દાહાડામાં ૫૦ કદમ ચાલી શકેછે !! કીડો એક મીનીટમાં પાંચ તસુ ચાલી શકેછે ! એનટીલોપ જાતનું એક હરણ એક મીનીટમાં એક માઇલ જઈ શકેછે; તાતાર દેશનું જંગલી ખચર તો આનટીલોપ કરતાં પણ વધારે ઝરપ બતલાવેછે ગરૂડ પખસી એક કલાકમા ૫૪ માઇલ એટલે ૨૭ ગાઉ સુધી ઉડીઉં જાએછે. કનેરી જાતનું પખસી એક કલાકમા ૪૮ માઇલ ઉડેછે.

## લગનમાં ફટાણા ન ગાવા વીશેનું ગીત.

"ધોળકામાં ધરમશી ફુલતો મેઘાડંબર ગાજે"

એ રાગનું.

આવો સઈયર બાઈ બેનડી, ગાઈયે ગીત રૂપાળાં,
મંડપમાં મેલો દીવડો, ભલાં થાય અજવાળાં ॥ ૧

આજ ઘડી આનંદની, આજ રજની રૂપાળી,
સોનાનો સુરજ ઉગીયો, આજ દીવસ દીવાળી ॥ ૨

ગાઇયે ગીત ભલાં ભલાં, વેવાણોને હરખીયે,
બોલ બેઅદબી ન બોલીયે, જેથી જાત લજવીયે ॥ ૩

કોળી નાળીના કુલની, એતો ગાય નકારૂં,
આપણે ઉતમ જાતના, નહી ગાઈયે નકારૂં ॥ ૪

જાતને ભાતતો જાણીયે, બોલે બોલ જે ઘડીયે,
બોલે નઠારૂંતો નાપકા, એમાં આધાં ન પડીયે ॥ ૫

ઉતમ જાતની ઓરતો, ખોટું ગાતાં લજાશે,
મધીયમ જાતની માનની, ગીતે મશકરી ગાશે ॥ ૬

મશકરી પણ મરજાદની, આપણી એબ ન બોલો,
નરૂર ફટાણાની હોયજો, કહુ એટલું બોલો ॥ ૭

વેવાણને કરો વાંનરી, ગાંડ પુંછડે વાળો,
વેરાસી કહીયે વેવાઈને, કાપે કામળો કાળો ॥ ૮

એથી અધીક વીધે ઓચરે, નીચી જાતમાં ભળવા,
બાપ ભાઈ બેઠા સાંભળે, જેવા વેશ્યાના ભડવા ॥ ૯

ધીક પડયો અવતાર એ, શબદ શું કહીયે જાતા,
કામતી નહી એતો કુતરી, મરદ નહી એતો માદા ॥ ૧૦

સારી શીખામણ ગાઈયે, જેથી રામજી રીઝે,
દસકત દલપતરામના, દીલમાં લખી લીજે ॥ ૧૧

## પ ૬.

મનજી મુસાફર રે,
ચાલો નીજ દેશ ભણી ॥
મુલક ઘણા જોયા રે,
મુસાફરી થઈછે ઘણી ॥ ટેક ॥

સ્વપુર જવાનો પંથ આવીઓ છે,
રખે ભુલતા ભાઈ ॥
ફરીને આ મારગ મળશે નહી,
એહેવી છે અવળાઈ ॥
સમજીને ચાલો સુધા રે,
નાં જાશો ડાબા કે જમણી ॥
મનજી મુસાફર રે,
ચાલો નીજ દેશ ભણી ॥ ૧ ॥

વચે ફાંશીઆ વાટ મારવાને,
બેઠાછે બે ચાર ॥
માટે વળાવા રાખો બે ત્રણેક,
તીઆરે તેનો નહી ભાર ॥
મળીયોછે એક ભેદી રે,
કહેલી ગતી સહુ તેતણી ॥
મનજી મુસાફર રે ॥
ચાલો નીજ દેશ ભણી ॥ ૨ ॥

હાવાં માલ વોહોરોતો વોહોરો શેઠના નામનો,
થાય નો કયેઉ અટકાવ ॥
આપણો કરનાં જોખમ આવે,
ફાવે ધણીનો દાવ ॥
એટલા સારૂ રે,
નાં થાવું વોહોરતના ધણી ॥
મનજી મુસાફર રે,
ચાલો નીજ દેશ ભણી ॥ ૩ ॥

જો જો જુગત થકી જાવું છે,
કરજો સંભાળીને કામ ॥
દાસ દયાને એમ ગમેછે,
હાવાં જઈએ પોતાને ગાંમ ॥
સુઝેછે હાવાં હેવું રે,
અવધ થઈછે આપણી ॥
મનજી મુસાફર રે,
ચાલો નીજ દેશ ભણી ॥ ૪ ॥

# સ્ત્રીબોધ.

પુસતક ૫ મું | સપટેમબર ૧૮૬૧ | આંક ૯ મો.


## નઠારી ફરંગીજ ઠેકાણે આવી.

નાટક ૧.

પાત્ર.

| | |
|---|---|
| ગોદરજ .. .. | શીરાજ શેહેરનો એક તવંગર ગરહસથ. |
| કોબાદ .. .. | એક વેપારીનો છોકરો. |
| તેહેમુર .. .. | ઇસફાન શેહેરનો એક ગરહસથ. |
| શાહાપુર.. .. | શીરાજ શેહેરનો એક ગરહસથ—તેહમુરનો મીતર. |
| ગુરગીન.. .. | તેહેમુરનો મશકરો ખીદમતગાર. |
| ફરંગીજ .... | ગોદરજની મોટી છોકરી |
| મેહેરબાનુ.... | ગોદરજની નાહાની છોકરી |
| | દરજી, સારંગીવાલો તથા બીજા ચાકરો ઇતીઆદી |

ભાગ ૫.

પ્રવેશ ૧.

(ઠેકાંણું તેહેમુરનું ઘર)

### તેહેમુર અને ફરંગીજ.

તેહેમુર—ચાલો પેઆરી ફરંગીજ આજનો દાહાડો આપણે ઠરાવીઆ મુજબ તમારે બાપને ઘેર જવાનોછે. આ ગલથી સઘળી તઇઆરોનો તમે કરી મુકી હશેજ. ઠીકછે, વખતેબી સારોજછે. હજીતો સહવારનું પોહારછે, બામદાદનો શીરેપોરનો વખત ઘણો સારોછે.

ફરંગીજ—(જરા અચરત થઇને) નારેજી, એમશું બોલોછો ! બપોર થયા ને બામદાદ શું કહોછો. બેતો વાગી ગયાછે.

તેહેમુર—હજી તમે તમારો સવભાવ મુકીઓ નથીની ! બસ મારી સાથેતો જે વાત હું કેહું તેજ થવી જોઇએ, હું રાત કહુંતો રાત ને દીવસ કહુંતો દીવસ થવા જોઇએ. માહારી ઇછાની સામે થવાની કોઇએ હીંમત ચલાવવી જોઈતી નથી. હરેક કોઈનાં બોલેશાં અથવા કરેતાંની વચમાં ટકટક કરવાનો તમારો જે ખવાસછે તે હજી ગઇઓ નથી, તો હુંબી ખરો કે આજે તમારે ઘર જવાનું બંધ કરૂં. ચાલો બાંધેલો સરસામન છોડી નાખો.

ફરંગીજ—પેયારા તેહેમુર એટલી નજીવી જેવી વાત ઉપરથી એટલો ખોફ કેમ કરોછો વારૂં ! હું ચુકી, ભુલમાં મારાથી એમ બોલાઇ ગીઉં, વાસતે પેઆરા ખાવંદ એ વીસરી જાઓ ને ઠરાવ મુજબ નીકલવાનું મન કરો. હોય માણસછે ચુક કરે.

તેહેમુર—(જરા દમાગમાંજ) ઠીકછે, તારે, ફરીથી સંભાલ રાખજો.

પ્રવેશ ૨.

(ઠેકાંણું એક જાહેર રસતો)

### તેહેમુર, ફરંગીજ, અને ગુરગીન.

તેહેમુર—(રસતા ઉપર થોડાક ચાલીઆ પછે વીચાર કરવા લાગો કે હવે ફરંગીજ ઠેકાણેતો આવી ચુકીછે, તોપણ હજી પુરેપુરી ઠેકાણે આવીછે કે નહી તે તપાસી જોવી જોઇએ, નહીતો વલી કાંઇ ફાંટોબાંટો આવશેતો અડચણ પડશે, તેથી તાલ શોધી કાહાડીને બોલીઓ) આહાહા ! માહાબખતારની શી મજેની રોશની પડેછે. આફતાબની રોશની કરતાં આ માહાતાબની રોશનીનું નુર ઘણું તેજ મારેછે. ઠંડક પણ સારી પડેછે; એ સીરે પોરની મુસાફરીજ ઘણી સારી ગણાએછે.

ફરંગીજ—નારે પેઆરા ખાવંદ, એ કાંઇ રાત નથી. ખરા બપોરનો વખતછે, માહાતાબ નથી એતો આફતાબછે, ને ઠંડક શી બરીકે, ટપોટોતો પડેછે. દીલમાં આગ આગ બલેછે ને કચવચ થાએછે. એને શીરોપોર કોણ કહે વારૂં !

તેહેમુર—કોણ કહે ! હું કહુંછું કે આં રોશની જે આટલી બધી પડેછે તે માહાતાબનીછે. અને ટપોરો શાનો પડેછે ! આવી શીરી લેહેર આવેછે ને તેથી દીલમાં ઠંડક વલેછે કે કચવાટ થાએછે !

ફરંગીજ—ના, હુંતો કહુંછું કે એ રોશની આફતાબનીજછે. ને ટપોરો તથા કચવાટ ખરેખર થાએછે.

તેહેમુર—(જરા દમામ કરીને) બસ ! મારી ખાતરી થઇ કે તમે હજી ઠેકાણે આવ્યાં નથી. મેં કહીઉંતું કે જે

હું ચાહુ તે થાએ, માહાતાબ કહુંતો માહાતાબ ને આફતાબ કહુંતો આફતાબ ને સેતારા કહુંતો સેતારા, તમુને મારા વીચારની સાંથે મત આપવાની કશી અગત અથવા મુખતીઆરી નથી. ખેર, પાછાં ફરો આપણે ઘેર પાછાં જઈએ. હુંબીતો ખરો કે જાંહાંવેર આ મુજબ તમો ચાલશો તાંહાંવેર હું કદીપણ તમારા બાપને ઘેર જનાર નથી.

**ગુરગીન**—(ફરંગીજને હરૂમે) બાઈ બોલી દેવોની, શેઠ કેહે તેજ ખરૂંછે. નહીતો વલી ધકા મુકી ખાતાં આવીઆં ને પછાડા ખાતાં પાછાં જવું પડશે.

**ફરંગીજ**—ખરી વાતછે, ગુરગીન, વખત જોઈને વાત કરવી જોઈએછે, એવણનાં વીચાર પરમાણેજ હવેતો કરવું જોઈએ એટલે બધી વાતની પંચાતી ઓછી થાએ, ને કંકાસ કકલાટ પણ દુર થાએ.

**ગુરગીન**—(પોતાનાં મન સાથ, હં, ઠેકાણે આવીઆં ખરાં ! સેરને માથે સવાસેર થાએ તારેજ બા આવી ઓરતો ઠેકાણે આવતી દેખું!) હા, બાઈ હા બોલી દેવો.

**ફરંગીજ**—પેઆરા ખાવીંદ તેહેમુર તમો કહોછો તે વાજબીજછે, મારે અમસથી ટકટક કરવી જોઈતી નથી. માલો સાહેબ માફ કરો; હા એ માહતાબની રોશનીછે, અલબતાં શીરેપોરનો વખતબીછે, અને તેથી દીલમાં તાહોડકબી વલેછે ખરી. તમે કહોતો એ માહાતાબછે, તમો કહોતો આફતાબછે, ને તમો કહોતો એ શેતારાછે. જે તમો કેહેશો તેજ હોશે ને નહી હોશેતો તુરત તે બની જશે એવી મારી ખાતરી થઇ ચુકીછે, વાસતે હવે આટલાં બધાં આવેલાં પાછાં કાંહાં જઈએ, બેહેતરછે કે મારા બાપને ઘેરેજ જઈએ.

**તેહેમુર**—તારે હું ફરીથી કહુંછું કે એ માહાતાબછે.

**ફરંગીજ**—હા, પેઆરા ખાવીંદ મનેબી લાગેછે કે એ માહાતાબજછે.

**તેહેમુર**—ના, તારે વળી તમે બીજી તકસીર કીધી. એ માહાતાબ નથી, એતો આફતાબછે. શું આફતાબ ને માહાતાબને તમો પારખી શકતાં નથી!

**ફરંગીજ**—હા, સાહેબ તારે એ આફતાબછે. હવે તમે જો ના કહો કે એ આફતાબ નથી ને માહાતાબછે, તો એ આફતાબ છતાં તુરત માહાતાબ થઇ જશે. એતો સઘલું તમારા સુખન ઉપરછે, ને તમારો જે સુખન નીકલે તેજ માહારોબી સુખન થવાનો.

**ગુરગીન**—(એખલો મન સાથે) ચાલ શેકતો પાર પડીઆ! બાઈ માખણ જેવાં થઇ ગીઆં. કડાસના ને કંકાસનાં માણસોને ઠેકાણે લાવવાનો આપણનેબી સારોરસતો માલુમ પડીઓ. એબી અકલનું કામછે. શેઠ આટળીજ રૂપ કરે નહીતો બાઈતો એવાં હતાં કે શેઠને માથે કે દાહાડાનાં ચડી બેઠાં હતે એ જે થઈઉં તે ઠીકજ થઈઉં.

**તેહેમુર**—ચાલો, તારે ગડબડ છોડો, આગલ ચાલવા માંડો. જલદી કરો સાંબેથી કોઈ આવેછે. (એક ઘરડા મુસાફરને પાસે આવતાં જોઈને ફરંગીજને કેહેછે) પેઆરી ફરંગીજ ખરૂ કેહેજો આ ખુબસુરત ને પરી ચેહેરેની ઓરતના કરતાં સરસ કોઈ ઓરત આજ શુધી તમે જોઈતી વારૂં! ખરૂં કેહેજો જુઓ એના હોટ કેવા પરવાળા જેવા લાલ ને રૂખસાર કેવા ખીલેલાછે. મોહોડાંનો ઘાટ ઘટમ જોઈનેતો પરી ચેહેરેની બાનુઓને માહાતાબ વટીક સરમાઈ જાએછે. માહારી ખુશીછે, પેઆરી ફરંગીજ કે તમો એ ખુબસુરત ઓરત સાથ બગલગીરી કરી આવો.

**ગુરગીન**—(એખલો) સજર મજા ! વાતબી એવી કરે કે ગધેડાંને તાપ આવે! પણ કરે શું, કબુલ કરવુંજ જોઈએ તો. નહીતો પછી વડવા હાલ.

**ફરંગીજ**—(પેલા મુસાફર પાસ જઈ તે સાથ બગલગીરી કરી તેને કેહેછે) એ ખુબસુરત, પરી ચેહેરેની મેહેબુબ, ધનછે તારાં માંતપીતાને કે તેઓએ તારા જેવી પરી ચેહેરેની નેક જાદ ઓરતને જનમ આપીઓછે; કેમ તમો કેણી તરફ શીધારોછો વારૂં !

**તેહેમુર**—અરે એ ફરંગીજ, તમો દેવાનાંતો નથી બની ગએઆં ? હું ધારૂંછું કે તમો તમારો સુધીમાં નથી. એ શું બકોછો તેનો વીચારછે? અરે એ બીચારો એક ઘરડો ખખ થઈ ગએલો મરદછે, જેના ગાલ ઉપર બુજરૂગીની નીશાનીની કરચલી વળી ગએલીછે, એટલું છતાં તેવા મરદને તમો ખુબસુરત ને પરી ચેહેરેની ઓરત સમજોછો એતે શું?

**ફરંગીજ**—(પેલા મુસાફરને) માફ કરો, બુજરગ મરદ, મારી આંખથી બરાબર દેખાઈઉં નહી. ચુકથી મારાથી એમ બોલાઈ ગઈઉં. સાંબેથી આફતાબનાં કીરણની જાલ ઘણી લાગાથી મારી આંખો દીપાઈ ગઈ હતી તેથી એ ગફલતી ભરેલી ચુક થઈછે, જેબી કાંઈ ચીજ મારી નજરે પડેછે, તે સઘળી ખુશનુમા ને ખુબસુરતજ જણાએછે. પણ હવે મને માલુમ પડેછે તમોતો એક બુધા પીર મરદછો. મારીથી આ ઘણી બેઅંદાજા ભરેલી ચુક થઈછે તેની મને માફ કરો.

**તેહેમુર**—બુજરગ મરદ, ખરેખર ચુક થઈછે વાસતે માફ કરજો. પણ વારૂં તમો કેણીમેર જાઓછો. જો તમારૂં મકાનબી હમે જઈએ છીએ તેણી ગમજ હોએતો હમો તમારા સંગાતથી ઘણાજ ખુશી થઈશું.

**બુજરગ મરદ**—હા, ચાલો હું પણ શીરાજ તરફજ જાંઉંછું. રસતાનો સાથ સારો ને ઠીકજ મલી ગીઓછે.

એ પરમાણે વાત ચીત કરતાં તેઓ સઘળા ચાલીઆં અને શીરાજ શેહેરમાં દાખલ થએઆં.

---

### પ્રવેશ ૩.

(ઠેકાંણુ ગોદરજનું ઘર.)

### ગોદરજ, શાહાપુર, કોબાદ, તેહેમુર, મેહેરબાનુ, ફરંગીજ, ગુરગીન તથા બીજા ચાકર નફરો.

આણી તરફ ગોદરજની બીજી છોકરી મેહેરબાનુંનાં લગન પણ કોબાદની સાથે આજેજ થતાં હતાં; અને એ સઘલાં લગનની કીરીઆ થતોમાં તાંહાં આવી પુગાથી ગોદરજને એટલીતો ખુશી અને ખુશાલી ઉપજી કે તેનું બેઆન થઈ શકતું નથી. લગનની કીરીઆ થએઆ બાદ સઘલાઓએ અરસપર એક બીજા સાથ બગલગીરી કીધા પછે તેઓ એક સુરેરો તઈઆર કરી જમવા બેઠાં, જમતાં જમતાં તરેહવાર વાતચીતો ચાલી, તેમાં ઘણીખરી ખાધા પીધાની ને મોજ મજા

ની વાતો ચાલતી હતી. તેમજ કેટલી બધી સલામતીઓ પણ લેવાઇ હતી. જમી રહેઆ પછે, સુફરા ઉપરથી મેહેરબાનુ તથા ફરંગીજ ઉઠી ગએઆં.

એ બંને બાનુંઓ ઉઠી ગીયા પછે સુફરા ઉપર બેહેલા શખસોમો માંહોમાંહે ઘણી રક ઝક તથા તકરાર ચાલવા લાગી ને વાતપર વાત લાવી શાહાપુરે તેહેમુર ઉપર ઉલટ લેવા માંડી, તેવામાં—

**ગોદરજ**—પણ ભાઇઓ બધી વાત રહી. બીચારા તેહેમુરને ફરંગજ જેવી બઇરી મલવાથી બીચારાને દુખતો ખરૂંનતો.

**તેહેમુર**—ના સાહેબ, હું છહેછોક ના પાડુંછું કે એ વાત ખોટીછે. મને કશું દુખ નથી. મારી બાએડી જેવી ભલી ને હુકમબરદાર બીજી થોડીજ ઓરતો મલી આવશે એ સંત કરી જાણજો.

**ગોદરજ**—હોએ ભાઇ, વાત કાંઇ માનવામાંતો નથી આવતી.

**તેહેમુર**—તારે લાંબી ટુકી કટકટ કરવાની કશી જરૂર નથી, ચાલો તારે આપણે એક સરત લગાવીએ, અને આં પણ દરએક જણ પોત પોતાની બઇરીઓને તેરાવી મંગાવીએ, જેની બઇરી તેડાંને માન આપી તુરત આવી હાજર થાએ તેનો ખાવીંદ એ સરત જીતે.

**શાહાપુર**—ઠીકછે સાહેબ, ઘણી સારી વાત, કબુલછે. કેટલાની સરત ! બોલો !

**કોબાદ**—મારેબી કબુલછે; સરતમાં એક એક જણે વીસ વીસ દીરમ મુકવા.

**તેહેમુર**—(મશકેરીમાં) વીસ વીસ દીરમ ! વાત સાંભલો ! કેવો મોરો કુતકો મારીઓ ! અરે એવા વીસ વીસ દીરમો હમો ચોલતાં ચાલતાં ખરચી નાખીએછે, હમારી બઇરીનાં નામપર વીસ ગણા વીસ (૪૦૦) દીરમ કુરબાનછે.

**શાહાપુર**—અરે ભાઇ લેવોની સો સો દીરમ. હવે કાંઇ?

**કોબાદ**—કબુલછે.

**તેહેમુર**—ચાલો તારે હમારેબી કબુલછે.

**શાહાપુર**—વારૂં, હવે પેહેલું તેડું કોણ મોકલે ?

**કોબાદ**—લઓ પેહેલું તેડું હું મોકલુંછું (ચાકર તરફ ફરીને) જા જઇને તારાં બાઇને કેહે કે જરા આવી જાઓ. (ચાકર તેડવા ગએઓ)

**ગોદરજ**—પેઆરા કોબાદ તમે જીતીઆ. એમજ જાણો કે મેહેરબાનું આએ આવી.

**ચાકર**—(પાછો આવીને) સાહેબ, બાઇતો કેહે, હું તો જરા કામમાંછું, તે મજથી કાંઇ હાલ અવાઇ શકાશે નહી.

**તેહેમુર**—(ચાલા પાડીને) હું કામમાંછું! મારીથી અવાશે નહી! ચોખો જવાબ!

**કોબાદ**—અરે ભાઇ અકરાઇ કાંએ જાઓછો ! તમારી બઇરી તમોને એટલો નરમાસ ભરેલોજ જવાબ મોકલે એવી દુવા માગોની!

**તેહેમુર**—હું ધારૂંછું કે એ કરતાં વધારે સારો જવાબ મળવો જોઇએછે.

**શાહાપુર**—જા જઇને મારી બઇરીને કેહે કે મેહેરબાની કરીને જરા આવી જાઓ.

**તેહેમુર**—(મશકેરીમા) મેહેરબાની કરીને આવી જાઓ ! તેના કરતાં ભળા માણસ પગે પડીનેજ કાંએ નહી તેડાવતો !!

**શાહાપુર**—ભાઇ હમેતો એટલુંજ કરીએ છીએ, પણ તમેતો ગમે એટલું કેહેવાડશો, મેહેરબાની માંગશો, પગે પડશો, કાલાવાલા કરશો ને સેવટે તેડવા પોતેબી જશો તોપણ તમારૂં વલનાર નથી તે છાતી ઉપર લખી રાખજો.

**ચાકર**—(પાછો આવીને) સાહેબ તેવણતો કેહેછે કે તમે સાહેબો બેઠા બેઠા ચેડાં કાહાડોછો તેથી હું કાંઇ આવતી નથી, જો કાંઇ કામ હોએતો તમે પોતે આવી જાઓ.

**તેહેમુર**—ખાવીંદને કેવો મજેનો જવાબ ! સખુન એવા મજેના ને મીઠા કેહેવાડીઆછે કે તલીએથી તે ટાલકે સુધી આગ બલે ! અજબ ખમી શકાએછે, બા (ચાકરને) જા, જઇને ફરંગીજને કેહે કે તુરત આવીને માહારી આગલ હાજર થાએ.

**શાહાપુર**—જવાબ કેવો ફરી વલશે તે હું અગાઉથી પારખી ચુકો.

**તેહેમુર**—શું વારૂં ? જોઇએ બોલોની ?

**શાહાપુર**—અરે બોલીઆ ! નસીબમાં શાલ જોડા હશે તે મલશે.

**તેહેમુર**—જો એમજ ઠરીઉંતો માહારા જેવો કંબખત બીજા કોઇને હું ગણસ નહી.

**ગોદરજ**—અરે યારો સબુર કરો, ફરંગીજતો આવી !

**ફરંગીજ**—કેમ પેઆરા તેહેમુર શી ફરમાસ ?

**તેહેમુર**—તમારાં બેહેન મેહેરબાનું અને શાહાપુરનાં ધણીઆણી કાંહાછે વારૂં ?

**ફરંગીજ**—તેઓ તાંહાં પાછલના ચોકમાં બેહેલાંછે, વાતો કરેછે.

**તેહેમુર**—જાઓની તેમને તેડીતો લાવો ! નહી આવેતો તેમને સારી પડે એ વાત સમજાવીને કેહેજો ને તેડતા આવજો. ચાલો લાગલાંજ જાઓ; તાકીદ ! ખોટી નહી ! (ફરંગીજ જાએછે.)

**કોબાદ**—ભાઇ આતો ખરેખર મોજેજા જેવી વાતછે.

**શાહાપુર**—ખરૂં ભાઇ, મનેબી એમજ લાગેછે. મોજેજતો જેને કેહેસ તેહેવો. પણ અંદરખાનેથી કોણ જાણે કેવો ભરમ હશે.

**તેહેમુર**—ભાઇ ભરમ શાનો ! પરણીઆ એટલે ખાવીંદ ઓરતે એક બીજા ઉપર હેત અને પેઆર વધારવા, સલુખાઇથી અને નરમાસથી એક બીજાં સાથે ચાલવું, જોઇતો રોબ રાખવો અને મુખતીઆરી ચલાવતી વખતે સારી સંભાળ ને ચોકસાઇ જો રાખીતો પછે તેનું હાંસલ એવુંજ થાએ.

**ગોદરજ**—પેઆરા બેટા તેહેમુર, તારાં બખતાલેછે આ સરત, તું જીતી ચુકો. એ દીરમોમાં વીસ હજાર દીરમ હું બીજા ઉમેરી આપુંછું. હું મારાં મનથી. આજ એમજ સમજુંછું કે મેં આજે એક તરીજી છોકરીને એ ૨૦ હજાર દીરમની રીત દીધી. ખરેખર આ ફરંગીજ એક જુદીજ છોકરી થઇ, તો પછે તે જુદીજ ગણાવવી જોઇએ.

**તેહેમુર**—હું કાંઈ આટલાંમાંથી એ સરત જીતી ઉઠ વા માંગતો નથી. એ સરત જીતનાર હકદાર હું નક્કી તેની સાબેતીના હજુર મજબુત દાખલ બતલાવી આપીઆ વગર એ દીરમને હું મારા કરી ગણનાર નથી. (ફરંગીઝ, મેહેરબાનુ તથા શાહાપુરની બઈરી એ તરફે જણીઓ આવેછે, તેમને જોઈને) જુઓ આ ફરંગીઝ આવી પુગી, ને સાથે કામદાર ને કામમાં રોકાએલી બે બઈરીઓને પણ કેદી દાખલ સાથે લેતી આવીછે. (ફરંગીઝ તરફ ફરીને) ફરંગીઝ, તમારા માથા ઉપર જે શીરફે ટોછે, તે તમોને છાજતો નથી એને કાહાડીને પગતલે રગદોલી નાખો (એ ઉપરથી ફરંગીઝે તુરત પોતાનો શીરફેટો માથાં ઉપરથી કાહાડી નાખીઓ ને પોતાના ખાવીંદના હુકમ મુજબ તેને રગદોલીઓ.)

**શાહાપુરની ઓરત**—ખરેખર નાહાના બચાંની રમત જેવી વાતો અહીંતો થવા માંડીછે. એ કોટકતો જો વાતાં નથી બા.

**મેહેરબાનું**—અફસોસ! કેવા ચેડાં ને ટીંગલાં ગુડીઆંની રમત થાએછે ! ખાવીંદો જો પોતાની ઓરતો પાસ એવીજ ફરજો અદા કરાવવા ચાહાતા હોએ તો તે જેવી મુરખાઈ બીજી ચેડીજ હશે.

**કોબાદ**—પેઆરાં મેહેરબાનું, તમેબી જો તમારા ખાવીંદની તરફની તમારી ફરજ સમજી એવીજ મુરખાઈ બતલાવી હતે સો તેથી હું ઘણો ખુશી થતે. તમે જેને મુરખાઈ કહોછો, તથા તમોએ પોતાનું જે ડાહાપણ દેખડાવીઉછે તેની કીમત મને ઘણી ભારી પડીછે. અગરજો તમો પોતાનાં ડાહાપણને ઉચું મુકી ખાવીંદ તરફની ખરી ફરજની ખુબી પીછાની તુરત આવી હાજર થએઆં હતે તો મને સો દીરમની જે સેસ ઉડીછે તે નહી ઉડતે એટલુંજ નહી પણ બીજા સો બસો દીરમ કમાતે.

**મેહેરબાનું**—તમો સો બસો દીરમ ખોઈ બેઠા તેમાં મારી શી તકસીર ! તમે પોતેજ મુરખ બનીઆ !

**તેહેમુર**—પેઆરી ફરંગીઝ આ આપખુદી ભરેલી ને દીમાખદાર ઓરતોની સધ જે ખીસી ગઈછે તેઓને તેમના પોતાના ખાવીંદ તરફની ખરી ફરજો કેવીછે તે જરા સમજાવો.

**શાહાપુરની ઓરત**—ફરજો સમજાવી ને બધું કીધું, મેહેરબાનુ ચાલો એતો સઘલાં પરવારતાંછે, ને મશકરી ઠઠાની વાતો લઈ બેઠાછે, એમાં આપણું કાંઈ ઉઘડીઉં નહી.

**તેહેમુર**—ફરંગીઝ પેહેલાં આજ બેઉ માટે, ને પકડો, ને એનેજ પેહેલાં સારી પદે સમજાવી શકતો પાર, ખાવીંદની હજુરમાં કેવો ને કેટલો અંદાજો રાખવો તે ને તેની સાથ કેમ બોલવું.

**શાહાપુરની ઓરત**—કોણને સમજાવવા કેહેછે ! સમજાવીઉ ને દાહાડા ઉઠીઆ ! હમારે કાંઈ સાંભલવું નથી !

**ફરંગીઝ**—સાંભલ, એ પેઆરી સાહેલી આ દુનીઆમાં ઓરત મરદોનાં જોડાં જે ખુદાતાલાએ સરજેલાંછે તે ઘણાં અગતના કારણોસર સરજેલાછે. લગનની મોબારક અને પવીતર દોરીઆથી ઓરત મરદને અને મરદ ઓરતને એકદીલી તથા પેઆરથી ચાહાવાને કોલ આપી બંધાએછે. વાસતે ઓરત જાતની એક મોટી નેમ અને ફરજ એછે કે તેઓએ પોતાના ખાવીંદ ઉપર ખરાદીલ અને પાક મનસનીથી મોહોબત રાખવી. ઓરત જાતના ઉપર ખુદાંતથી બે મોટી ફરજો ઉતરેલીછે—એક તેમની પોતાની પાક દામાની જાલવી રાખવાની અને બીજી તેમના ખાવીંદના દરએક વાજબી હુકમને માન આપવાની. એ બંધે ફરજો બજાવવાને કોઈબી સમજુ ઓરત પછાત પડવાની નથી. જે દાહાડાથી ઓરત મરદ સાથ કદ ખુદાઈ થાએછે તે દાહાડાથી તેઓ બંધે એક બીજાનાં સુખ દુખના હકદાર ભાગીઆ અને રસીક ગણાએછે, તેમજ સંકટ જેવી વેલાએ એક બીજાને મદદ કરવાને અથવા જરૂરનો દીલાસો આપવાને એક બીજા બંધાએલાંછે. લગનના મોબારક કોલનો આવો ખુલાસો છતાં હું જોઈને ખરેખર દલગીર થાઉંછુ કે તમે પેઆરી સાહેલીઓ તમારા ખાવીંદોની રૂબરૂ કેટલુંક બેઅંદાજે બોલવાની છુટ લેઓછો, તેમનાં વાજબી હુકમોને માન આપતાં નથી અને ટુકામાં કહું તો તમો એકદમ તમારી ખરી ફરજો ભુલી જાઓછો એ તમારા દરજાને શોભા આપતું નથી. જુઓ તમારી જુબાનથી કેવા એકકા સુખનો નીકલીઆછે કે જે ખરેખર તમારા પેઆરા ખાવીંદોનાં જીગરમાં તીરના પેકાનની મીસાલે લાગા હશે. તમારી સઘલી ખુબસુરતીને તમારો તમામ દબદબો આવી તમારી ચાલથી તદન ઝાંખ મારી જાએછે. સાંભલ પેઆરી સાહેલી તમારો ભરથાર, તમારો ખાવીંદ ને તમારો શેઠ ને તમારો મુરબી ને તમારો પાલન કરતા ને તમારો બચાવ કરનાર ને તમારાં દુખથી દુખી થનાર એક શખસછે, તમારાં સુખને ચેનને માટે એજ તમારો ખાવીંદ જેહમુતી ને રંજ ખેંચવાને તઈઆર રેહેવાનો, તમારાંજ સુખ ને ચેનને માટે તે દરીઆ દોહોવતો દેશે દેશ ને શેહેરે શેહેર ફરવાનો, તથા તાહાડ, હવા, સરદી અને શીતાન એ કશાંની દરકાર ન કરતે તે બીચારો રાત દીવસ રંજ ખેંચશે ને તમો તો કરારે છતર પલંગ ઉપર લેટશો, તેવા એક ખાવીંદને માટે તમો શું કરી શકવાનાં હતાં વારૂં ? તમારે માટેની તેની આટલી બધી રંજ અને જેહેમતના બદલામાં તને તેને માટે કશું પણ કરી શકવાનાં નથી, બલકે તમારામાં તાકાત નથી કે તેનાં કીધેલાંનો સોમો ભાગ પણ તમો કરી બતલાવો; ને તે સાથે તે ખાવીંદ તમારી પાસથી એવું કાંઈ માંગનાર પણ નથી, તે તમારી તરફની એટલીજ આશા રાખેછે કે તમો નીમકહલાલ, વફાદાર, એકીનદાર, અને ખરાં દીલ ને પાક મનસનીથી તેના ઉપર મોહોબત રાખનાર તથા તેની જોઈતી હાજતો ઉપર ધીઆન પુગાડનાર અને તેના હુકમને તાબેદાર તમો રહો. એ શીવાએ તે તમારી તરફથી બીજા કોઈપણ રીતના બદલાની આશા રાખતો નથી, એટલું છતાં જારે તે તમોને આવી રીતે તોછડાઈ ભરેલું બોલતાં અને તેની તરફ નાફરમાન અને બેવફા જુએ તારે તેનું મન કેટલું દુખાએ અને તેનું દીલ કેટલું તુટે તેનો, એ સમજુ સાહેલી તમો પોતેજ વીચાર કરો.

પેઆરી સાહેલી મારાં આ બોલવાથી તમારાં દીલમાં લાગતું હશે, પણ તેની દરકાર કરવી નહી. તમો મેહેનીઓને સારી પદે રોશનછે કે મારો મીજાજ અને તબીઅત કેવી હતી, પણ વખત જતાં તેનો મને સારો અનુભવ થએલોછે, ને મારી ખાતરી થઈ કે તેવી રીતે ચાલવાની તમે જ

રી શાખવાથી મારાજ હકમાં વધારે નુકશાન હતું તે ઉપરથી જ મને મારો મીજાજ ધંદો ને તબીઅત ફેરવવાની જરૂર પડી. આપણ ઓરત જાત જેમ શરીરે નબલી છીએ તેમજ આપણાં મન પણ નબલાં ને પોચાં હોએછે, તે ઉપરથી કેટલીક વેલા આપણે થોડા વીચારથી કેટલાંક કામ કરી પડીએછે, આ પણને સારી પઠે જાણવું જોઈએછે કે આપણે નેકા કરી ખા વંદના અખતીઆરમાં ગએઆં એટલે આપણે તેના તાબા મા ગએઆ દાખલ થઈઉં, ને જારે તાબે ગએઆં એટલે તાબેદાર થઈ રેહેવા વના છુટકો નથી. તાબે ગએઆ છતાં તેમના ઉપર હકુમત ચલાવવાની પેરવી કરવી એના જેવું બે હુંદું બીજું કાંઇ નથી. પેઆરી બેહેની અને સાહેલી મારાં આટલાં ટુક બોલવા ઉપરથી તમો ચતુરછો વાસતે ચેતી ગઈ હશો કે હવે પછે તમારે તમારો વહીવાટ ને કારભાર કેમ ચ લાવવો. ને હું પણ ખુદા પાસ દુવા માંગુંછું કે તમોને તે અજીમ કુદરતનો સાહેબ તમારી વાજબી ફરજો અદા કરવાને ને હોશ બખશે, ને તેમાં ખસુસન કરીને તમારા ખાવીંદો તરફ તમારી કેવી ફરજોછે તે. બજાવાને તમો શકતીમાન થાવો. **આમીન.**

ફરંગીજનાં આ બોલવાથી સફરા ઉપર બેહેલાં સઘલાંઓ નાં દીલમાં ઘણોજ અજાએબી ભરેલો એક જુસો ઉતપન થ એઓ. કોબાદ, શાહાપુર તથા તેમની ધણીઆનીઓ પણ એ સાંભલી ઘણાંજ અચરત પામીઆં. પછે અરસ પરસ એક બીજા સાથ બીજી કેટલીક વાત ચીતો તથા બગલગીરી કરી તેઓ સઘલાં છુટાં પડી પોત પોતાને મકાને ગએઆં. †

---

વાંચનાર પેઆરી બાનુઓ, **નઠારી ફરંગીજ ઠેકા ણે આવી,** તેનો આ કીસો પુરો થએઓછે. જે બાનુઓ એ ધીઆન રાખી અવલથી આખર સુધી એ બાબદ વાંચી હશે તેમના જોવામાં આવીઉં હશે કે ફરંગીજ કેવા આકરા મી જાજની અને ખરાબ સવભાવની હતી, પણ આખેરે તે કે વી નીવડી આવી. તેમજ એક બીજી બીના તેમના જોવા માં એ આવી હશે કે આકરા મીજાજનું માણસ કેવું હાડમા ર અને હાડ જંજેર થયા કરેછે, તથા ભોગ ચોઘડીએ જો તે વાં માણસ સાથ કોઈને કામ પડીઉં તો તેને ઠેકાણે લાવવા ને કેવા ઉપાએઓ અને તદબીરો કરવી પડેછે. એ વનાએ આખા કીસામાથી [illegible]ણી રમુજ સાથની નસીઅતો જો વામાં આવશે. [illegible]ઓ પણ ફરંગીજના બોલોમાં ખુદા પાસ એવીજ દુવા [illegible] છીએકે જે ઓરતો પોતાના ખા વીંદ તરફની ખરી ફરજો સમજતી નહી હોએ તેમને તે અજી મ કુદરતનો સાહેબ તેમની વાજબી ફરજો અદા કરવાને હો શ બખશે. **આમીન.**


---

† શુરૂ શેકપીઅરના "ધી ટેમીંગ આવ ધી શ્રુ" નામના નાટકના પેચ ઉપરથી આ સાર ઊપજવી કાહાડિલોછે. ફકત સાર દા ખલ જેટલી બીના લેવાઇ શકાએ તથા એ નામાંકીત શુરૂના રસીલા ને દીલાસંદ બેતનો જેટલો ભાગ આપની ગુજરાતી જેવી અધુરી ભા શાખા ને તે પણ વળી ઓરત જાતોને તથા સાધારણ વાંચનારાઓને સમજ પડે એવી રીતે ઉતારી શકાએ એટલા ભાગ લીધાએ એ પે લની બીજી પસીખરી બીના પડતો મુકવી પડીછે.

# ચા.

ચીનમાં ચા ઘણી પાકેછે. જેપાન તથા હીંદુસ્થાનના કેટલાક મુલકોમાં પણ ચાનો પાક સારો થાએછે. એનો છોડવો સદા લીલો એટલે બારેમાસ રેહેછે. એ સુમારે તરણ ચાર હાત ઊંચો અને એનું ફુલ ઊજલું હોએછે. ચોના પાત્રાં જારે પાક ઊપર આવેછે તારે દોડ તસુ લાંબાં, સાંકરાં ને અણીદાર તથા ઘણાં લીલાં હોએછે. એ છોડ રસાલ જમીનમાંજ થાએછે. એના પાત્રાં ઘણુ કરીને વરસમાં તરણવાર વીણી લેછે. પાતરાંને તોડી તેને જરા પવન ખવરાવી સુકવેછે, તથા હાત વતી જરા જરા ચમલાવીને ગોળ વાળેછે, અને સેવટે લોડાંનાં પેનામાં નાખી આતસ ઊપર સારી પઠે સુકવેછે.

કેટલીક વખતે ચા એવીતો કઢંગી અને ખીણવાલી જગાઓ ઊપર થાએછે, કે જાંહાં જઈ ચા લાવવાને અતીઘણી મેહેનત પડેછે તથા કેટલીક વારનો તેવી જગાઓ ઊપર માણસોથી જવાઈ પણ શકાતું નથી. એ અડચણ ટાળવાને ચીનાઓએ એક ઘણી સારી હીકમત શોધી કાહાડીછે. તેઓ કેટલાક વાંદરા પાળેછે, જે વાંદરાને બરાબર સમજાવી રાખેલા હોએછે તેઓ એવી કવંગી જગાઓ ઊપરથી એઠળનાં ચીતરમાં બતલાવીઆ મુજબ ચા એકઠી કરેછે.



એ વાંદરાઓ સારી પેઠે સમજી રહેલા હોયછે કે જો બરાબર કામ કીધુંતો તેમને તેમના ધણીઓ જોડેથી ખાવાનું મળશે અને જો કામ બરાબર નહી કીધુંતો માર પણ ખાવો પડશે. એવી રીતે થયાથી

ચીનાઓને આ એકઠી કરવાને કશી અડચણ અથવા મેહેનત પડની નથી.

ચા બે તરેહની થાએછે, કાળી ને (ગીરીન) લીલી. એ બંધે ઘણું કરીને એકજ છોડવા ઊપર થાએછે; પણ એને ભુંજવા સેકવામાં ફેર રાખેછે તેથી એવા જુદા જુદા રંગ થાએછે. ચાને તડકે સુકવી અમળાવીઆ પછે તરણ ચાર દાહાડા રાખી મુકીને પછે આતશ ઊપર સેકેછે તેથી તેની કાળી ચા થાએછે. વારંવાર સેકીઆ કરેછે તેથી પણ એવો કાળો રંગ થાએછે. (ગીરીન) લીલી ચા વીશે એમ કેહેછેકે એ ચા તો ચીના લોકોજ વાપરેછે, અને દેશાવરો ખાતે ગીરીન ચા જે આવેછે તેનેતો લીલા રંગનો પટ આપેલો હોએછે.

એવું કેહેછે કે ઈંગલંડમાં પેહેલ વેહલી ચા ગઈ તારે ૪૦ રૂપીએ રતલ વેચાતી હતી, પણ હાલતો બહુ જાએછે તેથી બે રૂપીએ રતલ સુધી વેચાએછે. આપણાં દેશમાં ઘણીખરી ઊંચામાં ઊંચી ને સારી ચા ૧॥ થી ૨ રૂપીએ રતલ વેચાએછે.

જમી રહેઆ પછે અમસથી થોડીક ચા પીધી હોએતો તેથી આપણાં પેટમાં પાચન કરનાર રસ પુશકલ છુટેછે, પણ દુધ ભેળીઆથી તેના કસમાં ઘટાડો થાએછે. ચા આપણાં ભેજાં ઊપર તથા શરીર ઊપર ઘણીક ગુણકારી અસરો ઊતપન કરેછે. ચાથી આપણું મન ઈસથીર થઈ ગંભીર અને ઊંડા વીચારો કરવાને લાએકનું થાએછે. થાકેલો જીવ તથા શરીર લગાર ચા પીધાથી થોડાવારમાં ખુશાળ અને શાંત થઈ જાએછે. ચામાં આટલા બધા સારા ગુણો છતાં તે બેઅંદાજે લીધી હોએ ઈઆને તે જો ઘણીજ પીવા માંડી હોએતો તેથી ઘણાં માઠાં પરીણામો નીપજેછે. અતીશય ચા પીધાની ટેવ પડીઆથી આળશાઈ, બેચેની અને હાતે પગે ધુજરી છુટવા માંડેછે—બરાબર દમ લેવાઈ શકાતો નથી, અને શરીરમાં વારંવાર આંકરા ચઢી આવેછે. જેમ ઘણા દારૂના લખથી માણસ કેફી થઈ જાએછે, તેમજ બેઅંદાજે ચા પીધાથી પણ માણસોને એક જાતની કેફ ચઢેછે.

જેમ આપણાં લોકો ચામાં દુધ અને સાકર અથવા ખતાસા નાખેછે તેમ ચીના લોકો કરતા નથી. તેઓ દુધ વગરની ને મોરી ચા ઘણું કરીને પીએછે. આપણાં લોકો ચાદાની એટલે ટીપાટમાં સુકી ચા નાખીઆ પછે તે ઊપર ઊકલેલું પાણી રેડી તેને રંગ આવવા માટે ઘણીવાર રેવા દીએછે, પણ એથી કરી ચાની જે ખરેખરી લેહેજતછે તે જતી રેહેછે: માટે ચાદાનીમાં પાણી રેડીઆ પછે પાંચ સાત મીનીટમાં ચા કરી પીવી જોઈએછે.

તેમજ મેહર માસી, મીઠાં કાકી વગેરે બાઈઓ છેક થંડી પડી ગીએલી ચા કરસીઆમાં રેડી પાણીની પઠે ઊંચેથી પીએછે તેપણ ઠીક નથી. ચાતો જરા ઊની હોએ તારેજ ફુક મારીને પીવી જોઈએછે. થંડી પડી ગએલી ચામાનો સઘળો રસ કસ જતો રેહેછે એટલુજ નહી પણ તે ઓર છાતી ઊપર દોહાએઆ કરેછે.

ચા જારે પેહેલ વેહલી યુરપખંડમાં ગઈ તારે તે કેમ તઈઆર કરવી ને તેનો શો ઊપયોગ થાએછે તેની તાહાનાં લોકોને પુરી માહીતગારી ન હોવાથી એક સખશે ચાને કીટલીમાં નાખી પાણી સાથે કેટલીક વાર સુધી ઊકાળીને પછે પાણી ઢોલી દઈ રંધાએલી અથવા ખફાએલી ચા ખવાતી હશે એમ ધારી ચાનાં ખફાએલાં પાતરાં ખાવા માંડીઆં; પણ એ પાતરાં ખાવામાં બહુ કડવાં લાગાથી તે સમજીઓ કે એને પકાવવામાં કાંઈ કસુર થઈ હશે એમ વીચારીને તેણે તરેહવાર રીતે તે ચાને પકાવવા માંડી, પણ તેમાં તેનું કાંઈ વળીઊ નહી, એક વેળાએતો તેને પેનામાં નાખી સારી પઠે ભુંજી કે તેથી કાંઈ સારી લાગે પણ તે સઘળી મેહનત ફોકટ ગએઆથી ચા કોઈ નીરઊપઓગી પદારથ અથવા અમસથાં સુકાં પાતરાં હશે એમ સમજી લોકોએ કેટલીક મુદત સુધી તેની દરકાર કરી નહી; પણ પાછળથી જેમ વખત થતો ગએઓ તેમ ચા બનાવી પીવાની રીત એ લોકોને માલુમ પડતી ગઈ.

## એમાં વાંક કોણનો ? નાનજીબાઈનો કે કોલીબાઈનો.

નાનજીબાઈ નામે એક જુવાન ગરહસથ મુંબઈ મધે રેહેતો હતો. તેનાં વાડ વડીલો સારાં કુલનાં ને ઊંચાં ખાનદાનનાં હતાં તથા પેહલાંતો તેઓ પાંચ પઈસે સુખી હતાં, પણ પાછળથી કેટલાંક સંક

ટોમાં આવી પડવાને લીધે તથા કેટલાક માઠા બનાવો બનવાથી તેઓ કેટલેક દરજજે ગરીબ થઈ ગએઆં હતાં. નાનજીભાઈનાં માંબાપ જારે મરણ પામીઆં તારે તેની ઊમર આશરે દશેક વરશની હતી. નાનજીભાઈના એક બે બીજા વડા ભાઈઓ હતા, તથા તેમનાં કેટલાંક નજદીકનાં ખેશીઓ હતાં તેમની મારફતે નાનજીભાઈને બાલપણથી સારી તરબીઅત તથા વેહેવાર જોગ કેલવણી મલી હતી. આસરે વીસેક વરસની વએ નાનજીભાઈના વડા ભાઈઓની મદદથી તેને સુરતમાના રસતમપોરામાં રેહેનાર કાનજીભાઈની છોકરી કોલીબાઈ સાથ અદરાવવામાં આવીઓ હતો. અદરાવા પછે વરસ બેએકને સુમારે નાનજીભાઈ તથા કોલીબાઈનાં લગન મુંબઈ મધે થએઆં હતાં.

લગન થઈ રહેઆ પછે કોલીબાઈનાં માંબાપ કોલીબાઈને સાસરે મુકી પોતાને વતન પાછાં ગએઆં. છએક મહીના સુધી નાનજીભાઈ તથા કોલીબાઈ વચે સારો બનાવ ચાલુ રહેઓ હતો. નાનજીભાઈના વીચાર ઘણા સુધરેલા ને સારા હતા, તેમજ કોલીબાઈના વીચાર તેથી તદન ઊલટા હતા. બીચારો નાનજીભાઈ ઘણુંબી ચાહે કે પોતાની બાએડીને સુધારી સારી રાહા ઊપર લાવે અને જે અગનીઆનપણું એ ઓરતમાં હતું તે દુર થાએ, તથા રોજીંદા કુટમંમાં જે કલેશ કંકાસ થઈ પડીઓ હતો તે માટે, પણ કોલીબાઈ જેવી અગનીઆન તેવી બાલક બુધીની પણ ખરી તેથી નાનજીભાઈનું ચાહાવું કાંઈ પાર ઊતરીઊં નહી. એમ કરતાં બે તરણ વરસ વહી ગએઆં. બીચારા નાનજીભાઈનાં ઘરમાં રાત દીવસ કજીઆ અને કંકાસની જડ ઘલાઈ; કોલીબાઈને ઘરમાં દેરાણી જેઠાણી કે સાસુ નનંદ કોઈ સાથ બાને નહી. સાસુનો સવભાવ પણ ઘણો જલદ ને ઊછાછલો તેથી કજીઆ કંકાસમાં ઘટાડો થવાને બદલે ઊલટો વધારો થતો ચાલીઓ. કોલીબાઈને જો પણ બે તરણ છોકરાં જનમેલાં તોપણ કોલીબાઈએ જોઈતી સમજણ મેલવેલી નહી, તેથી બીચારા નાનજીભાઈ બલાપામાં પડેલા વારેવાર તેણીને શીખામણની વાતો કેહે; દાવ ફાવે તારે તે પોતાનાં માજીને પણ બે સારી વાતો કેહે ને જેમ બને તેમ ઘરમાં સલાહ અને સંપજ દાખલ કરવાને બીચારા ઘણી તજવીજ કરે, પણ જારે અણસમજ અને હુલડ માણસો સાથ બાપડાને કામ પડીઊં તારે બીચારાનો કાંઈ ઊપાએ રહેઓ નહી.

આ રીતે નાનજીભાઈ સરવ પરકારે માઠાકુટ કરતા થાકા, આખો દાહાડો બાહાર કામ કાજની તરેહવાર ખટપટોમાથી પરવારેલા જારે ઘરમાં આવે તારે બીચારાને કોઈ પણ રીતનું ઘરનું સુખ મલવાને બદલે હંમેશ રંજીદગી ભરેલી હાલતમાં અને કચવાટમાં રેહેવું પડે. એવી રીતના જાથુક બલાપાથી બીચારાની તબીઅત પણ હલુ હલુ બીગડતી ચાલી અને મન પણ શાંત અને નચીંત રહી શકીઊં નહીં. ટુકામાં કહીએતો સંસારનું જે ખરેખરું સુખ તે બરાબર ભોગવવાને મદદ કરનાર કોલીબાઈ માટાં ભાએગે પાંસરી મલી નહી, તેમજ નાનજીભાઈને ઘરનાં માણસો ઊઝડ અને થોડી અકલનાં તેથી પોતાની કમબુધી મુજબ મીનાકેસો અને વઢવાઢ કરીઆ કરતાં હતાં. એવા બનાવથી બીચારા નાનજીભાઈનું દીલ એકદમ તુટી ગએઊં; તે ધારવા લાગો કે આપણે કપાલે ખરૂં શુખ જોવાનું સરજેલું નથી, માટે આટલી બધી તજવીજ અને સંભાલ રાખવા છતાં કંકાસનું મોહોડું કાલું થતું નથી.

હાવી હાલતમાં આવી પડનાર એક માણસને જેમ કશા ઊપાએ સુઝતા નથી તેવી વાત બીચારા નાનજીભાઈની થઈ પડી. એણે જોઈઊં કે સઘલી રીતો કરી જોઈ—સઊને રાજી રાખવાની તજવીજો કરી ચુકીઓ—નહી અખતીઆર થઈ શકે એટલી ખામોશી પકડી, તોપણ કાંઈ વલતું નથી એવું જોઈ તે ઘણોજ ઊદાસ અને ખીન થઈ ગએઓ. ઘરમાં કોઈ સાથ બોલવું ચાલવું ગમે નહી, તેમજ ખાવા પીવાની પણ મજા બંધ પડતી ગઈ તથા મન એટલું તો બેચન થવા લાગું કે પાધરી રાતની હુંગ પણ આવે નહી. તેની હાવી દએઆ ઊપજાવનારી હાલતમાં કોલીબાઈ તથા ઘરનાં માણસો વારંવાર તેની આગલ કાંઈ નહી ને કાંઈ પણ કુથલાની વાતો લાવતાં. ઘણાજ કંટાલેલા સવભાવને લીધે નાનજીભાઈએ હવે તેમને સાફ ના પાડી કે તમારૂં કશું હું સાંબલનાર નથી; પોત પોતામાં તમો તમારે ગમે તે કરો. આવી રીતે બેદરકારી પકડેલી જોઈ કોલીબાઈએ કમબુધીથી આસપાસની પાડોસણ આડોસણોમાં પોતાના ધણીની બેદરકારી વીશેની ફરીઆદો કરવા માંડી, જે

સાંભલી અજાણ્યાં પડોસીઓ દુખમાં પડેલા બીચારા નાનજીભાઈનોજ ઊલટો વાંક કાહાડવા લાગ્યાં. એ પડોસીઓમાં શીરીનબાઈ નામની એક પડોસણ હતી, તેણીએ જારે નાનજીભાઈ વીશે એવું સાંભલીઊં તારે તે બીચારી પણ ઘણીજ દલગીર થવા લાગી; એક વેલાએ તે પોતાની એક સહી આગલ બોલવા લાગી કે "નાનજીભાઈ હાવા સમજુ થઈ એમને એવું કરવું ઘટે નહી." શીરીનબાઈના એ વચનો જેવારે બીચારા નાનજીભાઈના કાન ઊપર આવીઆ તારે તેને ઘણુંજ દુખ અને શોક ઊતપન થએઓ. તે પોતાના જીવ સાથ અફસોસ કરવા લાગો કે "કમ અકલ અને થોડી સમજણ ધરાવનારી ઓરતોને લીધે મને પોતાને ચાર લોકોમાં કેવું નીચું જોવું પડેછે. માહારી ખરેખરી કેફીઅતથી અણજાણ લોકો મારે વીશે નાહક હલકા વીચાર બાંધેછે. તોપણ ખેર, મારે આ લોક સાથે કશું કામ નથી, મારૂં કામ પરલોક સાથછે, અને હું માહારાં કામકાજનો જવાબ માહારા ઈશવરને દેવાને બંધાએલોછું; મારે એવાં લોકોનાં બોલવાની કશી પરવા કરવી જોઈતી નથી." આવા કેટલાક વીચાર કરી નાનજીભાઈએ પોતાનું મન મોટું કરીઊં.

આણી તરફ કમ અકલ કોલીબાઈએ વલી પોતાની ઊપર જુજબનીજ વગર આધારની કેટલીક ફરીઆદ પોતાનાં માબાપને છેક સુરત સુધી લખી મોકલી. તેણીએ પેહલું એક કાગલ પોતાની માતા સુખલીબાઈ ઊપર લખી મોકલીઊં હતું, તેમાં પોતા ઊપર ગોએઆ ઘણો જુલમ ગુજરતો હોએ એવી ધપ છપથી લખીઊં હતું.

એ કાગલ જારે સુખલીબાઈ ઊપર આવીઆ તારે તે પોતાના ધણી કાનજી આગલ લઈ ગઈ અને તેમાં લખેળી બીનાથી તેને વાકેફ કીધો. કાનજીભાઈએ કોલીબાઈને બાળપણથી લાડમાં ઊછારી મોટી કરી હતી, અને તેને પોતાની નજર આગલથી કદી ખીસારી વીલી મુકીતી નહી, તેણે જારે એવા સમાચાર વાંચીઆ તારે તે બોલવા લાગો કે "સુખલી, કાંઈપણ કરી કોલીને અતરે તેરાવી લઈએતો સારૂં." સુખલીબાઈ જાને લગાર સમજુ અને અનુભવ વાળી હતી તેથી તે બોલી "નાજી તેડાવી લેવાની વાતતો કરવી નહી. છોકરી સાસરે રહેલીજ ભલી. હજી તેને તેડાવી મંગાવવા કરતાં હું પોતે બે પાંચ દાહાડા મુંબઈ જઈ આઊંતો સારૂં. જીલીમાસી, સુનાકાકી, મીઠાંમામી વગેરે મારી સગીઓને પણ હું એવે મસે મળી આઊં. હું મુંબઈમાં મોઠીફુઈ અથવા નાજામાંસીને ઘેર ઊતરસ, ને દાહાડામાં બેચાર કલાક કોલી આગલ પણ જએઆ કરસ, એટલે જે હશે તે સઘલું મને માલુમ પડી આવશે, અને જે કરવાનું હશે તે સુજ પડશે." સુખલીબાઈનો એ વીચાર કાનજીભાઈને પણ પસંદ પડવાથી મુંબઈ જતી એક આગબોટમાં સુખલીબાઈને મુંબઈ રવાને કરવાં એવો મનસુબો ઠરીઓ.

ઊપલા મનસુબા મુજબ સુખલીબાઈ રામ રોજની સહવારનાં પોહોરમાં આગબોટ ઊપર ચઢીઆં તે ગુવાદરોજે સહી સલામત મુંબઈ આવી પુગાં. નાનજીભાઈએ પોતાનાં સાસુનાં આવવાના સમાચાર સાંભળતાં તેવણ પાલવા ઊપર તેમને લેવા ગએઆ ને તેમને ઊતારી પોતાને ઘેરજ લઈ આવીઆ. સુખલીબાઈનાં મનમાંતો ઘણું કે નાનજીભાઈનાં ઘરમાંજ ઊતારો લઊં, તોપણ જારે નાનજીભાઈએ તે ફરમાસ કીધી તારે ઘણી બોહોંસ હોંશ કરી ના પાડીઆ કીધી, પણ જારે નાનજીભાઈ ઘણાજ બજીદ થએઆ તારે સુખલીબાઈ તાંહાંજ ઊતરીઆં.

પેહેલ વેહલાંતો સુખલીબાઈએ પોતાનાં આવવાનાં જુદાં જુદાં કારણો કહેઆં, ને પોતાની આવવાની ખરેખરી મતલબ શી હતી તેતો કોઈબી રીતે જણાવીજ નહી. કોલીબાઈ હવે પોતાની માને આવેલી જોઈ ઘણી મગન અને ખુશી ખુશી થવા લાગી. બે દાહાડા વહી ગએઆ. સુખલીબાઈએ એ અરસામાં બારીકીથી સઘલી તપાસ તથા જોસતેજો રાખી હતી, તે ઊપરથી નાનજીભાઈનો કોઈબી રીતનો વાંક તેવણને નજર આવીઓ નહી. સુખલીબાઈએ એટલુંજ માતરે જોઈઊં કે નાનજીભાઈનો સવભાવ અગાઊ જેવો લેસરાઊ અને મોજીલો હતો તે જરા બદલાએઓ હતો, તેમજ સાધારણ ઘરોમાં સાસુ નનંદ અને દેરાણી જેઠાણીઓ વચે જે વઢવાઢ ચાલેલી હોએછે તેવું ડોલ કોલીનાં સાસરામાં પણ હતું. રાત દીવસનાં જમતી વેલાએ નાનજીભાઈને ઘરનાં સઘલાં એકસામટાં બેસતાં તથા ખાતી વેલાએ કેટલીક વાતચીતો ચાલતી હતી, બીજે દીવસે સુખલીબાઈએ નાનજીભાઈ તથા કોલીબાઈ વચે લગાર અનબનાવ જેવું

કાંઈ જોઈઊં, તોપણ એકદમ ઊતાવલી થઈ તેની પુ છપાછ કરવાની વાત મુકી દીધી ને હજી વધારે શું શું થાએછે તે સઘલું બારીકીથી જોઈ લેવાના વીચારે તેણીએ જાણે એ અનબનાવ જાણીઆજ નહી હોઓ એમ ફરવા માંડીઊં. તરીજે દાહાડે વલી જારે જમવા બેઠાં તારે નાનજીભાઈ ઘણોજ કચવાએલો અને દલગીર માલુમ પડીઓ હતો; તથા તેના વીચાર મુજબ કેટલીક વાતો બનેલી નહી તેથી તેને ઘણુંજ દુખ લાગું હતું. કોલીનું મોહાડું પણ લગાર ઊતરેલું ને ગમખાર માલુમ પડીઊં. આ બનાવની ખરેખરી કેફીઅત શી હતી, ને એમાં વાંક અથવા ગફલતી કોણની હતી તે સુખલીબાઈ પામી ગએઆં હતાં. સુખલીબાઈ પોતાનાં મન સાથ વીચાર કરવા લાગાં કે આ સઘલી અડચણ અને અનબનાવનું મુલ કારણ કોલીની કમઅકલ અને કોતા બુધીછે, બાકી બીજી કોઈ રીતની અડચણ નથી. નાનજીભાઈની ચાલ ચલણ તથા ધપ છપ સઘલી પસંદ કરવા જોગછે, પણ કોલીનામાં એ ચાલ ચલણ અને ધપ છપને મલતા ગુણો મલે નહી, તેથીજ એક બીજાના વીચારમાં ફેર પડીઆ કરેછે ને એક મેકને બનતું નથી. એટલું જાણીઆ છતાં સુખલીબાઈએ તદન અખારાજ કરવા માંડીઆતા, પણ અંતે એક દાહાડે સેહવારના નાનજીભાઈ નાસતો કરી બાહેર ગએઆં પછે પોતાના ઓરડામાં પોતાની માને સાથે લઈ જઈ કોલીબાઈએજ પોતાના રોદરા રડવા માડીઆ. એ વેળાએ બંધે મા દીકરી વચે નીચે મુજબ વાત ચીત થઈ.

**કોલી**—(નવ ધાર આંશુ પાડીને) માજી, કોણ જાણે શી બલામત થઈ પડીછે! નાનજી અગાઊ હાવા નહી હતા, મારી સાથ કેવા હલી મળીને ચાલતા તથા દીલ મુકી મારી સાથ કેટલું બધું બોલતા તથા કશી વાતે મને ઓછું આવવા દેતા નહી હતા પણ હાલ વરસ દાહાડો થએઆ કોણ જાણે કોણ મને નડીઊંછે કે હમારો શપ મેલ તુટી ગીઓછે.

**સુખલી**—કોલી માએ, તું રડવું બંધ કર. મારી સાથ પાધરી વાત કર, હું તારો નીકાલ કરવાજ આવીછું. વાસને ધીરજથી મારી સાથ વાત ચીત કર. વારૂં તું કેહેછે તેમ એનો હાવો તારા ઊપર પેઆર છતાં તે નીકલી જવાનું કાંઈબી કારણ તેં તેવણને આપીઊં હશે, તેનો તેં કાંઈ વીચાર કીધોછે વારૂં?

**કોલી**—ના, માજી હું તો નથી ધારતી કે મારીથી કાંઈ એવું થઈઊં હોએ કે જેથી એવણ આટલા ગુસે ફરતા હોએ.

**સુખલી**—બેટા, નાનજીની ધપછપ ઊપરથી સાફ માલુમ પડેછે કે તે બીચારાએ પરણીઆ અગાઊ તારા ઊપર જે જે ઊમેદો બાંધી હતી તે સઘલાંમાં તે નાશીપાસ થએઓછે; તેનું દીલ તુટેલું ને મન ઊદાસ તથા ચકભમ થએલું માલુમ પડેછે.

**કોલી**—અરે માજી! તમે એ તે શું બોલોછો? મેં તેને કેવી રીતે નાસીપાસ કીધો?

**સુખલી**—કોઈબી રીતે તેં તેનું દીલ તારા ઊપરથી ઊથાડી નખાવીઊંછે, જો એમ નહી હોત તો તુંજ વીચાર કર કે તે તારા ઊપરથી એટલો મન ઊતારો કેમ કરે વારૂં? તેના મનમાં તારે વીશે ઘણી ઊમદા ને સારા વીચારો હશે, તેણે તુને ઘણી સમજુ, ઘર રાખુ, ડાહી અને ચંચલ ઓરત જાણી હશે પણ હવે જારે તેવા ગુણ તે તારામાં જોતો નહી હશે તારે અલબતાં તેનું દીલ તુટા વગર રેહેજ નહી.

**કોલી**—(રડતી રડતી ને ડચકાં ખાતી) માજી, મને તો કાંઈ સમજ પડતી નથી, કે મને શું કરવું જોઈએ ને હું શું કરતી નથી. હું કેટલા પેઆરથી તેને ચાહુંછું, પણ તેનું દીલ કોણ જાણે શાથી એટલું કઠણ થઈ ગીઊંછે કે તે મારી તરફ આંખીને જોતો પણ નથી, તથા પાધરૂં મારી સાથે બોલતો નથી, ને જો કદાચ બોલવું પડેછે તો એવા કઠણ અને આકરા બોલો બોલેછે કે જે મને લાત મુકીના માર કરતા વધારે મજબુત લાગેછે.

**સુખલી**—તું ગમે એટલું બોલેતો શું થઈઊં, તે બીચારાના મનની ઊમેદ મનમાંજ રેહેછે. આજ બે ચાર વરસમાં તુંએ તો એના ઘરમાં સઘલું નવું જુનું કરી નાંખવું હતું, અને ઘરના કાંમકાજમાં તથાં ધણીની જોઈતી હાજતો પુરી પાડવાંમાં આજતો તુને બાહાશ થવું જોઈતું હતું. પણ તેવું તેં કાંઈ કીધું હોએ એવું જણાતું નથી.

**કોલી**—નવું જુનું તે શું કરૂં, મારાથી જે થાએછે તેતો કરૂંછું.

**સુખલી**—અમોલી રેહે, તું કાંઈ કરતી નથી. જરાજરામાં ફીફરાં ચહડાવી જાણેછે! આજ પાંચ છ

દાહાડા થએઆ હું તારાં કૌતક જોતી કંટાલીછું, હું માવતર જેવી જારે કંટાલું તારે તારાં સાસરીઆં કેમ નહી કંટાલે ? એટલા દાહાડામાં જે જે વખતે નાનજીભાઈ ચીરડાએઆતા ને જે જે અડચણો તેવણને ખમવી પડી હતી તે સઘલું તારીજ બેદરકારીથી થઈઊં હતું. તે દાહાડે સહવારના બુચીને તેવણે ધમકાવી, તેનું કારણ શું વારૂં ? જો તેં તે બચાંને બરાબર નવારી ધોવારી ટાઈ ઠોઈ કરી બાપ આગલ મોકલી હતેનો બચું અમથું હાર માર થતે વારૂં ? ને તેવણનું દીલ અમથું દુખતે વારૂં ? તેમજ કાલે સવારે તેવણે ચમચો માંગીઓ તે તું કેવો ચીકણોજ લઈ આવી ! વલી વારે ઘરીએ તેવણ પોતાનું કાંમ મુકી મુકીને છોકરાંને મુગાં રાખવા ઊઠતા હતા, તે કાંમ કાંઈ તેવણનું હતું વારૂં ? તેમજ સાફ સુફ કરવું ને ઘરમાં સફાઈ રાખવી એ કાંમ કોણનું વારૂં ? વલી દુખ ઊપર ડાહામતો એ હતો કે જારે તેવણ ઘરમાં આવતા તારે તું કાંઈ નહી ને કાંઈ વાતનો પટપટારોજ. કરતી. વલી સાસરાં કહેઆં છે કોણને ? સાસરે વસવું તેમા નનદ, ડેરાણી, જેઠાણી, સાસુ વગેરે સઊસાથ હલી મલીને ચાલવું જોઈએ. પાંચ સાતમાં વસવું તો કોઈને કાંઈ કાચું પડે, કોઈને પોચું પડે તે સઊ સંભાલવું જોઈએ. માએ સાસુ હોએ તે બે કડવા મુખનો અમથા વગર વાંકેબી કેહ તે ઊપરથી સું રૂશાઈ જવાતું હશે કે ? વલી તુંને તારાં ઘરબારની સઘલી કાલજી રાખવી જોઈએ, માટીડો તો બાહારનો બાહામણ, ઘરમાં શું શું થાએછે ને શું શું બગડેછે તે સઘલાંની તકેદારી તારે કરવી જોઈએ. લોહીને ટીપેના પઈસા ખરચાએ ને તે પઈસા તારા જેવી કમ સમજ ઓરતો ગેરમારગે ઊડાવે એથી ધણીઆ દુખી નહી થાએ તો પછે શું થાએ ? જો પેલી કબટ કાલની ઊઘાડી પડેલીછે ને એમની એમજછે. પેલી ટેબલ ઊપર પાણીનો કરીશીઓ ગઈ કાલનો વસીડોજ પડેલોછે, હવે બરદઈને કોઈ અણજાણું માટલાંમાં બોલે ને પાણી ઢોવે તો તે પાણી પછી પીવાએ કેમ ? જો બતીની ગુલ કાતરેલી અનામત ટેબલની એઠે પડેલીછે. પલંગ બીછાનાં કેવાં મજેનાં છે કે કોઈ પારકું આવે તો ઘેરના ડાઘ ગણએ ! બુચાને પરમ દાહાડે અંઘોરાવીઆનો તારપછે ફરીથી ઘસડીને મોડું પણ ધોએલું મેં જોઈઊં નથી. ઘરનું સઘલું કામ કાજ તો તારી સાસુ આખો દીવસ ઘંસડાઈ પછડાઈ કરીઆ કરેછે, ઘણું થાએછે તો તું આખે દાહાડે એક કચરો કાહાડવાની સાવરણી હાથમાં ધરેછે કે વખતે બે તપેલી ઊજાલવા બેસેછે, ને વલી તે કામબી એવું રાઊસ કરેછે કે ફરીથી તે કરવું પડેછે. જો તારા પોતાનાજ હાલ કેવાછે ! શું તારી પાસે લુગડાં કપડાં નથી ? શું તુંને દેગડી પાણીની ચુલે મુકી નાહાવાની કોઈ મનાઈ કરેછે ? જો તારી બેદરકારી એટલાંમાંજ પુરી થતી નથી. મને અહીંઆં આએઆને નજદીક સાતવાડીઊં થઈઊં એટલા દાહાડામાં, કેહ વારૂં તેં મારી પોતાની કેટલી બરદાસત લીધીછે ? દરરોજ જારે રાતનાં હું મારા ઓરડામાં સુવા જતી તારે શાબાસછે તારી જેઠાણીને કે તે એક બે વાર આવી મને કાંઈ જોઈતું હોએ તો પુછપરછ કરી જતી. વલી બે વાર રાતના દીવા ગુલ થએઆ તો તે બીચારીઊ ઊઠી આવી પાછા સલગાવીઆ. તેમજ તે ઓરડાનો કચરો બે વાર તારી સાસુએ ને બે વાર ડેરાણીએ વાલીઓ હતો, પણ તું પોતાની જણેતા દીકરીએ એક દાહાડે તે ઓરડાની જરાબી દાદ લીધી નથી. હું કાંઈ નાકબુલ જતી નથી કે તારી સાસુ વધારે કરડી હોએ તથા ડેરાણી જેઠાણીનો વાંક નહી હોશે, તોપણ મેં પોને તારા જે ઢંગ ને ચાલ ચલગત જોઈ તે ઊપરથી મારીબી કોઈ પારકનો વાંક કડુરાએ એવું નથી. વલી હું આવીછું તે દાહાડાની જોઊંછું કે નાનજીભાઈએ એક બે કસ ટાંકવા થકી અંગરખો તથા બાએ ઊખડેલું એક બનીઆન ખુટી ઊપર મુકીઊંછે કે તે સમારીને તું ઊંચું કરે, પણ જો હજી તેં તે વાત ઊપર વીચારબી કીધો છે. બંધે કપડાં પરીઆં પરીઆં ધુલ અને ધુમારામાં કાલાં થઈ ગીઆં પણ તને ખબર નથી કે તેને ઠેકાણે મુકે. એમા કેટલો વખત જઈ જઈને જતે વારૂં ? અબે તરણ તરણવખત તેવણે ને કપડાં જોઈ જોઈ કચવાઈ કચવાઈ પાછાં મુકીયાં તો પછી એ શું ? એ બલાપો થોરો ? તેવણનાં ખાધાપીધાની તજુમલ કરતીતો તું ડોશી થઈ ! કોઈ દાહાડેબી મેં તુંને આફરી ઘાબરી પડી સારૂં ભાણું લાવતી દીઠી નથી; બલેકાર કે બીચારાની બરદાસ લેનારીઓછે નહી તો તારાં રાજમાં ખરેખર ભુખે દેહાડાએ ! આવી રીતે આપણે જારે બધી વાને આખે હાડકેનાં હોઈએ તારે તો ભાઈબાપો

કરી કામ લઈએ તથા કોઈથી કાંઈ થાએ નહી ને એ બોલ બોલશે તો નીચાં નમન પડીને તે સાંભલીએ. હજી મારે કેહવાનું તો ઘણું ભરીઊં છે પણ હવે એટલામા જ સમજ, ચતુર હોએતો ચેતીજા.

કોલી—પેઆરાં માજી તમે ઘણાં ગુસે થએલાં માલુમ પડોછો. તારે શું તમે એમ કહોછો કે હું પરણી આવી એટલે મેં એક ચાકરી કબુલ કીધી ? શું કાંમ કરનાર માંણસ દાખલ હું ઘરમાં આવી ? શું એવણ ચાહેતો બે ચાકર નહી રાખી શકે ? ને ચાકર રાખેતો ણધી વાતની ખડખડ પતે. પછી તે તેનું હાંનીઆ કરે ! છોકરાંની જતન તે કેમ કરૂં, ઓજીઆં ફુવડછે !

સુખલી—જો કેવો સોખાઈનો જવાબ દીએછે ! બાપના ઘરમાં કેટલા ચાકરછે કે સાસરે ચાકર માંગે છે વારૂં ? શું હમે ઘેરનાં કાંમકાજે કરતાં નથી ને તને ખબર નથી કે તારી ભોંજાઈઓ ઘરમાં કેમ કાંમકાજ કરેછે ? ને વલી પોતાને ઘેરનું કાંમકાજ કરવાનું તેમાં ચાકરડાં શાનાં થઈઆં ! તે સાથે આપણે હાતે જેવું કાંમ થાએ ને ઘેર સચવાએ તેવું કાંઈ ચાકરને હાથે થાએ નહી, ને ચાકર રાખવા તે કાંઈ શોખાં કાંમછે ? આજ મોંઘવારીનો વખત, તો ગરીબ ઘરમાં એ શું લાડ ?

એવી બીજી ઘણી રીતે કેટલાએક દેખઈતા દાખલા બતલાવી બતલાવીને સુખલીબાઈએ છોકરીને ઘણી નસીઅતો દીધી, ને તારપછે તેની સાસુ સાથ એ બાબે વાત છેરી. તો વાત કરતાં તેમની ફરીઆદ એટલી નીકલી કે બીચારાં સુખલીબાઈને ભોંએમાં ભરાવું પડીઊં, પણ થોડોએકવાર વાતચીત કરી તેમનાં પગપર માંથુ મુકી માંગી લીધું કે માએ જે બની ને ખરી હવે તમેબી મનમાંથી કીનો વીસરી જાવો અને મને માફ કરો, છોકરી નાદાંનછે તે તરફ કાંઈ જુઓનાં ને ઘરમાંથી કંકાસ ઓછો કરો કે માટી ડોળી મન મુકીને ફરે. એ વાતની થોડી ઘણી અસર સાસુમાં પણ થઈ. તારપછે નાનજીભાઈ જારે ઘરમાં આવીઆ તારે તેવણ સાથ પણ એ વાત છેરી તેમની પણ કેટલી મીનન કીધી કે થઈ તે વાત માફ કરો ને હવે પછે જો એ આડી ચાલે તો કદી બોલતાના. તારે નાનજીભાઈએ ટુકામાં એટલુંજ કહીઊં કે " હું એની પાસ કાંઈ હાથી ઘોડા માગતો નથી, ઘણી સેહલી બે ચાર વાત માગુંછું ને તે વાત ઘણી વાજબી છે, એટલાં ઊપર એ જો ધીઆંન આપે ને તે પરમાંણે ચાલેતો હું મારો જાન ફીદા કરૂં. માહારૂં કેહવું એટલુંજ કે ઘરનાં વડાં માણસોના કહેઆ સાર રેહેવું, ઘરના સામન સુમનની તથા બચાં છોકરાંની સારી જતન અને બરદાસત કરવી, કજીઆ કંકાસની વાતોથી હાથ ઊઠાવવો, કોઈની તારીમારી કરવી મુકી દેવી, અને વારેઘડીએ નજીવી નજીવી વાતોની કુથલી મારી આગલ લાવવી નહી. હવે આ મારૂં માગવું કીઊં સમજુ માણસ અણઘટતું કેહશે વારૂં ? તે સાથે ઘેરછે, વખતે એનો તકસીર નહી હોવાછતાં કોઈ વડાં માણસે ઘરમાથી બે લખુન કહેઆ તો તે શાંખી જવામાં કાંઈ નુકશાનછે ? ધીરે સાંસને પછાડીથી તેવી અણઘટતી ચાલના રસતા ઘણા થઈ શકેછે, પણ તેવું તો કાંઈ મસે નહી, લાગલી કમરબાંધી ભીંગ ચઢાવી લડવાની તઈઆરી કરેછે, તથા ભડાભડ સામા જવાબો વાલેછે એથી શું એને અને એનાં માબાપને સારૂં કેહવએછે!"

"તમે જારે મને મોહોડે ચઢી પુછવાજ બેઠાંછો તો હું સાફ કહુંછું કે મારી ઊપરમુજબની જે સઘલી ધારણા ને મતલબોછે તે મુજબ જો એ ચાલવા માંડશે તોજ માહારાથી એની સાથ દીલ મુકી સલાસંપજથી રેહેવાશે નહી તર અલબત દીલ તુટેલું ને મન ભાગેલું રેહેવાનું. ધણીના કેહવાસારની ને ધણીના વીચાર મુજબની જારે ધણીઆની હોએ નહી તારે ધણી શું કરે બીચારો મરે ? થોડા બોલોમાં મારી તો આ ફરીઅતછે, હવે જારે તમે અહીંઆંવેર આવેલાં છેઓ તારે તો બે વાત સમજાવીને કેહજો, તે પરમાણે ચાલશે તો એ સુખી થશે નહી તો હાલ જેમ હાડ માર થાએછે તેમ વધારે થશે."

સુખલી બાઈએ ઘણીક રીતે નાનજીભાઈને સમજાવી તેવણનો ગુસો ઓછો કરાવીઓ ને ઘરમાં સઘલાં સાથ સલાહ સંપજ કરાવી તેવણ પાછાં પોતાના ઘેર સુરત જવા નીકલીઆં. જે દાહાડે નીકલનાર હતાં તે દાહાડેબી છોકરીને ઘણી સીખામણો ની વાતો કહી. એ સઘલી શીખામણોની તથા પોતાની સાસુ ને ધણીની ફરીઆદ સાંભલીઆની ઘણી સારી અસર કોલીબાઈ ઊપર થઈ, અને તે દાહાડેથી તે સમજુ થઈને ઘરના કજીઆ કંકાસ ઓછા થએઆ.

સુખલીબાઈએ શુરત જઈ પોતાના ધણી આ

ગલ ઊપલી સઘલી વાત કહી ને પોતે સઘલું સમાધાન કરી આવેલાંછે એવું જણાવી બીચારા કાનજી કાકાનો જીવ એઠો કીધો.

## બેહેનો કદી કોઈપર ગુશે થતાંનાં.

માંણસોને જેવારે સરવશકતીમાંન પરમેશવરે ઊતપન કરીઆંછે તેવારથીજ તેમની તબીઅત એવી બનાવીછે કે કાંઈ પણ કારણથી જો તેનું દીલ જરા દુખાઈશે અથવા તેનાં મનને સંતાપ થએઓ તો તેથી તુરત તેનાં મનમાં કરોધ ઊતપન થાએછે, તેમજ જો વલી કોઈ કારણોથી તેનું દીલ રીંજાએછે અથવા તેનાં મનમાં આનંદ ઊપજીઓ તો તે ખુશી ખુશી ને બાગ બાગ થાએછે. જો કોઈ ખરાબ અને અણઘટતું કાંમ આપણી નજરે પડીશે તો ખચીત તેથી આપણું દીલ દુખાવાનું તથા આપણાં મનને સંતાપ થવાનો તેમજ જો કાંઈ સારૂં અને નીતીઈઊકત કાંમ આપણા જોવામાં અથવા સાંભલવામાં આવીશે તો તેથી આપણાં મનને ખુશાલી ઊપજવાની અને તેથી આપણાં મનમાં એક ઘણોજ જુસો ઊતપન થવાનો એ સરવને સારી પઠે રોશનછે. એવા દરરોજનાં બનતા બનાવો ઊપરથી સાફ અટકલી શકાએછે કે આપણા પરમકુરપાલુ ઈશવરે આપણામાં કરોધે ભરાવાનો અથવા ગુશે થવાનો જે મીજાજ મુકીઓછે તે કાંઈ પણ ઊપીઓગ અને કાંમસર મુકેલોછે, એ ગુણ કાંઈ અમસ્તો મુકીઓ નથી. જે કાંઈ ખોટું, અઘટીત, નુકશાનકારક અને સંતાપકારક હોએ તેનો અટકાવ કરવા સારૂં એવો મીજાજ અથવા ગુણ આપણને આપવામાં આવીઓછે.

એ રીતે જોતાં જોપણ કેટલાંએક કારણોસર અને કેટલીએક વેલાએ આપણે ગુશે થવું પડેછે ખરૂં, તોપણ તે આપણા ગુશાને વીવેકના અંદાજમાં ને તેની લગાંમ ઘણી સંભાલમાં રાખવી જોઈએછે, નહીતર એકદમ ગુશે થઈ તેથી કોઈ પણ રીતની ખરાબી કરવી એ ઘણું અણઘટતું અને સજાને લાએકનું કાંમ ગણાએછે. એવી રીતે ગુશે થઈ અનરથ કીધાથી ગુશે થનાર જે કારણસર ગુશે થએઓ હોએ તેનાં કરતાં વધારે સજાને લાએક થાએછે. ગમે એવાં કારણસર ગુશે થવું પડે તો પણ તેની અસરથી કોઈપણ અણઘટતું કરમ કરવું જોઈએ નહી, તેમજ ગુશાનો વેલ ગએઓ એટલે તુરત મન સાફ કરી મનમાનો મેલ કાહાડી નાખી તે વીસારી નાખવું જોઈએછે. એક ધરમ ગુરૂનું એવું વચનછે કે "બેહેનો તમે કોઈ સાથ ગુશે થતાં નાં, ને " જો કદાચ ગુશે થાવો તો તેની ઝુમમાં કાંઈ પાપી " કરમ કરતાં નાં, તેમજ ગુશે થઈને શુરજ ને અસ " ત પામવા દેશોના." એ વચનની મતલબ એટલીજછે કે જો ગુશે થવું પડીશે તો તે ગુશાને અંદાજમાં રાખચો, ને તે બાર કલાકથી વધારે વાર મનમાં રાખવો નહી.

ગુશે ભરનાર માણસો પોતાના ગુશાના ઊભરા ઘણુ કરીને બે રીતે બાહાર પાડેછે— કેટલાક જેઓ ઊછાછલા અને કમ અકલ ગણાએછે તેઓ બે અદબી ભરેલા ને કઠણ શબદો તથા મોટે આવાજે બુમો પાડીને તથા હાત પગ પછાડીને પોતાના ગુશાનો ઊભારો બાહેર પાડેછે, અને કેટલાક થંડા મીજાજના ને ભલમણસાઈ વાલા શખસો જેઓ ટાહાડાં પાણીનાં માટલાં ગણાએછે તેઓ તેમ કરતા નથી પણ હલવે રહીને ધીમે ધીમે કડવા સખુનો બોલી પોતાને નાખુશ કરનારનું દીલ વીધાએ એવા ઘા મારેછે. હમે કહીએ છીએ કે એ બેમાની એકુ રીત સૌરી નથી. એવી રીતે ગુશે થવાથી તથા બોલવાથી કાંઈ સારૂ પરીણામ નીપજતું નથી પણ ઓર વધારે માઠું થાએછે. ગુશાના ઊભરા બાહાર બતલાવવા જોઈએ એ વાતનો ખરીજછે, પણ તે બતળાવવામાં ઘણી સંભાળ અને બેહદ ડાહાપણ વાપરવાની જરૂરછે. એવી વેળાએ જેથી આગલ ચાલતાં વધારે ખરાબી ન થાએ ને સામો ધણી પોતાની ચુક જોઈને તે સુધારે એવા ઊપાએ કરવાની જરૂરછે. અલબતાં એવા ઊપાએ કેટલેક દરજજે કઠણતો કરવા પડે પણ તે ધીરજથી ને મજબુત ઠરાવથી કરવા જોઈએછે.

આપણી પોતાનીજ આબાદીની અને આપણાં પોતાનાંજ સુખને માટે જરૂરની ને ઘણી ધીઆન પુગાડવા જોગ વાત એછેકે આપણને ગુશા ભરેલા સવભાવ અને આકરો મીજાજને બદલે શાંત સવભાવ અને થંડો મીજાજ રાખવો જોઈએ. પરમેશવરે આ જગતની રચના એવી રીતે કરીછે કે આપણે

ને ગુસ્સો ઊપજાવવા જોગ ને આપણને ચીડવવા જો
ગ ઘણીક વાતો અને બનાવો આપણી જીંદગીમાં હં
મેશાં બનતા જવાના; માટે જો એવી દરેક બીના અ
ને બનાવોથી આપણે ગુસે થએઆ કીધા અથવા ચી
રડાઈ જવાની તબે રાખીતો તેથી કાંઈ નહી પણ આ
પણે પોતે બેહદ દુખી થઈશું. સારો અને નરમ
સવભાવ રાખી સારૂં માઠું સઘલું સેહેવાની જો ટેવ
રાખી તો તેથી આપણી જીંદગીમાં પડતા અટકાવો
અને નડતી હરકતોમાની મુખીઅ હરકત અને મુખી
અ અટકાવ દુર કીધેલાં કેહેવાશે.

તમામ માણસ જાત ચુક અને ખતા કરવા જોગ
પરાણી છેજ એવું જારે ચોકસ માલુમ પડેલુંછે. તારે
શા માટે એકની ચુક અથવા ખતાને ખાતર બીજા
એ તેના ઊપર રીશે ભરાવું. જોઈએ વારૂ ? રીશે ભ
રાનારે એટલોજ વીચાર કરવો જોઈએછે કે સામા
ધણીની જગા ઊપર હું હોત ને મજ થકી એવી કોઈ
ખતા થઈ હોત ને માહારા ઊપર જો કોઈ ગુસસે થા
ત તો તેવી વેલાએ મને કેવું લાગત ! એટલાજ વી
ચાર ઊપરથી તેને સેહેજ માલુમ પડશે કે કોઈની ચુક
વીસે દર ગુજર કરી તે વીશે મનમાં કાંઈ પણ ડાઘ ધ
રવાને બદલે તુરત તે મનમાંથી વીસારી નાખી માફી
બખશવી એ ઘણી સારી ને કલીઆનની વાતછે. હે
વી કોઈ ખતા અથવા ચુકનો ડાઘ મનમાં રાખી ગુસે
ના ગુસે ચાલવાથી મનમાં વેર વધી પડેછે અને તેથી
અગાઊ કરતાં બમણી ખરાબી થાએછે, પણ જો એ
વી વેલાએ મનમા રાખવાને બદલે માફી આપી હો
એછે તો અગાઊ જે ખરાબીનું મુલ હતું. તે પણ ની
કલી જાએછે અને જેથી સલાહ સંપ જ વધેછે.

એ બીનાને લગતી એક વાત નીચે મુજબ જ
ણાવવામાં આવીછે. કેહેછે કે જીનીવા દેશમાં એક પં
ડીત રેહેનો હતો, જેની જનમથીજ એવી તબીઅત
હતી કે તે કદી ગુસે થતો ન હતો, તે એટલે સુધી કે
તેને ગુસે થવાનાં ગમે એવાં કારણો મલતાં તોપણ તે
જરાબી ગુસે ભરાતો ન હતો તેના ઘરમાં એક દાસી
લગભગ ૩૦ વરસ સુધી ચાકરીએ રહેલી હતી તે સ
ઘલા અરસામાં તેણીએ કોઈબી દાહાડે એને ગુસામાં
આવેલો દીઠેતો નહી. એ ધણીના કેટલાક મીતરો
એ એક વાર એવો વીચાર કીધો કે કાંઈપણ કરી
એને ગુસે કરવો, તેથી તેઓએ ખબર કાહાડવા માં
ડી કે એવી શી વસતુ અથવા વાતછે કે જેના ઊપર
એ પંડીતનો ઘણો શોક અથવા ચાહા હોએ, તો પ
છે તેની વીરૂધ કાંઈ કરવું એટલે તે ગુસે થાએઆ
વના રેહેશે નહી. ખબર કાહાડતાં તેમને એવું મા
લુમ પડીઊં કે એ ધણીને પોતાનું બીછાનું ઘણું સા
ફ અને દર રોજ બરાબર ગોઠવેલું જોઈએછે, એ શી
વાએ વધારે કોઈ વાતનો એને શોક નથી. તે ઊપ
રથી તેઓએ તેનું બીછાનું કરનાર દાસીને નાણા
ની મોટી રકમની લાલચ આપી તેણીને કહીઊં કે
તેણીએ એનું બીછાનું બનાવવામાં બેદરકારી બ
તલાવવી ને જારે તેનું કારણ પુછે તારે કોઈ એવો
જવાબ દેવો કે જેથી તે ગુસે ભરાએ. દાસીએ પોતા
ની ૩૦ વરસની ચાકરી ઊપર નહી પણ નાણાની
મોટી રકમ ઊપર નંજર કરી એ વાત કબુલ કીધી,
ને તેણીએ પણ પોતાના લાંબી મુદતના અનુભવ ઊપ
રથી જાણીઊં કે એ પંડીતરાવને ગુસે કરવાનો આ
થી બીજો કોઈ ઊપાએ છેજ નહી; તેથી તેણીએ એ
ક દાહાડે બીછાનું કરવાની કાંઈ દરકાર રાખી નહી,
પંડીતે બીછાનું નહી કીધેલું રાતનાં જોઈઊં ને તે
વીશે બીજે દાહાડે દાસીને સેહેજ કહીઊં કે કાલે બી
છાનું કીધુંતું નહી. દાસીએ કાંઈ બાનું કાહાડીઊં
ને પંડીતરાવ મુગા રહેઆ. એજ રીતે બીજો દાહાડો
પણ કાહાડીઓ, તેથી પંડીતરાવેં બીજે દાહાડે પેહે
લા દાહાડાની પઠેજ ધીરજથી પેલી દાસીને કહીઊં
કે ગેઈ પરમ દાહાડે તો તું ભુલી ગઈતી પણ વલી
કાલેબી બીછાનું સમારેલુ નહી હતું; વલી આ વેલા
એ દાસીએ કાંઈ એવો જવાબ દીધો કે પંડીતરાવને
ઠેકાણે કોઈ બીજો શખસ હોત તો તે ખચીત ચીર
ડાઈ જાત પણ પંડીતરાવ તો ખરેખર તાહાડા પા
ણીના માંટલા તે અખાડા કરી ગએઆ. તરીજે દા
હાડે જારે પંડીતરાવે જોઈઊં કે દાસીને વારંવાર કે
હેવા તથા ઈઆદ આપવા છતાં તે બીછાનું તઈઆર
કરતી નથી તેથી તેણીને બોલાવીને ઘણેજ ધીરે અ
વાજે કહીઊં કે " તેં આજે પણ માહારો પલંગ બી
છાવીઓ નથી, તેથી મને એવું માલુમ પડેછે કે ક
દાચ એ બીછાવતાં તને કંટાલો આવતો હશે ને તેથી
જ તેં ઠરાવ કીધેલો માલુમ પડેછે કે બીછાનું એમજ
રાખવું. તોપણ ઠીકછે, તેની કાંઈ ચીંતા નથી, કેમ
કે તે બીછાનું હાલ જેવી અવસ્થામાંછે તેવાં ઊપર

સુવાની પણ હવે મને હલુ હલુ ટેવ પડતી જાએછે." એટલું સાંભલતાં દાસી ઘણી શરમીંદી થઈ ગઈ અને તુરત પંડીતરાવના પગપર માથું મુકી માફ માંગી અને જે ખરેખરી હકીકત હતી તે સઘલી તેને કહી દીધી.

## છાતીપર મુકેલો પથર ભંજાએ !

કસરત, હીકમત અને હાત ચાલાકીથી ઘણા તાજુબી ઊપજાવનારા ખેલો થાએછે, એ વીશે કેટલીક વાર આ ચોપાનીઆંના અંકોમાં લખવામાં આવીઊંછે, તેમજ ગએઆં અંકમાં એવો એક દાખલો આપેલોછે. એ સઘલા અચરતી ભરેલા ખેલો જેવારે પેહલ વેહલા જોનારની નજરે પડેછે તારે તેઓ તેનાં ખરાં કારણ પારખી નહી શકવાને લીધે તેને એકદમ નજરબંદી અથવા જાદુનું નાંમ આપી દીએછે. અને ખરેખર દલગીરી ભરેલી વાતછે કે જાદુ અને નજરબંદી એ ફકત ખોટા કલપના ઊપરથી ઊતપન થએલા શબદોછે અને એવી કોઈ બાબદો અથવા બીના બનતી નથી એવું ઘણીવાર ભર મજલસોમાં સાબેત થઈ ચુકા છતાં કેટલીક વેહમી અને ભોલી બાઈઓએ ખોટા વેહેમોમાં ગીરફતાર રહેલી માલુમ પડેછે. આપણા મેદાનમાં તંબુ અથવા માંડવા નાખી કેટલાક ફરેનચ અને ઈટાલીઅનોએ તરેહવાર અને કેટલેક દરજજે આપણી અકલ પણ કબુલ નહી કરે એવા કેટલાક ખેલો કરી બતલાવીઆછે, અને જેમાના કેટલાક ખેલો જોવા જવાને હમારી કેટલીક ભાએગશાલી વાંચનાર બાનુઓને જોગવાઈ પણ મલી હતી. એ ખેલો જોઈને પણ કેટલીક બાઈઓતો એમજ કેહતી હતીઓ કે "માએ એ કાંઈ ખાવાનાં કાંમછે, નજરબંદી વના કાંઈ થાએ કે, એતો સરકારની બીકથી તેઓ બોલતાં નથી, પણ બધું કરેચ તેતો નજરબંદીથી કરેછે." હમારી સમજુ વાંચનાર બાઈઓને ઊપલા હસવા સરીખા ને કાંઈ નહી પણ એક નાહાનાં બચાંને મોહાડે થીજ નીકલે એવા વીચારની મુનસફી સોંપીએ છીએ. એકવાર નહી પણ સેંકડો વાર ને એક બે આસામી આગલ નહી પણ સેંકડો આસામીઓની ભર મજલસમાં સાફ અને ખુલી રીતે મુકરર કરવામાં આવીઊંછે કે **જાદુ અથવા નજરબંદી જેવી કોઈ ચીજો છે નહી.** ખરી વાતછે કે કેટલીક તાજુબી જેવી કસરતો અને ઠગાઈ ભરેલી હીકમતોથી કેટલીકવાર આપણાં મનમાં ઘણો ઘભરાટ ભરેલો જુસો થઈ આવેછે, ને તેવા કેટલાક ખેલો જોવાથી આપણાં મનમાં કુદરતીજ સવાલ થાએછે કે "ભાઈ આ તે શું ? જાદુ કે નહી ?" એનો હમો એટલોજ ઊતર આપીએ છીએ કે એવી વેલાએ આપણને સમજ ન પડે માટે આકરાં ઘાભરાં પડી ભર દઈને મનમાં જે આવે તે બોલવાને ઠેકાણે ચુપ રેહેવું ને ધીરજથી તેનાં કારણો જાણવાની તજવીજ કરવી એટલે તુરત નહીતો ધીમેથી, અને પોતાની મેલે નહી તો કોઈના સમજાવીઆથી ખુલાસો થએઆ વના રેહેનાર નથી.

બેહેનો, આ પાસેનું ચીતર જુઓ, એ જોવાથી તમારાં મનમાં કેવો વીચાર આવેછે વારૂં ? ટુક વીચારથી ને વગર અંદેશાએ જો જવાબ દીધો તો જાદુ વગર બીજો જવાબ તમો દઈ શકનાર નથી, પણ બેહેનો, હમો તેની સાફ અને ખુલી ના પાડીએ છીએ. હમે કહીએ છીએ કે એ ચીત્રમાં તમારા જોવામાં જે આવેછે તે કુદરતી કાએદાને આધારે બનેછે. જુઓ એક બલવાન અને કદાવર શખસે પોતાની છાતી ઊપર એક મોહોટો પથર મુકાવીઓછે, અને તે પથરને ભાંગી કકડા કરવાને બે મજબુત શખસો મોહોટી ઘોંણ વતે જબરદસ ફટકા મારેછે; જો પણ ફટકા હવા જબરદસત પડેછે તોપણ જેની છાતી ઊપર એ પથરછે તે તો ગોએઆ કરારે સુતો હોએ એવું તેનાં મોહોડાં ઊપરથી દેખાએછે, તો એનું શું કારણ હશે વારૂં ? કારણ એટલુંજછે કે કુદરતી કાએદો એવોછે કે જારે એક નાહાની ચીજનો ફટકો મોહોટી ચીજ ઊપર પડે તારે તે ફટકાનું સઘલું જોર પેલી મોહોટી ચીજમાંજ પથરાઈ જાએછે, અને જે ચીજ ઊપર તે મોહોટી ચીજને મેલી હોએ તેને તે ફટકાનું જોર બુદલ માલુમ પડતું નથી. ચીત્ર ઊપરથી જોતાં એ ખેલ ઘણો સેહેલાઈથી થઈ શકે એવો માલુમ પડેછે, ને જે કોઈ ચાહે તે એની તપાસ કરી શકે એવુંછે, તોપણ એને અજમાવતી વેલા કેટલી સંભાલ રાખવાની જરૂરછે, તેમાં સઉથી પેહેલી વાતતો એજછે કે જેની છાતી ઊપર પથર ભાંજવો હોએ તે શખસ ઘણો બલવાન, મરદાનો અને સંગીન જોઈએ, કે જે ઘણી પો



છાતીપર મુકેલા પથર ભાજેછે.

તાનાં ખાસ કુવતથી પથરને પોતાની છાતી ઊપર ઊંચકી રાખે અને છાતી દબાવા નહી દીએ. એટલી સંભાલથી કોઈપણ શખસ એ ખેલ તપાશી સકશે.

આવી રીતે અચરતી ભરેલા ને હેરતમા નાખનાર ખેલના ખુલાસા થઈ શકેછે. અલબતાં એક દમ તો ખુલાશો થવો મુશકેલજછે, જરા લગાર વીચાર પણ કરવો જોઈએછે, બે પાંચ તરફ ખોલપણ કરવી જોઈએછે ને બે ચાર અનુભવ વાલાં માણસોનાં મત પણ લેવાં જોઈએછે; એવી રીતે ખેલ જોનાર ધીરજથી તપાસ કરે તારેજ ખુલાસા મલે, બાકી એકાએક તો બનનાર નથી; માટે વાંચનાર પેઆરી બાઈઓ એવા ચમતકારી ખેલો નજરે પડે તારે તેમને વીશે તમારી કલપનામાંથી ઊતપન કેરેલાં કારણ લાગુ પાડી સંતોસ નાં પકડો પણ તેમનાં ખરાં કારણોને 'કેવા બનાવોથી એ બની શકે તેની પકી તપાસ કરવાની કોશેસ કરો એવી તમને વીનંતીછે.

—∞•∞—

## "મન ચંગા તો કથરોટમા ગંગા."

આ કેહેવાત મુજબ જેનું મન સાફ અને નીરમળ તે શખસ ગમે એવી હાલતમાં અને ગમે એવા લોકોના સંગમા આવીઆ છતાં તેનાં મન ઊપર કશી માઠી અસર થનાર નથી, તથા તે પોતે જાતે ભલું ને નેક મનસનીનું માણસ હોવાથી તેને કોઈ ઊપર કશી વાતનો શક જતો નથી. આવા એક ખુદરતી કાએદાની વીરૂધ જેઓએ પોતાના વીચાર જાહેર પાડીગા તેઓને વીશે વીચારવંત શખસો સારૂં મત આપનાર નથી. નીતીમાન કે અનીતીમાન, ભલું કે બુહું અને શાનું કે શોખ માણસ પોતાને મોહોડે વાતચીત કરતાં જટ પકડાઈ આવેછે. આ દુનીઆમાં ખોટા દેખાવ કરનારાં ઘણાં મળી આવેછે જેઓ મોહોડે રામ રામ કરી પોકારેછે ને પગ તળે માછલાં કચરેછે. પણ એટલું સારૂંછે કે એવા ખોટા દેખાવ અને જુઠા લેબાસ લેનાર શખસો ઝાઝા દાહાડા પોતાની એ ઠગાઈ ચલાવી શકતા નથી. ટુકામાં કહીએ તો જે શખસે પોતાને મોહોડે પોતાની તારીફ કરવા માંડી અને જે શખસે કોઈના પણ પુછવા વના એકદમ પોતાના નીતી અને સદગુણ વીશે બોલવા માંડીઊં તેવા શખસ વીશે તુરત ગુમાન જવાનું કે, "આ ભાઈ જે આ "ટલું બધું બોલેછે તે ખરેખરા ભલાં આદમી માલુ "મ પડતા નથી, ને એ ભાઈ પોતાની ચોખાઈ અને "પવીતરાઈ વીશે અણ બોલાવીઊં એટલું બધું બો "લેછે તે ઊપરથી એ ભાઈ એવા ગુણો ધરાવતા નથી "એવું સાબેત થાએછે." આ વીચાર અથવા ગુમાનને આધાર આપનાર એક વાત એક ઈગરેજી ચોપાનીઆમાંથી નીચે દાખલ કરેલીછે, તે ઊપર ઘટતું ધીઆન આપવાને હમો દરએક વાંચનારને ભલામણ કરીએ છીએ.

પોરટુગાળમાં આગલાં વરશો ઊપર એક ખુઘો પઈસાદાર માંણશ રેહતો હતો. તેહને પેટે એક ખુબસુરત, ચંચલ, અને શીખેલો પુત હતો. જાહરે આ ખુઘો બાપ મરવા સુનો તાહરે પોતાના છોકરાને પાસે બોલાવીઓ અને કહીઊ, "હું તાહરે વાસતે ઘણી સારી પુંજી મુકી જાઊછું, અને જો કર કશરથી તેં વાપડીનો ને કદી ખુટનાર નથી. એક ચીજથી હું તહને સંભાલ કરવાને કહુંછું, તે એછે કે, માંણશજાત કરી સકે તેહનાં કરતાં કોઈ વધારે ધરમાતુ થવાનું ડોલ ઘાલે અથવા જે ધણી ઘણોજ ચોખો અને છેકજ ભગતમાં ખપવા માગે અને જે જરા જરામાં કચવાટ બતલાવી એવુંજ દેખડાવા માંગે કે આ દુનીઆનાં બીજાં સઘલાં માણસો કરતાં તે વધારે નીતીમાન અને ચોખોછે, તો તેવા દેખાવ કરનારાઓથી તું ઘણો સંભાળીને ફરજે, કારણ એવા ખોટા ડોલ ઘાલનારાઓ બાહેરથીજ ફકત એવા વીચાર જણાવેછે મગર તેમનાં અંતરમાં તમાંમ પાંપ ભરેલું હોએછે. જેઓ ઘણાજ પાપી અને ખરેખર અનીતીમાન હોએછે તેઓજ પરેજગારમાં અને ખરા ધરમાતુઓમાં ખપવાનો જુઠો દાવો કરેછે, માટે ઓ વાહાલા બેટા, ફરીથી તને કહુંછું કે એવા ડમર ઘાલનારાઓથી તું ખુબ સાવચેત રેહજે. અગર જો તું આ માહારી સેહેજ નસીઅત ધીઆનમાં લેશેતો ઈઆદ રાખજે પેઆરા બેટા કે તજ સરખો સુખી આ દુનીઆમાં બીજો કોઈ થનાર નથી." એટલું બોલવા બાદ તે બુજરગ મરદે પોતાનો પરાણ પોતાના પાક પરવરદેગારને હવાલે કરીઓ.

પાછલથી માં બાપ વગરની એક સ્ત્રી સાથે તેહને ઓલખાંણ થાઈ અને બંધેની મરજી એકમેક ઊપર હોવાથી તેઓ પરણીઆં. દેખઈતી તે સ્ત્રી

કરકસર, અને ભલમણસાઈ વાલી નજર આવતી હતી. એવી હાલતમાં ચાર પાંચ વરસ ગુજરી ગયાં.

એક દાહાડે ગાંમમાં મેલો ભરાઓ હતો તેથી પેલા ધણીએ બાએડીને કહ્યું, "ચાલો આજ આપણે મેલો જોવા જઈએ અને તાંહાંથી ઘરને બરની ચાગત જોગ ચીજો, તથા તમારે પોતાને બરની કાંઈબી જરૂરીઆત ચીજો લેઈ આવીસું." બાએડી બોલી "નહી હું કદી બાહેર જાતી નથી કાંએને જો હું બાહેર જાંઉ તો પારકા પુરૂશોની ઊપર માહરી નજર પડે, અથવા પારકા પુરૂશોની નજર માહરી ઊપર પડે, તો એવાં પાપુથી જેમ બને તેમ હું દુર રેહવા ચાહુંછું".

પેલા ભરથારને પોતાના બાપનાં આગલાં બોલો ઈઆદ આવીઆ, અને મનમાંજ વીચારીઊ કે સું! આ બાએડી પણ દગલબાજ હસે ?

છ માસ ગુજરી ગીઆ અને એક દાહાડે પોતે બાએડીને કહીઊ કે, મહને અગતના કારણસર બાહેર લાંબી મુશાફરી જવું પડેછે તેથી માહારો મુસાફરીને બરનો સરસાંમણ બાંધો. પેલીએ આખો દાહાડો મેહનત કરી સંધુ તઈઆર કીધું અને બીજે દીને સવારના તે પોતાની મુસાફરીએ ચાલીઓ. થોડાક ગાઊ આગલ ચાલી એક ધરમસાળામાં વાસો કીધો. રાતનાં મધીઅ વખતે - પાછો ઘોડા ઊપર સવાર થાઈ ચુપકીદી ઘર આગલ આવી પોતાની પાસે ફાલતુ કુંચીઓ બનાવી રાખી હતી તે લગાડી ઓરડામાં પેઠો, અને જોએઉં તો પોતાની બાએડી એક પારકા મરદ સાથે માલમ પડી. એવાંમાં પેલી બાએડી જાગી ઊઠી તેહને ઊંચકી લેઈ ગીઆ; અને પુછવા માંડીઊં કે આ ડી રાતના આ ઓસરી ઊપર તું કાંહાંથી આવી લાગે

પેલા ભરથારે જોઈઊ કે જો હું ખરો જપ આપું તો ઘરની આબરૂ ખોલી થાએછે તેથી ... ચુપ કીદી રેહું તો સારૂં.

તે વખતના રેવાજ પરમાંણે ચોરીની સીસા, ફાંસીથી આપતા હતા તે પરમાંણે તેહને સુલી ચહડાવવાનો હોકમ થાએઓ.

સુલીએ ચહડાવાના વખતની થોડીકવાર અગાઊ બંદીખાંનાંમાં હમેસ ધરમગુરૂ આવી કેટલોક ફિકરી ગુનાંહ કબુલ કરવા કેહેછે તેમ એક ધરમ ગુરૂ રાજાને ઘરનો પંચકી હતો તે પેલા અભાગીઆ, થારને સંમજાવા આવીઓ. કેટલોક બોધ કીધો બી પેલો ભરથાર ચુપ બેશી રેહો.

સુલીએ ચહડવાનો વખત નજદીક આવ્યો પેલો ધરમગુરૂ અને તેની સાથે બંધીવાન તેમજ કોનું તથા સરકારી અમલદારોનું ટોલું ચાલવા ગું. પેલા ધરમ ગુરૂએ ફાંસી દેનારાઓને કહીઊ કે જલદીથી જાઈ સંધી તઈઆરી કરો પણ ભાઈઓ ખબરદાર ઊકરડા આગલથી ચાલતાં, એક કીડો તમારા પગ તલે ભચરી પાપી થસો નહી. પેલા ધીવાન ભરથારને વલી પોતાના બાપની કેહવત કદ આવી અને મનમાં બોલીઓ કે આબી કોઈ ટો દગલબાજ તથા ઠગારો દીસેચ. પછી તેણે ... સરકારી અમલદારોને બોલાવી કહીઊ કે "હું હવે ... હરી સંધી તકસીર કબુલ કરૂંચ. મેં અને આ ધરમગુરૂએ સાથે મલીને ચોરી કીધીછે." આ વાત સાં

આ જવાબ સાંભળી રાજાએ તેને પુછીઉં કે "તારા બાપે તને એવી ને કેવી નસીહત દીધી કે તે ઊપરથી તેં આવી રીતે ચોર પકડી આપીઓ". તેણે જવાબ દીધો "રાજા, ગુનાહ માફ્છે, મારા બાપની નસીહત એટલીજ હતી કે જે બીજાઓ કરતાં વધારે ચોખા ને એકીનદારમાં ખપવા માંગે તેઓ પાપથી પુર ભરેલા હોએછે ને તેના દાખલામાં આ તમારા ઘરના પંથકીનો બીજો દાખલો મારી નજર આગલ બનીઓછે." એ ખુલાસો સાંભલી રાજાએ પણ વીચાર કીધો કે વાત ખરીછે જેનું મન સાફ ને પાપથી મોકલું હોએ તેને લોકોમાં અમરથું બોલી દેખડાવવાની જરૂર પડતી નથી, પણ જેઓનાં હાડ મુએલાં હોએછે ને જેમને તેઓનું મન ડંખીઆ કરેછે તેઓજ પોતાનું પાપ છુપાવવાની પેરવી કરતાંમાં ચોર સપડાઈ જાએછે.

---

## મુસીઉ બલાંડીની અજાએબ જેવી કસરતો.

(લંડન ટાઈમસ ઊપરથી.)

મુસીઉ બલાંડીએ જે અચરત ભરેલી તથા મનને ભુલથાપ પમાડે હેવી કસરતો કરી હતી તેથી તે જોનારાઓ પોતાની નજરે જે બનાવ જોએછે તે ખરેખરો બનાવ છેકે કંઈ સપનાની અંદર પોતાના મનમાં તુરંગો દોડવાછે તે જુવેછે એ બાબેના વીચારની અંદર પડેઆ હતા. જે દોરડાંની ઊપર એ ખેલાડીએ પોતાની અજાએબ જેવી કસરતો કરી હતી તે દોરડું જમીન ઊપરથી દસ ફુટ ઊંચું હતું તથા તે ઘણું લાંબું નહી હતું. તેણે એ દોરડાં ઊપર એક ટોપલી મુકીને તેની ઊપર તરેહ તરેહનો નાચ કરી બતલાવેઓ હતો, અને તે ઊપર થઈને પોતાની લાકડીની મદદથી અથવા તે લાકડી ઝાલીઆ વગર પોતાની બીજી નવાઈ જેવી ઘણી ઊમદા કસરતો કરી હતીઓ. દોરડાં ઊપર લાકડીઓ મુકવી તથા તે લાકડીના ટેકા ઊપર ચાલવું એ ઘણી બીકટ કસરત ઘણાએછે, પણ તે ઊપર મુસીઉ બલાંડી ચાલી ગએઓ એટલુંજ નહી, પણ તેની ઊપર તેણે નાના પરકારની કસરતો કરી દેખાડી ને જોનારને અચંબામાં નાખીઆ હતા અને વલી એ કસરતો તેણે કંઈબી પરકારની ફીકર અથવા ધાસતી વગર કરી હતીઓ. પણ એ કરતાં વધારે તાજુબી ઊપજાવનારી કસરત તેણે એ કીધી કે, એક ચાર પાએઆની ખુરસી લીધી, અને તે ખુરસી દોરડાં ઊપર મુકીને તેમાં તે બેઠો, તેની એક બાજુએથી બીજી બાજુએ ગએઓ, તેની ઊપર ઊભો રહેઓ, તે ખુરસીના પાછલા ભાગ ઊપર ચહડી બેઠો, અને તે ખુરસીને છેક તે દોરડાંની અણી ઊપર લાવી રાખી, અને એ સઘલું પોતે જરાએ ગભરાઆ વગર કરી બતલાવેલું હતું.. એ કસરતો કરેઆ પછી તેણે પોતાના હાથમાં એક સારંગી લીધી, અને તે સારંગી લઈને તે દોરડાં ઊપર ચહડેઓ, અને તાંહાં સારંગી વગાડીને તેની તાલ પરમાણે તે ઊપર નાચવા લાગેઓ. તે સારંગી વગાડતો હતો અને આગલ અને પાછલા દોરડાં ઊપર આવજા કરેઆ કરતો હતો, અને પોતાના રાગો હેવી રીતે વગાડતો કે તે જોઈને જોનારાઓનાં મન તદન ચકીત થઈ ગએઆં હતાં. આ કસરત કરી રહેઆ પછી તે પોતાના હાથમાં એક પરઘમ લઈને દોરડાં ઊપર ચહડેઓ, અને તે પરઘમ તેણે હેવી રીતે વગાડવા માંડીઉં કે ગોએઆ તેવાં પરઘામ વગાડનારા છ શખસો વગાડતા હોએ તેમ પોતાનું પરઘામ વગાડતો હતો, અને નાચ કરતો હતો, અને જારે તે આગલ જતો કે પાછલ જતો તારે પોતાનું પરઘામ બંધ રાખતો હતો નહી, પણ તે સઘલો વખત વગાડેઆ કરતો હતો. તે દોરડાં ઊપર કુદતો હતો, પણ પડી જતો ન હતો, અથવા પોતાની કસરતો કરવામાં આચકો ખાતો નહી હતો. હાવી તરેહને મલતી બીજી ઘણી કસરતો કરવામાં આવેછે, પણ મુસીઉ બલાંડીએ દોરડાં ઊપર જે કસરતો કરી બતલાવી હતી તેવો દેખાવ કોઈ પણ વખતે જોવામાં આવેઓ નથી. વલી એ કસરતો જમીનથી ઘણાં ઊંચા દોરડાં બાંધીને તેના ઊપર ચાલી જવાની કસરતો કરતાં થોડી ધાસતી ભરેલીછે, અને તેથી કરીને કસરત કરનારને કઈ પણ પરકારની ધાસતી રેહેતી નથી તથા જોનારના મનને ઘણી અચરતી ઊપજેછે. આ કસરતો જોઈ આવનારાઓ તેની ઘણી તારીફ કરેછે, અને તે કસરતો ખરેખર તેવી તારીફ કરવા જોગછે.

## ઘરેણાવના બાએડી કાંઈ શોભે કે ?

ઘરેણાવના ઓરત જાતને મુદલ શોભા છે નહી એવું ઘણી બાઈઓ માનેછે. હમો એવા વીચાર ધરાવનાર બાઈઓને સાફ જણાવીએછે કે એ વીચાર ખોટોછે. દીનબાઈ અને પીરોજબાઈઓ જેમ નથ, વાડા, સાંકરાં, ઈતીઆદી ઘરેણાથી પોતાને શોભા મલેલી સમજેછે તેમજ જુદા જુદા દેશમાં જુદી જુદી રીતે પોતાના શરીર ઊપર કેટલીક તરેહવાર નીશાંનીઓ કરીને તે ઊપરથી પણ તેઓ એમ સમજેછે કે હમો શોભીએ છીએ. તો એતો જુદા જુદા લોકોમાં પુરાતન જમાનેથી પડી ગએલા રેવાજ મુજબ એવા વીચાર પેદાછે. પણ હવે વખત બદલાએઓછે અગનીઆન પણાને બદલે સુધારો ચારોમેર પસરવા માંડીઓછે એવા વખતમાં પારસી બાંનુઓએ પણ આગલા વખતના ચાલુ રેવાજો જે નાદુરસત લાગે તે મુકતા જવાની તજવીજ કરવી જોઈએછે. માણસ જાતને ઈશવરે જનમ આપતી વેલા તેને જે ખુદરતી શોભા અને ખુબસુરતી બખશીછે તે ઘણીછે, ઈશવરની બખશેશી તે ખુબસુરતી અથવા શોભા ઊપર સંતોશ ન માંનીને જેઓ બાહુની શોભાથી શોભવા માંગેછે તેઓ બરાબર જોઈએ તો ઈશવરી શકતી કરતાં માણશની કલાને વધારે માંન આપેછે ને તેથી કરી કેટલેક દરજે ઈશવરના તકશીરવાર ગણાએછે.

જુદા જુદા દેશોમાં ઓરતો પોતાંની ખુબસુરતી વધારે દેખડાવાને માટે કેવા કેવા ઊપાએઓ કરેછે તેનો થોડોક અહેવાલ હમારાં વાંચનાર બાણુઓને રમુજી તેમજ બોધકારક માલુમ પડશે, માટે તે એહ્લ ઊતારી લઈજીએછે.

જપાન દેશની ઓરતો પોતાંના દાંત ઊપર સોનાનો ઘોળ ચહડાવેછે ને હીંદુસથાન માહેલી કેટલીક ઓરતો દાંતને લાલ રંગેછે. ગુજરાત દેશમાં અને અમેરીકાના કેટલાક ભાગોમાં કાલા દાંત ઘણાજ ખુબસુરત ગણાએછે, તેમજ ગીરીનલાંડમાની ઓરતો પોતાના મોહોડાં બલુ અથવા પીલા રંગથી રંગી નાખેછે. ચીનીઓનાં પગ બકરીનાં જેવા છેક ટુમકા હાએ તોજ તેઓ ખુબસુરત ગણાએછે. એ પરમાણે પગને સંકરાવીને ટુમકા કરવા માટે નાહનપણથી તે બીચારી અબલાઓને લાકડાંના નાહાના જોડાં પેહેરાવી તેઓ ઊપર તરેહવાર આજાબ ગુજરવામાં આવેછે, ને તે આજાબ વલી ખુબસુરત બનાવાને માટે ગુજરવામાં આવેછે !

કેટલાંક દેશોમાં વલી માતાઓ પોતાના બાલકોનાં નાક મરડી નાંખી નાખેછે તથા બીજાં દેશોમાં પાટીઆંની બે મોટી ચીપો વચે બાલકોનાં માથાં દાબી તેમને ચોરસ આકારનાં બનાવી તેમાં ખુબસુરતી માનેછે. રાતા બાલ હાલના ઈરાનીઓને ઘણા નાપસંદછે તેમજ તુરકી ઓરતો રાતા બાલને વાસને શીદા શીદા થાએછે.

ચીન દેશમાં ઝીણી આંખ કાંઈ ખુબસુરત ગણાતી નથી. તુરકી ઓરતો સુરમા વગેરે કાલી અંજનથી પોતાની આંખો આંજીને તથા પોતાંના આંગલાંના નખને ગોલાબી રંગનાં રંગીને તેમાં શોભા માનેછે.

ઓરતો ખુબસુરત દેખાવા માટે જે તરેહવાર ઊપાઓઓ કરેછે તે માહેલા એક ઘણાજ રમુજી ઊપાએ વીશે નામીચો બુરૂસ લખેછે કે "સીનારની રાણીએ પોતાના એકલના હોટની અંદરથી સોનાની એક કડી ઊતારી હતી તે છેક એટલી તો નીચે ઊતારી હતી કે જેથી તેની થુથડી સઘળી ઢંકાઈ ગઈ હતી. તેણીના દાંત ઘણા ઝીણા ને સાફ હતા. હોટનાં અંદરના ભાગને સુરમાથી રંગીને કાલો કરેલો હતો. તેણીના કાંન એટલા તો મોટા વધેલા કે તે છેક ખભાં તુલીક પુગે ને ગોએઆ પાંખો હોએ એવા દેખાએ; ને દરએક કાનમાં પાંચ પાંચ ઈંચના ઘેરાવાની ને માણસની છેલી આંગલીની જાડાઈ જેટલી જાડી એકકી સોનાની કડી (કહું) પોએલી હતી. કડીના વેહમાં આવું મોટું કહું પોએલું તેથી તે વેહ એટલો તો તેલાઈ ગએલો કે તે ગાલામાં આપણા તરણ આંગલાં ખાસાં જઈ શકે (એટલે એક છોકરીનાં ચીતલના ગાળા જેટલા તે વેહ મોટા થઈ ગએલા હતા.) તેણીની ગરદન ઊપર સોનાના દાનાની એક માળાની એક સેહેર હતી તેમજ પગે સોનાના વાડા હતા, પણ તે વાડા એવા જાડા ને મોટા કે ખુની બંધવાઓને જે બેડીઓ ઠોકવામાં આવેછે તેના કરતાં પણ મોટા ને બારી."

એક બીજી ઓરત વીશે એજ મજકુર લખનાર જણાવેછે કે "તેણીએ પોતાનાં શરીર ઊપર ઊપર જણાવેઆ મુજબજ સઘલું કીધેલું હતું તેની રૂએ કેટલીક

સાંકળીઓને કાનના વેહેમાંથી પસાર કરી નાકના વેહેમાં લાવી તાંહાં તે સાંકળીના છેડાઓને બીડી લીધા હતા. એ દેખાવ ઘોડાને લગાંમ પેહેરાવી હોએ તેને મળતો આવતો હતો."

બેહેનો, શોભા મેળવવાના ખોટા ખીઆલથી આવી રીતે ઓરત જાતો પોતાનાં શરીરની ખરાબી કરી નાખેછે, ને એવા ઊપાએઓ કરી શોભાતો મેળવતીઓ નથી પણ ઓર બદસુરત થઈ પડેછે. જો પણ તમો કબુલ કરશો કે એવા ઊપાએઓથી તે ઓરતો શોભતી નહી હતી, ઊલતી બદસુરત દેખાતી હતી તો પણ તેઓ પોતે તે વાત કદી કબુલ કરનાર નથી. તેમજ તમારો દાખલોછે, તમો પણ મોટા નથડા, ચોકરાં વગેરે નાક કાનમાં ઘાલીને તથા બેડી જેવા વાડા અને સાંકરાં હાને ઓરવીને પોતે ખુશી થાઓછો ને તેથી તમો એમ શમજોછો કે તમો શોભોછો પણ ઊપલીજ હકીકત મુજબ તમો શોભતાં નથી પણ ઓર બદશીકલ થાઓછો એટલું છતાં ને તમો પોતે કદી કબુલ કરનાર નથી. ફકર નથી, હજી ઘણું મોહડું થઈ ઊં નથી, વીચારવંત બાઈઓને વીચાર કરવાને પુશકલ વખતછે ને ઘણી જોગવાઈ મળી આવશે. વીચાર કરો ને જે સારૂં સુજે તે પરમાણે ચાલો.

—ooo—

## પરચુરણ બાબદો.

**વેલાત મધે ફકત** ચાર માસમાં ફરાનસ ખાતેથી ૬૩૫૫૮૬૪૦ બેદાં તાંહાંનાં લેકના ખપને માટે એ મા હતાં, એવું સતા બરેલા દસતાવેજો ઉપરથી માલુમ પડેછે.

---

**ઈંગલંડથી દર વરસે** ૬૦૦૦૦ પીપ બીર દારૂનાં દેશાવરો ખાતે મોકલવામાં આવેછે, એમાનો લગભગ હરવો હરધ જયો આસતરેલીઆ અને હીંદુસથાન ખાતે વપરાએછે.

---

**આફરીકાના લોકો** વીશે બોલતાંમાં ડાકટર લીવીંગસટન જણાવેછે કે "એ ટોલાના ઘણાખરાઓ ઉપર ઓરતો સરદારી ભોગવેછે, અગર જો કોઈ પુરૂશ પાસેથી તમને કાંઈ જોઈતુ હોએ તો તે શખસ એમ જવાબ દેશે કે 'હું મારી બઈરી સાથે વાત કરીને પછે તમને જવાબ દેવશ,' એવો ઉતર તે વાલશે. હવે જો બઈરી તે વાત કબુલ કરે તો તમારી માંગેલી વાત કબુલ રેહે ને જો તે ના પાડે તો તમોને નાનો જવાબ મલે. ઘણોખરી સઘલી જાહેર સભાઓમાં ઓરતો મત આપેછે." આફરીકાનાં જંગલી લોકોમાં આવા ઉમદા વીચાર! ને ઓરત જાતનો હાવો મરતબો, ને આપણા લોકો સુધરેલા ને ગ્યાનીમા ખપવાનો દાવો કરનારા તેઓમાં ઓરતનો કેવો ધીકાર થાએછે! કેવારે એવો વખત આવે કે બઈરીની સલાહ ને તેણીનાં મત વગર કાંઈપણ કામો તેમના ધણીઓ કરે નહી!

---

**ફરાંસની વસતીમાં** હલુ હલુ ઘટાડો થતો માલુમ પડેછે. હાલ જે સરકારી દસતાવેજ બાહાર પડીઓછે તે ઉપરથી જોવામાં આવેછે કે ઈસવી ૧૮૫૧ ના સાલમાં એ દેશમાં ૯૭૮૯૦૭ જનમ થએઆ હતા ને ૧૮૫૮ માં ૯૬૯૩૪૩ થએઆ હતા. તેમજ માણસોની વએ પણ ટુંકી થએલી જણાએલીછે કે ૧૮૫૧ માં સરાસરી ૪૦ વરસની ઉમરની ગણતરી થઈતી તે ૧૮૫૮ માં ૩૭ વરસની સરાસરી ગણાઈ છે. તેમજ દરએક ઓરત મરદનાં જોડાને સરાસરી તરણ બચાની પેદાસ થતી હતી તેમાં ઘટાડો થઈ બે બચાંની રાસ પડવા જાએછે.

---

**ઈંગલંડ તથા વેલસની દેવાની** ઈસપીટાલોમાં દેવાનાં આદમીઓનો વધારો થતો ચાલીઓછે એવું દીવાની ઈસપીટાલના કમીશનરોના રપોટો ઉપરથી માલુમ પડેછે. કેહેછે કે દસ વરસની વાત ઉપર એ ખાતાંમાં ૧૮૫૬૦ દીવાના શખસો ગણાતા હતા, તેમાં હાલ વધારો થઈ ૨૨૮૫૦ ગણાએછે.

---

**ઈતર માણસો** પોતાનો ઈતરાટ બતલાવાના ઉપાએઓ કરવામા મશગુલ રેહેછે તેથી તેઓ પોતાનું જે ખરૂં સુખ ભોગવવાનુંછે તેને નુકશાન પુગાડેછે, એવુ એક કામેલ લખનાર જણાવેછે.

---

**જેમ ઝાડનાં પાતરાં** તેનાં ફલના ઉધરબાવને પુશટી આપી તે તઈઆર થએલાં ફલને પોતાની છાએશાનાં ટાકી રાખેછે તેમજ નમરતા જેછે તે માણસની ખુબીને ઉધારી તે ખુબી અથવા ગુણનો વધારો કરેછે, પણ તેને અંદાજમા સાતી રાખેછે.

---

**૧૮૬૧ માં ઈંગલંડમાં** જે મોટી આગ લાગી તેમાં ૩૦૦૦૦૦૦૦ રૂપીઆનુ નુકશાન ગએલું ગણાએછે. જે સામન અથવા માલનુ નુકશાન ગઈઉંછે તેનો અડસટો ઉપજાવી કાહાડીઓછે તે નીચે મુજબ.—૬૯૨૦૦૦) રતલ ખાડ તથા સાકર, ૪૦૦૦ થી ૫૦૦૦ ટન ચોખા, ૮૦૦ ટન સાગો ચોખા, ૧૮૦૦૦ કરતાં વધારે ગાંસડી રૂની, ૮ હજારથી ૧૦ હજાર પીપ ચરબીના, ૩૫૦૦૦ પેટી ચાએની, એક હજાર ટનથીબી વધારે સણ, અને ૧૧૦૦ ટન જુટ. એટલા માલ સાથે આસરે તરણ એકર જગા ઉપરની તમાંમ વખારો નાશ પામીછે તથા કેટલાક લંડન શેહેરને જેબ આપનાર ડકા પાએમાલ થએઆછે. ફકત ઈમારતો, વખારો ને ડકા જે પાએમાલ થએઆછે તેની કીમત ૫૦૦૦૦૦૦ રૂપીઆ ગણાએછે. એ ઈમારતોનો મોટો ભાગ ૧૮૪૨ ના સાલ પછે ઈઆને ઘણોજ થોડી મુદતનો બંધાઓ લે હતો.

## કાંનો માતર વગર લખવાથી રમુજ.

ગુજરાતનાં ઘણાએક હીંદુ અને વોરાઓ- સુધ લખી જાંણતા નથી અને ઘણાતો પોતાંનાં લખવામાં કાંનો માતર પણ કાડતા નથી એથી કરી તેમનુ લખેલું કોઇ પારકાને સુલગું ઉકલતું નથી. લખનાર પોતેજ પોતાંનુ લખેલું વાંચી શકેછે અને ઘણીવાર એવાં કાગજો દેસાવરોથી આવેછે તારે બએ ચચાર જણા મલીને જેમ તેમ ગોઠવીને તેના બએ તરણ તરણ અરથો કરેછે અને પછે અંદરથી સાર કાહાડેછે. તેમા ઘણીવાર આદાનુ સુંઠ પણ થઇ જાએછે. એવા ઘણાએક દાખલા આપણને મલી આવેછે. તેમાથી રમુજને માટે આ જગોએ બે દાખલા હમો બુધ્ધી પ્રકાશ ઉપરથી નીચે ઉતારી લઈએ છઈએ.

"એક વેલા કોઈ કાકો ને ભતરીજો ડીશે ગએઆ હશે. થોરા દાહાડા રહીને કાકો બતરીજાને તેહાં મુકી પોતે અજમેર દેશ ગએઓ તારે ભતરીજાએ ઘેર કાગજ લખેઓ તેમા લખીઉં કે "કકા **આજમર** ગયાછ ને કાકીકોટેછે" પણ તે કાના માત્ર વગર લખેલું તેથી તેનાં ઘરના એમ સમજીઆં કે "કાકા આજ મરીગએઆછે અને કાકી કુટેછે" તેથી કાકીનો ચુડો ભાગેઓ ને માથું બોડાવીઉં તથા ઘર વેચી નાત જમાડી. પછી બે મહીના ગએઆ એટલે તો કાકો ને ભતરીજો ઘેર આવીઆ."

"એક વેલા એક ગાંધીએ કોઈ શખસ ઉપર અદાલતમાં ફરીઆદી કરી કે એ મારે તાથી બે મણ ખાંડ લઈ ગીઓછે તે નાણા નથી આપતો. પરતીવાદીએ જવાબ આપીઓ કે હું તો એને તાંહાંથી બે મણ ખડી લાવીઓછેઉં. એ ઘાંધી ખાંડને ખડી બને વેચતો. તેના ચોપડા મંગાવી જોઈઉંતો તેમા "ખડ" એમ લખેલું હતું. ભાવ વગરે બીના લખી નહી હતી. એનો ઈનસાફ કરવો ઘણો કઠણ પડેઓ કેમકે "ખડ" પરથી તરણ અરથ નીકલેછે."

---

## મોરડી રાણીના, મનામણાની ગરબી.

"ઓધવજી સંદેસો કેહેજો શામને" એ રાગનીછે.

મોર વદે વાણી શુણ રાણી મોરડી ॥
શેણે તને રીસાવાં આવી આજજો ॥
શામાટે બેઠી અડકાવી ઓરડી ॥
લેશ કલેશ કદી કરીએ શા કાજજો ॥ મોર વદે. ૧

તજી દંદા સંપી જંપીને જીવીએ ॥
સુપના સરખો સગળો છે સંસારજો ॥
દેહ ઘટે દીવસ ઘટે જેમ દીવીએ ॥
પાંચ પચાસે વરષે પડશે પારજો ॥ મોર વદે. ૨

જે પળ ગૈ સુખમાં તે સારી જાણીએ ॥
હેતે હસનાં હળીના મળતા હોયજો ॥
અંતરનાં જનથી અંતર નહી આણીએ ॥
કદીએ કહીએ કડકું કઠન ન કોએજો ॥ મોર વદે. ૩

વાહાલામાં વીખવાદ વધો ન વધારીએ ॥
કરોધ તજી કાંઈ શોધ કરો ધરી બોધજો ॥
સમજુ થઈ અણસમજુ સરવ સુધારીએ ॥
પકડી જકડી ને જીતો મન જોધજો ॥ મોર વદે. ૪

સમજુ નારી સમજો સારી સાનમાં ॥
રીસ વીસારી રાખો રૂદીએ રીજજો ॥
ટાંક પડે જો વાંક કહો તે કાનમાં ॥
ફોકટ વાવો કેમ કજેતી બીજજો ॥ મોર વદે. ૫

તંનનાં જનથી તંત ન તેવો તાણીએ ॥
ઘણુ તાણે તો તુટે તાજો તંગજો ॥
તુટો તે જો શોધી સાંધી આણીએ ॥
ગાંઠ પડે તે ખટકે અટકે અગજો ॥ મોર વદે. ૬

નારી મારી પ્યારી પ્યારા પ્રાણથી ॥
છેછેહો પણ છુટે ન છેહો છેકજો ॥
જો અવગુણ ગુણ કીધો જાણ અજાણથી ॥
આ અવસર શર અદા કરો એ એકજો ॥ મોરવદે. ૭

કુળવંતીનો કજીઓ કોઅ જાણે નહી ॥
જેમ કુવાની છાંય કુવામાં માયજો ॥
મનમાની વાતો મનમાં રાખી રહી ॥
કુવડતણો ફંફેરો બહુ ફેલાઅજો ॥ મોર વદે. ૮

બાળાપણ વીતુ બુઢાપણ આવશે ॥
જોબનના દિન જોતાં જોતાં જાયજો ॥
કંથવિના આવીને કોણ મનાવશે ॥
જો પાહોશી હોશી આ અથડાઅજો ॥ મોર વદે. ૯

ઘુંઘટડો ખોલો બોલો ઠંડા થઇ ॥
મારા સમ કાંઈ મનમાં રાખો રોષજો ॥
વાતોમાં વડી વાર વળી વીતી ગઈ ॥
દોષ તજીને ઉપજાવો સંતોષજો ॥ મોર વદે. ૧૦

આપણને ડાપણમાં ખાંપણ લાગશે ॥
જો પાપણમાં પાણી જોશે જંતજો ॥
જરા જાશેને ઉલટો અપજશ જાગશે ॥
થઈ ખોટો પરતાવો મોટો મંનજો ॥ મોર વદે. ૧૧

સંપીને સુખીયાં થઈ રામરો શ્રી હરી ॥
કઠણ વખતમાં કરગે રૂડાં કામજો ॥
સંકટ સગળાં નીષકંટક નાંખેકરી ॥
દીલમાં ડાપણ આપે દલપતરામજો ॥ મોર વદે. ૧૨

# સ્ત્રીબોધ.

પુસ્તક ૫ મું — અકટોબર ૧૮૬૧ — આંક ૧૦ મો


## ઈરાની સોદાગર.

—///—

### નાટક, અંક પેહેલો.

પાત્ર.

તેહેરાન શેહેરનો અમીર.
ફરેદુન……ઇરાનો સોદાગર
નોશીરવાન ·· ફરેદુનનો દોસ્ત.
ગેવ……… ફરેદુન તથા નોશીરવાનનો દોસ્ત.
મીહરબાદ ···· એક વીઆજખોર મોબેદ.
કરસીવજ···· મીહરબાદનો દોસ્ત.
ફીરોજશાહ·· } ગુલનાર સાથ નીકા કરવાને ઉમેદવાર થનસો.
જાંહાંગીર···· }
ગુલનાર ···· એક માલેવંત ઓરત
હોમાઇ ···· ગુલનારની દાસી
બીજા ચાકર નફરો તથા દરબારનાં માણસો.

---

(ઠેકાણું—કોઈવાર તેહેરાન ને કોઈવાર શીરાજ.)

પ્રવેશ ૧.

(ઠેકાણું ફરેદુનનું ઘર.)

### ફરેદુન અને નોશીરવાન.

ફરેદુન—કેમ પેઆરા દોસત નોશીરવાન, તું આજ કાંઈ ગમગીન અને ફીકરા ભરેલો માલુમ પડેછે! વારૂં હવે મને કેહે કે જે ઓરત સાથ તું નીકા કરવાની મુરાદ રાખેછે તે ઓરત કોણછે; તેં મને તે દાહાડે કહીઉં તું કે હું કહેવશ, તો પેઆરા દોસત આ વખતેજ મને તે જણાવ.

નોશીરવાન—જીગરજાનં ને પેરખા દોસત, તારીથી મારી કોઈ વાત છુપી રહી નથી ને હું કદી કોઈબી વાત તારીથી છુપાવી રાખનાર પણ નથી. તું સારી પઠે જાણેછે પેઆરા દોસત કે મેં મારી થોડી માએઆ પુંજી છતાં કેટલો બધો ખાલી દમામ ને ભપકો રાખી મારા હકમાં કેટલી બધી ખરાબી કીધીછે! હવે તે બધી વાત ઇઆદ કરીને લોહી ઉકલાવવું અથવા તેને વાસતે ગમગીન ને બેચેન રેહેવું એ બેજાછે એટલું છતાં મારૂં દીલ ઠેકાણે રેહેતું નથી. ઉડાઉ પણામાં ને લખલુટ ખરચ રાખીને મેં જે આજ આટલું બધું કરજ કરી મુકીઉંછે તેમાંથી આસાનીથી હું કેમ મોકળો થઇશ એની મને સમજ પડતી નથી. પેઆરા દોસત ફરેદુન હું તારોતો બધી વાતે ઓશીઆલો છું; તારી માએઆ ને તારી મેહેરબાનીનું કરજતો કદી મારીથી અદા થવાનું નથીજ તે સાથે જરે હું તારી પાસથી ઉછીનાં લીધેલાં નાણાંની મોટી રકમની ઇઆદ કરૂંછું તારે મારાં દીલમાં એવોતો એક જુમો થઈ આવેછે કે તે બોલાઇ શકાતું નથી. એવી વખતે ફકત મારાથી એટલુંજ બોલાઈ જાએછે કે "ઓ! હું શી રીતે મારૂં એ કરજ અદા કરશ." (આટલું બોલતાં તેની છાતી ભરાઇ આવેછે.)

ફરેદુન—પેઆરા દોસત નોશીરવાંન, આજના તારા વીચાર કાંઈ ઓર તરેહના માલુમ પડેછે! તુંને એવા ખીઆલ લાવવાની કશી જરૂર નથી. તું મારા માંગના વીશે આટલી બધી કાલજી અને ફીકરા રાખેછે એ જોઈ મને બેહુદ ગમગીની અને પસતાવો થાએછે! પેઆરા દોસત રફીક કેહેઆછે કોણને? તંગીની વેલાએ જે મદદ કરી ઇઆરી બખશે તેજ ખરો રફીક કેહેવાએ, વાસતે જાની દોસત તુંને એ વાતનો જરાબી અંદેશો કરવો સજાવાર નથી. હુંતો આજ એટલું ચાહુંછું કે તારી મનસંની ને નેકી સુખ હુજીબી જો તને કાંઈ નાણાંની જરૂર પડીતો તે હું પુરી પાડીશ. ઇઆદ રાખજે પેઆરા દોસત કે જાંહાંવેર તારામાં કરજ અદા કરવાની એકીનદારી અને સારી મનસનીઓ અને જાંહાંવેર તું લોકોની આંખમાં એક ભલો ને વફાદાર શખસ ગણાએછે તાંહાંવેર તને પઇસા ટકાની કશી પાસતી રાખવી જોઇતી નથી. ફરીથી કહુંછું પેઆરા દોસત કે જો તને કોઈબી રીતે હજી બીજાં નાણાં જોઇતાં હોએતો મારી થેલીનું મોહોડું ખુલુંછે. મારી થેલીનું મોહોડુંજ ખુલુંછે એટલુંજ નહી પણ હું પોતે તારે વાસતે કાંઇ પણ કરવાને પછાત પડનાર નથી. તારી ગરજ સાધવવાને જો મારામાં તાકાત નહી હશે તો કયેથીબી તારી હાજત તો હું પુરી પાડી શકીશ.

નોશીરવાન—તારા હાવા દેલાસા ભરેલા ને હીમત આપનાર સખુનો સાંભલી મારૂં દેલ પાછું તાજું થાએછે. શુગરછે ઓ પાક પરવરદીગારના કે કોઈનેબી દોસતો મળેતો આ ફરેદુન જેવા નેક જાદ ને કુશાદ દીલના મળજો. જાની

દોસત જારે તું મારે વાસતે આટલું બધું આહેછે, તારે હું તને મારા ભેદની એક વાત કેહેવાને અચકાતો નથી, અને આશા રાખુંછું કે જેમ તેં આજવેર મારી ગરજ સારવીછે અને મને કોઈ રીતે મોતાજમંદ રાખીઓ નથી તેમજ એક છેલી નવાજેશ કરવાને પણ તું દોસત જીનહાર પછાત પડશે નહી. સત એકીનથી કહુંછું, માહારા પેઆરા દોસત, કે આ વખતે જે મદદ તું કરશે તેથી ઈનશાલાઓતાલા એવું બની જશે કે હું બધી વાતે શુખી થઈશ ને વલી મારાં આગલા કરજમાંથી પણ હું એકદમ મોકલો થઈ જાઈશ, અને તેથી તું દોસતનું મારા ઉપર જાવેદાન તુલીકનું હેશાન થશે.

**ફરેદુન**—નોશીરવાન, તું આવા મીનતના શખુનો બોલી મારાં દેલને દુખી કરી મારૂં મન નાખુશ કરી નાખે છે. એ સઘલી વાત છોડી દે; ને પેઆરા દોસત તારી શી મુરાદછે ને તે મારીથી શી રીતે બર આવી શકશે તેટલુંજ ફક્ત તું મને જણાવ એટલે હું તારી ખેદમતમાં હાજરછું. તારા જેવા એક જાની દોસતને વાસતે મારીથી જેબી બની શકશે તે કરવાને હું તઈઆરછું. વાસતે દોસત, મનમાં કાંઈબી ઓસક રાખીઆ વગર એકદમ જે કેહેવું હોએ તે કહી દે, કશી વાતની જુદાઈ રાખતોના.

**નોશીરવાન**—સાંભલ જાની દોસત, શીરાજમાં એક પરી ચેહેરેની ઓરત બેહદ વારસાની માલેકણ થઈછે, તેનુ નાંમ ગુલનારછે. એ ઓરતની ખુબશુરતીની જો વખાણ કરવા માંડીતો આસમાન ઉપરના આફતાબ અને માહતાબ શરમાઈ જવાના! દુનીઆની અંદરની ખુબસુરતીનો જો નમુનો જોવો હોએતો તે તમાંમ એ ગુલનાર ઓરતમાથી મલી આવવાનો. ખાતરીથી કહુંછું ને સત કરી માનુછું, ઓ પેઆરા દોસત કે એ પરી ચેહેરેની મેહેબુબનો બીજો જોરો આ દુનીઆની સપાટી ઉપરથી મલી આવવો મુશકેલછે! એ મેહેબુબ હાલ નેકા કરવા નીકલીછે, ને તેને પોતાંની બગલમાં લેવાને વાસતે ભલા ભલા ને અમીર ઉમરાવો રાત દીવસ ઈનતેજારી ભરેલી કોશેશો કરેછે. ખચીત દુખી ને ગમગીન છું ઓ પેઆરા દોસત કે જો આજ મારી પાસ પુરતું જર હોએતો હુંબી તેવા આશકો સાથ હમનબરદી કરી મારૂં તાલે અજમાઉં ને જોઉં કે ફરતાં આસમાનનું મકર કોણના ઉપર મેહેરબાન થાએછે!

**ફરેદુન**—પેઆરા દોસત નોશીરવાન, તુંતો સારીપઠે જાણેછે કે મારી સઘલી મતા દરીઆવના અંદરછે. ઈંગલીસતાન, જાબલીસતાન તથા તુરકીસતાન એ સઘલાં મુલખોમાંથી બેહદ માલ ભરેલાં વાહાણો ઉપડી ચુક્યાછે, ને તે માલમાં મારી શઘલી રકમ રોવાઈ પડીછે. હાલ મોજુદ નથી મારી પાસે રોકડ નાણું કે નથી એવો કોઈ સોદાગરી સોદો કે જેમાંથી નાણાની રકમ ઉપજાવી શકાએ, તોપણ જાની દોસત મારી આંટ ઘણી સારી ને ચોખીછે વાસતે મને પુરઉમેદછે કે આ તેહેરાન શેહેરમાંથી હું જોઈતી નાણાની રકમ મેલવી શકીશ, ગમે એટલી મેહેનત પડશે અથવા ગમે એટલી અડચણ ચોસતી પડશે તોપણ તું દોસતને ગુલનાર આગલ શીરાજ તરફ જવાને બનો આવે એટલી નાણાની રકમતો હું કાંઈબી કરી પેદા કરી લાવી તારે હવાલે કરીશ. વાસતે જા પેઆરા દોસત તુંબી તજવીજ કર ને હું પણ બોલ કરૂંછું કે નાણું કાંહાંથી મલી શકેછે. નાણું મલી શકતું હોએ તો પછે તે કેમ મેલવવું ને તેની કેવી બોલી કરવી તેની કશી ચીંતા તું રાખતો ના.

---

### પ્રવેશ ૨.

( સરીઆમ રસતો )

## નોશીરવાન અને મીહ્લાદ.

**મીહ્લાદ**—તમુને તરણ હજાર દીરમ જોઈશે! હેં!

**નોશીરવાન**—હા સાહેબ, તરણ હજાર દીરમ ને તરણ મહીનાની મુદતે.

**મીહ્લાદ**—વલી મુદતબી તરણ મહીનાની! પણ વારૂ તેનો ધણી ધોરી કોણ? કોણનાં નામપર ધીરૂં?

**નોશીરવાન**—સાહેબ ફરેદુન નામનો જે મોટો સોદાગર તમારાં શેહેરમાં વશેછે તેનાં નામ ઉપર ને તેની આંટ ઉપર.

**મીહ્લાદ**—ફરેદુનનાં નામ ઉપર અને તેની આંટ ઉપર!

**નોશીરવાન**—અગરજો તમે કહોતો હું પોતે પોતાને અંગે લેવાને અને હું પોતે પોતાને વાસતે જામીન થવાને તઈઆરછું. જેમ તમ સાહેબની મરજી.

**મીહ્લાદ**—તરણ માસની મુદતે તરણ હજાર દીરમ ને ફરેદુન ધણી થાએ ને તે પોતાને માથે જોખમ રાખે, ઠીક વાતછે. ફરેદુન સારૂં માણસછે.

**નોશીરવાન**—તમે સાહેબે તેને વીશે કાંઈ નઠારૂં સાંભલીઉંછે?

**મીહ્લાદ**—ના, ના, ના, તે સારૂં માણસછે એમ બોલવાની મારી મોરાદ એટલીજ કે તે એકલો જામીન બસ છે, તેજ જો પોતે ધણી થતો હોએતો બીજા કોઈને સાથે લેવાની જરૂર નથી. તોપણ તેની મતા જેછે તે સાંભલવા પરમાણે સઘલી દરીઆવમાછે. જાંહાંવેર માલમતા પાણીમા હોએ તાહાંવેર તેની કીમત પાણીના મુલનીજ ગણાએ! દરીઆવ તરીપાર કરી કીસતી સલામત આવી પુગે તારે જાણીએ કે અવેજ કરી વલીઓ. દરીઆવમાં વલી ચાંચીઆ વગેરે લુટારા લોકોની ભેકારી ઘણી, નાપાકો કીસતી લુટવાને તેને દરીઆવમાં ડુબારી મુકે એવી સઘલી રીતે ફરેદુનની મતા જોખમ ભરેલી હાલતમોછે, તોપણ ફીકર નહી માણસ સારૂં ને ચોખી આંટનુંછે, તે જો લખત કરી આપે તો બસછે. હું ધારૂંછું કે હું તેને તરણ હજાર દીરમ આપી શકશ.

**નોશીરવાન**—સાહેબ તમોએ કશી ચીંતા રાખવી નહી, તે તમારો રોકડો દબાડશે નહી.

**મીહ્લાદ**—મને કેહેવું નહી પડે, ભાઈ. હું સારી પઠે એને ઓલખુંછું. વારૂ ફરેદુનની સાથે આપણ એ બાબે વાત કરીએ?

**નોશીરવાન**—ઘણુંજ બેહેતર થાએ. મારી સાથે ચાલો, આપણે ફરેદુન સાથ એનો બંદોબસતબી કરીએ ને સાથેજ જમીશુંબી.

**મીલ્લાદ**—સાથે જમીશું! સાથે જમવાની વાત કદી કરતાના ! હું તમારા લોક સાથે વેચવા સાટવાનો ધંધો કરીશ, તમારા લોકો સાથે વાતચીત કરીશ, તમારા લોકો સાથે હું ફરીશ, તમારા લોકો સાથે હું લેવડ દેવડનો વેહેવાર રાખીશ અને તમારા લોકો સાથે એવાજ બીજાં કામકાજ કરીશ, પણ ઇઆદ રાખજો કે હું તમારા લોકો સાથે બેસીને ખાનાર નથી, પીનાર નથી અથવા તમારા લોકો સાથે ભેલાઇને હું એબાદત કરનાર નથી !!

---

### પ્રવેશ ૭.

## ફ્રેરેદુન, નોશીરવાન અને મીલ્લાદ.

**નોશીરવાન**—લ્યો સાહેબ ફરેદુન તમારી હજુર આવી ઉભોછે.

**મીલ્લાદ**—(પોતાના મનસાથ) જુઓ દેખાવમાં કેવો ગરીબ ને ખુશામતીઓ માલુમ પડેછે. એ શખસ જાતે બેહદીન અને હું મોબેદ હોવાથી એની જેટલી મને અદેખાઈ થાએછે તે કરતાં લોકોને એ વગર વીઆજે નાણાં ધીરેછે તેથી એના ઉપર મને વધારે ચીર ચઢેછે ને એના વીશે મારા મનમાં ધીકાર અને કમકમાટ છુટેછે. જો કોઈ દાવ ફાવીઓ ને એની ચુડી જો એક વાર મારા હાતમાં આવીતો પછે એને સારીપઠે બતલાઉં, ને મારાં મનમાં ઘણા દાહાડાનો જે ખારછે તેબી લેઉં. ઘણા સારા સારા વેપારીઓછે તેઓ બીચારા મારી ઉપર ફીદા રેહેછે ને જે કરકસરથી હું નીભીઓ જાંઉંછુ ને બે પઈસા બચાવું છઉં તેથી તેઓ ખુશી રેહેછે, પણ આ ફરેદુન હમેશ મારી ઠેકરી કરેછે ને વીઆજખોરાનો હલકો એલકાબ મને લગાડીને બોલાવીઆ કરેછે તો હુંબી હવે સોગન લેઈને કહુંછું કે લાનત હોજો મારા ઉપર ને મારી તોખમ ઉપર, જો હું એને હાતમાં આવેલો જતો મુકું.

**નોશીરવાન**—મીલ્લાદ, તમો સાંભલોછો કે, આ ફરેદુન તમારી આગલ આવી ઉભોછે.

**મીલ્લાદ**—હું સાંભલુંછું ખરો પણ હું ઇઆદદાસત ઉપરથી જરા અડસટો કાહાડુંછું કે મારાથી એકી રકમે તરણ હજાર દીરમ આપી શકાશે કે નહીં. તે કરતાં ફકર નથી, કરસીવજ નામે મારો એક દોસતછે તે કદાચ એટલી રકમ મને મેલવી આપશે. પણ જરા સબુર કરો, ભાઈ તમો કેટલા માસની મુદતે તે નાણાં પાછાં ફેડશો ?

**ફ્રેરેદુન**—મીલ્લાદ તંને સારીપઠે રોશનછે કે કોઇબી રીતની મુદત અથવા કશાંની બોલી કરીને અથવા વીઆજ વટાવે હું કોઈને નાણા ધીરતો નથી અથવા કદી એવી રીતે કોઈ પાસથી નાણાં લેવાનો મેં રવઈઓ રાખીઓ નથી, તોપણ એક પેઆરા ને જાની દોસતની ગરજ સાચવવા મારે મારે તે મારા રવઈઆથી ઉલટુ ચાલવું પડેછે. એ નાણા મને તરણ માસની મુદતે જોઇએછે.

**મીલ્લાદ**—હા, મને ઈઆદ આવી, નોશીરવાને મને અગાઉ કહીઉંતું કે તમને તરણ હજાર દીરમ તરણ માસની મુદતે જોઇએછે. ઠીકછે, તેમ આપીશું, પણ તે વીસે લખત થવું જોઇએછે. પણ સબર કરો, તમારો વીચારસો જુદોજછે કે કોઈને વીઆજે નાણા આપવાં નહી ને કોઇ પાસથી વીઆજે નાણા કહડાવવાં નહીતો પછે તમારો ને આપણો મેલ કેમ મલશે ! વલી ફરેદુન તમોને તો સારી પઠે ઈઆદ હશે કે તમોએ રસતે, વાટે ને બજારમાં સરાફોની દુકાનો ઉપર મારી સાથ કેવી નાલાએક ચાલ ચલાવીછે. તમો મારાં નાણાં જોઈ શકીઆ નથી અને તમોએ મને મલતાં વીઆજ વટાવની ઘણી ખનખોદ કેરીછે, તોપણ એ સઘલું મેં મુગે મોહોડે ખમીઉં છે. તમોએ મને મતલબી, લુચો, ગલાફાસુ, કુતરો, હરામખોર વગેરે કેટલાં ખરાબ નામો આપીઆંછે, તમો હંમેશ વાત ચીતમાં મારી સાથ કેવી ચાલ ચલાવોછો તેનો એકજ દાખલો બસછે કે તમો બે ચાર વાર મારા ઉપર થુકીઆ હતા ને હંમેશ જારે મારૂં નામ આવતું એટલે તમે હેક અને ફીટકાર નાખતા, ને વલી એટલું બધું શાને વાસતે, તો મારા પોતાનાં નાણાં હું વીઆજે ફેરવતો તેને વાસતે: તો ઓ બાપુ, મારાં નાણાંનો હું મારે ગમે તે ઉપીઓગ કરૂં મને ગમે તેને ધીરૂં ને મારે ગમે તે વીઆજ માગું હેમાં કોઈનું શું ગીઉ ! જેને ગરજ હશે ને જેને હું પરવરશ તે મારી પાસેથી લેશે હું કાઇ કોઇને જબરદસતીથી તો નહી આપતો હતો ! એટલું છતાં તેં મને કેવો રૂમ રૂમ રડાવીઓછે વારૂં ! પણ ખેર હવે તે વાત જાણે વહી ગઈ, તમને પોતાને નાણાની જરૂર પડીછે ને તમે પોતે મારે બારણે ચાલી ચલાવીને આવીઆછો, જો હવે તમે કેવે મીઠે મોડે બોલોછો કે "મીલ્લાદ નાણા આપો ! " તો હવે જો હું તમને એગજ જવાબ દેઉ કે "બાપુ કુતરાં પાસે નાણાં હોએકે ! અથવા ગલાફાસુ ને લુચા માણસો પાસે કોઈ ઉછીકા નાણાં માંગવા જાએ કે ! તથા મતલબીઆ ને હરામખાઉ માણસો પાસે કોઈ નાણાં માગેકે ? " તો તમને કેવુ લાગશે વારૂં ? અથવા હું વલી એમ તાણો મારૂં કે "શેઠજી સાહેબ તે દાહાડે તમો મારી ઉપર થુકીઆતા, તમોએ મને એક કુતરા જેવો લેખી મારી તરફ ધીકારથી લાત ઉંચકી હતી, અને મને કેટલાક હીના શખુનો કહેઆ હતા તો તેના બદલામાં શું તમો તરણ હજાર દીરમ ઉછીના માગોછો ?" તો પછે તમારા મનમાં કેવો વીચાર આવશે વારૂ ? એ બોલવું તમને કેવું મીઠું સાકર જેવું લાગશે વારૂં ?

**ફ્રેરેદુન**—મીલ્લાદ, એ સઘલી ગડબડ તું છોડ, મારા જે વીચાર તારે વાસતે હતા તેવાજ હજીછે ! હું તને હરામખાઉ, લુચો, ગલાંફાસુ, વીઆજખોર ને મતલબી કેહેતો આવીઓચ તેમજ કેહેવાનો ને તારી ઉપર જરૂર પડીતો ફરીથીબી થુકવાનો, તું એમ ના સમજતો કે મને નાણાની જરૂર પડીછે ને તું મને નાણા ધીરશે તે ઉપરથી હું તને ભલાં માણસ સમજું ! જો તારે નાણા ધીરવાં હોએતો એક દોસત દાખલ તે નાંણાં હું લેનાર નથી, જેમ તું તારા દુશમનોને ધીરતો હોએ ને તેને થકી જેવી કરડી શરતો કરતો હોંએ તેજ રીતે મને ગણીને નાંણાં ધીરજે.

**મીલ્લાદ**—ઓ નોજુવાન ફરેદુન, તું કેવો આકરો પડી ગએઓછે ! તુને એટલો ગરમ થવાની કશી જરૂર નથી, મને કોઈ શાથ દુશમની કરવા અથવા રાખવી ગમતી નથી, કોઇબી રીતે હું તો દોસતો વધારી તેમનો પે

આર હાંસલ કરવાની વેતરણ કરતો ફરૂંછું. આજ સુધી તેં જે જે ફીટકાર મારા ઉપર નાખીઆછે તે સઘલું વીસરી જઈ હું તારી ગરજ સારવાને મન ઉપર લેઉંછું, ને તે પણ વલી એવી રીતે કે જે નાણા હું તને ધીરૂં તેનું એક દોકડો વીઆજ લેવું નહી, તો સુ નોજુવાન ફરેદુન આ માહારી દરખાસત તારાં મનમા સારી, વાજબી ને પેઆર ભરેલી નથી લાગતી ?

**ફરેદુન**—અલબતાં એક મેહેરબાનીની ભરેલી વાત લાગેછે ખરી.

**મીલ્લાદ**—તો હું મારી એજ મેહેરબાનીની ભરેલી બોલીએ તને નાણાં ધીરવાને હાજરછું, ફક્ત નામને ખાતર એક લખતતો આપણને કરવું જોઈએ, ને તે લખત વલી આપણે એવું કરીએ કે તે નાહાનાં બચાંની રમત ગણાએ! ચાલ તારે તું મારી સાથે ને આપણે વકીલને તાંહાં લખત કરાંએ, મને બીજા કોઈની સહી જોઈતી નથી તારી એકલાનીજ સહી બસછે. લખતમાં એવીજ એક રમુજી સરત દાખલ કરીએ કે "જે ફલાણે દાહાડે, ફલાણી જગાએ, નાણાની આટલી રકમ તું મને પાછી આપે નહીતો તારાં બદન ઉપરના મને ગમે તે ભાગ ઉપરથી એક રતલ માંશ હું કાપી લઉં."

**ફરેદુન**—બસ એટલીજ શરત, તો લે હું તે મુજબ લખત કરી આપવાને તઈઆરછું. ખરેખર મીલ્લાદ આ થોડી મેહેરબાની નથી જણાતી.

**નોશીરવાન**—ના, પેઆરા ફરેદુન, મારે વાસતે તું ને હું એટલી તજદીમાં પહેલો જોવાને ઇછતો નથી. આવું લખત તું કરી આપવાને માથે લીએછે તે વાત મને પસંદ નથી, ને તેમાં વલી તજ સરખા દોસત ઉપર આટલો બધો જોખમ નાખી મારી મુરાદ બર લાઉ, તે કરતાં બેહેતર કે હું મારી મુરાદમા નામુરાદ થાઉં.

**ફરેદુન**—પેઆરા દોસત, નોશીરવાન, તને એટલી ધાસતી રાખવાની કશી જરૂર નથી. આપણે નાણાંની મુદત તરણ માસની કરીએ છીએ ને મારો સઘલો અવેજ તો આવતા માસમાં અથવા ઘણુંતો બે માસમાં ફરી વલશે, ને તે અવેજ વલી એટલોછે કે જેમાથી તરણ હજારતો શું પણ તીસ હજાર દીરમનું કરજ ફેડી શકાચે, તો પછે ખોટી ધાસતી ને નકામો ઘબરાટ ઉપજાવવાનું શું કારણ?

**મીલ્લાદ**—અરે ખુદા! જુઓ આ માણસો કેવા વેવીશવાશુછે! તેઓ પોતે કઠણ ને કરડા હોવાને લીધે તથા તેઓને પોતાને બીજાઓને ફસાવી પાડવાની ટેવ પડેલી, તે ઉપરથી તેઓ બીજાઓ વીશે કેવા શકમંદ થાએછે! અરે પણ એ બેઅકલીઓને કોઈ પુછે કે ભાઈ જો મુકેલી મુદત પુરી થઈ ગઈતો શું હું એવો આદમખોરછું કે તરણ હજાર દીરમ ખરચી એક રતલ માણશનું માંશ ખરીદ કરશ. શું બજારમાં ગોશનો દુકાલ વલીઓછે કે એ રીતે ને આટલું મોઘું ને તે પણ વલી નાખી દેવાને કામનું ગોશ હું લેવગ! અરે ઓ ભલાં માણસો, નામને ખાતર એક લખત કરવું પડેછે, ને જારે લખત થાએ તારે તેમાં વાએદાસર નાણા નહી ભરાએ તે મારે ગુનેગારી મુકવી જોઇએછે. તો પછે વખતે તમારીથી વાએદાસર નાણાં નહી ભરાએતો બીજી કોઈ તેવી ગુનેગારી દાખલ કરી હોએતો તે તમારે આપવી પડે ને તે મને લીધા વગર ચાલે નહી, પણ મારાં મનમાં તેવું કાંઈ કરવાનું નથી, ફક્ત તમારી ગરજ સારી ને તમારો પેઆર હાંશલ કરવાની મારી મોરાદછે માટેજ હું આવી ગુનેગારી કઉંછું કે જે વાત બની શકે નહી. મેંતો આ મારાં મનની વાત કહી, હવે જો તમારે નાણાં લેવાં હોએ તો આ મુજબ લઓ, નેહીતો જેમ મરજી. હું આટલી બધી પેઆર ભરેલી સોચના બતલાઉંછેઉં તેનો કોઈ સારો બદલો વાલવાને બદલે ઓર તમે મારી ઉપર શક નાખી ને મારૂં દીલ દુખવોછો તેથી ખુદાખાતર હાત ઉઠાવો.

**ફરેદુન**—નહી, નહી, મીલ્લાદ હું એ મુજબનું એક લખત કરી આપવાને ખુશીછું.

**મીલ્લાદ**—ઠીકછે ભાઈ તારે તમે પેલા વકીલને તાંહાં જાઓ ને આપણે વાત કીધી એવું બચાંની રમત જેવું એક લખત તઈઆર કરાવો ને હું પણ પાધરોજ નાણાં લઈ વકીલને તાંહાં આવી પુગુંછું.

**ફરેદુન**—મેહેરબાન મીલ્લાદ, જાઓ તમે ને નાણા લાવો હું વકીલને તાંહાં ચાલીઓ. [મીલ્લાદ જાએછે]

**નોશીરવાન**—પેઆરા ફરેદુન, કપટી માણસો સાથની આવી શરતો મને મુદલ પસંદ નથી.

**ફરેદુન**—બસ ભાઈ, તમારે એ વીશે લાંબી લાંબગડ કરવાની જરૂર નથી. એ શરતથી આપણને કશું નુકશાન જનાર નથી. વાહાણો નીકલી ચુકાંછે, તે એકાદ બે મહીનામાં આવી પુગવાનાં, ને લખતતો તરણ માસની મુદતનું છે. કશી ચીંતા નથી.

---

પ્રવેશ ૪.

(ઠેકાણુ—શીરાઝ, ગુલનારનું ઘર)

## ગુલનાર, હોમાએ, જાંહાંગીર, તેના ખીદમતગારો વગેરે.

**જાંહાંગીર**—ઓ નેકજાદ પરી ચેહેરેની મેહેબુબ, હું આ વખતે મોરાદ ભરેલો આવી તારી હજુર ઉભોછું, માહારાં બદનના સામરા રંગ ઉપરથી તું કોઈ રીતે મને નાલાએક ગણનીના. મારૂં દેલ તારા ઉપર એટલું તો ફીદા થએલુંછે કે તેની જો જીવતી શાખશી તું જોવા માંગશે તો તે બની શકશે. એ નેકજાત ઓરત જેનીબી સાથ તેં તારા મોબારક હાત મેલવવાનો એરાદો રાખીઓ હોએ તેને તું આ વખતે અહીં હાજર કર ને તેનો તથા મારાં બંનેના બદનમાં ઘા કરીને તું જો કે કોણનું લોહી સરસ. ખરૂં ખુનીઆદી ધરાવનાર અને તું બાંનુ સાથ નીકા કરવાને લાએકનું માલુમ પડેછે. મારૂં નામ જાંહાંગીર એટલે તમાંમ દુનીઆંને જીતી તે ઉપર સરફરાજી ભોગવનારછે, તો ઓ પરી ચેહેરેની બાંનુ આ મારૂં નામજ તારી સાથ હાત મેલવવાને સારૂ બસછે. માહારી જાહોજલાલી અને જાંહાં પેહેલવાંનીની વાતો તમાંમ દુનીઆમાં આશકારા થએલીછે તેથી તું બાંનુ નાવાકેફ નહી હશે.

**ગુલનાર**—ઉંચી બુનીઆદી ને સારી તોખ્મ ધરાવનાર જાંહાંગીર તારા આએ સઘલા સખુનો સાભલી મારાં દેલમા અંદરથી ઘણોજ જુસો થાએછે, પણ હું શું કરૂં, મારા નીકા કરવાની વાત માહારા હાતમાં રહી નથી; માહારા મરનાર બાપે માહારી કદખુદાઈ કોણની સાથે કરવી તેની જે એક હીકમત કીધીછે ને તેજ મુજબ ચાલવાને મને ફરમાવીઉંછે અને તે ફરમાન મુજબ ચાલવાને મેં કોલ આપીઓછે તેથી મારા ઉપર ગોએઆ એક મોટી મુસીબત આવી પડીછે. મારી રાજી ખુશીના-ને જેને હું પસંદ કરૂં તેની સાથ મારીથી કદખુદાઈ થઈ શકતી નથી એ વીચારથી મારૂં જીગર ઘણું દુખી થાએછે. આ! હા! અગરજો એવી કોઈ રીનની બદી મને થઈ નહી હતેતો પછે આજ તજ સરખા સઘલી રીતે લાએક શખસને મુકી હું બીજા કીઆ ધણી સાથ નીકા કરનાર હતી! તોપણ હજી વાત હાતથી ગઈ નથી, માહારા મરનાર બાપની જે કરામત ભરેલી હીકમતછે તેમાં જો તું પાર પડીઓતો અલબતાં વગર પુછવે ને વગર બોલવે હું તારી ગોદમાં આવવાને બંધાએલી છું.

**જાંહાંગીર**—નેકજાદ પરી ચેહેરેની બાનું આ તારા પેઆર અને મોહોબત ભરેલા સખુનો સાંભલી મારૂં મન ખીલીઉંછે. તો હવે તારા બાપે જે હીકમત કરીછે તેનું તું મને બએઆન સમજાવ ને હું મારૂં તાલે અજમાવી જોઉં ને જો તે ખલકના સાહેબની મરજી થઈ તો હું તેમાં પાર પડું.

**ગુલનાર**—હું તેનું બએઆન સેહેજમાં તને સમજાવી શકીશ, પણ તે સમજાઉં ને તું તારૂં તાલે અજમાવે તેની અગાઉં મારે તને એક વાત કેહેવી જોઈએછે ને તે જો તું કબુલ રાખે તોજ એ વાત કરવી જોઈએછે. મારૂં કેહેવાનું એટલુંજછે કે હુંતો મારા બાપને આપેલા મારા કોલથી બંધાએલી છું ને તેનાં ફરમાન મુજબજ હું મારા નીકા કરનારી છું, વાસતે તું તારૂં તાલે અજમાવતા જો ખુદાની પીરોજગરીથી પાર ઉતરીઓતો ઠીકજછે, મબાદા એવું બને કે તેમા તું નામુરાદ થાએ ને તારૂં બખત તને ઇઆરી નહી આપેતો પછે તારે વધારે બોલવું નહી, ચુપ ચુપ એકદમ ચાલતી પકડવી.

**જાંહાંગીર**—ઠીકછે, પેઆરી બાનું, મારે એ વાત કબુલછે. ખુદાની પીરોજગરી વગર હરેક મોબારક કામ થનાર નથી, ને આહાવું તે સાહેબનુંછે તો ખચીત મને ઇઆરી મલશે.

**ગુલનાર**—આંહી આવ હોમાએ, પેલી તરણ નાહાની ડબીઓછે તે લાવી આ નોજુવાન મરદ આગલ મુક. (ડબીઓ લાવી મુકી.) લે, આ તરણ ડબીઓમાથી તાહારૂં તાલે અજમાવ.

**જાંહાંગીર**—એક ડબીતો સોનાનીછે ને તેના ઉપર એમ લખેલુંછે કેઃ—

પસંદ કરશે જે મને, તેને મળશે તેહ,
જેને ઇછે ઘણા જણા, ઘણા અધીરા રેહ

વારૂં, એતો થઈઉં, વલી બીજી ડબી રૂપાનીછે ને તે ઉપર એમ લખેલુંછે કેઃ—

પસંદ કરશે જે મને, તેને મળશે તેહ,
જેને ઘટતું જેટલું, નહી ઓછું કો કેહ.

આ તરીજી ડબી કાલી ધુલ જેવી ને વલી કથીરની બનાવેલીછે તે ઉપર લખેલુછે કેઃ—

પસંદ કરશે તેહ જે, દેવું પડશે તેહ,
હશે પાસ વળી જેટલુ, કરી ખોવાને જેહ

તો પેઆરી બાનું આ તરણ ડબીઓ ઉપરથી મારે શું સમજવું! કેઈ ડબી પસંદ કીધાથી માહારી મોરાદ બર આવવાની?

**ગુલનાર**—એ જાંહાં પેહેલવાન એમાની એક ડબીમાં માહારી તશવીરછે તેજ ડબી જો તાહારાં બખને જોરે તેં પસંદ કીધીતો હું તાહારી ધણીઆણી થવાની ને માહારો ખુદ પોતાનો તથા તમામ માહારી માલ મીલકતનો તું ખરો અને હકદાર ધણી કેહેવાવાનો.

**જાંહાંગીર**—ઓ! કોઈ આશમાની ફરેસતા આ વખતે મને ઇઆરી બખશો, ને માહારામાં એવી બુધી મુકો અથવા મને એવું સુજ પાહો કે તેજ ડબી પસંદ કરવાને હું કુવત ધરાઉ! જોઉં વારૂં એકવાર ફરીથી તે ડબી ઉપરના લેખ વાંચુંતો ખરો અને તેમાથી મતલબ કેવી નીકલેછે ને તપાશુંતો ખરો ને જોઉં કે તેમ કરતામાંજ ખુદા મેહેરબાન થઈ વાત બંદ બેસારી દીએછે. આ કથીરની ડબી ઉપરના લેખ એવી મતલબ ધરાવેછે કે **"જે ધણી મને પસંદ કરશે તેને પોતાની પાસનું તમામ આપી દેવું પડશે, તથા તે તમામ જોખમમાં નાખવું પડશે."** તમામ આપી દેવું, તે ખોઇ બેસવું ને વલી જોખમમાં પડવું! શાને વાસતે? આ કથીર જેવી ચીજને વાસતે? ના, ના. વારૂં જોઈએ રૂપાંની ડબી શું મતલબ ધરાવેછે, **"જે શખસ મને પસંદ કરશે તેને જેટલું લાયક અને ઘટારત હશે એટલુંજ મલશે."** લાયક અને ઘટારત હશે એટલું મલશે, એટલે શુ! સબર કરો. મનેતો તમામ ચીજો ઘટારત છે, ને વલી એવી કોઈ ચીજ નથી કે જેને લાએકનો હું નહી હોઉં, હું ધારૂછું કે મારે લાએકનીતો ગુલનારજછે; જેટલું લાએક ને ઘટારત હોએ એટલું મલે, તો બસ એ પરી ચેહેરેની ઓરતજ મારે લાએકનીછે, બીજી મતલબ કાંઈ નથી. વારૂં તે કરતા જોઈએ સોનાની ડબી શું મતલબ ધરાવેછે. **"જે ચીજ મેલવવાને ઘણા જણ ઈંતેજારછે તે ચીજ મને પસંદ કીધાથી મલી આવવાની."** જે ચીજ મેલવવાને ઘણા જણ ઈંતેજારછે, તો હું ધારૂછું કે તે ચીજ ગુલનારજછે, તમામ દુનીઆના લોકો તેને મેલવવાને ઈનતેજારીમાં પરેલાછે. આગરેબથી ને મગરેબના લોકો એ ખુશ ચેહેરેની ઓરતને બગલમાં લેવાને વાસતે જીવ નાખતા આવેછે; તો પછે એ વગર બીજી કેઈ ચીજ મેલવવાને ઘણા જણ ઈંતેજાર હોવાના? ઈરાનનું રેનું મેદાન ને અરબસથાનનું રેતીનું મેદાન જે હમેશાં ઉજડ ને બીઆબાન હોએછે, તાંહાં આજને કાલ હજારો લોક તેમાં શાહાજાદાઓ ને ઉમરાવજાદાઓ તથા વજીરો આવજાવ કરતાં માલુમ પડેછે, તે તમામ લોકો આ પરી ચેહેરેની ઓરતના નેક દીદાર જોવાને ને પોતાનું બખત અજમાવવાને આવેછે. એવું તો નહી હોએ કે આ કથીરની ડબીમાંજ એ પરી ચેહેરેની

ની તસવીર હોએ? ના, ના, એમ બનેજ નહી. કથીર! તમામ ધાતુમાં જે હલકી, વગર કીમતની ને જે રસ્તે રસતે મલી આવનાર તેમાં એ ખુશનુમા તશવીર હોએ! કદી બને નહી. તેમજ રૂપું, જે સોના કરતાં સઘલી વાતે ઉતરતું ગણાએ એવી ધાતુ તેની ડબીમાં પણ એ પરી ચેહેરેની તશવીર નહી હોવી જોઈએ. હાવું ઉમદા નંગ તે રૂપાંમાં કદીબી કોઈ મટે નહી! અફસોસ કેવો ખરાબ વીચાર મનમાં આવેછે. તો હું ધારૂંછુ કે સઘલી ધાતુમાં ચટતી, વજનદાર, કીમતદાર ને આબદાર ધાતુ જે સોનું ગણાએછે તે ધાતુની બનાવેલી ડબીમાં એ મેહેબુબની તશવીર હોવી જોઈએ વાસતે ઓ નેકખા ગુલનાર મને આ સોનાની ડબી ઉઘાડવાની ચાવી આપ, હું આ સોનાનીજ ડબી પસંદ કરૂંછું.

**ગુલનાર**—લે, શેર મરદ આ ચાવી એ ડબીનીછે, અગરજો એ ડબીમાથી માહારી તશવીર નીકલીતો આ વખતેજ હું તારી ધણીઆણી ગણાવાની.

[જહાગીર ઊતાવળથી તે સોનાની ડબી ઊઘાડેછે

**જાંહાંગીર**—અફસોસ! આ શી બલા! એક મુરદાલ ને મરણ પામેલાં આદમીની તશવીર! જેની આંખના ખાડા તમાંમ ખાલી ને તેમાં કાંઇ લખેલુંછે; જોઉં તે વાંચું.

પીળું તેટલુ સોનું નહી—
ઉજળું તેટલું દુધજ નહી,
બાહેર તેવું અંદર નહી—
ઘણીવાર એમ સુણ્યું સહી.

માગે સુંઞ ઉપરનો સાજ—
ઘણા જણે જોવાને કાજ,
જીંદગી વેચી નાખી છેક—
પણ ન રહેયો તેઓનો ટેક.

સુનેરી કબરે કીડા હોય—
ચતુરો તેતો ચેતી જોય,
હીમતવાળા દીસો જેમ—
શાહાણા સમજુક હોતે તેમ.

જુવાન દીસો અંગે જેમ—
ઘરડા અક્કલમાં જો તેમ,
જબાપ આવો મળતે નહી—
માંગીયું તમારૂં રદછે સહી.

ખરેખર, માંગીયું સઘલું રદ ગઇઉં અને સઘલી મેહેનત ધુલ મલી. એ નેકજાદ પરી ચેહેરેની ગુલનાર મારા હાત પગ તમામ ભાગી ગએઆછે! હવે મારૂં અતરે વધારે ખોટી થવાનું કશું કારણ નથી. હું હવે તારી રજા માગુછું. મારી કબુલાત મુજબ મારીથી એક બોલ બોલાએ નહી. ભાગેલાં મને, તુટેલાં દીલે ને ચાક થએલાં જીગરે હું નાશીપાસ ને નાઉમેદ થએલો મારે મુકામે ચાલીઓ જાઉંછું. [તે જાએછે

**ગુલનાર**—વારૂ, એકતો બલી બલાઈએ પતીઓ, હીકનઉે. માશા ઘરમાં જઈએ. [તે ઘરમા ગઇ.

## પ્રવેશ ૫.

## ગુલનાર, હોમાએ અને ફીરોજશાહ.

**ગુલનાર**—એ નોજુવાન શાહાજાદા, તારૂં નામ ફીરોજશાછે, તો તને તે ખુદાતાલા ફીરોજગરી બખશશે, આ જો તરણ ડબીઓ પડેલીછે. જે ડબીમાં માહારી તશવીરછે તેજ ડબી જો તેં પસંદ કરી કાહાડીતો બસ આ વખતેજ આપણા નેકા કરવાની સઘલી તઈઆરી કરીશું. મબાદા તેં જો તે ડબી પસંદ કરવામા ભુલથાપ ખાધી ને તું તારી મોરાદમાં બર નહી આએઓતો તુંએ કોઈબી રીતની વધારે કજબેહશી કરવા કરતાં એકદમજ અહીંથી રખશુદ થવું.

**ફીરોજશાહ**—એ નેકજાદ ને તમામ પરીઓ ઉપર સરદારી ભોગવનાર ગુલનાર તરણ ચીજો ઉપર હું મુસતકીમ રેહેવાને સારૂં સોગણ લઈ તારી સાથ બંધાણ કરૂંછુ. ૧ લું, એકે જે ડબી હું પસંદ કરશ તેની વાત હું કોઈ આગલ કેહેનાર નથી, કે મેં ફલાણી ડબી પસંદ કીધી ને તેમાથી હું નાઉમેદ થએઓ. ૨ જું, અગરજો જે ડબીમાં તું નામવરની મોબારક તશવીરછે તે પસદ કરવામાં મારીથી ભુલથાપ ખવાઈતો, ઈઆદ રાખજે કે હું કદીબી ફરીથી કોઈબી ઓરત સાથ નેકા કરવાની મોહોબત બાંધનાર નથી, ૩ જું અને છેલું એજ કહુંછું કે જો ફરતાં ચકરના આશમાનની ગીરદશીથી મારૂં બખ્ત જોર કરી નહી શકીઉં, ને તું નામવરની મોબારક તશવીરવાલી ડબી માહારાથી પસંદ નહી કરવાઈ, તો ચુપચુપ જેવો આએઓછું તેવોજ પાછો ચાલીઓ જવશ. ઈઆદ રાખજે, ઓ નામવર બાનું, કે હું આ માહારા વચનથી જીનહાર પાછો હટનાર નથી.

**ગુલનાર**—ઠીકછે. એ બોલી આપણને કબુલછે; મારાજેવી એક નજીવી ચીજને ખાતર જેઓ બીચારા આવેછે તેઓ એજ મુજબ સોગણ લીએછે ને પછે તેઓ પોતાના વચન મુજબજ ચાલેછે.

**ફીરોજશાહ**—એજ મુજબ મેંબી કરવાનો ઠરાવ કીધોછે. હવે આ તરણ જુદી જુદી ડબીઓછે—એક સોનાની, એક રૂપાની, ને એક કથીરની. કથીરની ડબી ઉપર એમ લખેછે કે, "**તમામ આપી દેવું ને તમામ જોખમમાં નાખવું,**" કથીર જેવી એક ધાતુની ડબીને વાસતે એટલુ બધું બનવું મુશકેલછે. સોનાની ડબી ઉપર લખેલુછે કે, "**ઘણાજણ જેને વાસતે ઈંતેજારછે તે ચીજ મને પસંદ કીધાથી મલી આવશે,**" ઠીકછે; ઘણાજણ તે કોણ, તો તેમને મુરખ સમજવા. બાહારના દેખાવ ઉપર લોભાઈ જનાર ઘણા મુરખો મલી આવેછે, જેઓ અંદરખાનેની કશી પણ ખોલ ખાલ કરવા વના એકદમ બાહારના ટાપટીપ ભરેલા દેખાવો ઉપર મોહી પડેછે, તેઓને વાસતે આ લેખ ઘણોજ વાજબીછે. તો ઘણા જણ આવી રીતે જેને માટે ઘણા ઈંતેજાર હોએ તેજ વાતની ઈંતેજારીમાં આપણે પડનાર નથી. ખાલી ખોપચીઓ જેઓ વગર જેમ બીજાઓ બાહારના દેખાવ ઉપર લોભાઈ પડી એકદમ જીરકું નખાવેછે એમ આપણે કરવું નથી. આ રૂપાની ડબી ઉપરના લેખ કેવી ધપ બતલાવેછે તેતો જોઈએ, "**જેને જેટલું ઘટતું ને લાયક હશે**

**એટલુંજ મલશે.**" બરાબરછે. લાએકી વગર ને ઘટારત વગર કશી વાત બની શકતી નથી. હરેક વાતને પોતે લાએક ન હોવા છતાં તે વાત ઉપર તરાપ મારનાર ઘણા થોડાજ મલી આવેછે. આ, હા, હા, એવુંજ જો બનતું હતે કે આ દુનીઆના તમામ કારબારમાં સઘલાંઓને તેમની લાએકી મુજબજ મલતું હતે ને કોઈનેબી તેની લાઆકત કરતાં ઓછું વધતું નહી મલતું હતે તો આજ કેટલું સારૂં થતે! અને આજ જે કેટલાંકો દુખ ભરેલી ફરીઆદ ઉઠાવેછે તેમાં કેટલો ઘટાડો થતે! તો હું ધારૂંછું કે આ રૂપાની ડબી ઉપરના લેખ ઘણોજ વાજબી અને બરહકછે, હું જે વાતને લાયક હોઉ ને જે મને ઘટારત હોએ તે ઉપરજ મારે આશા બાંધવી જોઈએ, વાસતે ઓ નામવર ને નેકજાદ ગુલનાર આ રૂપાની ડબીની ચાવી મને આપ મારે એજ ડબી ઉઘાડી મારાં બખને તાબે થવું જોઈએછે.

**ગુલનાર**—આ ચાવી, રૂપાની ડબીનીછે.

[તે ઊઘાડેછે.

**ફીરોજશાહ**—અરે આ શી પીડા! કોઈ ગાવદી અહેવાન જેવાની આ તશવીરછે. આ, હા, ખુશ ચેહેરેની ગુલનાર, તારી તશવીરમાં ને આ તશવીરમા કેટલો ફરક, ખરેખર આશમાન જમીનનો. આ, હા, જેમ એ તશવીરોમાં ફરકછે તેમજ મારી મોરાદથી ને માહારી લાઆકતથી આ તશવીર તમામ જુદીછે. ઉપરના લેખ કેવા મજેના! "જેને જેટલું ઘટતું હશે તેટલું મલશે," તો શું આ એક ગાવદી મુરખનાં માથાંની તશવીરનેજ હું લાએક હતો? તો શું એથી વધારે સારી ચીજને લાએકનો હું નહી ઠરીઓ! આ જુઓ વલી અંદર શું લખેલુંછે:—

મીંજ આગમાં મુકપા થકી—
સાત વાર તપાસી નકી,
સાત વાર કસાઈ જેહ—
ના અક્કલ ચોરાય તેહ.

ઓળાને પકડે જે કોય—
ઓળા સરખાં સુખને લેય,
ધુમાડાના બાચકા ભરે—
તેમા મતલબ તે શી સરે.

બાહાર થકી રાખેછ દમામ—
મુરખાઓ કોએક તમામ,
ખાલી ચણો ને વાગે ઘણો—
તેવો માહારો ઢંગજ ગણો.

મુરખ બની લલચાઈ ગયા—
રંગ ખોઈને ફીકા થયા,
થઈ ચુકુજ તમારૂ કામ—
ફરી ન લેશો માહારૂં નામ.

આ, હા, ખરેખર આપણે ઓલાનેજ પકડવાની કોશેસ કીધી અને તેથી સુખ પણ ઓલાના જેવું મલીઉં. ખરી વાતછે કે ધુમાડાના બાચકા ભરીઆથી કશો મતલબ સરનાર નથી. હવે અહીઆં વધારેવાર ખોટી રેહેવામાં આપણી શોભા જણાતી નથી. જેમ વધારેવાર ખોટી થઈએ છીએ તેમ આપણે વધારે મુરખ ને ગરધપ બનતા જઈએછે. બખ ઉંધું તે કશુ જોર ચાલીઉં નહી તો એ નામવર બાનુ હવે હું અહીથી રખશુદી લઉંછું ને સત એકીનથી તને કહુંછું કે હું માહારા વચન પરમાણે ચાલીશ ને તેમાથી જે માહારે કરમે ઉતરશે તેને ચુપચુપ તાબે થઈશ. [તે જાએછે.

**ગુલનાર**—આ બીજા બાઈ પણ શીધારીઆ. ઓ, ખરેખર એ કેવા મુરખછે! જારે તેઓ પસંદ કરવા બેસેછે તારે તેઓ પોતાનાંજ બેઉંધા ડાહાપણથી ભુલથાપ ખાઈ ઉઠેછે.

**હોમાએ**—પેઆરી બાઈ ગુલનાર, આપણાં વડાંઓથી જે કેહેવત ઉતરીછે કે "ધાઓ ધાઓ ને કરમમાં હોએ તે ખાવો" તે કાંઈ ખોટી નથી. એઓનાં કરમમાં નહી, તો પછે તેઓં પોતે શું કરે.

**ગુલનાર**—વારૂં ચાલો બસ કરો. †

[તેઓ અંદર જાએછે.

# શું કરતાં શું થઈ ગયું.

વારેવાર આપણ એવા બનાવો બનતા જોઈએછે કે કાંઈએક ચીજ કરવા જતાં તેથી ઊલટીજ વાત બની જાએછે. કેટલીકવાર એવું બનેછે કે જે વાત કરવાની હોએછે તેથી સારી વાત બની જાએછે અથવા તો તેથી એકદમ ખરાબ બીના બનેછે. એવીજ બીનાને મલતો એક દાખલો હાલ વાંચવામાં આવીઓછે, દાખલો દેખઈતો નજીવો લાગેછે, તોપણ તેનો સાર ઘણોજ ઊંડો ને તે અજીબ કુદરતના સાહેબની તારીફથી ભરપુરછે. કેહેછે કે એક હોડીવાલા પાસે મુશતાશ નામનો એક કુતરો હતો. હોડીવાલો જાતે ગરીબ હતો, તથા કેટલાંક નવાં સંકટો બીચારા ઊપર આવી પડીઆં હતાં તેથી તથા વેલાતમા વલી કુતરાં ઊપર જગાત લેવા માંડી તેથી તે હોડીવાલાને પોતાનુ કુતરૂં ઘણુ ભા

† ગુરૂ શેક્સપીઅરના "ધી મરચનટ આવ વેનીસ" નામના નાટકના એક ઊપરથી આ સાર ઊપજાવી કાહાડેલોછે. ફકત મારે દાખલ જેટલી બીના લેવાઇ શકાએ તથા એ નામાંકીત ગુરૂના રચીના ને દોન પસંદ પેસનો જેટલો ભાગ આપણી ગુજરાતી જેવી અધુરી ભાષામા ને તે પણ વલી ઓરત ભ્રતોને તથા સાધારણ વાંચનારાઓને સમજ પડે એવી રીતે ઊતારી શકાએ એટલા ભાગ શીવાએ એ પેસની બીજી ઘણીખરી બીના પડતી મુકવી પડીછે.

આ નાટક વીશયમા આવના દોહરા, ચોપાઇ વગેરે રચી આપવાને કવી નરમદાશંકર લાલશંકરે માથે લીધુછે, ને તે મુજબ એકાદ બે દોહોરા તથા ચોપાઇઓ આ બીનામાં દાખલ થયછે, માટે એ કવીનો ઊપકાર માનીએ છીએ.          સો॰ પે॰ અ॰

રી પડવા લાગું, તે વીચારવા લાગો કે આપણને પોતાને તથા બચાંને પેટ ભરી ખાવાને અન મલતું નથી તો પછે કુતરાંનુ પોશણ કેમ કરાએ તથા તે ઊપર જગાત કાંહાંથી ભરીએ, બેહેતરતો એજકે કોઈ ઘરાક શોધી તેને વેચી નાખીએ. એ કુતરો ઘણોજ અસીલ અને સારી તોખમનો હતો, પણ માઠા બાએગે આ વેલાએ તેને એક ખરાબ દરદ લાગુ પડીઊં હતું તેથી કરી તેને નામની કીમતે પણ ખરીદ કરનાર કોઈ મલી શકીઊં નહી; માટે પેલા હોડી વાલાએ શેવટે કંટાલી એટલેજ એલાજ કીધો કે તે અવાચક જાનવરને હોડીમાં ઘાલી ભરદરીએ લઈ જઈ ડુબાવી મારીએ." એવા એરાદાથી એક દીવસે બરી બામદાદના તે કુતરાને હોડીમા ઘાલી ભરદરીએ હાલેસાં મારતો નીકલી ચાલીઓ. એ કુતરો તરવે ઘણો બાહાદુર હતો તેથી પેલા હોડી વાલાએ ધારીઊં કે અમસથો નાખીઆથી તે તરી આવશે તેથી તેણે તે બીચારાને ગલે એક પથર બાંધીઓ કે તે પથરના વજને તે ડુબી જાએ. એટલું કરી તેને હોડીના કીનારા આગલ લાવી જોરથી આચકો મારીઓ ને તે બીચારો કુતરો દરીઆવમાં પડીઓ. જોકે ગલે પથર બાંધેલો હતો તોપણ તે પથરનું વજન એટલું ભારી નહી હતું કે જેના જોરથી તે કુતરાને તરવામાં કાંઈ અટકાવ થાએ. ઘણાં જોરથી ને બેહદ પછાડા મારીને અંતે તે કુતરો પેલી હોડી પાછલ પાછો લાગો. ને કુતરાને હોડી પાછલ આવતો અટકાવવાને પેલા હોડીવાલાએ હોડીમાંથી તરેહવાર ઊપાએઓ કરીઆ કીધા ને જારે તે છેક નજદીક આવતો એટલે પોતે મછવામાંથી ટીંગાઈને પણ તેને દુર રાખવાને આંચકા મારતો હતો, તેવામાં એક આંચકાનો જોર એવો થએઓ કે તે હોડીવાલો પોતે હોડીમાથી ઊથલાઈ દરીઆમાં પડીઓ. તે પડતાંજ છેક નીચે ગએઓ. તેવામાં પેલા ખરા ને નીમક હલાલ કુતરાએ પોતાથી બનતી કોશેશ કરી પોતાના ગલામાના પથરની દોરીને નખરીઆં તથા દાંત વતે પીંછી કાહાડીને તુરત તે પથરનાં વજનથી મોકલો થઈ તેણે ડુબકી મારી અને પોતાના ધણીની કંમરપરનો પટો ધરીને તેને ઊપર ખેંચી કાહાડીઓ, ને વલી તેને તેવે હાલે ધસડનો ધસડનો છેક કીનારે લઈ આવીઓ. કીનારા આગલથી એક ગરહસથ આ વેલાએ જતો હતો ને આ બનાવ જોઈ લગાર અચરતી સાથે તાંહાં ઊભો રહેઓ ને પછે એ બીના શી બની તેની તજવીજ કીધીતો જે ખરી વાત હતી તે તેને જણાવવામાં આવી. એ વાત સાંભલી તે ગરહસથને એટલુંતો લાગું કે તેણે તે કુતરાના ધણીને નાણાની એક સારી રકમ આપી તે કુતરો પોતે ખરીદ કીધો ને પછે તેને ઘર લઈ જઈને તેને થએલાં દરદની જોઈતી દવા કરાવીને તથા સઘલી માવજત રાખીને તેને પાછો તંદુરસત કીધો. એ કુતરો હજી પોતાના નવા ધણી સાથ ઘણી સારી હાલતમાં સહી સલામતછે. એક નામાંકીત તશવીર ઊતારનારે એ કુતરાની એક તશવીર ઊતારીછે, ને તે વેલાતના બીલોરી મેહેલનાં સંગરહસથાનમા ટાંગેલીછે, જે જોઈ જોનારાઓનાં મન ઊપર અજબ તરેહની અસર થાએછે. કેહેવાત ખરીછે કે "માણસ ચાહે ને બારેહકતાલા તે પાર ઊતરે;" એજ મુજબ આ કુતરાની બીના બની છે. શું કરતાં શું થઈ ગીઊં તે જુઓ!

## પારસી વાલનટીઅર કોર.

પીઆરી બાનુઓ તમોને સારી પેઠે ખબરછે કે કેટલાએક દીવસ થએઆ પારસીના જુવાન પુરૂશો અંગરેજી પોશાક પેહી, ટાઊનહાલના મેદાનમાં લડાઈની કવાએદ લીએછે. એવી ઘણાઓના દીલમાં ફીકર અને હાદેસા ઊતપન થએઆછે. કેટલાએક મરદો અને ઘણીખરી ઓરતો એમ વીચારેછે કે ઊપલી ટોલીમાં સામેલ થનારા મરદોને લડાઈના મેદાનમાં જવાની ફરજ પડશે, અને તેથી તેઓના પીઆરા જાનની ધાસતી રાખવામાં આવેછે. પણ એવા વીચાર કરનારાઓ મોહોટી ભુલમાંછે એમ તમારે નીશચે જાણવું. એ લોકોને લડાઈની સરવે કવાએદ આપેછે ખરા, પણ તેથી એમ નથી સાબેત થતું કે લડાઈના મેદાનમાં પગારદાર લશકરને બદલે તેઓને કાહાડવામાં આવશે. જે પોતાની મરજીથી શીકનારાઓને જુદાજ વકતને વાસતે તઈઆર કરવામાં આવેછે. જરા ધીરજથી વીચાર કરો, કે જાણે આપણી સરકારને રૂશીઆ સાથે લડાઈ ઊઠી, અને જે લશકર આપણા દેશની સંભાલ સારૂ રાખેલુંછે, તેને રૂશીઆ તરફ રવાને કરવું પડીઊં. એવા સમેમાં ત

મારી કોણ શંભાલ કરશે? એવામાં કોઈ નીમક હરામ લોકોએ હુલ્લડ કીધુંતો પછે તમારો શો એલાજ? જુવાન મરદ અને સ્ત્રીઓ એકસરખી રીતે ઘરમાં ભરાઈ બેસવાના અને પરમેશવરે મરદ જાતને જે બાહાદુરી અને મરદાનગી બખશીછે તેનો કાંઈ પણ ઊપયોગ થવાનો નહીં. એવા ભયના વખતમાં પોતાનો તથા પોતાના કુટુંબનો શંભાલ કરવાને કોઈ ખંતી પણ હોએ, પણ તે કેમ સાંમે થઈ શકે? તેની પાસ કાંઈ હથીઆર હોએતો તેપણ નકામું, તેને વાપરવું કેમ તેતો જાણે નહીં. જો અગર બંદુક ફેડતાં પણ કદાચ આવડતી હોએ તોપણ કવાએદ વગર તેહની હીમત કેમ ચાલે? તેના હાથ ધ્રુજવા માંડે, અને દુશમન તરફ બંદુક ફેડવાને બદલે કદાચ કોઈ નીરઅપરાધી શખસ ઊપરજ નીશાન કરે. હમો ફરીથી પુછીએ છેકે જે વકતે તમારૂં લશકર બાહાર લડાઈમાં ગએઊં હોએ તે વકતે તમારા દેશનો શંભાલ કરવા સારૂં કોઈ જોઈએ કે નહી? તમો કબુલ કરશો કે હા જોઈએતો ખરૂં, નહીંતો જોરાવર હોએતો ગરીબો ઊપર જુલુમ ગુજારે. એવા બચોનાં હીગામ સારૂં એ "વાલંનટીઅર કોર" ઊભી કરવામાં આવીછે. એવી વેલા કોઈનો પીઆરો ભરથાર, કોઈનો ભલો ભાઈ, કોઈનો બાહાદુર દીકરો પોતાના ઘેર અને કુટુંબની શંભાલ કરશે એટલુંજ નહીં પણ પોતાના દેશનો અને પોતાના દેશીઓનો બંચાવ કરવાને હીમત ધરશે. એમ કીધાથી પોતાના તરફ, પોતાના સગાઓ તરફ, અને પોતાના દેશ તરફ જે તેહની ફરજછે તે અદા કીધેલી ગણાશે. ભલી બાઈ, તમારો છોકરો અથવા ભરથાર આવાં દેશહીતકારી કામમાં સામેલ થાશે તે જોઈ તમોને શંતોશ ઊપજવાનો નથી? વલી એ કવાએદ તનદુરસતીને ખલલ પોંહાંચાડવાથી દુરછે એટલુંજ નહીં, પણ એનાથી ઊલટી તનદુરસતી સુધરેછે. ખુલી હવામાં કસરત કરવાના જેવું જુવાન માણસને બીજું કાંઈ સુખાકારી ઊપજાવનારૂં નથી. ખુલી હવામાં મેહનતકીધાથી તન ઘણુ કસાસે અને તબીએત ઘણી ચેનમાં રેહશે.

વલી આએ જાણવું ઘણુ અજાએબ જેવુંછે કે ઈંગલંડમાં ઘણાખરા જુવાન પુરશો એ કામમાં સામેલ થએઆછે અને તાંહાંની ઓરતો પોતાના ભરથાર અથવા બેટાને તેમ કરવાને રજા આપેછે એટલુંજ નહીં, પણ કુમારી ઓરતો "વાલંટીઅરો" સાથે પરણવાને ઘણી રાજી હોએછે અને કેટલાએક શખશો તેઓને રાજી રાખવા સારૂંજ "વાલંનટીઅર" થાએછે, એક દેશની ઓરતો એક કામને ઘણી હીમત ભરેલું, અને દેશહીતકારી ગણેછે, તેને તમો ભએ અને શંકટ ઊપજાવનારૂં વીચારોછે, એ કેવું અનઘટતુંછે ?

જરા બીજી તરફ ધીઆન પોંહાચાડવાદો. એક સીપાહીના નાહાના છોકરાનો વીચાર કરો. તે કેવો એનમાં રમેછે, અને પોતાની હવે પછેની જીનદગી કેટલી આફતોમાં પડશે તેનો તેને થોડોજ વીચારછે. મોહોટો થએગો કે લશકરી કવાએદ શીખવા માંડેછે, અને તેમ કરવામાં તેને ઘણી સખતી ખમવી પડેછે. લડાઈના અંદર જતી વકતે પણ તેને સઘલો વીચાર આવતો નથી. જાંહાં બંદુક અને તોપોના અવાજથી કાંન બેહેરા થઈ જાએછે, જાંહાં ધુમાડાના વાદલાં બની જાએછે, જેથી ખરે બપોરે સુરજની રોશની ગુમ થઈ જાએછે, અને ખરી દીસની રાત પડેછે જાંહાં હથીઆરના ચકચકાટ અને ખખરાટથી દીલ ધ્રુજવા લાગેછે, તાંહાં પણ એક ૮ રૂપીઆનો સીપાઈ કાંઈ પણ મોહોટી હાંસેલ વગર પોતાના જાનને એક દોરડી ઊપર ટીંગાતો કરેછે. કોઈતો વલી ભર લડાઈમાં દુશમનના કીલા ઊપર ચડી જઈ પોતાંના શાનશાહાનો વાવટો ઊરાડેછે. આવા શંકટમાંથી પણ તે દઆલુ પરમેશવર ઘણાઓને છોડવેછે. જીઆરે સીપાહી બુઢો થાએછે, તેઆરે તેને સઘલાં કામમાંથી છોડવવામા આવેછે, પોતાની બાકીની જીનદગી સુખ અને ચેનમાં કાહાડેછે.

જીઆરે આવા જોખમમાં એક માતા પોતાના એકપુરાં બચાંને પણ નાખેછે તેઆરે, ઓ બાનુઓ, જે કામમા જરા પણ ભએ નહીં, અને જેમા તમોને ઘણી હાસલ, તેમાં તમારા છોકરા અથવા ભરથારને મોકલવાને શા માંટે અડચણ કરોછો? ઊલટા તમારે ખુશી થવું જોઈએકે તમારી શંભાલ સારૂં કીલામાં લશકરછે, અને રસતામાં સીપાહીછે એટલુંજ નહીં પણ તમારો પોતાનો દીકરો અથવા ભરથાર તમારી શંભાલ કરવાને તમારા આગલ તઈઆરછે.

# જમ અને માણસ વચ્ચે સેતરંજની રમત.

પાસેના ચીત્રમાં એક બાજુ ઊપર જમની સબી પાડેલીછે, તેનો ઘાતકી અને ભએઅંકાર ચેહરો માણસના તરફ કીરેલોછે, અને તે ઘંભીરાઈથી તેના તરફ જુએછે. આએ વેલા તે એક ગરહસથની માફક મોહટો જબ્બો પેરી બેઠેલોછે. પોતાના એક હાત ઊપર દાહાડી ટેકાવી કાંઈ નવી ચાલ શોધી કાહાડવાનો વીચાર કરેછે. બીજા હાથમાં પોતાના હરીફનું એક મોહોરૂં મારેલું પકડેલુંછે. બીજા હાથ ઊપર પેલો જુવાન માણસ માથા ઊપર હાથ મુકી વીચાર કરતો રમેછે. પાટીઆંની પાછલ ફરેસતો ઊભેલોછે, તે જાણે પેલા માણસની કદર ખાતું હોએ તેમ આતુરતાથી જુએછે, પોતાના હાથના આંગલાં એક એકમાં ઘાલેલાંછે, અને પાંખ હરધી હુઘાડી રાખેલીછે, અને હમોને બીક લાગેછે કે બીજી ચાલમાં એ પાંખો પેલા માણસના આતમાને લઈને ઊડી જાશે.

રમતની શરૂઆતમાં માણસ પોતાના લોભ અને લાલચના ઘોડાને ચાલેછે, અને મગરૂબીના ઊંટથી તેને જોર આપેછે, સાંબે ધણી પોતાના હથીઆરબંદ સીપાંહીઓ વધારતોજ આવેછે તેની કાંઈ દરકાર કરતો નથી. પેહલે મગરૂબીના ઊંઠને જરા પણ અડચણ મલતી નથી જેથી તેને ગમે તાંહાં દોડાવેછે, અને લોભ લાલચના ઘોડાને પણ કુદાવાને જરા આંચકો ખાતો નથી. તે એમ નથી વીચારતોકે પોતાના હરીફનું નાશકારક લશકર બીહામના હથીઆરો સાથે દર ચાલે આગલ વધતું આવેછે. તે વકતે તેના મનમાં એવો શંકો રાખેછે કે હમના એને હટાવુંછું, એનાથી કોણ બીહેછે. વલી આણીગમ પેલીગમ જોઈને જુઠાઈના પેઆદાને ફેકેછે અને એ પરમાણે અવર નવર મગરૂબી, લાલચ, જુઠાઈ, એ મોહરાં ચલાવેછે. થોડોવાર પછી જેવો મગરૂબીનું ઊંઠ ઊંચકી ચાલવા જાએછે કે પેલો જમ બુમ પાડી કેહછે, "એ અવે ઊઠાએ નહીં, એનો કેદ પકડાએલુંછે, અવે એનું કાંઈ ચાલે નહીં." તેને મુકી લાલચ અને લોભના ઘોડાઓને ચલાવા જાએછે, પણ તેના ઘર ખાલી રહાં નહી, તેના પગતો જાણે બંધાઈ ગએઆ. આવો બનાવ જોઈ તે ગુસાના વજીરને જોરથી ચલાવેછે, પણ તે પણ થોડા વકતમાં અશક્ત થઈ બેસી રેહછે. અવે શું ચાલવું, તેનો વીચાર તેના મનમાં આવેઓ. બધાં મોહરાં આગલ વધારેલાં તેનેતો કાંઈ જોર મલે નહીં. તે ઘભરાવા લાગેછે, અને ઊપર જુએછેતો સચાઈ, નેકી, અને ધરમ,. એ મોહરાંઓતો પાછલ રહી ગએઆંછે. અવે તેઓને ચલાવા માંડેછે, અને તેથી તેની બાજી જરા શુધરેછે. શંકટમાંથી છુટો થએઓ ચોટલે વલી લાલચ, મગરૂબી વીગરેને આગલ વધારેછે, અને જુઠાઈ અને પાપના પેઆદાઓને મેદાન કાહાડેછે. આએ જોઈ પેલો જમ મનમાં મગન થાએછે કે અવે શેકારની તઈઆરીછે. પેલો માણસ અવે ઘણો પસતાએછે કે મેં જે સારાં સારાં મોહડાનેતો અંદર રેવા દીધાં, અને આવાં ખરાબ મોહરાએ ચાલીઓ. ફરી એકવાર સચાઈ, નેકી, અને ધરમને પકડેછે, અને વારા ફરતી આગલ વધારેછે. પણ અવે બહુ મોડું થએઊં. તેનો આતમા બાદશા ઘણો થાકી ગએલો. તેના મોહરાં, જેવાંકે મગરૂબીનું ઊંઠ, લાલચનાં ઘોડા, ગુસાનો વજીર, પાપના પીઆદા, વીગરેતો સઘલાં જીતાઈ ગએઆં. આખરે નાચાર થાઈ પાદશા પણ ઘેરાએઓ પણ તેના નેકી અને ધરમના મોહોરાં જીવતાં રેહાં. એવી રીતે એ રમતનો છેડો આંએઓ.

એ રમત કાંઈ ખરેખર રમાઈ નથી. જમ કાંઈ આદમીજાત નથી. પણ એ ચીતારના અસલ બનાવનારની મતલબ એછેજે એના ઊપરથી માણસજાત સીખામણ લીએ. માણસ પોતાની જુવાનીના દાહાડામા મગરૂબીથી ભરેલો હોએછે, અને એ રમત રમનારની પેઠે લોભ અને લાલચના ફાંદામાં પડેછે. તે વકતે તે પોતે માતીનું એક પુતલુંછે એમ જરાપણ વીચારતો નથી, પણ જાણે હમેશ સુધી જીવવાનો હોએ તેમ બેહદ ઘુના કરેઓ જાએછે. પણ જીઆરે પઈસાથી હેરાન થાએછે અથવા કાંઈ શંકટમાં આવી પડેછે, તે વકતે પોતે શું કીધુંછે તેનો તેનાં મનમાં વીચાર આવેછે. તે વકતે પસતાએછે કે નેકીના કામ કીધાં હોતેતો આજ કામ લાગતે.

ભલી સી, લોભ અને લાલચ જેવી બુરી ચીજ બીજી કાંઈ નથી અને જેવારે મગરૂબી તેની સાથે મલી ગેટલે માણસના દબદબાને કમ કરેછે, અને તે શંકરના દરીઆવમાં ગરક થાએછે. માંટે તમો જો મા



જમ અને માણસ વચે સેતરંજની રમત.

હશોછો, પરમેશવરે તમોને પઈશા ઘણા આપેઓછે, અને તમો ઘણા સુખમાંછો તો તે વીશે કાંઈ પણ રીતે મગરૂબ થતાં નહીં, કારણ કે દોલત પણ ઘણીવાર ટકવાની નથી. એથી ઊલટું, તમો નરમાશ ધરજો અને દએઆ કરવાની ટેવ પાડજો. દુનીઆમાં આએઆંછે તે પાછાં જવાનાંનો ખરાં, પણ તમારી પાછલ કાંઇ ઈઆદગારી રેહ એવું તમોએ કીધુંછે કે નહીં તેનો ખુબ વીચાર કરજો, અને જો પેહલેથીજ સચાઇ, ધરમ અને આશાને વલગી રહાનો પછે જે વકતે જમ પોતાનો ઘાતકી પંજો મારવાને આવે તે વકતે જરા પણ ઘભરાટ વગર શંતોશથી તમારા પેઆરા જાનને તે સરવ શકતીમાન પેદા કરનારને સોંપે.

## થરમામીટર.



બેહનો ઘણીવાર તમોએ તમારા ધણી અથવા બાઈઓને એવું બોલતાં સાંભલીયું હશે કે "આ જે ગરમી ઘણી પડી હતી ને પારો શીશીમાં ઘણો ઊંચો ચહડીઓ હતો." ખરી વાતછે કે એ બોલેલા શબદોજ માતરે તમો સાંભલી શકો પણ તેની મતલબ શી તે તમે એકાએક જાણી શકનાર નથી; ઘણું તો તમે એટલુંજ સમજો કે ઘણી ગરમી પડેછે તે વીશે બોલેછે; પણ શીશીમાં પારો ઊંચો ચહડીઓ તો એટલે શું તેથી તો તમો અજાણજ રેહેવાનાં. પારાની એ શીશી વીશે આ વખતે થોડોક ખુલાસો કરવા ધારીએ છીએ. આ બાબદની એક બાજુએ એક લાબું સરખું ચીતર તમારા જોએઆમાં આવેછે, એ ચીતર પારાની શીશીનુંછે. એને ઈંગરેજીમાં **થરમામીટર** એટલે "ગરમીનાં માપનું ભરત કરનાર" કરી કેહેછે. એને આબાદ લાગુ પડતો શબદ ચાલુ અથવા સાધારણ ગુજરાતીમાથી મલી આવતો નથી, તોપણ કેટલાએક એને "શીતોશણ માપક યંત્ર" નાં નામથી ઓલખી શકછે. એ સંસકરત શબદનો અરથ એવો થાએછે કે "સરદી ગરમી માપવાનું ઈઅંતર," તેમજ કેટલાએકો એને "હવાની અથવા પારાની શીશી" કરીને પણ કેહેછે. જો કે એ નામો આબાદ લાગુ પડતાં નથી તોપણ લાંબી મુદતના વાપરવાસથી તથા ચાલુ ભાશામાં લાગુ પડનો શબદ મલી નહી આવવાને લીધે એ શબદો હાલ સાધારણ થઈ પડીઆછે. ગરમીની અને થંડીની હવાનું ભીજાન કાહાડવાને આ ઈઅંતર ઘણુંજ ઊપયોગી થઈ પડીશેં છે. જોકે એ ઈઅંતર હાલું ઊપયોગી થઈ પડીશંછે, અને એની જુગતી ઘણી કરામત ભરેલી ગણાએછે તોપણ તેની બનાવટ ઘણીજ સાદી અને સેહેજછે.

એ યંત્ર એક કાચની નલી હોયછે, અને એ નલીને નીચે ડીબવા જેવો એક ગોલ ભાગ હોએછે જેમાં પારો નાખેલો હોયછે ને પછે તે નલીનું મોહોડું સારીપઠે બીડી લીધેલું હોએછે, જેથી કરી અંદરના પારાને બાહારની હવાનો મુદલ સંબંધ લાગી શકતો નથી. એવી રીતે પારો ભરી તઈઆર કરેલી નલીની બાજુએ પાટીઆંની એક ચીપ જડેલી હોએછે અને ગરમીની વધઘટ જણાવા માટે હસાબ કાહાડીને અથવા બરાબર ગણતરી કરીને તે ચીપ ઊપર આંકડા માંડેલા હોઅછે. નલીના નીચલા ભાગમાં જે પારો હોઅછે ને ઊપર બાહારની ગરમીની અસર થાએછે અને તે ગરમી પરમાણે પારો વધતો જાએછે એટને તેની નલીમાં ઊંચે ચઢતો જાએછે, ને જેમ જેમ પારો વધતો ચઢતો જાએછે તેમ તેમ વધારે ગરમીની નીશાન માલુમ પડતી જાએછે. આ યંત્રમાં સઊથી ઊપર ૨૧૨ નો આંકડો તમારા જોવામાં આવશે. એ આંકડા સુધી જારે નલીમાંનો પારો ઊંચો ચઢીઓ એટલે જાણે ઊકલતાં પાણીના જેટલી ગરમી થઈ; તેમજ છેક નીચે ૦ જોવામાં આવશે એ જગા બેહદ ઠાર અથવા થંડીનીછે. એનીથી લગાર ઊપર ચઢતાં ૩૨ નો આંકડો જણાએછે, એ આંકડા આગલ શીશીમાંનો પારો ઊતરે તારે જાણવું કે પાણી ઠરી જાએ અથવા બંધાઈ જાએ એટલી થંડી પડેછે. આપણી ટાપુમાં થંડીની મોહોસમમાં એ શીશીનો પારો ૭૦ ડીગરી હોએછે, તથા ભર ઊનાહાલામાં ૯૦ ડીગરી હોએછે. માણસનાં શરીરનાં લોહીની ગરમી સાધારણ પરમાણે ગણતાં ૯૮ ડીગરી ગણાએછે. જેવું મુલક ને જેવી તાહાની આબો હવા તે પરમાણે તાહાની હવાની ગરમીમાં વધ ઘટ થાએછે, માટે એક મુલક કરતાં બીજાં મુલકની પારાની શીશીમાં યાને થરમામીટરનાં ઊંચે નીચે પારો રેહેવાનો.

આ થરમામીટરમાં પારો ઊંચે ચઢેછે તથા

નીચે ઊતરેછે તે ઊપરથી ગરમીની એક ખાસીઅત
નો પણ મજબુત દાખલો મલી આવેછે. ગરમીની
ખાસીઅત એવી જણાવવામાં આવીછે કે જે વસતુને
ગરમી લગાડી હોઅ તે વસતુનું કદ ફુલી તે મોટી થા
એછે, તેમજ તેમાથી ગરમી ઓછી કીધી હોઅતો તે
વસતુ સંકરાઈ જઈ તેનું કદ નાહાનું થાએછે, તો તેજ
નીઅમ અથવા ખાસીઅત પરમાણે આ શીશીમાના
પારાને બાહારની ગરમીની અસર થએઆથી તેમા
નો પારો ફુલી કદમાં વધેછે ને જારે કદમાં વધેછે તારે
તે ઊંચે ચટેછે; તેમજ જારે ગરમીનુ જોર ઓછું થા
અછે ને થંડી પડેછે તારે પારો પાછો સંકરાઈ જઈ ક
દમાં ઓછો થઈ જાએછે ને તેથી નીચે ઊતરેલો મા
લુમ પડેછે. ગરમીથી ચીજો ફુલી કદમાં મોટી થાએ
છે ને થંડીથી તે પાછી સંકરાઈ જાએછે તેના બીજા
સાધારણ દાખલા પણ ઘણા મલી આવેછે, જેમકે ગા
ડીનાં પઈડાંને લોહોડાંની વાટ જડેછે તારે તે વાટને પે
હેલાં સારીપઠે ભઠીમાં ગરમ કરેછે, ને જારે તે એ રી
ને ગરમ થાએછે તારે તે કદમા મોટી થઈ જાએછે, તે
માં પઈડુ બેસારેછે ને પછે તુરત તેઊપર સારીપઠે પા
ણી રેડેછે એટલે તે વાટ થંડી પડી જાએછે, ને થંડી
પડીઆથી તેનું કદ સંકરાવાને લીધે તે પઈડાંને એટ
લીતો મજબુત બલગી જાએછે કે ગમે એટલી તજવી
જ કીધાથી તે એકાએક છુટી પડી શકતી નથી.

## ભએના વકતમાં ધીરજ અને હીમતની જરૂર.

એક શખસ કેહેછે કે એડીજ નદીના કીનારા
પાસ નાધલા ટાપુઓછે, તાંહાં ખાડીમાંથી હું સેહેલાઈ
થી ચાલીને ગએઓ. આખી રેતી લીલોતરીથી ઢં
કાઈ ગએલી હતી, અને આસપાસ ઘણો ખુસનુમા દે
ખાવ નજરે પડતો હતો તે જોઈ મારૂં મન ઘણુ ખુ
શ થઈશું. હોંશમાં આણીગમ પેલીગમ ફરૂંછું એટ
લામાં એક મોહોટો ઘોઘાટ મને સંભલાએઓ, જે ગ
ને પેહેલે વાદલાંના ગગરાટ જેવો લાગો. પણ થોડા
વારમાં તેન્દરીઆના અવાજ જેવો સાફ સંભલાવા
માંડેઓ, અને જોઉંછું તો સાંમેથી એક મોહટો પા
ણીનો જથો ખાડીનાં અંદર ચેહતો આવેછે. બીજી
એક પલ ગઈ નહીં એટલામાં હરપોરત ટાપુ પણ પા
ણીથી ઢંકાઈ ગએઓ. આએ વકતે હું ઘણો ઘભ
રાવા લાગો, અને જો જરા વીચાર, અને ધીરજ ન
હીં રાખી હતે તો રેલમાં તણાઈ જઆ વગર રેહતે
નહીં. હું તરત એક ઊંચા જાહાડ ઊપર ચડી ગએ
ઓ, અને હું હવે બનચીઓ એમ ધારવા લાગો.
પણ એ માહારા વીચારમાં હું કેટલો ભુલીઓ ! પા
ણી તો વધતાંજ ગએઆં, અને જે જાહાડ ઊપર હું
બેઠેલો હતો તેને પણ આસપાસથી ઘેરી લીધું. તેના
ઊપર એટલાતો જોરથી પાણી ઊછલવા લાગું કે એ
એ તે જડથી ઊખેડાઈ જશે એવો મને ભએ પેદા
થએઓ. આવી ભએઅંકાર જગામાં મને હજા
રો વીચાર આવવા લાગા—પણ હજુર મેં
બીલકુલ આસા મુકી દીધી નહીં. કોઈ વકતે એ
મ વીચારતો કે કીનારા ઊપરથી કોઈપણ માણસ મ
ને જોએઆ વગર રેહશે નહી, અને જો એક પણ
જોએઓ તો બીજાઓને મારી મદદે બોલાવશે. અથ
વા ખોદાનુ કરવું છેતો આવે જલદીથી પાણી ઊતરી જ
શે, અને રસતો સાફ થશે. પણ એ બધા માહરા વી
ચારો નીશફલ ગએઆ. પાણીનો વધારે જોરથી
મારવા લાગું અને સુરજનુ અજવાલુ પણ બંધ થએ
ઊં, જેથી મારી આશા હવે બીલકુલ જતી રહી. જે
વારે બીલકુલ હંધારૂં થએશું તેવારે મને અજાએબ
અવાજો સંભલાવા લાગા, જેની હું કોઈ વકતે ઈઆદ
કરૂંછું તો મારૂં દીલ કમકમેછે. તમો જલદીથી વીચા
રી શકશો કે આવી વેલાએ શું કરવું તે કેમ શુજે?
કોઈવેલા જાહાડ ઊપરથી કુદી જઈ પાણીમા પડું, પ
છે ખોદા રાખનાર હશેતો કીનારે નીકલીશ, એવો વી
ચાર આવે. પણ બીજી વકતે આશા મને પાછી હીં
મત આપે. તે મને કેહેકે જરા ધીરજ ધર, એ કરતાં
મોહોટા દુખમાંથી પણ માણશો બનચેછે. આખરે ઠે
રાવ કીધો કે જાહાડને વલગી રેહવું, પછે સવારના
જે થાએ તે ખરૂં. પણ માહારા હાથ ઢીલા થવા લા
ગા, તેથી માહરો રેશમી રોમાલ કાઢીને એક ડાહલી
સાથે માહારી પીઠને બાંધી, કારણ કે હું ગભરાઓ કે
રખે માહરા હાથ છુટી જાએ, અને હું પાણીમાં પડું.
પવને પણ આએ વકતે માહરા ઊપર દએઆ કીધી
નહીં, તે ઘણા જોશથી ફુકી માંહરા નબલા પાએઆ
ને હીલવવા લાગો, એટલે સુધી કે કોઈ વેલા માહરા પ

ગ પણ પાણીને લાગતા હતા. પણ ખોદા રાખનાર છે તો કાંઈ થતું નથી. એક ગમથી સુરજનુ અજવાળું પડવા લાગું. બીજી તરફથી પાણી પણ ઓસરવા માંડીઊં. માહરી હધમુઈ આશા અવે પાછી તાજી થઈ, અને મારી ધીરજનો બદલો મલેઓ. કારણ, થોડાવારમાં પાણી બીલકુલ ઊતરી ગએઊં અને જે ટાપુ ઊપર એક વકતે હું નજર કરવાને પણ બીહતો હતો તાંહાં મારા નબલા પગ હીલવા લાગા, અને થોડા વારમાં હું સહી સલામત કીનારે પોંહતો.

**એક બીજો દાખલો**—એક ઓરતના ઘરમાં રાતરે ચોર આએઆ, અને પાસેના ઓરડામાંથી પેટીઓ શ્હાડી સઘલા સામાનના ગાંસડા બાંધવા માંડેઆ. પેલી ઓરત હુંગમાંથી જાગી ઊઠી, અને ધીમેથી પેલા ઓરડાના બારણા આગલ જઈ ઊભી રહીતો અંદર ચોરો ભરાએલાછે એવી તેની ખાતરી થઈ. તે ઘરમાં એકલી હતી પણ તેણે ધીરજથી વીચાર કરવા માંડેઓ કે અવે એનો એલાજ શું કરૂં. જો બુમ પાડેનો પેલા ચોરો આવીને તેને મારે. તેણીએ એક તદબીર શોધી કાહાડી. પોતાના ખાવંદના મોહટા જોરા હતા તે પગમાં પેરીઆ અને દાદર ઊપરથી ધપ ધપ ઊતરવા માંડીઊં, અને જાણે ઘરમાં ઘણા માણસો હોએ તેમ નામો દઈ હાંક મારી કેવા લાગી, જલદી ઊઠો બેઠકના ઓરડામાં બીલાડા ભરાઆછે તે હાંકી કાહાડીએ. એ વાત ચોરોએ શાંભરી ઘભરાવા લાગા, કે આટલા બધા માણશોછે તે આપણને તરત પકડી કાહાડશે. તરત તેઓ ગાંસડા બાંધેલા મુકી જીવલઈ નાશી ગએઆ. ધીરજથી પેલી ઓરતે પોતાનો માલ બંચાવેઓ.

ભલી વાંચનારી તમો શું એમ નહી કેહશો કે ઊપલા દાખલામાં હું હોતનો પાણી જોઈનેજ અથવા ચોરનો અવાજ શાંભલીને મરી જાત પણ એમ તમારે શા માંટે બોલવું જોઈએ તે હમો જાણતા નથી. ધીરજ અને આશા શા માંટે છોડી દેવી જોઈએ ? ખરેખર આપણા લોકોમાં એ મોહોટી ખોડ છે,—ભચ્ચેની વેલા હીમત છોડી દઈ તેઓ ઘભરાટ કરી મેલેછે. ધીરજ અને સબુરી શું ચીજછે તે તેઓને મુદલ ખબર નથી. જો કોઈ આજારી પડીઊં તો તેના ઓરડામાં હરેઘી કુડી ઓરતો એકઠી થવાની, બલકે બે ચાર આજારીના ઢોલીઆ ઊપર પણ જઈ બેસવાની. પણ જો પલાસટર બદલવું પેડીઊં તો સરવે કાનપર હાત મુકવાના. કોઈતો કેહશે "બાપા ઊલો રેહ મને જવાદે, મારાથી એ જોવાએ નહીં" જો ડાકટર તેને પડી રેહવાને કેહશે નો પણ તેઓ તેને હીલવી હીલવી બોલાવાને ઈઅતન કરશે, અને જો તેણે જલદી જવાબ નહીં દીધો તો પછે ઘભરાટનું શું પુછવું, આખો ઓરડો ઘોંઘાટથી ભરાઈ જવાનો, અને પેલું બીચારૂં આજારી માણસ મધુર હુંગમાં કદાચ પડેલું હશે તે જાગી ઊઠવાનું.

કેટલાંએક દરદો ઘણી મુદત સુધી ચાલેઆ કરે છે. તેમાં ધીમે ધીમે જરા ફાએદો થતો ગએઓ તો ઓરત જાતના મનને શંતોશ મલવાનો નહીં. તરત તેઓ પોતાના ડાકટરને છોડી દઈ બીજાની દવા કરવા માંડશે, અને પાંચ સાત દાહાડા થશે એટલામાં તેને પણ છોડી દેશે. એ પરમાણે ધીરજ અને આશા છોડી દીધાથી ઘણા પીઆરા જાનની ખુવારી થાએછે.

વલી જો કોઈ ઓરત પોતાના ઓરડામાં બેઠેલી હશે અને દાદર ઊપર આસતે આસતે પગલાં વાગતાં શંભલાશે તો તરત તે મોહોટેથી બુમ પાડી ઘોંઘાટ કરી મેલવાની. પણ ધીરજથી જરા આગલ જઈ જોવાની નહી, કે દાદર ઊપર કોણ ચડેછે. પેલું આવનાર માણસ બીચારૂં ફજેત થઈ જવાનું. કદાચ પેલીની ખાસ સહી હશે, તો પછે તેને કેવું નીચું લાગશે.

ધીરજ નહી રાખેઆથી ઘણી વકતે કજીઆના બીજ રોપાએછે. એક તમારી બેહનપણીએ તમોને શું કહીઊં તે બરાબર સંભલાએઊં નહી હશે એટલામાં તમો તેને ગાલ સમજવાના, અને કજીઓ કરવાને જટ ઊતરી પડવાના. કદાચ તે તમારા સારાં સારૂંજ બોલી હશે. પછે તે તમોને ચોખ્ખું સમજાવી કેહશે તેવારે કેવાં ફીકાં પડી જવાના ? માંટે ધીરજ અને આશા એ સઘલી વેલાએ માણસ જાતના મોહોટા મીત્રછે એમ ઈઆદ રાખી તે પરમાણે ચાલવું એ ડાહાપણ ભરેલુંછે.

# અમેરીકાના મુસાફર કબુતરો.

બેહનો, લખો તથા કરોડો કબુતરો સાથે મલીને હજારો કોસની મુસાફરી કરેછે તે વાત તમે સાંભલીછે ? એવા કબુતરો અમેરીકામાં વસેછે. તેઓને વીશે મુસાફર તથા તતવ વેતાઓએ અજબ તરેહના હેવાલ આપેઆછે. તેઓની મોટી સંખીઆ, તેઓની લાંબી મુસાફરી તથા તેઓને જોઈતા બેહદ ખોરાક વગેરેની વાતો કોઈના માનવામાં પણ આવતી નથી. કદાચ ઊતર અમેરીકા ખંડની મોટાઈ આ પંખેરાંઓના હેવાલથીજ સારી રીતે ધેઆનમાં આવશે.

એ પંખેરાં મુસાફર કબુતરનાં નામથી ઓલખાએછે. તેઓને ઈશવરે જાણે લાંબી મુસાફરીનેજ માટે મજબુત પાંખો આપીછે. તેઓ જંગલમાં વસેછે. તાંહાં તેઓ ઊંચાં ઝાડો ઊપર માલા બાંધેછે. તેઓ સવભાવે ઘણા જંગલી હોએછે તેથી પાલી શકાતાં નથી. પણ તેઓનો ખોરાક જંગલનાં ફલ તથા બીઆં શીવાએ બીજો કાંઈજ નથી. એ ખોરાકની શોધને માટે તેઓ લાંબી મુસાફરી કરેછે માટે તેઓને મુસાફર કબુતરનું નામ આપવામાં આવીઊંછે. એ મુસાફરી તેઓ ઊતર અમેરીકાના ઊતર છેડાથી તે દખણ છેડા સુધી કરેછે જાંહાં જાંહાં સારો ફલવંત વગડો તેઓની નજરે પડેછે તાંહાં તેઓ ઊતરેછે અને તે ઊજડ કરીને જતાં રેહેછે. વીલસન નામના એક મુસાફરે એ પંખેરાઓ વીશે અનુભવ મેલવી એક પુસતક લખીઊંછે તેમાં તે લખેછે કેઃ—

એક વખતે મેં તેઓને ઊડતી વખત બરાબર ધેઆનથી જોયાં કે હજારો પખશીઓ એક એકના માથા ઊપરથી ઘણીજ જડપ તથા મજબુતાઈથી ઊડતાં હતાં. તેઓ એટલી ઊંચાઈ ઊપર હતાં જે બંદુકની ગોલી તેઓને પોંચી શકે નહીં. તેઓ એટલાતો પાસે પાસે ઊડતાં હતાં કે જો એક ગોલી લાગે તો ઘણાક કબુતરો પડેઆ વગર રેહે નહીં. ડાબી કે જમણી જાંહાં નજર ફેરવીએ તાંહાં એ પખશીઓનો જમાવ એકજ સરખો નજરે પડતો હતો. તે દેખાવ કેટલોવાર સુધી ચાલશે તે મેં તપાસી જોયો. તેથી મને માલુમ પડીઊં જે એક કલાકથી હું વધારે બેઠો તેમાં તો તેઓની સંખીઆ ઘટવાને બદલે વધીઆ કરતી હતી. તાર પછી જેદશાએ પખશીઓ જતાં હતાં તે દશાએ હું થોડા કોસ ચાલેઓ પણ તેઓનો જમાવ મારા માથાપર એવોને એવોજ નજરે આવતો હતો.

જેમ એ ઊડતા પંખીઓએ કેટલાક માઈલની જગા રોકી હતી તેમ તેઓનાં રેહેઠાણ પણ કેટલાક માઈલમાં પાથરેલાં હતાં એમ અનુભવ વાલા શખસો મને જણાવતા હતા. એ રેહેઠાણ એ વખતે ગરીન કાઊંટીમાં હતું અને તે હું મારી મુસાફરીમાં જોવા ગયો હતો. તરણ માઈલ સુધી એટલે કોટમાથી તે છેક બાએખલા સુધીતો એ પંખીઓના પુશકલ માલા મારી નજરે પડેઆ હતા. ઝાડોની ઊપર પાંદડાં આવેઆં હતાં નહીં તેથી તેઓની મોટી સંખીઆ બરાબર મારા દીઠામાં આવી હતી. એ સંખીઆ ભારે મોટી (લોકો કેહેછે કે કેટલાક કરોડો પંખીઓની) હતી અને તે જોઈને હું ઘણોજ અજબ થયો હતો.

એ પંખીઓ જુદી જુદી વખતે જુદાં જુદાં જંગલમાં પોતાનું રેહેઠાણ કરેછે. તાંહાંથી તેઓ ૨૫—૩૦ કોસની વેગલાઈ ઊપર ફલ તથા બીઆંથી ભરેલું કોઈ વગડું શોધી કાહાડેછે તાંહાં તેઓ દરરોજ ચરવાને માટે જાએછે અને સાંજના પાછા આવેછે. જારે એક વગડા મધેનો ખોરાક થઈ રેહેછે તારે બીજો વગડો શોધી કાહાડેછે. તેઓ જારે ઘણા દીવસ સુધી એકજ રેહેઠાણમાં રેહેછે તારે તે જંગલનો દેખાવ અજબ જેવો થઈ પડેછે. તાંહાંની જમીન ઊપર તેઓના છેડનું ચાર પાંચ તસુનુ પડ બંધાએછે. તાંહાંનું નરમ ઘાસ અને કુમલું લાકડું તદન પડી જાએછે. તાંહાંના ઝાડોની મોટી મોટી ડાંખલીઓ પણ ભાગીને ઢગલા થઈ નીચે પડેલી હોએછે, અને ઝાડો પોતે જાણે કોહાડીએ કાપીને પાડી નાખવામાં આવેઆં હોએ એમ આખાં જંગલમાં દેખાએછે. આવી રીતે જંગલો ઊજડ થાએછે તેની નીશાણીઓ ઘણાં વરશ સુધી રેહેછે, અને કેટલેક ઠેકાણેતો એવા બનાવ પછી કેટલાંક વરસ સુધી કાંઈ બીજી વનસપતી ઊગી શકતીજ નથી.

જારે એ પકશીઓના રેહેઠાણની લોકોને ખબર પડેછે તારે લોકો કેટલાક માઈલની વેગલાઈ ઊપરથી પીસતોલ, બંદુક, સોટા, ભાલા, ગંધક તથા નાશ કરનારા બીજા પદારથો લઈને રાતની વખતે તે જગાએ આવેછે. થોડાએક કલાકમાં તેઓ એ કબુતરોને મારી ઘણાક કોથલા ભરી પોતાના ઘોડાઓ ઊપર

ખડકેછે. અમેરીકાના જંગલીઓનો એ કબુતરોના રેહઠાણને ઘણુજ ઊપયોગી ગણેછે. તેઓ એ પંખીઓને મારીને કેટલાક મહીના સુધી ખોરાકમાં લાવે છે. એ પંખીઓ ફકત જંગલી ઈંડીઅનોને ખોરાકમાં કામે આવેછે એટલુંજ નહીં પણ તે શીકારી પંખી તથા બીજાં જંગલી જનાવરોનેબી સારો ખોરાક થઈ પડેછે, અને જારે એ ઝાડો ઊપર આવી બેસેછે તારે તેઓના મોટા અવાજથી ઘણાંક શીકારી પંખીઓ તણાઈને તેમનો શેકાર કરવા આવેછે તથા પોતાનું પેટ ભરી પાછાં જતા રેહેછે, તથા વાઘ, વરૂ, શીઆળ વગરે જનાવરોને પણ એ થકી સારો ખોરાક મલે છે. એ મુસાફર કબુતરો જેટલો ખોરાક ખાએછે તેને વીશે એવી ગણતરી કરવામાં આવીછે કે ઈંગલંડ, ઈસકાટલંડ અને આએરલંડની સઘળી વસતીના કરતાં તેઓ છ ઘણુ વધારે ખાએછે.

## એક કુતરીએ એક માણસનો જીવ બચાવીઓ.

બાઈઓ, ઘણાએક અવાચક જનાવરો જેવા કે બકરી, ગાએ, ભેંસ, બેલ, ઘોડા, ઊંટ, હાથી માણસને ઘણાજ ઊપયોગીછે તેતો તમારી ખાતરીજ હશે. પણ કોઈ કોઈ જનાવરો અને તેમાં ઘણુ કરીને કુતરાઓ માણસનો જાનબી બચાવેછે એવું પણ તમારા સાંભલવામાં આવીશે હશે. નીચે જે વાત લખીછે તેની ઊપરથી તમારા જોવામાં આવશે કે એક જંગલી કુતરીએ ઘણીજ હીમત ચલાવી આઠ દસ જંગલી તથા જબરદસ્ત કુતરાઓની સાથે લડીને પોતાની ઓલખના એક અમલદારનો જીવ બચાવેઓ હતો.

ચાલતી સદીની શરૂઆતે જારે ફ્રેંચ અને ઈંગરેજોની વચે લડાઈ ચાલતી હતી તારે એક ઈંગરેજી ફોજને સીસીલીના ટાપુમાં રાખવામાં આવી હતી. પાછલથી એ ફોજ મધેની એક પલટનને ઈજીપટ (મીસર) દેશ ખાતે મોકલવામાં આવી, કે તેઓ જઈ અબુકરના રણમાં રહી તુરક લોકોની હીલ ચાલ વીશે ખબર રાખે.

જાંહાં એ પલટને છાવણી કીધી હતી તાંહાં રાતની વખતે જંગલી કુતરાઓનાં ટોલાં છાવણીમાં આવી જે કાંઈ જોતા તે લઈ જતા હતા. એ કુતરાઓ ઘણા મજબુત અને વરૂ જેવા દેખાતા હતા, તથા તેઓ એકલા એકલા માણસ ઊપર હોમલો કરવાને પણ બીહીતા ન હતા.

પણ એઓમાંની એક જંગલી કુતરી પલટનના દવાખાના પાસે આવીને પડી રેહેતી હતી. તેણીને ઈસપીટાલના લોકો હમેશ થોડું ઘણું ખાવાનું આપતા હતા તેથી તે કોઈને કરડતી ન હતી. વલી એ જંગલી કુતરીને ગરીબ જોઈ પલટનના બીજા લોકો બી ચાહતા હતા. એક અમલદાર તો તેણીને જારે તારે પોતાના તંબુમાં લઈ જઈ નાસતો આપતો હતો અને એ પલટન મીસર દેશમાંથી ગઈ તારે તે (કુતરી) ને સીસીલી ખાતે લઈ ગયો હતો.

પણ એ અમલદાર એ જંગલી કુતરી ઊપર પેઆર રાખતો હતો તેનો બદલો તેણીએ તેને મીસર દેશમાંજ સારી રીતે વાળી દીધો હતો. એક દાહાડે રાતના બાર વાગા પછી છાવણી મધેના સઘળા પેહરાઓની તપાસ કરવા પોતાના ઘોડા ઊપર ચડી એ અમલદાર ફરવા નીકલેઓ હતો. તે પોતાના તંબુમાંથી નીકલીને થોડું ચાલેઓ એટલામાં તેનો ઘોડો ખંખારવા લાગો અને થમ થઈ ઊભો રહેઓ. તેણે તેને ઘણીબી એડીઓ મારી પણ ઘોડો કાંઈ તેથી ચાલેઓ નહીં.

એટલામાંતો છેટેથી તે અમલદારને કાંઈ સફેદ ચીજ નજરે પડી અને તે પછી જલદીજ તેના ઘોડા ઊપર હોમલો થયો તેથી તે પામી ગયો કે એ જંગલી કુતરાંઓનું ટોલુંછે. તારે તેણે પોતાની તરવાર મેઆનમાંથી કાહાડી ઘોડાને આગલ કાહાડવાની કોશેસ કીધી; પણ તે એક પગલુંબી વધેઓ નહીં. કુતરાઓની સંખીઆ આઠ દસની હતી. તેઓ જરા જરામાં પોતાના પાછલા પગ ઊપર ઊભા રહી ઘોડાની ઊપર હોમલો કરવાને ધસારો કરતા હતા.

પેલા અમલદારને ખબર હતી કે જો હું પાછો ફરૂં તો કુતરાઓ ઘોડાનો દુંબાલો પકડી તેને પીખી ખાશે તેથી તે પોતાના હાથમાં તરવાર ફેરવેઆ કરતો હતો અને હીમતથી જાણે કુતરાઓની સાંમે હોમલો કરતો હોએ એવું દેખાડતો હતો. પણ એટલામાં એકાએક તેની પછવાડેથી કાંઈ જનાવર ઘણીજ જડપથી દોડ

તું જોઈને તે ભારે અચરતીમાં પડેઓ અને પોતાના જાનની મોટી ધાસતી રાખવા લાગો.

પણ તેટલા વારમાતો આગેવાન કુતરાને એક બીજાં કુતરાંએ પટકીને નીચે પાડેઓ તે તેને દેખાયું અને તેઆર પછી બે બીજા કુતરાઓના પણ તેવાજ હાલ થએલા તેના દીઠામાં આવેઆ. કુતરાઓને આવી રીતે માંહામાંહે લડતા સમજી તે અમલદારે ઘોડો દોડાવી દીધો. પણ પેલી કુતરીને તરતજ પોતાની પાછલ આવતી જોઈ સમજી ગયો કે તેનો જાન તેણીએજ બચાવેઓછે.

જારે તે પેહેરો ફરનારા ઈંગરેજ સોલજરોની પાસે ગયો તારે તે ટુકડીના કારપોરલ (વડા) એ તેને જણાવીઊં કે જે શોહાર થતો હતો તે ઊપરથી તેઓએ એવું ધારીઊં જે દુશમનોની આખી ફોજે કુચ કરવા માંડી હતી. પણ પેલા અમલદારે તેઓની ખાતરી કરી આપી જે તે ઘોંઘાટ જંગલી કુતરાઓનો હતો અને જો પેલી કુતરી મારી મદદે આવી હતે નહીંતો મારો જાન બચવો ઘણોજ મુશકેલ હતો.

આ બનાવ પછી આ અમલદાર એ કુતરીને હ્મેશ પોતાની પલટનમાં રાખતો હતો તથા જે કોઈ દોસત આશનાઓ તેને મલવા આવતા હતા તેને દેખાડી કેહતો હતો જે એક વખતે એ કુતરીએ મારો જાન બચાવેઓછે. આ હા ! અવાચક પરાણીઓ પણ મનુશીય જાતને કેટલું સુખ કરેછે ! તેઓ કોઈ કોઈ વખતે આવી રીતે માણસનો જાનબી બચાવી આપે છે ! માટે બેહેનો, જનાવરો ઊપર પણ મેહરબાંની કરેલી ફોકટ સમજતાં ના.

## માણસ કેટલું કરી શકેછે ?

બેહેનો ઊપલાં મથાલાંપર મુકેલા સવાલનો જવાબ દેવાનું કામ જો પણ તમો ઘણું બીકટ સમજશો તોપણ હમે જણાવીએ છીએ કે તે જવાબ ઘણો સેહેલોછે. 'માણસને જીવ બખશવા શીવાએનાં બીજાં ગમે એવાં બીકટ ને એકાએક બનવાં મુશકેલ પડે એવાં કામો માણસ જાત કરી શકેછે. માણસોની બુધી, ચપલાઈ, ઊદીઓગ, કરામત ને કામ પાછલ રાખેલી ખંત એ ગુણોને લીધે ખીઆલમાં નહી આવી શકે એવી વાતો માણસો બનાવી ઊભા રેહેછે. શુધારો અને સુધારાને લગતાં કામે હીંદુસથાનમાં ઘણાં થીમાં પગલાં દાખલ કીધાંછે તે ઊપરથી માણસની કારીગરીનાં ને માણસ કેટલું કરી શકેછે તેના પુરતા નમુના માલુમ પડી શકીઆ નથી, પણ ઈંગલંડ, ફરાંસ વગેરે દેશો જેમાંથી કારીગરીના બેહદ નમુના બાહાર પડી ચુકાછે તેવાં દેશોમાથી માણસ કેટલું કરી શકેછે તેનો પુરતો જવાબ આપણંને મલી ચુકોછે. માણસ પોતાની બુધીનાં જોરથી કેટલીક વેલા એવીતો કરામત અને જુગતીઓ કરી બતલાવેછે કે જે ઊપર આપણી અકલ કાંઈબી ખીઆલ કરી શકતી નથી. પચીસ અથવા પચાસ વરસની વાતપર ગુજરી જનાર એક શખસ જો આ વેલાએ સજીવન થઈ અતરે આવી ઊભો રેહેનો તે આપણી મુંબઈ ટાપુનીજ કેટલીક ફરી ગએલી અવસથા જોઈ કેટલો ઘભરાટમાં પડવાનો ને તેના મોહાડાંમાંથી, માણસી કરામતના સેહેજ દાખલા જોઈ કેવા સખુનો નીકલવાના તેનો વીચાર દાનેસમંદ વાંચનાર બાનુઓનેજ સોંપીએ છીએ. આગલા વખતમાં કાંહાંની કીસાઓમાંથી આપણને તરેહવાર રમુજી તથા અચરતી ઊપજાવંનાર ગપાટા મલી આવતા હતા, પણ તે ગપાટાઓ કરતાં હાલ જમાને જે ખરા બનાવો માણસની શકતીથી બનીઆછે તે વધારે તાજુબી ઊપજાવનારાછે. આગલા વખતમાં પવનપાવરીની કાંહાંણી લોકોને એટલીતો હેરતમાં નાખતી હતી કે બીચારા ભોલા લોકો તે ઊપર કોઈ રીતે વીચાર પણ કરી શકતા ન હતા. પણ હાલનાં બલુન એટવે વીમાનની તાજુબી ભરેલી કરામતથી પેલી પવનપાવરીની કાંહાંણી ગોએઆ નજીવી ચીજ ગણાએછે. પવનપાવરી એતો ફકત કલપનાથી ગોટવી કાહાડેલા શબદોજ હતા, એ પાવરીની મારફતે કોણે ને કાંહાંથી કાંહાં સુધીની મુસાફરી કીધી ને તે કેટલા દીવસમાં કીધી તેનું કશું બએઆન આપણી આગલ નથી, પણ બલુનની મુસાફરીના બેહદ દાખલા આપણી નજર આગલછે, ને વધારે ખુશી ભરેલો બનાવ એછે કે બલુનમાં બેશી માણસ આસમાની મુસાફરી કરી શકેછે તે સારાં ભાએગે મુંબઈની વસતીના મોટા ભાગે પોતાંની નજરે જોઈશીંછે. આ દાખલો મી૦ કાઈટ નામના એક શખસનો આપીએછે, જે આજ સાત આઠ વરસની વાત ઊપર બલુનમાં બેસી આસમાની મુસાફરીને નીક

લીઓ હતો, ને હજારો લોકની નજર આગલથી તે ઊપર હવામાં ઊડીઓ હતો.

એજ મુઆફેક રેલવે એટલે આગ ગાડી ને ઈલેકટરીક ટેલીગરાફ એટલે વીજલીના તારની મારફતે જતા આવતા સંદેશાની કરામત થોડી તાજુબી ઊપજાવનાર નથી. પંદર વરસની વાત ઊપર મુંબઈનો કોઓ શખસ એમ ધારતો હતો કે હું વગર જોખમે ને વગર થાકવે એક કલાકના ટુક વખતમાં મુંબઈથી થાને જઈ શકીશ. અતરે રેલવે ચાલુ થએઆ પેહેલાં થાને જવાને માણસોને બેહદ તસદી ભોગવવી પડતી હતી ને તે ખમતાં પણ વલી આખે દાહાડે થાને પુગવાનો વારો આવતો નહી હતો; તેમજ હમો પુછીએ છીએ કે મુંબઈનો કોઓ શખસ એમ ધારતો હતો કે કલકતામાં રેહેનાર તેના એક સગાના મરણની દુખ ભરેલી ખબર તેને એક કલાકની અંદર મલી શકે। એવી રીતે ધારવાની ને ખીઆલ કરવાની વાત એક કોરે રહી, હાલ આજ આપણે પોતાની નજરે જોઈએછે કે ગમે એટલે દુરથી વીજલીના તારની મારફતે આંખનો પલકારો મારીએ એટલા વખતમા સંદેશો આવી પુગેછે, તો શું આ કરામતો થોડી અચરતીમા નાખનારછે. કીસા કાહાણીઓમાની કલપીત ને જોડી કાહાડેલી કરામતો કરતાં આ ખરેખર બનતા બનાવોની કરામતો બેશક માણસની અકલ હેરાન કરે એવીછે.

એક બીજો દાખલો લેઓ. વીઆરનું પાણી આપણને મુંબઈમાં મલી શકેછે. દરએક ઘરમાં ને ચાહોતો દરએક ઘરના દરએક માલ ઊપરના જુદા જુદા ઓરડાઓમાં તાંહાંનુ પાણી કોઈબી રીતની મેહેનત વગર ફકત એક કાક ફેરવીઆથી જેટલું જોઈએ એટલું મલી આવેછે. તેમજ "ગીઆસ લાઈટ" નો દાખલો થોડો નવાઈ જેવો નથી. વગર તેલે, થોડે ખરચે ને મન માનતી રોશની જાંહાં જોઈએ તાંહાં મલી આવે એવી એક કરામતનો ફાએદો વેલાતમાંતો લોકો લઈ ચુકાછે, હીંદુસથાનનાં કેટલાંક મુલકોમાં પણ એ સુધારો દાખલ થએઓછે, મુંબઈમાં પણ એવી રોશની દાખલ કરવામાં આવશે, હવે જાજી ઢીલ થનાર નથી. તો શું વાંચનાર પેઆરી બેહેનો આ વીચારોથી તમારાં મનમાં તાજુબી ભરેલો જોશ નથી ચડતો? માણસો પોતાની સગવડ ને સુખને માટે કેટલી કરામતો ને કેવી કારીગરી કામમાં લગાડેછે તેનો ખીઆલ તમારાં મનમાં નથી આવતો? હજી માણસની કરામત ને કારીગરીના દાખલા એટલામા પુરા થતા નથી. બેહદ દાખલા નજર આગલ પડેલાછે ને જેમ વખત જાએછે તેમ કોણ જાણે માણસ બીજું કેટલું કરી શકશે તે કાંઈ ચોકસ કેહેવાઈ શકાતું નથી; તોપણ આપણે આટલુંતો જોઇ ચુકા છીએ કે માણસની કરામતને ઊદીઓગ આગલ નહી થઈ શકે એવી અથવા બીકટ ચીજતો કોઈ નથી. ખુસકીપર કે તરીમાં જાંહાં ગમે તાંહાં માણસને કાંઈબી કરવા કહોતો તે થઈ શકવાનું.

---

## ઈઆરો ઈશવર ઉપર ભરૂશો રાખો.

ઈશવર મોટોછે, તે સરવેનો સાહેબછે ને તે સરવેની સંભાલ લએઓ જાએછે. વાંચનાર બેહેનો, આ ઊપલા તરણ વાકીઓ છાતીમાં કોતરી રાખો. ઘણીવાર એવા ભએના ને દુખના વખત આવી પડેછે જેથી માણસો હારી ખાઈ લાચાર થઈ હાએ અફસોસ કરેછે, પણ તેમ કરવાની કશી જરૂર નથી, જેને ઈશવર ઊપર ભરૂશોછે તેની ખાતરીછે કે સરવ શકતીમાન હંમેશ તેની મદદછે. એક વેલાએ એક શખસ પોતાની બાએડી સાથે વાહાણમાં બેસી એક ઠેકાણેથી બીજે ઠેકાણે જતો હતો; અધવચ દરીએ વાહાણ નીકલવા પછે એકાએક એક શખત તુફાન ઊઠીઉં. પેલો શખસ કેવા ઊપાએ કરવા ને કામ કેમ લેવું તેની ધીરજથી તજવીજ કરતો હતો. તેની બાએડી ઘણી ઘબરાટમાં અને ફીકરમાં પડી હતી, તે એમજ વીચારતી હતી કે જે ઘડી જાએછે તે ઘડીએ વાહાણ ખડક સાથ અથવા કેથે જઈ અથડશે ને આપણને આપણા તમામ અસબાબ સાથે દરીઆમા વાસો કરવો પડશે. એટલો ખીઆલ કરેછે તેટલામાંતો તોફાન ઘણુંજ વધી ઊં, વાહાણ ગુડાં મારવા લાગું ને માણસથી એવી વખતે કાંઈ થઈ શકવાનું નથી એવું જોઈ પેલી બાએડીનો ધણી આંવી પોતાની બાએડી પાસે બેસી વાત કરવા લાગો, વાત કરતાં તેનો સવભાવે ઘણોજ થંડો ને શાંત દેખાએઓ, તેનાં મોડાં ઊપર ફીકર કે ધાસ્તીની કાંઈ નીશાની માલુમ પડી નહી તે જોઈ તેની બાએડી તેને પુછવા લાગી, "કેમ પેઆરા ખાવીંદ, તમો

ને કશી વાતની ધાસતી લાગતી નથી, આ તુફાન આ ટલું જોરબર ચાલેછે, દરપલે જીવની સલામતીની આશા પડતી જાએછે ને તમે આવા નચીંત કેમ?" એ સખુનો સાંભલી ધણી પોતાના ઓરડામાં ગએઓ ને તાંહાંથી પોતાની તરવાલ લાઐઓ. મેઆનમાંથી ત રવાર કાહાડી પોતાની બાએડીની ઊપર ઊંચકી તેને પુછીઊં "બોલ માહારી પેઆરી. આ તરવાર મેં ઊં ચકીછે એથી તને કાંઈબી ધાસતી લાગેછે કે નહી?" બાએડીએ જવાબ દીધો, "ના મને એની કશી ધાસ તી લાગતી નથી, તેનું કારણ એકે હું સારીપઠે જા ણુંછું કે એ તરવાર મારા ખરા ને જીગરના દોસત ના હાથમાંછે, જે ધણી કદી મારા શરીરનેતો શું પણ એક બાલને પણ ઈજા પુગાડનાર નથી, તો પછે અમ સથી ધાસતી શાની રાખું?" એ ઊપરથી ખાવીંદે જ વાબ વાલીઓ કે "ઈઆદ રાખજે માહારી પેઆરી કે જેમ તું તારાં મન સાથ ધીરજથી સમજેછે કે તારા ખેરખાને સંભાલ રાખનારના હાતમાની તરવારથી ત ને ઈજા થનાર નથી તેમજ આપણ સઘલાંનો ખેરખા ને આપણ તમામ જીવજંતોની સંભાલ લેનાર એવો જે આપણો ખરો ને જીગરનો મુરબી તેના હાથમાં આપણા વાહાણનું સુકાન હવે સોપેલુંછે, તો આવા ખુસંદ ને તમામ ખલકના સાહેબને અસતક આપણે ગચોઆ છતાં ધાસતી રાખવાની શી જરૂર. હવે જો તે સાહેબની મરજી એવીજ થઈ કે આપણે આ ઠેકા ણેજ મરવું તો તે તેમ કરશે ને અગરજો તેણે ચાહીઊં કે આપણા બાલને હરકત નહી થાએતો પછે મર તુફા ન ગમે એવું વધે, વાહાણ જાંહાં ગમે તાંહાં ઘસડાએ ને જાંહાં ગમે તાંહાં અથડે તેની આપણને મુદલ ધાસ રાખવી નહી. આપણા હાતમા જેટલા ઊપાએ હ તા એટલા આપણે કરી ચુકા જાંહાં હવે આપણો ચારો નહી તાંહાં અમસથાં શંસં મારવાં ને કરતાં સ બુરી પકડી ખુદા ઊપર ભરૂશો રાખવોજ બેહેતરછે."

—॥—

## પરચુરણ બાબદો.

**ખેરાતી કીતાબખાંના**—આપણી મુંબઈ રાપુમાં ઘ ણાંક કીતાબખાનાંછે ને તે ઠેકાણે તેમનો લાભ લેવાને ઘ ણાં માણસો દરરોજ જાએછે તોપણ નીચે દાખલ કરેલા આડ સટો વાંચી વાંચનારને તાજુબી લાગશે કે દરરોજ એટલી બીડ કીતાબખાંનાઓમાં થાએછે ને દરરોજ એટલી બધી કીતાબો વાચવાને લોકો પોતાને ઘેર લઈ જાએછે. કેહેછે કે "માનચેસટરનાં તથા તેની શાખાનાં કીતાબખાંનાઓમાં થી ૧૮૬૦ ના સાલમાં દરરોજની સરાસરીએ ૧૨૫૦ કીતા બો દરરોજ વાંચવા માટે લોકો લઈ જતા હતા, તેમજ તાંહાં નાં નુસપેપરો (વરતમાન પત્રો) વાંચવાને દરરોજ ૩૦૦૦ માણસ જતાં હતાં. ગએઆ વરસમાં લીવરપુલ ખાતેનાં ખેરાતી કી તાબખાંનામાંથી ૪૩૬૫૦૯ કીતાબો વંચાવા માટે બાહાર ગઈ હતી. એ ઉપરથી આડસરો કાહાડતાં એવું જણાયુંછે કે દર અઠવાડીએ સરાસરી ૧૨૨૯૦ કીતાબો લોકો વાંચવા લ ઈ જતાં હતાં." શું વાંચવાનો શોખ હશે! હવે જારે જે શેહેરોમાં વીદ્દીઆ પાછલ આટલી મેહેનત ને વાચવા પાછલ આટલી ખંત તે શેહેરનાં લોકો કાંએ નહી નવી નવી શોધો કરે ને કાંએ નહી બીજાં દેશના લોકો ઉપર સરદારી ભોગવે!

---

**છોકરી અથવા દીકરીઓ**ને કેલવણી આપવામાં મોટી સંભાલ એ રાખવાનીછે કે તેમને ઉડાઉ, ખરચાલી, ચી રડાઉ, પાજી, હટીલી, તરકરી, અને એવાં ફાટેલ થવા દેવાને બદલે તેમને કરકસરીઓ વેહેવાર, નમનતાઈ, અને સભીઅ તા શીખાડવી જોઈએછે.

---

**બાટલી શીશીઓ** સાફ રાખવાની ઘણી જરૂર મા લુમ પડીછે. આપણા લોકોમાં એક ટેવ પહેલીછે કે હરેક બાટલી અથવા શીશીમાં કામસર એક વસતુ ભરી હોએ ને તે વસતુ જારે પુરી થાએ તારે તે બાટલી અથવા શીશી એ મનીએમ પડી રેહે, ને જારે વલી નવેસરથી કાંઈ બીજી વ સતુ ભરવી હોએ તે વલી પેલીજ બાટલી અથવા શીશીમાં ભરેછે. કોઈ વેલાએ કેટલીક બાઈઓ નામને ખાતર પાણી રેડી બાટલી ધોઈ નાખેલી સમજેછે પણ એ વીગે લોકોએ વ ધારે સાવચેતી રાખવી જરૂરછે. સેહેલો ને ટુંકો એલાજતો એ જછે કે એક ચીજની બાટલી કે શીશી ખાલી થઈ કે તુરત તેને સારીપઠે ધોઈ નાખવી. ઘણા દાહાડા રેવા દઈને પછે ધોવી માડીએતો તે સારીપઠે ધોવાએ નહી, માટે તુરતજ ધોઈ નાખવી જોઈએછે તેમાં ખુખીઅ કરી એ રીતની સંભા લ દવા દારૂની બાટલી શીશી વીશે વધારે રાખવી જોઈએછે. હાલ એવીજ ગફલતીને લીધે વેલાતમાં એક બ એ ભરેલો બનાવ બનીઓછે તેની કેફીએત નીચે મુજબ જ ણાવવામાં આવીછે તે ઉપર દરેક વાંચનાર બાઈએ ધીઆંન પુગાડવું જોઈએછે. કેહેછે કે વેલાતમાની એક દુકાન ઉપર એક ઓરત ગંધકનો તેજાબ લેવાને માટે પથરની એક ખા લી શીશી લઈને ગઈ હતી દુકાનદારે પોતાના ધારા ને રા બેતા મુજબ તે બાઈને પુછીઉં કે એ શીશીમાં અગાઉ કાંઈ બીજું ભરીઉતું કે તેજાબનીજછે. બાઈએ જવાબ દીધો કે એ શીશી તેજાબનીજછે તે ઉપરથી દુકાનદારે તેમાં તેણીને જેટ લો જોઈતો હતો તેટલો તેજાબ રેડીઓ. તેજાબ રેડતાંજ તે શીશી એટલાં તો જોરથી ફાટી ને ઉડી કે જેથી દુકાનદાર તથા પેલી બાઈ એ બંનેના શરીરને ઘણુંજ નુકસાન પુગું. પા છલથી ખોલ કાહાડતાં ને તલાશ કરતા જણાઈઉં કે એ શી શી તેજાબની નહી હતી પણ તેમાં અગાઉ તરપીટન ભરેલું હતું. ને પછે તરપીટન સાથ ગંધકનો તેજાબ મલે એટલે કે

દરતી ફાએદા પરમાણે તે શીશી ફાટી ઉડવી જોઈએજ. પેલી બાઈએ તેજાબનીજ શીશી કહી હતી તેનુ કારણ એ જણાઈઉં કે એવીજ એક શીશી તેજાબનીથી તેના ઘરમાં હતી, તે ઉપરથી તેણીએ એમ કહીઉં હતું. વાતમાં જોગો તો કાંઈ જીવ નથી, પણ તેમાંથી ખરાબી કેટલી નીપજી તે જુઓ. જો પેલી બાઈએ ફક્ત શીશી શુંઘી હુતે તો તેની ખાતરી થતે, પણ ઘણી બાઈઓ એ પરમાણે નજીવી વાતોમા ગફલતી કરી મોટી પીડામા આવી પડેછે તે મલતો હાલ એ બાઈનો થએઓછે.

---

**જાનવરોની નીમકહલાલી** ને તેમના પેઆરના બેહદ દાખલા આ ચોપાનીઆના આગલા અંકોમાં હમોએ જણાવેલાછે, ને આએ અકમાંજ એક વફાદાર કુતરીની વાત વાંચનાર બાનુઓના વાંચવામાં આવશે. તેમજ એક એકીનદાર બીલાડી વીશે નીચે દાખલ કરેલી વાત થોડી તાજુબી ઉપજાવનાર નથી. કેહેછે કે આઅરલંડમાં થોડાક માશની વાત ઉપર એક ઘરડી ઓરત ગુજરી ગઈ હતી, તે ઓરતનો એક ભાણેજ હતો તે વકીલનું કામ કરતો હતો તેને મરનાર ઓરતે પોતાની સઘલી માએબ્યા પુંજીનો વારેસ થવાને પોતાનાં વસીઅતમા (વીલમાં) લખેલુ હતુ. મરનારની ઘણીજ વાહાલી એક પાલેલી બીલાડી હતી, એ બીલાડીને મરનારનો એટલોતો પરેસ લાગેલો કે તેને જરાંબી વીલી મુકતી નહી, જાંહાં જવું હોએ તાહાં તેની સાથેની સાથેજ તે હમેશાં રેહેતી હતી, જારે તે મરણ પામી તારે તે બીલાડી આવીને તેની લાસની પાસે બેસી રહી હતી, લાસ કાહાડતી વખતે ઘણી મુશકેલે તે બીલાડીને છુટી પાડવી પડી હતી. થોડાક દાહાડા નીકલી ગએઆ ને ધારા પરમાણે પેલા વકીલે પોતાની માશીનું વીલ ઉખેડીઉં, તે વેલા પેલી બીલાડી પાસે જ હતી તેણે એકદમ પેલા વકીલ ઉપર કુદીને તેને તોટે વલગી ને તેનો તોટો એવોતો પીસીઓ ને તેને એટલીતો મજબુત વલગી રહી કે આસપાસના માણસોથી તેમને છોડવાઈ પણ શકાઈઉં નહી. ઘણેવારે ભારી મેહેનતે તેને છોડવી ને કેહેછે કે એજ દુખથી તે વકીલ લાંબા દાહાડા માંદગી ભોગવી મરણ પામીઓ. મરતી વખતે એ શખસે કબુલ કીધું કે માશીની પુંજીનો એકદમ વારેશ થાઉં એવી ઉમેદે મેં તેણીને મારી નાખી હતી! ખુદાની લાકડીનો અવાજ નથી. જુઓ કરપીણ કેવી રીતે પોતાની સજાને પુગો, તેણે બીચારી ઘરડી માસીને મારી નાખવાની ગોઠવણ કરીતી તે અલબતા કોઈબી માણસને ખબર નહી હતી તોપણ સઘલાની નીગેબાનીનો કરનાર તે વાતથી વાકેફ હતો, તેણે બીલાડી જેવાં એક ઉતરતી કીસમનાં જાનવરની મારફતે ઘાતકી ખુનીને લાએક સજા કરાવી. ઓ ઈશવર તારી શકતી ને કરામત બેહદછે, માનવીથી તેનો ખેઆલ થનાર નથી.

---

**એક શખસે બીજાને પુછીઉં** "ભાઈ સાહેબ તમે નાહાના છોકરા હતા તારેતો ગરીબ હતા ને આજે તમે એટલા માલબર કેમ થયા?" ભાઈ સાહેબે જવાબ દીધો "સાંભલો, હું નાહાનો હતો તારે મારા બાપે મને એવું શીખવીઉં તું કે હાતમાં લીધેલું કામ પુરૂં કરીઆ વગર મારે રમવા જવું નહીં; તેમજ પઈસો જાંહાંવેર જાતે મેહેનત કરી મેલવું નહી તાંહાંવેર કાંઈબી ખરચ મારે કરવો નહી. અગર જો આખા દાહાડામાં ફક્ત એક કલાકનુંજ મારે કામ હોએ તોપણ તે પેહેલું કરી લઈ પછે રમવા જતો ને બીજાઓની પઠે એમ નહી ધારતો હતો કે દાહાડો આખો ભરેલોછે પછી એક કલાક કામ કરશું એવી રીતે થવાથી મને ઘણો સતોશ થતો ને હું પેટ ભરીને રમતો. કામ કરવાનુંછે એવી ધાસતી મનમાં હોએતો રમવાનુંબી બરાબર સુજે નહી પણ કામથી ફારેગ થએઆ એટલે ધાસતીજ નહી. એવી રીતે નાહાનપણથી મેં મારાં મનને ટેવ પાડેલી હતી કે જે વખતનું કામ તેજ વખતે કરવું, જો કે પેહેલ વેહેલાં એ ટેવ પડતાં લગાર મુશકેલી જણાએછે તોપણ ટેવ પડી એટલે તે વાત સેહેલી થઈ પડેછે. આ ઉપાએથી હું આજ માલબર થઈ પડી ઓછું"

---

**બેહેનો તમારી સાહેલીઓમાં** ઘણીક જણીઓ મુરખ અને અપટ હશે, તો તેમને શોધી કાહાડવાનો સેહેલો એલાજ આએછે.—જો એક સાહેલીમાં નીચે જણાવેલા છ દુરગુણો તમોને માલુમ પડીઆ તો એમજ સમજજો કે એવણ ખરેખરા મુરખછે, ને એમ સમજીને પછે તેવણના કાંઈ પણ બોલવાની દરકાર રાખતાનાં. ૧ વગર કારણે જે ચીરડાઈ જતી હોએ. ૨ બેઅબસ ઘણું બોલતી હોએ. ૩ જરા જરામાં જેનો વીચાર ડામાડોલ જણાએ. ૪ જેમા દમ અથવા જીવ નહી હોએ એવી વાતોની પુછપરછ કરવાની જેને ઘણી ટેવ પડેલી હોએ. ૫ અજાણા અથવા પારકાં માણસ ઉપર જે એકદમ વીશવાસ લાવતી હોએ. ૬ દોસત કોણ ને દુશમન કોણ એટલુ વરતી કાહાડવાની જેનામાં પોંહોચ નહી હોએ.

---

**પોતાની માતા ઊપરના ખરા પેઆર**નો એક સારો દાખલો એવો જણાવીઆમા આવીઓછે કે થોડુકની વાત ઉપર તુરકીના સુલતાનની મા ઘણીજ બીમાર પડી હતી તારે સુલતાને તુરત પોતાને ઘરના મોટા ડાકટરને તેરાવી મંગાવીઓ ને તેને કહીઉં "ડાકટર સાહેબ તમો ઘણા કાબેલ ને બાહોશછો, તમારી કાબેલીઅતપર મને પુર વીશવાશછે, ને મારી ખાતરીછે કે તમારાથી જેટલું બની શકશે એટલું તમો કરશો, એટલું છતાં હું તમ સાહેબને કહું છું કે કંઈબી કરીને ને જેટલુ તમારાથી બને તેટલું બજાવીને મારી પેઆરી માતાને આ મોતનાં બીછાનાપરથી સાજી કરી આપો; આ દુનીઆમા મારી બેહદ દોલત ને તમામ જાહોજલાલી આ એક માતા વગર સઘલી નકામી ને પાએઆ માલથઈ જવાની, વાસતે જો મારા ઉપર કાંઈબી હેશાન તમે કરવાના હોઓ તો આટલુંજ કરો કે માદગીમાથી એનો બચાવ કરો."

---

**કોઈને ચીડવતાંના**—એક કાબેલ લખનાર જણાવેછે કે કોઈને ચીડવવાની ટેવ ઘણી ખરાબ ગણાએછે, તેને ચીડવીઆથી તે ઉલટો આપણને વધારે ચીડવવા માંડેછે. ચીડાએલું માણસ જલદી ગુસે થાએછે ને ગુસે થએલુ માણસ પોતે જે કરેછે તેની તેને શુદી રેહેતી નથી માટે કોઈના ખુશ બનાવ બની જાએછે, માટે બેહેતરનો એજ વાતછે કે કોઈને પણ ચીડવવું નહીં.

**નસકોરી ફુટતી હોએ તેનો ઊપાએ**—કોઈ કદાચ જો નસકોરી ફુટી નાકમાંથી લોહી નીકલતું હોએતો તેની જાજી તમા નથી, ઘણીખરી વારતો શરીરમાંથી દુખ નીવારણ થવા સારૂં નસકોરી વાટે લોહીની ધાર ચાલેછે. પણ જો નસકોરી ફુટવાની ચાલ તમે પડી ગઈ હોએ અથવા એકાએક કાંઈ વાગાથી અથવા કોઈની મુકી અથવા તમાચાથી નસકોરીનું લોહી નીકલીઉં હોએતો જલદીજ તેનો અટકાવ કરવાની જરૂરછે. એવી વેલાએ સઉથી સેહેલો એલાજ એજછેકે લીંટ જાતનું ઘાનું જે કપડું આવેછે તેને બનેતો ફટકીનાં અથવા અમથાં ઠંડા પાણીમાં બોલીને કસાંવતે નાકની નસકોરીમાં ખોસવું, જેથી કરી તાબડતોબ વેહેતું લોહી બંધ પડશે.

---

**જીંદગીના ઘણાક દેખાવો** પવીતર હોએછે, જેવા કે બરી બામદાદનો વખત, સમી સાંજનો ખુશનુમા વખત, ચંદની રાતનો વખત, જબરાં તુફાનનો વખત, હજારો ભેગાં થઈ બંદગી કરતાં હોએ તે વખત, શીઆદી રામશનીનો વખત, અથવા મરણ પામેલાની-શોકના મરશીઆ. એ સઘલા દેખાવો અને બનાવોનો વખત જોકે પવીતરછે તોપણ એક શખસનો મરતી વખતનો છેલો દમ જે વખતે ચાલેછે તે વખતનો તથા જે ઓરડામાં તે બીમાર શખસનું બીછાનું હોએછે તે ઓરડાના દેખાવ જેવો પવીતર દેખાવ બીજે કેથી માણસને મલી આવતો નથી. એ જગા ઉપર વધારે પવીતરાઈ ને ગંભીરાઈ આવવાનું મુખીઅ કારણ એછેજે જે શખસ તે જગા ઉપર પગ મુકેછે તેને તુરતજ **મોત આવશે, સઘલાંને મરવુંછે, આપણને પણ એક દાહાડો મરવોછે** ઈતીઆદી વીચારો ઉતપન થાએછે, તે વખતે સઘલી પવીતર વાસનાજ તેનામાં થાએછે.

---

## રાધીકાને શીખામણનો ગરબો.

સજની તું શા માટે રીસાણી, રાણી રાધીકારે લોલ;
સજની તારૂણી નથી તુજ તુલીય, અકલમાં આબીકારે લોલ. ૧.
સજની સાંભલી સનેહ સહીત, શીખામણ સારછેરે લોલ;
સજની જુવતી જાણને જોગ, વીવેક વીચારછેરે લોલ. ૨.

સજની કંથની સાથે કેમ, રહે તું રીસમાંરે લોલ;
સજની કહું તે ધરજે કાન, કરોધ કરીશમાંરે લોલ. ૩.
સજની સાસરીયાંની સાથ, વસો શુભ સનેહથીરે લોલ;
સજની સુંદરી જાણને સુખ, અધીક તો એહથીરે લોલ. ૪.

સજની કરમે મળીયો કંથ, ન છોડયો છુટશેરે લોલ;
સજની તે સગપણનો તંતુ, ન તોડયો તુટશેરે લોલ. ૫.
સજની નમરપણાથી નારી, સુખી સંસારમાંરે લોલ;
સજની સંપ વીશે શોભાય, નથી શણગારમાંરે લોલ. ૬.

સજની સાસુને દીલ શુદ્ધ, સવભાવે સેવીએરે લોલ;
સજની માતા સગી સમાન, તો તેને ટેવીએરે લોલ. ૭.
સજની જે દીયર કે જેઠ, ભલા તે ભાઈછેરે લોલ;
સજની સાસરીયાની સાથ, કે સાચી સગાઈછેરે લોલ. ૮.
સજની પીયર પઈસાદાર, કહો શા કામનુંરે લોલ;
સજની ધણીયાણું ન ધરાય, કે બેય બદામનુંરે લોલ. ૯.
સજની સસરાની સંપતી, કે એતો આપણીરે લોલ,
સજની એમ ન સમજે આપ, તે પસતાય પાપણીરે લોલ. ૧૦
સજની સસરો સાસુ સરવ, સગાં સાચાં થયાંરે લોલ,
સજની જે પીયરનાં જાણ, એનો અળગા રહયાંરે લોલ. ૧૧
સજની અવગુણ એનો એકે, ન ઉરમાં આણીયેરે લોલ;
સજની હર કાંઈ જે ગુણ હોય, વીશેશ વખાણીયેરે લોલ. ૧૨
સજની એ સુખનો ઉપાય, નથી બીજો નકીરે લોલ;
સજની સવારથ તારો સરવ, બગાડે કાં બકીરે લોલ. ૧૩.
સજની રીઝવીએ રસ રીતે, કંથને કેલવીરે લોલ;
સજની પુરણ કરીયે પરેમ, કે મનડું મેલવીરે લોલ. ૧૪.
સજની ભાગીય થકી ભરથાર, મળયો તે માનીયેરે લોલ;
સજની બુદ્ધીમાં લઈ બોધ, ન પરહો પાનીયેરે લોલ. ૧૫
સજની પરણયા સાથે પરીત, ગણો મનમાં ગળીરે લોલ;
સજની નખતો કાપયા જાય, કપાય ન આંગલીરે લોલ. ૧૬
સજની અબળાનો અવતાર, દીસે જશ દોહેલોરે લોલ;
સજની સાચવવો સંસાર, સદા નથી સોહેલોરે લોલ. ૧૭
સજની પરવશ પડયું પંડ, ગરજ રાખી ગળીરે લોલ;
સજની કડવાં મીઠાં કોઈ, વચન સાંખી વળીરે લોલ. ૧૮
સજની અંતરમાં અભીમાન, અવશય ન આણીયેરે લોલ;
સજની સવામી સાથે તંત, અત્યંત ન તાણીયેરે લોલ. ૧૯
સજની કરે હમેશાં કલેશ, તે હલકી હોયછેરે લોલ;
સજની મેણતણો પણ મરદ, ધણી તે તોયછેરે લોલ. ૨૦
સજની બે પરવાઇના બોલ, નખલીમાં બોલીયેરે લોલ;
સજની રીસ મડયાની રીત, ખચીત ન ખોલીયેરે લોલ ૨૧
સજની ધરીયે નહી નીરધાર, કે આલસ અંગમાંરે લોલ,
સજની વસીયે જઈને વાસ, સદા સતસંગમાંરે લોલ. ૨૨
સજની ઘરછોડી પરઘેર, બહુ નહી બેશીયેરે લોલ;
સજની નીરલજ નારી પાસ, ન પરેમે પેશીયેરે લોલ. ૨૩
સજની વેહેલાં વહાણામાંહી, કે ઉંઘી ઉઠીયેરે લોલ;
સજની કહીયે નહી કદી કેહેણ, કે જીભે જુઠીયેરે લોલ. ૨૪
સજની વીધ વીધ થાય વખાણ, તે કારજ કીજીએરે લોલ;
સજની પીયુના વચન પરમાણજ, પાણી પીજીએરે લોલ. ૨૫
સજની તેના મનની મરજી, ધરીયે ધયાનમાંરે લોલ;
સજની કહયા વીના પણ કેહેણ, સમજીએ સાનમાંરે લોલ. ૨૬
સજની ચોખાં અંગે ચીર, સરસ શોભાવીયેરે લોલ;
સજની સંપતને અનુસાર, કે ઘર નીભાવીયેરે લોલ. ૨૭
સજની વીનય થકી વશ થાય, સરવ સંસારમાંરે લોલ,
સજની અમત વીનયે વચન, નકી નર નારમાંરે લોલ. ૨૮
સજની કામણ ટુંમણ મંત્ર, જરૂરછે જુઠડારે લોલ;
સજની વળગે જેને વેહેમ, રઘુવર ચુડડારે લોલ ૨૯
સજની વાહાલપ ભરીયાં વેણ, ભલી વીધ ભાખીયેરે લોલ;
સજની હસતું મુખ હમેશ, રૂડાં થઈ રાખીયેરે લોલ. ૩૦
સજની જશ વાધે જગમાંહી, પુરાં સુખ પામીયેરે લોલ;
સજની સુત પરીવાર સહીત, જગતમાં જામીયેરે લોલ. ૩૧
સજની વળી વીમરે વીખયાતી, નવે જુગ નામનીરે લોલ;
સજની શીખામણછે શુદ્ધ, કે દલપતરામનીરે લોલ. ૩૨

# સ્ત્રીબોધ.

પુસતક ૫ મું. નવેમબર ૧૮૯૧ આંક ૧૧ મો.

## ઈરાંની સોદાગર.

નાટક, અંક બીજો.

પાત્ર.

તેહેરાન શેહેરનો અમીર.
ફરેદુન.. .. .. ઇરાની સોદાગર
નોશીરવાન .. ફરેદુનનો દોસત
ગેવ, તુસ, બાબક ફરેદુન તથા નોશીરવાનના દોસત
મીલ્લાદ .. .. એક વીઆનજોર સોદોર
કરસીવજ.. .. મીલ્લાદનો દોસત.
ફીરોજશાહા .. } ગુલનાર સાથ નીકા કરવાને ઊમેદવાર શખસો
જાંહાંગીર.. .. }
ગુલનાર .. .. શીરાજ શેહેરની એક તાલેવંત ઓરત
હોમાએ .. .. ગુલનારની દાસી.
પરીદોખત.. .. મીલ્લાદની છોકરી
માહીઆર.. .. પરીદોખતને કાહાડી લઇ જનાર
બીજા ચાકર નફરો તથા દરબારના માણસો.

(ઠેકાણુ—કોઈવાર તેહેરાન ને કોઈવાર શીરાજ.)

પ્રવેશ ૧.

(ઠેકાણું સરીઆમ રસતો)

### તુસ, બાબક અને મીલ્લાદ.

**તુસ**—કેમ બાબક કેવી ખબર ?

**બાબક**—પેઆરા દોસત, તું ખબર શાની પુછેછે ! ખબરસો સઘલી ખેરોઆફીઅતછે, પણ એક વાત સાભલી મારા હુરા ગગરી ગએઆછે ! એખબાર નવીસોથી એવી ખબર મલીછે કે ફરેદુનનો સોદાગરી સોદો જે વાંહાણોમાં આવતા હતો તેમાનું એક વાહાણ ખરાબા ઉપર ચડીઉછે ને બીજું શકત તુફાન ખાઇ દરીઆવમા ડુબુ છે. અફસોસ આ વાતથી મારૂં દીલ એટલુંતો નાખુશ ને બેચેન થઇઉંછે કે પેઆરા દોસત એ વાત સાંભલવા પછે મારાથી કરારે ફરાઇ શકાતું નથી. કેહેછે કે જે ખરાબા ઉપર એ વાહાણ ભાગામાં આવીઉંછે તાંહા કાંઇ સેંકડો વાહાણો ભાગી ચુકાછે, ને જે ઠેકાણે વાહાણ ડુબામાં આવીઉ છે તે ઠેકાણે હજારો વાહાણો દરીઆવમાં ગરક થએલાંછે, એટલું છતાં કમ તાલેથી એ વાહાણોએ પણ એજ રસતો ધર્યો ને તમામ સોદો દરીઆવને હવાલે થએઓ !

**તુસ**—પણ પેઆરા રફીક તારો એખબાર નવીસ કોણછે ? એવુંતો નહી હોએ કે તે ચુકતો હોએ ?

**બાબક**—ના, તે ચુકતો નથી; તેહેકીક ભરેલી ને નામ નીસાન સાથની તમામ કેફીઆત તે જણાવેછે તો પછે તેની ઉપર શખુન કેમ લઇ જવાએ !

**તુસ**—અરરરર ! ખચીત અફસોસ કરવા જેવી બીનાછે; બીચારા ફરેદુનની તમામ ઉમેદ એ આવતા માલ ઉપર હતી, તો એવું થએઆથી બીચારો ભાગી પડશે એવું મને લાગેછે. હજીબી હું આશા રાખુંછુ ને તે પાક પરવરદીગારની દરગાહમાં અરજ ગુજારૂંછું કે એ ખબર ખોટી થડે.

**બાબક**—પેઆરા દોસત દુવા ગુજારવી સારી ચીજ છે ખરી પણ હવે શાની દુવા ગુજારવી. તમામ માલ દરીઆવને સવાધીન થઇ ચુકો, કીસતી ભાગી તુકડે તુકડા થઇ ચુકી ને જે માણસો સલામત રહેઆં તેટલાં ખાલી હાતે ને નાગે બદને કીનારે ઉતરી ચુકાં, હવે તો જેમ સાહેબનો હુકમ.

[મીલ્લાદ આવેછે

**બાબક**—કેમ મીલ્લાદ વેપારીઓમાં કેવી ધામધુમ ચાલેછે ! બજાર કેવુ છે—સુસત કે તેજીપર ?

**મીલ્લાદ**—ઇઆરો બધી વાત રહી, મારે મન સાથ બીજી કોઇ વાત નથી, બજારની ને વેપારની ખબર કરતા હું મારી છોકરીની ખબર કાહાડવાપર વધારે પરીઓછું; તમો સારીપઠે જાણોછો કે તેને તમારા બેહેદીન માહેસો કોઇ શખશ કાહાડી લઇ ગએઓછે !

**તુસ**—હા, કાકા તે વાત સાંભલવામાં આવીછે તો ખરી, બનાવ એવો બનીઓતો ખરો તેને હવે શું કરવુંછે ?

**મીલ્લાદ**—અરે ઇઆરો ! બનાવ બનીઓ એટલે શું માહારી પોતાની છોકરી ને તે આ રીતે મારી સાથ બેવફાઇ કરી નીકલી જાએ! ને તેબી વલી કોણની સાથે ? અરે નાપાક બેહેદીન સાથે ! અરે હજી તે કરતાં મરી ગઇ હતેસો તે પરવરતે !

**તુસ**—અરે કાકા એમ નહી બોલીએ ! પોતાનાં બચાંને એવા શરાપ નહી દઇએ ! એતો ગુનાહમાં જવાનુ કા

મ ગણાએ ! પણ વારૂ તમે ફરેદુન વીશે કાંઈ સાંભલીઉછે !
સાંભલવા પરમાણે બીઆરાના માલ ભરીને આવતાં વાહાણો
જોખમાએઆંછે.

. **મીલ્સાદ**—અરે ! આએ વલી એક બીજા મુજીનુ
નામ સાંભલીઉં ! દુખમાં ડટાએલોછું, દલદરીઓનાં ના
મ સાંભલતાં કંટાલો છુટેછે તેમા વલી આ નામ સાંભ
લી વધારે કમકમાટ છુટેછે ! ફરેદુન, જાતે લુચો, દીવાલી
ઓ, ઉડાઉ ને લોકોનાં ગલાં-ફાસનાર, તે આજ -કેટલા
કેટલા દાહાડા થએઆ બજારમા ને સરાફીખાનામા મો
હોડું દેખાડતોજ નથી. હાઆ! જો વાહાણો જોખમા
એઆ હોએતો ઘણુંજ સારૂં; મંડાલ હંમેશ બજારમાં કુકર
ની પહે તુટી પડતો હતો ને મારીને ધધા રોજગારની ખ
રાબી કરી નાખતો હતો! લોકો પેટને વાસતે તરેહવાર ઉ
પાએઓ કરી નાણું મેલવતા હતા તે સઘલાને એ આડે
આવતો હતો, તેમા મારી પુહેતો જેવો જમ લાગો હતો; હું
બી હવે જોઉ છું કે એ કેમ તરી નીકલેછે ને પાછો કેમ મંડા
એછે ! ને ગરીબોને વગર વીઆજે નાણા કેમ ધીરેછે ! હું
બીતો ખરો કે એનેજ કાટો કાહાડી બજારમાંથી પાપ ઓછું
કરાઉ કે સરાફો ને વીઆજખોરાઓને ધમધુકાર નાણા ધીર
વાને ને મનગમતાં વીઆજ તથા મંડામણી લેવાને બની
આવે! આહા! એનું પેલુ લખત આપણી પાસેછે.

**બાથંક**—પણ કાકા, જો એવું બનીઉં કે ફરેદુનથી લ
ખતની મુદતમાં નાણું નહી ભરાઈઉં તો તેમાની બોલી મુ
જબ તમો ગુનેહગારી લેશો એવું મારા ધારવામા કાંઇ આવ
તું નથી. આદમનુ ગોશ તમને શું ખપમા આવવાનું ?

**મીલ્સાદ**—અરે બાવા! ઘણું ખપમાં આવવાનું;
ગલમાં પકડાએલી માછલી ખપમાં નહી આવે તોબી તેને એ
મસથી પાછી છોડી દેવી એમ કાંઈ બને, ખાધાના ખપમા
નહી આવશેતો બીજા બાર હજાર રસનાછે; તેમજ એનુ ગો-
ગ જો મારા ખાધામાં નહી ખપ લાગે તોપણ જરા મારૂ વેર
તો વલશે—જરા મારે પેટે તાહાડકતો પડશે—જરા મને ક
રારે ને નચીંતે ઉંગતો આવશે—બજારમાં ને શરાફખાના
ઓમાં જરા મારીથી નચીંતે ફરાશેતો ખરૂં!! ભલા આદમી
એમ શું બોલોછો; હાથમા આવેલો દાવ જતો મુકીએતો બે
વકુફ ઠરીએ! એણે મારી સાથે કેવી ભલાઈઓ કીધીછે ! બ
જારમાં ને શરાફખાનાઓમા હજારો ને લખો લોકોની વચે તા
ણા મીણા મારીને એ શખમે હજારો દફે મને રૂશવા કીધોછે !
મને આવેલી નુકશાની સાંભલી એ ખુશી થએઓછે ! મને
થએલા નફા એ સારી આંખે જોઈ શકીઓ નથી! હમારી
કોમને એણે ધુલ ધુલ ફકારીછે ! વીઆજખોર મોબેદોને અં
ધીખાઉ એવા હલકા નામ શીવાએ કોઈ દાહાડે -હમા
રી કોમનું નામ લીધું નથી! અને ઘણીવાર એવુંબી
કીધુંછે કે મારા કગાલા થએઆ છતાં વગર વીઆજે લો
કોને નાણા ધીરી મારા કબાલા રદ કરાવીઆછે ! અને વલી
એટલું બધુ કરવાનું કારણ શું ? તો ભાઈઓ, એ જાતે બેહે
દીન ને હું મોબેદ તે ઉપરથી ! તો શું મોબેદોને આખો
નથી ! શું મોબેદોને હાત પગ નથી ? શું મોબેદોને શુખ દુ
ખ નથી લાગતું ? જેવા બેહેદીન તેવા મોબેદ, એક સરખો
ખોરાક ખાનારા, જે હથીઆરે બેહેદીન મારીઓ જાએ તે
જ હથીઆરે મોબેદ પણ મારીઓ જવાનો, જેવાં દુખ દરદો
બેહેદીનને થાએછે તેવાંજ મોબેદોનેબી થાએછે, જેવા એલા
જોથી તેમનાં દુખ દરદ મટેછે તેવાજ એલાજોથી મોબેદોને
સારૂં થાએછે, ગામમાં ગરમી પડેછે તારે બેહેદીન અને મો
બેદોને સરખી ગરમી પડેછે, તથા શીઆલામાં બંધો કોમ
વાલાઓને એક સરખી તાહાડ વાગેછે. શું બેહેદીનો હમો
ને કાંટા ભોકશે તો શુ હમોને લોહી નથી નીકલવાનુ ? શું
તમો હમોને ગોલી ઘાલસો તો હમોને હશવું નથી આવવા
નું ?શું તમો હમોને જેહેર દેશોતો હમો મરણ નથી પામ
વાના ! અને શું બેહેદીનો જો હમોને ઈજા પુગાડશો તો તે
નું વેર હમો નહી લઈશું ? મેં કહી તે બધી વાતે હમો
તમારા જેવા છઈએ તો પછે વેર લેવામાંબી તમારા જેવા
હમો થવાના જો કોઈ મોબેદ બેહેદીનને ઈજા પુગાડેછે તો
બેહેદીન તેનું શું કરેછે ? વેર લેવાને તઈઆર થાએછે, તો
પછે મોબેદની વારીએ મોબેદ શું કરવા ચુકે ?

---

## પ્રવેશ ૭.

### મીલ્સાદ અને કરસીવજ.

**મીલ્સાદ**—કેમ પેઆરા દોસત, માહારી પરીદોખ
તની કાંઈ ખબર લાગી ?

**કરસીવજ**—પેઆરા રફીક મેહેનત કરવામો કાંઇ
કસુર રાખી નથી; જાંહાં જાંહાં સાંભલીઉં કે ફલાણે ઠેકા
ણે તેછે તાંહાં તાંહાં હું દોરીઓ પણ અફસોસ-ખધેથી હું
તમામ નાશીપાસ થાતો ચાલીઓ.

**મીલ્સાદ**—ખરો ગજબ ! ખરી હીનપસતી ! મારો
એક ઘણોજ કીમતી હીરો હતો તે જતો રહીઓ ! અરે તે
ની કીમત બે હજાર દીરમ કરતાં વધારે લાગી હતી ? આપ
ણી કોમના ઉપર આ શરાપ કદી ગુજરીઓતો નહી કે એ
વો હાદેશો કદી પડીઓ તો નહી ! બે હજાર દીરમની કીમ
તનો ફકત એક હીરો ને તેની સાથે કીમતવાન બીજાં બી
લીઅનો ને નંગો હતાં તેતો જુદાં ! અરે એ રાંડ ડુકતી
મરી ગઈ હતે ને એ બધા હીરા બીલીઅનોનું અવેરાત તે
નાં અંગ ઉપર હતે તો તેથી મને કંઈ લાગતે નહી ! આ
કેટલી ખુવારીમાં પડીઓ ! હજારો દીરમની કીમતનું અવેરા
ત સાથે લઈ ગઈ ને તેની પાછલ શોધ કરવાને પાછા હજારો
દીરમ ખરચાએઆ! અરે દુખ ઉપર ડાહામ ! એટલું છ
તાંબી પટો લાગતો નથી ને વેર વલે એવું બનતું નથી !

**કરસીવજ**—પેઆરા મીલ્સાદ, તુંને એટલો હામે
અફસોસ કરવાની જરૂર નથી. ચાલીઉં જાએછે, દુનીઆ
નો રવઈઓ ચાલેલોજછે; ચડતી પડતી બનતીજ જાએછે.
એમતો ફરેદુન ઉપર પણ એક ગજબ ગુજરવા જેવી વાત
થઈછે.

**મીલ્સાદ**—ફરી બોલો ભાઈ, ફરી બોલો, ફરેદુન ઉ
પર ગજબ ! આ હા ! આ વખને હવે મારી ખાતરી થઈ
કે ફરેદુન સપાટામા આએઓ ખરો ! ઓ કુદરતના ખા
વીંદ હુ તારો બેહદ એશાનમંદ થએઓછું ! વારૂં મારૂં એક વે
રતો વલગે. વારૂં પેઆરા કરસીવજ હું તારોબી ઉપકારી
થએઓછું, આ ખુશ ખબરી સાંભલવાથી મારૂં મન ખુ

હું થાએછે ને દીલનો ગમ વીસરવા માંડુંછું ! ખરેખર ખુશવખતીજ આવીછે ! બધાં વાહાણો તારાજ થએઆં કે વારૂં ? કે એકુ બે સલામત આવી પુગશે ? ખુદા કરે ને તમામ તારાજ થએઆં હોએ !

**કરસીવજ**—પણ દોસત તારી પરીશાખતને સારૂં એક અમરત સરીખી વાત સાંભળી કે તમાશાની એક જગા ઉપર બે ચાર કલાકના ટુંક વખતમાં તેણીએ સેંકડો દીરમ ખુશ મજામાં ઉડાવી દીધા !

**મીલ્સાદ**—અરે ભાઈ એ સખુનો મારાં જીગરમાં તીરના પેકાનની મુઆફીક લાગેછે ! સેંકડો દીરમ ! ફકત બે ચાર કલાકમાં ! ને વલી મોજ મઝામાં ! આ હા હા !! કેમ ખમાએ !!

**કરસીવજ**—વલી જારે હું જાબલુસતાનથી પાછો ફરતો હતો તારે ફરેદુનના કેટલાક માગનારાઓ મારી સાથેજ અતરે આએઆ તેઓતો એમ બોલતા હતા કે તે હવે ભાગા વગર રેહેનાર નથી.

**મીલ્સાદ**—એટલીજ ખુશ ખબરીથી મારો ગમ વીસરાએછે ! અલબતાં તે ભાગી પડવો જોઈએ ! હુંબી તેને એવોતો રડાઉંછું કે તે જો જીવતો રહેઓ તો કેઆમત શુધી મને ઈઆદ કરે !

**કરસીવજ**—એ માગનારાઓ જે મારી સાથે આએઆ તેમાના એક શખ્શે મને એક ઘણીજ ઉંચી વીંટી બતલાવી ને કેહેતો હતો કે તારી છોકરી પાસેથી એક વાંદરાને બદલે તેણે તે વીંટી લીધી હતી ! એ સાંભલી હુંતો ઘબરાઈ ગીઓ કે પઈસા કેવી રીતે ફના કરેછે !

**મીલ્સાદ**—બસ ! દોસત હવે એ વાતો તું મારી આગલ નાકર ! મારી એ વીંટી ઘણી ઉંચી કીમતની ને ઘણીજ નાદર હતી; એક વાંદરા બદલ આવી વીંટી ! અરે કોઈએ સાંભલીઉંતું ? વાંદરાનું ભરેલું આખું જંગલ કોઈ મને આપતે તો એ નાદર વીંટી હું તેને આપતે નહીં ! પણ ભાઈ નાણાની કદર નાણા મેલવનારનેજ હોએછે ! હરામનો ડલો ઘાલી જનારને નાણાની કદર મુદલ હોતી નથી. હેફ ને અફસોસ પડજો એવી એક ખરાબ ને બેહંગી ઓરત ઉપર !! માહારી દીકરી થઈ તો શું થઈઉં.

**કરસીવજ**—હવે ફરેદુનનું વારૂં કેમ કરવું !

**મીલ્સાદ**—બાઈ કરવાનુ કાંઈ નહીં; આપણી મુદતને પંદર દાહાડા હજી બાકીછે, તું દેહેલાજ કોઈ વકીલને તાંહાં જા ને તેને જેટલી મોહોરો આપવી પડે એટલી આપને આપણાં લખતની રૂહે તેનાં શરીર ઉપરનુ એક રતલ જોશ આપણુને કેમ મલે તેની સઘલી કેફીઅતથી વાકેફ થઈ તેની સલાહ લઈ આવ ! કાંઈ નહીં જો એવાં કામમાં પાંચ પઈસા ખરચાશે તો તે સેહેજ મલી આવશે ! એકવાર ફરેદુન આ દુનીઆથી રદ થઈ પડીઓ અથવા મરી ગીઓ તો પછે આ શેહેરમાંથી એટલીતો પેદાસ થવાની કે તેનો ખંગ વલી નથી; હાલતો એ ઘણી વચમાં નડીઆ કરેછે !! તેથી કાંઈબી કરી પરવારી જઈએ !!

---

પ્રવેશ ૮.

(ઠેકાણુ—શીરાજ, ગુલનારનું ઘર.)

## નોશીરવાન, ગુલનાર, ગેવ, હોમાએ

અને ચાકર નફરો.

**ગુલનાર**—ઓ જીવના હાર નોશીરવાન, તું પેલી ડબીઓ તપાસવા માંડે તેની અગાઉ હું તને અરજ કરૂંછું કે એકાદ બે માસ તું સબર પકડ; અગર જો તારા કમ તાલેથી તેં જોઈતી ડબી પસંદ નહીં કીધી અને મને તારી ગોદમાં લેવાને ફરતાં આસમાનની ગીરદશીથી તું નાશીપાસ થએઓ તો માહારી કબુલાત મુજબ એકદમ તને રખશુદ લેવી પડશે; અને એવું થએઆથી હું નહીં જાણુતી કે મારી ઉપર કેવો ગજબ આવી પડશે ! વાસતે પેઆરા ને જીવજાન દોસત મારી મોરાદ એટલીજછે કે એકું બે મહીના તું મારે ઘેર મેહેમાન તરીકે રેહે. અગરજો મને અગાઉથી સોગન આપેલા નહીં હતે ને મેં જો મારા બાપને મારો કોલ આપેલો નહીં હતેતો ખરી ડબી કહીછે તે એકદમ હું તને બતલાવતે ને બધી ખડખડ પતી જતે, પણ એવું કાંઈ મારાથી બની શકતું નથી. તું નોજુવાન ને દીલાવર તથા રાસતીને પસંદ કરનાર એક નર સાથેજ મારાં નીકા કરવાને મારૂં દેલ અંદરખાનેથી એટલુંતો ઉભરાઈ આવેછે કે જો કોલ આપવા શીવાએ બીજું કોઈબી બંધાણ કીધું હતેતો તેની ઉપર વારી થઈનેબી તારી સાથ હાત મેલવતે ! પણ અફસોસ કોણ જાણે માહારાં બાએગમાં કેવો ખાવીંદ હશે કે જેથી કરી મારી ખુસીના નીકા મારીથી થઈ શકતા નથી.

**નોશીરવાન**—પેઆરી બાનું, ગમે તે વાત બનો, હું એટલા દાહાડા ફકત એક મેહેમાન તરીકે રહી શકું એવી મારી હાલત નથી; મને તું મારૂં કીશમત અજમાવી જોવા દે.

**ગુલનાર**—જારે તું એટલો બજીદ થાએછે તારે મારો ચારો નથી; આ જો આ તરણ ડબીઓછે, એ માહેલી એક ડબીમાં મારી તશવીરછે. તેજ ડબી જો તું પસંદ કરી કાહાડશે તો એમ જાણજે કે આપણ બંધે પોતાની મોરાદમાં પાર ઉતરીઆં; પણ જો તેવું નહીં થઈઉં ને કોઈ એલાહેદી ડબી પસંદ કીધીતો ખચીત ઈઆદ રાખજે કે તું મને બેહદ દુખના સાગરમાં નાખીને ઉમેદ બરેલો પાછો જશે.

**નોશીરવાન**—આ હા ! આ તરણ ડબીઓછે તો એ માથી કેમ પસંદ કરવું, તેની સમજ પડતી નથી. દરએક ડબી ઉપર જુદા જુદા લેખછે ને તે દરએક લોભાવનારી જુબાનમાં લખેલાછે; કોણની ઉપર આધાર રાખવો ને કોણને પસંદ કરવી તે મુશકેલની વાત થઈ પડીછે ! સોનાની ડબી તો હું ધારૂંછું કે ફકત ચોભાવછે. રૂપાની પણ તેવીજ જણાએછે. કથીરની ઉપર મન લોભાએછે. એ ડબી હાવી હલકી ધાતુની ને જેની ઉપર કોઈનો ચાહ થાએ નહીં તેવી ડબી ઉપર લખેછે કે **સઘલું આપી દેવું પડશે ને તમામ જોખમમાં નાખવું પડશે** તો હું ધારૂંછું કે એમાંજ સઘલી વાતછે. ગુલનારને વાસતે સઘલું આપી દેવું એમાં કાંઈ મોટી વાત નથી; એનેજ વાસતે તમામ જોખમમાં ના

ખરૂં, હું ધારૂંછું કે મારો પોતાનો જીવબી જો એને વાસ તે જોખમમાં પડીઓતો તે બેહેતરછે, વાસતે હું ધારૂંછું કે ગુલનાર ઉપરના માહારા દીલોજાનની પેઆરથી એજ ડબી મને મદદગાર થઈ પડશે, વાસતે લાવ એ પેઆરી ગુલનાર એ ડબીની ચાવી મને હવાલે કર; એજ ડબી મેં પસંદ કરીછે.

[ તે ડબી ઊઘાડીને

એ હો! આ કેવો ભાગ્યેગસાલી બનાવ! ખુરાનુમા ને પરી ચેહેરેની ગુલનારની તશવીર તે આએજછે. એ એક બે જાન તશવીર છતાં ગોએઆ એક જીવદાર દેખાએછે. આંખના ડોલા જીવતી આખના જેવાછે—રૂખશાર ખીલેલા ને પેશાની જાણે એએ વાત કરવાને તઈઆર હોએ એવી દેખાએછે—દમ લીએછે તેનો પમરાટ ગોએઆ ખુબશુરત ગોલાબના સોરભ જેવો ને લપટ ભીઠી આવેછે—એના બાલની છટા જુઓ! જાણે ચોટલા ગુંઠી વેણી કીધી હોએ—છુટા બાલ જે દેખાએછે તે ગોએઆ સોનેરી રેશમના તારછે—ટુંકામા કહુતો આ પરી ચેહેરેની તશવીરમા કોઈ રીતની ખાપણ હોએ અથવા કોઈ રીતે એ તશવીર અધુરી હોએ એવું નથી. ખરેખર એ તશવીર ચીતારનાર ચીતારાને ધનછે! વારૂં આ ઉપર શુ લખેલુંછે, તેતો વાંચુ.

[તે વાંચેછે

ઉપરનું રૂપ જે દેખાય,
તેથી જેમ ન જે લોભાય—
તેમ તેતો મારેજ રહે,
પસંદ કરે તે માયુજ ખરે.

એવા જારે દીસો તમે,
તમ ભાગ્યેગ આ ખુલ્યુ અને—
ઘણા થજો મતોથી મહી,
કઇ બીજુ ના શોધો કહીં.

એથી જો રાજી છો હવે,
આ ભાગ્યેગ મુખ્ય જાણો તમે—
વળો તમારી માસુક ભણી,
ચુમી લઈ સ્ત્રી ગણજો વળી.

આ હા! મારાં બખે ખરેખર જોર કીધું. પેઆરી ગુલનાર હવે આ ડબી પસંદ કીધાથી હુ તુજ નેક ઓરતનો હકદાર ખાવીંદ ઠરી ચુકો. આ હા! શુકરછે તે પાક પરવરદીગારના કે આ વખતે તેણે મને ઇઆરી બખશીછે ને મારી તમામ મોરાદ હાંસલ કરીછે.

**ગુલનાર**—હા, જાની દોસત તું માહરો હકદાર ખાવીંદ ઠરી ચુકો ને તેમજ હું પણ તારી હકદાર ઓરત ઠરી ચુકી. હવે તું મારો ખાવીંદ, માહારો ધણી ને માહારો મુરબી મુકરર થએઓ. હું એકલીનેજ તું હકદાર ધણી કેહેવાએઓછે એમ નથી, પણ માહારા તમામ અસબાબ, સામન શુમન ને તમામ માલમીલકત ને દોલતનો તથા ચાકર નફરો એ તમામ લોકોનો તું હકદાર ધણી ઠરી ચુકોછે. ઓરત દાખલ માહારી કેવી ફરજછે તે હવે બજાવાનો માહારો વખત આવીઓછે, ને તે માહારી ફરજ હું સઘલી તુ નામવર ખાવીંદને મુઆફેક આવે એવીજ રીતે બજાવવાને હું હરદમ ઇનતેજાર રેહેવશ. ઇઆદ રાખજે પેઆરા ખાવીંદ કે કોઈબી રીતની માહારી ઘટતી ફરજો બજાવવાથી હું પછાત પડનાર નથી તથા તું પેઆરા ખાવીંદના સઘલા વાજબી ફરમાનોને હંમેશ માન આપવામાં હું માહારો દરજો સમજીશ. મને નાહાનપણથી મારાં માં બાપે જે રૂડી કેલવણી આપીછે ને જે નેક મા બાપોની તરબીઅતથી હું ઉછરેલીછું તેમની નશીઅત મુજબ સઘલી રીતે હું તું નામવર ખાવીંદની ખેદમતને લાએક થઈ પડશ.

**નોશીરવાન**—પેઆરી ગુલનાર, આ તાહારા લાએકી ભરેલા શખુનો સાંભલી માહારાં દેલને એટલીતો તાજગી ઉપજીછે કે તેનું બએઆન કરવાને માહારી જુબાનપર સુખનો આવતા નથી. આહા! તું જેવી ખરેખરી લાએકીવાલી ને ભાગ્યેગશાલી ઓરત માહારાં બખને જોરે મને મલી એથી મને કેટલી ખુશાલી! તથા જે અજીબ કુદરતના ખાવીંદે એ જોડું બંદ બેસાડીઉં તેની કેટલી તારીફ ને સેતાએસ કરૂં વારૂં!

**હોમાએ**—ઓ માહારાં વાહાલાં ધણી ધણીઆણી આ તમારી ખુશ વખતી જોઈ મારૂં મન કેવું ખીલીઉંછે! ખુદા તમોને કાએમ સુખી રાખો ને ખોદા તમારી ઉમરદરાજ કરો! આ હા હા! આ કેવી ખુશવખતીછે! આજના જેવો બીજો રૂડો દાહાડો કીઓ આવવાનો!

**ગેવ**—એ માહારા જાની દોસત ને વાહાલા મુરબી નોશીરવાન તથા નેકજાદ ને પરીચેહેરેની બાનું ગુલનાર, હું આ વખતે તે અજીબ કુદરતના ખાવીંદની હજુર એટલીજ દુવા ગુજારૂંછું કે તે ખલકનો સાહેબની રેહેમથી તમ બેડાંની જેબી મોરાદો હોએ તે સઘલી હાંસલ થાએ. એટલા દુવાના સખુનો શીવાએ માહારી કોઈબી એવી તાકાત નથી કે કાંઈ વધારે કરી શકું. તે સાથે એટલી એક અરજ ગુજારૂંછુ કે આવતી કાલે જારે તમારા નીકાની ક્રીઆ થાએ તેજ વખતે જો તમો દુરૂસત ધારોતો માહારા નીકા પણ કરી આપવા. તમો શેઠ શેડાણીના નીકાની વખતેજ માહારા નીકા થવાથી મને ઘણું માન અને શોભા મલશે.

**નોશીરવાન**—પેઆરા ગેવ, અગરજો તુંએ તારી પસંદગીની ને તારે લાએકની એક ઓરત શોધી કાહાડીતો દીલોજાનથી ને સરઓઅશરમથી તારા નીકાની ક્રીઆ પણ માહારા નીકાનો સાથેજ કરી આપવાને હું ઘણોજ ખુશીછું.

**ગેવ**—તમો નામવરે એ માહારી ખાએશ કબુલ રાખી તેથી હું તમો સાહેબનો બેહદ અહેશાનમંદ થએઓ છું. નામવર સાહેબ આરે સારૂં ઓરત તઈઆરછે. જેમ તમે નામવરે ગુલનારને પસંદ કરી તેણીની સાથ કદ ખુદાઈ કરવાની તજવીજ કીધી તેમજ માહારી નજર એ નેકજાદ બાનુની દાસી ઉપર પરી ને મેં તેણીની સાથ હાત મેલવવાની તજવીજ કરીછે. ને હું આ વખતે ઘણી ખુશીથી જણાઉંછું કે તે બાનુએ મારી સાથ પોતાનો હાત મેલવવાની કબુલાત પણ આપીછે. ફકત તે બાનુને તું નામવરની ધણીઆણીથી હુકમ મલવાનીજ ખોટીછે.

**ગુલનાર**—પેઆરી હોમાએ, શું આ ગેવ કેહેછે તે ખરી વાતછે?

**હોમાએ**—એ નામદાર બાનું અગર જો તું નામવર એ વાત કબુલ રાખે તો અલબતાં મારી ખુશીછે ને એ શખસ સાથે કદખુદાઈ કરવાને હું રાજીછું.

**નોશીરવાન**—તારે શું પેઆરા ગેવ, તું આ બાનુ સાથ ખરાં એકીન ને પાક મનસતીથી નીકા કરવાને ખુશીછે ?

**ગેવ**—ખરેખર પેઆરા મુરબી, ખરાં એકીન ને પાક મનસતીથી એ બાનુ સાથ કદખુદાઈ કરવાને હું તઈઆરછું.

**નોશીરવાન**—તો ઠીકછે, તમારા નીકાની ક્રીરીઆ પણ સાથે લાગીજ થશે.

**ગુલનાર**—ખરેખર આ બનાવથી હું પણ બેહદ ખુશી થઈછું.

**નોશીરવાન**—વારૂ પેઆરી ગુલનાર, માહારા સાંભલવામાં એવું આવીઉંતું કે પરીદોખત તથા માહીઆર જે નીકલી આવીઆંછે તેઓએ તું નામવર બાનુંનાં ઘરમા ઉતારો લીધોછે, તો તે વાત ખરીછે ?

**ગુલનાર**—હા માહારા વાહાલા ખાવીંદ તેઓએ આ ઠેકાણેજ મુકામ લીધેલોછે. તેઓએ આ મુકામપર આવી પોતાના નીકા કીધાછે તો હવે તેઓ કોઈ રીતે ડપકાને લાએક નથી. કેહેછે કે પરીદોખતના ઉપર પોતાના બાપનો બેહદ જુલમ હતો ને વલી તે જાતે મોબેદ તે એટલોતો વેહેમી હતો કે સારા સારા બેહેદીન તરફથી પરીદોખતને સારૂ માગા ગએઆં હતાં તે સઘલાં તેણે નામંજુર કીધાંતાં ને બસ તે એવીજ હટ લઈ બેઠોતો કે કોઈ મોબેદ સાથેજ તેની કદખુદાઈ કરી આપવી. પછે તે મોબેદ ગમે એવો હોએ, ભણેલો શીખેલો ને અકલમંદ હોવો કે ના હોવો તેની પરવા કરતો નહી હતો—બસ, બાપદાદેથી ઉતરતી આવેલી રસમ મુજબ તેતો એજ હુજત લઈ બેઠોતો કે મોબેદની દીકરી મોબેદ સાથેજ આપવી, હવે તું ખાવીંદ જાણતોજ હસે કે હાલ જમાને મોબેદો કેવા હોએછે, તો અલબતાં આ જુલમ થોડો નહી હતો તે ઉપરથી પેહેલ વેહલાં પરીદોખતે નીકલી આવવાનું દુરસત ધારી પછે પોતાના નીકા કીધાછે. ને હાલ તેઓ હમારી સાથેજ વસેછે, બધે ઓરત ખાવીંદ ઘણા સમજુ ને શાનાંછે. ખુદાતાલાએ જોડૂં ઠીક બંદ બેસાડીઉંછે. બીચારો માહીઆર ગરીબછે તેની પાસ જાજી પુંજી નથી નહીતો તે ઘણી સારી રીતે પોતાનો ગુજારો કરીને પાંચ લોકમાં આન મેલવી શકે એવોછે. પરીદોખતના બાપ પાસ ઘણી દોલતછે, પણ હવે તેણીએ જારે પોતાના બાપના વીચારની સામે થઈ બેહેદીન સાથ કદખુદાઈ કીધી તારે તે કદીબી પોતાની દોલતનો વારસો એ છોકરીને આપે એવું નથી.

**નોશીરવાન**—પેઆરી ગુલનાર, માહીઆરને હું સારીપઠે ઓલખુંછું. તે હમારો પુરાનો દોસતછે. તેની ચાલચલગત ઘણીજ સારીછે, એમાં શક નહી.

[બેહલાના ફરેદુન તરફથી એક કાગલ આવીઓ.

એ જાસુસ, હું આ કાગલ ઉખેડી વાંચું તેની અગાઉ તું મને જણાવ કે માહારા વાહાલા દોસત ફરેદુનની કેવી ખબરછે ?

**જાસુસ**—મુરબી સાહેબ ફરેદુન તંદુરસતતોછે, તેને બદનનું કે કાઆનું કશું દુખ નથી, પણ કોણજાણે તેનાં મન ઉપર કાંઈ દુખની અસર થઈ હોએતો. ને તે કરતાં આ કાગલ વાંચવાથી તમને સઘલી કેફીઅત માલુમ પડશે.

[નોશીરવાન તે વાંચેછે.

**ગુલનાર**— (પોતાના ખાવીંદને કાગલ વાંચતાં વાંચતાં બેચેન થતો જોઈ) આ કાગલમાં સારી ખબર સાથ માઠા સમાચાર પણ જણાએછે ખરા, અતીઆર સુધી માહારો ખાવીંદ જે ખુશાલી ને એશ આરામમાં હતો તે એકાએક ઉદાસ થતો માલુમ પડેછે. શું કોઈ વાહાલા દોસત અથવા નજદીકની સગાંનાં મઈએતની ખબર આવીછે ? કારણ હાલ નોશીરવાન સઘલી વાતે સુખ ચેનમાંછે ને એવી મઈઅત શીવાએ બીજી કોઈ હારેશાની એને ધાસતી નથી. પેઆરા ખાવીંદ નોશીરવાન, તું સારીપઠે જાણેછે કે આપણે એક બીજા સાથ નીકા કીધાછે, તો હવે તુને હું બધે જણા બે ચીજ નથી પણ એકજ છીએ. માહારૂં અરધું અંગ તે તારૂ ને તારૂં અરધું અંગ તે માહારૂ કેહેવાએ; માહારૂં તમામ જે સુખ અથવા દુખ તેમાં તુંને અરધો અરધ ભાગ લેવો જોઈએ, તેમજ તારાં તમામ સુખ દુખમાંથી હરધો હરધ ભાગ મને લેવો જોઈએ, વાસતે પેઆરા ખાવીંદ આ કાગલમાની કેફીઅતમાં માહારે અરધો અરધ ભાગ લેવો જોઈએછે, ને એ માહારો જે હકછે તે આપવાને તું નામવર ખાવીંદે ના પાડવી જોઈતી નથી.

**નોશીરવાન**—એ માહારા જીગરના હાર ને સરના તાજ ગુલનાર, આ કાગલમાં થોડીક દુખ ભરેલી ખબર દાખલ થએલીછે કે જેવી દુખ ભરેલી ખબર મારા જનમારામાં માહારા વાંચવામાં આવી નથી. ઓ, આ ખબર વાંચી મારૂં દીલ વીંધાઈ જાએછે ને માહારો દમ બંધાઈ જાએછે ! અરે ! મારીથી એક શખુન બોલી શકાતો નથી ! પેઆરી ગુલનાર તને સારીપઠે રોશનછે કે માહારી પાસે કાંઈ માએઆપુંજી હતી નહી, ને જારે તું નામવર બાનુ સાથ હાત મેલવવાની ઉમેદે હું અહીં આવીઓ તારે માહારા વાહાલા ને જીવજાન દોસત ફરેદુન પાસેથી નાણું કહડાવી આવીઓતો—તે વખતે તે વાહાલા દોસત પાશે નાણું ન હોવાથી તેણે પોતાના એક કટા દુશમનને તાંહાંથી ઉછીનું લઈ મને આપીઉં હતું ને માહારી ગરજ સારવી હતી. તે નાણા ૩ માસની મુદતે પાછાં ભરવાનું લખત કીધું હતું ને તેમાં ગુનેગારી એવી મુકી હતી કે જો ૩ માસમાં એ નાણું પાછું ભરાએ નહી તો નાણા ધીરનાર ફરેદુનનાં બદન ઉપરથી એક રતલ ગોશ કાપી લીએ, ને તે પણ તેને પોતાને ગમે તે ભાગ ઉપરથી, તો હવે મુદત ભરાઈ ગઈછે ને નાપાક, ખીલ્લાદ પોતાનાં લખત મુજબ માહારા જાની દોસત ફરેદુન ઉપર આજાબ ગુજારવાને બેદાન પડીઓછે! અરે ઓ વાહાલા દોસત આ કેવી મુસીબત! તારાં આટલાં બધાં વાહાણો તે સઘલાં પાએમાલ થએઆં—ઈંગલીસતાન, જાબલીસતાન, તુરકીસતાન, બેલોચીસતાન વગેરે તમામ મુલેકોમાંથી ઉપડેલાં વાહાણો એકદમ ભાગમાં ને ડુબામાં આવે એ ખરેખર મોટી મુસીબતની નીશાન !

**જાસુસ**—પેઆરા સાહેબ, તેનું એકે વાહાણ સલામત આવી પુગું નથી, ને કદાચ જો કોઈ વાહાણ હવે પછે આવી પુગેતો તે તદન નકામુંછે. કારણ ખીલ્લાદ જે આ

દમનું રૂપ ધરાવેછે તે કોઈ ખરેખરો આદમજાત નથી તે કોઈ સહીની ખસલતનો આદમનો અવતાર લઈ બેઠોછે. તેતો હવે પોતાનાં નાણા લેવા સાફ ના. પાહેછે. તેતો બસ હવે, પોતાનાં લખતની રૂહે ગુનેગારી દાખલ બીચારા નેક ખસલતના ફરેદુનનાં બદન ઉપરનું એક રતલ માંશજ લેવા બેઠોછે. તે રાત દીવસ આપણા શેહેરના અમીરને અરજ કરેછે કે તેણે જલદી દરબાર ભરી એક રતલ માંશ તેને અપાવવું. અમીર બીચારો ઘણો દઐઆલુછે તેણે એ મુજબના ને ઘણી રીતે સમજાવીઓ પણ તે સમજીઓ નહી, તારે તેજ નામવર અમીરે આપણા શેહેરના સારા સારા વીસ વેપારીઓની એક બેઠક કીધી ને તેમની મારફતે એ શખસને ઘણુંબી સમજાવીઉં પણ તેતો પોતાની હટ મુકતો નથી.

**ગુલનાર**—પેઆરા ખાવીંદ તો શું આ રીતે આબદાઓં આવી ફસેલો શખસ તારો જાની દોસતછે ને તેના અહેશાન તલે તું આટલોબધો મંપાએલોછે?

**નોશીરવાન**—ઓ પેઆરી, આ વખતે એ શખસની હું શું તારીફ કરૂં, ને હું તેની ખુબી શું ગાઉં? અરે આ દુનીઆના દરમેઆનમા એના જેવો ખરેખરો દોસત હું નથી ધારતો કે કોઈ બીજો મલી આવે! અરે! તેની ભલમણસાઈની ને તેની મેઆ ભરેલી સોબતાની એક એક વાત ઈઆદ કરૂંછું તો મારૂં દેલ આગના અંદર ગોએઆ મલી જાએછે! આ હા! હવે કેમ કરૂં? એ પેઆરા દોસત માહારે ખાતર તું આટલો જંજાલી ભોગવે!!

**ગુલનાર**—મને કેહે પેઆરા ખાવીંદ કે તે તારો દોસત મીલલાદને કેટલું નાણું દેવોછે?

**નોશીરવાન**—માહારી ગરજ સારવાને મને આપવાને ફક્ત ૩૦૦૦ દીરમ તેણે કહડાવેલાછે.

**ગુલનાર**—બસ એટલી નાહાની રકમનો તે દેવાદાર છે! તો તેમાં જીવ શું તરણ હજારના છ હજાર તેને આપો ને લખત રદ કરાવો. અરે જો એટલાંએ નહી પતે તો છના બાર હજાર આપો ને તેટલાએબી નહી પતે તો તેના બેવરા કરી આપો! પેઆરા ખાવીંદ તું નામવરને થકી ફરેદુન જેવા તારા એક ખેરખા દોસતના બાલનેબી હરકત પોહોંચતી હોએ તો આ માહારી તમામ દોલત કે જેનો તું હકદાર માલેક થઈ ચુકોછે તે તારે હવાલે થએલીછે તેમાથી જેરકમ જાએ તે બરજાહાનમ, પણ તું નામવરને લાએકછે કે તુરત તુંએ તેની તરફ કુચ કરવી જોઈએછે. જાંહાંવેર તું પેઆરાનું મન પોતાના એક જાની દોસતને ખાતર બેચેનછે તાંહાંવેર તુંને અહીનાં તમામ નીઆમતે સુખ દુખના દરીઆવ જેવાંછે. વાસતે જા મારા પેઆરા, આ વખતે તારી સાથ ઘણી દોલત લઈને ને તાહારા વાહાલા દોસતને નુકશાનીમાંથી બચાવ-ને તેને તારી સાથે લઈને તું પાછો વેહેલો જ મને આવી મલ. તું નામવર તથા તારો રફીક ગેવ અતરેથી શીધારચો તારપી હું ને માહારી દાસી બંધે જણા જનાનખાનામાં રંડાએલી ઓરતોની પઠે એકલવાસ ભોગવીશું. આ વખતે મારાથી કાંઈ વધારે બોલી શકાતું નથી પણ એટલુંજ કહુંછું કે તુંએ મારી સાથ નેકા કરવાની મુરાદે જે આટલો જોખમ ખેડીઓછે તે ઉપરથીજ માહારો પેઆર તારા ઉપર બેહદ વધી પડીઓછે. પણ વારૂં તું નામવર અહીથી જાએ તે અગાઉ તારા દોસત તરફથી આવેલો કાગલ તો જરા મને વાંચી સંભલાવ.

**નોશીરવાન** (તે વાંચેછે.) માહારા વાહલા દોસત નોશીરવાન, મારી ઉપર આવતાં તમામ વાહાણો દરીઆવને હવાલે થએઆછે, મારા માગનારા બેરેહેમ થઈ ગએઆછે, મારી જે મીલકતોછે તેનું મુલ બેહદ પરી ગીઉછે, પેલા વીઆજખોર આબેદને લખી આપેલું મારૂં લખત રદ થઈ પડીઉછે, અને હવે તે પોતે લખાવેલી ગુનેહગારીજ લેવા બેઠોછે; લખતની રૂહે તે ગુનેહગારી ઈનસાફની દરબાર અપાવશે અને તે આપતાં હું નહી ધારતો કે હું જીવી શકું! ઓ પેઆરા દોસત આ રૂકો વાંચીને જો તારાથી બની શકતું હોએ તો મારી મરતી ઘડીએ માહારી છેલી મુલાકાત તુ લઈ જશે તો તારૂં બેહદ અહેશાન મારા ઉપર થશે. ઈઆદ રાખજે પેઆરા દોસત કે આપણ વચે જે લેણ દેણછે ને મારૂં જેબી કાંઈ લેણું તારા ઉપર નીકલેછે તે આજની તેરીખે સઘલું ઈબરામદાવે માડી વાલીઉછે. એ છતાં પેઆરા દોસત જોતું તારી નવી પરણેલી ઓરત સાથ મોજ મજામાં પડેલો હોએ તો આ મારા રૂકાની કશી દરકાર રાખતો નાંને માહારે ખાતર કોઈબી રીતે તુ પેઆરા દોસતે ઈજા ભોગવવી નહી. આ માહારી છેલી સલામ તું વાંચજે ને તારી પેઆરી ખાનુંને પણ માહારી ઘણી ઘણી દુવા કેહેજે. આ વખતે મારીથી કાંઈ વધારે લખી શકાતું નથી.

લા૦ તાહારાં સુખથી સુખી

ને

તાહારાં દુખથી દુખી

રેહેનાર,

ફરેદુનની છેલી દુવા વાંચવી.

**ગુલનાર**—પેઆરા ખાવીંદ બધી વાત એકકોરે રહી, કશી વાતની દરકાર નહી કર ને એકદમ તું તારા એક જાની દોસતની મદદે જા. ઈઅજદાં તમારો મદદગાર થજો.

[તેઓ જાએછે.

---

## એક ઓરતની ઈંદરીઓનો અજબ તરાંહનો ફેરફાર.

ફરાંશ દેશનુ પાએતખત જે પેરીસ શેહેરછે તેની નજદીકનાં લાએનસ નાંમનાં પરગણાંમાં એક ઓરત રેહતી હતી તેને વીશે એવી અચરત ઉપજાવનારી હકીકત જાહેર થાએલીછે કે ફીલશુફેની અકલબી તેનુ કારણ બતલાવાને હેરાંન રેહી જાએચ. એ ઓરત વીશે એવુ કેહેચ કે તેની ઈંદરીઓનાં કાંમમાં તદંન ફેરફાર થાઈ ગએલો હતો, આદમીની મુખીઅ ઈંદરીઓ પાંચ કેહેવાએછે, તેમાં જોવાની, અડકવાની, સાંભલવાની, સુંગવાની તથા સવાદ પારખવાની, હવે તે ઓરતમાં દરએક ઈંદરીઓની ખાસીઅત જુદી જુદી

રીતે નીપજેલી હતી એટલે કે આંખે શાંભલતી હતી, જીભે જોતી હતી અને કોઈબી ચીજને હાતમાં પકડી તેનો શવાદ પારખતી હતી.

એક ઘણોજ હુસીઆર અને નામીચો વઈદ ઊપર કહેલા લાએનસ નાંમનાં પરગણાંમો તે ઓરતની મુલાકાત લેવા ગીઓ હતો તેણે જરનલ ડી સેનટા નામનાં ફરેંચ વરતમાંન પતરમાં તે અચરત સરીખી ઓરત વીશેનો નીચે કહેલો હેવાલ પરગટ કરાવીઓ હતો:

"મેં લાએનસ નામનાં પરગણાંમો એક ઓરતની ઈંદરીઓનો અચરત સરીખો હેવાલ શાંભલી મહને ઘણી તાજુબી પેદા થવા લાગી અને એકબાર મેં લોકોનાં બોલવાનેબી કબુલ રાખીઊ નહી અને તે તરફ હું મારી જાતે જાઈને ખાતરી કરી લેવાનો ઠેરાવ કીધો. મેં તે ઓરતને જોતાંને વાર કેટલીએક દવાઈઓ દેખાડી અને તેનો શવાદ કેહવોછે તે તેને મેં પુછીઊં, તેનો ઊતર તે ઓરતે ફકત તે ઊપર નજર કરી દરએક દવાઈનો સવાદ તીખો, કવરો કે ફીકો કેવો હનો તે બરોબર રીતે કેહી દીધો. જે દવા તેણે તેના જનમમો જોઈ નહી હોએ તેવી દવાઈઓનો શવાદ તેહને આંખે જોઈને કેહવાને ફરમાવીઊ, તેબી તેણે હવીતો બરાબર અને ચોકશ રીતીએ મહને કેહીઊ કે મારી અકલબી હેરાંન રહી, પછી કેટલીએક દવાનો સવાદ જીભ ઊપર મુકીઆથી મારાથીબી બરાબર નહી કેહવાઈ શખાતો હતો તે તેણે કેહી આપીઓ. એ અજમાંએશ પુરતી રીતે કરી રેહા પછી મેં તેની આંખને મજબુત પાટા બાંધીઆ અને મારા ગજવાંમાથી કેટલીએક જુદી જુદી તરાહની ફીટો બાહેર કાહાડી અને તેનો રંગ પીછાંનવાને તે ઓરતને અરજ કીધી. તેણે તે ફીટોને હાથમાં લેઈ જલદીથી મહને જુવાબ દીધો કે ફલાંની ફીટનો રંગ હેવોછે, અને ફલાંની ફીટનો રંગ આએ ફીટ કરતાં જરા ફીકોછે, તે એટલીતો જલદીથી અને માહારી ખાતરી થાઈ શખે હેવી તરેહથી ચીજોને ફકત હાથમાં લેઈને પારખી આપી હતી કે મેં તેને ફરીથી તેની સચાઈ વીશે સવાલ કરવાને વીઅરથ જાણીઊં, અને વધારે અચરતી ઊપજાવનારી ખાશીઅત તેહનામાં એવી હતી કે પોતાના બોલવામો હરગીજ ચુક કરતીતી નહી. ટુકમાં મેં તેને ઘણીબી તપાશી જોઈ પણ તેમાંથી મારી એજ ખાતરી થાઈ કે તે ઓરત હાતથી અડકીને કોઈબી ચીજની ખાશીઅત બતાવી આપતી હતી: વલી એ અજમાએશ કીધા બાદ તેના કાંનના પરદાઓ મારેથી જેમ બની શખે તેમ બંધ કરીને તેને બેહરી કીધી અને પછી તે ઓરડામાં મારા એક દોસત સાથે વાતચીત કરવાને શરૂ કીધું તે એવી તરેહથી કે બીજા શાજા આદમીથીબી બરોબર શાંભલી નહી શખાએ તોએબી હું જારે વાતચીત કરી રેહા અને તે ઓરતને પુછીઊં કે મેં શું શું વાતો કીધી:તે કેહ ? તારે તેને હમોએ જે વાતો કીધી હતી તે શંઘલી બરોબર મહને કેહી સંભલાવી. જે ચીજોનો હું પેહલાં એકદંમ ઈનકાર કરતો હનો તે હમણા માહરી નજરે જોઆથી મહને આપોઆપ કબુલ કરવાની ફરજ પડી."

વીદવાન લોકો બધી અચરતીના કારણ બતાવી શખીઆચ પણ ઊપલા દાખલાનું કારણ બતલાવામો ફીલસુફોનીબી અકલ હેરાંન રહીચ, અને કાંઈ ઊપાએ ચાલીઓ નથી. ખુદાની ખુદરતને બનાવી સખવાની મગદુર ઈનશાંન ધરાવી શખતું નથી. મગર ઘણીએક જગા ઊપર તેની કુદરતીનેબી બરોબર શમજી નથી શખતું તે ઊપલા દાખલા ઊપરથી નાંશચએ થાએચ.

જ. મો.

---

## આટોમેટન.

વાંચનાર બેહેનો, આ મથાલે મુકેલો શબદ તમોને વાંચતાં લગાર ભારે પડશે ને તેથી કદાચ તમારાં મેનમાં આ બીના વાંચવાને ઘણી ઈછા થશે નહી; પણ બેહેનો એ અઘરા ઊચારના શબદ વાલાં મથાલાં ઊપરથી એ બીના વાંચવાનો કંટાલો ખાવો નહી. આપણી ભાશાની અપુરણતાને લીધે એમાં જુદાં જુદાં મુલકોના ને જુદી જુદી કોમના વાપરવાશના બોલો દાખલ કરવાની વારેવારે જરૂર પડેછે, ને તે મુજબ આજ આપણા જોવામાં આવેછે કે હીંદુસથાની, ફારસી, અરબી, મરાઠી, સંસકરૂત વગેરે શબદો આપણી ગુજરાતી ભાશામા ઘણા દાખલ થએલાછે. જેમ એ જુદી જુદી કોમના શબદો દાખલ થએલાછે તેમજ તેમાં કેટલાક ઈંગરેજી શબદો પણ દાખલ થએલાછે. એવી રીતે જારે ચાલતુંજ આવેલુંછે કે ભાશામાં જોઈતા શ

શબ્દ મલી ન આવે તારે તેને માટે પારકી ભાશાના જરા સેહેલાઈથી ઊકલી શકે એવા શબદો ગુજરાતીમાં વાપરવાશમાં લેવા તો પછે દરેક લખનારને પોતાની ખુટ પુરી પાડવાને નવા શબદો લેવાની છુટછે, તે મુજબ આ "આરોમેટન" શબદ ઈંગરેજી ભાશામાંથી લેવાની ફરજ પડીછે. એને માટે ગુજરાતીમાં "આત્મચાલક યંત્ર" એવો શબદ મલી આવેછે, પણ અજાણ્યા વાંચનારને બંધો શબદો એક સરખી રીતે કઠણ લાગેછે. તો એવી રીતે જારે હોએ તારે બેહેતર એલાજ તો એજછે કે કોઈએક ભાશાના અઘરા ઊચારના ને કઠણ સમજણનાં શબદને માટે તેવોજ અઘરા ઊચારનો ને કઠણ સમજણનો બીજી ભાશાનો શબદ લેવા કરતાં તે અસલ શબદજ વાપરવો, ને એ મુજબજ હમોએ આ ચોપાનીઆંના ગએઆ અંકમાં પણ "થરમામીટર" એવો અસલ ઈંગરેજી શબદજ વાપરીઓછે, તથા આ બીના જે લખવા માંડીછે, તેને માટે પણ ઈંગરેજી શબદ "આરોમેટન" જ વાપરીએછે. હવા ઘણા શબદો હલુ હલુ જેવારે આપણી ભાશામાં પેવસ થશે ને તેવા સઘળા શબદોનો એક અછો કોશ અથવા ફરંગ બનશે તારેજ આપણી અધુરી ગુજરાતી પુરી હાલત ઊપર આવશે, ને હાલ ગુજરાતી લખનારાઓને જે બેહદ અડચણો નડેછે તેથી તેઓ મોકલા થશે. એ "આરોમેટન" જે ઈંગરેજી શબદછે તેનો ગુજરાતી અરથ એટલોજ થાએછે કે "કેટલાંક યંત્રોની કરાંમતથી પોતાની મેળે કેટલીક ચોકસ રીતનાં કામ કરી શકે એવો સાંચો" જેમ કે ઘડીઆલો, કેટલાંક બાવલાં વગેરે હોએછે. આ રીતે મથાલે આવેલા "આરોમેટન" શબદ વીશે ટુક ખુલાસો કરી એ અસલ બાબદ ઊપર વાંચનાર બાનુઓનું ધીઆન આપવા માંગીએ છીએ. વાંચનાર બાનુઓએ ગએઆ અંકમા "માણસ કેટલું કરી શકેછે" એવાં મથાલાં એઠલ એક બીના વાંચી હશે. માણસ અથવા કોઈબી પરાણીનાં ખોખાંમાં જીવ મુકવા શીવાએનાં બીજાં બેહદ કામો માણસ પોતાનાં બુધી બલથી કરી શકેછે, તે એટલે સુધી કે પુતલાં બનાવી તેમાં જીવતાં માણસ અથવા પશુ પંખીના જેવાં કેટલાંક કામ કરવાની કરામત કરેછે, ને બે ઘડી કોઈ અણજાણ્યું માણસ એમબી સમજી શકે કે આ કરામતી પુતલું અથવા બાવલું ખરેખર જીવતુંછે.

જુદા જુદા માણસોએ પોતાના જાતભાઈઓને ઊપયોગી થવાની મતલબે પોતાની અકલ જુદી જુદી રીતે વાપરીછે. કેટલાએકો પોતાના જાતભાઈઓના મનને રમુજ આપવાં સુંદર કવીતા તથા મનોરંજક નાટકો કીધાછે, કેટલાકોએ પોતાના જાતભાઈઓને નીતીવાન કરવા નીતી શાસતર તથા ઈશ્વર ગનેઆન વીશે મોટાં પુસતકો લખેઆંછે; કેટલાકોએ પોતાના જાતભાઈઓના શરીરનું રખશણ કરવા, વઈદક શાસતર તથા બીજી કેટલીક વીદીઆંની શોધો કીધીછે; કેટલાકોએ પોતાના જાતભાઈઓની મેહનત સેહેલી કરવા હથીઆર તથા સાંચાઓની શોધો કીધીછે; અને કેટલાકોએ પોતાના જાતભાઈઓને ગમત આપવા કેટલાક સાંચા શોધીને તેને માણસ અથવા જનાવરના આકાર દીધાછે તથા તે હાથે બનાવેલા માણસ અને જનાવર જીવતા માણસ અથવા જનાવરની મીસાલે ખાએછે, પીએછે, બોલેછે, અથવા ચાલે પણછે. એવી રીતે બનાવેલા માણસ અથવા જનાવરના સાંચાઓને અંગરેજી ભાશામાં "આરોમેટન" કરીને કેહેછે.

એવા ઘણીએક તરેહના સાંચાઓ જુદે જુદે વખતે જુદા શખસોએ બનાવેઆંછે. કેહેછે કે ઈસવી સનની અગાડી ૪૦૦ વરશ ઊપર ગરીસ એટલે ઈઊનાન દેશના આરકાઈટાસ નામના એક વીદવાને લાકડાંનું એક કબુતર બનાવેલું હતું તે ઊડતું હતું. આરકામીદીસ નામના એજ દેશના એક બીજા વીદવાને પણ એવા સંચા બનાવેઆ હતા. રીજીઆમાં ટેનસ નામના એક શખસેતો એક "ઈગલ" એટલે ગરૂડ જેવું મોટું પખસી બનાવેલું હતું તે ગામમાંથી સેહેનશાહને સલામ કરી પાછું પોતાના મથક ઊપર આવતું હતું તથા તેણે વળી એક માખી બનાવી હતી તે (જમણની વખતે) હાથપરથી ઊડી ઓરડામાં ફરી પાછી આવીને હાથ ઊપર બેસતી હતી. ડાકટર હુડ નામના એક વીદવાને એક ગાડી બનાવી હતી તે હવામાં અધર ચાલી શકતી હતી.

હાલના જમાનામાં એવાં ઘણીએક તરેહના રમકડાં બનાવેલાં માલુમ પડેછે. માણસના આકારના કેટલાંક રમકડાં જાણે માણસ લખતો હોએ તેવાં દેખાએછે. મસીએ વાકાંસાં નામના એક ફરેંચ કારીગરે માણસના આકારનું એક એવું રમકડું બનાવેલું હતું કે જાણે માણસ બેસીને વાંસલી વજાડતો હોએ; વલી

એ કારીગરે એક બતક બનાવીઊં હતું તે જીવતાં બતકની પેઠે ખાતુ હતું, પીતું હતું, અને બોલતું હતું એટલુંજ નહીં પણ તે જે દાણા ખાતી હતી તે તેના પેટમાં પચેલા (જેવા) થઈને બીજી વારે નીકલી જતા હતા તથા તેનાં પાંખ અને હાડકાં એવાં બનાવેઆં હતાં કે જીવતાં બતકના જેવાંજ દેખાતાં હતાં.

મસીઊલડરો નામના એક બીજા ચંચલ ફરેંચ કારીગરે પણ ઘણા અજાએબ જેવાં રમકડાં બનાવેઆંછે. એક ઘડીઆલ બનાવીને તેણે ઈસપેનની રાણીને ભેટ કીધું હતું તેની ઊપર મેંઢાનું એક બચું બેસાડીઊં હતું તે જીવતા મેંઢાની કાંની અવાજ કાહાડતું હતું; તથા એક કુતરો બેસાડેઓ હતો તે મેવાની ભરેલી એક ટોપલીની ચોકી કરતો હતો અને જેવો કોઈ તે ટોપલી ઊંચકવા જતો હતો કે તે જીવતા કુતરાની મીસાલે ભોંસતો હતો. એ શીવાએ એ ઘડીઆલ ઊપર માણસના આકારના બીજાં કેટલાંક રમકડાં હતાં તે પણ ઘણાજ તારીફ લાએક હતાં.

આ ચંચલ કારીગરે એ ઘડીઆલ ઊપર એક બીજું રમકડું ગોઠવીઊં હતું તેતો ઘણુંજ અજાએબ જેવું હતું. એ રમકડું માણસના આકારનું અને જીવતા માણસના જેવડું હતું. તેના હાથમાં ધાતુની એક પેનસીલ હતી; અને ઘડીઆલને ચલાવનારી કમાનને હાથ લગાડેઆથી પેરો માણસ પેલી પેનસીલથી એક પાના ઊપર ચીતર કાહાડવા મંડી જતો હતો, તે ચીતર પુરું થઈ રહેઆ પછી વીસામો લેઈ બીજા પાંચ છ પાના ઊપર એક પછી એક એ પરમાણે જુદાં જુદાં ચીતર પાડતો હતો. પેહેલા પાના ઊપર રાજા તથા રાણીની સુંદર છબી પડતી હતી અને સઘલા પાના મધે પડતાં ચીતરની ખુબી એ હતી કે પેલું માણસના આકારનું રમકડું પોતાની પેનસીલ ઘણી સફાઈથી વાપરતું હતું અને પાના ઊપર જરાબી દાગ પડતો ન હતો.

## જેપાન દેશ તથા તાંહાંના રેહેવાસીઓની ચાલચલણ બાબે.

જેપાન દેશનું રાજ કેટલાએક ટાપુઓનું બનેલુંછે. એ રાજના રેહેવાસીઓ સાથે વેપાર ચલાવવાનું કામ ચીનાઓ ઘણા પુરાતન વખતથી ચલાવતા આવેઆછે. પાછલથી એ રાજના લોકો સાથે ડેનમારકના રેહેવાસીઓ વેપાર ચલાવવા લાગેઆ, અને હાલ અંગરેજ, ફરેંચ, અમેરીકન, અને બીજા ઈઊરપીઅનો એ દેશ સાથે વેપાર ચલાવવા લાગાછે. ઈઊરપના કેટલાએક રાજોની તરફથી તાંહાં કાનસલો રેહેછે, અને અમેરીકાની સરકારનો પણ કાનસલ તાંહાં રેહેછે. જેપાન સાથે હાલ વેપાર ખુલો થએઓછે માટે તાંહાંનાં રેહેવાસીઓની ચાલચલણ કેવા પરકારનીછે તે તથા તે મુલક બાબે થોડોક જાણવા જોગ હેવાલ "ટાઈમસ આવ ઈંડીઆ" ઊપરથી નીચે દાખલ કરેઓછે.

જેપાન દેશની સઊથી ઘણામાં ઘણી લંબાઈ ૯૦૦ મઈલ અને પોહોલાઈ ૫૦ થી ૨૦૦ મઈલ છે. એ મુલકનો વીસતાર ગરેટ બરીટન જેટલો. અથવા તેથી જીજ વધારેછે, અને તેની વસતી ૩ા કરોડથી ૪ કરોડ માણસોનીછે. દેશની હવામાં રૂતે રૂતે ફેરફાર થાએછે, પણ થંડી ઘણો વખત રેહેછે, અને કેટલીક જગાએતો પાણીનું બરફ તરત બંધાઈ જાએ હેવી થંડી હોએછે. હવામાં ફેરફાર થવાથી વારંવાર તોફાનો થાએછે તથા ધરતીકંપો પણ થાએછે, અને તેથી દેશના દેખાવમાં ઘણો ફેરફાર થઈ જાએછે. રાજનું પાએતખત શેહેર નીશેન નામના ટાપુમાંછે, અને સઘલા રાજના ૬૮ મોટા ભાગો અથવા પરાંતો કરેલાછે તથા દરેક પરાંતનો કારોબાર તાંહાંનો સરદાર ચલાવેછે. એ સરદારો મધેના ઘણાએક સરદારો તથા વચલે વાંગેના લોકોમાંથી પસંદ કરેલા શખસોની એક સભા જેદો શેહેરમાં મલેછે અને તે જેપાનના શેહેનશાહને રાજ દરબારી બાબદો વીશે સલાહ આપેછે. વચલે વાંગેના લોકોમાંથી જેઓ ઘણા ચંચલ તથા સારા ખાનદાનના અને કેલવાએલા હોએછે તેઓને ગવરનંર, નીઆએધીશ, લશકરી અમલદારો, અને હેવા બીજા ઓધાઓ આપવામાં આવેછે. જેપાનનો એક શેહેનશાહ રાજ દરબારી બાબદો ઊપર ધેઆન આપેછે, અને બીજો ધરમની બાબદો ઊપર ધેઆન આપેછે. એ બે શેહેનશાહાના હોકમને સઘલા પરાંતોના સરદારો માન આપેછે. જેપાનના રેહેવાસીઓની એક ચાલ હેવીછે કે, જારે તેઓમાંથી કોઈને ખોટ અથવા નુકશાની લાગેછે, પછી

તે ગમે તેવા અમીર ઈઆ ગરીબ ખાનદાનનો હોએ પણ પોતાના જાનનો ઘાત કરેછે, અને તેમ કરીને પોતાની સઘલી મીલકત તથા દોલત પોતાના કુટુંબને આપી જાએછે. વલી બીજી તેઓની એક ચાલ હે વીછે કે, તેઓ એક બીજાની ચાલની તપાસ રાખેછે, અને એક બીજાને વાસતે જવાબદાર હોએછે તેથી જેઓને તેઓ સાથે વહીવટ ચલાવવો પડેછે તે એક સાથે નહી પણ એકથી વધારે શખસો સાથે હોએ છે. જેપાનના રેહેવાસીઓની આઠ જાતીછે, તેઓમાં સઉથી ઊંચી સરદારો, અમીરો, ધરમગુરૂઓ. લશક રી અમલદારોનીછે, અને બીજી જાતીઓમાં ખેડુત, મજુર અને કારીગરો હોએછે. એ સઘલાઓને પોત પોતાના દરજજા મુજબનો પોશાક પેહેરવો પડેછે, ગુ જરાત ચલાવવું પડેછે, અને દર રોજનો ખરચ મલા વવો પડેછે. તેઓનો ધરમ બુધ ધરમને મલતોછે. એ ધરમના ઊપાધીઆઓમાં જેઓ સાગ ગણાએછે તે ઓ શીખેલા, સારી ચાલના હોએછે, અને ચંચલ હો એછે. એ ધરમગુરૂની જાતોમાં ઘણા વીભાગછે. કે ટલાક મુદલ માસ ખાતાં નથી, અને પોતાની જીંદગી ધરમની કીરીઆ કરવામાં કાહાડેછે. વલી બીજી જાતના ધરમગુરૂઓ તાંહાંના લોકોની સાથે રેહેછે, માં સ ખાએછે, અને બીજાં કામો કરેછે. એક તીજી જાતના ધરમગુરૂઓને ધરમ ઠગોનું નામ આપે તો બી ચાલે. તેઓ લોકો પાસે પઈસા ઊછીના લેછે, અને તેઓને હવી ચીઠી લખી આપેછે કે, 'તેઓને "એ નાંણા તથા તેનું દર સેંકડે દર વરસે દસ ટ "કા પરમાણેનું વીઆજ સવરગ ઈઆ બેહેસતમાં "આપવામાં આવશે." જેપાનના રેહેવાસીઓ ઊદી ઓગી, ચંચલ, ઘર કામમાં સુઘડ, અને કલાવાલા ત થા શોધકછે. તેઓના બાગો ઘણી સારી રીતે ખેડ વામાં આવેછે, તાંહાં નાના પરકારના જાહાડો રોપવા માં આવેછે, અને તાંહાં ઈઊરપનો ઘણો ખરો મેવો પાકેછે ગામડાંઓ પણ જેપાની લોકોની ચંચલાઈ ત થા કારીગીરીનો ઘણો સારો નમુનો બતલાવેછે. ગા મડાંના ખેડુતોની ઝુંપડીઓ ઘણી સારી હાલતમાં રા ખેલી હોએછે, અને તેઓની બાહાર તથા અંદરની રચના ઘણી દીલપસંદ કરવામાં આવેલી હોએછે. તે માં રેહેનારા માણસો તથા ઓરતોના બચાં પણ ઘ ણા ખુબસુરત હોએછે. તેઓની એક નવાઈ જેવી ચાલ બાબે કાપટન આસબરન જણાવેછે કે, "તેઓના ઘરના આગલા ભાગના એક ખુનામાં એક ઓરત ત થા તેણીનો ભરથાર ઊંના પાણીએ નાહાતા હતા. તે ઓરત પોતાના ખાવંદની પીઠ સઉથી ઘસતી બે ઠી હતી. તેઓને જે વખતે પેદા કીધાં હતાં તે વ ખતના જેવી હાલત તેઓના શરીરની હતી. આ જગાએ તેઓના છોકરાંઓ રમેછે. આ ચાલ સંભીએ તાથી શીલટીછે ખરી, પણ તે એ દેશમાં એક રેવા જ પડી ગએઓછે તે લીધે તાંહાંના લોકોને તે અસ ભીઆ ચાલ લાગતી નથી.


જેપાન દેશના લોકોની લખવાની ભાશા બે પરકારનીછે. એક ચીનાઓને મલતી આવેછે, અને બીજી તેઓની પોતાની ખુદછે. એ ભાશામાં ૪૭ અખસરછે. તેઓ સંતોસી તથા સારા સવભાવના લો કોછે. તેઓ નકલી ઘણાછે એટલે કે જે તેઓ જોએ છે તેના જેવી ચીજ તરત બનાવેછે તેઓએ અમે રીકાની આગબોટ જોઈને એક આગબોટ બનાવી હ તી, અને તે આગબોટની મારફતે અમેરીકાથી તે છે ક જેપાનવેરની સફર કરવામાં આવી હતી. હાવી રીતની બનાવટની તેઓએ બીજી આગબોટો બના વીછે. તેઓના જોવામાં ઈઊરપના લોકોના લડાઈના હથીઆરો જેવાં આવેઆં એટલે તેવાંજ હથીઆરો હાલ તેઓના શેલજરોને લઈ જતાં જોવામાં આ વેછે, અને તે સઘલાં દેશીઓએ બનાવેલાંછે. તાલાં, કુંચી, કલ, અને બીજા સામનના જેવો સામન તેઓ ઘણી સારી રીતે કરી શકેછે. કાચકામ બનાવવા માં તેઓ ઘણા ચાલાક દીસેછે. દીવા ઊપરની ચીમ ની, ગુન જેવા ઘસેલા કાચ, અને બીજું કામ તેઓ ઘણી સારી રીતે કરેછે, અને તે વલી ઈઊરપીઅનો ના હાથથી બનેલા જેવું લાગેછે. તેઓની તલવાર ના પાના ઈઊરપીઅન તલવાર કરતાં ઘણાં સરસ હોએછે. હાથીદાંતની કારીગીરીની વસતુઓ કરવામાં તેઓની ઘણી કલા માલમ પડેછે. તેઓની કારીગી રી બાબેનો એક દાખલો કાપટન આસબરને જે આ પેઓછે તેની મતલબ નીચે મુજબછે.

"અમારી સામે એક જાદુગર બેઠો. તેણે પો તાના હાથમાં એક કાગલ લીધો, અને તેનું એક પ તંગીઓ તરત બનાવીઓ. એ પતંગીઆની દરેક પાં ખ એક એક ઈંચ લાંબી હતી. તેણે તે પતંગીઓ

પોતાની હથેલીમાં ખતલાવીને એ મીણબતી હવી રીતે મુકી કે તેની આસપાસ એક પંખાની મારફતે વા નાંખી શકાએ અને મીણબતીની જોત તેથી હાલવાઈ નહી જાએ. પંખાના પવનથી તે પતંગીઊ હલવા લાગીઊ, તે હવામાં ઊંચે ચહડીઊ, આસપાસ ઊડવા લાગીઊં, દીવાની આસપાસ ગોલ ફેરા મારવા લાગીઊ, અને આખરે દીવાની જોત આગલ આવેઊં એટલે તેની પાખ ધુજવા લાગી. તરત તે પતંગીઆંને જાદુગરે બોલાવીઊ, એટલે તે તેની પાસે ગએઊ, અને તેણે તેની સાથે રમવાને એક સોબતી આપેઓ. એ બે પતંગીઆં પાછાં હવામાં ઊડવા લાગીઆં, એક બીજા સાથે રમવા લાગાં, પોતાની પાંખો હલાવવા લાગાં, અને દીવાની જોતની આસપાસ ગોલ ફેરા ખાવા લાગાં. તેણે એક ફુલનું કુંડુ મુકીઊં. એ કુંડાં તરફ તે પતંગીઆં ઊડી ગએઆં, અને તાંહાં જઈ બેઠાં. તેઓ પાતરાંને ઘણા આનંદથી ચુમી લેવા લાગેઆં, ફુલો ચુસવા માંડેઆં, એક બીજાને ચુમી લેવા મંડી ગએઆં, અને જીવતાં પતંગીઆં જેવાં આસપાસના દેખાવથી ખુશી થએલાં દીસવા લાગેઆં. એ રમતની આખરે તે જાદુગર એ બે પતંગીઆં સાથે અમારી ઘણો નજદીક આવેઓ, અને તાંહાં પણ એ પતંગીઆં હવામાં ઊડવા લાગેઆં."

ઊપર લખેલી બીનામાં જણાવેલી ચાલચલણ જેપાનના લોકોનીછે. તેઓના દેશમાં વેપારની જનસો સારી ઊપજેછે. એ દેશમાં ચા તથા રેશમનો પાક ઘણો સારો થાએછે. તાંહાંથી કપુર, ગંધક, સોનું, તરાંબુ, મીણ, અને બીજી ચીજો ઘણી મલેછે, અને એ ચીજો આગલ જતાં વેપારની અગતની ચીજો થઈ પડશે. એ ચીજો મધેની ઘણી ચીજો જથાબંધ બીજા દેશાવરો ખાતે જાએછે, અને જે ચીજો કાલીફોરનીઆ ખાતે ગઈ હતી તેમાં ઘણો સારો નફો વેપારીઓને મલેઓ હતો. તેઓ એ ચીજો આપીને, કામલેટ, કાનવાસ, બારી બારણાના કાચ, ઈંટ, કાપડ અને સોલજરોના પોશાકને બરનો માલ ઘણી ખુશીથી ખરીદ કરેછે. તેઓ સાથે સારી રીતે જો વેપાર ચાલેઓતો આગલ જતાં એ વેપાર ઘણો મોટો થઈ પડશે, અને તેથી દેશના લોકોને તેમજ તેઓની સાથે વેપાર કરનારાઓને ફાએદો થશે.

## રોણકદાર ઈમારતો.




હરએક દેશ અથવા શેહર જેમ ચહડતી હાલત ઊપર આવતું જાએછે તેમ તેના દેખાવમાં ફેરફાર થતો જાએછે. હરએક દેશ અથવા શેહરની ચહડતી હાલત તાંહાંની ઈમારતોના દેખાવ ઊપરથી માલુમ પડી આવેછે. જેમ તે દેશની અથવા શેહરની હાલત સુધરતી જાએછે તેમ તે મધેની ઈમારતો તથા ઘરોનો સુંદર અથવા રોણકદાર દેખાવ થતો જાએછે. આપણાં મુંબઈ શેહરમાજ ફકત નજર કરો. જુની બાંધણીને ઠેકાણે નવી અને સુંદર બાંધણીઓ થતી જાએછે. લાંબી બારીના તથા બેડોલ છાપરાંવાલા ઘરોને બદલે નવા અને સુંદર દેખાવના ઘરો ઊભાં થતાં જાએછે.



ટાઊનહાલ, ગરાંટ કાલેજ, સર જમશેદજી હીસ્પીટાલ, ફરામજી કાવસજી તલાવ આગલની બે ઈમારતો—મની સકુલ તથા બાઈબલ સોસાઈટી ડેપો—જુદાં જુદાં દેવળો તથા કેટલીએક ખાનગી ઈમારતો આપણા શેહરની જાહોજલાલી દેખાડી આપેછે તોપણ જુની બાંધણીનૂ અને બેડોલ ઈમારતો તથા દુકાનોની સંખીઆ હજુર થોડી નથી.

ઈઊરોપના મોટા શેહરોમાં અને તેમાં અગત કરીને ફરાંસના પારીસ શેહરમાં જેવી રોણકદાર ઈમારતો હાલ ઊભી થઈછે તેવી રોણકદાર અને સુંદર ઈમારતો આપણા દેશના મુખીઆ શેહરોમાં થવાને હજુર લાંબી મુદત જોઈએ. ઈમારતો બાંધવાના હુનરમાં ઈઊરોપ મધે ગઆં ૧૫૦ વરસમાં ઘણો સુધારો તથા વધારો થએઓછે. "એ બાબદમાં ગેઆ લોકોનો સવાદ ફરતો જાએછે અને તે પરમાણે પોતાને પસંદ

ચડતી રીતનો ફેરફાર કરેછે અને તે એવો કે આગલ કરતાં વધારે ખુબસુરત. મોટી ઈમારતો તો રહી પણ તાંહાંની જુપડીઓજ માતર દેખાવમાં ઘણી ખુબસુરત લાગેછે. પછવાડે અથવા આગળ એક મોટો ચોક હોએછે. અંદરથી એક દીવાનખાના જેવો વચમાં મોટો ઓરડો અને આસપાશ બીજા ઓરડા. બબરચીખાંનુ, નાહવાની જગો એ સઘળું હેલાએદુ." આવી જાતની ઝુપડીઓ ઈંગલંડ દેશના ઘણા શેહરો તથા ગામોમાં હોએછે. તેનું ચીત્ર અતરે આપીઊંછે.




આપણા' દેશની ઝુપડીમાં અને એ ઝુપડીમાં જુવો કેટલો ખધો તફાવતછે. એ ઝુપડીના જેવી સફાઈ અને સુંદર દેખાવ આપણા ઘેરોના પણ આવી શકતો નથી.


જે પરમાણે રેહવાના ઘર તથા બંગલા તથા ઝુપડી બાંધવામાં ઈઊરોપમાં સુધારો થયોછે તેજ પરમાણે દેવળોની બાંધણીમાં પણ સુધારો થઓછે. આપણા લોકો તેમાં અગત કરીને જરતોસતીઓ એ કામમાં ઘણા પાછળછે. ધરમના મકાંનો જેવાં કે આતસબેહરામ, અગીઆરી અગત કરીને વધારે રોણકદાર બાંધવી જોઈએ કે તેની ઊપર સરવે લોકોનું ધેઆન રસતામાં ચાલતી વેલાએ તરત પડે. ઈઊરોપના લોકો દેવળો બાંધવામાં સુધારો કરતા જાએછે અને જેમ રોણકદાર બનેછે તેમ કરવાની તજવીજ કરેછે. ગામડાઓમાં પણ જે દેવળો બાંધવામાં આવેછે તે પણ મોટા અને રોણકદાર બનાવવામાં આવેછે. ગામડાના દેવળોની ધપ ઘણુ કરીને ઊપલાં ચીત્રના જેવી હોએછે. એ દેવળ થોડે ખરચે રોણકદાર દીસેછે. એવાં દેવળમાં ૧૦૦૦ થી ૧૨૦૦ માણસો સેહલાઈથી બેશી શકેછે.





ઈંગલંડના લોકોએ ઘેરો તથા બંગલા બાંધવામાં થોડાં વરસમાં ઘણો સુધારો કીધોછે. "તરીજા જારજ પાદશાહાની વખતે જેવાં ઘરો ઈંગલંડમાં બાંધેઆમાં આવતાં હતાં તે કરતાં હમણા તેઓની બાંધણીમાં ઘણોજ સારો ફેરફાર થઓછે. તે વખતે છાપરાંઓ ઊપર નલીઆં ગોઠવતા હતા હવડે સલેટ જડી લીધામાં આવેછે અને તેથી તે ઈમારતની ખુબસુરતીમાં વધારો થાએછે. બાહરની દેવાલો પાલીશ કીધેલા પથરની બાંધેછે અથવા તેની ઊપર એવું પલાસટર કરેછે કે જેથી કરીને તે તેવા પથરની બાંધેલી હોએ એમ દેખાએછે. બારણા તથા બારીઓ વધારે મોટા અને વધારે સારી રીતે સણગારવામાં આવેછે. માલ વધારે પોહોલા અને ઊંચા બાંધેછે અને છાપરૂ નજરે નહી પડે તેટલા સારૂ શીલીંગથી બંધ કરી લીએછે. લંડન તથા કેમબરીજ ઈઊનીવરસીટીના કલબ-હાઊસની આકરતી અતરે આપીછે.




"આગલની બાંધવાની રીત પરમાણે દુકાનોનો આગલો ભાગ ઘણો બદસુરત રાખવામાં આવતો હતો. પણ હવડાં એ દુકાનો એવીનો ખુબસુરત બાંધેછે કે તેવા કેટલાએક દેશમાં તવંગર લોકોના ઘેર પણ સુંદર દીસતા નહી હશે. એ દુકાનોના બારી બારણા કાચના બનાવેઆમાં આવેછે અને તેથી દેખાવમાં વધારે ખુબસુરત દીસેછે."



નં૦ ૨



નં૦ ૩


નં૦ ૧

માહારૂં રેહવાનું ઘર.
શરીર તથા તેમાના ભાગો.


નં૦ ૪


નં૦ ૬


નં૦ ૫

# માહારૂં રેહવાનું ઘર.

દુનીઆંની અંદર ઘણાએક મોહોટાં બાંધકામ અને કીલલાઓછે, પણ જે ઘરમાં હું રહુંછું તેના જે વાંતો વળી થોડાંજ અજાએબ અને માહાભારત હશે. માહાભારત શા માટે ? શું તે ઘણું મજબુત અને પુરાનુંછે તે માટે, અથવા તે ઘણા મજબુત પદારથોથી બાંધેલુંછે, તે શારૂં ? ના તેમ નથી. તે ઘણું પુરાનું નથી, અથવા તે નથી ઈંટ કે પ્તરનું બાંધેલું અથવા તેમાં કાંઈ સંગારવારો સામાન નથી, તો પણ હું હીમતથી કહુંછું કે સરવેથી સારામાં સારાં ઘરોમાંનું તે એકછે. કારણ કે તેનો બનાવનાર અખુટ અકલ અને દાહાપણ વાલો કરતાછે. એમાં કોઈ ચીજ એવી નથી કે મને ઊપયોગની નહી હોએ, તો પણ માહારૂં આખું ઘર બીજા કોઈને કામ લાગી શકે નહીં.

અગર જો એ માહારા ઘરનું ખોખું જુવો તો તે એટલુ તો બેડોલ અને બીહામનું દીસશે કે તમોને તે ઊપર નજર કરવાને પણ ગમશે નહીં. વાંચનાર, તમો કેહશો કે એવાં ઘરમાં મને રેહવા ગમે નહી, પણ તમારે ખાતરીથી જાણવું જોયે કે તમારૂં ઘરનું ખોખું પણ માહારા જેવુંજછે. માટે પાસેના ચીત્રમાં (નાં૦ ૧ લા આગળ) એ ખોખું પાડેલુંછે તેની તરફ જુઓ. એ ખોખાંના થાંભ અથવા પગ ઘણા મજબુત છે અને તેના પાયામાં સરવે મલી પચીસ હાડકાંછે, જે બધા એક કમાંનની પેઠે ગોઠવાએલાંછે, જેથી તે ઘણો ભાર ખમી શકેછે. એ કમાનદાર પાયા ઊપર થામલાનો વચલો ભાગ ઊભેલાંછે, જેને આપણે નલો કહીએછે, નલામા બે હાડકાંછે, તેમાનું એક ઘણું જાડુંછે, અને તેની એક બાજુ બાહાર નીકલી આવેલીછે. એ હાડકું જાંગના મોહોટાં હાડકાં સાથે સંધાએલુંછે, તે સાંધાનું નામ ગુઠણછે. જાંગનુ લાંબુ હાડકું ભત નથી પણ તે પોકલછે, અને એ પોલાણમાં ગુદછે. હાડકું પોલું રાખવાનું કારણ એ કે તે ઘણું ભારી નહી થઈ જાએ. આએ અજાએબ જેવા ઠામ ઊપર મારૂં ઘર ઊભેલુંછે.

માહારા ઘરને તરણ મોટા ઓરડાછે, એ તરણેને જોડી નાખનાર એક લાંબો સાટકો પીઠના વચોવચમાં ઊભેલોછે. તે કાંઈ સલો નથી, પણ ૨૪ જુદાં હાડકાંનો બનેલોછે, જેથી તે દરએક તરફ વાંકો ટીકો થઈ શકેછે. પેહેલા ઓરડામાં તરણ મોહોટાં હાડકાંછે, અને તે પગનાં મોહોટા ઢાંબલાઓ ઊપરછે. એ ઓરડો પેટ, અને કુલાંની આસપાસના સરવે ભાગો શાથે સંબંધ રાખેછે. બીજો ઓરડો કટેરાવાલો પાંજરાની મીસાલેછે, અને તે ૧૨ પાંસરી ને છાતીનાં બે હાડકાં, તથા હાંસરીના બે હાડકાં મલી ૧૬ હાડકાંનો બંધાએલોછે. તરીજો ઓરડો ઘરને મથાલેછે અને તે ઓરડો બંધછે તેને માંથુ કહીએછે અને તે આઠ હાડકાંથી થયેલોછે. આ તરણ મોહોટા ઓરડા શીવાએ બીજા નાધલા ઓરડાઓ પણછે, મોહોડાંના ઊપર તમોને બે ખાડા જેવા દેખાશે તે મારા ઘરનાં ચેરાગને શારૂં બે કંડીલો (આંખ) મુકવાની જગાછે.

ઊપલું બયાન માહારા ઘરના ખોખાંનું કીધું. હવે જેમ માણસનાં બાંધેલાં ઘરને નીરૂ તથા ચુનો ચોપડી સરખું અને રોનકદાર કરેછે, તેજ પરમાણે આ માહારાં ખોખાંને પણ મારૂં માસ રોનકદાર અને રલીઆમણુ કરેછે. માહારા ઘરમાં અને લાકડાં મટોડીના ઘરમા એક મોહટો ફરકછે. માહરૂં ઘર એક જગા ઊપરથી બીજી જગા ઊપર ચાલી શકેછે, અને તેજ માટે તેના બાંધનારે તેનામાં ઘણાએક સાંધાઓ મુકીઆછે. વલી માહરા ઘરનો ટેકાવ કરવા શારૂં તેના કરતાએ બે મોહોટાં હથીઆરો જોડેલાંછે, જેને હું હાત કહુંતો ચાલે. એ હાથ તમોને ખોખાંની બેઊ બાજુએ લટકતા માલમ પડશે. હાથનો પેહેલો ભાગ એક હાડકાંનો બનેલોછે, અને તેને આપણે બાજુના હાડકાંને નામે ઓલખીએ છીએ. એ હાડકું હાંસરીના હાડકાંની આગલ ખભાંનો સાંધો કરેછે, અને તે ઊપર, નીચે, અને ચાહારે તરફ ઘણી છુટથી ફરી શકેછે. કોણીની નીચે બે હાડકાંછે, અને તેમાનું એક હાથ સાથે જોડાએલુંછે. હાથના હાડકાંની પેહેલી બે હાર ઘણા નાધલાં હાડકાંની બનેલીછે અને તેઓ કમાનની પેઠે ગોઠવાએલાંછે, પછે આંગલાના હાડકાંઓ સંધાએલાંછે, એક હાથના સઘે મલી ૨૭ હાડકાંછે.

ઘરનો બાહારનો દેખાવ પુરો થયો; અવે તેમાંનાં સાંચા તથા સામાનની થોડી વાત તમોને કહું. જેમ ખુરસી, કોચ એક ઘરમાં ગોઠવીઆં કે તે એકજ અવસથામાં પડી રેહછે, તેમ માહારા ઘરનો સામાન પડી રેહતો નથી તે દર રોજ થોડોઘણો ઘસાએછે, અને તેમજ દર રોજ બીજી તરફથી તેમાં વધારો થાએ

છે ઘણોખરો માહારો ઊપયોગી સામાન માહારા ત્રણ મોહોટા ઓરડાઓ જે આગલ બયાન કીધા તેમાં ગોઠવેલોછે. દરએક ચીજને સારૂં તેને લાએકની જગા કીધીછે, અને તેને મારાથી કોઈ પણ વખત બદલાઈ શકાતી નથી. ના૦ ૨ જાં વાલાં ચીત્રમાં જોશાતો તમોને માહારા ઘરના બે ઓરડા સઘલા સામાનથી ભરપુર માલમ પડશે.

માહરે કેહવું જોયે કે કદાચ પેહેલો ઓરડો જેનુ વરણન મેં આગળ કીધુંછે, તે આયે ચીત્રમાં તમોને જુદો લાગશે; પણ એનુ કારણ એછેજે એ ઓરડો અમના ગોશત અને પેટ સાથે પાડેલોછે. અવે એ પેટ તથા પીરૂના ઓરડામાં ઘણી અગતની વસતુઓ છે. જમના હાથ ઊપર અને પાંસરાની આગળ માહરૂં કલેજુંછે. દાહાબા હાથ ઊપર અને પાંસરાની આગળ મારી તલીછે અને એ બેઊની વચે પેટના ખારા આગળ મારૂ બાવરચીખાંનું ઈઆને મેદો "ઈસટમક" અથવા ખાંનું પકવાની જગાછે અને બે કારાબુકા અથવા ગુરદાછે, એક જમની બાજુએ કલેજાંની નીચે, અને બીજો દાહાબી બાજુએ તલીની નીચે છે. મેદો એ એક કોથલીછે, તેમાં ખાંનુ પકીઆ પછી સારો ભાગ મારા શરીરની રગો ચુશી લેછે, અને જે નજીસાત તથા કચરો રેહછે તે એક લાબણા નલમાં થઈ બાહાર નીકલેછે. એ નલના બે ભાગછે—નાધલાં આંતરડાં અને મોહોટાં આંતરડાં. મેદાના જમના છેડા સાથે નાધલાં આંતરડાં જોડાએલાંછે; એ ઘણા લાંબાંછે, અને ગુંચરૂં થઈને હુટીની આસપાસના ભાગમાં ગોઠવાએલાંછે, અને તેનો બીજો છેડો પીરૂની જમની બાજુ આગળ આવીને મોહોટાં આંતરડાં સાથે જોડાઈ જાએછે. એ જગાથી મોહોટાં આતરડાં પેટમાં ઊપર ચડેછે અને છેક કલેજાંની નજદીક આવી દાહાબી બાજુ તરફ ફરેછે, અને પછે નીચે ઊતરી પીરૂની દાહાબીબાજુએ આવી સફરો થાયછે. મેદો, કલેજું, તથા આંતરડાં ના૦ ૩ જા વાલાં ચીત્રમાં જુદાં કાહાડેલાંછે, અને તાંહાં તમોને મેદા પછી નાધલાં આંતરડાં કેમ શરૂ થાએછે, અને તે મોહોટાં આંટરડાંની સાથે કેમ જોડાએછે તે ખુલી રીતે માલમ પડેછે. મોહોટાં આંતરડાંની ચઢાણ અને ઊતરાણ એમાં બરાબર બતાવીછે, અને તેનો છેડો, કે જેને સફરો કહીએછે તે (૭) આગળછે. માહારા ઘેરનો નલ મેદાના જમના છેડાથી તે સફરાના છેડા સુધી આસરે ૩૨ ફુટ અથવા ૧૨॥ ગજ લાંબોછે. એજ પેટ તથા પીરૂના ઓરડામાં છેક નીચે મધીઅમમાં એક મોરીછે જેને ફુંકનુ કેહછે, જાંહાં પીશાબ ગુરદામાંથી તઈઆર થઈ આવી એકઠી થાએછે, અને પછે એ ફુંકનામાંથી બાહાર નીકલેછે. એ સીવાએ એ ઓરડામાં નસો, રગો, અને બીજા ભાગોછે, જેનુ બયાન હું હીઆં કરી શકતો નથી.

બીજો ઓરડો, એટલે છાતી ના૦ ૨ જાં વાલાં ચીત્રમાં ભરેલો દીશેછે. એ ઓરડા અને પેટના ઓરડાની વચે એક પરદો આવેલોછે, જેને ઠેકાણે એક સફેદ લીટી પાડેલીછે, અને એ પરદાથી બેઊ ઓરડા જુદા પડેછે. મારી છાતીના ઓરડામાં બે મુખી આ ચીજોછે. ફેફસાં અને દીલ. ફેફસાં બે છે અને તે બે બાજુએછે. દરએક ફેફસાં સાથે એક નલી લાગેલીછે, અને તે બેઊ નલી ઊપર જતાં મેલી જાએછે, અને તે મારી નડી થાએછે. એક ફેફશું તથા હવા આવવાની નલીઓ તથા તેની નાધલી શાખાઓ તથા નડી ના૦ ૪ વાલાં ચીત્રમાં સાફ દેખાશે. બેઊ ફેફસાની વચમાં અને દાહાબા આંચલની આંસપાસની જગામાં મારૂં દીલ છે, જેમાંથી લોહી સરવે જગામાં ફરી વલેછે અને જે છાતીપર હાથ મુકીઆથી આપણને ધપ ધપ થતું માલમ પડેછે. એ દીલનો આકાર ના૦ ૨ જાં ચીત્રમાં બે ફેફસાની વચે, તથા ના૦ ૫ માં છુટું ત્રીકોણ આકારમાં દેખાશે અને તેમાંથી જે બધી બાજુએ શાખા જેવી દીશેછે તે લોહી લઈ જવાની તથા પાછું લાવવાની નલીઓછે. એ મારા દીલની કોથલીમાં બે ભાગછે, એક ભાગમાં સોજુ લાલ, જીવતું લોહી રેહછે, અને તે પોલી નેશોમાંથી સરવે જગાઓ ઊપર ફરી વલેછે, અને તાંહાંથી બીજી જાતની નલીઓમાં ખરાબ થએલું લોહી, પાછું દીલના બીજા ભાગમાં આવેછે, અને તાંહાંથી તે લોહી ફેફસામાં જાએછે, જાંહાં હવાની અસરથી તે સોજું અને ચોખું થઈ પાછું દીલના દાહાબી તરફના ભાગમાં આવેછે. એ રીતે લોહી દીલના એક ભાગમાંથી નીકલી, બધા શરીરના ભાગોમાં ફરી વલી પાછુ દીલના બીજા ભાગમાં આવેછે.

અવે માહારા તીજા અને છેલા ઓરડાનું થોડું વરણન કહુંછું. એ ઓરડો તમોને યાદ હશે કે

૮ હાડકાંનો બનેલોછે અને તે બધી જગાથી બંધછે, એટલુંજ નહીં પણ ઘણાં મજબુતછે. એમાં ભેજું મુકેલુંછે, અને ભેજાં જેવી અગતની અને નાજુક ચીજને કાંઈ પણ રીતે અડચણ નહી થાએ માંટે આએ હાડકાંની પેટીને ઘણી સકત અને બંધ રાખીછે. ભેજું તમોને ૬ ઠી આકરતીના ઊપલા ભાગમાં (ગ) દેખાશે. એજ ચીત્રમાં લામબુ જાહાડના જેવું દીસેછે તે બરડાના હાડકાંની પોલાણમાં મુકાએલુંછે. એ પણ ભેજાંના જેવો અગતનોછે. ભેજાંના અંદરથી નસો નીકલેછે અને તે શરીરના સઘલા ભાગમાં પંથરાઈ ગયેલીછે. એ શાખાઓથી દરએક ભાગને અને ભેજાંને શંબંધ થયોછે; અને જેમ વીજલીના તાંરથી એક જગા ઊપરથી બીજી જગા ઊપર ખબર પોહોંચાડવામાં આવેછે, તેમ એ ભેજાંમાંથી નીકલતી નશોથી કોઈ પણ જગાની ખબર ભેજાંને મલેછે. હમના જો તમો મને હાથે લગાડોનો હું આંખ વીચીને પણ કહી શકીશ કે તમે ફલાંણા ભાગને અડકીઆ. માહરી પુંજી અને દોલત જેને હું અકલ કહુંછું તે એ ભેજાંમાંછે.

અવે હું આશા રાખુછું કે માહારા રેહવાના ઘરનો તમોને વીચાર આવીયો હશે. તે મારૂં શરીરછે. પણ તે આખું આંટલામાં થયું નથી. એ ઘરના ચેરાગો, બારો; દરવાજાઓ ચીમંનીઓ અને તે વીગરેનું બયાન હવે પછીની જોગવાઈએ આપીશું.

## જીપસી નામના ભમતા લોકો.

જે લોકોએ ઈઊરપખંડ મધે મુસાફરી કીધી હશે અથવા તે ખંડને લગતી વાતો વાંચી હશે તેઓએ એ જીપસી લોકો વીશે થોડું ઘણુંબી ગનેઆન હાંસલ કીધું હશે. એ લોકોની ઘણીએક ટોલીઓ વસેછે. એ ટોલી મધેના લોકો એક જગાએ હમેશ થાણુ કરીને રેહેતા નથી. તેઓ હમેશ એક ઠેકાણેથી બીજે ઠેકાણે ફરતા ફરેછે. જાંહાં તેઓ જઈને ઊતારો કરેછે તાંહાં એક મોટી છાવણી આવીને પડી હોએ એવો દેખાવ થઈ જાએછે. તેઓ હંમેશ તળાવ, નદી, નાણું વગેરે સારી જગા જોઈને ઊતારો કરેછે, તેથકી અંજાણા માણસને તેમની છાવણીનો દેખાવ જોવા જેવો લાગેછે. તેના મનમાં તે છાવણી જોવાની હોંસ થાએછે. ને પોતાની હોંસ પુરી પાડવાને તે છાવણીમાં દાખલ થાએછે. પણ જુઓ તેની આશા કેવી રીતે બર આવેછે? જેવો તે છાવણીના નામના સીપાહીઓ તરફ નજર કરેછે એટલે તેમને ચીથરેહાલ જોએછે અને તેઓ તેને ઘણાજ જંગલી જેવા નજરે આવેછે. છાવણી મધે ફકત મરદોજ તેની નજરે પડતા નથી. ઓરતો પણ અહીં તહીં તેના દીઠામાં આવેછે. તેઓ તડકાંથી કાળી હબસણ જેવી થઈ ગઈ હોએછે તથા શરીરે એવી જબરી દીસેછે કે જાણે અતરેનો કોઈ મેહનતુ મજુર હોએ. પણ એ જીપસી લોકો જે ઝુપડીઓમાં રેહેછે તે ઝુપડીઓ ફકત કુતરા જેવા જનાવરને જ રેહવા લાએક હોએછે. વલી એઓ મરદ અને ઓરત બંને, એવાંતો મેલાં અને ગંદાં હોએછે કે તેમને હાથ લગાડવાનુંબી કોઈને ગમતું નથી.

પણ આટલું લખેઆ પછી, બાઈઓ, કદાચ તમારા મનમાં સવાલ ઊઠતો હશે કે એઓ જારે આવી તરેહના લોકોછે તારે તેઓ પોતાનું ગુજરાણ કેમ ચલાવતા હશે? હા એ સવાલ કુદરતીછે અને તેઓ પોતાનું પેટ ભરવાને માંટે જે ઊપાએઓ કરેછે તે ઘણાજ અજબ જેવા તથા રમુજ ઊપજાવનારાછે. પણ તેની હકીકત જણાવેઆની અગાડી એટલું જણાવવું જોઈએછે કે આપણા હીંદુસથાન દેશના લોકો જેમ જાદુ, ભુત, કીમીઆ નજરબંદી, અને જોશી વીદીઆના વેહેમમાં પડેઆછે તેમ ઈઊરપખંડ મધે પણ ઘણા લોકો તે વેહેમથી મોકલા નથી કેટલાએક જીપસી લોકો તો અતરેના ઠગારા જોશીઓની પેઠે ભોલા લોકોના હાથ જોઈને તેમના નશીબની વાતો જણાવી તેના બદલામાં કાંઈ પઈસા કહડાવેછે. બીજા કેટલાએક જીપસી લોકો અતરેના જાદુગરોની પેઠે હાથચાલાકીના અખતરા કરી લોકોને જાદુને નામે ઠગીને ગુજરાન કરેછે. બીજા કેટલાએક જીપસી લોકો અતરેના ખીસાં કાતરૂઓની પેઠે ભીડમાં લોકોના ખીસાં કાતરીને ગુજારો ચલાવેછે. બીજા કેટલાક જીપસી લોકો અતરેના સુંધાન ચોરોની પેઠે ઘણીજ ચાલાકીથી મોટી નાહાની ચોરીઓ કરી થોડા અથવા ઘણા મહીના સુધી પોતાની ટોલીને ગુજરાન ચાલે એટલું ચોરી લાવેછે. તેઓ પઈસાની અથવા જરીઆનની ચોરી કરેછે એટલુંજ નહી પણ પાલણામાં સુતેલાં

નાહાનાં બાલક અથવા રસતામાં ફરતાં અણસમજ છોકરાંઓનેબી ઊપાડી જાએછે.

ખીસાં કાતરવાને અથવા ચોરી કરવાને તેઓ જબરી તાલમેલ લગાડેછે. તેઓ પોતાની ટોલીમાં હમેશ એક બે સુંદર દેખાતી છોકરીઓને ગાવાનું શીખવેછે. મારે તેમની ટોલી જારે કોઈ ગામમાં જાએછે તારે તે છોકરીઓ જઈને કોઈ જાહેર રસતા ઊપર ગાવા બેસેછે તે સાંભલવા મારે ઘણાએક લોક એકઠાં થાએછે એટલામાં તેઓ પોતાના બે (જીપસી) છોકરાઓને સારાં કપડાં પેહેરાવી ગાએન સાંભલનારાઓમાં મોકલી દેછે. તેઓ પોતાના હાથમાં કાતર લેઈ ગાયેલ રહેલા લોકોના ખીસાં કાતરી તેમાંથી મલતા પઈસા જલદીથી પોતાને ઠેકાણે મોકલાવી દેછે. એ ચોરીનું કામ કરતાં કોઈ વખત કોઈ છોકરો પકડાએતો તેને જે સજા કરવામાં આવે તેની તેઓ કાંઈ દરકાર કરતા નથી.

ચોરીને મારે વલી એના કરતાં પણ તેઓ વધારે તાલમેલ લગાડેછે. તેઓને જારે કોઈ મોટાં ઘેરમાં ચોરી કરવી હોએછે તારે તેઓ પોતાની ટોલી મધેની એક બે સારી દેખાતી છોકરીઓને તે ઘેરની બાહાર બેસી જાણે ઘણીજ આજારી હોએ અથવા તેઓને કોઈ ચંડાલોએ રસતામાં ખુબ મારી હોએ તે પરમાણે રડીને ભારે ઢોંગ કરવાનું કેહેછે. એ થકી ઘેરના માણસોને દએઆ ઊપજેછે તથા તેઓને પોતાના ઘેરમાં દાખલ કરેછે. એવી રીતે એ છોકરીઓ દાખલ થઈ એટલે તેઓ રાતના સઘલા લોકો સુતા પછી પોતાની ટોલીના જીપસીઓને મારે ઘેર ઊઘાડેછે. તેઓ પોતાથી બનતી ચોરી કરી પેલી છોકરીઓને લેઈ ચાલતા થાએછે.

એ જીપસી લોકો અસલ ઈઊરોપના વતની નથી. તેઓએ પાંચસો વરસ ઊપર ઈઊરોપમાં દાખલ થતી વખતે એવુ જણાવીઊં હતું કે તેઓ ઈજીપટ (મીસર) દેશના પાદશાહી ખાનદાનનાછે અને તેઓની ઊપર બીજા રાજાએ જુલમ ગુજારવાથી તેઓને પોતાનું દેશ છોડી ઈઊરોપખંડ મધે આવવું પડીઊંછે. એ ઈજીપટ દેશ ઊપરથી તેમને "જીપસી" એવું નામ આપવામાં આવીઊંછે. એ લોકોએ એવું પાદશાહી ઓલાદનું બાહાનું કાહાડીઊં હતું તેથી તેઓ કેટલાક વરસ સુધી પોપ તથા તે ખંડના જુદા જુદા રાજાઓની પાસેથી દેશમાં ફરવાને બાહાને પરવાંના લઈને ખાનગી રીતે ચોરી તથા લુટ ચલાવતા હતા, પણ અંતે એ લોકોને કેથે પણ ફરવા નહીં દેવા મારે સઘલા રાજાઓને પોતાના કારભારીઓ ઊપર સખત તાકીદ લખવી પડી હતી.

એ લોકો પોતે ઈજીપટથી આવેલાછે તથા તાંહાંનાં પાદશાહી કુટંબથી ઊતરેલાછે એમ જણાવતા હતા, પણ તેઓની જુબાનના બોલો આપણી હીંદી જુબાનને એટલાતો મલતા આવેછે કે અતરે આવેલા ઈંગરેજો જીપસીઓની સાથે હીંદુસથાની બોલેછે તો ઘણીએક વેલા તેઓ સમજી શકેછે. વલી એ જીપસીઓની રીત ભાંત તથા ચાલ ચલણ આ દેશ મધે ફરતા નટ તથા બાજીગર લોકોને એટલી બધી મલતી આવેછે. કે એ જીપસીઓ હીંદુસથાન મધેથી ઈઊરોપ ખંડ મધે ગએઆ હોએ તથા તાંહાં પોતાની હલકી હાલત છુપાવવાને ઈજીપટના પાદશાહી ખાનદાનનું બાહાનું કાહાડીઊં હોએ એવું ખાતરીથી ધારવામાં આવેછે.

## દારૂ.

પરથવીના સઘલા રેહવાંશીઓનો વીચાર દારૂ પીવા વીશે એક સરખો નથી. કેટલાએક લોકો દારૂ અથવા બીજી કાંઈબી કેફની ચીજ ખાવાને હરામ સમજેછે. વલી બીજાઓ એટલે દરજજે પીએછે કે આપણે તેઓના પેટને એક દારૂની વખાર તરીકે સમજીએતો ચાલે. વીદવાંન તબીબો દારૂ વીશે એવો અભીપરાએ આપેછે કે એ વસતુ જુવાન, અને તનદુરસત માણસને કામની નથી. પણ જેમ બચાંને દુધ અગતનુંછે, તેમ બુઢા અને નબલા માણસને દારૂ ફાએદેમંદછે; અથવા બીજા બોલોમાં બોલીએતો દારૂ જુવાન અને તંદુરસત માણસને જેહેર મીસાલેછે, પણ નાતવાન બુઢાઓને પોશન કરનારૂં દુધછે. દરએક જાતના દારૂની અંદર એક સાધારણ ચીજ આવેછે, જેને અંગરેજીમાં "આલકોહોલ" કેહેછે અને એ "આલકોહોલ" ના પરમાણ મુજબ દારૂ તેજવાલો હોએછે. એ ચીજ જાતે ઘણી જેહેરીછે, અને જો તે ઘણી પીધામાં આવીતો માણસના જાનને કબજ કરેછે. માંટે કોઈ પણ કારણે દારૂ ઘણો પીધાથી સુખાકારી ઊતપન થ

તી નથી. કેટલાએક છાકટાઓ મગરૂબીથી કેહછેજે "કાંહાંછે, અમો આટલો દારૂ પીજીએછે તે છતાં હમો ને કાંઈ પણ રોગતો થતો નથી ?" પણ તેઓએ સારી પેઠે જાણવું જોઈએ કે છાકટાઓની જીંદગી હમેશાં ટુંકી હોએછે, એવું જે દેશમાં ઘણો દારૂ વાપડવામાં આવેછે તાંહાં થતાં મરણ ઊપરથી ખુલું સાબેત થાએછે. એક ડાકટર એવું કેહછે કે એક વકતે લંડનમાં "મરતીઊકની ટીપ તપાસવા ઊપરથી સાબેત થયું હતું કે ૨૧ વરશની ઊપરના માણસો જેટલાં મરેછે તેનો આઠમો ભાગ ઘણો દારૂ પીનારાઓનોછે."

એક માણસ કેટલો દારૂ પી શકેછે તેનો વીચાર આપવાને આએ દાખલો ખસછે. એક અંગરેજે ૧૮ વરશની ઊમરથી દારૂ પીવાને શરૂ કીધું, અને દરરોજ વધતો વધતો પીતો ગયો. એ પરમાણે તેણે ૩૨ વરશ સુધી પોરટ દારૂ પીઆ કીધો, અને તે ૫૦ વરસની ઊમરે મરણ પાંમેઓ. હસાબ કાહાડતાં એવું માલુમ પડીઊં કે ૩૨ વરશની મુદતમાં તેણે ૩૫૬૮૮ બાટલી, અથવા આસરે ૧૩૩૯ મણ પોરટ દારૂ પીધો હતો. સાદી તરીરાસીથી ગણતરી કરતાં માલમ પડેછે કે દર વરશે ૧૧૧૫ા બાટલી અથવા દર મહીને ૯૩ બાટલીને આસરે તેણે ખપાવીઓ હતો, એટલે દર રોજ ૩ બાટલીથી જરા વધારે પડીઓ. ખરેખર જે જગામાં દર વરશે એક હજાર એકસો સવાપંદર બાટલી જાએ તે કાંઈ નાધલી જેવી દારૂની વખાર કેહવાએ નહી !!!

—

## સખત ઉનાલા.

યુરપખંડનાં કેટલાંક મુલકોમાં જોકે બારેમાસ તાહાડ ને દવ પડેછે, ને જે જગાઓ ઊપર સુરજના તડકાં જેવી ચીજ ઘણીખરી જોવામાં આવતી નથી તેવી જગા ઊપર પણ કેટલીકવાર એવાતો સખત ઊનાલા પડીઆછે કે જેથી ઘણીજ ખરાબી થઈછે, તેવા કેટલાક બનાવોની ઈઆદી એક ઈંગરેજી ચોપાનીઆમાં જોવામાં આવેછે. તે ઊપરથી માલુમ પડેછે કેઃ—

૭૬૩ ના સાલમાં જે ઊનાલો પડીઓતો તેથી નદીના સઘળા ઝરા સુકાઈ ગએઆ હતા.

૮૭૦ ના સાલમાં એટલોતો ટપોરો પડીઓતો કે તેથી ખેતરમાં વાવણી કરનારાઓ બીચારા જમીન દોસત થઈ પડતા હતા.

૯૯૩ ના તથા ૯૯૪ ના સાલમાં એટલી ગરમી પડીતી કે જેથી અનાજ અને ફળ સઘળાં સુકાઈને બળી ગએઆં હતાં.

૧૦૦૦ ના સાલમાં જરમની મધે એટલોતો તાપ પડીઓતો કે ઠેકાણે ઠેકાણેનાં પાણીના સરોવરો સઘળાં સુકાઈ ગએઆં હતાં, અને પાણીનાં માછલાં પાણીવના કાદવમાં ડટાઈ જતાં હતાં ને જેથી તે જગા ઊપર ગોએઆ મરકી ચાલે એ મુજબ ગંધ આવવા માંડતીહતી.

૧૦૨૨ ના સાલમાં જે સખત ઊનાલો પડીઓતો તેથી માણસો ને પશુ ઢોરો સઘળાં એક સરખી રીતે ટપોટપ મરણ પામતાં હતાં.

૧૧૩૦ ના સાલમાં જમીન એટલીતો સુકાઈ ગઈતી કે ગોએઆ પાણીનો દુકાલ પડીઓ હોએ, ને વળી તે એટલે સુધી કે નદી નાલાંનાં પાણી સુકાઈ ગએઆં હતાં ને તેમજ રાહીન નદીનાં પાણી પણ સુકાઈ ગએઆં હતાં.

૧૧૫૯ ના સાલમાં ઈટલી મધે બેએ મહીના પછે વરસાદનું એક ટીપું પણ પડીઊંતું નહી.

૧૧૭૧ ના સાલમાં જરમનીમાં બેહદ ગરમી પડી હતી.

૧૨૩૨ માં એટલીતો ગરમી પડીતી ને તેમાં જરમનીમાં એટલોતો તાપ પડીઓતો કે લોકો જમીનમાં રેતીમાં ઈંડાં ભુંજી કાહાડતા હતા.

૧૨૬૦ ના સાલમાં હુંગરીના ઘણાખરા લડાએક શીપાઈઓ બીઊડાની લડાઈ વખતે ફકત ગરમીને લીધેજ મરણ પામીઆ હતા.

૧૨૭૬ ને ૧૨૭૭ એ સાલોમાં એટલોતો તાપ પડીઓ હતો કે બીચારાં જાનવરોને મુદલ ચારો મલી શકતો ન હતો.

૧૨૯૩ ને ૧૨૯૪ એ વરસોમાં સખત તાપ પડીઓ હતો; તેમજ ૧૩૦૩ ને ૧૩૦૪ એ સાલોમાં પણ બહુજ તાપ પડીઓ હતો જેથી રાહીન અને ડાનીઊબ જેવી નદીઓના પાણી સુકાઈ ગએઆં હતાં.

૧૩૩૨ ના સાલમાં અનાજનાં ખેતર ને દરાખના માડવા સઘળા બળી ગએઆ હતા.

૧૩૯૩ ને ૧૩૯૪ એ બે વરસોની ગરમી અતીઘણી સખત ગણવામાં આવેછે.

૧૪૪૭ નો શિનાલો ઘણોજ સખત ગણાએછે.

૧૪૭૩ ને ૧૪૭૪ એ બે વરસોમાં તો તપોટો એટલો પડીઓતો કે ગોએઆ આખી દુનીઆમાં આગ પેઠી હોએ. હંગરીમાંતો કોઈ માણસ સેહેલાઈથી ડાનીશિબ નદીમાંથી ચાલી જઈ તે પાર કરી શકે એવી રીતે તે નદીનાં પાણી સુકાઈ ગએઆં હતાં.

૧૫૩૮, ૧૫૩૯, ૧૫૪૦ ને ૧૫૪૧ આ ચાર વરસોમાં ઘણોજ સખત ટપોટો પડીઓ હતો, જે વેળાએ કેટળીક નદીઓનાં પાણી સુકાઈ ગએઆં હતાં.

૧૫૫૬ માં એટલોતો શિનાલો પડીઓ કે દુજતા સઘળા ઝરા સુકાઈ ગએઆ ને તેથી અનાજના ભાવમાં આઠ ઘણો વધારો થઈ પડીઓ.

૧૬૧૫ ને ૧૬૧૬ એ બે વરસોમા ઘણીજ ગરમી પડી ને કેહેછે કે એ શિનાલાની અસર આખા ઈશિરપખંડ શિપર થઈ હતી.

૧૬૪૬ માં બેહદ ગરમી પડી હતી.

૧૬૫૨ માં અતીઘણી ગરમી પડી હતી ને કેહેછે કે સકાટલંડમાં અગાશિ કદી નહી પડેલો એવો શિનાલો એ સાલમાં માલુમ પડીઓ હતો. તેજ વરસમાં તે ઠેકાણે આખા સુરજને ઘરણ લાગું હતું.

૧૬૯૭ માં પણ ભારે ગરમી અને તાપ પડીઓ હતો.

૧૭૦૦ ના સાલમા પણ સખત ને નહી ખમી શકાએ એવો ટપોટો પડીઓ હતો ને તે મુજબ તરણ વરસ સુધી ગરમી ચાલુ રહી હતી.

૧૭૧૮ માં જે ગરમી પડીતી તેથી આખો ઈશિરોપખંડ જાણે સુકાઈ ગએઓ હોએ એવી રીતે લાગતું હતું. મોસમ એટલીતો ગરમ કે પારીસ-શેહેર જાંહાં દરરોજ નાટકશાલાઓમાં નાટક થતા હતા તે ગરમીને લીધે એકદમ સઘલા બંધ રાખવા પડીઆતા. કેહેછે કે એ વરસમાં લાગટ નવ માસ સુધી વરસાદનું એક ટીપું પડીશિંતું નહી, જેથી કરીને તમામ નદી નાલાનાં પાણીઓ સુકાઈ ગએઆં હતાં. તારપછેના વરસમાં પણ એવીજ સખત ગરમી ચાલી હતી. અનાજના છોડ ને ઘાસ સઘલુ બલી ગએશિં હતું; ને એજ ગરમીના પરતાપથી કેટલેક ઠેકાણે ફલના બણે તરણ તરણ પાક શિતરીઆ હતા.

૧૭૨૩ તથા ૧૭૨૪ ના બંધે સાલોમાં પણ ભારે ટપોટો પડીઓ હતો.

૧૭૪૫ ના સાલમાં બેહદ ગરમી પડી હતી, પણ તારપછેના વરસમાંનો છેકજ આકર વીકર ને કચવ્રાટ થાએ એવો તાપ પડીઓ હતો, કેટલાક માસ સુધી વરસાદનું ને દવનું ટીપું જણાઈશિંતું નહી, ઝાડો સુકાઈ તેનાં પાતરાં કરમાઈ નીચે પડતાં હતાં. એ વરસમાં આખા ઈશિરપખંડમાં ઈશવર પરારથનાનો એક દાહાડો મુકરર કરી તમામ શેહેર ને ગામડાંઓનાં તમામ દેવલોમાં બંદગી કરવામાં આવી હતી કે તે ઠેકાણે થોડો ઘણોબી વરસાદ વરસે.

૧૭૪૮ માં પણ અતીશઆ ગરમી પડી હતી. તેમજ ૧૭૫૪ ના સાલમાં પણ કાંઈ ઓછો તાપ પડીઓ હોએ એવું નથી. ૧૭૬૦, ૧૭૬૧ ને ૧૭૬૩ એ તરણ સાલોમાં પણ તોબા બોલાવે એવી ગરમી પડી હતી. ૧૭૭૪, ૧૭૭૮ અને ૧૭૭૯ એ તરણ વરસો પણ ભારે કચવચનાં ગુજરેલાં જણાવવામાં આવેઆંછે. તેમજ ૧૭૮૮ માં પણ બેહદ ગરમીનું જોરં થઈશિં હતું ને એજ પરમાણે ૧૮૧૧ ના સાલમાં પણ બેહદ તાપ પડીઓ હતો, તથા એજ વરસમાં એક ધુમકેતુ પણ નજરે પડીઓ હતો.

---

## આસપાસ જોવાની જરૂર.

કાબેલ અને અકલવાલાં માણશો વખતની કીમત જાણી, કોઈ પણ વેલા નકામાં બેસતાં નથી, પણ ફુરસદના વકતે પોતાની આસપાસ શું બનેછે તેનો વીચાર કરેછે, અને નજીવા કારણ શિપરથી પોતે નસીઅત પકડેછે. ઈસકાટલંડ દેશનો સુરો રાજા "રોબરટ બરૂસ" પોતાના દેશ.સારૂં અંગરેજો સાથે લડતાં એટલી વેલા હારી ગયો હતો, કે હવે પોતાનું રાજ વધારેવાર ટકશે નહીં એવો સંતાપ કરતો હતો. એક રાતરે એક વીસવાસુ ગામડીઆના જુપડામાં તેને સુવું પડીશિં. સવારના સજાગરૂ થયો અને હજુતો તેનુ માથું ઘાંસના તકીઆના શિપરછે, એવામાં તે જુપડાના છાપરાના ભરવટીઆ શિપર એક કરાડીઆને ચડતાં જોયો. પણ તે પરાણી તરત જમીન શિપર પડીઓ. પેલા કરાડીઆએ બીજીવાર ચડવાને યતન કીધું, પણ તે નીશફલ ગયું. તરીજીવાર પણ તેજ પરમાણે થયું, અને એ કરાડીઓ બાર વખત શિપર ન

ડવા ગયો, પણ તે ખધી વેલા પાછો જમીન ઊપર પડીઓ. કદાચ વાંચનાર આઓ વાંચીને કંટાલશે કે ૧૨ વકત ફરી ફરી કોણ યતન કરે, પણ આઓ નાધલું પરાણી કંટાલીઓ નહી, અને ૧૩ મી વકતે તેણે ઊપર જવાને જોર કીધું, તેમાં તે ફતેહ પાંમીઓ. આઓ સઘલું પેલો બાહાદુર પાદશાહ જોયા કરતો હતો, તે પોતાના બીછાના ઊપરથી ચોકી ઊઠીઓ અને બોલવા લાગો કે "આઓ તુછ પરાણીઓ મને આ ગરહ કરતાં શીખવીઓછે, હું તેનો દાખલો લઊં ! હું પણ એ જાંનવરની મીસાલે ઘણી વકત હારીઓછું, અને એક લડાઈના ઊપર હવે મારૂં સઘલું દેશ આધાર રાખેછે." થોડા દાહાડામાં તેણે ૧૩ મી લડાઈ કીધી અને તેમાં તે અંગરેજો ઊપર ફતેહ પાંમીઓ.

## પરચુરણ બાબદો.

**વાણીઆ ગત**—અસલ એક મુસલમાની દેશી રાજમાં એક શખસને ચોરી કરવા માટે તે રાજના શીરસતા મુજબ તે શખસના હાથ કાપવાની સજા કરવામાં આવી, તે વખત એક વાણીઓ કારભારી આવેઓ તેને પણ પેલા ચોરે એક વખત દગો દીધો હતો તેથી પેલા વાણીઆએ તેની ઉપર દએઆ લાવીને હાથ કાપનારા માણસોને ફરમાવીઉં કે "હાથ કાપી નાખશો તો બાપડો ખાશે શેને ? એને બદલે બાપડાનું માથું કાપી નાખોતો સારૂ" એ વાણીઆ કારભારીના કેહવાને હમેશ વધારે વજન આપવામાં આવતું હતું તેથી પેલા ચોરના હાથ કાપવાને બદલે તેનું માથું ઉડાડી નાખવામા આવીઉ.

**એક લોભીનો લોભ**—એક વખત એક વીદવાન સખાવત વીશે ભાશણ કરતો હતો અને તેમાં તે સખી થવાના ફાએદા સમજાવતો હતો; પણ એટલામાં એક લોભીઓ હતો તે બોલી ઉઠીઓ કે "અગર તું સખાવતના ફાએદા ખરેખર સમજતો હોગેતો જોઉં અને દરદછે તે માટે એક બે રૂપીઆ આપતી" પેલા ભાશણ કરતાએ હસીને કહીઉં કે ભાઈ તારૂં (લોભ રૂપી) દરદ મારા એક અથવા બે રૂપીઆથી કદી મટનાર નથી.

**વખતની કીમત**—જેમ પઈસાની કીમત બુજવી જોઈએછે તેમ વખતની કીમત પણ બુજવી જોઈએછે, કારણ કે વખતનો સારો ઉપીઓગ કીધાથી પઈસા પેદા થાએછે અને જે માણસ વખતની કદર બુજતો નથી તે પઈસાની કદર પણ બરાબર પીછાની શકવાનો નથી.

**રેશમ ઊપરથી ચીકટ દાઘ કેમ કાહાડવા ?**—બે અઉંસ લીંબુનો એમેનસ (અરક) તથા એક અઉંસ ટરપીટનનું તેલ એકડાં કરીને સીસીમાં ભરી રાખવા તે રેસમી લુગડા ઉપર જારે ઘી અથવા તેલનો દાઘ પડે તારે તેની ઉપર નરમ હાથે ઘસવું.

**આંધલા કારીગર**—દુનીઆ મધે ફરાંસની રાજધાની પારીસ ઘણુ મોજીલુ શેહેર ગણાએછે. તથા તાંહાંનાં લોકો ગાએનનો મોટો શોક ધરાવેછે. હાલ એ શેહેર મધે ૪૦ આંધલા શખસછે તેઓ આરગન વજાડવામા ઘણાજ એકા કેહેવાએછે.

**પડતાં પણ આવડે ખરૂં**—એક જુઆંન શખસ ઘોડા ઉપર અસવારી કરવા શીખતો હતો તે એક દાહાડે ઘોડો દોડાવતા ઘોડા ઉપરથી પડી ગએઓ. પણ તેને કાંઈ ઈજા થઈ નહી; અને ઘોડો પોતાની રીત મુજબ, પોતાને તબેલે દોડીને જતો રહેઓ. એ વાતની ખબર પેલા જુઆન શખસને ઘેર પડવાથી તેના ચાકર નોકર તેની મદદે આવેઆ એક જાણાએ પુછીઉં કે "શેઠ તમને તો લાગુ હશે" ? તેના જવાબમાં તેણે કહીઉં કે "ના ભાઈ, ભગવાનની બલાઈએ કાંઈ લાગુ તો નથી." તારે બીજાએ આશચરીઅ પામીને કહીઉં કે "ઘોડા ઉપરથી પડી ગએઆ અને લાગુ નહીં એતો અજબની વાત" પણ તરીજો મશકેરો હતો તે જલદીથી બોલી ઉઠીઓ કે "ભાઈ, આપણા શેઠને ઘોડા ઉપર બેસતા તો આવડતુ નથી; પણ ઘોડા ઉપરથી પડતાં ઘણુ સારી રીતે આવડેછે, તે સબબેજ એમને કાંઈ લાગુ નથી. બાકી જો એમ આવડતુ નહોતે તો હાડકાં ભાગી ગએઆ હોત."

**દુનીઆની વશતી**—પરૂશીઆની રાજધાની બરલીનના વાસી ઉડીએતરીખ નામના એક વીદવાને દુનીઆની વસતી વીશે હાલ શોધ કરીને અટકલો કાહાડેઓ છે તે ઉપરથી માલુમ પડેછે કે દુનીઆની વસતી હમણા ૧,૨૮,૮૦,૦૦,૦૦૦ (એક અબજ, અઠાવીસ કરોડ તથા એસી લાખ) નીછે. તેમા ૩૩૫૦૦૦૦૦૦ (તેતરી કરોડ ને પચાસ લાખ) ખરીસટી તથા ૬૦૦૦૦૦૦૦૦ સાઠ કરોડ એશીઆખંડ મધે ચાલતા ધરમ પાલનારા લોકો તથા ૧૬૦૦૦૦૦૦૦ સોલ કરોડ મુસલમાન તથા ૨૦૦૦૦૦૦૦૦ વીસ કરોડ પરચુરણ ધરમ પાલનારા તથા ૫૦૦૦૦૦૦ પચાસ લાખ ઈઆઉદીને આસરે ગણાએછે.

**ગરમ થઈને પાણી પીવું નહીં**—ઈંગલંડ મધે વીલટ શાએરમાં એક શખસ મજુરી કરીને પરસેવાથી ગરમ થઈને બીજી ગએઓ હતો અને એજ હાલતમાં આસરે દોહોડ સેર પાણી પી ગએઓ તેથી તેજ પલે તેનું મરણ નીપજીઉં. એવી રીતે ગરમ થઈને પાણી પીધાથી શરીરનું ઘણએક લોહી એકઠુ થાએછે અને તેના જોરથી લોહીની નલી ફાટી પડેછે અને માણસનું મોત ઉપજેછે. આ ઉપરથી શીખામણ લેવી જોઈએછે જે જારે બાહારથી આપણે ઘણુ ચાલીને થાકી આવેઆ હોઈએ અથવા ચાર પાંચ દાદર ઉતાવલમાં ચડીને હાંફી ગએઆ હોઈએ અથવા ઘણી મેહેનત કરીને

પરસેવે ભીજી ગએઆ હોઈએ તારે આપણે તરત પાણી પીવું જોઈએ નહીં.

---

**વખત અને વીર** (ભરતી ઓટ) માણસને માટે ક દી પણ ઓટી રેહેતા નથી. માટે જે શખસે વખતનો સા રો ઉપીઓગ કરવો હોએ તેણે આ સાદી શીખામણની ઉ પર ઘણુંજ ધેઆન આપવું જોઈએછે.

---

**કવાએદ કરનારો શીખવેલો કુતરો**—ઈંગલંડ મ ધે આલડરશાટની છાવણી મધેની પાદશાહી તોપખાતાની રીજમીંટના એક સારજંટ પાસે એક મોટો (ઈસપાનીઅલ જાતનો) કુતરોછે તે જે કવાએદ કરેછે તે ખરેખર અજાએ બ જેવીછે. એ કુતરાને જે પરમાણે હુકમ કરવામાં આવે છે તે પરમાણે તે હલુ હલુ અથવા ઉતાવલથી અથવા બમ ણે દગલે ચાલવા માંડેછે. આવી રીતે ચલાવેઆ પછી તે (કુતરા) નો ધણી તેને જુદી જુદી રીજમીંટોની હુશીઆરી વીશે પુછેછે અને જારે "રાએલ આરટીલરી" એટલે પા દશાહી તોપખાતાંનું નામ આવેછે તારે તે ખુશીના ખુબ અ વાજ કાહાડેછે અને નાચવા મંડી જાએછે. પછી તેને જુ દા જુદા રાજાઓને સલામતી આપવાનું પુછેછે તેમાં પણ ઈં ગલંડની આપણી માએઆલુ તથા નામાકીત રાણી વીકટો રીઆનુ નામ આવેછે તારે ઘણોજ ખુશીયો ભોંસેછે અને નાચવા દોડેછે.

---

**વીજલીના તારમાં સુધારો**—હાલ વીજલીના તા રની મારફતે પા અથવા અરધા કલાકમાં હજારો કોસ ઉપર આપણે સંદેશા મોકલીએછે. પણ એ તારની ગોઠવ ણમાં હાલ સુધારો થવાની આશાછે અને તે જો બરાબર પા ર પહોંચોતો હજારો કોસ ઉપર માણસ જરાવારમાં પોતાના અખેર પણ મોકલી શકશે તે એવી રીતે કે એક જગાએ બે સીને એક શખસ કાગલ લખેતો તે કાગલ પાસેની અથવા હજારો કોસ દુરની જગા ઉપર વીજલીના તારના સાંચાની મારફતે પોતાની મેળે છપાઈ રેહેશે.

---

**જગાની કીમત**—મુંબઈ મધે અને તેમાં અગત ક રીને કોટેકોટ એક ચોરસવાર જગાની કીમત હાલ ૭૫ (પોણાસો) રૂપીઆ ગણાએછે અને લંડન મધે એટલીજ જ ગોની કીમત તેના કરતાં ચાર ઘણી એટલે ૩૦૦ રૂપીઆની ગણાએછે. વલી લંડનની વસતી પણ મુંબઈ કરતાં ચાર ઘણી વધારેછે.

---

## સંસાર સુખ માંગવાની ગરબી.

"મા પાવે તે ગઢથી ઉતરયાં, મા કાળીરે"
એ રાગનીછે.

સંસાર વીષે બહુ સુખ, ઈશવર આપોને;
દીલડાનાં ટાળી દુખ, કુમતી કાપોને. ૧.
સઉ સંબંધીમાં સંપ, ઈશવર આપોને;
વળી જીવમાં આપી જંપ, કુમતી કાપોને—૨.
ભણવા ગણવાનું ભાણ, ઈશવર આપોને;
ગુણવંતું આપી ગ્નાન, કુમતી કાપોને. ૩.
કોડીલો રૂડો કંથ, ઈશવર આપોને;
વળી પવીત્ર આપી પંથ, કુમતી કાપોને. ૪.
ઘરડો સસરો ઘરમાંહી, ઈશવર આપોને;
કંકાસ ન ઉપજે કાંહી, કુમતી કાપોને. ૫.
સાસુ ગંગા જળ શુદ્ધ, ઈશવર આપોને;
વીચરૂં નહી વચન વીરૂદ્ધ, કુમતી કાપોને. ૬.
જશવંતો રૂડો જેઠ, ઈશવર આપોને;
હરવા મઝીયારો હેઠ, કુમતી કાપોને. ૭.
જેઠાંણી કેરી જોડ, ઈશવર આપોને;
કરવાને પુરા કોડ, કુમતી કાપોને. ૮.
દીયર દીલનો દરીયાવ, ઈશવર આપોને;
દેરાણી રાણી રાવ, કુમતી કાપોને. ૯.
નાની નણદી નણદોઈ, ઈશવર આપોને,
જીવમાં હરખું હું જોઈ, કુમતી કાપોને. ૧૦.
પીયારી પુત્રી ને પુત્ર, ઈશવર આપોને;
સારૂં ચાલે ઘરસુત્ર, કુમતી કાપોને. ૧૧.
વળી વેવાઈ ને વેવાણ, ઈશવર આપોને;
સદગુણ વાળાં સુજાણ, કુમતી કાપોને. ૧૨.
સજન ને શુદ્ધ જમાઈ, ઈશવર આપોને;
દો કરોતણી કમાઈ, કુમતી કાપોને. ૧૩.
ઘાટડીઆળી ઘેર વહુ, ઈશવર આપોને;
દઈ બાળક બીજાં બહુ, કુમતી કાપોને. ૧૪.
અધીકો નીતીયે ઉદીયોગ, ઈશવર આપોને;
રૂદીયાના ટાળી રોગ, કુમતી કાપોને. ૧૫.
સારી સાહેલી સંગ, ઈશવર આપોને;
આપી અધીકો ઉમંગ, કુમતી કાપોને. ૧૬.
વળી નીરભય નગરે વાસ, ઈશવર આપોને;
આંગણીયે દઈ ઉજાસ, કુમતી કાપોને. ૧૭.
દીવાળી જેવા દીન, ઈશવર આપોને;
દઈ ઉછવ નીતીય નવીન, કુમતી કાપોને. ૧૮.
હઈડામાં હુંશ ને હરશ, ઈશવર આપોને;
વધતા તે વરશો વરશ, કુમતી કાપોને. ૧૯.
પ્રભુ ભગતીમાં પણ ભાવ, ઈશવર આપોને;
કદી બને ન જુઠ બનાવ, કુમતી કાપોને. ૨૦.
પરીપુરણ તમારો પીયાર, ઈશવર આપોને;
આપી અમને આધાર, કુમતી કાપોને. ૨૧.
લોકોમાં રૂડી લાજ, ઈશવર આપોને;
વળી આપી અખુટ અનાજ, કુમતી કાપોને. ૨૨.
વળી સુધરમમાં વીશવાશ, ઈશવર આપોને.
કાઢીને સકલ કચાશ, કુમતી કાપોને. ૨૩.
અંતરથી માગે આમ, ઈશવર આપોને;
દીનતાથી દલપતરામ, કુમતી કાપોને. ૨૪.

---

# સ્ત્રીબોધ.

પુસ્તક ૫ મું. ડીસેમબર ૧૮૬૧ આંક ૧૨ મો.


## ઈરાંની સોદાગર.

—∞—

નાટક, અંક તરીજો.

પાત્ર.

તેહેરાન શેહેરનો અમીર.
ફ્રેદુન .. .. .. ઈરાંની સોદાગર.
નોશીરવાન.. .. ફરેદુનનો દોસ્ત
ગેવ, તુસ, બાબક ફરેદુન તથા નોશીરવાનના દોસ્ત.
મીલ્લાદ .. .. એક વીઆજખોર સોદેર.
ફરસોવજ .. .. મીલ્લાદનો દોસ્ત.
ફીરોજશાહ .. } ગુલનાર સાથ નીકા કરવાને ઉમેદવાર શખસો.
જાંહાંગીર.. .. }
ગુલનાર .. .. શીરાજ શેહેરની એક તાલેવત ઓરત.
હોમાઓ .. .. ગુલનારની દાસી.
મરીદોખત .. મીલ્લાદની છોકરી.
માહુઆર.. .. પરીદોખતને કાહાડી લઇ જનાર.
બીજા ચાકર નફરો તથા દરબારનાં માણસો.

—

(ઠેકાણું—કોઇવાર તેહેરાન અને કોઇવાર શીરાજ)

પ્રવેશ ૯.

(તેહેરાન સરજમીન—સરીઆમ રસ્તો.)

### મીલ્લાદ, ફ્રેદુન અને દરોગો.

**મીલ્લાદ**—દરોગા, તારો અમલ એટલોજછે કે તારે હવાલે થએલા કેદીઓની તું સંભાળ કરે; કેદખાંના ઉપર તું ઉપરીછે તો તારી અએન ફરજછે કે તેં કેદીઓની ફકત સંભાળ રાખવી; તારે એથી વધારે કાંઇબી બોલવું જોઇતું નથી. કેદી ઉપર રેહેમ કરવા વીશે હવે તું મને ફરીથી પુછતો ના. એ કેદી કેવું આશામીછે તેની તને ખબર નથી, લોકોને વગર વીઆજે ને વગર મુદતે નાણાં ધીરે તો પછે તેવી મુરખાઇનાં ફલ તેને પોતાનેજ ચાખવાં પડે, બીજો કોઇ ચાખવા આવનાર નથી.

**દરોગો**—મીલ્લાદ કાકા તમો જે સખુનો બોલોછો, તે રાસત ને દુરસતછે, પણ કાકા તમોએ એવી કોઇ આગલી પાછલી વાત ઉપર નીગા પુગાડવા કરતાં ફકત બીચારા ફરેદુનનાં મોહોડાં તરફ જોવું જોઇએછે.

**ફ્રેદુન**—મીલ્લાદ કાકા જો તમો જરા મારાં કેહેવાં ઉપર ધીઆન પુગાડશો તો હું તમને ઘણી સારી રીતે સમજાવીને કેહેવશ ને જેથી આપણ બધેની અડચણ મટી જશે, વાસતે લવા મીલ્લાદ મારી તરફના બે સખુનો સાંભલો.

**મીલ્લાદ**—મને કશું સાંભલવું નથી, મારી સાથે મારાં લખત તીજ વાત કરો, મને બીજું કાંઇ જોઇતું નથી, હું કાંઇ ગેર સીરસ્તે ચાલવા માંગતો નથી, ફકત હું એટલુંજ માગુંછું કે મને મારાં લખતની રૂહે ચાલવા દો. મેં કસમ લીધેલાછે કે હું મારાં લખતની રૂહેજ ચાલીશ, તો તે મુજબ મને ચાલવુંજ પડશે. તું મને વારેવાર કુતરો કરી કેહેતો હતો, તો હવે કુતરાના પંજા ને દાંતનો ખવાશ કેવોછે તેનો સવાદ તું હવે લે, અમીરની ફરજછે કે ખાસ વ આમના લોકોને ઈનશાફ બખશાવો ને મારી પુર ખાતેરીછે કે તે નામવર અમીર તરફથી મને પુરનો ઈનસાફ મલશે. (દરોગા તરફ ફરીને) ખરેખર મને તાજુબી લાગેછે કે આ કેદીને તું આ મુજમ બાહાર કાહાડી લાએઓછે; ખાતરીથી કહુંછું કે આ દરોગાને એ પરમાંણે એ કેદીને બાહાર લાવવાની કાંઈ મુખતીઆરી નથી.

**ફ્રેદુન**—મીલ્લાદ કાકા હું ઘણીજ નમનતાઇથી તમારી પાશે માગી લઉંછું કે મારી તરફથી ફકત બે શુખન સાંભલો.

**મીલ્લાદ**—હું કાંઈ સાંભલી શકતો નથી; હુંતો ફકત મારાં લખતની રૂહે ચાલવા માગુંછું, ને તે મુજબ ચાલવાનો ઠરાવ કીધોછે ને સોગન પણ લીધાછે, વાસતે હું વધારે કાંઈ સાંભલી શકનાર નથી. હવે તું મારી પાછલ વધારે કંટાલો આપવા ના આવતો, હું તારો એક સખુન સાંભલનાર નથી, હું એટલો બેવકુફ નથી કે હાત આવેલી વાત જતી મુકી પાછલથી હાત ઘસું. [મીલ્લાદ જાએછે.

**દરોગો**—આ શખસ કોઈ ખરોજ નાતરસ ને બેરેહેમછે. આટલા બધા કાલાવાલા ને આટલી બધી મીનતથી પણ જો એ શખસની છાતીમાં રેહેમ નહીં આવે તો પછે બીજો કઈ એલાજ નથી.

**ફ્રેદુન**—બસ ભાઈ, હવે હું એનાથી કંટાલીઓ છું એની પાછલ વધારે ટકેલા ખાનાર નથી, એ ખાઈ પીને મારા જીવપર બેહેલોછે, અને એ એ પરમાંણે મારી પાછલ લાગેલોછે તેના સબબથીબી હું વાકેફ થએઓ છું. મારા ચાલતાં મલણમાં ઘણાક ગરીબ, મુફલેસ અને કંગાલ શખસોને

મેં એ મુજી વીઆનખોરના પંજામાંથી બચાવી લીધાછે તેનું વેર મનમા રાખીને આ વખતે એ ખાર લેવા માંગેછે. એર, હું મારાં મનમાં સાફછું, મેં જેખી કાંઈ કીધુંછે તે એ ધણીને હરકત કરવાની મતલબે નથી કીધું પણ મારા ગરીબ દોસત બીરાદરો તરફ જે મારી ફરજ હતી તે અદા કરવાની મતલબથી કીધુંછે એટલીજ સબુરી અખતીઆર કરી હું તે પાક પરવરદીગાર ઉપર ઉમેદ બાંધુછું.

**દરોગો**—પણ હું નહી ધારતો કે નામવર અમીર આવી બેહુદી માગની કબુલ રાખે.

**ફુરેદુન**—અમીરથી કાએદાની આડે જવાએ નહી. તેહેરાન સરજમીનના જે કાએદા ને ધારાછે તેનીજ સરતે અમીરે ઈનસાફ કરવો જોઈએછે, તેથી અમીરથી જીતહાર એ બાબદમાં વચે પડાઈ શકાવાનું નહી. અગરજો અમીર વાજબી ઈનસાફ આપવા ના માહેતો પછે તેહેરાન સરજમીનની ઈનસાફ રીતી ઉપર લોકો સખુન નાખવા વગર રેહે નહી. વાસતે હવેતો જે કાંઈ બનવાનું હશે તે બનશે. માહારાં તમામ વાહાણો ભાગાં ને જોખમાએઆ ને તેથી મને જે બેહદ નુકશાની ગઈછે તેથી મારૂં દીલ એટલુ તો રંજીદા થએઉં છે કે મારૂં આંગ તમામ નખાઈ ગીઉંછે તેથી મારાં બદનમાંથી એક રતલ માંશ મલી શકે એવું નથી. મેહેરબાન દરોગા, માલો આપણ આપણે મકાને જઈએ, આટલો વાર માકાજીક કીધી તે ફોકટ ગઈ! એ ખુદા એવું બને કે મારી છેલી ઘડીએ મારો પેઆરો રફીક નોશીરવાન મને આવીને મલે. [તેઓ જાએછે.

---

પ્રવેશ ૧૦.

(ઠેકાણુ—શીરાજ, ગુલનારનુ ઘર)

## ગુલનાર, હોમાએ, પરીદોખત, માહીઆર અને દીદબાન.

**ગુલનાર**—(પરીદોખત તથા માહીઆરને) પેઆરા દોસત રફીકો આજ હું તમો પાસે એક વાત માગી લઉછું. તમોને સારીપહે રોશનછે કે માહારા ખાવીંદના એક અતલગના દોસત ઉપર બરગસતે દાહાને લીધે જે મુશીબત આવી પડીછે તેનો એલાજ કરવાને મારો જાની ખાવીંદ તથા તેનો દોસત ગેવ અતરેથી કુચ કરી ગએઆછે. તેઓના ગએઆ પછે મને એક જરૂરનું કામ નીકલી આવવાના સબબથી મારે મારી દાસી હોમાએની સાથે પાસેનાં શેહેરમાં જવું પડેછે—એ જગા ઉપર બે ચાર દાહાડા હમોને રેહેવુ પડશે એવુંછે, વાસતે આ વખતે તમો બંધે ઓરત ખાવીંદ ને હું એટલીજ અરજ ગુજારૂંછું કે તમોએ માહારાં ઘરમાં હમારી ગેરહાજરીએ સારી નગેબાની રાખવી. પેઆરા દોસત માહીઆર આ ઘરમાં માહારા વાહાલા ખાવીંદ નોશીરવાનની જગાએ તું મારા ઘરનો મુરબી થજે ને નામવર બાનું પરીદોખતને મારી જગાએ ગએઆ એક બેગમ દાખલ રાખજે. મારાં ઘરનો તમામ સર સરંજામ તમો બંધે રફીકોને સોપુંછું ને હું ઉમેદ રાખુંછું કે તમો રફીકો આ મારૂં માંગણું કબુલ રાખશો.

**માહીઆર**—નેક નામદાર બાનું તું જેખી કાંઈ વાજબી ફરમાનો હમોને કરશે તે સઘલાં હમો હમારાં દીલોજાનથી કબુલ રાખશું. તું નામવર બાનુએ હમોને જે અરજ ગુજારીછે તે અરજને બદલે હમો ફરમાન સમજીએ છીએ ને તું નામવર બાનુંનાં તમામ વાજબી ફરમાનો કબુલ કરવાને હમો બંધાએલા છીએ, વાસતે તું નામવર બાનુએ પોતાનાં મકાન તથા તમામ અસબાબ વીશે કશો અંદેશો રાખવો નહી. હમો ઘણીજ દીલસોજીથી તે તમામ કામકાજ ઉપર નગેબાની રાખશું.

**ગુલનાર**—મારા તમામ ચાકર નફરોને મારા આ એરાદાની વાતથી વાકેફ કીધેલાછે, તેથી તેઓ તુરતજ હમારી જગો ઉપર શેઠ શેઠાણી દાખલ તમો બંધેને કબુલ રાખી તમારે તાએએ રેહેશે; વાસતે હવે હમો જવાની તઈઆરી કરીએ છીએ, ને ચાહાવુછે ખુદાતાલાનું તો ચંદરોજમાં સહી સલામત ને હસતાં રમતાં તમોને આવી મલીશું.

**માહીઆર**—નામવર બાનુંઓ ખુદા તમારો મદદગાર થજો, ને જેખી નેક મુરાદો તમારાં મનમાં હોએ ને જે મોરાદો હાંસલ કરવાને તમો જાઓછો તે તમાંમ હાંસલ થાએ.

**પરીદોખત**—એ નામદાર બાનુંઓની બાનું આ વખતે તું નામવર બાનુંના હકમાં છુટી પડતી વખતે દુવા ગુજારવાને મારી જુબાન ઉપર જોઈતા સખુનો આવી શકતા નથી, તોપણ આ વખતે માહારા દીલ રફીક ખાવીંદનાંજ સખુનોને એટલીજ દોવા ગુજારૂંછું કે ખુદા તમારો મદદગાર થાઓ અને તું બાનુંની તમામ નેક મોરાદો બર આવો.

**ગુલનાર**—પેઆરા દોસત માહીઆર, ને દીલજાન પરીદોખત, તમો બંધે ઓરત ખાવીંદે માહારા માટે જે આ નેક સોચના બતલાવીછે ને આએ જે દોવા ગુજારીછે તેથી હું તમારી ઘણીજ હેશાનમંદ થઈ છું ને હું પણ એટલુંજ ઇછુંછું કે આપણ જેટલી મુદત સુધી એકમેકથી છુટાં પડીએ તેટલી મુદત સુધી ખુદા તમારો નગેબાન રેહેજો ને તમોને તમામ તંદુરસતી સાથે આબાદ રાખજો.

[માહીઆર તથા પરીદોખત જાએછે.

હવે વફાદાર ને નીમક હલાલ દીદબાન, હું તને રોજે અવલથી જોતી આવીછું કે તું મારા તમામ ખીદમતગારોમા એક ઘણોજ શેઆનો ને વફાદાર ખીદમતગારછે, તો તેવીજ નીમકહલાલી ને વફાદારીની આ વખતે મને જરૂર પડી છે તેમા પણ તું મને તમામ ખુશી કરશે એવી ઉમેદ હું રાખુંછું. આ કાગલ જે છે તે અનામત એનું એજ લઈને આદમી દાખલ તારાથી જેટલી ઝડપ કરી શકાએ એટલી ઝડપે પાસેનાં શેહેરમા જા, ને તું માહારા કાકા અરદશીરનું ઘર તો જાણેછે ને તેને પોતાને તું સારીપહે ઓલખેછે વાસતે શેતાબીથી આ કાગલ લઈ જઈ તેને પુગાડ ને તે એના જુવાબમાં જે લખી આપે તે તથા કાંઈ પોશાગ આપે તે તુરત લઈને વેહેલાસ પાછો ફર, ને રસતામાં હમો તારી પાછલ નીકલીએ છીએ તે પાછો આવી મલ. ધીઆન રાખજે વફાદાર દીદબાન કે તારીથી બની શકે એટલી શેતાબીથી આ કામ બજાવવાનુંછે, વાસતે કોઈ રીતની ખામી રેહે નહી.

**દીદબાન**—એ નામવર બાનું, હોજો તારૂં તાજ સલામત ને થજો તારા તમાંમ દુશમનો નામોરાદ; નામવર બા

તું શેતાબીથી આ કાગલ હું પુગાડુંછું ને તેનો જુવાબ તું નામવર બાનુને લાવી આપુંછું. [દીવાન જાએછે.

**ગુલનાર**—પેઆરી હોમાએ, આ વખતે મારાં મન માં જે વાત રમી રહીછે તેની તનેતો મુદલ ખબર નથી. મે કાંઈ એવો એલાજ કીધોછે કે આપણા ખાવીંદો અતરે આ વી આપણની મુલાકાત કરે તેની અગાઉ આપણે સામા જ ઈ તેમને મલી શકીશું, ને તે વલી આપણ એવી રીતે તેમ ને મલી શકીશું કે તેઓ ખુવાબમા પણ ધારશે નહી કે આ પણેજ છઈએ.

**હોમાએ**—નામવર બાનું, શુ તેઓ આપણને જોઈ શકશે!

**ગુલનાર**—અલબતાં, તેઓ આપણને જોશે ખરા પ ણ તે ઘણીજ જુદી રીતે, હું ખાતરીથી કહુંછું કે જો આપ ણ બંધે જણાઓએ મરદનો લેબાસ લીધો તો કોઇની તાકા ત નથી કે કોઈ ઓલખી શકે કે આ ઓરતોછે. આપણ બંધેમાં હું નોજુવાન ને ખુબસુરત મરદ ગણાઇશ ને તું પ ણ મારો એક અછો મોબતી થઇ પડશે. બીજું આપણને બોલવા ચાલવામા જરા વધારે તજવીજ રાખવી પડશે. બો લતી વખતે ગલાંમાથી ઝીણો સાદ કાહાડવાને બદલે મોટો આવાજ કાહાડીશું-એટલે તે મરદના આવાજ સાથ મલી જ શે ને ચાલતી વખતે ઓરતોના જેવા ઢીમાં કદમને બદલે લાબી ફલાંગો ને જરા મોટાં કદમ ભરીશું એટલે આપણે મ રદની બરાબરી કરીશું. તે સાથે આપણાં શેહેરની કેટલીક ઓરતોની મુઆફેક આપણને લેંહેંકો કરી ચાલવાની તો ટે વ નથીજ વાસતે એ વાતનીતો આપણને મુદલ ચીંતા નથી; આપણો દેખાવ કદાવરછે ને આપણું રૂપ કેટલેક દરજે મરદ દાખલ ગણાએ એવુંછે, વાસતે હવે કશી અડચણ હ રકત રહી નથી.

**હોમાએ**—નામવર બાનું, પણ આપણને એ મુજબ કરી જવાની શી જરૂરછે તે જરા મેહેરબાની કરી મને સમ જાવશો?

**ગુલનાર**—તે સમજાવતાં ઘણું લંબાણ થશે. તું આટલી વાતથીતો વાકેફગારછે કે આપણા ખાવીંદો કાંહા ગએ આછે, ને શું કામ ગએઆછે, તો હવે તેમને મદદ કરવાને કેટલીક તાલમેલ ને કાવાદાવા તથા તોડજોડ કરવી જોઇએ છે. મારો કાકો મુફતીછે, ને તેને ઇનસાફ દરબારના ધારાઓ ની પુરતી માહીતગારીછે, તેની પાસેથી ફરેદુનના છુટકારા વી શે કેટલોક એશારો મંગાવીઓછે ને દરબારી લેબાશ પણ મં ગાવીઓછે, જે પેહેરી આપણે દરબારમાં જઈશું. હું મુફતી (વકીલ) થવશ ને તુંને મારો નવીશંદો બનાવીશ ને પછે તાંહાં તરેહવાર એલાજો ને ઉલટ પાલટ કરીને બનશે તેમ ફરે દુનને બચાવી લઈશું. હું ઘણીવાર મારા કાકા સાથ દરબા રોમાં ગઇછું તે વખતે મેં તેને દરબારમાં તરેહવાર તકરારો ને જીકરો ઉડાવતાં જોએઓછે તેની મને કેટલીક વાકેફગારી છે તેનો ફાએદો આ વખતે હું લેવા ધારૂંછું પછે ઈઆરી બખશવાનું કામ તો તે અજીમ કુદરતના સાહેબનુંછે.

[તેઓ જાએછ.

### પ્રવેશ ૧૧.

(ઠેકાણું—તેહેરાન મરજમીન, ઇનસાફની દરબાર)

**અમીર, ફરેદુન, નોશીરવાન, ગેવ, તુસ, બાબક**

તથા બીજા લોકો:

**અમીર**—કોઇછે? ખબર કાહાડો કે ફરેદુન અતરે હાજરછે?

**ફરેદુન**—હાજરછું બંદેનવાજ.

**અમીર**—ખરેખર આ વખતે હું બેહદ દલગીરછું કે તું એક પોલાદી દીલના શખસનાં કરજનો જવાબ દેવાને આ અદાલતમાં હાજર થએઓછે. તારો માંગનાર કોઈ ખ રેખરો નાતરસ ને બેરેહેમછે, એ શખસનામા રેહેમનો એક કતરો પણ નથી એવા એક શખસની ચુંગાલમાં તું જેવા નોજેવાન સોદાગરને ફસી પડેલો જોઈ હુ ઘણોજ નાખુશ થ એઓછું

**ફરેદુન**—નામવર ને બુલંદ સેતારેના અમીર, તું ના મવરે માહારી તરફથી ઘણી મેહેનત લીધીછે એવુ માહારા સાભલવામા આવીઉંછે, ને તે સાથે તું નામવરે એ મુજી ને બેરેહેમ શખસને સમજાવવાને કશી વાતની બાકી રાખી નથી, પણ જો એક શખસ ખાઇ પીને બીજાનો જાન લેવા ને એરાદેજ ટાપી રહેલો હોએ તાંહા ભલા ને નેક ખસલત ના માણસોનું કશું ચાલી શકવાનું નથી. હું પણ જોઈ ચુ કોછું કે એ નાતરસના હાતમાથી બચવાનો વાજબી ને કા એદા મુજબનો કોઈ ઉપાએ રહેઓ નથી, જો બચુંતો ફકત એ શખસ માહારા ઉપર રેહેમ કરી મને માફી બખશે તો જ મારી આ જીંદગી રહી શકે, બાકી એ વના બીજા કશા ઉપાએ એલાજે આપણે હાત રહેઆ નથી, તે ઉપરથી હુંબી આ ઠેકાણે સઘલી વાતની તઈઆરી કરી તું નામવર જે ઈ નસાફ કરે ને તેનો જે ચુકાદો થાએ તેને તાબે થવાને આ વી ઉભેછું. તું નામવર ઉમરાવે મજ સરખા એક ગરીબ સોદાગરની તરફથી જે મેહેનત લીધીછે ને જેગી એલાજો કી ધાછે તેથી આ વખતે હું તું નામવર ઉમરાવનું ભારે અહે શાન માનુંછું.

**અમીર**—જાઓ, કોઈ જઈને પેલા મોબેદને અંદર તેડી લાવો.

**બાબક**—બંદે નવાજ, તે અતરે દરબાર આગલ હા જરછે, તે આએ અંદર આવશે.

**અમીર**—આસપાસનાં લોકો પોઈસ થાઓ ને મીલ્લા દને મારી રૂબરૂ આવી ઉભો રેહેવાદો. (મીલ્લાદ આવી ઉ ભો તેને) મીલ્લાદ, આખી દુનીઆ મલતો મારો આવાજ એ વોછે કે તું આએ જે કાંઈ કરેછે તે સઘલું કાંઈ નહી પણ વે ર લેવાની મતલબે કરેછે; ખેર, માણસની જેવી ખવાએશ, એ બાબે મારાથી જાજું બોલી શકાતું નથી, પણ આ વખતે હું તને એક વાર ફરીથી કહુંછું કે તું જરા દરીઆફત કર, તું એ તારાં વેરની લગામને ઘણીજ ઢીલી મુકીછે, ને હવે આ સેવટની ઘડી આવીછે, એ વખતે લોકોતો એમજ સમજેછે કે તું સઘલી વાત પડતી મુકી ગરીબ સોદાગર ઉપર રેહેમ કરવા વગર રેહેશે નહી, વાસતે મીલ્લાદ તુંને ઘટેછે કે લોકોના એ ખેઆલમાં તુંએ તેમને નાઉમેદ ન

હી કરવા. દરીઆફત કર મીલ્લાદ કે બીચારા એક ગરીબ સોદાગરનાં બદન ઉપરથી એક રતલ માંસ લેવાથી તને કશો લાભ કે ફાએદો થવાનો નથી, તે કરતાં હાલ એ સોદાગર ઉપર ઘણો હારેશો પડી ચુકોછે, એ શખસનાં સોદાગરી સોદાનાં તમામ વાહાણો જોખમામેઆથી એ બીચારાની તમામ માએઆપુંજી ઘસડાઈ ગઈછે, તો એવા વખતમાં ઉંચા-કુલના ને સારી બુનીઆદી ધરાવનાર એક સોદાગર ઉપર કાંઇબી રીતની વધારે મુશીબત ગુજારવા કરતાં તેના ઉપર રેહેમ લાવવી જોઈએછે. એક રતલ આદમનું માંશ લેવાથી તું તારાં તમામ નાણાં ખોઇ બેશેછે એટલુંજ નથી પણ તે સાથે આદમજાતના ખીઆલમાં નહી આવી શકે એવું નાતરસ કામ કરવાની તારે માથે કાલી ટીલી ચોટેછે; વાસ્તે એ બુજરગ મોબેદ આ વખતે તારી અરેજ કરેછે કે મુશીબતમાં આવી પહેલા તારા એક બીરાદરને તું બચાવી લીએ, ને તારાં જે મુદલ નાણાંછે તેમાથી થોડીઘણી છુટ મુકી જેટલાં હાલ તુરત તને મલી શકે એટલાં લઈ એ સોદાગરને છુટો મુક. બાદશાહી તોખમના એક સોદાગર ઉપર હાલ સુધી જે હારેશો પડી ચુકોછે તે એવા એક સોદાગરને તમામ રંજીર કરવાને બસછે, હવે એવા પહેલા ઉપર વધારે મુશીબત પાડવી એ તું જેવા બુજરગ મોબેદને છાજે નહી. હું હાલ વધારે બોલી શકતો નથી, પણ ખાતરીથી કાંઈબી સારા ને માન ભરેલા જવાબની આરજુ રાખુછું; હું એખલોજ એમ ધારૂંછું એવું નથી, આ દરબારમાં હાજર થએલાં તમામ માણસોના ચેહેરા ગુવાહી પુરેછે કે તે સઘલાઓ માહારા વીચારનાજછે, વાસ્તે બુજરગ મોબેદ ખુબ ગોર કરીને તારી બુજરગીને માન મલે ને આ દરબારને શોભા મલે એવો જુવાબ વાલજે.

**મીલ્લાદ**—એ નામવર અમીર, તું નામદારે જે શખુનો કહેઆ તે સઘલાં ઉપર મેં ઘણો દરીઆફત કીધોછે, પણ નામવર આ વખતે તુને એટલોજ જવાબ દઈ શકુંછું કે મેં કસમ લીધેલાછે કે નાણાં હવે લેવાં નહી, પણ લખતની રૂહે જે એક રતલ માંશ મલે તેજ લેઉં. અગરજો તું નામવર એ વાતની સામે આવે ને ઇનસાફની રાહે જે માહારો વાજબી દાવો ને ખરો હકછે તેથી મને નાશીપાશ કરે તો ખેર, તું નામવર મુખતીઆરછે, પણ ઇઆદ રાખવું જે ઈએછે ઓ નામવર અમીર કે એવી રીતે તરફદારી વાલો ઈનસાફ કરવાથી આખી તેહેરાન સરજમીનના અદલ ઈનસાફને મોટી બદનામી પુગવાની; હવે જો તું નામવર અથવા કોઇ બીજો શખસને પુછે કે એ મુજબ સોગન લઈ માંશ તીઆરીછે. ઘડીભર વીચાર કરો કે મારો ઘરમાં એક ટો ઉંદર ભરાએલો હોએ ને તે ઘરમાં ઘણો કંટાલો આ. હોએ, તો તેવા ઉંદરને વાસતે મારે શું કરવું જોઈએ ! જબ ઘણો સેહેલોછે, તેને મરાવી નાખવા માટે હું જોઈએસ હજાર દીરમ ખરચું; કોઇ મને પુછનાર નથી. તેમજ કે કેટલાએકોને તરેહવાર ચીજોનો કંટાલો હોએછે તેવી કંટાલા ભરેલી ચીજોને ધીકારી કાહાડવાને અથવા મને નાબુદ કરવાને તેઓ મુખતીઆરછે, તેમને પણ અટકાવનાર કે પુછનાર નથી. તેજ મુજબ માહારો અહેલછે—ફરેદુને મને ઘણો કંટાલો આપેલોછે ને હવે તેને શે મને એટલોતો ધીકાર છુટોછે કે મારે આ નુકશાન લો સેવટનો એલાજ લેવાની જરૂર થઈ પડીછે.

**નોશીરવાન**—આ જુવાબ કાંઈ મનપતીજ નહી લીઓ. તારામાં ખરેખર રેહેમ જેવીતો કોઇ ચીજ છેજ.

**મીલ્લાદ**—હું કાંઇ અહીંઆં તારા જેવાઓને પતીજ જવાબ આપવાને કે તારા જેવાઓ ઉપર રેહેમ કર નથી આએઓ, સમજીઓ ! આ ઇનસાફની દરબારછે તાંહાં હું ઇનસાફ ચાહાવાને આવેલોછું.

**નોશીરવાન**—મીલ્લાદ કાકા તારે સું તમારા કેહેણ મુજબ લોકોમાં આ રેવાજ ચાલેલોછે કે જે ચીજ પસંદ નહી હોએ ને જેનો કંટાલો છુટતો હોએ તેને તદન નાબુદજ કરવી કે ?

**મીલ્લાદ**—જેવી જેની મરજી, તદન નાબુદ નહી કરે તોબી તેને ઘણાજ ધીકારથી જુએતો ખરા, ને બને તેમ નાબુદ કરવાને તઈઆર રેહે.

**નોશીરવાન**—મીલ્લાદ કાકા તારે તમેં પણ તેજ મુજબ કાંએ નહી ચાલતા વારૂં ! તમારાજ કેહેવા મુજબ પેહેલી તકશીરે ધીકારી કાહાડે ને પછે જેમ જોગવાઈ મલે તેમ તેને નાબુદ કરે, તો તેજ એલાજ તમો કાંએ નહી લેતા ?

**મીલ્લાદ**—તે વાત જુદીછે, બાપુ. સાંપ એક વખત દંખ દીએ તે ખમીને તે ફરીથી દંખ દે તાહાંવેર તેને જીવતો રાખવો કે ? એવી મંતકી મને નથી આવડતી. વાતતો જુઓ !

**ફરેદુન**—પેઆરા દોસત નોશીરવાન, તું એ જાહેલ મોબેદ સાથની જીકર બંધ કર. તુ કોણની સાથ જીકર કરેછે તેની તુને ખબર નથી. હજી તું દરીઆ કીનારે ઉભો રહી ભરતીનાં પાણીને અટકવાને કેહેશે, અથવા ફાડી ખાનાર દરંદાં વરૂને તું પુછશે કે ભાઈ તે ગરીબ બકરીઆંને ખાઈ જઈને તેની માતાને કાંએ રડતી મુકી ! અથવા જે ચીજ નહી બની શકે એવી

તેના છ હજાર આપવાને આ વખતે હું તઈઆરછું; જુઓ હજુબી ધીઆન પુગતું હોએનો. ભલાઈ કરવાનો વખતછે, ભલાઈ કરી લેવો. ફરીથી એવી ભલાઈ કરવાની જોગવાઈ મલશે નહી.

**મીલ્લાદ**—ભાઈ તું બોલી રહેઓ કે ? હું એકવાર બોલી ચુકો ને ફરીથી કહુંછુ કે આ ઠેકાણે હું નથી આએઓ રેહેમ કરવાને કે નથી આએઓ ભલાઈ કરવાને, ફક્ત ઈનસાફ ચાહાવાને આવેલોછું, વાસતે તરણ હજારને બદલે છ હજાર દીરમતો સું પણ તું કદી એમબી કેહે કે છ હજાર નહી પણ છતરીસ હજાર લેવો અથવા તેટલાંએ નહી ગમતા હોયતો છતરીસ લાખ લેઓ, તો તેબી હું લેનાર નથી. મેંતો નકી કીધેલુંછે કે લખતની રૂહેજ ચાલવું ને તે મુજબ હું ચાલશ. હવે વધારે ટક ટક કરવી મોકુફ કરોતો સારૂં.

**અમીર**—મીલ્લાદ, જારે એમબછે ને તું જારે કોઈ ઉપર નરાબી રેહેમ કરવાને ચાહાતો નથી તો પછી તારા ઉપર કેમ રેહેમ થશે વારૂં !

**મીલ્લાદ**—આ વખતે હું કાંઈ તું નામવર પાસે રેહેમ માંગવા નથી આએઓ કે તું નામવર એ મુજબ મને ધમકી આપેછે. મેં કાંઈ અણઘટારટ કામ કીધું નથી કે મને રેહેમની આરજુ રાખવી પડે. તે કરતાં તમે રેહેમ રેહેમ કરી બોલીઆ કરોછો તો વારૂં તમે પોતેજ સેંકડો ને હજારો લોકો ઉપર નાતરસપણું જે બતલાવોછો તે કાંએ નથી મુકતા ! જુઓ આજ સેંકડો ને હજારો લોક નજીઆના ખુની પંજામા કેટલા હલાક ને પરેશાન થાએછે ! તો ચાલો પડો મેદાન ને એ બીચારાંઓને એ હલાકી ભરેલા નજીઆમાથી આજાદ કરો ને પછે લોકોને દેખાડો કે તમે આવી રીત રેહેમ કીધી, ફક્ત મોહોડે બોલીઆથી કાંઈ રેહેમવાલા જણાતા નથી. હુંતો સાફ મોહોડે મારીને ના કહુંછું કે હું રેહેમ કરવાને આ અદાલતમાં આવીઓ નથી ફક્ત ઈનસાફ ચાહાવા આવીઓછું.

**અમીર**—આ વખતે આ દરબારમાં અરદશીર વકીલની તરફથી એક નોજુવાન મુકતી આ કજીઓ મલાવવાને આવનારછે, એવું અરદશીર વકીલના એક રૂકા ઉપરથી હમણાંજ મારા જોવામા આવીઉંછે, વાસતે તે મુકતી આવી પુગે એટલોવાર દરબારનું દામ મોહોકુબ રાખીઉં છે.

[બધલા ઉઠીને જાએછે.

---

## કંટાલા ભરેલી એક વાત.

બાઈઓ તમો કેટલીક કીસા કાહાણીની વાતોથી વાકેફતો હશોજ, માટે એવા કીસા કાહાણીઓ વીશે આ ઠેકાણે કાંઈબી વરણન કરવા કરતાં તેવી એક વાત અંતરે દાખલ કરીએછે. એ વાતનું તાતપરીઅ અથવા મતલબ કેહેવીછે તેનો પણ કાંઈ ખુલાસો કરવાની જરૂર નથી. વાચનાર બાઈઓ એની મતલબ પોતાની મેલેજ સમજી શકશે.

કેહેછે કે આગલા વખતમાં રાજા પાદશાહોને રાજ દરબાર સંબંધી ઘણાંજ થોડાં કામો હતાં, તેઓમાં મુખીઅ કામતો કોઈવાર એ નીકલી આવતું કે નજીવી વાતોમાથી તેઓ મોટી લડાઈઓ ઊઠાવી ઊભા રેહેતા હતા ને તેમાં બાપડાં સેંકડો ગરીબ માણસોના જાનની ખુવારી થતી હતી, એ વગર બીજાં કશામાં જો તેમનું ધીઆન રોકાતું હતું તો તે મોજ મજામાં ને એશ આરામમાં. એ શીવાએ લોકોપકારનાં કે દેશનાં સુધારાનાં તો કાંઈ કામો તેમને સુજતાં નહી હતાં, તેવા પાદશાહોનાં મનમાં કોઈવાર એવીજ ધુન આવતી કે બસ બેશીને અથવા પડીને કીસા કાહાણીઓ અથવા એવોજ બીજી વાતો સાંભલવી. એ મતલબથી ઘણાખરાઓતો કેટલાક ભટાઈખોરો અથવા લફીઆઓને પોતાની હજુરમાં રાખતા ને જારે મનને ગમતું તારે તેમની પાસે વાતો કરાવતા. ને પછે જેવી વાત તે મુજબ તેનો રશકસ લઈ મગન થતા હતા. વલી કેટલાકોને એવી વાતો સાંભલવાનો શોખ થતો તારે તેઓ જાહેર રીતે લોકજાણું કરી વાત કરનારાઓને તેડાવી મંગાવતા ને તેમને શાલ દોશાલાનાં નજરાના આપી તેમની પાસે વાતો કરાવતા હતા. એવી રીતે વાતો સાંભલવાના શોખમાં પડેલા એક પાદશાહ વીશે નીચે મુજબ એક વાત જણાવવામાં આવીછે તે વાંચનાર બાનુઓને લગાર પસંદ પડશે એમ ધારી નીચે દાખલ કરીએછે.

કેહેછે કે એ બાદશાહને વાતો સાંભલવાનો એટલોતો શોખ હતો કે ફકત તેટલા માટેજ તે પોતાનો તમામ વખત ગુમાવતો હતો ને જેમ બને તેમ વાતો સાંભલવાને ઘણોજ ખંતી રેહેતો હતો, તેની દરબારના બેસનારાઓ અને મસલત આપનાર મંતરીઓ વગેરે સઘલા હોદેદારો પોતાના પાદશાહને રાજી કરી તેના વાહાલા થવાને ભારે કોશેસો કરતા, ને એક એક કરતાં સરસ વાતો તે લઈ આવતા પણ બાદશાહ જે તમામ રાતદીસ એગાજ ચકચુર રેહેતો તેની ખાતરમાં કોઈ વાતો આવતી નહી હતી. આ રીતે જારે પોતાની ખાતરી મુજબ અથવા પેટ ભરતી વાતો કોઈ કરી શકતું નહી હતું તારે તેણે એક દીવસે પોતાનાં ગામમાં ઢંઢેરો ફેરવાવીઓ કે જે કોઈ શખસ મારી આગલ આવીને એવી એક વાત કરે કે જે કદી પુરી થાએજ નહી ને હંમેશ સુધી ટકે તેવી વાત કરના

રને હું મારાં રાજપાટનો વારેશ કરીશ તથા તેની સાથે માહારી છોકરી પરણાવી આપીશ; પણ જો કોઈ શખશ એવી કબુલાતે આવી વાત કરવા માંડશે ને તે વાત જો પુરી થઈ ગઈતો તે ધણીને પોતાનું ડોકું બાદશાહના જલ્લાદને સોપવું પડશે.

શાહાજાદી સાથે પરણવાની ખાએશ ને રાજપાટનો વારેસ થવાની ઊમેદે ઘણાક ઊમેદવારો મેદાન પડીઆ, અને તેમાના કેટલાકો ઘણી લાંબી લાંબી વાતો ગોખીળી આએઆ. એમાના કેટલાકોની વાત એક અઠવાડીઊં, કેટલાકની પખવાડીઊં, કેટલાકની એકાદ બે માસ ને કેટલાકની છ છ માસ સુધી ચાલી; એઓએ જેમ બની તેમ પીજન કરી કરીને વાતો લંબાવવાને કશી ખખીલાઈ કરી નહી, પણ તેટલું છતાં ઊપર જણાવોઆ મુજબ મોડે વેહેલે તેમની વાતો ખતમ થવા લાગીઓ ને એક પછે એક બીચારા પોતાનું ડોકું બાદશાહના જલ્લાદને હવાલે કરી આ દુનીઆમાંથી કુચ કરતા ગએઆ.

એમ કરતાં એક શખસ નીકલી આવીઓ ને તેતો ખાતરીથી કેહેવા લાગો કે મારી પાસ એવી એક વાતછે કે જે કેહતાં કેહતાં જનમના જનમ વીટી જશે પણ માહારી વાત પુરી થવાની નથી, વાસતે જો બાદશાહ મને ઊપલી કબુલાતે રાખશેતો અબ ઘડી તઈઆર છું. એ શખસ કેવાં ખરાબ જોખમમાં ઝીશ્લું નખાવતો હતો તે વીશે તેને ઘણી રીતે સમજાવવામાં આવીઊં કે આટલા આટલા લોકો પોતાનાં બદનથી ધડ છુટાં પડાવી ચુકાછે વાસતે હવે તેણે એ વાતની હામ ભીડવા કરતાં હાત ઊઠાવવો બેહેતરછે, પણ તેતો સાફ એમજ કેહેવા લાગો કે હું જરાએ ડરતો નથી. મારી વાત એવીછે કે જે કદી ખુટવાની નથી તો પછે શા માટે બીહીવું જોઈએ. આ રીતે તે ઘણો બજીદ થવાથી તેને બાદશાહ સામે લાવી ઊભો કીધો. એ શખસનો દેખાવ ઘણો ગંભીર ને ગોયા દુરંદેશા વાલુ આદમી હોએ એમ તેના ચેહરા ઊપરથી જણાતું હતું. એ શખશે બાદશાહ સંગાથે કેટલોક જરૂરીઆત બંદોબસત કરી લીધો ને લખત વગેરે જે દસતાવેજ કરવાના હતા તેબી કરાવીઆ ને અરસપરસ બંધીને જેમ દુરુસત લાગું તેમ તેઓએં પોતપોતાની સરતો લખનમાં દાખલ કરાવી, તેમાં ખાધા પીધાનો તથા સુના બેસાનો કેટલેક વખત વાત કરનારે માંગી લીધો ને તેની પણ એક કલમ તે લખતમાં દાખલ કરાવી. ને પછે વાતનું મંડાણ કીધું તે નીચે મુજબ—

“આગલો વખતમાં એક બાદશાહ હતો, તે ઘણોજ જુલમગાર હતો. એ શખસે પોતાની મોહોટાઈ વધારવાની મતલબથી ગામમાંથી જેટલો અનાજ મલી આએઓ તથા દેશાવરો ખાતેથી જેટલો બીજો આવી લાગો તે તમામ અનાજનો સંગરહ તેણે કીધો ને તે સઘલો અનાજ ભરવા માટે તેણે એક મોહોટો, ઘણોજ મોહોટો કોઠાર કરાવીઓ. એ કોઠાર એટલોતો મોટો હતો કે તેની ઊંચાઈ એક પાહાડના જેટલી હતી.”

“એ કોઠાર બંધાવતાં તેને ઘણાં વરસો લાગાં, તેમજ તેમાં તેણે ઘણાંએક વરસો સુધી અનાજ ભરીઆજ કીધો ને જારે તે કોઠાર છેક ખચોખચ ને મથાલે સુધી ભરાઈ રહેઓ તારે તેણે વધારે સંગરવાનું મોકુફ કીધું. તારપછે તેણે તેનાં બારી બારણાં સઉ એટલાંનો મજબુત બંધ કરાવીઆં કે જેમાં સુરજની રજાલ વરીક જઈ શકે નહી.”

“પણ જે કડીઆઓએ તે કોઠાર બાંધીઆ હતો તેઓને હાતે ગફલતીથી મથાલે એક નાંકું રહી ગીઊં. એ નાંકું કાંઈ ઘણું મોટું નહી હતું પણ એક નાહની સરખી ચલી અંદર જઈ શકે એટલું હતું. તે ઠેકાણે કેટલીક ચલીઓ આવીલાગી ને તેઓ પેલા કોઠારમાથી અનાજ કાહાડી લઈ જવાની પેરવી કરવા લાગીઓ, પણ પેલું નાકું એટલું નાહાનું કે બે ચારથી તો અંદર જવાએ અવાએ નહી એક જઈ શકે ને તે પાછી આવે તારેજ બીજીથી જવાશે એવું હતું, તેથી એક ચલી અંદર ગઈ ને અનાજનો એક દાનો લઈ આવી ને ઊડી ગઈ; તારપછે એક બીજી ચલી અંદર દાખલ થઈ ને તે વલી અનાજનો એક દાનો લઈ બાહાર નીકલી આવી ને ઊડી ગઈ; તારપછે એક તરીજી ચલી આવી ને તે વલી અંદર જઈ અનાજનો એક દાનો લઈ આવી ઊડી ગઈ; ને તારપછે એક ચોથી ચલી આવીને તે અંદર જઈ અનાજનો એક દાનો લઈ આવી ઊડી ગઈ.”

વાત કરનારે આ મુજબ એક એક ચલી એક એક દાનો લઈ આવી એવી રીતે ટાહેલું કરીઆ કીધું, ને તે તેણે એક મહીના સુધી સવારથી સાંજ સુ

ધી એનું એજ બોલીઆ કીધું. જોકે બાદશાહને વાત સાંભલવાને ભારે ચસ લાગેલો હતો ને તેનાંમાં એવી વાતો સાંભલવાનો ભારે શોખ હતો તોબી આ વાતથી તો તેને કંટાલો છુટવાં લાગો તેથી એક દાહાડે તેને વાત કરતાં અટકાવીને પુછીઊં કે "વારૂં ટીકછે એતો સાંભલીઊં કે એકકી ચલી એકકો દાનો લઈ ગઈ, અને એમ હવે ધારીએ કે જાણે આખો કોઠાર ખાલી થએઓ તાંહાંસુધી ચલીઓ અનાજ લઈ ગઈ, વાસતે તે અનાજ ખાલી થએઆ પછે શું થઈઊં તે કહો." તારે વાત કરનારે ધીરજથી ને થંડે પેટે જવાબ દીધો "બાદશાહ સલામત, મારી વાતનો ભાગ પુરો થએઆ વગર તેની પાછલ બનેલી બીના માહારીથી કેહેવાઈ શકાતી નથી. પેહેલાં જે બનવા માં ડીઊં તારથી વાત શુરૂ કીધી તો તે જેમ ને જારે પુરૂં થઈઊં તે સઘલું સમજાવીઆ વના આગલ ચલાએજ નહી." એટલો જવાબ વાલી વાત કરનારે પાછું પોતાનું પીંજન શુરૂ કીધું કે "તારપછે એક બીજી ચલી આવી અંદર જઈ અનાજનો એક દાનો લઈ આવી ઊડી ગઈ." એ પીંજન પાદશાહે બીજા છ માસ સુધી નહી અખતીઆર થઈ શકે એવી સબુરી અખતીઆર કરીને સાંભલીઆ કીધું ને પછે વલી એક દાહાડે તેને કહીઊં "ભાઈ તમારી ચલી ને અનાજનો દાનો એ બોલોથી તો હવે મને કંટાલો છુટો; તમો શું ધારોછો એ ચલી ને અનાજ કેવારે પુરો થશે?" વાત કરનારે જવાબ દીધો, "બાદશાહ સલામત, એનો જવાબ કેમ દેવાએ? જારથી મેં વાત શુરૂ કીધીછે તારથી તે આજ સુધી મલી ચલીઓ ફકત પાએલી બે પાએલી અનાજ લઈ ગઈ હશે તો જે કોઠાર કે જેમાં લખો ને કરોડો ખાંડી અનાજ ભરેલોછે તે ખાલી થતાં તો બહુ વીલમ, તે કેવારે પુરો થશે તે વાત પુરી થશે તારે તમોને માલુમ પડશે, બાકી હાલતો મારીથી કેહેવાઈ શકાએ એવું નથી. વાસતે પાદશાહ સાહેબ સબુરી પકડી વાત સાંભલો, અલબતાં એનો છેડો આવીઆ વના રેહેશે નહી." આ ભાગા તુટા જવાબથી વલી પાદશાહે થોડી ઘણી સબુરી અખતીઆર કીધી ને વલી બીજું એક આખાં વરસ સુધી તે વાત ("બીજી એક ચલી આવી અંદર જઈ અનાજનો એક દાનો લઈ બાહાર નીકલી ઊડી ગઈ") સાંભલીઆ કીધી. બાદશાહે જોઈઊં કે હજુ વાતનો છેડોતો આવતો નથી ને વાત કરનાર એકના એક બોલો બોલીઆ કરેછે જેથી કંટાલો છુટેછે તારે અંતે થાકીને તે બોલી ઊઠીઓ "બસ ભાઈ, બંદ કરો, વાત સાંભલી, આપણી કબુલાત મુજબ મારી છોકરી તમો લેવો ને તમારી શાદીનો દીવસ મુકરર કરી શાદી કરાવી આપીશું. તેમજ રાજપાટનો વારેસ કરવાને પણ હું જોઈતા દસતાવેજો કરી મુકુંછું, વાસતે ભાઈ તમારે ગમે તે લેવો, કબુલાત મુજબ જે તમોને ઘટેછે તે સઘલું તમોને મલી ચુકું, હવે મેહેરબાની કરી પેલી વાત બંધજ કરો."

આ રીતે બાદશાહે પેટ ભરીને વાત સાંભલી, વાત કરનારે જે અછી તાલ લગાડી હતી કે મારી તમામ કેફીઅત પુરી થએઆ વગર પાછલની બીના બોલી શકાએજ નહી, તે ઊપરથી કોઈએ ફરીથી તેને પુછીઊં બી નહી કે ભાઈ તમારી વાત જરા કરો. ધુનમાં આવેલા બુબખ બાદશાહનો શોખબી આવી તાલમેલથીજ લગાર નરમ પડીઓ.

—॥—

## પુતલીબાઈનું કાગલ.

શ્રી પુણાની તા૰ ૨૭ મી ડીસેમબર ૧૮૬૧

માહારાં પેઆરાં માતાજી,

પેઆરાં માતાજી કાકાની મેહેરબાઈની સાથે તમારી તરફથી પુણે આવવાને હું નીકલવા પછે ચાર દાહાડે અતરે સહી સલામત હમો આવી પુગાં છીએ. તમો મારી તરફનાં કાગલોની વાત જોતાં હશો, ને મારી તરફથી તમો માતાજીને લખવાની કાંઈ બાબદતો હતી નહી, તેથી હું ઘણી વીચારમાં પડી હતી, તેટલાં મનમાં એવું આવીઊં કે હું મુંબઈથી નીકલીઆ પછે અતરે આવી પુગી ને અતરે બે પાંચ દાહાડા ફરતાં હરતાં જે કાંઈ જોવામાં આવીઊંછે તેનો થોડોક અહેવાલ તમો માજી ઊપર લખી મોકલશતો તે કાંઈ નકામો નહી ગણાશે એમ ધારી આ કાગલ લખીઓછેજી.

માતાજી, તમો જાણોછો કે હમો સોમવારને દાહાડે સવારે ૮ વાગે ઘર આગલથી નીકલીઆં હતાં ને બોરીબંદર આગલથી આગ ગાડીમાં બેઠાં હતાં. એ ગાડીમાંથી બપોરના એકું બે વાગાને સુમારે હમો ખપોલી ઊતરીઆં. આગ ગાડીની મારફતે હમોએ જે

મુસાફરી ચાર પાંચ કલાકમાં કરી તેને વાસતે ખબર કાહાડતાં એવું કેહેવામાં આવીઊં કે એ રેલવે ઊઘડી આ અગાઊ મુંબઈથી ખપોલી આવતાં ઓછામાં ઓછા દસ બાર કલાક લાગતા હતા, તેમજ ઊતારૂઓને ઘણી ઈજા ભોગવવી પડતી હતી, પણ આ રેલવેમાંનો જાણે પાલખીમાં બેઠાં હોએ ને કશી વાતની અડચેણ ન હોએ એ મુજબ સેહેજમાં ને વગર થાક ચઢવે હમો ખપોલી પુગાં હતાં. ખપોલીની જગા હાલ સારી ગણાએછે તેમજ તાંહાં વસતીબી હાલ સારી થઈ પડીછે—રેલવે ઊઘડીઆ અગાઊ એ ઠેકાણે ઘણી જુજ વસતી હતી એવું તાંહાંનાં લોક બોલતાં હતાં. ખપોલીમાં એક ઊતારાની જગાછે તાંહાં હરએ કલાક વાસો કીધો ને જરા લગાર નાસતો કરી લીધો, પછે દમનીમાં બેસીને ખંડાલાનો ઘાટ ચઢીઆં. એ ઘાટ ચઢતાં આસરે તરણ કલાક લાગા હતા. એ ઘાટ પરની કેટલીક જગા ઘણીજ કઠીંગી ને ચઢણ વાલીછે, ને અણજાણાં માણસનેતો એવુંજ લાગે કે ઓએ જાણે ગાડી ઊંધી વલી જશે, ઓએ જાણે પડી જઈશું—તોપણ ગાડી હાંકનારાઓને રાત દીવસનો માહાવેરો હોવાને લીધે તેઓ ઘણી સંભાલથી હાંકેછે, તેથી એવી કાંઈ ધાશતી રાખવાની જરૂર નથી. કેહેછે કે એ ઘાટ ઊપરથી ઘોડાની ગાડી ચઢવા ઊતરવાને ઘણું બીકટ ગણાએછે, એ ઘાટને કેટલેક ઠેકાણે ઘણી ભઆંકર ચઢણ ઊતરણો લાગેલીછે તેટલી જગા ઊપરથી ઘણીજ સંભાલ રાખવી પડેછે. સવાર સાંજ એ ઘાટ ઊપરથી સેંકડો માણસો ને માલ ભરેલાં હજારો ગાડાં જતાં આવતાં માલુમ પડેછે. ચાર પાંચ વાગાને સુમારે હમો ખંડાલે આવી પુગાં ને તાંહાં આવી ધરમસલામાં ઊતારો લીધો. ને બે દાહાડા તાંહાં રેહેઆં, તેટલી મુદતમાં હમો રેલવેના ટનલો જોવાને ગએઆં હતાં. કેહેછે કે હાલ મુંબઈથી આગ ગાડીમાં બેઠેલાં માણસો ખપોલી આગલ જેમ ઊતરેછે ને ઘાટ ચઢીને પછે પાછાં આગ ગાડીમાં બેસેછે તેમ આવતા છ મહીના કે વરસ પછી થશે નહી. ઘાટની જે ઘણી કઠંગી જગા ગણાએછે ને જે ઊપરથી આગ ગાડી જેવી કાંઈ ગાડી લઈ જવાઈ શકાએ નહી તે ઘાટને વચોવચમાંથી કોતરવા માંડીઓછે, ને લગભગ તેનું કોતરકામ ઘણુંક પુરૂં થવા આવીઊંછે. ને હજી રાત દીવસ સેંકડો માણસો કામ ઊપર લાગેલાંછે. ઘાટ કોતરાએઆથી ખપોલીથી ઠેઠ આગ ગાડીમાંજ પુણે જવાઈ શકાશે ને ઘાટ ચઢવાની જે કડાકુટ કરવી પડેછે તે મટી જશે. માએજી આપણે કલીઆણી આગલ જતાં જે ટનલો અગાઊ જોએઆંતાં ને જે ટનલો જોઈ આપણે અકરાઈ ગએઆં હતાં તે કરતાં ઘણા મોટા ટનલો આએ ઘાટ એફલ થશે ને તે જારે તઈઆર થશે તારે એક જોવા લાએક રચના થઈ પડશે. હીકમત, કલા ને પઈસાને જોરે માણસો કેવાં કેવાં કામો કરી શકેછે તેનો ઘણો અછો નમુનો આ ઘાટના ટનલો ઊપરથી મલી આવેછે. ખંડાલામાં પણ અગાઊ કરતાં હાલ સારી વસતીછે. સવાર સાંજ તાહાડ ઘણી પડેછે, જેથી ખાધા પીધાની તમામ ચીજોમાં ઘણી લેજત છુટેછે. ખંડાલામાં સેજસાજ બંગલાઓછે, તેમાં મરહુમ સર જમશેદજીનો બંગલો વધારે સારોછે. ખંડાલેથી આગ ગાડીમાં પાછાં બેઠાં ને તરણ ચાર કલાકમાં પુણે આવી પુગાં, ને અગાઊથી નકી કીધેલું હતું તે મુજબ ધરમસાલામાં હમારો ઊતારો લીધો. કાકાનાં મેહેરબાઈની તબીએત અસલ સારી હતીજ નહી, તેમાં વલી આ મુસાફરીથી તથા ખંડાલામાં ફરીઆં હરીઆં તેની થાકથી જરા વધારે નાતવાન થએઆં હતાં, પણ બીજે દાહાડેનો તેઓ તદન સારાં થઈ ગીઆં હતાં. અતરે આવી ઊતરવાને આજ પાંચ સાત દાહાડા થએઆછે. અતરે આપણા જરતોસતીઓની વસતી ઠીકછે—આસરે સો પોણોસો ઘેર જરતોસતીઓનાંછે, પણ તે બધાં ઘેરો આપણી મુંબઈની પઠે એકજ મોલામાં નથી પણ તે વેરન ખેરણછે. આપણી મુંબઈના મોલા જેવી કાંઈ વાત અતરે જણાતી નથી. અતરેનાં સઘલાં ઘરો બેઠી બાંધણીનાં ને વગર માલનાંછે. કેટલાંક ઘરોને બણે તરણ માલછે, જો કે એ ઘરો બેઠી બાંધણીનાં ને વગર માલનાછે તોપણ તે ઘણાં સારાં ને સોભીતાં લાગેછે. પારસી વેપારીઓમાં થાનેવાલાની એક દુકાન ઘણીજ મોટી જોવામાં આવેછે. અતરે બીજીબી ઘણી દુકાનો ને પેહેડીઓછે, પણ તે આપણી મુંબઈની દુકાનોને પુગે નહી. ગામમાંનાં પરભુઓના ઘરોબી બેઠી બાંધણીનાં પણ એક એક ને કોઈ કોઈ બણે માલનાંછે. અતરેની સર જમશેદજીની અગીઆરી ઘણી રોણકદાર ને સોભીતીછે, મુંબઈની માણેકજી શેઠની, કપાવાલાની, ઈદાંવાલાની, મંચેરજી શેઠની, દાદી શેઠની અને એવીજ

જીએ અગીઆરીઓ કરતાં આ અગીઆરી ઘણીજ
સારીછે. એ અગીઆરીમાં એક જરૂરનો સુધારો
જોવામાં આવેછે કે અગીઆરીની આસપાસ એ
ક મોટો ખાલી કંપાઉનડછે જાંહાં જાત જાતનાં ને
ભાત ભાતનાં ફુલોનો અછો બાગ બનાવેલોછે. તેથી કરી
એ અગીઆરી વધારે શોભા આપેછે. મુંબઈનાં સઘ
લાં આતશબેહેરામ સાહેબોમાંથી જો એવી રીતના
બાગ બનાવેતો ખરેખર ઘણીજ જેબ આપે. કાંપનાં
લોકોના વાપરવાસનાં પાણી સારૂં સર જમશેદજીએ
જે બંડ બંધાવીઓછે, તેનું પાણી આવવા માટે એક
મોટી હોજ અથવા ટાંકી બાંધી લીધેલીછે તે ટાંકી આ
અગીઆરીની સાંમેજ આવેલીછે. મુંબઈના જેવી કોઈ
નામીચી ઈમારતો અતરે જોવામાં આવતી નથી તોપણ
લોકો આશા રાખેછે કે પાંચ સાત વરસમાં મુંબઈ જેવુંજ
પુણું થશે. કેહેછે કે પુણામાં દસ પંદર વરસની વાતપ
ર જેટલી વસતી હતી તેની ૨૫ ગણી વસતી હાલ વ
ધી પડીછે. અગાઊ જગા ઘણી સસતી ને તુરત મ
લી આવતી હતી, પણ હાલ તેમ નથી જગાની કીમ
તમાં ચાર ગણો વધારો થઈ પડીઓછે, તેમજ ઘરો
નાં ભાડાંમાંથી બેહદ વધારો થઈ પડીઓછે. અતરે
પારવતીનું એક મોટું દેહેરૂંછે તે જોવા હમો ગએઆં
તાં, પણ મોડું થઈ જવાથી બરાબર તેમાં ફરી વલવા
ને પુરતો વખત મલીઓતો નહી. એ દેહેરામાં ઘણું
સારૂં નકસીનું કોતરકામછે, એ દેહેરૂં ઘણુંજ જુનું
જણાએછે. એ ઊપર જવાને માટે પથરની શીરીઓ
બાંધેલીછે તે ઊપર થઈને એ દેહેરાંમાં જવાએછે. અ
તરે હાલ તુરતતો ખાધા પીધાની જનસોનો સારો સુ
કાલછે. મુંબઈમાંતો હાલ મોઘવારી ચાલેછે પણ અત
રે તેવું કાંઈ નથી. પાવલાનાં ૧૬ ઈંડાં ને તે વલી
તાજાં મલી શકેછે. ૨૧) નું ઘી અંહીનો સવાસેર એ
ટલે મુંબઈના ચાર સેર જેટલું મલેછે, ને તે વલી ઘણું
જ સોજું. આનેથી દોહોડ આને રતલ ગોશ મલેછે
તેબી ઘણું સારૂં. દુધ ને માખણતો જેવું અને જેટલી
કીમતે અતરે વેચાએછે તેવું કદાચજ મુંબઈમાં વેચાતું
હશે—દુધ જાણે ટીલી બંધાએ એવું—ને માખણ છરી
એ કાપીએ એવું. તેમજ તરકારીબી સારી ને સસતી
મલેછે. હવા પાણી સઘી સારૂંછે. આપણે મુંબઈમાં
જેને ગુલાબી તાહાડ કહીએ છીએ તેવી તાહાડ હાલ
અતરે ચાલેછે. બપોરના લગાર કચવચ થાએછે પણ
તે થોડોજવાર. ફરૂટ મેવા પણ સારો ને સસતો મલે
છે. આપણા જરતોસની કોમનો એક નવાબ અતરે
વસેછે. ખાન બાહાદુર પેસતનજી શોહોરાબજીને હું
નવાબ કેહેઊંછું. ખરેખર એ ઊદાર મનના શખસ
વીશે થોડા દાહાડામાં અતરે ઘણું સાંભલવામાં આવી
ઊંછે. જેમ મુંબઈ ને બીજાં મુલકોમાં સર જમશેદ
જીની સખાવત ઘણી ખોલાએછે તેમજ પુણાના ગરીબ
લોકોમાં એ ખાન બાહાદુરની છુપી સખાવત ઘણી સં
ભલાએછે. એ ખાન બાહાદુરનાં બાગમાં હમો ગએ
આંતાં. એવણને ઘરનાં છોકરાંઓએ હમારો ઘણો
સારો આવ આવકાર કીધો હતો. એ સખી ખાન
બાહાદુરની તબીઅત આજ ઘણુ થઈ બગડેલી ચાલે
લીછે, તોપણ હાલતો ખુદાનાં ફજલથી જરા ઠીકછે.

માતાજી હાલ આ કાગલ ઘણું લંબાણ થઈઊં
છે માટે બસ કરૂંછું, જો અગર વધારે દાહાડા અતરે
રેહેવાનું પરશેતો બીજું કાગલ લખીશ. ઘરમાં સઊ
ને હમારી તથા મેહેરબાઈ કાકીની દુવા કેજોજી. તમા
રી તરફના સારા સમાચાર લખી જણાવજોજી.

લા૦ તમારી નીમકપરવર બેટી,

**પુતલીબાઈ.**

* ઊપલી બીના લખાઈ રહેઆ પછે પુણેવાલા ખા
ન બાહાદુર પેસતનજી સોહોરાબજીના મરણની દુખ ભરેલી
ખબર અતરે આવી પુગીછે. તા૦ ૨૫ મીની રાતનાં મ
રનારે ૮૦) વરસની વએ પોતાની પાછલ એક પુતરને તથા
બેહલા બેશીઓને રાખીને પોતાનો પરાણ પોતાના પેદા કર
નારને હવાલે કરી મીનોઈ લોકોમાં પોતાનો વાસો કીધોછે.

## મોહોત—રડાકુટની મનાઈ.

વાંચાર પેઆરી બાનુઓ, આ વખતે તમારી હ
જુરમાં ઊપલાં મથાલાંની એક બાબદ મુકીએ છીએ.
એ બાબદ ઘણીજ જરૂરનીછે, એ ઊપર તમ બેહેની
ઓએ ઘણી બારીકીથી ગોર કરવો સજાવારછે; માણ
સની જીંદગી એ કુચ ચીજ નથી આજ છે ને કાલે
કોણ જાણે કાંહાં, વાસતે વાંચનાર બાઈઓ એ બાબે
જે થોડાક વીચારો ઊતપન થએઆછે તેને બીજાં દ
ફતરોની મદદ લઈ એકસતવાર કરી તમો વાંચનાર
આગલ મુકીઆછે. એ બાબદ સાધારણ અથવા થોડા
ઊપયોગની સમજી તેને વાંચવામાં અને તે ઊપર દુરંદ

શાથી ગોર કરવામાં ગફલતી કરતાં નાં, પણ ઘણાંજ ધીઆનથી ને બારીકીથી તે વાંચજો એવી તમને અરજછે.

બેહેનો, આ દુનીઆમાં જેબી કાંઈ ચીજ બની અથવા ઊતપન થઈછે તે તમામ ફના થવાનીછે. શકત પથરના બનેલા પાહાડ જમાનાના જુલમે કરીને નરમ મોમ સરખા થઈ, ખાલી હાતે ભાગી ટુકડે ટુકડા થઈ શકેછે. આજે એક દેશ આબાદ અને સરવે પરકારે ખુશ રૂપ દેખાએછે તેના આવતી કાલે બલકે આવતી ઘડીએ વેરાન જંગલ સરખા અથવા તેથીબી વધારે બુરા હાલ થઈ જશે; દરીઆફ્ત કરો વાંચનાર બાઈઓ કે આજે એક જગા ખેતીવાડીથી ખીલી ખુશબોદાર ને લપટ ભરેલાં ફુલો અને મધુર તથા રસીલાં ફલો ઊતપન કરેછે તે જગાનો આવતી કાલે અથવા આવતી ઘડીએ કેવો હાલ થશે ! અફસોસ, કાંઈ કેહેવાઈ શકાતું નથી તોપણ વખત એવો આવશે ખરો, કે જે વખતે એ ખુશનુમાં ખેતરની જગા ઊપર શુવરની ઝાડીતો શું પણ ઘાસનું એક તણખું પણ નજરે પડશે નહીં; તેમજ વાંચનાર બાઈઓ આજે તમને જે બોહોલી નદીઓ ને સમુદર સરખા સરોવરો—ખીલેલી ઝરા ને રૂપેરી પાણીથી ચલકતાં નાલાંઓ નજરે પડેછે તેનો આવતી કાલે બલકે આવતી ઘડીએ એક પલવારમાં તમામ નાશ થઈ તે તદન સુકાઈ જશે.

એજ મુજબ વાંચનાર બાનુઓ પરાણીઓનો પણ હાલછે. સમુદરનાં પેટમાંનાં કરોડો બલકે તેથીબી વધારે ઝીણાં ને મોટાં જીવજંતોનો દર પલે નાશ થાએછે, તેમજ જમીન ઊપર વસનાર તમામ જાનવરો—પછે હાથી સરખાં કદાવરથી તે મગતરાં સરખાં ઝીણા જનાવરો દરરોજ નજર આગલથી નાબુદ થઈ ગેબ થાયછે. માણસનો દાખલો લેવો, સરવે જાતનાં પરાણીઓ ઊપર સરદારી ભોગવનાર મનુશનો કેવો હાલછે ? દર રોજ આપણાં સાંભલવામાં તથા જોવામાં આવેછે કે ઘણાંક બાલકો પોતાની માતાનાં પેટમાંજ મરણ પાંમેછે—કેટલાંક આ દુનીઆંમાં કલાક બે કલાકની ટુકી જીંદગી ભોગવી કુચ કરી જાએછે—કેટલાંક ચાર પાંચથી દસ બાર વરસની વએ પુગી પોતાની મુસાફરી પુરી કરી ચાલતી પકડેછે. કેટલાક ગબરૂઓ ને કેટલીક સુંદરીઓ જુવાનીના બાહારની નાજુક કલી ખીલી નીકલે તેની આગમજ પોતાનાં બોહોલાં કુટુંબને તથા બેહદ લાગતોને દગો દઈ, જે મુઆફેક સુકથી ઊઘાડાં રઈ ગએલાં પાંજરાંનું પકશી ઊડી જાએ ને મુજબ ઊડી જાએછે, ને પોતાનાં આનલગનાં ખેશીઓને તથા પોતાને આધારે પડેલાં ગરીબોને બેહદ દુખમાં નાખી જાએછે; પણ બેહેનો એમ થએઆ વના છુટકો નથીજ. અજીમ કુદરતના સાહેબે દુનીઆની ઊતપતીની સાથેજ મોહોત ઊતપન કરેલુંછે તો પછે તેને તાબે થવા વના માણસ જાતનો છુટકો નથી. તે સાથે સારીપઠે આપણાં જોવામાં ને અનુભવમાં આવેલુંછે કે તે અજીમ કુદરતનો ખાવીંદ જેબી કાંઈ કરેછે તે સઘલું જો કે આદમની કમ અકલ મુજબ તેને ગમતું નથી તોપણ તે કુદરતના ખાવીંદનું દરેક કામ રાસત, ઈનસાફી અને અદલછે. ગોર કરો બાઈઓ, કે નોશીરવાન જેવા અદલ, કેખોશરૂ જેવા નેકજાદ, રૂસતમ જેવા ગાજી મરદો, શેકંદર જેવા દલેહર ને જુવાક જેવા જાલમ, એ સઘલા આજ કાંહાંછે ? એ સઘલાઓ પોતાની આ દુનીઆની મુસાફરી પુરી કરી પોતાને અસલ વતન ચાલીઆ ગએઆછે, અને એજ મુજબ દરરોજ આદમજાત ને આ પેદાએશમાની તમામ ચીજો પોત પોતાનો રસતો પકડેછે.

હવે જારે એવુંજછે કે આ દુનીઆમાં ઊતપન થએલી તમામ ચીજો તથા પરાણીઓ અને આદમ એ સઘલાં મોડે વેહેલે ફનાં થવાનાંજ તો પછે એવા કોઈ વખતે વીલાપ અને રૂદન એ સઘલું શા માટે જોઈએ? મરણ અથવા મોહોત એ શું ચીજછે? કાંઈજ નથી પણ ખુદાતાલાનું એક ફરમાન આવેછે ને તે ફરમાનને તાબે થઈ તમામ પરાણીઓએ આ દુનીઆ છોડી બેહેસતમાં પોતાનો વાસો લેવો જોઈએછે. વીચાર કરો બાઈઓ કે જેમ પરદેશ મોકલેલા આપણા એક ગુમાસતાને કે બાહાર ગામ ચાકરીપર ગએલા આપણા એક ખેશીને આપણે પાછા બોલાવી મંગાવીએછે ને તેઓ જેમ આપણા હુકમને તાબે થઈ પાછા આવેછે તેમજ શું આપણ ખાકી બંદાઓએ આપણા પોતાના પેદા કરનારનાં ફરમાનને માન આપવું થોડું સમજવારછે ? માણસ જાતના હુકમ અને ફરમાનોને જો માનવી આટલોબધો તાબે રેહે તો પછે આપણા પેદા કરનારનાં ફરમાનને કેટલો વધારે તાબે રેહેવો જોઈએ ?

પાપી ને બુરા હવશના શખસોને મનથી મોટા

ત જેવી બલા ને વીપતી બીજી કોઈ નથી પણ ધરમી
ને ખરા બંદગીમાન પુરૂષો મોહોતને ખુદાઈ મેહાબ
તનું તેડું સમજેછે. ખરી વાતછે કે એક શખસના મો
હોતથી તેનાં સગાં વાહાલાંઓને તથા દોસત આશના
વોને બેહદ સંતાપ અને દુખ ઊપજેછે. કેટલાંક બા
લકો માં બાપ જેવા મીઠા મેવા વગરના ને કેટલાંક
માં બાપો બેટા બેટી જેવાં ઊતમ સુખ વગરનાં થઈ
જાએછે. કેટલીક સુંદર ને નાજુક સ્ત્રીઓ પોતાનો
શણગાર તજી વીધવા થઈ રંગ રામશનીથી દુર થઈ
એકાંત ખુણો પકડેછે, તેમજ કેટલાક ભરથારો પોતાની
પરમ પરીઅ સ્ત્રીઓની જુદાઈનાં ગમમાં ગીરફતાર
થાએછે. અફશોસ, મોહોતને લીધે આ દુનીઆમાં હા
વો મામલો થઈ પડેછે ખરો, તો પણ વાંચનાર દાનેશ
મંદો લગાર ધીરજ ને સબુરી અખતીઆર કરો—
ખુદાતાલાની તરફથી આ દુનીઆમાં જેબી કાંઈ
થાએછે તે આપણા લાભને કીજેજ થાએછે. ખુદાતા
લાના બાંધેલા નીઅમો મુજબ આ જગતમાં મોહોતની
જરૂરછે ને તેટલાજ માટે મોહોત સરજાવેલુંછે. મોહો
તના જે ગેરફાયદા આપણને નજરે આવેછે તે ફકત
આપણાં મનની ખામીને લીધેજ. ખરી વાતછે કે આ
દમ જાત તરીકે એવા બનાવની વખતે આપણાં મન
માં ગમગીની ઊતપન થવી જોઈએછે—જેમને આપ
ણે ઘણાં પેઆરાં તથા વાહાલાં ગણતાં હોઈએ તેમની
જુદાઈથી આપણાં મન અને દીલ ઊપર જુસા ભરેલી
અસર ઊતપન થાએછે, તોપણ તેવી અસરને કેટલીક
રીતે અંદાજામાં રાખવાની બેહદ જરૂર બલકે આ
પણી અયન ફરજછે.

વાંચનાર પેઆરી ને દાનેશમંદ બાઈઓ, મો
હોત વીશે ઊતપન થએલા કેટલાક વીચારો આ મુજ
બ તમારી સામે મુકીઆ બાદ હવે એવી વખતે રડાકુ
ટ ને કલપાન કરવાનો આપણા લોકોની ઓરતોમાં
જે બેવકુફાઈ ભરેલો રેવાજ ચાલુ રહેલોછે તે વીશે બે
શખુન બોલવા માંગીએછે. "રવાનને સચકતી વખતે
"તથા તાર પછે ને અવલગંજ પોહોંચાડવા સારૂં ઘ
"રમાંથી બાહાર કાહાડતી વખતે આપણા ઘેલાના
"ઘણાક લોકો (તેમાં મુખીઅકરી ઓરતો) આપણી
"બરહક દીનનાં ફરમાનથી ઊલટા ચાલીને મોટા પો
"કારાથી રદન તથા કલાપીટ કરેછે ને તેમાં કેટલીક
"ઓરતો હીંદુઓની પઠે છાજીઆં લઈ છાતી કુટેછે
"તથા તરેહ તરેહનાં રૂદન કરેછે, ને જાણે હોય અફ
"સોસનાં ગીત ગાતાં હોય એ મુજબ આવાજ તથા
"શુર કાહાડીને કેટલીક મુદત સુધી પાથરણું માંડીને
"રદન કરેછે, ને તેવાં રદનમાં ઘરગતું કજીઆ તંટા
"તથા બીજી ખાનગી બાબદો વીશે જાહેરદારીમાં
"ફરીઆદ તથા પોકારો ઊઠાવી પોતાને તથા પોતા
"ના ખેશીઓને નઠારૂં લગાડેછે. એ રસમ આપણી
"દીનનાં ફરમાનોથી બીલકુલ ઊલટી અને ગુનાહ ભ
"રેલીછે. "વંદીદાદ" ની તરીજી પરગદમાં એ બા
"બદની સાફ ને ઊઘાડી મનાઈ કરેલીછે કે 'જે જ
"મીન ઊપર અશો મરદ, ઓરત, તથા છોકરૂં આ
"એ દુનીઆમાંથી ગુજરી જાએ અને ખાક થઈ જા
"એ તાંહાંસુધી રૂદનનો પોકાર ચલાવીઆથી તે જમી
"નનો સાહેબ ઘણોજ આજુરદા થાએછે."

દીનના ઊપર લખેલા હુકમના ખુલાસા તરીકે
દસતુર દારાબ પાહાલને બનાવેલી "ફરજીઆતે દીન"
એવે નામની કેતાબમાં એઠલ મુજબ જોવામાં આવેછે.

**બેત.**

હમીંદુ બર રવાનસ જુમલએ ખેશાં—
નમાજદ ગીરીઅહાએ રાસત કેશાં ૧
જમેહરે આં ન બાએમદ કરદ ફરીઆદ—
બબાએદ બા રજા બુદન દરી દાદ. ૨
કે અજ ગીરીએન આએદ બાજ પસકસ—
શબુરીઓ રજા ખુદ દારીઓ બસ. ૩
બ વંદીદાદ ફરમુદસત દાદાર—
કે ખુદરા દુરતર અજગીરીએ ગીબદાર. ૪

**માએની.**

"એ રાસત મજહબનાં લોકો! તમો જાણજો
કે ગુજરેલાં રવાનની પછવાડે તેનાં સઘલાં સગાં વાહા
લાંઓને રડવું સજાવાર નથી."

૨. "તેને વાસતે પોકાર કરવો ઘટે નહી, એ
ઈનસાફની બાબદમાં રાજી રેહેવું જોઈએ."

૩. "રડેઆથી કોઈ પાછું આવતું નથી, મા
ટે ખરેખર સબુરી રાખીને રાજીજ રેહેવું."

૪. "દાદારહોરમજદે વંદીદાદમાં ફરમાવેલુંછે
જે, તું પોતાને રૂદનથી દુર રાખજે."


મરવું જીવવું એ કાંઈ માણસનાં હાતમાં કે અ
ખતીઆરમાં નથી તેથી કરી મોત ઊપર રાજી રેહેવા
ની ફરજછે. બેહદ બેકરારી, ફરીઆદ તથા રૂદન કર
વાથી કશો ફાએદો થતો નથી પણ ઓર ગુનાહમાં ગી

રફતાર થવાએછે, માટે એથી બને તેમ દુર રેહેવાને દાનેશમંદ અને સમજુઓએ કોશેશ કરવી જોઈએછે. હમો કબુલ કરીએછીએ કે એવી વેલાએ માણસની હીમત ચાલતી નથી ને સઘલી હીમત તુટી જાએછે, ને તેથી કરી તેનાં જુશાના સેઘલા ઊભારા ઊભરાઈ આવે છે, અને તે બનવું કેટલેક દરજે કુદરતીછે, પણ તે ઊભારાને અંદાજામાં રાખવાનું આપણા હાતમાંછે, એવી વખતે ફકત આટલોજ વીચાર કીધો કે "ભાઈ બનનાર હતી તે બની, હવે કરવું શું ? માહારાં રૂદન ને કલાપીટથી મરનાર સજીવનતો થનાર નથી, તારે અમશથકી કલાપીટ કરવા કરતાં બેહેતર સબુરી અખતીઆર કરૂં." તો આટલાજ વીચારથી હીમત છુટશે ને મરનારનાં ઘર આગલ દલગીરી ભરેલો તથા હીનપસતી ભરેલો જે દેખાવ વારેઘડીએ જોવાગાં આવેછે તેનો અટકાવ થશે."

વાંચનાર ભાઈઓ, મરણ જેવે સમએ માણસ જાતમાં જે કુદરતી ગમગીની, શોક અને ઊદાશી ઊતપન થાએછે તેની સામે હમારા વીચાર નથી, પણ એવી વેલાએ જેઓ એકદમ બાવરાં થઈ પોતાનાં હકમાં તથા પોતાના ખેશાના હકમાં નુકશાન થાએ એવી જે કેટલીક ચાલો ચલાવેછે તેવી ચાલોનો રફતે રફતે અટકાવ થતો જાએ એવી મતલબના હમારા વીચારછે. આટલા ખુલાસાથી આ બીના બંદ કરીએ છીએ ને ફરીથી વાંચનારાંઓને અરજ કરીએ છીએ કે તેઓએ આ બીના ઊપર ખુબ ગોર કરવો, ને પછે જે નેક રાહ સુજે તે ઊપર અમલ કરવો.

## દુનીઆનો મુસાફર.

### પત્ર ૭.



પેઆરાં બેહેન,

મારો છેલો કાગલ તમને મલેઆને આજ ત્રણ મહીના થઈ ચુકેઆછે અને મારા સાતમાં કાગલની તમે રાહ જોતાં હશો. મારે જણાવવું જોઈએ કે ગઆ ત્રણ મહીનામાં હું તમને એકે કાંગલ લખી શકયો નથી તે કેટલીએક અડચણને લીધે પણ હવેથી એવી અડચણ નડશે નહી એવી હું આશા રાખુંછું. મારા ગઆ કાગલમાં તાતાર દેશ વીશે થોડીએક જાણવા જોગ બીનાં લખી મોકલી હતી અને આ કાગલ મધે તુરકસતાન વીશે લખી મોકલુંછું.

તુરકસતાનનો મુલક એશીઆખંડમાં તથા ઈરોપખંડમાંછે. હાલ જે હું તમને લખી મોકલુછું તે એશીઆખંડ માહેલા તુરકસતાનને વીશે લખુંછું. એ દેશના તરણ મોટા ભાગ કરવામાં આવેઆછે. તે મધેના એક ભાગમાં આરમીનીઆ તથા એશીઆ માઈનર તથા બીજા ભાગમાં સીરીઆ એ નામના મોટા પરાંતો આવેલાછે. આ દેશમાં પાહડના કેટલાએક ઊંચા ટેકડાઓછે અને હીંદુસથાન મધેના હીમાલએ શીવાએ દુનીઆના બીજા પાહડોથી ઊંચાઈમાં વધારેછે. આરેરાટ નામનો ટેકડો જે ઘણો ઊંચોછે તે ઊપર ઝાડોનું મોટું જંગલ લાગેલુંછે તે ઊપરથી તેનું નામ "ઝાડનો સમુદર" પડીઊંછે. બીજા ટેકડા ઓલીમપસ તથા ઈદા નામનાછે અને ટારસ તથા લેબનન ટેકડાની ઊપર હમેશ બરફ પંથરાએલો રેહેછે.

તુરકસતાનના દખણ ભાગમાં ઈઊફરેટીસ અને ટાઈગરીસ નામની નદીઓ વેહેછે અને તે બાજુ ઊપર કરદીસતાન તથા બગદાદના પરાંતો આવેલાછે. ટાઈગરીસ નદી ઈઊફરાટીસની સાથે મલી જાએછે અને તારપછી ઈરાણી આખાતમાં ખાલી થાએછે. આ દેશમાં "વાન" નામનો મોટો સરોવરછે અને તેનો ઘેરાવો ૨૦૦ માઈલનોછે. બીજો સરોવર "ડેડસી" એટલે "મરતીઊ સમુદર" ને નામે ઓલખાએછે. એ સરોવરમાં એકે માછલી જીવતી રહી શકતી નથી તથા તેના પાણી ઘણા ખારાંછે એ સબબને લીધે તેનું નામ "મરતીઊ સમુદર" પડીઊંછે.

આ દેશની આબોહવા પસંદ પડે તેવીછે. ઊતરમાં આસપાસ પાહડના ઊંચા ટેકડાઓને લીધે ઊનાલામાં ગરમી જણાતી નથી. દખણમાં ગરમી જણાએછે. આ દેશ ઘણો ફલવંતછે અને એથી વધારે ફલવંત દેશો દુનીઆમાં ઘણા થોડાછે. સઊથી સારા અને મીઠા ફલો મોટા અરણીઆ અથવા જંગલમાં પોતાની મેલે ઊગેછે. પણ હંઈના લોકો ઘણા બેદર



બાળક મુસા પેગંમબર ઝાડાંથી પાયો.

કારછે તેથી કરીને જમીનનો મોટો ભાગ વગર ખેડાએલ અને માઠી હાલતમાં પડેલોછે. આ દેશમાં કોહલાંના જેવા જનાવર એટલાં બધાંછે કે તેઓના પોકારથી રાતની વેળાએ બહુ કંટાળો ઊપજેછે. ઘોડાને ઠેકાણે આ દેશમાં ખચર અને ગધેડાં બહુ નજરે પડેછે. મોટા બોજા ઊચકી લઈ જવાને ઊંટ કામે લગાડેછે. "આંગોરા" જાતના બકરાં થાએછે અને તેના બાળ રેશમના જેવા નરમ અને સુમાળા હોએછે તે શાળ બનાવવાના કામમાં લગાડેછે. ગામડાંમાં તથા શેહરોમાં કુતરાંઓળી બહુ વસેછે.

આ દેશના લોકોની મોટી સંખીઆ તુરકી લોકોછે. તેઓના ચેહરા કેહવા હોએછે તે જાણવા માટે આ કાગળ સાથે ચીત્ર બીડીઊંછે. તેઓ મોટી પાઘડી પેહરેછે તથા દાહડી રાખેછે. એ લોકોને હુકો પીવાની બહુ ટેવછે અને રસતામાં ચાલતાં પણ હુકો પીએછે. તેનું ચીત્ર પણ આ કાગળ સાથે બીડીઊંછે.



આ દેશની વસતી એક કરોડ આદમીની કેહવાએછે અને તેનો વીસતાર ૪ લાખ ૪૦ હજાર ચોરસ માઈલનોછે. આખા મુલકમાં આરબી ભાશા ઘણુ કરીને વાપરવામાં આવેછે. તુરકી અને આરબ લોકો મુસલમાની ધરમ માનનારાછે અને તે સીવાએ કરીસતી અને બીજા ઘણી જાતના ધરમ માનનારા આ મુલકમાં વસેછે. કરીસતી ધરમની ઊતપતી આ દેશમાં પેહલ વેહલી થઈછે અને જીજસટ કરાઈસટ આ દેશ મધે બાથલમ ગામડાં મધે જનમેઓ હતો.

તવારીખના અભીઆસીને આ દેશની તવારીખ પેહલ વેહલી જાણવાની જરૂર થઈ પડેછે. પુરાતન વખતના આસીરીઆ તથા બાબેલોનના રાજાએ આ દેશને દુનીઆમાં એક વેલાએ મોટી કીરતીએ પોહચાડીઊં હતું. પુરાતન વખતમાં આ દેશની ઊપર રોમન તથા ઈજીનાની તથા ઈરાણી લોકોએ સરદારી કીધી હતી અને તાર પછી ૧૧ મી સદીમાં તુરકી લોકોના હાથમાં એ મુલક ગએો હતો. તાર પછી એ મુલકનો સીરીઆનો ભાગ મેલવવાને જુદા જુદા લોકોએ વારેવાર તજવીજ કીધી હતી અને બારમી તથા તેરમાં સદીમાં હજારો અને લાખો ઇઉરોપીઅન લોકો બાદશાહઓની સરદારી હેઠલ મુસલમાનોના હાથમાંથી પોતાના ધરમનુ મુળ મથક છીનવી લેવાને મેદાન પડેઆ હતા. પણ ૧૫૧૫ માં આ સઘલો મુલક તુરકી રાજ સાથે જોડાઈ ગએઓ હતો.

આ દેશના સઘલા મલીને ૧૭ પરાંત કરવામાં આવેઆછે અને દરએક પરાંતની હાકમી એક એક પાચછાને વેહચી આપવામાં આવીછે. પણ પાહડી દેશના જંગલીઓ પોત પોતાનુ રાજ સવતંત્રપણે ચલાવેછે અને તેઓની વચે પાચછા પડી શકતો નથી. પુરાતન વખતની રહીલી નીશાણો આ દેશમાં જોવા લાગેકછે. આલબેક નામનુ સુરજનું દેહરૂછે અને અસલના નીનેવે તથા બીજા શેહરો ભાગી પડેલી હાલતમાં પણ જોવા લાગેકછે.

આ દેશમાં કેટલીએક જગોએ વેપાર ઘણો ચાલેછે. ઈરાણ, આરબસતાન અને બીજા દુરના દેશોમાંથી હજારો લોકો ઊંટની પોઠ ભરીને માલ લાવેછે અને બસરા, બગદાદ, દુમાસકસ તથા બીજા શેહરોમાં વેચવાને લઈ જાએછે. આ દેશનુ મુખીઅ શેહર સમીરનાછે. આલેપો, બગદાદ, બસરા, મોસલ, દુમાસકસ એ સઘલા શેહરો મોટા અને નામીચા આ દેશમા ગણાએછે.

હવે પછી હું તમોને કાગલ લખીશ તેમાં આરબસતાન વીશે લખી જણાવીશ અને તે કાગલ મધે બીડવાને મેં તમારે વાસતે ચાર પાંચ ચીત્ર તઈઆર કરાવેલાંછે. તમારા વરને તથા છોકરાઓને મારી દુવા સલામ કેહજો.

હું છઉ તમારો,
પેઆરો ભાઈ.

## "મુસા" પેગંમબર.

વાંચનાર આ પાસેનો ચીતાર ખુબ નેગાહ પોંહોંચાડી જોજે. ખુદાતાલાની આદમજાદ તરફ જે બેહદ રેહમછે તે તથા જે બેહદ કુદરત તે સાહેબ ધરાવેછે એ ખુબીઓ ઊપલા ચીતારમાં તુને જણાશે.


પુરાતન મીસર દેશના પાદશાહ "ફેરો" ની છોકરી નીલ નદીના કેનારા ઊપર નાહવાને આવી ઊભીછે. શાહાજાદી સાથે તેની બાંદીઓ ખીદમતમાં હાજરછે. ગરમ મુલકના આફતાબનો તાપ શાહાજાદીના નાજુક બદનને પજમુરદા નહી કરે એટલા સારૂ



બાળક મુસા પૈગંબર ઝાડીંથી પામો.

કારછે તેથી કરીને જમીનનો મોટો ભાગ વગર ખેડાએલો અને માઠી હાલતમાં પડેઓછે. આ દેશમાં ટોહલાંના જેવા જનાવર એટલાં બધાંછે કે તેઓના પોકારથી રાતની વેળાએ બહુ કંટાળો ઊપજેછે. ઘોડાને ઠેકાણે આ દેશમાં ખચર અને ગધેડાં બહુ નજરે પડેછે. મોટા બોજા ઊચકી લઈ જવાને ઊંટ કામે લગાડેછે. "આંગોરા" જાતના બકરાં થાએછે અને તેના બાળ રેશમના જેવા નરમ અને સુમાળા હોએછે તે શાળ બનાવવાના કામમાં લગાડેછે. ગામડામાં તથા શેહરોમાં કુતરાંઓબી બહુ વસેછે.

આ દેશનાં લોકોની મોટી સંખીઆ તુરકી લોકોછે. તેઓના ચેહરા કેહવા હોએછે તે જાણવા માટે આ કાગળ સાથે ચીત્ર બીડીઊંછે. તેઓ મોટી પાઘડી પેહરેછે તથા દાહડી રાખેછે.



એ લોકોને હુકો પીવાની બહુ ટેવછે અને રસતામાં ચાલતા પણ હુકો પીએછે. તેનું ચીત્ર પણ આ કાગળ સાથે બીડીઊંછે. આ દેશની વસતી એક કરોડ આદમીની કેહવાએછે અને તેનો વીસતાર ૪ લાખ ૪૦ હજાર ચોરસ માઈલનોછે. આખા મુલકમાં આરબી ભાશા ઘણુ કરીને વાપરવામાં આવેછે. તુરકી અને આરબ લોકો મુસલમાની ધરમ માનનારાછે અને તે સીવાએ કરીસતી અને બીજા ઘણી જાતના ધરમ માનનારા આ મુલકમાં વસેછે. કરીસતી ધરમની ઊતપતી આ દેશમાં પેહલ વેહલી થઈછે અને જીજસ ક્રાઈસટ આ દેશ મધે બાથલમ ગામડાં મધે જનમેઓ હતો.

તવારીખના અભીઆસીને આ દેશની તવારીખ પેહલ વેહલી જાણવાની જરૂર થઈ પડેછે. પુરાતન વખતના આસીરીઆ તથા બાબેલોનના રાજોએ આ દેશને દુનીઆમાં એક વેલાએ મોટી કીરતીએ પોહચાડીઊં હતું. પુરાતન વખતમાં આ દેશની ઊપર રોમન તથા ઈજીનાની તથા ઈરાણી લોકોએ સરદારી કીધી હતી અને તાર પછી ૧૧ મી સદીમાં તુરકી લોકોના હાથમાં એ મુલક ગઓ હતો. તાર પછી એ મુલકનો સીરીઆનો ભાગ મેલવવાને જુદા જુદા લોકોએ વારેવાર તજવીજ કીધી હતી અને બારમી તથા તેરમી સદીમાં હજારો અને લાખો ઈઊરોપીઅન લોકો બાદશાહોની સરદારી હેઠલ મુસલમાનોના હાથમાંથી પોતાના ધરમનુ મુળ મથક છીનવી લેવાને મેદાન પડેઆ હતા. પણ ૧૫૧૫ માં આ સઘલો મુલક તુરકી રાજ સાથે જોડાઈ ગએઓ હતો.

આ દેશના સઘલા મલીને ૧૭ પરાંત કરવામાં આવેઆછે અને દરએક પરાંતની હાકમી એક એક પાચછાને વેહેચી આપવામાં આવીછે. પણ પાહડી દેશના જંગલીઓ પોત પોતાનુ રાજ સવતંત્રપણે ચલાવેછે અને તેઓની વચે પાચછા પડી શકતો નથી. પુરાતન વખતની રહીલી નીશાણો આ દેશમાં જોવા લાએકછે. આલબેક નામનુ સુરજનું દેહરૂછે અને અસલના નીનેવે તથા બીજા શેહરો ભાગી પડેલી હાલતમાં પણ જોવા લાએકછે.

આ દેશમાં કેટલીએક જગોએ વેપારે ઘણો ચાલેછે. ઈરાણ, આરબસતાન અને બીજા દુરના દેશોમાંથી હજારો લોકો ઊંટની પોઠ ભરીને માલ લાવેછે અને બસરા, બગદાદ, દુમાસકસ તથા બીજા શેહરોમાં વેચવાને લઈ જાએછે. આ દેશનુ મુખીઅ શેહર સમીરનાછે. આલેપો, બગદાદ, બસરા, મોસલ, દુમાસકસ એ સઘલા શેહરો મોટા અને નામીચા આ દેશમાં ગણાએછે.

હવે પછી હું તમોને કાગલ લખીશ તેમાં આરબસતાન વીશે લખી જણાવીશ અને તે કાગલ મધે બીડવાને મેં તમારે વાસને ચાર પાંચ ચીત્ર તઈઆર કરાવેલાંછે. તમારા વરને તથા છોકરાઓને મારી દુવા સલામ કેહજો.

હું છઉ તમારો,

**પેઆરો ભાઈ.**

---

## "મુસા" પેગંમબર.

વાંચનાર આ પારેનો ચીતાર ખુબ નેગાહ પોંહોંચાડી જોજે. ખુદાતાલાની આદમજાદ તરફ જે બેહદ રેહેમછે તે તથા જે બેહદ કુદરત તે સાહેબ ધરાવેછે એ ખુબીઓ ઊપલા ચીતારમાં તુને જણાશે.

પુરાતન મીસર દેશના પાદશાહ "ફેરો" ની છોકરી નીલ નદીના કેનારા ઊપર નાહાવાને આવી ઊભીછે. શાહાજાદી સાથે તેની બાંદીઓ ખીદમતમાં હાજરછે. ગરમ મુલકના આફતાબનો તાપ શાહાજાદીના નાજુક બદનને પજમુરદા નહી કરે એટલા સારૂ

એક બાંદીએ ઓથે સાએબાન ઊઠાવી ધરીછે. બીજી
બાંદીના હાતમાં તમુને એક નાજુક ફુલ બચું દેખાએ
છે. તમે એમ ધારતાં હશો કે એ બચું શાહાજાદીનું
છે. ના એવું નથી. એ બચું એક ગરીબ હીઆ
ઊદીનુંછે. તોપણ એ બચું જેવું તેવું માણસ નથી
થઈ ગીઊ. મોટું થયા પછી એક મોટો દાનાવ અને
બુજરગ પેગંમબરને દરજ્જે પોહોંચેલો છેક ૧૦૩ વ
રસની ઊમરનો એ એક જઈફ મરદ થઈ ગએલોછે,
જેનું નામ આજે નજદીક ૩૦૦૦) વરસ થઈ ગીઆં
તોબી કોઈ વીસરીઊ નથી, અને હાલ પણ સઘલા
વીદવાન અને કાબેલ શખસો બાઅદબ અને ઈજત
થી એને હજરત પેગંબર "મુસા" ને નામે ઓલખેછે.
એના જનમની હકીકત અને આખી જીંદગીનો અહે
વાલ જાણવા લાએકછે.

૩૦૦૦) વરસની વાત ઊપર પુરાતન મીસર
દેશમાં હીઆઊદી લોક વસતા હતા. એ મુલકના પાદ
શાહનો ભારી જુલમાન એ ટોલા ઊપર ગુજરતો હતો.
તેઓ ગોલામીની હાલતમાં તાંહાં વસેલા હતા. એ લો
કની વસતી દીનપર દીન વધતી જતી હતી. પાદશાહા
ને તથા વજીરોને એ વીશે દેહેશત થતી ગઈ કે કોઈ
દીન એ મોટી વસતી વાલો ટોલો રાજાણે ફેસાદ કર
શે. જુલમગાર પાદશાહાની મનાદી થઈ. હુકમ થ
યો કે હીઆઊદી ટોલામાં મરદજાદ બચું પેદા થઈઊ
કે તુરત તેને કતલ કરી નાખે. આખા મુલકમાં તાલી
આરોડ પડીઓ! હજારો નાજુક બાલકોની કતલ હર
રોજ થવા માંડી! હજારો માબાપ હર રોજ હાય અ
ને અફસોસથી પોતાના સીના ચાક કરવા લાગાં! પણ
કરે સું! ગોલામી હાલતમાં પડેલાં તેઓની મકદુર
શું કે શાહાના ફરમાનની સામણે થાએ!

આવી જુલમાન ભરેલી ખુનરેજીના હીગામમાં
ચીતારમાં પાડેલા બચાંની માએ તેને જનમ આપેઓ
હતો. જુલમગાર જલાદોથી તરણ માસ સુધી એ બા
લકના જનમની વાત માંએ છુપાવી રાખી, પણ આ
ખેર તે ખુનીઓના કાને ચરચા પડી. ઓરત જાદ
ને નહી છાજે એટલું કઠણ હઈઊ કરી પોતાના બાલ
કને પોતાની નજર સામણે જબે થએલું જોવાને બદ
લે જે રેહેમી ખાવંદે તેને જે જીવતો ગંજ બખશીઓ
હતો તેજ રેહેમી ખાવંદને પાછો સપુરદ કરવાનો માં
એ મનમાં ઠરાવ કીધો. તક મલનાં ઘાસની એક ટો
પલી બનાવી અને તેમાં આરામથી તે બચાં
કીઊં, અને તેની ઊપર ઢાંકણ ઢાંકી કોઈ ન
એવે સમે તે ટોપલી નીલ દરીઆવના વેહેણ
ઊપર તે એજદાનની પનાહ તલે તરતી મુકી

ટોપલી ઘસડાવા લાગી. ઘણીવાર મોહોટ
ઘર જેવાં વાહાણો એ દરીઆવના મોજાની છોળ
તોફાનના ઝપાટાથી ઘસડાઈને કકડે કકડા થઈ ગ
પણ જે પરવરનો હાત જેની અથેલીના ખોબલામાં
હફતેકેશવર જમીનના સઘળા દરીઆવનું પાણી
લુંછે, અને જે પોતાની આંગલીની એક ઈશારત
રી જબરદેસન તોફાનોને ચુપ કરી શકેછે, તેની
એટલે તે ટોપલી વગર અલવારે ઘસડાતી ચાલી
કાણે શાહાજાદી ઊભેલી હતી તેની નજરે તે દ
ખાવાલાગી. બાંદીને હુકમ કીધાથી તે ટોપલી
ણીમાંથી ઊઠાવી, અને તેનું ઢાંકણ ઊઘાડી
અંદર એક ફુલ બચું આરામમાં પડેલું નજરે
ઊ. તેના બદનને એક બુંદ પાણીનું નહી લા
ગું, અને જરા પણ તેને અલવાર નહી પોહો
તો. બચાંની ખુબસુરતી અને નાજુકી ઊપર
જાદીનું મન પીગલી ગીઊ હુકમ થયો કે એને
માં લઈ ચાલો. શાહાજાદી છોકરાં વગરની હતી.
વીચાર કીધો કે જણવાની સંકટ ખમેઆં વગર
ગળી એ બચું તેને મળીઊછે તેને પોતાનુંજ બ
રી રાખવું. તે છોકરાનું નામ શાહાજાદીએ
સીસ" પાડીઊ, જેનો અરથ એવો થાએછે કે "
ને પાણીમાંથી બાહેર કાહાડીઓ."

શાહાજાદી એટલુંજ કરી નહી ધરાઈ.
ચાંની માં કોણછે તેની જોસતેજો કરાવી, અને
બોલાવી મંગાવી પોતાના ખુદ ખરચે તેનીજ મા
ને પોતાની હજુરમાં બચાંની પરવરશી કરાવી.
નું ચાહાવું થઈઊતો જે પાદશાહાના ફરમાનથી
શ્મનની ટોલાના મરદજાદ બાલકોની દરરોજ કત
તી હતી તેજ દુશમનની ટોલાના એક મરદજાદ બ
ની પાદશાહાનાજ મેહેલમાં ભારી માવજત થવા લા
"મોસીસ" તોખમે હીઊદી હતો અને જો કે પા
ટોલાની પરવરશીમાં તે ઊછરેઓ હતો તોએ પો
તાની જાન ઊપર તેનો પેઆર ઘણો હતો. ૪૦
રસની ઊમરે પોહોંચેઆ પછી ગોએઆ તેને
લાની તરફથી બસારત થઈ, કે હીઆઊદીના

મીસર દેશના પાદશાહના જુલમાતમાંથી છોડવે. "મોસીસ" તેમનો રાહાનુમા થયો અને મોટી સંકટ અને રંજ ખેંચીને પોતાના તમામ ટોલાને જુલમાત અને ગોલામગીરીમાંથી આજાદ કરી મીસર દેશથી કાહાડી બીજા દેશમાં ફતેમંદીથી લઈ ગીઓ. એની આગાઊ હીઆઊદી લોકો પુતલાંને તથા એકથી વધારે ખુદાને માનતા હતા તેઓને સમજાવીને એકજ ખુદાને માનવાનો અને તેની પરસતેશ કરવાનો ફરમાંન પેહલવેહલાં એ પેગંમબરે શીખવેઓ હતો. "મુસા" જારે મરણ પાંમીઓ તારે તેની ઊંમર ૧૦૩ વરસની થએલી હતી.

## મોજ અને સબુરી.

એક નરમ ફુલ હમારા દીઠામાં આવીઊં, તે એક મેદાંનની વચોવચમાં આવેલું હતું. ને ફુલનો નાંજુક લેહકો, તેનું ચળકતું તેજ અને તેહનો ખુશનુમાં દેખાવ, ખરેખર મોહી પડવા જોગ હતો તેથી કરીને આશપાશની હવાળી બેહક બેહક થઈ રહી હતી. તેનાં અરધાં ખીલેલાં નખરાંદાર પાતરાં આગળ બીજાં સંધાં ફુલ જાંખ મારી જતાં હતાં. એ ફુલનું નાંમ મોજ હતું.

જે ઊચાંણ જગોમાં તે ઊગી નીકલીઊં હતું તે રશનેથી જે શખસ પસાર થતો હતો તેનું મન તે તરફ લલચાતું હતું, અને તે ફુલ તોડી લેવાને ચાહતો હતો. માઠાં ભાગેએ એ ફુલ એવી કઢંગી જગોમાં આવીઊં હતું કે જાંહાં હાથ બરોબર પોંહોચી શકે નહી, અને તેની આસપાશ તરેહવાર કાંટાદાર જાહડીઓ આવી આથી ઘણું અડચણ ભરેલું થાઈ પડીઊં હતું. તોએ પણ શરવે કોઈ રાહદારીઓની નજર તે ઊપર પડતી હતી. જાંહાં મોજનું જાહાડ આવી બળુકથી ઊગી નીકલીઊં હતું તાંહાં રશનાની બાજુએ એક હલકી કીશમનું જાહાડ સંઘે પંથરાઈ ગીઊં હતું. હલકી કીશમનું તે એમ માલમ પડતું હતું કે તે ઘણુંજ સાધારણ રંગનું, દેખાવમાં ઘણુજ નમર, અને બાહરથી તદન ભપકા વગરનું હતું, એ ઊપરથી રાહદારી લોકો તે ઊપર ખોદા વાશતેબી નજર નહી ધરતા હતા. જો મોજનાં ફુલને તોડવા જતાં ભોગ ચોગડીએ જો કોઈની નજર તે ઊપર પડી તો, તદન નકાંમી ચીજ હોએ એ પરમાંણે પગ તરે દાબીને ચાલી જતા હતા. કેટલાંક નાચાર રાહદારીઓ જેઓ જોતા હતા કે મોજની ઊપર કેવી તુટા તુટ પડતી હતી અને કેટલી મેહનત અને રંજ ખેંચવી પડતી હતી, તેઓ ડોક હીલવીને, નજર પાછી ફેરવતા હતા અને પગ આગળ જે હલકી કીશમનું જાહાડ ઊગી નીકલીઊં હતું, તે તોડી તેની ઊપર એક બોહો દેઈ પોતાનાં દીલમાં તેને ઊતારતા હતા. એ જાહાડ અથવા રોપાનું નાંમ **સબુરી** હતું.

જો કે મોજની શાથે શરખાવતાં, ખુબસુરતીમાં એ જાહડ ગમે હેતું હલકું ગણાતું હતું તોબી એક બીજી બાબદમાં તે બાહેરના દેખાવમાં એક રીતે શરશ ગણાતું હતું. મોજના ફુલ જથાબંધ નહી હોવાથી તે જાહજાં મલી શકતાં નહી હતાં, અને એ મેલવવાનો રશનો પણ કઢંગો અને ધાશની ભરેલો હતો, એટલુંજ નહી પણ કેટલી વારતો, હાશમાં અને હાંશમાં લેવા જતાં હાડકાં પાંશરાં ભાગી જતાં હતાં, જેથી આ ખેરશ જીમજી શંદેરીઆ જેવા પરોપકારી શખસનાં ઘરો ખોલવાં પડતાં હતાં પણ સબુરીનો રોપો મજબુત અને વલી જાંહાં જોઓ તાંહાં મલી આવે એવો હતો. કેટલીકવારતો નહી ધારીએ એવી જગામાં અને પથરો અને ખડકમાંથી ઊગી નીકલેલો માંલમ પડતો હતો, તેની સાથે ખુબી એવી કે જથાબંધ મલી આવતો હતો. ઊનાલાનાં ભર તાપમાંબી તે તેવોજ ખીલેલો માંલમ પડતો હતો.

જારે પવન જરા જોરથી ફુંકતો એટલે મોજના જાહડને નુકશાંન ખમવું પડતું હતું જારે પવન અને વરશાદનું જોર નરમ પડતું હતું તાહરે પોતાની પુર જુવાંનીમાં ફુટની શુંદર કલીઓ તથા મેદાંનમાં આજપાસ કરમાઈને પડેલી તથા ભાંગી ગએલી દાંખલીઓ માંલમ પડતી હતી. જારે જોરના પવનથી મોજનાં જાહાડને આટલું નુકશાંન ખમવું પડતું હતું, તાહારે મોટાં તોફાંનોમાં તથા કકડતી ગરમી તથા ઠંડીમાં તેહનાં શા હાલ ? તોફાંની વાદલાંને નજદીક આવતાં જોઈ, મોજના જાહાડો ઠરદર કાંપતાં હતાં.

પણ હાવા પવન અને તોફાંનનાં વખતમાંબી, સબુરીનાં રોપા જાંણે હશના હોએ હેવા માંલમ પડતા અને ધીરજથી પોતાનું કાંમ કરીઆ જતા હતા. તોફાંન અને કકડતી ગરમી જે મોજનાં જાહાડની ઊગ

હરખી હરખીની ને દાહાડીઆં દાહાડીઆંની પણ સંભાલ કરવી, કારણ કહેલુંછે કે:—

દમડી દમડી કરતાં રૂપીઓ થશે,
માટે દમડી જોડવી.

એજ મુજબ આ દુનીઆમાં વરતીઆથી માણસોનાં સારાં નશીબ થાએછે માટે માણસોએ સારાં અથવા નરસાં નશીબની કોઈબી રીતે ફરીઆદ ઊઠાવવા કરતાં ઊપલી સેહેજ ચેતવણી ઊપર અમલ કરવો જોઈએછે. એ સઘલાં સાથે એક બીજી ધીઆનમાં રાખવાની વાતછે કે પોતાનું જે કામ પોતાને હાતે થઈ શકતું હોએ તે પારકા પાસે કરાવવાથી ખરેખર દુર રેહેવું જોઈએછે; કારણ આપણું કામ આપણે હાતે જેવું મનમાનતું થશે તેવું પારકાને હાતે થનાર નથી.

## બે પગના ભુતમામા.

એક તવંગરના ઘરની ઓરતો સાંજને સમે લોંએતલીએ એકઠી મલી હતી, અને માલ ઊપર એક ચાકરડી તથા પાંચ વરશની છોકરી શીવાએ બીજી કોઈ હતુ નહી. દહાડો નાથલો હતો તેથી હંધારૂ જલદી પડીઊ. એકાએક ચાકરડીને માલ ઊપર એક લાંમબુ સફેદ માણસ મોહોટી દાહાડી તથા હાથમાં લાકડી સાથે નજરે પડીઊ—તે ધ્રુજવાલાગી અને પેલી નાથલી છોકરીને લેઈ હેઠે ઊતરી પડી, અને મોહોરેથી બુમ પાડવાલાગી કે "ભુતછે, બાઈ માલ ઊપરતો ભુતછે." હેઠેથી ઓરતો બીહીતી બીહીતી ઊપર જાએછે તેવામાં દાદરબારી આગલ એક સફેદ ઓરો દેખાઓ તેને તેઓએ પણ વીચાર વગર ભુત કરી ઊશાડીઓ. તેઓની ઊપર જવાની હીમત ચાલી નહી માટે સઘલાં ખુણામાં ભરાઈ ધ્રુજવા લાગાં. હીંઆં પણ તેઓ સુખે બેશી શકીઆં નહી, કેમકે તેઓને બંધાર અવાજો શંભલાવાલાગા. બાહાર જઈ કોઈને બોલાવી લાવવાની પણ હીમત ચાલે નહી, કારણ કે ઘરમાના મરદો આવા નહી. આખરે એક આંખ હુંગાદી જોવાની હીમત કીધી, તેનેતો કાંઈજ દેખાયુ નહી. માટે તેણીએ સઘલાંઓને ઊઠારી કહીઊ કે "મનેતો મુદલે કાંઈ જણાતુ નથી હવેતો ભુતમામા જતા રહેઆ હશે, ચાલો આપણે ઊપર જઈ જોઈએ." સઘલાં ઊઠીઆંતો ખરાં પણ દાદર ઊપર પેહલે કોણ ચડે. અંતે પેલીજ ઓરતે હીમત કીધી અને બધાં ધ્રુજતાં કાંપતાં ઊપર ગયાં. માલ ઊપરતો સઘલુ ખોરાએલુ માલમ પડીઊ. પેટીઓના પાટીઆં શડેલાં જોયાં, અને કબટના કાચનાતો કડકે કડકા થઈ ગએલા. તેઓ ઘબરાવાલાગા, અને સઘલુ તપાસવાને બદલે લોબાન શુખર ધ્રુપાવાની ગડબડમાં પડીઆં. કેટલોવાર પછાડા ખાધા પછી કબટો વીગરે જોવા ગયાં તો અંદરથી ઘરેણા વીગરે ગેબ થઇ ગએલું. એવામાં ઘરઓના મરદો પણ આવેઆ. પોલીસને ખબર કીધી, અને થોડા વારમાં ચોરીનો પતો લાગો. ચોરોની તપાસ ઊપરથી માલુમ પડીઊ કે તેઓમાના એક જણાએ હાત મોહડાંને ચાક લગાડી સફેદ પોશાક પેહડી બઈરાંઓને છેતરવાનું કીધું હતું. એ પરમાણે ભુતના વેહમમાં તેઓ પોતાનુ નાંનુ ખોઈ દને. પછે તેઓની ખાતરી થઈ કે ભુત જેવુ કાંઈછે નહી પણ માતરે જોવામાં ભુલ પડીઆથી આવા વીચારો આવેછે.

## પરચુરણ બાબદો.

**સાંધા અથવા સીવણ વગરનો ડગલો**—મીસીસ કેસટલો નામની એક જરમન ઓરતે હાલ એક ડગલો વણીને તૈયાર કરેઓછે, તેમાં સુતરના તાણાના ૫૦૦ કટકાછે તે, વજણમું દ્રવ્યુરતલ કરતા વધારે થાએછે. એ ડગલો તઇઆર કરતાં, મેઝકુર ઓરતને પાંચ વરસ લાગાંછે, ને તે તઇઆર કરવાનાં સાંમનમાં ફકત વણવા ગુંડવાના તાર તેપાંસે હેતા: ગેરવવાનાં બોરીઆં ને બરવરાં એ સઘલાં તેણએ વણતેમાંજ લીવેલાંછે, ઈઆને ટુકામાં કહીએ તો ... ડગલામાં એકુ સાધો કે જરાએ સીવણ છેજ નહી. કેહેછે આવતા બીલોરી મેહેલનાં મોટાં સંગરહસથાનમાં એ ડ... લોકોને દેખાડવા સારૂ મોકલવામાં આવનારછે.

વલી બીજુ એવું જણાવેછે કે "કેટલીક ઓરતોની ખરી ખસલત ને તેમની ખરી ખાસીઅતની જો તમને પરીક્ષા કરવી હોએતો તવે કોઈ સપરમે દાહાડે જારે તમારે તાંહાં પાંચ પચીસ માણસો જમવા ખાવા આવીઆં હોએ તેઓ જમી ગએઆં પછે ઓરતો તેમને વીશે કેવા ટીકા કરેછે—તેમને વીશે કેવા ચાલા પાડેછે—તેમને વીશે કેવા નામુનાસેબ વીચારો ધરાવેછે, વગેરે વાતચીત ઉપરથી તે ઓરતોની ખસલત ને ખવાસ તમને જણાઈ આવશે.

---

**વચલે વાંધેનીને ગરીબ** હાલતની ઓરતોને તેમને લાએકના કામ ધંધામાં સામેલ કરવાની મતલબે લંડન વગેરે શેહેરોમાં જેમ સભાઓ ઉભી થએલીછે તેવીજ એક મંડલી હાલ ડબલીન ખાતે ઉભી થઈછે.

---

**એક શખસ પુછેછે** કે "વારૂં મરદો તો આખો દાહાડો પોતાના કામ ધંધાની હેજગારી બાહાર જઈ ભોગવેછે પણ ઓરતોને એવી કોઈ હેજગારી છેકે નહી." હમો એનો જવાબ દઈએછે કે "જો કે ઓરતોને એવી કોઈ ઉપઓગી કામ ધંધાની હેજગારી નથી તોપણ તેમને બસરાઈ મેંહઓની પડે ઘરમાં આખો દાહાડો લડવા વઢવાની તથા સામાસામી ટપાટપી કરવાની ભારે હેજગારીછે !!"

---

**અમેરીકામાં રૂનો પાક**—ઘણુ કરીને અમેરીકા મધે દર વરશે ૪૦ લાખ ગાંસડીના રૂનો પાક થાએછે; પણ કેહેછે કે તે પાક જો અમેરીકાના લોકો વધારવા ચાહે તો તેઓ પોતાની જમીનમાંથી ૭॥ કરોડ ગાંસડી રૂ જેટલો પાક ઉપજાવી શકે. કારણ કે રૂનો પાક કરનારા રાજેનું વીસતાર ૭,૦૬,૨૮૮ ચોરસ માઇલ અને એ જમીનમાંથી અરધો અથવા ઓછામાં ઓછો તીજો ભાંગ ખેડવા લાએકછે એમ અટકલ કરવામાં આવીછે. જેટલા રૂનો અમેરીકાના લોકો પાક કરી શકે એવી અટકલ કરવામાં આવીછે તેટલો રૂ તો હાલ આખી દુનીઆના લોકોના કપડાંને માટે પણ જોઈતો નથી.

---

**પઈસા અને અકલ**—પઈસા વગરની પેટી ભલી પણ અકલ વગરનુ આદમી ભલુ નહી, કારણ કે પઈસા વગરની પેટી હોએ તે અકલવાલુ માણસ ભરી શકશે, પણ અકલવીનાનુ આદમી પઈસાની ભરેલી પેટી હશે તે પણ ઉડાડી નાખશે.

---

**લત અને સવભાવ**—જે માણસની હાલત તેના સવભાવને મલતી હોએ તે સુખીઓ કેહેવાએ, પણ જે શખસ સવભાવ તેની હાલતને મલતો આવે તેતો ઘણોજ ગણાએછે. એટલે આપણી હાલત સારી હોએ તે સવભાવ સારો હોએ તેથી તો સુખ ઉપજવુંજ જો કદી હાલત માઠી હોએ તે વખત તે માઠી હાલતને પોતાનો મલતો રાખવો તે થકી હદથી જાદા સુખ ઉપજેછે.

**રૂપીઆ પોતાની મેલે ગણવાનો સંચો**—વેલાતના ડબલીન શેહેર મધે એક બેંકના ઉપરીએ એક સંચો શોધી કાહાડેઓછે તેથી રૂપીઆ પોતાની મેલે ગણાએછે અને તે એવી રીતે કે તેથી જરાબી ભુલ થતી નથી. જેવો રૂપીઓ તે સંચામાંથી નીકલે એટલે તેની નીસાણી તખતી ઉપર થાએછે અને એક દાએકો પુરો થએઓ એટલે પછી તેની નીશાણી થાએછે. એવી રીતે જારે દસ દાએકા થાએછે તારે સોની નીશાણી થાએછે અને દસસો થાએછે એટલે હજારની નીસાણી થઈ જાએછે. એ સંચો સાદોછે અને તે ચલાવવામાં કાંઈ પણ ઘણી મેહેનત પડતી નથી.

---

**અનાજના પાતરાંમાંથી કાગલ**—બેહેનો, ચીથરાંમાંથી કાગલ બનેછે તે વાતતો તમને ખબર હશે અને કેટલેક ઠેકાણે વાંસમાંથી કાગલ બનાવેછે તે વાત પણ તમે જાણતા હશો, પણ હાલ આસટરીઆના એક વીદવાને હીંદુસથાન મધે પાકતા કેટલીએક જાતના અનાજના પાંદડાંમાંથી કાગલ બનાવવાની વાત પરસીધ કીધીછે.

---

**અજીરણ વીશે સુચના**—બેહેનો તમને અજીરણ ન થાએ એટલે હમેશ ખોરાક બરાબર પચે તેને માટે તમને આટલી વાત ઇઆદ રાખવી જોઈએછે કે જે સખસ ખાવા પીવામાં મધીઅમ હશે, ખુલી હવામાં થોડુ ઘણુ ફરતો હશે તથા દરરોજ સકારે ઉઠતો હશે તેની નજીક કદી પણ અજીરણ આવતુ હશે નહી જો ઉપલી તરણ વાતોમાંથી એક બી વાતની ગફલતી કરવામાં આવેતો એ અજીરણ રૂપી દુસમણ આપણને પકડેઆ વગર રેહેશે નહી અને જો બે વાતની ગફલતી કીધી તો આપણને તેથી નાશવુજ મુશકેલ થઈ પડશે. અને આટલી વાતતો ખરેખર ઈઆદ રાખવી જોઈએછે કે માણસ જાતને જેમ એ દરદ ચોરીથી નડેછે તથા પછી આપણા શરીરમાં ઘેર કરીને બેસેછે તેમ બીજુ કોઈબી દરદ નડતુ નથી, માટે આપણને અજીરણ માલુમ પડે તેવોજ તેનો ઘટતો ઉપાએ કરવો જોઈએ.

---

**ઈંગલંડ તથા ફરાંસ મધે ટેલીગરાફ**—ગઆ વરશમાં ઈંગલંડની અંદર ૧૦૭૮૦ માઈલ ઉપર ટેલીગરાફના તાર ગોઠવેલા હતા અને તે થકી પરજાના ઉપીઓગને માટે ૧૭૮૯૨૫૭ સંદેશા મોકલવામાં આવીઆ હતા, તે શીવાએ સરકારી આફીસો, રેલવે કંપનીઓ, તથા વરતમાન પતરોના આડતીઆઓએ સંદેશા મોકલાવેઆ હતા તે જુદા. ફરાંસ મધે એજ વરશે ૨૬૫૭૯ માઈલ ઉપર તાર ગોઠવવામાં આવીઆ હતા. ફરાંસના ટેલીગરાફની કીમત ૪૪ લાખ રૂપીઆની ગણવામાં આવી હતી અને તેજ હીસાબે ઈંગલંડના ટેલીગરાફની કીમત નજદીક બે કરોડ રૂપીઆની થવી જોઈએછે.

---

**ઉદીઓગ અને આલસ**—એક શખસે બીજાને પુછીઉં કે ઉદીઓગ અને આલસમાં શો ફેરછે તેનો તેને જવાબ આપવામાં આવીઓ જે "એ બે ગુણમાં ફકત એટલો

જ ફેરછે કે એક માણસનું સુખ, આબરૂ, દોલત વધેછે તથા બીજાથી તેનું દુખ, ગીનીસ, અને દલ (પણું) વધેછે એ ઉપર કેટલાએક લોકો વાનબીની રાહે કેહેછે કે જે શખસ આલસ રૂપી દુસમણને જીતેછે તે દુનીઆમાં બધી જાતના દુશમણોને જીતેલો કેહેવાએછે, કારણકે સઘલી જાતનાં સારા ગુણ ફક્ત આલસાઈના એકજ ખરાબ ગુણ પાસે ટંકાઈ જાએછે.

## મરનારની પછવાડે ન રોવા વીશે.

### ૫૬.

"વણજારારે; સમજ મનમારારે,"
એ રાગતુ.

માનવીયો મરનારને, નવ રોશોરે;
રોયે લાભ નથી લવલેશ, ખાલી આંખ ખોશોરે;
ધીરજ મનમાં ધારજો, નવ રોશોરે;
હઈડું કુટીને રોતાં હમેશ, ખાલી આંખ ખોશોરે. ૧

નરનુ ધારીયું તો થતુ નથી, નવ રોશોરે;
એક ધારીયું ધણીનુ થાય, ખાલી આંખ ખોશોરે;
સગળું બને તેતો સાંખજો, નવ રોશોરે;
એનો એકે નથી રે ઉપાય, ખાલી આંખ ખોશોરે. ૨

જન મલીયાં જરે જટલાં, નવ રોશોરે;
નથી સાથે સઉ સોંડનાર, ખાલી આંખ ખોશોરે;
એકે આવ્યાં ને એકે જવું, નવ રોશોરે;
નાનાં મોટાંનો નહી નીરધાર, ખાલી આંખ ખોશોરે. ૩

જનમયાં તે સઉ મરી જાયછે, નવ રોશોરે;
નથી એમાં કશી રે નવાઈ, ખાલી આંખ ખોશોરે;
કાળજું બાળી ન કુટશો, નવ રોશોરે;
ભેળાં થઈને ન કરશો ભવાઈ, ખાલી આંખ ખોશોરે. ૪

જયાં જયાં ગને ત્યાં તમે જુઓ, નવ રોશોરે;
બહુ એવા બનાવ બનેલ, ખાલી આંખ ખોશોરે;
પુત્ર મુઆ કઈક પરણીને, નવ રોશોરે,
ગુણવંતા ભણેલ ગણેલ, ખાલી આંખ ખોશોરે. ૫

મેલી બાળક એક માસનું, નવ રોશોરે;
કઈક માતાઓ પામીછે મરણ, ખાલી આંખ ખોશોરે;
તે જોઈ દુઃખ તમે તજો, નવ રોશોરે;
સમરો ઈશ્વર અશરણ શરણ, ખાલી આંખ ખોશોરે;

રામ જેવા ગયા રાજવી, નવ રોશોરે
ગઈ સીતાસમી સતીનાર, ખાલી આંખ ખોશોરે;
કુંવર ગયા શ્રી કરશનના, નવ રોશોરે;
સ્થીર કોઈ ન રહ્યું આકાર, ખાલી આંખ ખોશોરે.

ઈંદર પુરીઓ ઉજડ થઈ, નવ રોશોરે;
પાકી પરથવીઓ પામી નાશ, ખાલી આંખ ખોશોરે;
અગણીત પેટી ગઈ આપણી, નવ રોશોરે;
નથી આપણે રેહવાની આશ, ખાલી આંખ ખોશોરે.

કેને સંભારીએ કાળજે, નવ રોશોરે;
વળી કેની વીસારીએ વાત, ખાલી આંખ ખોશોરે;
જનમ મરણ નદી જળસદા, નવ રોશોરે;
રહે ચાલતું દીવસ ને રાત, ખાલી આંખ ખોશોરે. ૯

હીંમત ધારો હઈયા વીસે, નવ રોશોરે;
આપો બીજાને ધીરજ એમ, ખાલી આંખ ખોશોરે;
રડતાં દેખીને બીજાં રૂએ, નવ રોશોરે;
મારે કરીએ એવું કદી કેમ, ખાલી આંખ ખોશોરે. ૧૦

વીતી તે વાત વીસારજો, નવ રોશોરે;
નહી તો પામશો પીડા ફંડ, ખાલી આંખ ખોશોરે;
રાખે હરી તેમ તો રહો, નવ રોશોરે;
એમાં આનંદ પામો અખંડ, ખાલી આંખ ખોશોરે. ૧૧

અજ્ઞાનીની પડે આરડી, નવ રોશોરે;
તજો રોવાતણી તુછ ટેવ, ખાલી આંખ ખોશોરે;
રામ કરે તે રૂડું ગણો, નવ રોશોરે;
ભજો દલપતરામનો દેવ, ખાલી આંખ ખોશોરે. ૧૨